

ભાગ-૧



# “તીર્થંકર” ⇨ શાશ્વત વ્યવસ્થા



મુંબઈ-બેંગલોરના N.H.4ઉપર...કાત્રજ બાયપાસ પાસે...પુના શહેરના સીમાવર્તી કાત્રજ ઘાટની પર્વતમાળાની પહાડી ઉપર..નૈસર્ગિક ક્ષેત્રમાં...નિસર્ગના ખોળે... પ્રાકૃતિક સૌંદર્યથી સુશોભિત...સર્વથા પ્રદૂષણ રહિત...શુદ્ધ હવા-પાનીવાળા... શહેરી અશાન્તિથી સર્વથા દૂર શાન્તવાતાવરણમાં...ખુશનુમા હવાખાવાના ગિરિમથક MINIHILL STATION સ્વરૂપ **શ્રી વીરાલયં જૈન તીર્થ** ની પાવન તીર્થ ભૂમિ ઉપર વર્તમાન વિશ્વની સમગ્ર ધરતી પર ક્યાંય નથી એવું... 20 શિખર બદ્ધ 20 દેરીઓ અને સમવસરણ સહિત

## વીશસ્થાનક યન્ત્રમય મહાપ્રાસાદ



કેન્દ્રમાં ત્રણ ગઢ યુક્ત સમવસરણ ઉપર અરિહંત પદની ચૌમુખજી ભગવાનની ચાર પ્રતિમા બિરાજમાન છે. તેમાં મૂળનાયકરૂપે અસંભવનું સંભવ કરનારા પ્રભુ શ્રી સંભવનાથ ભગવાન બિરાજમાન છે. પ્રથમ ગઢના ડૉમમાં કમળાકાર યન્ત્રમાં વીશસ્થાનકની પદાનુરૂપ રંગીન રત્ન પ્રતિમાજીઓ બિરાજમાન છે.

પ્રદક્ષિણામાં સિદ્ધ મંદિર,પ્રવચન મંદિરાદિની પદ પ્રમાણે 19 દેરીઓ બની છે. તેમાં પદાનુરૂપ મુદ્રામાં સુંદર રત્ન પ્રતિમાજીઓ પ્રતિષ્ઠિત થયા છે.

આવો...પધારો...વીરાલયં જૈન તીર્થની યાત્રા કરવા પધારો...- હાર્દિક આમંત્રણ -



# “તીર્થંકર” - શાશ્વત વ્યવસ્થા

—— પંન્યાસ ડૉ.શ્રી અરૂણવિજયજી મ.સા.

પુસ્તક નામ :- "તીર્થંકર" - શાશ્વત વ્યવસ્થા

ભાગ - ૧

વિષય :- (તીર્થંકર ભગવન્તોની શાશ્વત વ્યવસ્થા)

લેખક :- પ.પૂ.આ. ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટ.પૂ.આ.શ્રી ભક્તિસૂરીશ્વરજી મ.સા., પટ્ટ. ગ. આ. ભ. પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના ગુરુબંધુ - વડીલ બંધુ પૂ.આ.શ્રી સુબોધસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પૂ. પંન્યાસ ડૉ.શ્રી અરૂણવિજયજી મ.

પ્રૂફ સંશોધક :- પૂ. મુનિ શ્રી હેમન્તવિજયજી મ.

પ્રકાશક :- શ્રી મહાવીર જૈન સાહિત્ય પ્રકાશન પુષ્પ - ૪૬

ઇ.સં. ૨૦૧૧ વિ.સં. ૨૦૬૭ વીર સંવત ૨૫૩૭ પ્રતિ ૧૦૦૦

-: પ્રાપ્તિ સ્થાન :-

| | |
|---|---|
| વીરાલયમ્ જૈન તીર્થ | ગુલાબચંદજી જૈન |
| કાત્રજ બાયપાસ, | ૬-૩ ત્રીજા માળે |
| આંબેગાંવ (ખૂર્દ) | માતૃઆશીષ સોસાયટી |
| જાંભુલવાડી, | ૩૯ નેપિયન્સી રોડ |
| પુના - ૪૧૧૦૪૬ | મુંબઈ -૩૬ |

મોહનભાઇ ડી. ગુર્જર
જ્ઞાત વિક્રાન્ત પહેલે માળે પેટ્રોલ પંપની પાછળ
સાંતાક્રુજ (પ.)મુંબઇ-

અક્ષર ગમનિકા - Veeralayam COMPUGRAPHICS

## ઉપકારીઓની સ્મૃતિ

સમગ્ર વિશ્વમાં અજોડ અને અદ્વિતીય
મહાન ઉપકારી એવા
જિનેશ્વર પરમાત્માના શાસનમાં, જૈનધર્મમાં...
ઉચ્ચ કુળમાં જેમણે જન્મ આપ્યો,
ઉચ્ચ સંસ્કારોથી સિંચન... ઘડતર કર્યું...
એવા જન્મદાતા... જનની-જનક...તપસ્વીનિ...
૧૨ વ્રતધારી શ્રાવિકા...

**શ્રીમતી શાન્તાબેન ગુલાબચંદ જૈન**

તથા
ભવોદધિ તારક,
સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યગ્ચારિત્ર...
ભાગવતી પ્રવૃજ્યા આપી આત્માને મોક્ષમાર્ગે ચઢાવનાર...
પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રી વિજય

**પ્રેમસૂરીશ્વરજી મહારાજ સા.**

તથા તેમના વડીલ બંધુ અને ગુરુ બંધુ
પ. પૂ. આચાર્ય દેવ શ્રી વિજય

**સુબોધસૂરીશ્વરજી મહારાજ સા.**

ઉભય ઉપકારીઓના ઉપકારનું સ્મરણ કરી
પૂજ્યો ના ચરણારવિંદમાં...
સાદર સમર્પણ...

— અરૂણવિજય

## સંસ્થાકીય નિવેદન

SHREE MAHAVEERA RESEARCH FOUNDATION નામની આ સંસ્થા જૈન શાસનની સત્સાહિત્ય પ્રકાશનાદિ દ્વારા જ્ઞાન સેવા કરવા સમર્પિત છે. પુના શહેરની સમીપે કાત્રજ ઘાટની પર્વતમાળાની પહાડી ઉપર વીરાલયમ જૈન તીર્થની ભૂમિ ઉપર કાર્યરત આ સંસ્થા જ્ઞાન-શિક્ષાના ક્ષેત્રે અનેક પ્રકારે સક્રિય થવા મથી રહી છે. અનેકવિધ યોજનાઓના આયોજનોને સાકાર કરવાની દિશામાં સાહિત્ય પ્રકાશનના પ્રથમ સોપાને આરૂઢ થઈને પ્રગતિ કરી રહી છે.

જૈન શ્રમણ સંઘના M.A.Ph.D થયેલા જાણીતા વિદ્વાન પ.પૂ. પંન્યાસ પ્રવર ડૉ.શ્રી અરૂણવિજયજી મ.સા. આ સંસ્થાના સંસ્થાપક પ્રેરણા સ્રોત રહ્યા છે. તેમના દ્વારા લખાતા - સંપાદન કરાતા સાહિત્યને પ્રકાશિત કરીને જૈન શાસનના ચરણારવિંદમાં સંસ્થા સમર્પિત કરે છે. આગમાદિ શાસ્ત્રોનું પણ પુનર્મુદ્રણ કર્યુ છે. કર્મના વિષયમાં પ્રાથમિક બોધ કરાવી શકે તેવી કર્મ તણી ગતિ ન્યારી પુસ્તક બે ભાગોમાં, ભાવના ભવ નાશિનિ- ૧૬ ભાવનાઓ વિષેનું પુસ્તક, ૧૮ પાપોનું વિવેચન જેમાં છે તે પાપની સજા ભારી નું બે ભાગોમાં, સચિત્ર ગણધરવાદ નામનું અનેક ચિત્રો સાથેનું તાત્વિક પુસ્તક બે ભાગોંમાં પ્રકાશિત કરવાથી અનેક પૂજ્યોને પણ ઘણું જ ઉપયોગી થયું છે. આધ્યાત્મિક વિકાસ યાત્રા નામના પુસ્તકમાં છેક નિગોદથી નિકળી આત્મા નિર્વાણ - મોક્ષને કેવી રીતે પામે છે. તેવું આત્મિક વિકાસનું વિવેચન ૧૪ ગુણસ્થાનોના આધારે કરીને ૧૫૦૦ પાનાવાળા હિન્દી ભાષાના આ ગ્રન્થને ત્રણ ભાગોમાં પ્રકાશિત કર્યુ છે. અને તેનું જ ગુજરાતી અવતરણ નિકટ ભવિષ્યમાં પ્રકાશિત કરવાના છીએ. આ પ્રમાણે અનેક પુસ્તકોની ભેટ જૈન શાસનાના ચરણે ધરીને ધન્યતા અનુભવીએ છીએ.

સાહિત્ય સુમનો પ્રકાશિત કરવાની યાત્રા આગળ વધતા-વધતા આ વર્ષે તીર્થંકરની શાશ્વત વ્યવસ્થા વિષયક પુસ્તકને પ્રકાશિત કરીએ છીએ. અમારી સંસ્થાના પ્રાણભૂત પૂ.પંન્યાસજી ડૉ. શ્રી અરૂણવિજયજી ગણીવર્ય મ.સા. ખૂબ જ ગહન ચિન્તન-મનન-શોધન કરીને ગુજરાતી ભાષામાં આ પુસ્તકનું મૌલિક લેખન કર્યું છે. અનેક ચિત્રો પુસ્તકના આભૂષણ જેવા છે, જે પુસ્તકની શોભામાં અભિવૃદ્ધિ કરે છે અને વાચકોને સમજવામાં પણ સારી એવી સરળતા કરે છે. વાચકોની સુવિધાર્થે ૫-૬ ભાગોમાં આ વિસ્તૃત વિષયને પુસ્તકાકારે પ્રકાશિત કરતા અમે ગૌરવ અનુભવીએ છીએ. નિકટ ભવિષ્યમાં એની હિન્દી આવૃત્તિ પણ પ્રકાશિત કરવાની મનિષા છે. જેથી હિન્દી-ગુજરાતી બન્ને ભાષાના પાઠકોને જ્ઞાનથી લાભાન્વિત કરી શકીએ. પૂ. મુનિ શ્રી હેમન્તવિજયજી મ. પ્રૂફ સંશોધન કરીને પુસ્તકને સુંદર સજાવી આપે છે.

પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને અર્પણ કરીએ છીએ. અનેક દાતાઓ તેમજ શ્રી સંઘો તરફથી આર્થિક સહયોગ મળતા અમારી આ સાહિત્ય પ્રકાશન યોજના પ્રગતિ સાધી રહી છે. નેપિયન્સી રોડ સ્થિત ઓમ દરિયા મહેલમાં પૂ. ગુરૂદેવશ્રીના ચાલતા પ્રવચનાવસરે ત્યાંના દાતાઓએ ઉદાર આર્થિક સહયોગ આપીને આ પ્રકાશનને સફળ બનાવ્યું છે. તેમનો આભાર માનીએ છીએ અને તે દાતાઓના ફોટા-ચરિત્રો આદિ એક-એક ભાગમાં પ્રસિદ્ધ કરીશું.

જૈન શાસનની સેવામાં સમર્પિત થતા અમારા પ્રકાશનોમાં પૂજ્યો-સુજ્ઞો અમને વધુ માર્ગદર્શન કરીને સફળતાના શિખરે પહોંચવા સહયોગી બનશે. એવી આશા રાખીએ છીએ.

વીરાલયમ જૈન તીર્થ કાત્રજ - જાંભલવાડી - પુના ☞ શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન - ટ્રસ્ટી ગણ.

## .......લેખકના હૃદયોદ્ગાર.......

સમ્યગ્દર્શનના કેન્દ્રમાં અરિહન્ત પરમાત્મા છે. સમગ્ર જૈન ધર્મના સંસ્થાપક અને પ્રરૂપક છે. તે જ મોક્ષમાર્ગના દર્શક છે. તે જ તારક ઉપકારક કલ્યાણકારક છે. આવા અરિહન્ત બનેલા તીર્થંકર ભગવન્ત વીતરાગી બનીને કેવળજ્ઞાની સર્વજ્ઞ બન્યા, કેવળદર્શની સર્વદષ્ટા બન્યા. તેથી જ ત્રિકાળજ્ઞ પ્રભુએ જગતના સર્વ જીવોના કલ્યાણાર્થે મોક્ષ પ્રાપ્ત કરાવી શકે એવા સક્ષમ ધર્મની પ્રરૂપણા કરી. સર્વ જીવોનું કલ્યાણ કરવાની તીવ્ર ભાવના પૂર્વના ભવમાં ભાવીને તેના આધારે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરીને ચરમ ભવે તીર્થંકરપણું પામેલા આવા અરિહન્ત પરમાત્મા સમસ્ત જીવો ઉપરની અપાર કરૂણાના આધારે ધર્મતીર્થની સ્થાપના કરે છે. કર્મક્ષયકારક અને મોક્ષફળદાયક એવા સર્વોત્તમ સક્ષમ ધર્મની સ્થાપના કરવા પાછળ પણ પ્રભુની અસીમ કરૂણા અને જીવ તારકભાવ છે.

આવા તીર્થંકર પરમાત્મા વિષેનું સમ્યગ્જ્ઞાન પામવા માટે તેમના જીવનના પ્રમુખ પ્રસંગો સ્વરૂપે પંચ કલ્યાણકો છે. યદ્યપિ તીર્થંકર ભગવન્તોનું સંપૂર્ણ જીવન જન્મથી નિર્વાણ સુધી ઘણું લાંબુ છે. આટલા મોટા લાંબા જીવન કાળ દરમ્યાન સેંકડો ઘટનાઓ ઘટતી જ હોય છે. પરન્તુ તેમાં પાંચ કલ્યાણકોના પ્રસંગોને વધુમાં વધુ પ્રાધાન્યતા આપી છે. અને તે જ કલ્યાણકોના પ્રસંગો જ જગતના સર્વ જીવોનું કલ્યાણ કરાવનાર-કરનાર છે. ઈન્દ્રાદિ દેવતાઓ પણ પાંચેય કલ્યાણક પ્રસંગોની ઉજવણી કરતા વિશિષ્ટ રીતે જિન ભક્તિ કરીને સ્વકર્મ ક્ષય કરતા પોતાને ધન્ય માને છે. તેનું જ અનુકરણ કરવાની વૃત્તિથી માનવો પણ પંચ કલ્યાણકોની ઉપાસના કરીને અરિહન્ત પરમાત્માની ભક્તિ કરે છે.

આવા તીર્થંકર ભગવન્ત થવાની પ્રક્રિયા તેના કારણીભૂત વીશસ્થાનકોનું સ્વરૂપ, તેની ઉપાસનાથી થતા તીર્થંકર ભગવન્તો, તેમના થવાના ભૌગોલિક ક્ષેત્રો અને તેમના સુયોગ્ય કાળ તેમના પાંચેય કલ્યાણકોની મીમાંસા તેમજ શાશ્વતતાનું સ્વરૂપ જાણવા-સમજવાની ગહન ભાવનાથી પંચ કલ્યાણક પુસ્તકનો જન્મ થયો છે. જાપ-ધ્યાનાદિની સાધનામાં તેમજ અભ્યાસાદિમાં પ્રાપ્ત જ્ઞાનનો આધાર આ પુસ્તકને જ્ઞાનગમ્ય બનાવશે. પંચ કલ્યાણક શીર્ષકનું આ પુસ્તક તૈયાર કરવા પાછળ - પંચકલ્યાણકનું ધ્યાન કારણીભૂત છે. અને આવા ધ્યાનની મુખ્ય પ્રેરણા જ્ઞાનવૃદ્ધ-વયોવૃદ્ધ શ્રીયુત રજનીકાન્ત લક્ષ્મીચંદ જાંબુવાળાની છે. તેમને શિખવાડી-સમજાવી અને તેના આધારે પંચ કલ્યાણકની ઉજવણી કરાવવા સ્વરૂપ અંજનશલાકા - પ્રતિષ્ઠાના પ્રસંગોમાં ગુણવત્તા લાવી પાર પાડ્યા. જ્ઞાન જિજ્ઞાસુ શ્રીયુત વિનુભાઈ ચુ. શાહ આમાં ખૂબજ પ્રરક બળ નિમિત્ત અને સહયોગી બન્યા.

પુસ્તક લખાતુ ગયુ. કાળક્ષેપ ધારણા કરતા વધારે થયો તેમ છતાં પણ જે થાય તે સારા માટેના નિયમે સંતોષ થયો. વિસ્તાર ઘણો વધ્યો. મુનિ શ્રી હેમન્તવિજય મ. પ્રૂફ સંશોધનની સારી સેવા કરીને પુસ્તક તૈયાર કર્યુ છે. યોગાનુયોગ નેપયન્સી રોડ સ્થિત દરિયા મહલ સંઘમાં ચાલતા પ્રવચનોમાં શ્રી સંઘના ભાગ્યશાળીઓ શ્રુત ભક્તિમાં જોડાયા અનેક દાતાઓનો મુદ્રણ વ્યવસ્થામાં સહયોગ સાંપડ્યો. પરિણામ સ્વરૂપે અનેક ભાગોમાં પુસ્તક પ્રકાશિત થશે. શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થઇને પાઠકવર્ગના કર કમળોમાં પહોંચાડતા... સાહિત્યાર્પણ દ્વારા જિન શાસનની સેવા કરી ધન્યતા અનુભવું છુ. સુજ્ઞ જ્ઞાનીઓ ત્રુટી-અશુદ્ધિ તરફ ધ્યાન દોરશે તો તેમનો ઉપકાર માનીશ.

•— અરૂણવિજય

# પ્રાસ્તાવિકમ્

નિક્ષેપ ભેદે જિનોપાસના :- नामाकृति-द्रव्य-भावैः पुनतस्त्रिजगज्जनम्।
क्षेत्रे-काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे।।

સકલાર્હત્સ્તોત્રમાં કલિકાળ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય ભગવંત ૪+૨=૬ નિક્ષેપાઓ વડે અર્થાત નામથી, આકૃતિ=સ્થાપના નિક્ષેપથી, દ્રવ્યથી, ભાવ વડે તેમજ ક્ષેત્ર અને કાળ આદિ નિક્ષેપાઓથી અરિહન્ત પરમાત્માની ઉપાસના કરવી જોઇએ તેવું ફરમાવે છે. ૪ નિક્ષેપાઓથી અરિહેત પરમાત્માની કઈ-કઈ અવસ્થા સમજવી તેનો સંદર્ભ ચૈત્યવંદન ભાષ્યમાં જણાવે છે -

नाम जिणा जिणनामा, ठवण जिणा पुण जिणिंद पडिमाओ ।
दव्व जिणा जिणजीवा, भाव जिणा समवसरणत्था ।।

જિનેશ્વર પરમાત્માનું નામ જપવું, નામ સ્મરણ કરવું, નામ રટવું તે દ્વારા નામ લઇને જિનોપાસના કરાય છે. ઠવણ-આકૃતિ શબ્દ સ્થાપના અર્થમાં છે. જિનેશ્વર ભગવન્તોની પ્રતિમાઓની સ્થાપના-પ્રતિષ્ઠા કરવામાં આવે છે તે સ્થાપના નિક્ષેપ કહેવાય છે. જિન ભગવાનની તથાપ્રકારની આકૃતિ-પ્રતિકૃતિ કાષ્ઠ, પાષાણ, ધાતુ આદિમાં કંડારવામાં આવતી હતી. ગીતાર્થ જ્ઞાની ભગવંતો પંચ કલ્યાણકોની ઉજવણી પૂર્વક માંત્રિક અનુષ્ઠાનો વડે તે આકૃતિ સ્વરુપ પ્રતિમામાં આધિવાસના અંજનશલાકાના વિધાન પૂર્વક તેમાં પ્રાણારોપણ-પ્રાણપ્રતિષ્ઠા કરીને પ્રતિમાને પરમાત્માનું રૂપ આપતા હતા ત્યાર પછી તે પૂજનીય બનતી હતી આ રીતે આકૃતિ-પ્રતિમા સ્વરૂપે હજારો તીર્થોમાં પ્રતિષ્ઠાઓ થવાથી તીર્થક્ષેત્રો નિર્માણ થયા. સર્વ લોકોને આરાધના-ઉપાસના કરવાનું ઉત્તમ આલંબન મળ્યું. દ્રવ્ય નિક્ષેપામાં તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરી ચૂકેલ જીવાત્મા તે અરિહન્ત પરમાત્મા થનાર મૂળ દ્રવ્યજિન ગણાય છે. અને તીર્થંકર નામ કર્મનો રસોદય થયા પછી કેવળજ્ઞાન પામી સમવરરણમાં બિરાજમાન પ્રભુ ભાવજિન તરીકે ઓળખાય છે.

ક્ષેત્રની દૃષ્ટીએ પૃથ્વીતલ ઉપર જ્યાં-જ્યાં જે ક્ષેત્ર ઉપર તીર્થો નિર્માણ થયા છે જ્યાં-જ્યાં પ્રાસાદો-મંદિરો બન્યા છે તેમાં જે પ્રતિમા પરમાત્મારૂપે પૂજાય છે. તે તે ક્ષેત્રોમાં જઇને ઉપાસના ભક્તિ કરવી તે ક્ષેત્ર નિક્ષેપાની દૃષ્ટિએ થાય છે. તેમજ કયા કાળમાં ભગવાન થયા? તે તે કાળની દૃષ્ટીએ સ્મરણ કરીને પરમાત્માની ઉપાસના કરવાથી કાળનિક્ષેપપૂર્વક ઉપાસના કરી શકાય છે. આ રીતે છએ નિક્ષેપાઓ પૂર્વક જિનોપાસના થાય છે.

ક્ષેત્ર-કાળની સંયુક્ત મીમાંસાઃ- મનુષ્ય ક્ષેત્રના અઢીદ્રીપમાં, દેવલોકમાં આદિ ક્યાં-ક્યાં જિનમંદિરો-પ્રાસાદો-તીર્થો વગેરે છે. ત્યાં ત્યાં જિનપ્રતિમાઓ પ્રતિષ્ઠિત છે, અથવા કયા ક્ષેત્રોમાં ભગવાન થાય છે? તે દૃષ્ટીએ જિનોપાસના કરવી. અઢીદ્રીપના સંપૂર્ણ મનુષ્ય લોકમાં ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતર્દ્રીપોમાં ભગવાન થતા જ નથી તેથી ત્યાં ધર્મ પણ નથી હોતો. ૫ ભરત ક્ષેત્ર ૫ ઐરવત ક્ષેત્ર ૫ મહાવિદેહ એમ કુલ ૧૫ કર્મભૂમિઓના ક્ષેત્રો છે. આ ક્ષેત્રોમાં જ ધર્મના આદ્ય સંસ્થાપક-પ્રરૂપક તીર્થંકર ભગવન્તો થાય છે. તેથી ત્યાં ધર્મની સુલભતા રહે છે.

ક્ષેત્રીય નિયતિ આવી સુંદર હોવા છતાં પણ કયા ક્ષેત્રમાં, કયા કાળમાં ભગવાન થાય છે અને કયા કાળમાં નથી થતા તેમજ કયા ક્ષેત્રોમાં સદા કાળ તીર્થંકર ભગવન્તો હોય છે અને થાય છે ? તેની વિચારણા કાલિક દૃષ્ટીએ કરી છે માટે ક્ષેત્ર અને કાળ આ બન્ને નિક્ષેપાઓની સંયુક્ત રીતે મીમાંસા પ્રસ્તુત પુસ્તકમાં કરી છે. સુયોગ્ય ક્ષેત્ર હોવા છતાં પણ સુયોગ્ય-સાનુકૂળ કાળ જો ન આવે તો સુયોગ્ય

ક્ષેત્ર હોવા છતાં પણ તીર્થંકર ભગવાન તેમજ ધર્મ વિનાનો રહી જશે. ચતુર્ભંગીની દષ્ટીએ વિચારણા કરતા ૧) સુયોગ્ય ક્ષેત્ર સુયોગ્ય કાળ સદાય હોય તો સર્વોત્તમ કહેવાય. આવા ક્ષેત્રો તરીકે ૫ મહાવિદેહ ક્ષેત્રો છે. તેથી ત્યાં તીર્થંકર ભગવન્તો તથા ધર્મ સદાકાળ સુલભ રહે છે. તેથી મોક્ષમાર્ગ પણ ચાલુ જ રહે છે. કાળ પણ સદાકાળ એક સરખો જ રહે છે. આ જ ત્યાંની શાશ્વત વ્યવસ્થા છે. ૨) સુયોગ્ય ક્ષેત્ર હોવા છતાં પણ સુયોગ્ય કાળનો સુમેળ જો ન રહે તો ૫ ભરત અને ૫ ઐરવત ક્ષેત્રોમાં પણ કર્મભૂમિ-ધર્મભૂમિ હોવા છતાં પણ પહેલા,બીજા અને પોણા ભાગથી વધારે એવા ત્રીજા, પાંચમા અને છટ્ઠા આરામાં ભગવાન તથા ધર્મ સંભવતો નથી. આ તો છેલ્લા તીર્થંકરનું સ્થાપિત શાસન ચાલે છે તેથી પાંચમા આરામાં આટલો પણ ધર્મ ઉપલબ્ધ છે. ૩) સુયોગ્ય કાળ હોય પણ ક્ષેત્ર સાનુકૂળ સુયોગ્ય ન હોય તો ૧૦ કર્મભમિની અનાર્ય ભૂમિમાં તીર્થંકરો નથી થતા, તેમજ ધર્મ પણ નથી હોતો. ૪) સુયોગ્ય ક્ષેત્ર અને કાળ બન્નેનો જ અભાવ હોય તેવા અકર્મભૂમિ અને અંતર્દ્વીપના ૮૬ ક્ષેત્રોમાં શાશ્વતપણે તીર્થંકરો ક્યારેય થતા જ નથી. તેમજ ધર્મ પણ ક્યારેય હોતો જ નથી.

આ રીતે ચતુર્ભંગીની દષ્ટીએ ક્ષેત્રીય અને કાલિક દષ્ટીએ...તેમજ બન્નેનું ભૌગોલિક અને કાલિક સ્વરૂપ સમજાવતા વિસ્તૃત વિચારણા આ ગ્રંથમાં કરવામાં આવી છે.

ક્ષેત્ર કાળની નિશ્ચિતઃ- પંચ સમવાયી કારણોમાં પ્રથમના ત્રણ કાળ,સ્વભાવ અને નિયતિની સંમિલિત-સંમિશ્રિત સ્વરૂપે મીમાંસા કરીને ૧૫ કર્મભૂમિના ક્ષેત્રોમાં શાશ્વતપણે કેવી નિયતિ છે તે વિચારણા આ ગ્રંથમાં વર્ણવી છે. દશેય ક્ષેત્રોમાં અવસર્પિણી કાળમાં ૨૪-૨૪ ભગવન્તો થાય છે તેથી ૧૦ ચોવીશીના ૨૪૦ તીર્થંકરો સદાકાળ થાય છે એવી જ રીતે ઉત્સર્પિણી કાળખંડમાં પણ થાય છે - તેથી ૧૦ ૧૦ ૨૦ ચોવીશીના ૨૪૦ ૨૪૦ ૪૮૦ ભગવંતો એક કાળચક્રમાં નિશ્ચિત નિયતિ પ્રમાણે અખંડપણે સદાકાળ થતા હતા, થતા રહે છે, થતા જ રહેશે. આ સ્વરૂપ આ ગ્રંથમાં દર્શાવ્યુ છે.

ते चेव जम्मरिक्खा, ते चिय मासा, तिहीओ ता चेव ।
आउग-उच्चत्ताई वण्णा रुक्खा वि ते चेव ।।१११३।।

તિત્થોગાલીય પઇન્ના ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે અવસર્પિણી કાળમાં થતા સમસ્ત તીર્થંકરોના ચ્યવન, જન્માદિ પાંચેય કલ્યાણક પ્રસંગો થવાના નક્ષત્રો, મહીનાઓ, તિથિઓ વગેરે તેમજ આયુષ્યમાન, અવગાહના, વર્ણ, ચૈત્યવૃક્ષો આદિ બધુ એક સરખા સ્વરૂપે આગામી ઉત્સર્પિણી કાળમાં થનારા સર્વ તીર્થંકર ભ.ના પણ તેના તે જ રહેશે-થશે. આવી રીતે થનારી અનન્ત અવસર્પિણી-ઉત્સર્પિણીઓમાં સદાકાળ શાશ્વતપણે એક સરખી જ નિયતિની વિચારણા આ ગ્રંથમાં પણ કરી છે. ૫ મહાવિદેહ ક્ષેત્રની ક્ષેત્રીય તેમજ કાલિક નિયતિ પ્રમાણે થતા ૨૦-૨૦ તીર્થંકરોની મીમાંસા પણ કરી છે પરન્તુ તે વિષે ઘણો આધાર ઉપલબ્ધ નથી.

તેમજ વિશિષ્ટપણે પંચ કલ્યાણક પ્રસંગોની મીમાંસા આ ગ્રંથમાં કરી છે. આ બધી મીમાંસાને વધુ સરળ કરવા માટે ચિત્રો રજૂ કર્યા છે. અરિહન્ત પરમાત્મા જ સમગ્ર જૈન શાસનના કેન્દ્રમાં છે, આપણી શ્રદ્ધાના કેન્દ્રમાં છે, તે જ ધર્મનું ઉદ્‌ગમસ્રોત છે તે માટે ઉપાસ્ય, આરાધ્ય તત્ત્વ છે. તે જ જ્ઞેય-શ્રદ્ધેય-ધ્યેય તત્ત્વ છે. અર્હં તત્ત્વનું વિશદ વિવેચન આ ગ્રંથમાં રજૂ કર્યુ છે. વિસ્તાર વધુ થવાથી તેમજ વાચકોની સુવિધા ખાતર તેના ભાગો વધુ કરવાની ફરજ પડી છે. તેથી વાચકોને સાદ્યન્ત સર્વ ભાગોમાંથી સંપૂર્ણ વિષય વાંચીને સમજવા પુરૂષાર્થ કરવા ભલામણ કરૂં છું. ચોક્કસ ઘણી કડીઓ હજી ખૂટી રહી છે. આધાર ઉપલબ્ધ નથી થતો. સુજ્ઞ જ્ઞાનીઓને વધુ પ્રકાશ પાડવા નમ્ર વિનંતિ કરૂં છુ. તેમજ સર્વજ્ઞ સિદ્ધાન્તથી અંશમાત્ર પણ વિપરીત પ્રરૂપણા થઈ હોય, તેનું મિચ્છામિ દુક્કડં આપી વિરમું છું. ગીતાર્થો સુધારણા કરાવશે તો અવશ્ય ક્ષતિ સુધારીશ.

— અરૂણવિજય

## ક્યાં ?......શું ?......


- નિગોદાવસ્થાથી જન્મ-મરણરુપ સંસાર ચક્ર..........૦૦૬
- મુક્તિના ભેદો......................................૦૦૮
- મુક્તાત્માના જ્ઞાનાદિ ગુણોંમાં ઉત્પાદ-વ્યય..........૦૧૨
- નિર્વાણ સ્વરુપ......................................૦૨૫
- જૈન દર્શનનો મૂળ ઉદ્ગમ સ્રોત - સર્વજ્ઞ પરમાત્મા....૦૩૦
- ગુણસ્થાનો પર પુરુષાર્થનો મહિમા...................૦૩૭
- કર્મ - નિકાચિત અને અનિકાચિત......................૦૪૪
- સમ્યક્ત્વની અનિવાર્યતા............................૦૫૪
- મોક્ષ કાલ્પનિક નથી, વાસ્તવિક છે...................૦૫૫
- મોક્ષમાર્ગના મુખ્ય ઘટકો............................૦૬૨
- અવતારવાદી ધર્મોમાં એક જ ભગવાન..................૦૬૬
- સૃષ્ટિના સર્જક-વિસર્જકની મિથ્યા કલ્પના............૦૬૭
- ૨૦ સ્થાનકના ૨૦ પદોંમાં વિશિષ્ટ ગુણોનો સમાવેશ..૦૮૪
- ઈશ્વરવાદનું સ્વરુપ..................................૦૮૮
- તીર્થંકરનામ કર્મનું બીજારોપણ.......................૧૦૪
- વીશસ્થાનકોની શાશ્વતતા.............................૧૨૩
- પુરુષાર્થ થી કે પુણ્યથી, શેનાથી સુખ મળે છે ?........૧૫૧
- કારણ નિવારણમેવોપચારં............................૧૫૯
- સર્વના દુઃખો દૂર કરવાર્થે સાચો ઉપાય...............૧૬૫
- આર્ત ધ્યાનનું સ્વરુપ.................................૧૭૨
- સુખો દેવ દત્ત કે દૈવ દત્ત ?...........................૧૭૮
- દીર્ઘ દષ્ટીવાળી ભાવદયાનું સ્વરુપ.....................૧૮૨
- સત્યનો જ્ઞાતા જ ભાવદયા ભાવી શકે..................૧૮૬
- ભાવનાની શ્રેષ્ઠતાનુસાર પુણ્યોત્કૃષ્ટતા..............૧૯૧



શ્રેષ્ઠીવર્ય શ્રી શાન્તિલાલ મંગળજીભાઈ મેહતા

શ્રીમતિ શર્મિષ્ઠાબેન શાન્તિલાલ મેહતા

# આર્થિક સહયોગદાતાના સુકૃતની અનુમોદના

ગુજરાત - પાલનપુરની પાવન પુણ્યભૂમિના મૂળ વતની...
દરિયા મહેલ-વાલકેશ્વરના નિવાસી...૨૬-૫-૧૯૩૩ માં જન્મેલા...

**શ્રેષ્ઠીવર્ય શ્રી શાન્તિલાલ મંગળજીભાઈ મેહતા...**

• જન્મભૂમિ - પાલનપુરની ધરતી ઉપર...પૂ. સાધ્વીજી મહારાજો માટે ઉપાશ્રય નિર્માણ કરાવેલ છે.

• શ્રી પલ્લવીયા પાર્શ્વનાથ તીર્થના જીર્ણોદ્ધાર દ્વારા નવીનીકરણમાં સંપૂર્ણ એક દેરી નિર્માણ કરાવવાનો લાભ લીધો છે. તેમજ શીલ સ્થાપના કરી છે.

• સર્વ મંગળ પલ્લવીયા ટ્રસ્ટ, શ્રી જૈન કન્યા છાત્રાલય તેમજ વડીલ વિશ્રાંતિ ગૃહ આદિ પાલનપુરની સંસ્થાઓમાં સક્રિય ટ્રસ્ટી તરીકે સેવા બજાવી રહ્યા છે.

• શ્રી શાન્તિ ફાઉન્ડેશન ટ્રસ્ટ બનાવીને શુભ કાર્યો કરે છે. દરિયા મહેલ સોસાયટીમાં જિનાલય માટે જગ્યા આપી છે. મૂળનાયક શ્રી આદીશ્વર દાદાની પ્રતિમા ભરાવવાનો, પ્રવેશ તેમજ પ્રતિષ્ઠા કરાવવાનો અને દ્વારોદ્‌ઘાટનાદિનો લાભ લીધો છે.

• શ્રી પાલનપુર યાત્રિક ભવન - પાલીતાણામાં આરાધના ભવન બનાવવાનો લાભ લીધો છે.

• ધર્મપત્ની શ્રાવિકા શ્રીમતિ શર્મિષ્ઠાબેન શાન્તિલાલ મેહતાની વર્ષગાંઠ નિમિત્તે પ્રસ્તુત પુસ્તકનો પ્રથમ ભાગ આર્થિક સહયોગ આપીને પ્રસિદ્ધ કરાવી છે.

આવા અનેક સુકૃત્યોની ભૂરિ...ભૂરિ અનુમોદના....

# "તીર્થંકર" - શાશ્વત વ્યવસ્થા

ખાણમાંથી નીકળેલા પાષાણનો ઘાટ ઘડીને કુશળ કળાકાર-શિલ્પી પ્રતિમા નિર્માણ કરે છે. એટલા માત્રથી તે પ્રતિમા પૂજનીક બનતી નથી. જ્યારે આ જ પ્રતિમામાં ધર્માચાર્ય પ્રાણારોપણ વડે પ્રાણપ્રતિષ્ઠા કરીને તેને પરમાત્મા બનાવે છે, ત્યારે તે પૂજનીક બને છે. બજારના શોરૂમમાં પડેલી પ્રતિમા અને મંદિરમાં પ્રતિષ્ઠિત થયેલી પ્રતિમામાં જે આકાશ-પાતાળનું અંતર છે તેનું કારણ પ્રાણપ્રતિષ્ઠા છે. શોરૂમમાં પ્રાણ-પ્રતિષ્ઠા રહિત છે, ત્યાં સુધી તે પાષાણની માત્ર પ્રતિમા છે. જ્યારે ધર્માચાર્ય વડે પ્રાણારોપણ-પ્રાણપ્રતિષ્ઠા કરાશે, ત્યાર પછી તે પરમેશ્વર-પરમાત્મા સ્વરૂપે બને છે, ત્યારે તે પરમાત્મા તરીકે પૂજાય છે.

આ પ્રાણપ્રતિષ્ઠા શું છે ? પ્રાણારોપણ શું છે ? શું તે ભગવાનનો આત્મા મોક્ષમાંથી આ પ્રતિમામાં પાછો આવે છે ? અથવા શું તેમના પ્રાણ પાછા આવે છે ? શું થાય છે ? સિદ્ધશિલા ઉપર લોકાન્તે મુક્તાત્મા-સિદ્ધાત્મા બની ગયેલા પરમાત્મા ત્યાંથી પાછા પ્રતિમામાં નથી આવતા. મુક્તાત્મા લોકાન્તે જે આકાશપ્રદેશે સ્થિર થઈ ગયા હોય છે ત્યાં અનંતકાળ સુધી શાશ્વતપણે સ્થિર જ રહે છે. હવે તેમને ત્યાંથી અનંતકાળમાં પણ હલનચલન કરવાનું હોતું જ નથી. એટલે સુધી કે એક આકાશપ્રદેશથી ખસીને સાવ પાસેના આકાશપ્રદેશે પણ જવાનું નથી હોતું. શક્રસ્તવ (નમુત્થૂણં) સૂત્રમાં વપરાયેલા શબ્દો '<u>સિવમયલમરૂઅ મણન્તમક્ખયમવ્વાબાહમપુણરાવિત્તિ સિદ્ધિગઈ</u>' ઉપર વિશેષ વિચારણા કરતાં રહસ્યાર્થમાંથી વિશેષ બોધ પ્રગટ થાય છે. આ આઠ વિશેષણોના આઠ શબ્દો છે.

(૧) સિવ - શિવઃ- કલ્યાણકારી.

(૨) મયલ - અચલઃ- ચલાયમાન ન થતા...સિદ્ધ થતી વખતે જે આકાશ પ્રદેશે સ્થિર થઈ ગયા છે બસ, અનંતકાળ સુધી ત્યાં જ

સ્થિર રહેવાનું છે. એક પ્રદેશથી બીજા પ્રદેશે ચલાયમાન ન થવું તેને અચલ કહ્યું છે.

(૩) મરૂઅ - અરૂહ:- સંસારના બીજભૂતકર્મો જેને ઉગવાના નથી અને તેથી ફરીથી સંસારમાં ઉત્પન્ન થવાપણું જ નથી. તેથી અરુહ છે.

(૪) મણન્ત - અનન્ત:- અનંતકાળ સુધી એ જ સ્વરૂપે અર્થાત્ દેહરહિત સિદ્ધાત્મા-મુક્તાત્મા સ્વરૂપે રહેવાપણું છે તે. તેમ જ કાળથી પણ અનંતકાળ સુધીનું અસ્તિત્વ બન્યું રહે છે. આત્માનું અસ્તિત્વ અનાદિ-અનંતકાલીન છે. સંસારી સદેહી-સકર્મીઅવસ્થા-પર્યાય વિશેષમાં જે અનંતકાળ કાઢ્યો તે પર્યાયથી અંતપણું હતું. જ્યારે સિદ્ધ થવાથી તે પર્યાય બદલાઈ ગઈ. તેથી આત્મા અદેહી, અકર્મીપર્યાયવાળો થયો. આ પર્યાય શરૂ થઈ તેથી 'આદિ' થઈ. એટલા માટે મોક્ષની સ્થિતિ સાદિ અનંતની કહેવાય છે. હવે આદિ પછી અદેહી અને અકર્મીપર્યાય પણ અનંતકાલીન છે. જ્યારે દ્રવ્યથી આત્માનું અસ્તિત્વ તો અનંત છે જ અને ગુણથી પણ આત્માનું ગુણાત્મક સ્વરૂપ પણ અનંતકાલીન છે. હવે કર્મમુક્ત થવાથી જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ આત્માના ગુણો હવે પૂર્ણરૂપે અનંત સ્વરૂપે પ્રગટ થઈ ગયા છે તે પણ અનંતકાળ સુધી હવે પૂર્ણરૂપે જ રહેશે.

(૫) મક્ખય - અક્ષય:- આ ગુણોનું સ્વરૂપ જે અનંત સ્વરૂપે પ્રગટ થયું છે તે અક્ષય-ક્ષય ન થવા રૂપ છે. દ્રવ્ય સ્વરૂપે પણ ક્ષયરહિત છે. તેથી અક્ષય સ્વરૂપે છે.

(૬) મવ્વાબાહ - અવ્યાબાધ:- આત્માનું મૂળભૂત સ્વરૂપ જ અવ્યાબાધ છે. આત્માનું અનંત સુખ-અવ્યાબાધ પરમાનંદ સ્વરૂપે છે, પરંતુ કર્માધીન સકર્મીસંસારી અવસ્થામાં તે વ્યાબાધ થઈ જવાથી અનંત કાળ સુધી આત્મા દુઃખી રહેવા લાગે છે. આનંદ પણ વિપરિતપણે વિષાદ-દુઃખ રૂપે થઈ જાય છે. પરંતુ તે વેદનીય કર્મ પણ સંપૂર્ણ સમૂળ ક્ષય થઈ જવાથી અનંત સુખ-અનંતાનંદ રૂપે પ્રગટ થઈ જવાથી હવે પછી ફરી ક્યારેય વ્યાબાધપણું પાછું નહીં આવે. તેથી અવ્યાબાધપણું સદાકાળ રહેશે.

(૭) મપુણરાવિત્તિ- અપુનરાવૃત્તિ:- જે સંસારમાં સકર્મી-સદેહી પર્યાયમાં અનંતકાળ સુધી આત્મા રહ્યો હતો. તે હવે મુક્ત થઈ જવાથી દેહથી મુક્ત, કર્મથી મુક્ત થઈને જ્યારે મુક્તાત્મા ક્ષેત્રથી પણ મુક્તિ મેળવી લે છે અર્થાત, ચૌદ રાજલોકના સર્વ આકાશપ્રદેશે જન્મ-મરણ ધારણ કરતો હતો. ૮૪ લાખ જીવયોનીઓમાં-ચારેય ગતિઓમાં પરિભ્રમણ કરતો હતો તે હવે જ્યારે મુક્ત થઈ જવાથી ક્ષેત્રમુક્તિ પણ મેળવે છે. ક્ષેત્રમુક્તિનો અર્થ છે-હવે ચૌદ રાજલોકના અસંખ્ય આકાશપ્રદેશો ઉપર ક્યાંય ન જવું, ન આવવું. અર્થાત્ ક્યાંય જન્મ-મરણ ફરી ધારણ કરતો નથી. ચૌદ રાજલોકના આકાશક્ષેત્રના આકાશપ્રદેશો છોડીને સર્વથા મુક્ત થઈને લોકાન્તે લોકના અંત ભાગે પહોંચીને લોકાન્તના આકાશપ્રદેશે સ્થિર થઈ જાય છે. બસ, સ્થિર થઈ ગયા પછી ફરીથી હવે ચૌદ રાજલોકના સંસારમાં પાછા ક્યારેય નહીં આવે. આ પ્રક્રિયાને જણાવવા-''અપુણરાવિત્તિ'' શબ્દપ્રયોગ છે.

"અપુણરાવિત્તિ" આ સિદ્ધાંતવાચી શબ્દ છે. તે સૂચવે છે કે જૈનદર્શનમાં એક વખત જે આત્મા સિદ્ધ-બુદ્ધ-મુક્ત થઈને લોકાન્તે સ્થિર થઈ જાય પછી ક્યારેય પાછો સંસારમાં નથી આવતો. ક્યારેય ફરીથી જન્મ ગ્રહણ નથી કરતો. અવતાર (જન્મ) ધારણ નથી કરતો તેથી જૈન ધર્મ અવતારવાદી નથી. હિન્દુધર્માદિ અન્ય ધર્મો અવતારવાદી છે. માટે એક જ ઇશ્વરને ફરી-ફરી સંસારમાં આવીને જન્મ લેનારા અર્થાત્ અવતાર ધારણ કરનારા માને છે. આ માન્યતાના આધારે તેઓ એમ જ માને છે કે - રામ જ જઈને પાછા આવીને બીજો અવતાર લઈને કૃષ્ણ બને છે. તે જ કૃષ્ણ પાછા જઈને કાળાન્તરે પાછા સંસારમાં આવીને જન્મ (અવતાર) ધારણ કરે છે. એવી રીતે હિન્દુ ધર્મે ૨૪ અવતારો માન્યા છે. ઇસ્લામમાં આવી જ રીતે ૨૪ પયગંબર માન્યા છે. ખ્રિસ્તી ધર્મમાં આવી રીતે ૨૪ દૂત માન્યા છે. વિશ્વના સમગ્ર ધર્મોમાં એકમાત્ર જૈન ધર્મ જ એવો છે જે અવતારવાદી નથી માટે જૈન ધર્મમાં ચોવીસેય તીર્થંકર ભગવંતોના સ્વતંત્ર આત્મા છે, માટે પ્રથમ તીર્થંકર ઋષભદેવ-આદિનાથભગવાન જ મોક્ષે જઈને પાછા આવીને અર્થાત્ ફરી અવતાર લઈને બીજા તીર્થંકર અજિતનાથ નથી બનતા. તે જ ફરી મોક્ષે જઈને પાછા આવીને ત્રીજા સંભવનાથભગવાન નથી થતા. મોક્ષ એનું જ નામ છે કે જ્યાં ગયા પછી ફરીથી સંસારમાં અવાતું નથી. તેથી 'અપુણરાવિત્તિ'નો સિદ્ધાંત છે. જ્યાં ગયા પછી ફરી પાછું સંસારમાં અવાય છે, તે સ્થાન 'સ્વર્ગ' છે, માટે અવતારવાદની પ્રક્રિયા માનનારાઓના મતે ભગવાન મોક્ષે ન જતાં સંસારમાં જઈને જ પાછા આવીને અવતાર લેતા હોવા જોઇએ. તેથી મોક્ષ જેને અપવર્ગ કહેવામાં આવે છે. તેવું સ્વરૂપ અન્ય ધર્મોએ નહીં સ્વીકાર્યું હોય. અપવર્ગ અને સ્વર્ગ સરખા માનવાનો ભ્રમ જો રાખ્યો હોય તો જ અવતારવાદની પ્રક્રિયા માનવાની ઇચ્છા થાય. આ માટે જૈન ધર્મે આ ૮ શબ્દોથી મોક્ષનું સ્વરૂપ નિર્ધારિત કર્યું છે. તેથી આવા ૮ વિશેષણાત્મક શબ્દો વાપરીને તેના અર્થવાળુ અપવર્ગ-મોક્ષ સ્વરૂપ જૈનદર્શને જેવું જણાવ્યું છે તેવું વિશ્વનો એક પણ ધર્મ નથી જણાવતો, માટે જ ભગવાનનું સ્વરૂપ પણ સંપૂર્ણ નિર્દોષ શુદ્ધ ન થયું, તેથી અન્યોએ અવતારવાદી ઇશ્વરનું સ્વરૂપ માન્યું. તેથી જાય અને પાછા આવે. જાય તો ક્યાં જાય ? એ અપવર્ગ હોઈ જ ન શકે. જ્યાં ગયા પછી પાછા આવીને જન્મ (અવતાર) લેવાતો હોય તેને અપવર્ગ કહેવાની કે માની લેવાની ભૂલ ન કરતા, તેને સ્વર્ગ કહેવું વધુ ઉચિત છે. તેથી અવતારીને ઇશ્વર ન કહેતાં સ્વર્ગસ્થદેવાદિ શબ્દોથી નવાજવા વધુ ઉચિત છે.

જૈન ધર્મ સર્વજ્ઞ પ્રણીત હોવાથી આવી ભૂલ નથી કરતો અને આ વિષયમાં સિદ્ધાંતધારા સ્પષ્ટ જણાવતાં- 'અપુણરાવિત્તિ' સિદ્ધાંતવાચી શબ્દપ્રયોગ કરી સ્પષ્ટ કરી દે છે કે...એક વખત સિદ્ધ થઈ જવાથી તેમનો મોક્ષ થઈ જાય છે. તે અપવર્ગે જાય છે, તેથી ફરીથી અવતાર લેવાની આવશ્યકતા જ નથી રહેતી. માટે તે સ્વર્ગસ્થદેવાદિ સ્વરૂપે નથી.

પરંતુ સાચા અર્થમાં સિદ્ધ-બુદ્ધ-મુક્ત છે. અનાવતારી હોવાથી ચોવીસેય તીર્થંકર ભગવંતો જુદાજુદા સ્વતંત્ર છે. એક-એક પ્રત્યેક અલગ છે. એક જ નથી કે એક રૂપ નથી અને સ્વર્ગીય દેવ નથી પરમેશ્વર-પરમાત્મા છે. જ્યારે અવતારવાદી પ્રક્રિયા માનનારાઓના મતમાં આનાથી સર્વથા વિપરીત સ્વરૂપ આવશે. તે સિદ્ધ-બુદ્ધ-મુક્ત નહીં કહેવાય તેમ જ તે પરમેશ્વર-પરમાત્મા પણ ન કહેવાય, પરંતુ સ્વર્ગસ્થદેવ સ્વરૂપે અથવા તે સદશ-તેવા માનવામાં આવે.

(૮) સિદ્ધિગઈ - સિદ્ધિગતિઃ- સંસારની ચાર ગતિઓ ન કહેતાં તેને સિદ્ધિગતિ સંજ્ઞા આપી છે. સંસારચક્રમાં જન્મ-મરણ ધારણ કરવાની દેવ,મનુષ્ય, તિર્યંચ અને નરક એવી ચાર ગતિઓ છે. તેથી સિદ્ધિગતિ આ ચારથી સર્વથા ભિન્ન-સ્વતંત્ર જ છે. બન્નેની સાથે 'ગતિ' શબ્દ સમાન રૂપે વાપરવા છતાં પણ રહસ્યાર્થ સાવ જુદો જ છે.

સંસારની ૪ ગતિઓનું સૂચક ચિહ્ન સ્વસ્તિક છે. સ્વસ્તિકમાં કંઈ જ નથી માત્ર તે તે ગતિસૂચક દિશા છે. જેવી રીતે દિશાસૂચક યંત્રમાં સોય એકમાત્ર ઉત્તર દિશા સૂચક હોય છે, તેવી જ રીતે ચારેય ગતિઓમાં જન્મ-મરણ સૂચિત કરનાર ચિહ્ન સ્વસ્તિક છે. સ્વસ્તિકના કેન્દ્રમાં જીવ છે. તે કોઈ પણ ગતિમાં જાય છે. ત્યાં જન્મ લે છે. ત્યાં જીવન પૂર્ણ કરી મૃત્યુ પામી મરીને બીજી ગતિમાં જઈને જન્મ લે છે. ફરી ત્યાં પણ એ જ પ્રક્રિયા ચાલે છે. જીવન પૂરું થતાં મરીને ફરી ત્યાંથી ત્રીજી ગતિમાં જઈ જન્મ લે છે. આમ ચક્રાકાર રીતે એક પછી એક ગતિમાં જન્મ-મરણ થતાં જ રહે છે. તેને જ સંસાર કહેવાય છે.

આનાથી ઠીક વિપરિત સિદ્ધિગતિ નામ સાવ જુદો જ અર્થ સૂચવે છે. અહીંયાં પણ ચોક્કસ 'ગતિ' શબ્દ વપરાયો છે. આ ગતિ શબ્દ ચાર ગતિમાં જન્મ-મરણ કરતાં કરતાં પરિભ્રમણના અર્થમાં નથી, પરંતુ સંસારના અંતિમ મનુષ્યભવમાં જે જીવાત્મા સર્વથા સમૂળ-સંપૂર્ણ સર્વ કર્મોના ક્ષય થવાથી કર્મબંધનથી મુક્ત થઈ જાય છે ત્યારે તે દેહ છોડીને સંપૂર્ણ શુદ્ધ આત્મા ઉર્ધ્વગતિએ ૭ રાજલોક ઉપર જાય છે. (૧ રાજલોક અસંખ્ય યોજન પ્રમાણ છે.) એવા સાત રાજલોકના આકાશ ક્ષેત્રને પસાર કરીને ફક્ત ૧ જ સમયમાં અત્યંત તીવ્રગતિ કરીને મુક્તાત્મા લોકાન્તે પહોંચે છે. આને 'ગતિ' શબ્દથી સૂચવ્યો છે અને આગળ સિદ્ધ શબ્દ જોડીને સિદ્ધિગતિ શબ્દરચના કરી છે. કોની ગતિ ? તો ઉત્તર છે - સિદ્ધાત્માની ગતિ. સિદ્ધ થતા આત્માની ગતિ. સિદ્ધ થતી વખતની, સિદ્ધ થયા પછીની ગતિ નથી. સિદ્ધ થયા પછી લોકાન્તે અર્થાત્ લોકાન્તપ્રદેશે મુક્તાત્મા સિદ્ધ થઈ ગયા પછી તેને ગતિ કરવાની હોતી નથી. કારણ પછી તો તે 'અચલ' થઈ જાય છે. ન ચલાયમાનની સ્થિતિ અચલાવસ્થા છે, પરંતુ સિદ્ધ થતી વખતે અર્થાત્ ક્ષેત્ર સિદ્ધની કક્ષા વખતે જે આત્મા મનુષ્ય ક્ષેત્રમાં-દેહક્ષેત્રમાં હતો તે હવે દેહ છોડે છે અને ઉર્ધ્વગતિએ ઉપર લોકાન્તે જાય છે. દેહ છોડવાની સાથે-સાથે દેહ જે ક્ષેત્રમાં છે તે મનુષ્ય ક્ષેત્ર તિર્છાલોક પણ છોડી દે છે

અને ઉર્ધ્વલોકમાં જાય છે. ચૌદ રાજલોકના અંતે એટલે લોકાન્તે પહોંચે છે. લોકના અંતિમ આકાશપ્રદેશને સ્પર્શે છે. જેની આગળ લોક ભાગ નથી. અલોક શરૂ થાય છે. તે લોકાન્ત ભાગ છે. આવી લોક સંજ્ઞા ગતિ-સ્થિતિ સહાયક ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય દ્રવ્યોના આધારે પડી છે. કારણકે જીવ-પરમાણુને આ બે જ દ્રવ્યો ગતિ-સ્થિતિમાં સહાયક છે. જોકે ગતિ-સ્થિતિની ક્રિયા તો જીવ-પરમાણુ જ કરે છે,ગતિ-સ્થિતિની આ ક્રિયામાં માધ્યમ-સહાયક તરીકે સહયોગી દ્રવ્યો ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય છે, માટે આકાશ છે ત્યાં સુધી ગતિ થતી જ જાય એવું નથી. આકાશ અવકાશ સહાયક આધારભૂત માધ્યમ છે. આકાશ દ્રવ્ય લોકક્ષેત્રમાં તે જ પ્રમાણે અલોકક્ષેત્રમાં ઉભયત્ર-બન્ને ક્ષેત્રોમાં સમાનરૂપે છે.અખંડરૂપે છે. જો આકાશના આધારે ગતિ થતી હોત તો તો જીવાત્મા અલોકમાં પણ અખંડ ગતિએ જઈ શકે, પરંતુ ગતિનો આધાર આકાશ નથી, ધર્માસ્તિકાય છે. માટે અખંડરૂપે લોક અને અલોક બન્ને ક્ષેત્રે આકાશાસ્તિકાય દ્રવ્ય સમાનરૂપે હોવા છતાં પણ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યનું અસ્તિત્વ જ્યાં સુધી છે ત્યાં સુધી જ લોક સંજ્ઞા રહે છે. તેની ઉપર અલોક સંજ્ઞા થાય છે, તેથી ધર્માસ્તિકાયના અસ્તિત્વ સુધી જ જીવ-પરમાણુ દ્રવ્યોની ગતિ થાય છે, એવી જ રીતે સ્થિતિ પણ સમજવી.

ક્રિયાના કર્તા જીવ-પરમાણુ છે. જીવ-પરમાણુ આ બન્ને દ્રવ્યો સક્રિય છે. ગતિ-સ્થિતિ ક્રિયારૂપ છે અને આ ક્રિયા કરતા હોવાથી જીવ-પરમાણુ દ્રવ્યો કર્તા છે. ધર્માસ્તિકાય,અધર્માસ્તિકાય,આકાશ આ ત્રણેય દ્રવ્યો નિષ્ક્રિય દ્રવ્યો છે માટે ગતિ - સ્થિતિ આદિની ક્રિયા એમને કરવાની નથી હોતી. કર્તા જીવ-પરમાણુ ઓ જ્યારે ગતિ - સ્થિતિની ક્રિયા કરતા હોય ત્યારે માત્ર સહાયક સાધન-માધ્યમ તરીકેનો ભાગ ભજવે છે. નિષ્ક્રિય હોવાથી તેમને કંઈ જ કરવાનું હોતું નથી અને સક્રિય હોવાથી જીવ-પરમાણુઓને જ ક્રિયા કરવાની હોય છે તેથી તે જ કર્તા તરીકે છે.

અષ્ટ મહાવર્ગણા :-

કર્મો કાર્મણ વર્ગણાના પરમાણુઓ વડે બને છે. પરમાણુ એ પુદ્ગલ દ્રવ્યની પર્યાય છે. પુદ્ગલના પરમાણુઓ એક નહીં અનેક જાતના છે. એવા પરમાણુઓ સંખ્યામાં અનંતાનંત છે. અનંતા સમધર્મીસમાન નિશ્ચિત સંખ્યામાં એક જથ્થામાં (સમૂહમાં) ભેગા થતાં તેની એક વર્ગણા બને છે. એવા અલગ અલગ ગુણધર્મોવાળા અલગ અલગ સંખ્યાસમૂહમાં જોડાતાં આઠ જાતની અલગ અલગ વર્ગણા બને છે. તે અષ્ટ મહાવર્ગણા આ પ્રમાણે છે -(૧) ઔદારિક વર્ગણાઃ- મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવો માટે શરીર બનાવવા કામે આવે છે. (૨) વૈક્રિય વર્ગણાઃ- દેવ-નારકી જીવોને શરીર બનાવવા માટે કામે આવે છે. (૩) આહારક વર્ગણાઃ- આહારક લબ્ધિધારક સાધુઓ માટે વિશિષ્ટ પ્રકારના ઉપશરીર બનાવવા માટે ઉપયોગમાં આવતી આહારક વર્ગણા છે. (૪)

શ્વાસોચ્છ્વાસ વર્ગણાઃ- સંસારના અનંતાનંત જીવોને શ્વાસાર્થે ઉપયોગમાં આવતી વર્ગણા શ્વાસોચ્છ્વાસ વર્ગણા છે. (૫) ભાષા વર્ગણાઃ- ભાષા વર્ગણાના પરમાણુ સમૂહો ગ્રહણ કરીને જીવો શબ્દપ્રયોગ કરતાં ભાષા બોલે છે. (૬) મનોવર્ગણાઃ- મનોવર્ગણાના પરમાણુ સમૂહોને ગ્રહણ કરીને સંજ્ઞી પંચેન્દ્રિય જીવો મન બનાવી શકે છે. (૭) તૈજસ વર્ગણાઃ- તૈજસ વર્ગણાના પરમાણુ સમૂહોને ગ્રહણ કરીને સમસ્ત જીવો તૈજસ-તેજશક્તિ-ઊર્જા ધારણ કરે છે. ગ્રહણ કરેલા આહારનો ચયાપચય કરે છે અને છેલ્લે (૮) કાર્મણ વર્ગણાઃ- આ વર્ગણાના પરમાણુ સમૂહોને અનંતાનંત જીવો ગ્રહણ કરીને શુભાશુભ કર્મ બનાવે છે. આ રીતે અષ્ટ મહાવર્ગણાઓ તરીકે રહેલા પરમાણુ સમૂહો પુદ્ગલ દ્રવ્યની પર્યાય છે. પરમાણુ સ્વરૂપે પુદ્ગલ દ્રવ્યનું અસ્તિત્વ ત્રિકાળ-નિત્ય શાશ્વત છે. તે અવિનાશી ધ્રુવ છે. માટે પરમાણુઓનું અસ્તિત્વ ક્યારેય સર્વથા લુપ્ત થતું નથી. માત્ર પર્યાય પરિવર્તન થાય છે.

ઔદારિક વર્ગણાના પુદ્ગલ પરમાણુ સમૂહ વિશેષની વર્ગણાઓ ગ્રહણ કરીને આપણે માણસોએ માનવશરીરની રચના કરી છે. તે માટે તેવા વિશેષ કર્માનુસાર માનવયોનિમાં પ્રવેશ કરીને ગર્ભાશયમાં જીવ જાય છે. ગર્ભકાળ સુધી સાડા નવ માસ જીવ ત્યાં રહીને દેહ નિર્માણ કરીને એક દિવસ મનુષ્ય દેહની પર્યાયમાં જન્મ લે છે. આ જન્મ લઈને પોતાના આયુષ્ય કર્માનુસાર જીવન જીવે છે. આયુષ્ય કર્મ પૂરું થતાં જીવાત્મા દેહ છોડીને પોતાના કર્માનુસાર બીજી ગતિમાં - બીજા જન્મમાં જાય છે. આયુષ્ય કર્મ પૂરૂ થતાં દેહ છોડીને જવાની આ પ્રક્રિયા ને લૌકિક વ્યવહારની ભાષામાં મૃત્યુ કહેવાય છે. "મરી ગયા," "મરણ પામ્યા," "મૃત્યુ થયું," "સ્વર્ગવાસ થયો" ઇત્યાદિ અનેક શબ્દપ્રયોગોથી ભાષાનો વ્યવહાર થાય છે, પરંતુ હકીકતમાં માત્ર દેહ અને આત્માનો વિયોગ થાય છે. બે દ્રવ્યો જે સંયોગ સંબંધથી ભેગા થયા હતા તે ફરીથી છૂટા પડી ગયા છે. વિયોગ થયો છે. નષ્ટ નથી થયા. બન્ને દ્રવ્યો પોતપોતાના સ્વરૂપે નિત્ય-ધ્રુવ અવિનાશી શાશ્વત જ છે. આત્મા આત્મ સ્વરૂપે ધ્રુવ છે. પુદ્ગલ-પરમાણુ સ્વરૂપે શાશ્વત છે. નિત્ય છે. ભલેને મૃત્યુ પછી વિયોગ થયેલા દેહને આગમાં બાળીને ભસ્મ કરી નાખવામાં આવે. એમાં બીજું કંઈ જ નહીં ફક્ત પરમાણુઓની પર્યાય પરિવર્તન થાય છે. ભસ્મને પાણીમાં વહાવી દેવામાં આવે છે, તે પાણીથી ખેતરોમાં ફરીથી ખેતી જાય છે. અનાજ પાકે છે. તે જ અનાજ માણસ ખાય છે. ફરીથી દેહ નિર્માણ થાય છે અને ફરી મૃત્યુ થતાં દેહનો વિયોગ થાય છે. આવી રીતે અનંતાનંતવાર ઉત્પાદ-વ્યયની પ્રક્રિયાથી પર્યાયનું પરિવર્તન થતું જ રહે છે. મૂળ દ્રવ્ય સ્વરૂપે પરમાણુ-પુદ્ગલ દ્રવ્ય સદાકાળ નિત્ય અવિનાશી શાશ્વત રહે છે.

નિગોદાવસ્થાથી જન્મ-મરણ રૂપ સંસાર ચક્રઃ-

નિગોદાવસ્થામાં જીવ જ્યાં એક શ્વાસોચ્છ્વાસ જેટલા અલ્પકાળમાં સાડા સત્તરવાર (૧૭ાા વાર) જન્મ લે છે અને મરે છે. સત્તરમી વખત મૃત્યુ પામ્યા પછી જન્મ

૧૮મી વખત લઈ લે છે, પરંતુ મૃત્યુ પામવા પહેલાં એક શ્વાસોચ્છ્વાસનો કાળ પૂરો થઈ જવાના કારણે સાડા સત્તર વાર એમ કહેવાય છે. આવી આ નિગોદાવસ્થામાં જ અનંતા જન્મ-મરણો થઈ જાય છે. ત્યાર પછી નિગોદાવસ્થામાંથી બહાર નીકળવાનો અવસર આવે છે. સ્થૂલ કક્ષાની બહાર સાધારણ વનસ્પતિકાયમાં જીવ આવે છે. પછી પ્રત્યેક વનસ્પતિ કાયમાં જીવ આવે છે. અપ્કાયમાં, વાયુકાયમાં, પૃથ્વીકાયમાં અગ્નિકાયમાં જીવ જન્મ-મરણ ધારણ કરે છે. આવી રીતે એકેન્દ્રિયધારક દેહવાળી પર્યાયમાં જ અનંતા ભવો-અર્થાત્ અનંત જન્મ-મરણો થઈ જાય છે. ત્યાર પછી વિકલેન્દ્રિયના બે, ત્રણ, ચાર ઇન્દ્રિયવાળા જન્મોમાં જીવ પરિભ્રમણ કરે છે. અનંતા જન્મ-મરણો થાય છે-ત્યાર પછી પંચેન્દ્રિય પર્યાયમાં આવે છે. તિર્યંચ ગતિમાં પંચેન્દ્રિય પર્યાયમાં જીવ પરિભ્રમણ કરે છે. ચારેય ગતિઓમાં પંચેન્દ્રિય પર્યાય છે. એમાં જન્મ-મરણો ધારણ કરતાં-કરતાં પરિભ્રમણ કરે છે. એમાં ફરી પાછા પંચેન્દ્રિયમાંથી નીચે ઊતરતાં ચઉરિન્દ્રિય-તેઇન્દ્રિયમાં, બેઇન્દ્રિયમાં અને ક્રમે એકેન્દ્રિયમાં પણ જીવ જઈ આવે છે. આ રીતે ઊંધા ક્રમે નીચે પડી ફરી પાછા ઉપર ચઢી પંચેન્દ્રિય સુધી આવતા જીવ અનંત જન્મ-મરણની યાત્રા લંબાવી લે છે. આ રીતે અંતિમ મનુષ્ય જન્મ સુધી પહોંચવા અનંતાનંત જન્મ-મરણની સંસારી યાત્રા કરવી પડે છે.

અસંખ્ય પ્રદેશી પિંડ સ્વરૂપ ચેતનાત્મા દ્રવ્ય સ્વરૂપે અનાદિ અનંતકાલીન શાશ્વત ત્રિકાળ નિત્ય અવિનાશી દ્રવ્ય છે, માટે અનંતવાર જન્મ-મરણ ધારણ કરવા છતાં આત્મા નષ્ટ નથી થતો. શરીર તો વિનાશી પુદ્ગલ દ્રવ્યના પરમાણુઓના સંયોજન-સંમિશ્રણથી બનાવેલું છે. તે શરીર ધારણ કરવાની-પ્રક્રિયાને જન્મ એવી સંજ્ઞા અને વિયોગ થતાં જીવાત્મા શરીર છોડે તેને મૃત્યુ સંજ્ઞા આપવામાં આવી છે. પુદ્ગલ-પરમાણુ દ્રવ્ય છે જ વિનાશી, માટે તેમાં સંઘાત-વિઘાત થતા જ રહે છે. પરમાણુઓ વિખરાય છે અને કાળાન્તરે ફરી સંઘાતની પ્રક્રિયામાં સંયોગમાં જોડાય છે. પરમાણુ પણ ધ્રુવ નિત્ય છે. સર્વથા લુપ્ત-નષ્ટ નથી થતા. તેમાં સંઘાત-વિઘાત ની પ્રક્રિયા નૈસર્ગિક રીતે તથા જીવકૃત પણ થતી જ રહે છે.

હા... ગુણસ્વરૂપને જ નુકસાન થાય છે. કર્મના આવરણના કારણે ગુણો ઢંકાઈ જાય છે. યાદ રાખવા જેવી વાત સ્પષ્ટ છે કે ગુણોનું અસ્તિત્વ પણ ત્રિકાળ-નિત્ય શાશ્વત જ છે. ગુણોનો આધાર દ્રવ્ય છે માટે આધારાધેયભાવ સંબંધી ગુણો ચેતનાત્મ દ્રવ્ય સાથે અવિનાભાવે સદાકાળ બન્યા રહે છે. ગુણ વગરનો દ્રવ્ય ક્યારેય થતો નથી, એવી જ રીતે દ્રવ્ય ગુણરહિત નથી રહેતો, દ્રવ્ય એક જ આત્મા છે, જ્યારે ગુણો અનંતા છે. અનંતા ગુણોનો આધાર એક આત્મદ્રવ્ય છે. અસ્તિત્વની દૃષ્ટિએ અનંતા ગુણો એક આત્મદ્રવ્યમાં અનાદિ-અનંતકાળથી રહે છે, માટે ગુણો નષ્ટ નથી થતા. સમૂળ-સંપૂર્ણ-સર્વથા ગુણો નષ્ટ થવાની કોઈ જ સંભાવના ક્યારેય નથી રહેતી. હા... ગુણો કર્માવરણના કારણે

આવરાય છે-ઢંકાઈ જાય છે. કર્માવરણ સૂર્ય ઉપર આવતાં વાદળો જેવા છે. વાદળો આચ્છાદન-ઢાંકણા જેવા છે. જેમ ઘનઘોર કાળાં વાદળાઓ સૂર્યને ઢાંકી દે છે. સૂર્યપ્રકાશ આવરાઈ-ઢંકાઈ જાય છે. પરંતુ વાદળો ખસી જતાં ફરીથી સૂર્યપ્રકાશ પ્રસરે છે-એવી જ રીતે ચેતનાત્મા અને કર્મોનો સંબંધ છે.

મુક્તિના ભેદો :-

દ્રવ્યમુક્તિ, ક્ષેત્રમુક્તિ, ગુણમુક્તિ આદિ મુક્તિના પણ ઘણાં પ્રકાર થાય છે. અલગ-અલગ નયથી અલગ અલગ રીતે વિચાર કરવાથી તે તે હેતુઓ સ્પષ્ટ થાય છે.

દ્રવ્યમુક્તિ :- ચેતનાત્મ દ્રવ્ય-સ્વથી સર્વથા ભિન્ન અચેતન જડ પદાર્થના બંધનથી સર્વથા-સંપૂર્ણ મુક્ત થઈ જાય તેને દ્રવ્યમુક્તિ કહેવાય છે. કર્મ કાર્મણ વર્ગણાના પરમાણુઓથી બનેલું હોય છે. કાર્મણ વર્ગણા અજીવ પદાર્થ પુદ્ગલના પરમાણુઓના જથ્થા રૂપે છે. તેને આશ્રવ રૂપે ગ્રહણ કરીને જીવ તેને સ્વાત્મ પ્રદેશો સાથે એકરસી ભાવથી બંધન પ્રક્રિયા વડે બાંધી લે છે. ત્યારે કર્મ બને છે. આત્માના ગુણાનુસાર તેના અભિધાનો નક્કી થાય છે. એવા મૂળ પ્રકૃતિ રૂપ ૮ કર્મો અને તેની અવાન્તર ૧૫૮ ઉત્તર પ્રકૃત્તિઓથી ચેતન એવો અનંત શક્તિમાન આત્મા બંધાયેલો રહે છે. અનાદિ-અનંત કાળથી અચેતન-અજીવ-જડ એવા સ્વથી પર-ભિન્ન દ્રવ્ય પુદ્ગલના પરમાણુઓ વડે બંધાયેલો આત્મા સર્વથા મુક્ત થઈને અલગ થઈ જાય તેને દ્રવ્યમુક્તિ કહેવાય છે.

''**कर्म मुक्ति किल मुक्तिरेव**''આ નિયમાનુસાર સાચી મુક્તિ તો તે જ છે જ્યારે જીવાત્મા કાર્મણ વર્ગણાના સંબંધથી સર્વથા સંપૂર્ણપણે મુક્ત થઈ જાય. આ દ્રવ્યમુક્તિ છે. બન્ને દ્રવ્યનો સર્વથા સંપૂર્ણ વિયોગ થવો તે જ દ્રવ્યમુક્તિ છે. અનંતાકાળે-અનંતાભવે મુક્ત થયા પછી અનંતાકાળે ફરી પાછો ક્યારેય તે અજીવ જડ પુદ્ગલ દ્રવ્યનો સંગ પણ કરતો નથી. સર્વથા સપૂર્ણપણે ભિન્ન-જુદો સ્વતંત્ર સ્વદ્રવ્ય સ્વરૂપે જ અનંતકાળ સુધી રહે છે.

ક્ષેત્રમુક્તિ:- સકર્મી-કર્મબદ્ધ સદેહી જીવો ચૌદ રાજલોકના ત્રણેય ભુવનમાં-ત્રણેય લોકમાં સર્વત્ર જન્મ-મરણ રૂપ સંસારચક્રમાં પરિભ્રમણ કરતા જ રહે છે. સંસારી જીવોનું ક્ષેત્ર ઘણું વ્યાપક છે. આવા વ્યાપક ક્ષેત્રમાં જીવો ક્યાંય...કોઈ પણ ક્ષેત્રે સ્થિર થઈ શકતા જ નથી. સ્થિર રહી પણ શકતા જ નથી.બધે જ અસ્થિરતાનું સામ્રાજ્ય ફેલાયેલું છે તેનું સૌથી મોટુ કારણ જીવે પોતે કરેલા કર્મો છે. કર્મોના કારણે ચૌદ રાજલોક સ્વરુપ સંપૂર્ણ વિશ્વમાં એવી કોઇ જાતિ બાકી નથી, કોઈ એવી યોનિ નથી, કોઈ એવું કુલ નથી, એવું કોઈ સ્થાન નથી જ્યાં જીવોએ અનંતવાર જન્મ ધારણ ન કર્યા હોય અને મર્યા ન હોય. આવી સ્થિતિ છે કર્મગ્રસ્ત જીવોની.

જ્યારે મુક્તાત્મા સર્વ કર્મની સર્વથા સંપૂર્ણપણે મુક્ત થાય છે ત્યારે સદેહી-સશરીરી જીવ સદાના માટે સંપૂર્ણપણે દેહથી મુક્ત થાય છે.જ્યારે નિર્વાણ વખતે અન્તિમવાર મૃત્યુ થાય છે ત્યારે મુક્તાત્મા એક જ સમયમાં સીધો સાત રાજલોક પાર કરીને લોકાન્તે પહોંચે છે. જાણે બંદૂકમાંથી ગોળી ન છુટી હોય !, અથવા ધનુષ્ય ઉપરથી તીર ન છૂટ્યું હોય ! એવી તીવ્રતમ ગતિએ લોકાન્ત પ્રદેશે પહોંચીને સ્થિર થાય છે. લોકાન્તના આકાશ પ્રદેશે અનન્તકાળ સુધી અચલ-અટલ રહે છે, ત્યાંથી બીજે ક્યાંય-કોઈ ક્ષેત્રમાં જવાનું નથી. ક્ષેત્રાન્તર કે પ્રદેશાન્તર પણ કરવાનું નથી આવા પ્રકારની મુક્તિ તે ક્ષેત્ર મુક્તિ.

ગુણમુક્તિ :- ચેતનાત્માના પોતાના મૂળભૂત ગુણો અનંતા છે. અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર, અનંતવીર્ય, અનંત સુખ-અનંતાનંદ, અનંતસમતા, ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ, દયા, કરૂણા, ગંભીરતા, ધીરજ આદિ અનંતા ગુણો, બધા જ અનંત સ્વરૂપે હોય છે. ગુણ-ગુણીનો અભેદ સંબંધ હોય છે. 'ગુણપર્યાયવદ્ દ્રવ્યં' નિયમના આધારે ગુણ અને પર્યાયવાળો જ દ્રવ્ય હોય છે. માટે સ્પષ્ટ થાય છે કે ગુણો ક્યારેય બહારથી આવતા નથી. સ્વના જ હોવાના કારણે ચેતનાત્મા સદાકાળ જ્ઞાન-દર્શનાદિ ગુણમય જ હોય છે. ગુણરહિત દ્રવ્ય કે દ્રવ્યરહિત ગુણ આ કલ્પના જ સંભવતી નથી. સ્વયંના પોતાના મૂળભૂત મૌલિક ગુણો હોવાથી પોતાના ગુણો સ્વથી બીજા ભિન્ન દ્રવ્યમાં નથી હોતા તેમ જ બીજા ભિન્ન દ્રવ્યના ગુણો પોતામાં નથી આવતા. નિયમ જ એવો છે કે એક દ્રવ્યના ગુણો બીજા દ્રવ્યમાં સંક્રમિત નથી થતા.

જીવાત્મા અને કર્મનો સંયોગ અનાદિકાલીન છે. નવ તત્ત્વોમાં જીવ અને અજીવ આ બે જ દ્રવ્ય છે. અજીવ દ્રવ્યમાં પુદ્ગલ એક જુદું જ દ્રવ્ય છે. તેની પર્યાયરૂપે જે પરમાણુઓ છે અને પરમાણુઓની જે આઠ વર્ગણાઓ છે, તેમાં છેલ્લી આઠમી કાર્મણ વર્ગણા છે તેનો ઉપયોગ કર્મ બાંધવા માટે થાય છે. એ રીતે આ બે દ્રવ્યો એકબીજા સાથે જોડાયેલા-સંકળાયેલા છે. આ બન્નેના સંબંધમાંથી જ્યારે જ્યારે નિર્જરા થાય છે ત્યારે ત્યારે થોડા-થોડા પ્રમાણમાં કાર્મણ વર્ગણાના પરમાણુઓ છૂટા પડતા જાય છે. આ રીતે થોડો થોડો વિયોગ થતો જાય છે, પરંતુ સકર્મીજીવની આશ્રવક્રિયા પ્રવૃત્તિ પર નિરંતર થતી જ રહેતી હોવાથી ફરી ફરી નવી નવી કાર્મણ વર્ગણાના પરમાણુઓનો જથ્થો ફરી ફરી આત્મપ્રદેશોમાં પ્રવેશતો જ હોય છે. ફરી ફરી જીવાત્મા નવી નવી કાર્મણ વર્ગણાઓથી બંધ-સંબંધથી બંધાતો જ જાય છે, પરંતુ સર્વથા મુક્ત થતો જ નથી.

કાર્મણ વર્ગણાઓના પરમાણુઓનો જથ્થો જે કર્મરૂપે પરિણમ્યો છે તેના બંધનમાંથી જીવાત્મા સંપૂર્ણપણે મુક્ત થાય તો જ દેહાદિ બીજા સર્વ નિમિત્તોથી પણ મુક્ત થઈ શકે. દેહાદિ પણ અજીવ પુદ્ગલ દ્રવ્યના સંયોગ સંબંધથી જ થયેલા છે. દેહ નિર્મિતી પણ કર્માધીન છે. માટે પ્રથમ કર્મક્ષય થશે, કર્મમુક્તિ થશે પછી જ દેહમુક્તિ થશે.

કાર્મણ વર્ગણાના પરિણામથી બનેલાં કર્મોએ આત્માના જ્ઞાન-દર્શનાદિ સમસ્ત ગુણોને ઢાંકી દીધા છે. આવરી લીધા છે અને આવરણથી ગુણો દુર્ગુણો -દોષો રૂપે પ્રગટ થાય છે, જેમ તડકાની સામે ભીંત આવી જવાથી પાછલી બાજુ છાયા આવી જાય છે. તડકાનો પૂર્ણ પ્રકાશ ક્યાં...અને છાયામાં પ્રકાશની ઉણપ ક્યાં ? આવી જ રીતે જ્ઞાન-અજ્ઞાનરૂપે, સુખ-દુ:ખરૂપે, અક્ષયપણું-જન્મ-મરણ રૂપે, અગુરૂ લઘુ, ગુરૂ લઘુરૂપે આનંદ વિષાદ વેદના રૂપે પરિણમે છે. તે જ ગુણો કર્માવરણના ખસી જવાથી-ક્ષય થઈ જવાથી સર્વથા સંપૂર્ણપણે અથવા આંશિક રૂપે પ્રગટ થાય છે. આ પ્રક્રિયાને ગ્રહણના દાખલાથી બહુ સહેલાઇથી સમજી શકાય છે. સૂર્ય આકાશમાં પૂર્ણપણે પ્રગટ થઈને સર્વત્ર પ્રકાશ પાથરે છે,પરંતુ રાહુનું વિમાન સામે આવીને ધીરે ધીરે સૂર્યને જેમ જેમ ઢાકે છે, તેમ તેમ પ્રકાશ પણ આવરાતો જાય છે અને એવો કેન્દ્રબિન્દુ આવે છે જ્યારે સંપૂર્ણ સૂર્ય રાહુથી ઢંકાઈ જાય છે. કંકણાકૃતિ વખતે ધોળા દિવસે અંધારૂં છવાઈ જાય છે. આવું જ જીવાત્મા ઉપર કર્મના કારણે થાય છે. આત્માના ગુણો ઢંકાઈ-આવરાઈ જાય છે. પછી જેમ જેમ રાહુનું વિમાન ખસતું જાય છે તેમ તેમ સૂર્યપ્રકાશ વધતો જાય છે, એવી જ રીતે જેમ જેમ નિર્જરા-કર્મક્ષય થતો જાય તેમ તેમ ગુણો પ્રગટ થતા જાય છે. અનંતાકાળમાં થતા અનંતાભવોમાં આંશિક-અંશે-અંશે નિર્જરા થઈ...થતી રહી...જેથી અંશે-અંશે ગુણો પણ પ્રગટ થયા. પરંતુ યાદ રાખો નિર્જરા કાયમી નથી હોતી. કારણકે ફરી પાછો કર્મબંધ થવાથી ગુણો ઢંકાય જાય છે. જ્યારે સર્વાંશ-સર્વથા-સંપૂર્ણપણે કર્મક્ષય થઈ જાય તો પછી ફરીથી કર્મબંધ નથી થતો અને બધા ગુણો પણ પૂર્ણ-સંપૂર્ણપણે પ્રગટ થઈ જાય છે. બસ, એનું જ નામ ગુણમુક્તિ છે. ગુણોનું પૂર્ણ-સંપૂર્ણ સ્વરૂપ જ અનંત સ્વરૂપે છે. તેથી જ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતવીર્ય, અનંત સુખ, અનંત આનંદ આદિ બધા જ ગુણો અનંત સ્વરૂપે પ્રગટ થાય છે. આને કહેવાય છે ગુણમુક્તિ. આવી ગુણમુક્તિ થયા પછી ફરીથી ગુણો કર્માવરણથી નથી આવરાતા. કારણ ફરી કોઈ કર્મ બંધાતાં જ નથી.

કર્મો આત્માના ગુણોનું અસ્તિત્વ નષ્ટ નથી કરતા. ગુણોની સત્તાને સર્વથા લુપ્ત નથી કરતા. કર્મો આચ્છાદન રૂપે-ઢાંકણા જેવા છે. તેથી તે માત્ર આવરી શકે છે. ઢાંકી શકે છે. નષ્ટ નથી કરી શકતાં. આ આંતરીક સત્ય સમજીને દરેક સાધકે કર્મોનો ક્ષય કરાવી આપે એવો નિર્જરાકારક-નિર્જરાલક્ષી ધર્મ કરવો જોઇએ, જેથી કર્મો ક્ષીણ થતાં થતાં એક દિવસે આંશિકના બદલે સંપૂર્ણ નિર્જરા થતાં સર્વ કર્મોનો ક્ષય થઈ જતાં જ્ઞાન-દર્શનાદિ બધા જ ગુણો અનંત સ્વરૂપે પ્રગટ થઈ જશે. આ છે ગુણમુક્તિનું સ્વરૂપ.

કાળમુક્તિ :- કાળ સ્વયં દ્રવ્ય નથી. સ્વતંત્ર દ્રવ્ય નથી. અસ્તિકાયાત્મક નથી માટે અસ્તિકાયાત્મક દ્રવ્ય નથી. કાળ વ્યવહાર પ્રધાન છે. ભૂત-વર્તમાન-ભવિષ્ય એવો વ્યવહાર કાળ વડે થાય છે. આકાશ-ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય આ ત્રણેય દ્રવ્યોને

કાળનો કોઈ વ્યવહાર લાગુ પડતો જ નથી. આત્મદ્રવ્ય પણ અકાળ-કાળાતીત છે. એના કારણે દ્રવ્ય સ્વરૂપનો વ્યવહાર કાળમાં થતો નથી. દ્રવ્ય અને ગુણની કર્માધીન પર્યાયોમાં સતત પરિવર્તન થતું જ રહે છે. તેથી પર્યાયોનો વ્યવહાર કાળગણનાના વ્યવહારમાં આવે છે. દા.ત. સકર્મીઆત્મા દેહની રચના કરે છે, તેમાં જીવન જીવે છે, અને આયુષ્ય કર્મની સમાપ્તિ પછી દેહત્યાગ કરીને બીજી ગતિમાં જાય છે. આ રીતે એક ભવ (જન્મ) થયો. આ ભવને કાળના વ્યવહારમાં કાળથી માપીને ૧૦૦,૨૦૦,૨૫૦ વર્ષનો એક ભવ થયો એવો વ્યવહાર થાય છે. આવી રીતે અનંતાનંત જન્મ-મરણો થાય છે, થતાં જ રહે છે.

ચેતનાત્માના મૂળભૂત ગુણો દ્રવ્યની સાથે અભિન્ન હોય છે. ગુણ-ગુણીનો ક્યારેય ભેદ થતો નથી. તેને ક્યારેય કાળ લાગતો નથી અર્થાત જૂના-નવા તથા નાના-મોટાનો વ્યવહાર થતો નથી. માટે તેને કાળના વ્યવહારમાં બાંધી શકાતા નથી, પરંતુ સંસારચક્રમાં પરિભ્રમણ કરતા જીવો મિથ્યાત્વાદિ કર્મબંધના હેતુઓ વડે ગુણોથી વિપરીત આચરણ કરે છે, ત્યારે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલ પરમાણુઓનો આશ્રવ-કર્મબંધ થતા કર્માવરણના કારણે ગુણો આચ્છાદિત થાય છે. હવે આ ગુણો કેટલા કાળ સુધી આચ્છાદિત રહેશે? કેટલા પ્રમાણમાં આચ્છાદિત રહેશે? આત્માના ગુણો ફરી ક્યારે પ્રગટ થશે? આ બધી વિચારણા કાળ સાપેક્ષ છે. કાળના વ્યવહાર વગર આશ્રવ, બંધ, સત્તા અને ઉદયનો કાળ નક્કી નહીં થાય. આમ આત્મદ્રવ્ય અને ગુણો અકાળ હોવા છતાં પણ સંસારી પર્યાયમાં કાળના વ્યવહારથી બંધાયેલા છે. દા.ત. ભારે જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય બન્ને કર્મો સાથે ઉદયમાં આવતા કોઇ જીવવિશેષને ગાંડપણ અથવા મતિમંદતા આદિ પ્રાપ્ત થાય છે. જેટલો કાળ તેના કારણીભૂત કર્મનો ઉદય રહેશે તેટલા કાળ સુધી જ્ઞાન ગુણ આચ્છાદિત રહેશે અને ગાંડપણની અવસ્થા રહેશે. અને પુરુષાર્થવિશેષે અથવા કાળની પરિપક્વતા ના કારણે તે કર્મ ક્ષય-નષ્ટ થઇ જતા ગાંડપણ દૂર થશે. મતિમંદતા દૂર થશે અને ગુણોનો પ્રાદુર્ભાવ થશે. આ બધી પ્રક્રિયા કોઈને કોઈ કાળમાં જ થાય છે. આ રીતે આત્મદ્રવ્યની પર્યાયો બદલાતી રહે છે.

આ બન્ને પર્યાયો કાળગણનાના વ્યવહારમાં આવે છે, પરંતુ બન્ને પર્યાયોમાં દ્રવ્ય સ્વરૂપ અખંડ રહે છે. તેને કંઈ જ ફરક નથી પડતો. માટે તે કાળાતીત-અકાળ છે. જેમ દ્રવ્ય સ્વરૂપે આત્માનું અસ્તિત્વ ત્રિકાળનિત્ય-અનાદ્યનંત હોવાથી કાળાતીત છે. તેમ ગુણો પણ સત્તાગત સ્વરૂપે દ્રવ્યની સાથે અભેદ સ્વરૂપે રહેતા હોવાથી તે પણ ત્રૈકાલિક અનાદ્યનંતકાલીન અસ્તિત્વ ધરાવતા હોવાથી કાળાતીત-અકાળ છે. માત્ર કર્માવરણાવસ્થાની પર્યાયમાં ગુણો ઓછા-વત્તા અંશે પ્રગટ થતા હોય છે અને આવરાયેલા રહેતા હોય છે, એવી ક્ષયોપશમાવસ્થાની પર્યાયમાં જ કાળનો વ્યવહાર થાય છે. માટે ગુણો બધા જ સત્તાગત સ્વરૂપે ત્રણેય કાળમાં સમાન સ્વરૂપે અસ્તિત્વ ધરાવતા હોવાથી, અનંત ભૂતકાળમાં બધા જ ગુણો હતા, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેવાના જ છે.

અસ્તિત્વનો સર્વથા સંપૂર્ણ લોપ કોઈ પણ કાળે સંભવ જ નથી. દ્રવ્યની સાથે જ ગુણો પણ સમાંતર સ્વરૂપે સમાન અસ્તિત્વ ધરાવે છે. તેથી ધ્રુવ છે. ત્રિકાળ નિત્ય શાશ્વત છે.

માત્ર ગુણોની પર્યાયમાં ન્યૂનાધિકતાપણું કર્માવરણના કારણે છે. કર્માવરણ અર્થાત કર્મોનું આચ્છાદન. જેમ તાંબાના ઘડા ઉપર કાચી મલમલનું કપડું ઢાંકવામાં આવે તો ઘડાની લાલાશ ઝાંખી દેખાય છે. જેમ-જેમ એક ઉપર બીજું, બીજા ઉપર ત્રીજું એમ આવરણો વધારતા જવાથી ઘડાની લાલાશ વધારે ને વધારે ઢંકાતી જાય છે તેમ જ આત્મદ્રવ્ય ઉપર કર્મના થરો જામતા જ જાય છે. થર જેટલા જાડા-પાતળા તેટલા ગુણો ઓછા-વત્તા પ્રમાણમાં પ્રગટ થશે. આમ કર્મના ક્ષયોપશમવાળી અવસ્થાવિશેષ પર્યાય તે સકર્મીપર્યાય છે.

કર્મ, ચેતનાત્માથી, સ્વગુણોથી સર્વથા ભિન્ન સર્વથા વિપરીત ગુણધર્મ ધરાવનાર અચેતન-જડ પદાર્થના પુદ્ગલ પરમાણુના સંયોજનથી નિર્મિત છે. કાર્મણ વર્ગણાથી બનેલા કર્મોનું આવરણ ચેતનાત્મા ઉપર ક્યારે આવ્યું? આશ્રવ ક્યારે થયો? બંધ ક્યારે થયો? નિર્જરા ક્યારે થઇ? ઉદયમાં ક્યારે આવ્યું? ઉદીરણા ક્યારે થઈ? ઇત્યાદિ સર્વ વ્યવહાર કાળમાં થતો હોવાથી આત્મગુણોની આ પર્યાય પરિવર્તન સ્થિતિ કાલિક છે. અનાદિ કાળથી જીવાત્મા સંસારી સકર્મીઅને સદેહી પર્યાયમાં છે, વર્તમાનકાળમાં પણ સંસારમાં સકર્મીપર્યાયમાં જ છે. ભવિષ્યકાળમાં જ્યારે કર્મનો સમૂળ-સંપૂર્ણ ક્ષય કરશે ત્યારે અકર્મીપર્યાયાવસ્થામાં સ્થિર થશે. કર્મ રહિત અકર્મી-નિરાવરણાવસ્થામાં સર્વ ગુણોં અનન્ત સ્વરુપે પ્રગટ થશે. ત્યારે આત્મ દ્રવ્યની મુક્ત પર્યાય કહેવાશે. આવી મુક્ત પર્યાયની આદિ થશે પણ અનન્તાકાળ સુધી અંત વગરની રહેશે. સાદિ-અનંત ભાંગે કાળથી મુક્ત બને છે આ છે કાળમુક્તિ.

પુદ્ગલ દ્રવ્યને કે તેના પરમાણુઓને મુક્ત થવાનો પ્રશ્ન જ નથી. માટે તેનો પર્યાય પરિવર્તનનો ક્રમ પણ અટકવાનો સવાલ જ ઊભો થતો નથી. માટે પુદ્ગલ દ્રવ્યની પર્યાયોનું પરિવર્તન અનંતાનંત કાળ સુધી ચાલ્યા જ કરશે.

કર્તા જીવ છે. કાળ કર્તા નથી. કાળ તો માત્ર વર્તના લક્ષણવાળો જ છે. જૂના-નવાપણું, નાના-મોટાપણું કાળમાપક માનદંડો છે.

૪ પ્રકારની કાળસ્થિતિ છે : —

(૧) અનાદિ અનંત (૨) અનાદિ સાંત (૩) સાદિ સાંત (૪) સાદિ અનંત.

અનાદિ અનંત સ્થિતિ : અભવ્ય-દુર્ભવ્ય જીવોની સ્થિતિ સંસારમાં અનાદિ અનંતની છે. પુદ્ગલ-પરમાણુની પર્યાયો પણ અનાદિ અનંતકાળ સુધી સદાકાળ પરિવર્તન પામતી જ રહેશે. પંચાસ્તિકાય દ્રવ્યોના ગુણોનું અસ્તિત્વ પણ અનાદિ અનંતકાલીન છે.

આ અનાદિ-અનંતકાલીન સ્થિતિના કારણે જ ધ્રુવપણું છે.

અનાદિ સાંત સ્થિતિ :- જે અનાદિકાળથી છે, છતાં પણ ક્યારેક તેનો અંત થાય છે. એવી આ અનાદિ સાંત સ્થિતિ-ભવ્ય જીવના મિથ્યાત્વની છે. નિગોદાવસ્થાથી જ અવ્યક્ત મિથ્યાત્વની સ્થિતિ હતી તે નિગોદમાંથી બહાર નીકળ્યા પછી સંસારચક્રમાં પરિભ્રમણ કરતો કરતો મનુષ્ય પર્યાયમાં પહોંચીને સમ્યકત્વ પામે ત્યારે તે મિથ્યાત્વનો અંત થઈ જાય છે. એવી જ રીતે જીવની નિગોદ પર્યાય જે અનાદિથી હતી તેનો પણ એક દિવસ અંત આવે છે અને જીવ નિગોદમાંથી બહાર નીકળી આગળ વધે છે. અભવ્ય જાતિભવ્ય, દુર્ભવ્ય જીવો પણ નિગોદ પર્યાયમાંથી બહાર નીકળીને આગળ તો વધે જ છે. નિગોદમાંથી બહાર નીકળવા વગેરે બાબતમાં મિથ્યાત્વ આડે નથી આવતું. સમ્યકત્વ અહીંયાં જરૂરી નથી.

આત્મા ઉપર લાગેલા બધા કર્મોની સ્થિતિ અનાદિ સાંત છે. અનાદિકાળથી કર્મોનો સંગ આત્માની સાથે છે, પરંતુ સાંત કક્ષાની હોવાથી એક દિવસ નષ્ટ થાય છે. નિર્જરા થાય છે. ભવ્ય જીવની સંસારી પર્યાય પણ અનાદિ સાંત કક્ષાની છે. તેથી જ કર્મ સંબંધ સદાના માટે તૂટવાથી-છૂટવાથી મુક્તિ થાય છે.

સાદિ સાંત સ્થિતિ :- જેની શરૂઆત છે અને પાછો અંત પણ થઈ જાય છે, એવી સ્થિતિને સાદિ સાંત કહેવાય છે. અનંતાનંત સંસારી જીવોની બધી જ પર્યાયો સાદિ સાંત કક્ષાની છે.

દ્રવ્યનું અનાદિ અનંત સ્વરૂપ હોવાથી જ ધ્રુવ-ત્રિકાળનિત્ય છે. જ્યારે પર્યાયો પરિવર્તનશીલ છે. પર્યાયો સાદિ સાંત હોવાથી જ પરિવર્તન થાય છે. બદલાતી જ રહે છે, સંસારમાં જીવોના ભેદ ૫ ૬ ૩ થાય છે. તે બધી જીવની પર્યાયોમાંથી એક પણ પર્યાય નિત્ય નથી. એક પણ પર્યાયમાં જીવ અનંતકાળ સુધી રહી શકે જ નહીં. સંસારમાં દેવગતી અને નરકગતિમાં છેલ્લામાં છેલ્લી આયુષ્યની કાળસ્થિતિ ૩૩ સાગરોપમની છે. બસ, તે સમાપ્ત થતાં જીવોને મૃત્યુ પામીને ફરી બીજે જવું જ પડે છે, માટે દેવતાઓ પણ સ્વર્ગમાં સદાના માટે નિત્ય રહેતા નથી.

ઔપશમિક-ક્ષાયોપશમિક સમ્યક્ત્વ સુદ્ધાં સાદિ-સાંત કક્ષાનું છે. મિથ્યાત્વના ઉપશમન અને ક્ષયોપશમથી પ્રાપ્ત થતું સમ્યક્ત્વ પણ જઈ શકે છે. નિત્ય નથી. મિથ્યાત્વના જવાથી પ્રાપ્ત થાય છે માટે સાદિ અને ફરી જતું રહે તેથી સાંતની કક્ષા છે.

આઠેય કર્મોની બધી જ પ્રકૃત્તિઓનો આત્માની સાથેનો બંધ-સંબંધ સાદિ સાંત છે. રોજેરોજ દર સમયે-સમયે થતો કર્મપ્રકૃત્તિનો બંધ સાદિ છે. બંધની શરૂઆત છે અને સ્થિતિબંધ પૂરો થતાં કર્મક્ષય થઈ જવાથી ફરીથી તે કર્મ પ્રકૃત્તિનો અંત આવી જવાથી સાંત

કહેવાય છે. આ રીતે કર્મ પ્રકૃત્તિઓની સ્થિતિ સાદિ સાંતની કક્ષાની છે. જ્યારે પ્રવાહથી કર્મનો બંધ-સંબંધ સંસારી જીવાત્મા સાથે અનાદિ સાંતની કક્ષાનો છે. તેથી જ વીતેલા અનંતકાળમાં પણ જીવ સંસારમાં એક સમય માટે પણ કર્મરહિત નહોતો. કર્મોનો બંધ અને નિર્જરા થતી જ રહે છે. માટે એક પણ કર્મપ્રકૃત્તિ જીવાત્મા સાથે અનાદિ અનંત નથી. હા કર્મતત્ત્વ, કર્મસંજ્ઞાનું અસ્તિત્વ સંસારમાં અનાદિ અનંતકાલીન છે. અભવ્ય-દુર્ભવ્યાદિ જીવોની સાથે પ્રવાહથી કર્મ સંબંધ તેમના જીવો સાથે અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેશે. તેથી જ તેમની મુક્તિ નથી થતી. જ્યારે ભવ્યાત્માઓ સાથે આ જ કર્મ સંબંધ સાદિ સાંતની કક્ષાનો છે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્થિતિ મિથ્યાત્વ મોહનીય કર્મની ૭૦ કોડા-કોડી સાગરોપમની છે. બસ, એનાથી વધુ સ્થિતિ બીજા એક પણ કર્મની નથી. તેથી કાળસ્થિતિ સાદિ સાંત જ છે, પરંતુ સમ્યગ્દર્શન ન પામે ત્યાં સુધી મિથ્યાત્વની કર્મ પ્રકૃત્તિ પ્રવાહથી અનાદિકાલીન છે. એક વખત બાંધેલુ મિથ્યાત્વ મોહનીય કર્મ ૭૦ કોડાકોડી સા. સુધી આત્મા સાથે રહે છે. આટલા લાંબા કાળમાં આવા મિથ્યાત્વ મોહનીયનો નવો બંધ તો હજારો વાર થતો જ રહે છે. જીવો કર્મ ખપાવવા કંઈ જ પ્રયત્ન ન પણ કરે તો પણ જે કર્મની કાળસ્થિતિ પરિપક્વ થઈ ગઈ હોય તે ઉદયમાં આવીને પોતાનો વિપાક દેખાડીને સમાપ્ત થઈ જાય છે.

સાદિ અનંત સ્થિતિ :- જે સ્થિતિની શરૂઆત છે, પરંતુ ક્યારેય તેનો અંત નથી થતો તેને સાદિ અનંતની સ્થિતિ કહેવાય છે. જીવાત્મા જ્યારે સર્વથા સર્વ કર્મબંધથી મુક્ત થઈ જાય છે ત્યારે સંસારી પર્યાયનો અંત આવી જાય છે અને લોકાન્તે પહોંચી સિદ્ધ-બુદ્ધ-મુક્ત થઈ જાય છે. આ સિદ્ધાવસ્થાની આદિ થાય છે. શરૂઆત થાય છે. જીવાત્મા દ્રવ્ય સ્વરૂપે તે જ છે, જે સંસારી પર્યાયમાં હતો અને નિગોદની પર્યાયમાં હતો. દ્રવ્યથી તે જ આત્મા આજે મોક્ષ પર્યાયમાં છે. આ મોક્ષ પર્યાય શરૂ થાય છે માટે તેની આદિ થાય છે, પરંતુ અનંતકાળે પણ ક્યારેય ફરીથી નવાં કર્મોનો બંધ નથી થતો. માટે સિદ્ધ પર્યાયનો અંત નથી આવતો. માટે સાદિ અનંતકાલીન સિદ્ધ પર્યાય છે. જીવ દ્રવ્ય ધ્રુવ છે. જ્યારે સિદ્ધ પર્યાય છે. આ પર્યાય ત્યાં સાદિ અનંતની કક્ષાની છે.

એવી જ રીતે મિથ્યાત્વી પર્યાયનો ક્ષય-નાશ થવાથી ક્ષાયિક સમ્યક્ત્વની પર્યાય પ્રાપ્ત કરી લે તો તેની પણ સાદિ અનંતની પર્યાય થઈ જાય છે. કારણ કે ક્ષાયિક સમ્યક્ત્વ એકવાર પ્રગટ થઈ જવાથી અનંતકાળ સુધી રહે છે. નષ્ટ નથી થતું, આત્માના બધા જ ક્ષાયિકભાવે પ્રગટ થતા ભાવો સાદિ અનંતની સ્થિતિના જ હોય છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, વીતરાગતા, અનંતવીર્યાદિ બધા જ ગુણો જે જે પ્રગટ થાય છે તે બધા જ ક્ષાયિકની જ કક્ષાના હોય છે અને ક્ષાયિકની કક્ષાના હોવાથી ફરીથી ક્યારેય ક્ષીણ-ક્ષય કે નષ્ટ થતા નથી. તે બધા તે તે કર્મના સંપૂર્ણ ક્ષય થવાથી પ્રગટ થતા હોવાથી તેમની શરૂઆત થાય છે, માટે આદિ છે, પરંતુ ફરીથી અનંતકાળમાં ક્યારેય ક્ષય ન થતા હોવાથી અનંતકાળ

સુધી રહે છે, માટે સંસારી સદેહી પર્યાયમાં જ હોવા છતાં કેવળજ્ઞાન-દર્શનાદિ બધા જ ક્ષાયિક ભાવો પ્રાપ્ત કરીને જીવ સિદ્ધ-બુદ્ધ-મુક્ત બને છે ત્યારે પણ બધા તેની સાથે જ રહે છે. મોક્ષમાં સાથે જાય છે. ત્યાં પણ અનંતકાળ સુધી જીવ સાથે જ રહે છે. માટે તે જીવ મોક્ષમાં પણ કેવળી સર્વજ્ઞ-સર્વદર્શીકહેવાય છે.

આ રીતે દ્રવ્યમુક્તિ, ક્ષેત્રમુક્તિ, કાળમુક્તિ, ગુણમુક્તિ, પર્યાયમુક્તિ વગેરે ઘણી અપેક્ષાઓથી ઘણી રીતે મુક્તિનું સ્વરૂપ વિચારી શકાય છે. જેથી મોક્ષનું સ્વરૂપ વધુ સ્પષ્ટ થાય છે. મુક્તિનું સ્વરૂપ માત્ર કાલ્પનિક નથી. ઉપરથી કેવું વાસ્તવિક છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

**'सिद्धि गई'** સિદ્ધગતિ કેવી છે ? તેનો ખ્યાલ આવે. શક્રસ્તવમાં બતાવેલા **''सिव-मयल-मरुअ-मणन्त-मक्खय-मव्वाबाह-मपुणरावित्ति-सिद्धिगई** આ ૮ વિશેષણો આપીને શાસ્ત્રકાર મહર્ષિઓએ મોક્ષનું-મુક્તિનું સ્વરૂપ વધુ સ્પષ્ટ કર્યું છે. અર્ધમાગધિ (પ્રાકૃત) ભાષામાં આ સૂત્ર છે. સંધિ કરીને ભેગા-સાથે લખાયેલા આ આઠેય શબ્દોની સંધિ થઈ છે. તેથી પાછળનો મ્ આગળના અક્ષરના 'અ' સાથે ભળીને મ થઈ ગયો છે. પરંતુ સંધિ વિચ્છેદ કરીને મ્ છૂટો પાડીને પાછો આગલા શબ્દ સાથે જોડી દઈને 'અ' અલગ પાડીને અવાચી શબ્દ પૂરેપૂરો વાપરવામાં આવે તો સ્પષ્ટ શુદ્ધ શબ્દ બરોબર સામે આવે છે. **१) सिवम्, २) अचल, ३) अरुह, ४) अनंत, ५) अक्षय, ६) अव्याबाह, ७) अपुनरावृत्ति और ८) सिद्धिगति'** આ આઠેય વિશિષ્ટ કક્ષાનાં વિશેષણો અલગ અલગ અપેક્ષાઓથી મોક્ષનું સ્વરૂપ વિસ્તૃત રીતે પુરું પાડે છે.

પાંચ કલ્યાણકોમાં પાંચમું કલ્યાણક નિર્વાણનું જે છે તેનું સ્વરૂપ ઉપરોક્ત આઠ વિશેષણોથી વધુ સ્પષ્ટ થશે. નિર્વાણ પામ્યા એટલે શું પામ્યા ? કેવી સ્થિતિ પામ્યા છે ? એનો સ્પષ્ટ ખ્યાલ આવે છે, માટે નિર્વાણનું સ્વરૂપ માત્ર કાલ્પનિક નથી ઉપરથી કેટલું સુંદર વધુને વધુ વાસ્તવિક છે તેનો ખ્યાલ આવે છે. આના ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે મોક્ષ અથવા નિર્વાણ સર્વથા અકાલ્પનિક છે. નિર્વાણ જેવું કંઈ છે જ નહીં. આવી મિથ્યા અજ્ઞાન મૂલક માન્યતાનું ખંડન થાય છે.

ચેતન આત્માનું અસ્તિત્વ ત્રૈકાલિક શાશ્વત છે. અનંતા ભૂતકાળમાં આત્માનું અસ્તિત્વ હતું. વર્તમાનમાં છે અને અનંત ભવિષ્યકાળમાં પણ આત્માનું દ્રવ્ય સ્વરૂપ અસ્તિત્વ બરોબર બન્યું રહેશે. ભલેને અનંતવાર પર્યાયનું પરિવર્તન થતું જ રહે. માટે સંસારી પર્યાયથી મુક્ત થઈ ગયા બાદ સિદ્ધશીલા ઉપર લોકાન્તે પહોંચેલા સર્વથા કર્મરહિત અકર્મીસિદ્ધાત્મા-મુક્તાત્માની આ પર્યાય હવે પછી સાદિ-અનંતની છે. માટે મુક્ત થયા પછી મોક્ષમાં પણ આત્માનું દ્રવ્યાત્મક અસ્તિત્વ બરોબર બન્યું રહે છે. માટે

મોક્ષ કાલ્પનિક હોઈ જ ન શકે. જો મુક્તાવસ્થાની પર્યાયમાં આત્માનું અસ્તિત્વ જ ન રહેતું હોત તો કાલ્પનિક કહી શકાત, પરંતુ દ્રવ્યનું અસ્તિત્વ ત્રૈકાલિક ધ્રુવ હોવાથી બરોબર અખંડ રહે છે. મુક્તાવસ્થા તો પર્યાય છે. સંસારી પર્યાયમાંથી કર્મરહિત થવાથી, દેહરહિત થવાથી લોકાન્તે સ્થિર થાય છે. તેથી એક પર્યાય પછી બીજી પર્યાય ધારણ કરી છે. માત્ર પર્યાય બદલાણી છે. પર્યાયો તો અનંતી બદલાઈ ગઈ. દ્રવ્ય સ્વરૂપ અખંડપણે બન્યું જ રહે છે. તેથી સર્વ પર્યાયોમાં દ્રવ્ય સ્વરૂપે અસ્તિત્વ એકસરખું રહે છે. અનંતાનંત સંસારી પર્યાયો બદલાતી રહે તો પણ ચેતન જીવાત્માના એક અસંખ્ય પ્રદેશી પિંડ સ્વરૂપમાં અંશમાત્ર પણ ફરક નથી પડતો. અર્થાત્ અસંખ્યમાંથી એક પણ પ્રદેશ નષ્ટ નથી થતો. જો એક પણ પ્રદેશ નષ્ટ થઈ જતો હોત તો... અસંખ્ય જ પ્રદેશો છે. જ્યારે કાળ અનંતાનંત વીતે છે, તે અનંતાનંત કાળ પછી અસ્તિત્વ કંઈ રહેત જ નહીં. પરંતુ દ્રવ્ય સ્વરૂપે ચેતનાત્મા અવિનાશી છે. વિનાશી દ્રવ્યમાં પ્રદેશોનો નાશ સંભવે છે, પરંતુ અવિનાશી દ્રવ્યમાં એક પણ પ્રદેશનું વિનાશ પામવું, નષ્ટ થવું સંભવ જ નથી. આવું દ્રવ્ય સ્વરૂપ કાળાતીત-અકાળ છે. અવિનાશીપણાને કાળ કોઈ અસર નથી પહોંચાડી શકતો. માટે ભલેને અનંતાનંત પર્યાયો બદલાતી રહે તો પણ દ્રવ્ય સ્વરૂપ અસ્તિત્વને ધક્કો નથી લાગતો.

જ્યાં સુધી પર્યાયો પરિવર્તન પામતી હતી ત્યાં સુધી સંસારી પર્યાયમાં હતો. જ્યારે આ પર્યાય પરિવર્તનની પ્રક્રિયા સદાના માટે સર્વથા અટકી જાય છે ત્યારે મુક્તાવસ્થાની પર્યાય પ્રાપ્ત થાય છે. મોક્ષમાં આત્માની અપરિવર્તનશીલ-અર્થાત્ સર્વથા ન બદલાતી એવી સ્થિર-સ્થાયી પર્યાય છે તેને જ મુક્તાત્મા-સિદ્ધાત્મા કહેવાય છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નામથી, સ્થાપનાથી એમ બધી રીતે સ્થિર પર્યાયમાં આવી જાય તેને જ મોક્ષ પર્યાય કહેવાય છે.

મુક્તાત્માના જ્ઞાનાદિ ગુણોમાં ઉત્પાદ - વ્યય :-

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્ આ સિદ્ધાન્તાનુસાર સમસ્ત લોક ક્ષેત્રમાં અનંતાનંત જીવ-અજીવાદિ જ્ઞેય પદાર્થો છે. એ બધામાં ઉત્પાદ-વ્યયાત્મક પરિવર્તનો સદાકાળ-નિરંતર થતા જ રહે છે. પહેલાં ઉત્પાદ પછી વ્યય આમ ઉત્પાદ-વ્યયનું ચક્ર અખંડપણે અવિરત ચાલતું રહે છે. તે અનન્તાનન્ત જ્ઞેય પદાર્થો ના પ્રતિબિમ્બ સ્વરૂપ મુક્તાત્માના અનન્તાનન્ત જ્ઞાન-દર્શનમાં પ્રતિબિમ્બિત થાય છે. જેમ દરીયામાં ભરતી અને ઓટ અખંડપણે ચાલતી જ રહે છે, ભરતીની ઉત્પત્તિ થયા પછી ઓટ સ્વરૂપ વ્યય થાય છે, અને ફરી ભરતીરૂપે ઉત્પાદ અને ઓટરૂપે વ્યય આ રીતે જગતના અનંતાનંત જ્ઞેય પદાર્થોમાં થતા ઉત્પાદ-વ્યયનું પ્રતિબિમ્બ જ્ઞાનગુણમાં દશ્યમાન થતાં જ જ્ઞાન પણ જ્ઞેયાકાર બને છે. આમ જ્ઞેયની ઉત્પત્તિના આધારે જ્ઞાનની પર્યાયમાં પણ પરિવર્તન આવે છે.

આ જ વાતને બીજી રીતે સમજીએ, એક કાલ્પનિક કલ્પના કરીએ કે-એક

શહેરની ઉપર રહેલા ઉપગ્રહ સાથે મોટો આરીસો ગોઠવવામાં આવે, તો તે આરીસામાં આખા મોટા શહેરમાં થતી બધી જ ચહલ-પહલનું પ્રતિબિંબ આરીસામાં ઝીલાતુ રહે. દેખાતુ રહે. શહેરમાં કોઇનો જન્મ થાય છે, કોઇના લગ્ન થાય છે, કોઇનું મરણ થાય છે, અને શ્મશાન યાત્રા નિકળે છે જે કોઇપણ ક્રિયાઓ થઇ રહી છે તેનું પ્રતિબિંબ માત્ર આરીસામાં પડે છે. એવી જ રીતે ચૌદ રાજલોક સ્વરૂપ સમગ્ર વિશાળ વિશ્વમાં અનન્તાનન્ત જીવ અને પુદ્ગલ દ્રવ્ય સ્વરૂપ જ્ઞેયોમાં જે ઉત્પાદ વ્યયાત્મક પર્યાય પરિવર્તન થતું જ રહે છે તેનું પ્રતિબિંબ લોકાન્તે રહેલા મુક્તાત્મા-સિદ્ધાત્માના અનન્તજ્ઞાન-દર્શનમાં પ્રતિબિંબિત થાય છે.

અનન્તાનન્ત જ્ઞેયોના ઉત્પાદ-વ્યયનું પ્રતિબિંબ દશ્યમાન થતું હોવા છતાં તેમને કોઇ જાતના સુખ, દુ:ખ, રાગ-દ્વેષ, હર્ષ-શોક આદિ કંઇ જ થતું નથી, કારણ કે અનન્ત ચારિત્ર ગુણ સર્વાંશે પૂર્ણપણે પ્રગટ થયો છે.

સંસારી પર્યાયમાં, સકર્મીપયાર્યમાં મોહનીય-વેદનીય આદિ કર્મો હોવાના કારણે રાગ-દ્વેષ, મોહ, હર્ષ-શોક, સુખ-દુ:ખનો અનુભવ થાય છે. જ્યારે સિદ્ધાત્મા-મુક્તાત્મા સર્વથા સર્વ કર્મ રહિત અને કર્મ જન્ય દેહ રહિત શુદ્ધાત્મા સ્વરૂપે રહેલ છે. આમ સિદ્ધાત્માના કર્મોનો અંશપણ ન હોવાના કારણે તેમને અંશમાત્ર પણ રાગ-દ્વેષ, હર્ષ-શોક થતા જ નથી. તે જ પ્રમાણે વેદનીય કર્મ પણ સંપૂર્ણપણે સર્વથા ક્ષય થઇ ચૂક્યુ હોવાના કારણે અંશમાત્ર પણ સુખ-દુ:ખ થતા જ નથી.



**સંસાર ચક્ર :-**

ચૌદ રાજલોક રૂપ સંપૂર્ણ જગતમાં અનંતાનંત જીવો સકર્મી-સદેહી પર્યાયમાં રહે છે. જીવે છે. તેમને તેમનાં કર્મોના ઉદયે રાગ, દ્વેષ, મોહ, હર્ષ, શોક, સુખ, દુ:ખાદિ સતત થાય છે, થતા જ રહે છે.

કર્મના કારણે દેહનિર્મિતિ છે. આયુષ્ય કર્મના કારણે એક જ દેહમાં જન્મથી મૃત્યુ પર્યંતના કાળ સુધી જીવોને રહેવાનું હોય છે. મૃત્યુ એ આયુષ્ય કર્મના ઉદયની સમાપ્તિનું સૂચન છે. એક જ ભવ પુરતું બાંધેલું આયુષ્ય કર્મ જે સતત અખંડપણે ઉદયમાં હતું તેનો




સર્વથા ક્ષય-નાશ થતાં જ મૃત્યુ થઈ જાય છે અને મૃત્યુ થતાંની ક્ષણે જ જીવને તે દેહ છોડીને સ્વકૃત કર્માનુસાર-ગતિનામકર્માનુસાર બીજી ગતિમાં જવાનું થાય છે. ફરીથી બીજી ઉત્પત્તિ ક્ષેત્ર સ્વરૂપ યોનિમાં પ્રવેશ કરીને જીવને ફરી બીજા દેહની નિર્મિતિ કરવી પડે છે. ગર્ભકાળાવધિમાં દેહનિર્મિતિ કરીને સુયોગ્ય સમયે જીવ જન્મ ધારણ કરીને સંસારના વ્યવહારમાં આવે છે. સ્વકર્માનુસાર જીવન જીવે છે. ફરીથી મૃત્યુ પામીને જાય છે.-આ રીતે સંસાર ચાલે છે. આ રીતે સંસારને એક ચક્ર સંજ્ઞા આપવામાં આવેલ છે. ચક્ર WHEEL ની જેમ સતત-અખંડ ફરતું જ રહે છે. અનાદિ કાળથી નિરંતર જન્મ-મરણનું ચક્ર સતત ચાલુ જ છે. એવી રીતે અનંતાનંત કાળ વિતી ગયો છે. એક જીવના પણ અનંતા કાળમાં અનંતા જન્મ-મરણો વિતી ગયાં છે. એવા અનંતાનંત જીવોના જન્મ-મરણો પણ અનંતાનંત વિતી જાય છે. ગમે તેટલા ભગવાનો થઈ જાય તો પણ આ અખંડ જન્મ-મરણની પ્રક્રિયાને અટકાવી શકે અથવા બંધ કરી શકે એ સંભવ જ નથી. એકલા નિગોદની અંદર જ અનંતા ભવો થઈ જાય છે અને ત્યાર પછી નિગોદમાંથી બહાર નીકળી ગયા પછી પણ અનંતા જન્મ-મરણો થઈ જ જાય છે. ચારેય ગતિઓમાં ૮૪ લાખ યોનિઓમાં જીવો ઉત્પન્ન થાય છે-અર્થાત્ જન્મ ગ્રહણ કરે છે અને આયુષ્ય પૂરું થતાં મૃત્યુ થાય છે. ફરીથી બીજી યોનિમાં-ગતિમાં જન્મ ધારણ કરે છે. જીવન જીવે છે અને આયુષ્ય પૂરું થતાં ફરી મરે છે. શાસ્ત્રકાર કહે જ છે કે-

न सा जाइ, न तद् जोणि, न तद् ठाणं, न तद् कुलं ।

जत्थ जीवो अणन्तसो न जम्मा न मुआ ।।

એક પણ ગતિ, એક પણ જાતિ, એક પણ યોનિ, એક પણ સ્થાન અને એક પણ કુલ બાકી નથી કે જ્યાં જીવ અનંતવાર ન જનમ્યો અને ન મર્યો.

સર્વ પ્રથમ અનંતા જન્મો જીવના નિગોદની પર્યાયમાં જ થઈ જાય છે. અવ્યવહાર રાશીનિગોદથી સંસારના વ્યવહારમાં આવીને જીવ એકેન્દ્રિય પર્યાયના સૂક્ષ્મ-સ્થૂલ ભવોમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિકાયમાં જ અનંતા ભવો વિતાવી દે છે. ત્યાર પછી ૨, ૩, ૪ અને ૫ ઇન્દ્રિયોને ધારણ કરતો પરિભ્રમણ કરતાં કરતાં પણ અનંતાનંત ભવો કરે છે. એવી જ રીતે એક-એક જાતિમાં પણ અનંતા જન્મો ધારણ કરે છે.

આ જન્મ-મરણની ઘટમાળ અનાદિકાળથી અખંડપણે સતત ચાલુ જ છે અને ભવિષ્યના અનન્તા કાળ સુધી ચાલતી જ રહેશે. આ સિદ્ધાન્તથી સ્પષ્ટ થાય છે કે -

સંસારનો સર્વથા નાશ કોઇ કાળે થવાનો જ નથી સંભવ જ નથી માટે પ્રલય-મહાપ્રલયની કલ્પના પણ સર્વથા વ્યર્થ છે. પ્રલય-મહાપ્રલયની શક્યતા જ નથી તો પછી કોઇ પ્રલય કરનાર ભગવાન કે પછી એવી કોઇ શક્તિને પણ માનવાની આવશ્કતા નથી રહેતી.

જીવો વગરનો સંસાર, ભૂતકાળમાં ક્યારેય હતો નહીં અને ભવિષ્યમાં ક્યારેય હશે નહીં. એવો એક દિવસ પણ ભૂતકાળમાં ન હતો કે જે દિવસે આ આખો સંસાર જીવો વગરનો થઈ ગયો હતો, અરે ! એક દિવસ તો શું એક ક્ષણ પણ એવી નથી આવી કે જીવ વગરનો સંસાર થયો હોય અને ભવિષ્યના અનન્તકાળ સુધી પણ આવો દિવસ કે ક્ષણ આવે તે સંભવ જ નથી અર્થાત સંસારનું અસ્તિત્વ ત્રૈકાલિક શાશ્વત છે.

જીવો અને સંસારનો સંબંધ અનાદિ અનન્તકાલીન છે. સંસારમાં સકર્મીજીવો છે ત્યાં સુધી જન્મ-મરણની સતત ચાલતી પરંપરા બંધ થવી શક્ય નથી માટે જ્યાં જન્મ-મરણ છે ત્યાં સંસાર છે અને જ્યાં સંસાર છે ત્યાં જન્મ-મરણ છે એવું સિદ્ધ-પુરવાર થાય છે. આ સ્વભાવથી એકદમ વિપરીત જ્યાં જન્મ-મરણ નથી ત્યાં સંસાર નથી અને જ્યાં સંસાર નથી ત્યાં જન્મ-મરણ નથી.

મોક્ષ એવું સ્થાન છે જ્યાં જન્મ-મરણ જ નથી. એટલે મોક્ષ એ સંસારથી સર્વથા બહાર છે. સંસારથી સર્વથા વિપરિત સ્થિતિ જ મોક્ષ છે. મુક્ત થયેલ આત્મા મોક્ષમાં સ્થિર થાય છે. એનો અર્થ જ એવો સ્પષ્ટ થાય છે કે જન્મ-મરણરહિત અવસ્થામાં આવી ગયો છે. જન્મ-મરણ સ્થિર રહેવા જ ન દે. સ્થિરપણે બેસવા જ ન દે. આવી અસ્થિર સ્થિતિ અનંતાનંત કાળ સુધી ચાલતી જ રહી. અનાદિ કાળથી લઈને અનંતાનંત કાળ સુધી જીવ સંસારમાં ક્યાંય સ્થિર થઈ શક્યો જ નથી. જન્મ લીધો કે મરણ નિશ્ચિત થવાનું જ છે આમ આ પ્રક્રિયા ચક્રાકારપણે સતત ચાલતી જ રહે છે માટે સંસારચક્ર એવી સંજ્ઞા આપી છે. પ્રત્યેક જીવને સંસારચક્રના અનંતાનંત જન્મ-મરણોની આ પ્રક્રિયામાં અવિરતપણે જન્મવું-મરવું જ પડે છે. સંસારમાં રહીને જીવ આ પ્રક્રિયાથી બચી નથી શકતો, છૂટી નથી શકતો,માટે સ્થિર થઈ જ નથી શકતો-આવી અસ્થિર દશા પણ ઘણી જ દુ:ખદાયી છે.

જ્યારે એક જીવની આ દશા છે ત્યારે અનંતાનંત જીવોની જન્મ-મરણની દશા કેવી હોય ? કલ્પના કરો... અને પોતાના માનસપટલ ઉપર કાલ્પનિક ચિત્ર ઊભું કરો. ડબ્બીમાં જેમ કાજળ ભરેલી હોય છે એવી જ રીતે ચૌદ રાજલોક રૂપ સમગ્ર વિશ્વમાં અનંતાનંત જીવો ઠાંસી ઠાંસીને ભરેલા છે અને દરેકે દરેક જીવ કર્મબંધનથી બંધાયેલ છે. કર્મજન્ય જન્મ-મરણ છે. કર્મકૃત છે. દરેક જીવના પોતપોતાના કર્માનુસાર જન્મ-મરણો થતાં જ હોય છે. દરેકનાં કર્મો જુદાં જુદાં હોવાના કારણે દરેકનો જીવનકાળ પણ ઓછો-વધારે હોય છે. નિગોદનો જીવ માત્ર ૨૫૬ આવલિકાના કાળ માપનું જ જીવન જીવે છે. એટલા સાવ નાના જન્મો આપણા એક શ્વાસોશ્વાસ જેટલા પરિમિત કાળમાં સાડા સત્તર

ભવો થઈ જાય છે. જ્યારે સર્વાર્થસિદ્ધ વિમાન નામના દેવલોકમાં ૩૩ સાગરોપમ જેટલા મોટા જન્મ અને એવી જ રીતે સાતમી મહાતમપ્રભા નામની નરકમાં પણ ૩૩ સાગરોપમ જેટલો મોટો લાંબો ભવ જીવ કરે છે. આટલો મોટો લાંબો એક જન્મ છે. એટલે રખે કોઈ ત્યાં માની બેસે કે - બસ, હવે આપણે સદા માટે સ્થિર થઈ ગયા છીએ. ના...,એવું નથી. ચોક્કસ, આયુષ્ય કાળ ઘણો લાંબો છે, પરંતુ તેથી સ્થિરતા નથી આવી જતી. સર્વાર્થસિદ્ધ દેવને આટલો કાળ પૂર્ણ થતાં મરીને ત્યાંથી બીજા જન્મમાં જવું જ પડે છે. દેવ ગતિમાંથી મનુષ્ય ગતિમાં આવીને માનવ ભવ ધારણ કરવો જ પડે છે. સ્વર્ગનું ગજબનું સુખ પણ છૂટી જાય છે અને નાનકડા માનવ ભવમાં આવીને પાછું દુઃખ ભોગવવું જ પડે છે.

એવી જ રીતે સાતમી નરકમાં ૩૩ સાગરોપમના ઘણા લાંબા સુદીર્ઘકાળનું દુઃખ ભોગવ્યા પછી તે જીવને પણ ત્યાંનું આયુષ્ય પૂરું થતાં મરવું જ પડે છે. નરક ગતિમાંથી બહાર નીકળવું જ પડે છે. સ્વકૃત કર્માનુસાર તિર્યંચ ગતિમાં જીવ જાય છે. ત્યાં પશુ-પક્ષીનો જન્મ ધારણ કરે છે. સાતમી નરકના દુઃખોની સરખામણીમાં હજારો ગણું દુઃખ ઓછું છે, માટે તેટલા પ્રમાણમાં સુખ કહેવાય છે.

આ અને આવી છે સ્થિતિ સંસારની છે. ગમે તેટલા મોટા જન્મ પછી પાછું નિશ્ચિત મરણ છે અને ગમે તેટલા સુખ પછી પાછું દુઃખ છે. ગમે તેટલા મોટા દુઃખ પછી પાછું સુખ પણ છે. જીવનના બે પહેલુઓ છે, જન્મ અને મરણ. સુખ અને દુઃખ. અવિરત અસ્થિરતાથી ભરેલી આ સંસારની સ્થિતિ-હકીકત જાણ્યા-સમજ્યા પછી એમાંથી છૂટવાની અને સદાના માટે સ્થિર થવાની, જન્મ-મરણ વગરની સ્થિર સ્થિતિ મેળવવાની ઇચ્છા જ જો ન થાય તો તેને મુમુક્ષુ જ ન કહેવાય. મોક્ષની અર્થાત્ મોક્ષ મેળવવાની ઇચ્છા ધરાવે એનું જ નામ મુમુક્ષુ. મુક્ત થવાની જીજીવિષા એ જ મુમુક્ષુપણાનું લક્ષણ છે.

**कर्ममुक्ति किल मुक्तिरेव :-**

મુક્ત થવું એટલે શું ? અને શેનાથી મુક્ત થવું ? શું માત્ર દુઃખથી મુક્ત થવું? ના...ખરી રીતે તો જન્મ-મરણના ચક્રથી મુક્ત થવું અને જન્મ-મરણના કારણીભૂત તત્ત્વ કર્મના બંધનથી મુક્ત થવું.

જન્મ-મરણ કર્મકૃત છે. કર્માધીન છે. ઇશ્વરકૃત નથી કે ઇશ્વરાધીન નથી ઇશ્વરદત્ત-પ્રદત્ત નથી. ઇશ્વર એમાં કારણીભૂત નથી. દરેકેદરેક જીવના પોતાનાં સ્વતંત્ર કર્મો છે. મૂળભૂત આઠ કર્મોમાં આઠમું આયુષ્ય કર્મ છે. આયુષ્યકર્મના કારણે જન્મ-મરણો થાય છે. આયુષ્ય કર્મની શરૂઆત થતાં જન્મ શરૂ થાય છે અને આયુષ્ય કર્મની સમાપ્તિ થતાં...પૂર્ણ થતાં મૃત્યુ થાય છે. આ નિયમ છે. ગતિ નામકર્મના આધારે ચારમાંથી કોઈ પણ ગતિ થવાની છે. સ્વયંના પોતાના કર્મના કારણે જે થાય છે તેને પોતાને જ્ઞાન ન હોવાના

કારણે ઇશ્વરના માથે ચઢાવી દેવાની મૂર્ખતા ક્યારેય ન કરવી. કારણ કે જન્મ-મરણ, ગતિ-આગતિ, સુખ-દુઃખ વગેરે ઇશ્વરના કારણે છે. આ મિથ્યા માન્યતા છે આ પણ ૧૮મું મિથ્યાત્વનું પાપસ્થાન છે. ૧૮ પાપોમાં સૌથી વધુ ભયંકર...ઘણું જ ભારે પાપ મિથ્યાત્વનું છે, માટે એનાથી પહેલાં બચવું જરૂરી છે. એકવાર પ્રાણાતિપાતનું કીડીની હિંસા વગેરેનું પાપ થઈ જાય તે એટલું મોટું પાપ નથી. પ્રાયશ્ચિતથી તે જલ્દી ધોવાઈ પણ જશે પરંતુ મિથ્યાત્વનું પાપ એટલું ભયંકર છે કે તે જલ્દી ધોવાવું ઘણું અઘરૂં છે.

બીજી બાજુ મિથ્યાત્વના પાપથી મિથ્યાત્વ મોહનીય કર્મ એટલું ગાઢ બંધાઈ જાય છે કે તેની બંધ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમની બંધાઈ જતાં આટલા લાંબા કાળનો સંસાર વધી જાય છે. આટલા લાંબા કાળમાં કેટલા ભવો કરવા પડશે ? આ રીતે મિથ્યાત્વનું પાપ લાંબો સંસાર વધારનારૂ છે. પછી એટલા લાંબા કાળ સુધી સંસારચક્રનાં જન્મ-મરણો કરતાં-કરતાં ભાવ ભ્રમણમાં ફરતા જ રહેવું પડશે. આત્માને સંસારની જેલમાં જન્મ-મરણો કરતાં કરતાં પરિભ્રમણ કરતા જ રહેવું પડે તે ક્યારેય હિતકારી-લાભકારી ન જ રહે માટે કર્મથી મુક્ત થવું એ જ સાચી મુક્તિ છે.

**મોક્ષ પ્રાપ્તિ એ જ નિર્વાણ :-**

નિર્વાણ પામવું એટલે સદાના માટે સંસાર છોડીને મોક્ષે જવું. સંસાર છોડવો એટલે જન્મ-મરણના ચક્રમાંથી સદાના માટે છુટવું. ચારેય ગતિમાં થતા પરિભ્રમણમાંથી સદાના માટે છૂટીને મુક્ત થવું. ૮૪ લાખ જીવયોનિઓમાં ફરીથી આવવું નહીં અને ફરીથી જન્મ ધારણ કરવો જ નહીં. યોનિ જન્મ ધારણ કરવા માટે દેહ નિર્માણ કરવાનું સ્થાન વિશેષ છે. આ ઉત્પત્તિ ક્ષેત્ર છે. જીવનો પ્રથમ જન્મ યોનિમાં છે. ત્યાર બાદ ગર્ભકાળ દરમિયાન તે તે યોનિમાં રહીને ગર્ભરચના કરવાની હોય છે. પર્યાપ્તિઓ પૂર્ણ કરવાનો કાળ છે.



ગર્ભકાળ જે જેટલા કાળનો હોય તેટલા સમય પ્રમાણે

ગર્ભવૃદ્ધિ-અર્થાત્ શરીરની રચના થતી જાય છે અને જીવન જીવતો જાય છે. માટે ગર્ભકાળમાં પણ જીવ જીવતો છે, મરેલો નથી. આનાથી એ સિદ્ધ થાય છે કે...પ્રથમ ક્ષણથી જ ગર્ભમાં જીવ છે. તે જ બધું કરી રહ્યો છે. કર્મ કરાવે છે. કર્માનુસાર જીવ શરીરરચના કરે છે, માટે ત્રીજા મહિના પછી જીવ આવે છે એ માન્યતા ખોટી છે. સાવ અસત્ય છે. સત્ય સમજીને જીવવામાં જ ફાયદો છે. જીવ પ્રથમ ક્ષણથી જ ગર્ભમાં છે. આ સત્ય સ્વીકારીને ગર્ભપાત, ગર્ભહત્યા કે ભ્રૂણહત્યા ભૂલેચૂકેય ન જ કરાવવી જોઇએ. પંચેન્દ્રિય માનવવધની મોટી હિંસાનું પાપ મહાપાપ છે. તે નરકગતિમાં લઈ જવા માટે પર્યાપ્ત છે.

દેહાદિ સર્વ નિર્માણ કરીને ગર્ભકાળ પૂર્ણ થતાં...દેહની રચના પૂર્ણ થતાં ધરતી ઉપર જન્મ લેવો. યોનિપ્રદેશમાંથી બહાર આવવું અને સ્વતંત્રપણે જીવન જીવવું. ત્યાર પછી જીવન જીવતાં આયુષ્ય કર્મ પ્રમાણે જીવનકાળ પસાર કરવો.

કાળ માત્ર થનારી ઘટનાનું માપક માધ્યમ માત્ર છે. આ રીતે કેટલા જન્મો થયા ? તેની સંખ્યાનું સૂચન કાળના આધારે થાય છે. કેટલા કાળનો એક જન્મ ? તેનો જવાબ પણ કાળના માપ પ્રમાણે થાય છે. આટલાં વર્ષોનો કે દિવસો પ્રમાણેનું એક આયુષ્ય=એક જન્મ. નિગોદાવસ્થામાં પણ જીવે અનંતા જન્મો વિતાવ્યા પછી બહાર નીકળીને સંસારના ચક્રમાં આવ્યા અને એકેન્દ્રિય પર્યાયમાં જ અનંતા જન્મો વિતાવ્યા. ત્યાર પછી વિકેન્દ્રિય-પંચેન્દ્રિય પર્યાયોમાં જન્મ-મરણ ધારણ કરતાં કરતાં અનંતા જન્મો અને અનંતો કાળ વીતાવ્યો.

નીચેના ચિત્રથી વધુ ખ્યાલ આવશે.

ચિત્ર નં. ૧માં કેન્દ્રસ્થનિગોદના ગોળામાં નિગોદ તરીકે અનંતા-જન્મ-મરણો વીતાવીને જીવ ચારેય ગતિરૂપ સંસારના વ્યવહારમાં આવે છે અને દેવ, મનુષ્ય, નરક, તિર્યંચની ચારેય ગતિઓમાં જન્મ-મરણ કરતો જ રહે છે. આયુષ્ય કર્માનુસાર એક ભવ થાય છે. આયુષ્ય કર્મ એક ભવ પુરતું જ હોય છે. તેથી આયુષ્ય કર્મ સમાપ્ત થતાં જ મૃત્યુ થાય છે. મર્યા પછી તરત જ બીજી ગતિમાં-બીજા જન્મમાં જીવ જાય છે. આવી રીતે અનંતવાર જન્મ-મરણ થાય છે. મરતી વખતે બીજાં કર્મો બાકી રહે છે. તેથી તે જીવ કર્મો સાથે જ મરે છે. તેથી ફરી બીજો જન્મ ધારણ કરીને ફરી જીવન જીવે છે. ફરી કર્મો બાંધે છે... ફરીથી કર્મો સાથે જ મરે છે. ફરી જન્મ લે છે. સતત-નિરંતર અવિરત અખંડપણે જન્મ-મરણનું ચક્ર ચાલતું જ રહે છે.

ચિત્ર નં. ૨-માં કેન્દ્રસ્થનિગોદના ગોળામાં અનંતા જન્મ-મરણ કર્યા પછી જીવ બહાર આવે છે. ચારેય ગતિઓમાં અનંતા જન્મ-મરણો કરતો કરતો સંસારચક્રમાં પરિભ્રમણ કરે છે. અનંતકાળ સુધી પરિભ્રમણ કરતો કરતો જીવ ચરમાવર્તમાં પ્રવેશે છે.




ચરમ એટલે અંતિમ-છેલ્લા આવર્ત-Roundમાં આવે છે. જીવ ધર્મ સન્મુખ થાય છે. આ ધર્મ સન્મુખીકરણનો કાળ છે. મિથ્યાત્વ+કષાયના કારણે જે સંસાર ચક્રમાં નિરંતર-અખંડપણે જન્મ-મરણ ચાલી રહ્યાં હતાં તે કર્મને કર્મબીજને સારી રીતે ઓળખી-સમજીને તેનો ક્ષય કરવા પ્રબલ પુરૂષાર્થ કરે છે. યથાપ્રવૃત્તિકરણ-અપૂર્વકરણ કરીને મિથ્યાત્વ મોહનીયની ત્રણ અને અનંતાનુબંધી કષાયની ચાર એવી રીતે(૩+૪=૭)અનંતાનુબંધી સપ્તકની સાત કર્મપ્રકૃતિઓનો ક્ષય કરે છે અને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. સમ્યગ્દર્શન

પામતાંની સાથે જ મોક્ષગમન નક્કી-નિશ્ચિત થઈ જાય છે. હવે માત્ર અર્ધપુદ્‌ગલ પરાવર્તકાળમાં મોક્ષે જવાનો જ છે. તે નક્કી થઈ જાય છે. અર્થાત્ મોક્ષગામી મુમુક્ષુ જીવ છે. હવે માત્ર આગળ વધીને સમ્યગ્જ્ઞાન પામીને સમ્યગ્ચારિત્ર આરાધે છે. વ્રત-પચ્ચક્ખાણો ગ્રહણ કરીને ભિષ્મપ્રતિજ્ઞાઓ કરીને પાપો ન કરતાં શુદ્ધ જીવન જીવે છે. હા, થોડા જન્મો થાય છે. ભલે ચારેય ગતિઓમાં જાય છે. પાછો મનુષ્યગતિમાં આવે છે. સંવર ધર્મનું આચરણ કરતાં કરતાં સર્વ પાપ પ્રવૃત્તિઓના રસ્તા બંધ કરે છે. આશ્રવનો નિરોધ થાય છે. તેથી નવાં કર્મો બંધાતાં અટકે છે. પછી જૂના ભેગા થયેલા સંચિત કર્મોનો ક્ષય કરવા તરફ આગળ વધે છે. ચારિત્ર ગ્રહણ કરે છે. જ્ઞાન-ધ્યાન અને તપશ્ચર્યા, સાધના, આરાધના કરે છે. તે બાહ્યાભ્યંતર બન્ને તપમાર્ગે પોતાની શક્તિ ફોરવે છે. ઉગ્ર અને દીર્ઘ તપશ્ચર્યા કરતાં કરતાં ભારે કર્મક્ષય કરે છે. નિર્જરાધર્મ સાધે છે.

આવી રીતે જીવ અંતિમ વખત મનુષ્ય ગતિમાં આવે છે. ઉત્તમ કુળમાં જન્મ લે છે. પુણ્યોદયે સુખ, સંપત્તિ, સમૃદ્ધિ પામે છે. છતાં પણ સુખ ભોગવવામાં આસક્ત નથી થતો. ઉપરથી ત્યાગ કરે છે. દીક્ષા-ચારિત્ર ગ્રહણ કરીને છઠ્ઠા ગુણસ્થાને આરૂઢ થાય છે. ૧૪ ગુણસ્થાન રૂપ જે મોક્ષમાર્ગ છે તે ઉપર આગળ વધે છે. સાતમા ગુણસ્થાને આવીને હવે વધુ અપ્રમત બને છે. કર્મના આશ્રવ અને બંધની પ્રવૃત્તિમાંથી સર્વથા નિવૃત્ત થઈ જાય છે. પુરતી તકેદારી રાખે છે કે રખે ક્યાંક કોઈ કર્મ બંધાઈ ન જાય. આવી અપ્રમત કક્ષાની સાધના પછી આઠમા ગુણસોપાને ચઢીને અપૂર્વકરણ સાધે છે. આત્માની અપૂર્વ શક્તિ કર્મક્ષય માટે વાપરે છે. ક્ષપક શ્રેણી માડે છે અને નવમા અનિવૃત્તિ બાદર ગુણસ્થાને પહોંચીને મોહનીયની ૧૨ કર્મ પ્રકૃત્તિઓનો મૂળ પાયામાંથી જ ક્ષય કરે છે. લોભની એક કર્મ પ્રકૃત્તિ બાકી રહી જાય છે. તેના માટે સાધક દસમા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાને આવીને તેનો પણ સંપૂર્ણ ક્ષય કરે છે. બસ...એક વખત સંપૂર્ણ મોહનીય કર્મનો ક્ષય થઈ જવાથી હવે સીધો કૂદકો મારીને બારમા ગુણસ્થાને આવે છે. ક્ષીણ મોહના સ્થાને વીતરાગી બને છે. સર્વથા રાગ-દ્વેષરહિત બને છે. આવી રીતે ઘણી મોટી ઉપલબ્ધિ મેળવે છે. બારમા સ્થાનના અંતે જ્ઞાનાવરણીય કર્મ સંપૂર્ણ મૂળમાંથી ક્ષય કરીને કેવળજ્ઞાન-અનંતજ્ઞાન પામીને સર્વજ્ઞ બને છે. એવી જ રીતે દર્શનાવરણીય પણ સંપૂર્ણ-સમૂળ ક્ષય કરીને કેવળદર્શન-અનંતદર્શન પામીને સર્વદર્શીબને છે. ચોથા ભારે અંતરાય કર્મનો પણ સંપૂર્ણપણે સમૂળ નાશ કરે છે અને અનંતવીર્ય ગુણ પ્રગટ કરે છે. અનંત વીર્યવાન-શક્તિશાળી બને છે.

અનાદિકાળથી લઈને અનંતાનંત કાળ સુધી કર્મનાં બંધનોમાં બંધાયેલા રહેલા જીવ સર્વ પ્રથમવાર આઠમાંથી ચાર કર્મોના બંધનમાંથી સંપૂર્ણપણે મુક્ત થઈ જાય છે. જે કામ અનંતકાળમાં નહોતું થયું તે સર્વપ્રથમ વખત થયું છે. આત્માને મોક્ષમાં જતાં જે જે સાથે લઈ જવાનું છે તે બધું અહીંયાં જ મેળવી લેવાનું છે. મોક્ષમાં ગયા પછી કંઈ જ નથી

મેળવાતું. જતાંની સાથે – અર્થાત્ પહોંચતાંની સાથે તે જ સમયે લોકાન્તપ્રદેશે સદાના માટે સ્થિર થઈ જવાનું છે. આ તો ક્ષેત્રમુક્તિ છે. મુખ્ય તો ગુણમુક્તિ છે. આત્માના અનંતા ગુણો કર્માવરણથી જે આચ્છાદિત હતા, અર્થાત્ આવરાયેલા હતા તે સર્વ આવરણોને સમૂળ સંપૂર્ણ ક્ષય કરીને ચેતનાત્મા સદાના માટે કર્મના અને દેહના બંધનમાંથી છૂટે તો જ સર્વ ગુણો પૂર્ણ અર્થાત્ અનંત સ્વરૂપે પ્રગટ થાય છે.

આઠ કર્માવરણોમાંથી ચારનો તો સંપૂર્ણ ક્ષય થઈ ગયા છે. તેથી ચાર ગુણો તો અનંત સ્વરૂપે પ્રગટ થઈ ગયા છે. તેને જ અનંત ચતુષ્ટયી કહેવાય છે. તે તેરમા ગુણસ્થાને મહાન ઉપલબ્ધિ કહેવાય છે. હવે જે શેષ ચાર અઘાતી કર્મો રહેલાં છે તે દેહ નિમિત્તક છે. આયુષ્ય કર્મ દેહ નિમિત્તક છે. દેહ છે ત્યાં સુધી આયુષ્કર્મ છે અને આયુષ્ય કર્મ છે ત્યાં સુધી દેહમાં જીવ છે. દેહ છે માટે દેહ નિમિત્તક વેદના–પીડા રોગાદિ છે. વેદનીય કર્મના કારણે શાતા–અશાતા રહેશે. દેહ નામકર્મથી બનેલ છે, માટે નામકર્મ છે ત્યાં સુધી દેહ અને દેહનાં અંગો–ઉપાંગો, રૂપ–રંગ વગેરે બધું જ છે. આવો દેહ જે ગોત્રમાં ઉત્પન્ન થયો છે તે ઉચ્ચ–નીચ ગોત્રની છાપ તેના ઉપર લાગેલી છે. તેથી કુળ, વંશ, ગોત્ર, ખાનદાની વગેરેનો વ્યવહાર ચાલે છે. આ બધું ગોત્રકર્માશ્રિત છે. આ રીતે આ ચારેય અઘાતી કર્મો મૃત્યુની અંતિમ ક્ષણ સુધી રહે છે અને આયુષ્યની સમાપ્તિની સાથે બધા–ચારેય એકસાથે ક્ષય પામે છે.

જ્યારે જે તે કર્મની નિર્જરા થાય છે ત્યારે તે તે કર્મથી મુક્તિ તો થયા જ કરે છે, પરંતુ આ આંશિક મુક્તિ કહેવાય છે અને આ આંશિક મુક્તિ થોડા સમય સુધી પણ નથી ટકતી ત્યાં તો તરત જ બીજી વાર ફરી કર્મ બંધાઈ જાય છે. આ રીતે સંસારી પર્યાયમાં કર્મો બંધાતાં જાય છે અને કાળ પરિપક્વ થતાં અથવા નિર્જરાકારક પુરુષાર્થ વિશેષથી કર્મક્ષય ક્ષયોપશમ થાય છે. આ પ્રક્રિયા થતી જ રહે છે. બંધ પછી નિર્જરા અને નિર્જરા પછી ફરીથી બંધ થતો જ રહે છે. આ પ્રક્રિયા અનંતા કાળ સુધી ચાલતી જ રહે છે, પરંતુ મોક્ષ પ્રાપ્ત કરવાની અવસ્થામાં આ ચક્ર સમાપ્ત થાય છે અને ક્ષય પ્રક્રિયાથી કર્મ સંપૂર્ણપણે નષ્ટ થાય છે અને ફરી પાછો બંધ નથી થતો, માટે જીવ કર્મબંધનથી સદાના માટે મુક્ત થાય છે. એક વખત સમૂળ સંપૂર્ણ સર્વથા કર્મક્ષયની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવે પછી નવાં કર્મનો બંધ ન થવાથી માત્ર એકતરફી પ્રક્રિયા કર્મક્ષયની જ ચાલે છે. તેથી એક દિવસ જીવ સંપૂર્ણપણે કર્મબંધથી મુક્ત થઈ જાય છે.

### નિર્વાણ સ્વરૂપ :-

मुक्तिः कैवल्य–निर्वाण श्रेयो निःश्रेयसामृतं ।।१/५/६।।

અમર કોષના પ્રથમ કાંડના પાંચમા ધીવર્ગના છટ્ઠા શ્લોકમાં નિર્વાણ શબ્દનો અર્થ જન્મ–મરણમાંથી આત્યંતિક છૂટકારો આપ્યો છે. નિર્વાણ શબ્દનો આવો



અર્થ જાણવાથી મોક્ષનું સ્વરૂપ વધારે સ્પષ્ટ થાય છે અર્થાત્ જેમનું નિર્વાણ થાય છે તેમનું મરણ અવશ્ય થાય છે પણ જન્મ થતો નથી.

સંસારમાં નિયમ એવો છે કે **जातस्य ध्रुवो मृत्युः** મતલબ કે જન્મેલાનું મૃત્યુ અવશ્યંભાવી છે. જેને કોઇ ટાળી શકતું નથી, અટલ છે. અર્થાત્ મૃત્યુથી બચવું હોય તો તેના કારણરૂપ જન્મથી જ બચવું અનિવાર્ય છે અને જન્મથી બચવું હોય તો તેના કારણરૂપ કર્મથી મુક્ત થવું આવશ્યક છે. આમ કાર્ય-કારણ ભાવનો સંબંધ જોઇએ તો જન્મ થયો મતલબ કે મૃત્યુ અવશ્ય થવાનું જ છે. જેમ આગ હોય ત્યાં ધુમાડો હોય કે ધુમાકો હોય ત્યાં આગ હોય? ઉત્તર સ્પષ્ટ છે કે ધુમાડો હોય ત્યાં આગ અવશ્ય રહેલી જ હોય કારણ કે આગમાંથી જ ધુમાડો ઉત્પન્ન થાય છે. પરંતુ આગ હોય ત્યાં ધુમાડો હોય કે ન પણ હોય, જેમ ગેસનો અગ્નિ. આ દષ્ટાંત પ્રમાણે જોઇએ તો જન્મ છે તો મૃત્યુ છે કે મૃત્યુ છે તો જન્મ છે? આ પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે - મૃત્યુનું કારણ જન્મ હોવાથી જન્મેલાનું મૃત્યુ અવશ્યં - ભાવી છે. પરંતુ મૃત્યુ પહેલા જન્મના કારણરૂપ કર્મનો સર્વથા-સંપૂર્ણ ક્ષય કરી દીધો તો જન્મ નહીં જ થાય, મતલબ જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત જ છે પણ મૃત્યુ પછી જન્મ નિશ્ચિત નથી. બસ, એટલે મૃત્યુને મારીને કર્મમુક્ત થવું તેનું જ નામ છે નિર્વાણ. જન્મ-મરણનું ચક્ર સર્વથા અટકી જશે. તેને જ નિર્વાણ કહેવાય છે.

સર્વજ્ઞ થયેલ કેવળી આત્મા પોતાનો મૃત્યુ સમય નજીક જાણીને ૧૪મા ગુણસ્થાને આવે છે. ૧૪મા અયોગી કેવળી ગુણસ્થાનકનો સમય જ ફક્ત પંચ હ્રસ્વાક્ષરોચ્ચાર જેટલો જ છે. એટલા અલ્પ સમયમાં શૈલેષીકરણ કરતાં આ ચારેય અઘાતીકર્મો પળભરમાં ક્ષય પામી જાય છે. અનંતકાળમાં અને અનંતાનંત ભવોમાં જે ક્યારેય નથી બન્યું તે આ વખતે સર્વપ્રથમવાર નવું આયુષ્યકર્મ ન બાંધતાં ચાલુ આયુષ્ય સમાપ્ત-પૂર્ણ કરે છે. આ રીતે આઠમાંથી એક પણ કર્મ શેષ નથી રહેતું. તેથી આત્મા સંપૂર્ણપણે કર્મરહિત અકર્મીબની જાય છે. આ વખતની આ મૃત્યુ અંતિમ મૃત્યુ છે. તેથી તેને 'નિર્વાણ' એવી સંજ્ઞા આપી છે, નિર્વાણ શબ્દ જ મૃત્યુનો જ અંત સૂચવે છે. **मौत का मौत The Anihiletion of Death.** મૃત્યુની જે અખંડ પરંપરા જે ગયા અનંતાનંત ભવોથી અનંતકાળથી ચાલી રહી હતી, તે પરંપરા જ બંધ પડી ગઈ છે. તેનું જ નામ છે નિર્વાણ.

જે જીવો પુરૂષાર્થપૂર્વક કર્મનો સમૂળ ક્ષય નથી કરી શકતા તેવા જીવોનો મૃત્યુ

પછી પણ જન્મ થાય જ છે. આવા મૃત્યુને લૌકિક વ્યવહારમાં સર્વ સામાન્ય લોકો 'સ્વર્ગવાસ' શબ્દથી વ્યવહાર કરે છે. 'સ્વર્ગવાસ' એ એક મૃત્યુને આપેલી સારી સંજ્ઞા છે. જ્યારે જે કોઇ મરે છે, મૃત્યુ પામે છે ત્યારે ''સ્વર્ગવાસી થયા''એવો સારી ઉત્તમ ભાષાનો પ્રયોગ કરે છે. પરન્તુ લોકોના કે સગા-સંબંધીના બોલવા પ્રમાણે સ્વર્ગમાં વાસ થઇ જ જાય છે એવું નથી. પણ જીવ સ્વયંના કરેલા કર્માનુસાર નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ ગતિમાં ઉત્પન્ન થાય છે.

આત્માને મન-વચન અને કાયારૂપ ત્રણ સાધનો મળ્યા છે. તેના દ્વારા શુભાશુભ કર્મનો આશ્રવ કરીને કર્મબંધ સ્વયં કરે છે. શુભ કર્મબંધ પછી શુભકર્મોદયે જીવ સારી સુખની ગતિમાં જન્મ ધારણ કરશે. અશુભ કર્મોદયે જીવ અશુભ-ખરાબ દુઃખની તિર્યંચ, નરકાદિ ગતિમાં ઉત્પન્ન થશે.

આ પ્રમાણે ચારેય ગતિઓ બાંધેલા શુભ-અશુભ કર્મો પ્રમાણે મળે છે. જેમણે શુભાશુભ કર્મનો સમૂળ-સંપૂર્ણ ક્ષય નથી કર્યો એવા કોઇ મહાપુરૂષના મૃત્યુને નિવાર્ણ પામ્યા એવું કદાપિ ન કહેવાય. નિર્વાણ તો તેને જ કહેવાય જેમાં જીવ જીવન જીવતા ભગીરથ પુરૂષાર્થ, અથાગ પરિશ્રમપૂર્વક આશ્રવનિરોધકારક ધર્મ કરે અને નવા આવતા કર્મોને રોકે તથા નવા કર્મના બંધથી બચે અને સાથે-સાથે જૂના બાંધેલા કર્મોને સર્વથા-સમૂળ-સંપૂર્ણ ક્ષય કરવાના લક્ષ્યથી ધ્યાનની અગ્નિમાં બધા જ કર્મોને બાળી નાખે તેવા મહાપુરૂષના મૃત્યુને નિર્વાણ કહેવાય.

**સત્ય ની ઉપાસના :-**

નિર્વાણ મોક્ષગમનનું સૂચક છે. માટે જે આત્માઓ સર્વ કર્મનો સમૂળ-સંપૂર્ણ ક્ષય કરીને અન્તિમવાર મરે છે તે જ 'નિર્વાણ પામ્યા' એવો સાર્થક વ્યવહાર કરવો, તે સિવાય રોજે રોજ સંસારમાં ઘણાં મરતા હોય છે, તેમના માટે નિર્વાણ શબ્દનો પ્રયોગ ભૂલે-ચૂકે ન કરવો. નિરર્થક અસત્ય કે મિથ્યા પરંપરા ઊભી ન કરવી. સંસારમાં સર્વ લોકો જ્ઞાનવાન અને સારા સમજદાર નથી હોતા. તેથી સમજ્યા વગર ખોટું અનુકરણ કરશે. "संसार में अक्कल का उपयोग करनेवाले बहुत अल्प होते है। नकल करनेवाले बहुत होते है ।" નકલ કરનારને અક્કલનો ઉપયોગ કરવાનો નથી હોતો તેને માત્ર અનુકરણ જ કરવાનું હોય છે. ગતાનુગતિક વૃત્તિવાળા આ સંસારમાં ખોટો વ્યવહાર ચાલતો થઈ જાય છે તે રોકવો એ પણ સત્યની જ ઉપાસના છે.

**પંચ કલ્યાણક :-**

નિર્વાણ પદ્ધતિની અંતિમ મૃત્યુ પામીને મોક્ષે જઈને સિદ્ધ-બુદ્ધ-મુક્ત

થયેલા સિદ્ધાત્મા-મુક્તાત્મા સમસ્ત વિશ્વ માટે કલ્યાણકર્તા કેવી રીતે સિદ્ધ થાય છે. અર્થાત્ તેમનું નિર્વાણ એ કલ્યાણક કેવી રીતે થાય છે તેનો વિચાર કરવો જોઇએ. હા...એ વાતમાં શંકા નથી કે નિર્વાણ પામનારે પોતે પોતાનું કલ્યાણ ચોક્કસ કરી લીધું છે, પરંતુ 'કલ્યાણ' અને 'કલ્યાણક' આ બે શબ્દો છે. બન્ને શબ્દોના અર્થ અલગ અલગ છે. કલ્યાણ પોતાનું છે અને આગળ 'ક' અક્ષર જોડવાથી 'કલ્યાણક' શબ્દની રચના થાય છે. 'ક' એકાક્ષરી શબ્દ છે. કરવાના અર્થમાં વપરાય છે. જેમનું નિર્વાણ પણ જગતના સર્વ જીવોનું કલ્યાણ કરવામાં નિમિત્ત બને છે. માત્ર નિર્વાણ જ નહીં, પાંચેય કલ્યાણકો જગતના સર્વ જીવો માટે કલ્યાણકારી હોવાથી પાંચેયને કલ્યાણક કહેવાય છે. ૧. ચ્યવન, ૨. જન્મ, ૩. દીક્ષા, ૪. કેવળજ્ઞાન અને ૫. નિર્વાણ. એવા જીવનના પાંચ પ્રસંગો છે. પાંચ ઘટનાઓ છે, એમ તો એમના જીવનના અનેક પ્રસંગો-ઘટનાઓ છે. બાલ્યાવસ્થાની ઘટના, યુવાવસ્થાની ઘટના, પ્રૌઢાવસ્થાની ઘટના, વૃદ્ધાવસ્થા, ગૃહસ્થાવસ્થાની ઘટના, સાધનાવસ્થાની ઘટના, છદ્મસ્થાવસ્થાની ઘટના, સર્વજ્ઞાવસ્થાની ઘટના, તીર્થંકરાવસ્થાની ઘટના અને દેશનાવસ્થા, વિહારાવસ્થાની ઘટના, એવી જીવન દરમિયાન ઘટતી અનેક ઘટનાઓ ઘટે છે. બને છે. જેમ કે પાઠશાળાગમનની ઘટના. જો કે આ ઘટના બધા તીર્થંકરોના જીવનમાં નિશ્ચિતરૂપે નથી બનતી. કારણ કે બધા જ ભગવાનને તેમના માતા-પિતા બાલ્યાસ્થામાં પાઠશાળામાં નથી બેસાડતા. જ્યારે સિદ્ધાર્થ રાજા અને ત્રિશલામાતાએ મોહવશ વર્ધમાનકુમારને ભણવા માટે પાઠશાળામાં બેસાડ્યા હતા. બધા જ તીર્થંકર ભગવંતો રાજા બનીને રાજ્ય કરે જ એવો પણ નિયમ નથી. ઘણાં ખરાએ રાજા બનીને રાજ્ય સંચાલન કર્યું છે. ભગવાન મહાવીરે રાજ્ય નથી સ્વીકાર્યું. રાજા નથી બન્યા અને રાજ્ય નથી ચલાવ્યું. એવી જ વાત પાર્શ્વપ્રભુના જીવનમાં પણ બની છે. બધા જ ચક્રવર્તીપણ નથી બનતા. જ્યારે કુંથુનાથ, અરનાથ, શાન્તિનાથઆ ત્રણ તીર્થંકરો પ્રથમ ચક્રવર્તીબન્યા હતા. એવી જ રીતે બધા જ તીર્થંકરો નિશ્ચિતરૂપે લગ્ન કરે જ એવો પણ નિયમ પણ નથી. મલ્લીનાથઅને નેમિનાથજેવા તીર્થંકર ભગવંતો લગ્ન ન કરતાં કુમારાવસ્થામાં જ હતા. કુમારાવસ્થામાં જ દીક્ષા ગ્રહણ કરે છે. આ રીતે પાઠશાળાગમન, રાજ્યાવસ્થા, અને લગ્નકરણ વગેરે પ્રસંગો કલ્યાણકોની સાથે જોડીને પાંચના બદલે આઠ કલ્યાણક નથી કહ્યા, પરંતુ પાંચ જ કલ્યાણક નિર્ધારીત થયા છે. બધાના માટે જે પ્રસંગ કલ્યાણકારી બને તેને જ કલ્યાણક કહેવામાં આવે છે. એવા પાઠશાળાગમનનો પ્રસંગ તેમના પોતાના માટે છે. વ્યક્તિગત જીવન માટે છે. તેમના સ્વયંના પોતાના લગ્નને પણ આખા જગતના કલ્યાણ માટે નથી જોડવામાં આવ્યા. એવી જ રીતે રાજા બનીને રાજ્ય કરે તેમાં પણ રાજ્યની વ્યવસ્થા કરવી પડે છે. તેથી તે પણ સર્વના કલ્યાણ માટે બને જ એવો નિયમ નથી. લગ્ન તો પોતાના ભોગાવલી કર્મો જે શેષ રહ્યાં છે તે ભોગવવાં જ પડે છે. લગ્નમાં બધા જ રસ ધરાવતા નથી હોતા. ઉપરથી મજબૂરીની જેમ આ સ્વીકારવું પડે છે.

ભોગાવલી કર્મોનો ભોગ બનવું પડે છે. સંસારની આ ક્રિયાને પોતાના કર્માનુસાર ભોગવી લે છે. આવી ક્રિયા જગતના સર્વ જીવોના કલ્યાણ માટે નથી બનતી. હા, પોતાના પરિવાર માટે સહાયક નિમિત્ત બને છે. પ્રજોત્પત્તિ, સંતાનોતપત્તિ, સંતતિ વૃદ્ધિ માટેની સંસારની વ્યવસ્થા તે લગ્ન છે. તે કંઇ આત્મ કલ્યાણકારી નથી, તેથી લગ્નને કલ્યાણક ન કહી શકાય.

ચ્યવનથી જ પરમાત્માનો જીવ જ્યારે ગર્ભમાં આવે છે ત્યારે તે મતિ, શ્રુત અને અવધિ આ ત્રણ જ્ઞાને પરિપૂર્ણ હોય છે. પાઠશાળાનું જ્ઞાન શ્રુત જ્ઞાન વધારનાર છે. મતિ જ્ઞાન વધારે છે. મતિ+શ્રુતજ્ઞાન બન્ને સાથે ચાલે છે. જ્યારે આ જ્ઞાન ગર્ભ પ્રવેશરૂપ ચ્યવનથી જ પરિપૂર્ણ છે. સંસારમાં આપણા જેવા જીવોને આખી જીંદગીમાં પણ ૧૦૦ વર્ષની ઉંમર સુધી હજાર ગણી મહેનત કરવા છતાં પણ મતિ શ્રુતજ્ઞાન પરિપૂર્ણ નથી થઈ શકતું. જ્યારે તીર્થંકરના આત્માને ચ્યવનથી જ આ બન્ને મતિ-શ્રુતજ્ઞાન અને સાથે સાથે અવધિજ્ઞાન પણ પરિપૂર્ણ છે. માટે તેમને પાઠશાળામાં મોકલાવીને ભણાવવાની જરૂર જ નથી રહેતી. આખી જિંદગીમાં તેમણે પુસ્તકો વાંચવા-ભણવાની કે કોઈ પંડિત-શિક્ષક પાસે ભણાવવાની જરૂરત જ નથી રહેતી. વગર ભણાવે જ જન્મજાત-અર્થાત્ ગર્ભમાંથી જ તેમના ત્રણેય જ્ઞાનો પરિપૂર્ણ છે. માટે જ તેમને '**सयंसंबुद्धाणं**' કહેવાય છે. અર્થાત્ સ્વયં (પોતાની મેળે જ) બોધ પામે છે. તેમને બોધ પમાડવા પ્રતિબોધ કરવાની જરૂરત નથી રહેતી માટે તેમના કોઈ ગુરુ નથી હોતા. જ્યારે દીક્ષા પણ ગ્રહણ કરે છે ત્યારે પણ તેમના કોઈ ગુરુ નથી હોતા. માટે સ્વયં એકલા જ દીક્ષા ગ્રહણ કરે છે.

રાજ્યવ્યવસ્થા ચલાવવા રાજા બનાવવામાં આવે છે. તે વખતે ખાસ રાજ્યાભિષેક વિધાન થાય છે. પિતા રાજા સ્વયં નિવૃત્તિ લે છે. એવા સમયે પુત્રને રાજા બનાવવામાં આવે છે. પુત્રને વિરાસતમાં રાજ્ય આપવામાં આવે છે. પરંપરાની આ પ્રણાલિકા છે. પુત્રનો વિધિવિધાનપૂર્વક રાજ્યાભિષેક કરવામાં આવે છે અને ત્યાર બાદ પિતા પુત્રને રાજમુકુટ (તાજ) પહેરાવે છે. રાજતિલક કરવામાં આવે છે અને સમસ્ત પ્રજામાં ઘોષણા કરવામાં આવે છે કે આજ પછી સમસ્ત પ્રજાએ પુત્રને રાજા તરીકે સ્વીકારવો. રાજા સ્વરૂપે માનીને વ્યવહાર કરવો. આ રીતે રાજા બનાવવામાં આવે છે, પરંતુ આ ઘટના કે આ પ્રસંગ જગતના સર્વ જીવોના કલ્યાણ માટે સિદ્ધ નથી થતા. તેથી તેને પંચકલ્યાણકોની યાદીમાં સમાવવામાં નથી આવતા.

તીર્થંકર નામકર્મની ઉત્કૃષ્ટ કક્ષાની પુણ્ય પ્રકૃત્તિના ઉદયે સર્વોત્કૃષ્ટ સર્વ પ્રકારની સુખ, સંપત્તિ, સમૃદ્ધિ અને સત્તા વગેરે પામ્યા પછી છેલ્લે તીર્થંકરપણું પણ પામે છે. તીર્થંકર નામકર્મની ઉત્કૃષ્ટતમ પુણ્ય પ્રકૃત્તિ ને કારણે તીર્થંકરનો જીવ હલકા કુળમાં, કૃપણ, તુચ્છ, દરિદ્ર કુળમાં આવતો નથી. ઉચ્ચ કુળમાં, ભોગ કુળમાં, રાજકુળમાં એવા સર્વશ્રેષ્ઠ કુળમાં જ જન્મે છે-એવો સ્પષ્ટ નિર્દેશ કલ્પસૂત્રમાં મળે છે અને જે ખરેખર યોગ્ય

છે, સાચું છે. રાજકુળમાં જન્મ લેનારા રાજા બને છે. રાજાનું કાર્યક્ષેત્ર મહારાજ (સાધુ)ના કાર્યક્ષેત્ર કરતાં સાવ જુદી દિશાનું છે. રાજા મોટા ભાગે આદેશથી કાર્ય કરે છે, જ્યારે મહારાજ ઉપદેશથી કામ કરે છે. રાજાને કાયદા-કાનૂનને વધુ ન્યાય આપવાનું હોય છે-જ્યારે મહારાજ ઉપદેશથી ભાવનાથી માનસિકતાના પરિવર્તન ઉપર વધુ ભાર આપે છે. રાજ્ય વ્યવસ્થામાં દંડનીતિ પણ કામ કરે છે. જ્યારે મહારાજ સ્વયં ત્યાગી, તપસ્વી સંત હોવાથી દંડનીતિનો આશ્રય નથી લઈ શકતા...રાજાનું લક્ષ્ય પ્રજા-જનતાને શારીરિક સુખ-સાધનોની ઉપલબ્ધિ કરાવવા તરફ વધુ કેન્દ્રિત હોય છે. મહારાજ સમસ્ત જીવોની આત્મચિંતા કરે છે. આત્મકલ્યાણાર્થે મથે છે. માટે રાજ્ય વ્યવસ્થા એ સર્વ કલ્યાણકારી સાબિત નથી થઈ શકતી. માટે જ રાજા બનેલા બધા જ અંતે રાજપાટ, સત્તા છોડીને દીક્ષા ગ્રહણ કરીને સાધુમહારાજ બને છે સ્વાત્મકલ્યાણ સાધે છે, જ્યારે સાધુ મહારાજને સ્વયંનું પદ છોડવાનું નથી હોતું. આ પદ સત્તારૂપ નથી.

જૈન દર્શનનો મૂળ ઉદ્‌ગમ સ્રોત – સર્વજ્ઞ પરમાત્મા :-

જે સ્વયં પોતાના આત્માનું કલ્યાણ કરી શકે છે. તે જ બીજાનું, જગતનું, અન્યોનું કલ્યાણ કરી શકે છે. એનાથી સાવ વિપરિત જે જીવ પોતાનું કલ્યાણ નથી સાધી શકતો તે બીજાઓનું કલ્યાણ પણ કદાપિ નથી સાધી શકતો. સંભવ જ નથી. કલ્યાણ-દેહનું નહીં, આત્માનું થાય છે. દેહનું શું કલ્યાણ કરો ? રોગિષ્ટ દેહને નિરોગી કરી શકો ? અશક્ત-કમજોર દેહને સશક્ત-બળવાન બનાવી શકો ? શું મરણાધીન દેહને અમર બનાવી શકો ? શું નાશવંત દેહને શાશ્વત બનાવી શકો ? આમાંની એક પણ સંભાવના સંભવતી જ નથી. દેહ પુદ્‌ગલ દ્રવ્યના વિશિષ્ટ પ્રકારના ઔદારિક વર્ગણાના પુદ્‌ગલ પરમાણુઓના સમૂહને લઈને જીવે પોતે બનાવ્યો છે. પોતાનાં કર્મો પ્રમાણે બનાવ્યો છે. પુદ્‌ગલ દ્રવ્ય મૂળમાં પરમાણુ સ્વરૂપે ધ્રુવ છે. શાશ્વત અસ્તિત્વ ધરાવે છે, પરંતુ પરમાણુઓનો સંયોગ સંબંધ શાશ્વત નથી. તે વિખરાશે. સંયોગનો વિયોગ તો થશે જ.

ચેતનાત્માના પ્રદેશો જેવી રચના પુદ્‌ગલ પદાર્થોની નથી. આત્મા એક જ અખંડ-અસંખ્ય પ્રદેશી દ્રવ્ય છે. તેના પ્રદેશોની રચના એવી અખંડ સંબંધવાળી છે કે તેમાંથી એક પણ પ્રદેશ અનંતાકાળે છૂટો પડી શકે તેવો નથી. માટે અનંતાનંત કાળ સુધી અખંડ પ્રદેશ સમૂહાત્મક પિંડ સ્વરૂપ દ્રવ્ય છે. તેથી તે જ સ્વરૂપે શાશ્વત છે. જ્યારે આત્મરચનાથી સર્વથા ભિન્ન સંપૂર્ણપણે વિપરીત રચનાવાળો દ્રવ્ય પુદ્‌ગલ છે. સ્કંધાવસ્થા સુધી પુદ્‌ગલ દ્રવ્ય સપ્રદેશી છે, પરંતુ પ્રદેશો છૂટા પડીને સ્વતંત્ર થઈ ગયા પછી તે પરમાણુ પર્યાયમાં આવી જાય છે. માટે પરમાણુ સપ્રદેશી નથી અપ્રદેશી છે. પરમાણુ પોતે જ પ્રદેશરૂપે છે, તે સ્કંધથી છૂટો પડી ગયો છે, માટે સ્વતંત્ર પરમાણુ સ્વરૂપે ઓળખાય છે. હકીકતમાં પ્રદેશ અને પરમાણુ બન્ને એકસરખા જ છે-બન્ને એક માટે જ વપરાતી સંજ્ઞા

છે. માત્ર ફરક એટલો જ છે કે સ્કંધ સાથે સંકળાયેલા-જોડાયેલાને પ્રદેશ કહેવાય છે અને તે જ પ્રદેશ છૂટો પડી ગયા પછી સ્વતંત્ર પર્યાયમાં આવે છે ત્યારે પરમાણુ સ્વરૂપે ઓળખાય છે. દ્રવ્ય જુદા નથી પર્યાય જુદી જુદી છે. ઉત્પાદ-વ્યયની સતત ચાલતી પ્રક્રિયાના કારણે પર્યાય પરિવર્તન થતું જ રહે છે. સંઘાત વિઘાતની પ્રક્રિયાના કારણે પરમાણુઓનો સ્કંધ સાથે સંયોગ-વિયોગ થતો જ રહે છે. માટે પર્યાયો પરિવર્તન પામતી જ રહે છે. બદલાતી જ રહે છે. જ્યારે તે જ પુદ્ગલ દ્રવ્ય પરમાણુ સ્વરૂપે ત્રિકાળ નિત્ય જ અસ્તિત્વ ધરાવે છે.

દ્રવ્ય-ગુણ-પર્યાય એવા ત્રણેયના તેમ જ સાથે સાથે ઉત્પાદ-વ્યય ધ્રૌવ્યની ત્રિપદીના અભ્યાસુઓ આ વાતને બહુ સહેલાઇથી સમજી શકશે. નવા અભ્યાસુઓ જો દ્રવ્ય-ગુણ-પર્યાયની જે નયથી જે સમયે જેના વિશેની વાત ચાલતી હોય તે વખતે બરોબર તેના ઉપર જ લક્ષ આપશે, પૂરતું ધ્યાન કેન્દ્રિત કરીને જે દષ્ટિએ (નયથી) કહેવાય છે તે જ દષ્ટિએ બરોબર સમજવા પ્રયત્ન કરશે તો અવશ્ય સમજમાં આવશે. અસંભવ નથી. સમજી શકાય એવા જ જ્ઞેય ગમ્યતત્ત્વ છે. મોટા ભાગના દર્શનશાસ્ત્રો દાર્શનિકોએ ચેતનાત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય અને ધ્રૌવ્ય સ્વરૂપ ઉપર કોઈ ખાસ વિશેષ વિચાર કર્યો જ નથી જેવો જૈન દર્શને કર્યો છે. સૂક્ષ્મતમ કક્ષાનો વિચાર જૈનદર્શને કર્યો છે. માત્ર આત્મદ્રવ્યનો જ નહીં, પરંતુ સાથે સાથે પુદ્ગલ-પરમાણુ દ્રવ્યનો પણ-દ્રવ્ય-ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એવા સર્વ સ્વરૂપે સર્વ નયોની સર્વ દષ્ટિએ ખૂબ જ ગહન વિચાર કરવામાં આવેલ છે. કારણ કે જૈનદર્શનનો મૂળભૂત ઉદ્ગમ સ્રોત સર્વજ્ઞ પરમાત્મા છે. સર્વ સ્વરૂપ સર્વજ્ઞપ્રણીત હોવાથી જૈનદર્શનને વિરાસતમાં મળેલ છે. પરમાત્મા સર્વજ્ઞ-સર્વ દષ્ટા હોવાથી ત્રણેય કાળનાં સર્વ દ્રવ્યોને, બધા જ ગુણ-પર્યાયો સાથે જુએ છે અને જાણે છે. જ્ઞાન જાણવામાં અને દર્શન જોવામાં સક્રિય બને છે. હવે પ્રશ્ન એ થાય છે કે - જો પદાર્થનું અસ્તિત્વ જ દ્રવ્ય સ્વરૂપે ન હોય તો કોને જુએ? કોને જાણે? માટે, સર્વ પ્રથમ પદાર્થનું સ્વરૂપ સત્સ્વરૂપે અસ્તિત્વ ધરાવતું હોવું અનિવાર્ય છે. પદાર્થનું સ્વરૂપ જે જેવું છે, જે સ્વરૂપે છે, તેને તે જ સ્વરૂપે જોવું, જાણવું અને પછી તે જ સ્વરૂપે જણાવવું-કથનમાં વક્તવ્ય કરવું આ ત્રણેય સ્વરૂપમાં એક વાક્યતા જળવાઈ રહેવી અનિવાર્ય છે.

આ અને આવું સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ ઉભય પક્ષે સર્વજ્ઞના શાસન સિવાય અન્યત્ર સંભવ જ નથી. કારણ કે સર્વજ્ઞનું સ્વરૂપ જેટલું સાચું...તેટલું જ પદાર્થજ્ઞાન પણ શુદ્ધ સંપૂર્ણ જાણવા મળશે. પદાર્થોનું ચરમસત્યાત્મક સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ સર્વજ્ઞ પર અવલંબિત છે અને બીજી તરફ સર્વજ્ઞના અનંતજ્ઞાન-દર્શન અને ચરમસત્ય સ્વરૂપનો આધાર પણ સમસ્ત પદાર્થોના દ્રવ્ય-ગુણ-પર્યાયના ઉત્પાદ-વ્યય ધ્રૌવ્યાત્મક સંપૂર્ણ સર્વાંગીણ સત્ય સ્વરૂપ ઉપર આશ્રિત છે. આ રીતે બન્ને ઉભય પક્ષનું પરસ્પર આધાર-અવલંબન છે. માટે પદાર્થ કાલ્પનિક નથી, એ પુરવાર થાય છે. પદાર્થના કાલ્પનિકપણાની

કોઈ સંભાવના જ નથી રહેતી. ચૌદ રાજલોક સ્વરૂપ સમગ્ર વિશ્વમાં મૂળભૂત માત્ર પાંચ જ પદાર્થો છે. એમાં આકાશ એક જ એવું દ્રવ્ય છે કે, જે લોક-અલોક ઉભય ક્ષેત્રમાં સર્વવ્યાપી છે. અનંત છે. અસીમ છે. અમાપ છે. વ્યાપક વિશાળ હોવા છતાં એક અખંડ-અનંત પ્રદેશી આકાશાસ્તિકાય દ્રવ્ય છે. અવકાશ પ્રદાય ગુણધર્મવાળો દ્રવ્ય છે.

ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય આ બન્ને દ્રવ્યો ગતિ+સ્થિતિમાં સહાયક છે. આ બન્ને ચૌદ રાજલોકવ્યાપી દ્રવ્ય છે. બન્ને સ્વતંત્ર દ્રવ્યો છે. એક છે, અખંડ છે, અસંખ્ય પ્રદેશી દ્રવ્ય છે. સપ્રદેશી અજીવ દ્રવ્ય છે. વિશ્વવ્યાપી દ્રવ્ય છે.

ચોથું દ્રવ્ય પુદ્ગલાસ્તિકાય છે. પુદ્ગલના અનંતાનંત પરમાણુઓ છે. પરમાણુઓના સંયોગ-સંઘાતથી નિર્મિત અનંત સ્કંધાત્મક અનંત વસ્તુઓ, અનંત પર્યાયો વિદ્યમાન છે. સ્કંધાવસ્થામાં તે રૂપી છે. દશ્ય છે. તે જ પરમાણુ અવસ્થામાં અદશ્ય બને છે. સૂક્ષ્માતિસૂક્ષ્માવસ્થાના કારણે રૂપી હોવા છતાં પણ દષ્ટિગમ્ય નથી બની શકતા, પરંતુ પરમાણુઓમાં સંઘાત-વિઘાતની પ્રક્રિયા ચાલતી જ રહે છે. ઉત્પાદ-વ્યયની આ પ્રક્રિયાથી નિરંતર પર્યાયોમાં પણ પરિવર્તન આવતું જ રહે છે. વસ્તુઓ બદલાતી રહે છે. સમગ્ર વિશ્વભરમાં અનંતી દશ્યમાન વસ્તુઓ બધી જ પૌદ્ગલિક-ભૌતિક છે.

પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય આ બન્ને દ્રવ્યો લોક વ્યાપી છે. જીવ એક જ નથી પણ બધા એક જેવા-એક સરખા છે, તેથી અલગ-અલગ સ્વતંત્ર સ્વરુપે અસ્તિત્વ ધરાવે છે. એવી રીતે સત્તાગત ગુણોમાં પણ સમાનતા હોવાથી એક સરખાપણું સિદ્ધ થાય છે. માત્ર પરદ્રવ્ય-પુદ્ગલના પરમાણુઓની કર્મણવર્ગણા જીવાત્મા ઉપર ચોંટીને કર્મ સંજ્ઞા ધારણ કરે છે. તે કર્મના કારણે જીવો ભિન્ન-ભિન્ન દેહને ધારણ કરતા રહે છે. પરંતુ દ્રવ્ય અને ગુણ સ્વરૂપે જીવો એક સરખા-સમાન છે.

અનન્તાનન્ત જીવો સ્વદ્રવ્ય ગુમ સ્વરૂપે સ્વતંત્ર ધરાવતા હોવ છતાં પણ - પર દ્રવ્ય ગ્રસ્તતાના કારણે સર્વ પ્રકારની વિષમતાઓ દષ્ટિગત થાય છે. દેહના આધારે સમાનતા-સાદશ્યતા નથી. અનાદિ કર્મોએ આત્મ દ્રવ્ય ઉપર અને આત્મગુણો ઉપર પણ આવરણ સ્વરુપે કામ કરે છે. જીવોના સ્વ-સ્વ કર્મના ક્ષયોપશમાનુસાર ગુણો ઓછા-વત્તા અંશે પ્રગટ રહે છે. તેથી બધી વાતે વિષમતા વ્યક્ત થાય છે. તેથી સમસ્ત સંસારના અનન્તાનન્ત જીવો દ્રવ્યની પર્યાયગત વિષમતા, વિચિત્રતા,અને વિવિધતા જોવા મળે છે. ઢંકાયેલા ગુણો-દોષરૂપે વિપરીતરૂપે પ્રગટ થાય છે. આ રીતે ગુણગત વિષમતા, વિવિધતા અને વિચિત્રતા વિશ્વસ્તરે દષ્ટિગત થાય છે.

કર્મોદયાનુસાર જીવોની દેહપર્યાય ભિન્ન-ભિન્ન પ્રકારની થાય છે. દા.ત. એકેન્દ્રિય પર્યાયમાં પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાય એવા પાંચ

વિભાગો થાય છે. પૃથ્વીકાય જીવોના પાર્થિવ શરીરોની અસંખ્ય પર્યાયો ઉપલબ્ધ છે. પત્થર-પાષાણાદિ, રત્નો, સર્વપ્રકારની માટી, સર્વ પ્રકારની ધાતુઓ, ફટકડી, હીરા, માણેક, પ્રવાલ આદિ પૃથ્વીકાયના શરીરો છે. બધાના રંગ-રૂપ આકાર પ્રકારાદિ ભિન્ન-ભિન્ન છે. બધા જ પૃથ્વીકાયિક જીવો ખાણમાંથી નીકળે છે. તે મુનષ્યને વિવિધ પ્રકારે ઉપયોગમાં આવે છે.

અપ્કાયમાં કૂવાનું પાણી, તળાવનું પાણી, સમુદ્રનું પાણી, વરસાદનું પાણી આદિ દ્રવરૂપે અનેક પર્યાયો ધારણ કરે છે. અગ્નિકાય દિપકની જ્યોત, અંગારા, જ્વાલા, ભટ્ઠીનો અગ્નિ આદિ અનેક પર્યાયો ધારણ કરે છે. વાયુકાય વાયુસ્વરૂપમાં રહેલા જીવો-સમુદ્રની હવા, હિલ સ્ટેશનની મંદ-મંદ હવા, વાવાઝોડા રૂપે તોફાની વાયરો, ચક્રવાત રૂપે ગોળ-ગોળ ફરતો વાયુરૂપે અસંખ્ય પર્યાયો ધારણ કરે છે. વનસ્પતિકાયમાં અનેક પ્રકારની વનસ્પતિ-ઝાડ, પાન, ફળ, ફૂલ, થડ રૂપે અલગ-અલગ રૂપ, રંગ, સ્વાદ, ધરાવતા ફૂલ, ફળાદિ સ્વરૂપે જન્મે છે, મરે છે. વનસ્પતિના જીવો મૃત્યુ પામીનો દેહ છોડીને જ્યારે જતા રહે છે ત્યારે વનસ્પતિનો દેહ બધાના ઉપયોગમાં આવે છે. કાષ્ઠ-લાકડું વગેરે બધું જ ઉપયોગમાં આવે છે. અલગ-અલગ આકાર-પ્રકારના બનાવેલા ફર્નીચર વગેરે હજારો વર્ષો સુધી રહે છે. આવી રીતે સમસ્ત વિશ્વમાં અગણિત-અસંખ્ય વસ્તુઓ એકેન્દ્રિય જીવોના છોડેલા દેહરૂપે માનવજાતને ઉપકારી નીવડે છે.

આ જ પ્રમાણે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય પર્યાયમાં જીવો જન્મ-મરણ ધારણ કરે છે.

પંચાસ્તિકાયમાં ત્રણ નિષ્ક્રિય અને નિશ્ચલ દ્રવ્યો છે - ૧) આકાશાસ્તિકાય ૨) ધર્માસ્તિકાય ૩) અધર્માસ્તિકાય આ ત્રણ દ્રવ્યો પર દ્રવ્યથી બંધાતા નથી. લેપાતા નથી. તેથી તેમના ઉપર કર્મો લાગતા જ નથી. અજીવ દ્રવ્ય હોવાથી સમ્પૂર્ણપણે વેદના-સંવેદના રહિત જ છે. માટે તેમના ગુણોં ઉપર પણ કોઈ જાતની અસર થતી જ નથી. તેથી આ ત્રણેય દ્રવ્યોમાં વિવિધતા વગેરે કંઈ આવતી જ નથી. એક સરખી સમાનતા, સાદશ્યતા સદાકાળ બની જ રહે છે. આ ત્રણેય દ્રવ્યો સ્વતંત્ર હોવા છતાં અનન્તાનન્ત કાળ સુધી એક સરખા, એક જેવા, એક જ રૂપે રહે છે. તેમાં કોઈ પણ જાતના પરિવર્તનો સંભવતા જ નથી. આવું તેમનું દ્રવ્ય સ્વરૂપ છે. આવી દ્રવ્યગત વિશેષતા પાંચ માંથી ત્રણ દ્રવ્યમાં જોવા મળે છે. જ્યારે જીવ અને પુદ્ગલ આ બે દ્રવ્ય તેમના જેવા નથી.

જીવ અને પુદ્ગલ આ બન્ને દ્રવ્યોમાં અરસપરસ બંધ-સંબંધ અને સંબંધ વિચ્છેદ, સંયોગ-વિયોગ અનંતવાર થતા જ રહે છે. એક દ્રવ્યની બીજા દ્રવ્ય ઉપર અસર થાય છે. પ્રભાવ પડે છે. તેથી દ્રવ્ય અને ગુણો તથા પર્યાયોમાં પરિવર્તન થાય છે. ઓછા-વત્તાપણું આવે છે. પુદ્ગલ દ્રવ્યના ગુણો વર્ણ-ગંધ-રસ-સ્પર્શમાં પરિવર્તન આવતું જ રહે

છે. વધ-ઘટ પણ થાય છે. એવી જ રીતે જીવાત્માના ગુણો પણ પુદ્ગલ-પરમાણુઓના સમૂહાત્મક કાર્મણ વર્ગણાના સંબંધોથી-જોડાવાથી આત્માના જ્ઞાન-દર્શનાદિ ગુણો પણ આવરાય છે-ઢંકાય છે. ગુણોના પ્રગટીકરણમાં વૃદ્ધિ-હાનિ થાય છે. વધ-ઘટ થાય છે. બસ, આ જ કારણે ગુણો પૂર્ણરૂપે પ્રગટ થતા નથી અને અલ્પ માત્રામાં જ પ્રગટ થાય છે. તો ક્યારેક જીવની હાલત ઉપરથી વિપરીત કરી નાખે છે. અર્થાત્ જ્ઞાનના બદલે અજ્ઞાન પસરાવે છે. દર્શનના બદલે અદર્શન, વીતરાગતાના બદલે રાગ-દ્વેષ વધારે છે. અનંતવીર્યના બદલે અશક્ત-કમજોર બનાવે છે. સુખીના બદલે વિપરીત દુ:ખી કરી નાખે છે. આ રીતે જીવ અને પુદ્ગલ આ બન્ને દ્રવ્યો અરસપરસ-પરસ્પર એકબીજાથી પ્રભાવિત થતા જ રહે છે. અસર પામતા જ રહે છે. ભલે પુદ્ગલ માટે તો સારૂં-ખરાબ કંઈ જ નથી. જીવને પોતાના ગમા-અણગમાના કારણે તેને પુદ્ગલની અમુક પર્યાયો, ગુણોની પર્યાયો પસંદ પડે છે. ગમે છે. અમુક નથી ગમતી. પસંદ નથી આવતી. પુદ્ગલ માટે કંઈ જ ફરક નથી પડતો. માત્ર દ્રવ્ય-ગુણોની પર્યાયો પરિવર્તન પામતી રહે છે. બદલાય છે. પુદ્ગલ દ્રવ્ય વેદન-સંવેદનરહિત દ્રવ્ય હોવાથી તેને કંઈ જ ખબર નથી પડતી અને કંઈ જ ફરક પણ નથી પડતો. જ્યારે જીવાત્મા વેદન-સંવેદન સહિત જ્ઞાન-દર્શનાદિ ચેતનાયુક્ત દ્રવ્ય હોવાથી તેને સ્વ અને પરના દ્રવ્ય-ગુણ-પર્યાયની અસર થાય છે. તે જીવ ઉપર નિર્ભર કરે છે કે તે તેના સારા માટે કે ખરાબ માટે છે; શુભ કે અશુભ છે. જે એકના માટે સારી લાગે કદાચ તે બીજા માટે ખરાબ પણ લાગે. સારૂં-ખરાબ એ તે તે જીવની પોતાની વૃત્તિ-પ્રવૃત્તિ ઉપર આધાર રાખે છે. આ છે પંચાસ્તિકાયાત્મક વિશ્વનું સ્વરૂપ. જગત છે જ પાંચેય દ્રવ્યોના સમૂહનું સ્વરૂપ. સંસાર આવો છે અને આ રીતે જ ચાલતો રહે છે.

### ચરમ જન્મ પ્રવેશ - એ જ ચ્યવન કલ્યાણક:-

અનાદિ અનન્ત કાળથી અનંતા જીવોના ચાલી રહેલા જન્મ-મરણના ચક્રનું નામ જ છે સંસાર. જ્યાં અનન્તાનન્ત જીવોના જન્મ-મરણનું આ ચક્ર સતત-નિરંતર ચાલતું જ રહે તેનું નામ છે - સંસાર. અર્થાત સંસરણશીલ છે જેનો સ્વભાવ તે સંસાર. જ્યાં ઉત્પાદ વ્યયજન્ય પરિવર્તનની પરંપરા ચાલતી જ રહે તેનું નામ છે સંસાર. આ પરિવર્તનની પરંપરાને દુનિયાની કોઈ તાકાત અટકાવી શકે તેમ નથી. પણ હા, સાથા-સાથે આ પરંપરાનો સંચાલક કે વ્યવસ્થાપક કોઈ વ્યક્તિવિશેષ એવા ઈશ્વરની કલ્પના પણ મિથ્યા છે.

હા, એક માત્ર કર્મ સત્તા છે જે પ્રત્યેક જીવ સાથે સંકળાયેલી છે. પોતાના જ બાંધેલા કર્મો છે, તે કર્માનુસાર જ જન્મ-મરણ ચાલે છે. આ કારક તત્ત્વ કર્મ ન હોય તો સંસાર ચાલે જ નહીં, અને જન્મ-મરણનું ચક્ર પણ થંભી જાય. આ કર્મનો કર્તા જીવ સ્વયં જ છે. ઈશ્વર નહીં. કર્મ આત્મપ્રદેશો સાથે સજ્જડ બંધાયેલા-ચોંટેલા રહે છે. તે (કર્મ) બરાબર જીવાત્માને પોતાના વશમાં રાખે છે, અને જન્મ-મરણના ચક્રમાં ફેરવે છે. જીવની

કર્માધીન અવસ્થા તે જ સંસાર છે.

આવા ભયંકર સંસારમાં અથડાતો-કૂટાતો જીવ કોઈ સદ્‌ગુરુના સત્સંગે અથવા સ્વયં સમ્યગ્જ્ઞાન પામે છે. સાચી શ્રદ્ધા પામે છે, અને સંસારના નિરર્થક સ્વરૂપને સમજી લે છે. ઘાણીના બળદની જેમ નિરર્થક પરિભ્રમણ ક્યાં સુધી કરતા જ રહેવાનું? કેટલા કાળ સુધી દુ:ખો ભોગવતા જ રહેવાનું? ક્યાં સુધી અસ્થિર બનીને ભટકતા જ રહેવાનું?

ભોગાસક્તીમાં સુખોની ભ્રમણામાં રાચીને અન્તે દુ:ખો જ ભોગવવાનો વારો આવ્યો. સુખ મેળવવા વલખાં મારતો જીવ કાયમી સુખી થઈ શક્યો જ નહીં કારણ કે જે વસ્તુ અને વ્યક્તિ નિમિત્તક સુખો હતા તે પરિણામે દુ:ખદાયી નિવડ્યા. આવા સુખો ને મેળવવા સંસારના અસંખ્ય જીવો જન્મો વેડફી નાંખે છે. જ્યાં સુધી જીવોને સ્વાત્મભાન જ નહીં થાય ત્યાં સુધી આ સુખોની ભ્રમણા જ નહીં ટળે, ભ્રાન્તિ પણ નહીં સમજાય. અને નિરર્થક જન્મ-મરણના ચક્રમાં કાળ નિર્ગમન થતો જ રહેશે. ભૂતકાળના અનન્તાનન્ત જન્મોમાં જીવોએ આવા નશ્વર-નાશવંત સુખો પામીને ભ્રમવશ તેને જ ટકાવવા લાખ ઉપાય કરવા છતાં પણ ટકી શક્યા નથી. આવી રીતે સંસારચક્ર ચાલતું જ રહ્યું. દિગ્મૂઢ બનીને જીવો ભવ-ભ્રમણ કરતા જ રહ્યા છે.

આવા ભયંકર સંસારમાં પરિભ્રમણ કરતો જીવ નિસર્ગ અથવા અધિગમથી સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને અનુક્રમે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરે છે અને જે ભવમાં તીર્થંકર નામ કર્મનો રસોદય થવાનો છે તે ભવને અન્તિમ જન્મને ધારણ કરવા ગર્ભમાં પ્રવેશ કરવો તેનું નામ છે ચ્યવન. સંસારના સમસ્ત જીવો માટે કલ્યાણકારક હોવાથી ચ્યવનને કલ્યાણક કહેવાય છે. આ ભવમાં જેમ જન્મ અંતિમ છે તેમ મૃત્યુ પણ અંતિમ વખત જ થવાનું છે તેથી તેને પણ નિર્વાણ કલ્યાણકનું સ્વરૂપ આપવામાં આવ્યુ છે. કલ્યાણક તેને જ કહેવાય છે જે પ્રસંગ જે જીવનની ઘટના સ્વ-પર ઉભય માટે કલ્યાણકારી સિદ્ધ થાય છે.

સંસારમાં અનન્તાનન્ત જીવો પરિભ્રમણ કરી રહ્યા છે પરન્તુ કોઈ વિરલા એક-બે જીવો મુશ્કિલથી અન્તિમ જન્મ ધારણ કરે છે. આ અન્તિમ જન્મની કક્ષામાં આવવું કોઈ સામાન્ય ખેલ નથી. સાદિ વાત નથી. ઘણી આકરી સાધના પછી આવી સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

## કર્મ અને પુરૂષાર્થની ચતુર્ભંગી :-

૮૪ લાખ જીવયોનિઓમાં પરિભ્રમણ કરતો જીવ અંતે મનુષ્ય ગતિમાં આવે અને જન્મ ધારણ કરે એ વખતે સર્વ પાપ કર્મો ક્ષય કરાવવામાં સમર્થ સક્ષમ એવા ભગવાન, ગુરૂ અને ધર્મનો યોગ મળવો જોઈએ, અને સાથે સાથે મનુષ્ય જન્મ ઉચ્ચ ગોત્રાદિ

શુભ કર્મસંજોગો પ્રાપ્ત થઈ જાય પણ આવા સમયે ભગીરથ પુરૂષાર્થ કરવામાં જો જીવ કચાશ રાખે આળસ-પ્રમાદમાં રહી જાય તો હાથમાં આવેલી બાજી હારી જશે. કર્મ અને પુરૂષાર્થની ચતુર્ભંગીનો વિચાર આ રીતે કરીએ -

(૧) કર્મ શુભ ઉદયમાં હોય પણ યોગ્ય પુરૂષાર્થ ન કરે.

(૨) કર્મ શુભ ઉદયમાં હોય અને સુયોગ્ય પરૂષાર્થ કરે.

(૩) કર્મ શુભ ઉદયમાં ન હોય અને સુયોગ્ય પુરૂષાર્થ કરે.

(૪) કર્મ શુભ ઉદયમાં ન હોય અને સુયોગ્ય પુરૂષાર્થ પણ ન કરે.

સમસ્ત સંસારના જીવો આ ચાર પ્રકારોમાં ગણાય છે.

પ્રથમ પ્રકારના જીવોને શુભ કર્મ-પુણ્યના ઉદયે બધું ઉપલબ્ધ થવા છતાં પણ પુરૂષાર્થ ન કરી શકવાના કારણે બધું વ્યર્થ જાય છે. પુણ્યોદય પણ વ્યર્થ જાય છે.

બીજા પ્રકારના જીવો જગતમાં વિરલા હોય છે. શુભ કર્મ-પુણ્યોદય પણ સારો મળી જાય છે અને એવા સુયોગ્ય સમયને, સુવર્ણ સંધિને સમજીને સુયોગ્ય પુરૂષાર્થ સાધીને ધાર્યું કાર્ય પાર પાડે છે.

ત્રીજા પ્રકારના લોકો એવા હોય છે કે શુભ કર્મ-પુણ્યોદય ન હોવા છતાં પણ ભગીરથપુરૂષાર્થ કરીને ઘણીવાર ભાગ્યનો તક્તો બદલી નાખે છે. આમાં વચ્ચે તેર મણનો 'તો' ઘણો મોટો છે. મુશ્કેલ ઘણું છે. છતાં પ્રબલ પુરૂષાર્થ આખું ચિત્ર બદલી શકે છે. પુણ્યનો સાથન હોવાના કારણે તેવા જીવ વિશેષને પુરૂષાર્થ હજારગણો વધારે કરવો પડે છે. તો સાધી શકશે.

ચોથા પ્રકારમાં કર્મ અને પુરૂષાર્થ બન્નેનો અભાવ છે. એવા કોઈ સારા શુભ પુણ્ય-કર્મનો ઉદય પણ બિલકુલ નથી અને સામે તે પ્રબલ પુરૂષાર્થ પણ નથી કરી શકતો. એવા લોકોનો જન્મ વ્યર્થ જાય છે.

આ તો કેવું છે...વીજળી ચમકે એવા સમયે તક સાધીને સોયમાં દોરો પરોવી લેવો જોઇએ. પહેલાંથી તૈયારી કરીને તૈયાર રહેવું જોઇએ. જો ન પરોવી શક્યા...તો તક હાથમાંથી જતી રહેશે. પછી ફરી અંધારામાં રડતા રહેવું પડશે. રાધાવેધ સાધવા માટે ખૂબ સાવચેતી-સાવધાની રાખવી જોઇએ. સંસારમાં અનંતા જીવો છે. સંસારના સમસ્ત જીવો કર્માધીન છે, પરંતુ બધાનાં કર્મો એકસરખાં ક્યારેય નથી હોતાં અને બધાના શુભ પુણ્ય કર્મનો જ ઉદય હોય એવું હોતું નથી. ૧૦૦માંથી ૯૦ ટકા થી ૯૫ ટકા તો ભારે અશુભ પાપકર્મવાળા જીવો હોય છે અને એવા ભારે પાપ કર્મના ઉદયે જીવોને કોઈ સારા યોગ-નિમિત્તો પણ મળતા નથી. એવી કોઈ તક ન મળવાના કારણે, સત્સંગ-શુભ યોગ ન

મળવાના કારણે પુરૂષાર્થ કરવાનો પણ અભાવ હોય છે. લાખો-કરોડોમાંથી કોઈ વિરલા જીવો જ શુભ કર્મનો સાથન મળવા છતાં પણ પોતાનો પુરૂષાર્થ હજારગણો વધારીને આગળ વધીને સાધી શકે છે. એવા ને ઘણી ભારે જહેમત-ભગીરથપુરૂષાર્થ કરવો પડશે.

પૂર્વના સંચિત કર્મમાં શુભ પુણ્યકર્મનો જો સાથ-સહયોગ સારો મળી જાય અને સત્સંગ-સંતસમાગમ વગેરેનો સુયોગ્ય સાથ-સહયોગ મળી જાય અને ખાસ સમ્યગ્જ્ઞાન-સાચી દિશાનું જ્ઞાન મળી જાય તેનાથી સાચી શ્રદ્ધા જાગી જાય. સમ્યગ્ ચારિત્રાચારના આધારે નવાં થતાં પાપકર્મોને રોકી લે. ન કરે અને પછી જૂના પૂર્વસંચિત પાપકર્મોનો સદંતર નાશ કરવાની દિશામાં ભગીરથપુરૂષાર્થ આદરે તો પરિણામ ચોક્કસ સારું આવી શકશે. એક વાત ચોક્કસ છે કે સુયોગ્ય જ્ઞાન મેળવીને ભગીરથપુરૂષાર્થ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી. પૂર્વ સંચિત શુભ કર્મનો સાથહોય કે ન પણ હોય, ભલે ને મળે કે ન પણ મળે ! તેના ભરોસે હાથબાંધીને રાહ જોતાં બેસી ન રહેવાય. પ્રબળ પુરૂષાર્થ ઘણીવાર તક્તો બદલી પણ શકે છે. અરે ! પૂર્વ કર્મમાં પણ આવ્યું ક્યાંથી ? તે વખતે પણ જીવે પુરૂષાર્થ કર્યો ત્યારે જ તે પૂર્વ કર્મમાં જમા થયું હશે ને ? તો પછી જો પૂર્વકાળમાં પણ પુરૂષાર્થ કરીને જ પૂર્વકર્મમાં સંચિત થયું છે તો પછી વર્તમાનકાળમાં તેનાથી પણ વધારે ભગીરથપુરૂષાર્થ કરવામાં ક્યાં વાંધો છે ? શું કામ ન કરવો ? શા માટે પૂર્વસંચિત કર્મનો ઉદય થાય તેવી રાહ જોવી જોઇએ ? પુણ્યનો સહયોગ મર્યાદિત છે. જ્યારે પુરૂષાર્થની શક્તિ અમાપ છે. પુરૂષાર્થ જો પ્રબળતમ કક્ષાનો વધી જશે તો પુણ્ય કરતાં હજારગણો આગળ વધીને આત્મા ક્યાંથી ક્યાં પહોંચી જશે અને શું થી શું કરી શકશે.

## ગુણસ્થાનો પર પુરૂષાર્થનો મહિમા :-

ચૌદ ગુણસ્થાનો ઉપર એક-એક ગુણસોપાનો આગળ વધવા માટે મોટો ભાગ પુરૂષાર્થનો છે. પુણ્યોદયનો નહીંવત્ છે. મિથ્યાત્વનું વમન કરીને સમ્યગ્ દર્શન પામવા માટે પુણ્ય નથી જોઇતું. અપૂર્વકરણ જોઇએ છે. 'કરણ' આત્મશક્તિ વિશેષ માટે વપરાતો શબ્દ છે. અપૂર્વ શબ્દ કાળવાચી છે. પહેલાં ક્યારેય પણ આત્માએ એટલી શક્તિ નથી વાપરી. નથી ફોરવી જેટલી આ વખતે તેને ફોરવવાની છે. એવી જ રીતે ગુણસ્થાનોના ક્રમ ઉપર એક પછી એક ગુણસોપાન ઉપર આગળ વધવા માટે પણ એ જ થવાનું છે. પાંચમા ગુણસ્થાને દેશ વિરતિ ધારણ કરવા માટે પણ પ્રબળ પુરૂષાર્થ જ કામ આવશે. છઠ્ઠા ગુણસ્થાને સર્વ વિરતિ ધારણ કરીને સાધુ થવા માટે પણ સંસારનો ત્યાગ કરવા માટે પ્રબળ પુરૂષાર્થ જ કામે લાગશે. સાતમે ગુણસ્થાને અપ્રમત થવા માટે પુરૂષાર્થ કરવો પડશે. સર્વ પાપપ્રવૃત્તિના દરવાજા બંધ કરવા પડશે. કોઈ પણ કર્મ બંધાઈ ન જાય તે માટે પ્રબળ પુરૂષાર્થ કરશે તો જ સંભવ છે કે જીવ પાપકર્મના બંધથી બચી જશે. અનાદિકાળથી પાપકર્મ

કરવાના સંસ્કાર જીવને પડેલા છે તે દૂર કરીને તેનાથી વિરમવા માટે જીવને પ્રબળ પુરૂષાર્થ કરવો જ પડશે.

આગળ આઠમા ગુણસ્થાન ઉપર ચઢીને ક્ષપક શ્રેણી માંડવા માટેનો પુરૂષાર્થ ફરી અપૂર્વકરણ જ કરવું પડશે. સાતમા ગુણસ્થાને નવાં પાપકર્મ લાગી ન જાય. અર્થાત આશ્રવનાં દ્વાર બંધ કરવા, સંવર કરવામાં જીવે પુરૂષાર્થ કર્યો. જેથી નવા કર્મોનું આગમન-આશ્રવણ અટકી ગયું, પરંતુ સત્તામાં જે જૂના ઢગલાબંધ કરેલાં પડ્યાં છે તેનું શું થશે ? સત્તામાં પડેલા ગમે ત્યારે ઉદયમાં આવીને ફરી પાછા જીવને પછાડી શકે છે, માટે ક્ષપકશ્રેણી માંડીને સત્તામાંથી જ બધાનો ક્ષય-નિર્જરા કરવા ભગીરથપુરૂષાર્થ કરે છે. ક્ષપક એટલે ક્ષય-નાશ. એની જ શ્રેણી એટલે ક્રમશઃ લાઇનસર એક પછી એક બધાં કર્મો ખપાવતા જ જવું. સમૂળ સર્વથા કર્મોનો ક્ષય જ કરતા જવું. એવી અખંડ રીતે ધડાધડ એક પછી એક કર્મો ખપાવતા જ જવાની આ શ્રેણી એકધારી ત્યાં સુધી ચાલુ રાખવી જ્યાં સુધી જીવ મૂળભૂત મોહનીય કર્મનો સમૂળ-સંપૂર્ણ નાશ ન કરી નાખે ત્યાં સુધી અટકવું જ નહીં એવા સંપૂર્ણ લક્ષ્ય પૂર્વક એકધારા આગળ વધવું.

નવમા ગુણસ્થાને આવીને મોહનીય કર્મની સંજ્વલન કષાયની ક્રોધ-માન-માયાની ત્રણ પ્રકૃત્તિઓનો સમૂળ નાશ કરે છે, સ્ત્રી, પુરૂષ, નપુંસક ત્રણ વેદ મોહનીયની પ્રકૃત્તિઓ સંપૂર્ણ ક્ષય કરે છે. હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સા આદિ નોકષાયની છ પ્રકૃત્તિઓનો સંપૂર્ણ ક્ષય કરે છે. આવી રીતે મોહનીયની ૩+૩+૬=૧૨ કર્મ પ્રકૃત્તિઓ સમૂળ-સંપૂર્ણ ક્ષય કરીને જીવ એટલાં કર્મોની સત્તાથી સદાના માટે છૂટકારો મેળવે છે.

એક નાનકડી સૂક્ષ્મ લોભની પ્રકૃત્તિ બાકી રહી ગઈ તેને ખપાવવા જીવ દસમા સૂક્ષ્મ સંપરાપ ગુણસ્થાન ઉપર આવીને તેનો પણ ક્ષય કરે છે અને જીવ કૂદકો મારીને સીધો બારમા ગુણસ્થાને પહોંચીને વીતરાગી બને છે. અનંતાનંત કાળમાં - અનંતાજન્મોમાં જે ક્યારેય નથી બન્યું, ક્યારેય નથી થયું તે આજે સર્વ પ્રથમવાર બન્યું છે. થયું છે કે-જીવ સર્વ પ્રથમવાર સર્વથા રાગ-દ્વેષરહિત વીતરાગી બન્યો છે. ગજબનો આનંદ અનુભવે છે.

ક્ષીણ મોહ, વીતરાગ છદ્મસ્થતાનો આનંદ અનુભવતો જીવ કર્મક્ષયનો પોતાનો પુરૂષાર્થ વધુ તીવ્ર બનાવે છે અને થોડા સમયમાં તો જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય કરીને કેવળજ્ઞાન પામીને સર્વજ્ઞ બને છે અને દર્શનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય કરીને કેવળદર્શન પામીને સર્વદર્શની બને છે. અંતરાય કર્મનો સંપૂર્ણ ક્ષય કરીને અનંત શક્તિમાન બને છે. આ બધું જ ભગીરથપુરૂષાર્થ કરીને મેળવ્યું છે. આ બધા માટે કોઈ પુણ્યોદય નથી લાગતું. કોઈ શુભ કર્મના ઉદયે આ બને કે મળે એવી ભ્રમણામાં ન રહેવું. પાંચ પ્રકારના સમવાયી કારણોમાં પુરૂષાર્થને પણ પાંચમા કારણ રૂપે ગણ્યો છે, માટે પ્રબળ પુરૂષાર્થ કરીને




જીવ પામે છે. મેળવે છે. પુરૂષાર્થનો કોઈ જ પર્યાય કે વિકલ્પ નથી.

તેરમા ગુણસ્થાનકે આવીને જીવાત્મા સર્વજ્ઞ પરમાત્માનું બીરૂદ ધારણ કરે છે. આવા વીતરાગી પરમેષ્ઠી સ્વ-પર ઉભયનું કલ્યાણ કરે છે અને ચૌદમા ગુણસ્થાને આવીને ચાર અઘાતીકર્મની પ્રકૃત્તિઓને પણ અલ્પ સમયમાં ખપાવીને સર્વથા મુક્ત બનીને જીવ મોક્ષે જાય છે. સદાના માટે સિદ્ધ-બુદ્ધ-મુક્ત બને છે. સદાના માટે સંસારથી છૂટકારો મેળવે છે. આ છે પુરૂષાર્થનું પરિણામ. આત્માને છેક ક્યાંથી ક્યાં લઈ જાય છે અને શું થી શું બનાવી દે છે. માત્ર ભાગ્યના ભરોસે બેસી રહેવાથી કંઈ નહીં વળે.

આ અને આટલું બધું જ કાર્ય જીવ છેલ્લા એક જ ભવમાં કરે છે. ચરમ-અંતિમ ભવમાં જ આ બધું થાય છે. કરાય છે અને ત્યારે જ જીવ જન્મ-મરણની ભવ પરંપરામાંથી સદાના માટે મુક્ત થાય છે.

**ચરમ ભવ બે પ્રકારના :-**

કોઈ પણ જીવ ઉપરોક્ત ભગીરથ પુરૂષાર્થ કરીને તે જ ભવમાં પોતાની સંસારથી મુક્તિ સાધી લે તો તે તેમના માટે ચરમ ભવ પુરવાર થાય છે. આવા જીવો ગર્ભકાળથી ગર્ભપ્રવેશથી કોઈ વિશેષ લક્ષણ સાથે જન્મતા નથી. અર્થાત ગર્ભપ્રવેશ માત્રથી આ જીવનો આ ચરમ ભવ છે તેવું કહેવું મુશ્કિલ છે.

જે જીવ પૂર્વના ત્રીજા ભવમાં તીર્થંકર નામ કર્મની વિશિષ્ટ પુણ્ય પ્રકૃતિ બાંધીને વચ્ચે દેવ અથવા નરકમાં એક જન્મ કરીને માતાના ગર્ભમાં પધારે ત્યારે ચૌદ-ચૌદ મહા સ્વપ્નોથી સૂચિત-ગર્ભ પ્રવેશ અર્થાત અવતરનાર બાળકનો આ ચરમ-અન્તિમ ગર્ભપ્રવેશ છે એવું સૂચિત થાય છે. આવા મહાપુણ્ય પ્રભાવી મહાપુરૂષના મુખ્ય પ્રસંગો બીજાઓ માટે પણ પ્રેરણાસ્રોત સ્વરૂપે આલંબન બની જાય છે. તેવા મુખ્ય પ્રસંગોને કલ્યાણકારી પ્રસંગો ગણાય છે. તેથી તેવા પ્રસંગોને કલ્યાણક કહેવાય છે. સંસારના સમસ્ત જીવોનું કલ્યાણ કરનાર કલ્યાણકારી પ્રસંગોને કલ્યાણક કહેવાય છે. આવા પાંચ પ્રસંગો મુખ્ય છે - ૧) ચ્યવન ૨) જન્મ ૩) દીક્ષા ૪) કેવળજ્ઞાન પ્રાપ્તિ અને નિર્વાણ.

ચ્યવવું - સ્વર્ગ-દેવલોક અથવા નરક ગતિના જન્મની સમાપ્તિ-મૃત્યુ અને ત્યાંથી મનુષ્યગતિમાં માતાના ગર્ભમાં આવવાની પ્રક્રિયાને ચ્યવવું કહેવાય છે. આ રીતે બન્ને ક્રિયા માટે એક જ શબ્દ વપરાય છે.

રાજા-મહારાજા, વાસુદેવ, પ્રતિવાસુદેવ, બળદેવ, ચક્રવર્તીવગેરેના કોઇનાય માટે ચ્યવન કલ્યાણક કે જન્મ કલ્યાણક એવા શબ્દનો પ્રયોગ ઉપયોગમાં આવતો નથી.

દેવ-નરક ગતિમાંથી જ ચ્યવીને તીર્થંકરનો જીવ આવે છે :-

કર્મશાસ્ત્રમાં જણાવેલી પુણ્યની કુલ ૪૨ પ્રકૃતિઓમાંથી સર્વશ્રેષ્ઠ, સર્વોત્તમ કક્ષાની ઉત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિ છે- તીર્થંકર નામ કર્મ. પૂર્વના ત્રીજા ભવે આવી સર્વોત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિરૂપ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરીને અર્થાત આરક્ષણ કરીને પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને ૯૯% જીવો દેવગતિમાં જ જાય છે. આ જ રાજમાર્ગ છે. દા.ત. વર્તમાન અવસર્પિણી કાળની આદીશ્વર ભગવાનથી મહાવીરસ્વામી સુધીની વર્તમાન ચોવીશીના દરેક જીવો સ્વર્ગમાંથી-દેવગતિમાંથી આવીને જ તીર્થંકર બન્યા છે.

ભાવિ ચોવીશીના ભ.પદ્મનાભ સ્વામી થી ભ.સ્વાતિબુદ્ધ સુધીના ૨૪ તીર્થંકરોમાંથી ૨૧ તીર્થંકર ભગવંતો સ્વર્ગ-દેવલોકમાંથી આવીને તીર્થંકર બનશે.

આમ તીર્થંકર બનનાર જીવો મોટે ભાગે દેવલોકનો દેવ ભવ પૂર્ણ કરીને અન્તિમ વાર ગર્ભ પ્રવેશ કરે છે તે પુરવાર થાય છે કે આ જ રાજમાર્ગ છે.

નરકગતિમાંથી પણ આવીને જીવ તીર્થંકર બની શકે છે, આ એક અપવાદ માર્ગ છે. માટે સર્વથા-સપૂર્ણ નિષેધ કરવામાં આવ્યો નથી. તીર્થંકર નામ કર્મની ઉપાર્જના પૂર્વે જીવવિશેષે હિંસાદિ મહાપાપોના સેવન પૂર્વક નરક ગતિ અને આયુષ્ય નિકાચીત કરી લીધા હોય તો તેમને નરકમાં પણ જવું પડે છે. દા.ત. શ્રેણિક મહારાજા. જંગલમાં જઇ હરણ વગેરે નિર્દોષ-અબોલ જીવોનો શિકાર કરી રાજી થતા. એક દિવસ ગર્ભિણી હરીણીનો શિકાર કર્યો. એક તીરે બે જીવ મર્યા. તેની ખૂબ-ખૂબ અનુમોદના કરીને નરક ગતિનું આયુષ્ય નિકાચિત કરી લીધું. કાળાન્તરે ઢળતી ઉંમરે સારા સદ્ પુણ્ય યોગે પ્રભુ મહાવીરનો સમ્યગ્ધર્મ મળી ગયો. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ, ધર્મ જીવનમાં ઓતપ્રોત થઈ ગયો. દુઃખી જીવોને જોઇને આંખો અનરાધાર વરસી રહી હતી. બીજાના દુઃખે દુઃખી થનારા રાજા શ્રેણિકને જગતના સમસ્ત જીવોને દુઃખ મુક્ત કરાવવાની ઉત્કૃષ્ટ ભાવના જાગી, અને તેનું પરિણામ આવ્યું કે - ''સવિ જીવ કરું શાસન રસી''ની ભાવનાનો મંત્રની જેમ અજપા જાપ કરી શક્તિ મેળવવાની જબરદસ્ત તમન્ના જાગૃત થઈ, આ ભાવના દ્વારા તેમણે સમ્યગ્દર્શન પદની ઉચ્ચતમ આરાધના-સાધના દ્વારા તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અને તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરવા છતાં પણ નિકાચીત એવી નરક ગતિનું કર્મ ન

ટળી શક્યું, માટે નરકમાં જવું પડ્યું.

**દુઃખના કારણરૂપે ઇશ્વર કે કર્મ ? :-**

દુક્ખ રૂવે, દુક્ખ ફલે, દુક્ખાણુબંધે - પંચસૂત્રનાં મૂળમાં સંસારનું સ્વરૂપ દર્શાવતા ઉપરોક્ત ત્રણ પદો આપ્યા છે. આ સંસાર દુઃખરૂપ છે, દુઃખ ફલક છે અને દુઃખના અનુબંધવાળો છે અર્થાત સંસાર હોય એ દુઃખથી મુક્ત હોય તે સંભાવના નહિંવત છે. પ્રશ્ન એ થાય છે કે આ દુઃખનો દાતા કોણ ? ક્યા કારણે જીવો દુઃખ પ્રાપ્ત કરે છે ? શું દુઃખના દાતા રૂપે ઇશ્વરને માનવા કે પછી કર્મને સ્વીકારવા ?

આ પ્રશ્નોના ઉત્તરની શોધખોળમાં જ મોટાભાગના લોકો ભૂલ કરી બેઠા છે ઘણાંએ આ સંસારના સમસ્ત જીવોના દુઃખનું કારણ ઇશ્વરને જ માની લીધા છે. બસ, ઇશ્વર જ બધાને સુખ-દુઃખ આપે છે. પ્રશ્ન એ થાય છે કે - શા માટે ઇશ્વર બધાને દુઃખ આપે છે ? આ ઉત્તરમાં ઇશ્વરવાદીઓ પાસે કોઇ સુસંગત સાચો ઉત્તર જ નથી, માટે માત્ર એટલો જ જવાબ આપે છે કે ઇશ્વર ની મરજી-ઇશ્વરની ઇચ્છા. **ईश्वरेच्छा बलीयसी** ઇશ્વરની ઇચ્છા જ બળવાન છે. આમ જગતના જીવોની સુખ-દુઃખ પ્રાપ્તિના મૂળીયા છેક ઇશ્વરની ઇચ્છા સુધી પહોંચ્યા. હવે ઇશ્વરની ઉપાસના કરવી કે તેમની ઇચ્છાની ? ઇશ્વર રાજી થાય અને તેમની દુઃખ આપવાની ઇચ્છા ન બદલાય તો? તેમની દુઃખ આપવાની ઇચ્છાને સુખ દેવાવાળી બનાવવા શું કરવું? ઇશ્વર બળવાન છે કે ઇચ્છા? ઇશ્વર ઇચ્છા ને આધીન છે કે ઇચ્છા ઇશ્વર ને આધીન છે? ઇશ્વરને પૂછવામાં આવે કે જગતના જીવોને દુઃખી શા માટે કરો છો? આપ તો દયાના સાગર, કરૂણાના ભંડાર છો, ત્યારે ઇશ્વર પાસે એક જ ઉત્તર છે- બસ, મારી ઇચ્છા. આપતી વખતે જેવી ઇચ્છા થઇ તેવું અપાઇ ગયું. હવે બાજી મારા હાથમાં નથી.

આવા સંજોગોમાં એવા પ્રશ્નો ઊભા થાય છે કે - શું ઇશ્વર કરતા પણ તેમની ઇચ્છા વધારે બળવાન છે? શું ઇચ્છા સ્વતંત્ર તત્ત્વ છે? ઇચ્છાથી ઇશ્વર બંધાયેલા છે કે ઇશ્વરથી ઇચ્છા બંધાયેલી છે? ઇશ્વર જેવા સર્વ શક્તિમાન-સર્વ સામર્થ્યવાન પણ શું ઇચ્છાના ગુલામ, ઇચ્છાને આધીન-પરાધીન હોઇ શકે? શું ઇશ્વર ઇચ્છાની ચુંગાલમાંથી છૂટી ન શકે? તો પછી સર્વ શક્તિમાન, સર્વ સામર્થ્યવાન પણ કેવી રીતે માનવા? અહીંયા તો એવું પુરવાર થઈ રહ્યું છે કે ઇચ્છા જ સર્વ શક્તિમાન-સર્વ સામર્થ્યવાન તત્ત્વ છે અને ઇશ્વર તેના-ઇચ્છાના ગુલામ છે. ઇચ્છા વધારે બળવતી છે. ઇશ્વર ઇચ્છાના બંધનમાંથી છૂટી નથી શકતા. ઇચ્છા ડ્રાયવર થઇ ઇશ્વરની ગાડી હંકારે છે.

ઇશ્વર કતૃત્વવાદીઓની આવી માન્યતા કેવી વિચિત્રતાઓથી ભરેલી છે. આવી મિથ્યા ધારણાઓથી બંધાયેલા મિથ્યાત્વગ્રસ્તતાના કારણે ઇશ્વરનું સ્વરૂપ જ સાવ

વિકૃત કરી નાખ્યું છે. આવી વિચિત્ર પ્રકારની માન્યાતાઓના કારણે અન્તિમ સત્ય ક્યાંથી પ્રગટ થઇ શકે ?

ચરાચર વિશ્વ વિષેના અંતિમ સત્યને પામવા માટે જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાનથી ઇશ્વરનું સાચું શુદ્ધ પવિત્રતાથી ભરેલું અને ઇચ્છા રહિત સ્વરૂપ સમજીને પછી સમ્યગ્દર્શનના પાયા મજબૂત બનાવવા પુરૂષાર્થ કરવો જોઇએ.

સમ્યગ્દર્શનના ક્ષેત્રમાં સુખ-દુઃખના કારણીભૂત ઇશ્વર માનવામાં નથી આવ્યા. ત્યાં તો જીવના સ્વયં ઉપાર્જિત શુભાશુભ કર્મને જ સાચા કારણરૂપે સ્વીકાર્યા છે એટલે સુખી થવું કે દુઃખી તે જીવની સ્વયંની ઇચ્છાને આધીન છે અર્થાત સુખી થવા માટે સારી-શુભ પ્રવૃત્તિનો આદર પૂર્વક આરંભ કરવો, સારી-શુભ પ્રવૃત્તિ દ્વારા પુણ્યોપાર્જન થશે. કાળાન્તરે તે પુણ્ય પ્રભાવે જીવને સુખ મળશે. જો જીવને દુઃખી જ થવું હોય તો પછી ખરાબ-અશુભ પાપની પ્રવૃત્તિ કરે. અથવા દુઃખી માંથી સુખી બનવું હોય તો ખરાબ-અશુભ પ્રવૃત્તિનો સર્વથા ત્યાગ કરે. આમ સુખી થવું કે દુઃખી તેની લગામ જીવના પોતાના હાથમાં છે, ઇશ્વરના હાથમાં નહીં.

આમ દુઃખના સાચા કારણ સ્વરૂપે પાપકર્મો રહેલા છે એમ પુરવાર થાય છે. રોગનું નિદાન થયા પછી રોગનો ઉપચાર પણ સટીક થાય છે. જેના કારણે રોગમુક્તિનું પરિણામ પણ જલ્દી પામી શકાય છે. અહીંયા પણ દુઃખના નિદાન સ્વરૂપે જીવે પોતે કરેલા પાપકર્મો જ પુરવાર થતા હોવાથી નવી પાપની પ્રવૃત્તિ કરવી નહીં અને જુના પાપોને આત્મામાં રાખવા નહીં, આવો ઉપચાર કરવાથી દુઃખનું નિવારણ થાય છે.

આ પ્રક્રિયામાં ઇશ્વર ક્યાંય વચ્ચે આવતા નથી. ઇશ્વરની ઇચ્છા પ્રમાણે નહીં, જીવની સ્વયંની ઇચ્છા પ્રમાણે પાપમુક્તિ દ્વારા દુઃખમુક્તિ મળે છે. હા, એક વાત જરૂર છે કે પાપમુક્તિ માટે ઇશ્વરનું આલંબન ઉપયોગી અને ઉપકારી સાર્થક ઠરે છે. ''ઇલમ કી લકડી, જાદુ કા ખેલ'' આવા કોઇ ચમત્કારથી જીવે કરેલા પાપકર્મોને ઇશ્વર-ભગવાન પણ દૂર નથી કરી શકતા. ભગવાન સર્વ શક્તિમાન-સર્વ સામર્થ્યવાન હોવાથી પોતાના બધા જ કર્મોનો આત્યંતિક ક્ષય કરી શકે પણ બીજા જીવોના કર્મોનો નહીં.

સર્વ શક્તિવાન-સર્વ સામર્થ્યવાન ભગવાન પાપકર્મોથી બચવાનો ઉપદેશ આપીને જીવને પાપ કરવાની બુદ્ધિ-ઇચ્છા જ ન થાય તેવો સમ્યગ્જ્ઞાનનો સાચો માર્ગ બતાડી શકે. તેવી જીવની માનસિકતા તૈયાર કરી શકે, પાપમુક્તિની પ્રબલ ભાવના નિર્માણ કરી શકે પરન્તુ પાપકર્મથી બચવાનો પૂર્ણપણે પ્રયત્ન-પુરૂષાર્થ જીવે પોતે કરવો પડે.

## દુઃખનું મૂળ કર્મ અને કર્મનું મૂળ પાપ :-

ઉપરોક્ત સત્યની દિશામાં આધ્યાત્મિક પ્રગતિના મંડાણ રહેલા છે. સત્ય જ

તારક છે, અસત્ય મારક છે. સત્ય જ પ્રકાશની દિશા છે, જ્યારે અસત્અંધકારના ગર્તમાં લઈ જાય છે. સત્ય પૂર્ણિમાનો પ્રકાશ છે તો અસત્ય અમાવાસ્યાની અંધારી રાત્રી છે. અસત્ય માનીને તેવી ધારણા બનાવી લેવાની વૃત્તિને જ મિથ્યાત્વ કહેવાય છે. આવી મિથ્યાવૃત્તિમાં નિષેધાત્મક બુદ્ધિ બની જાય છે. તેથી કર્મ નથી, મોક્ષ નથી, આત્મા નથી, લોક-પરલોક નથી, પૂર્વજન્મ-પુનર્જન્મ નથી. અદશ્ય તત્ત્વ જેવું કંઈ જ નથી. બસ જે છે તે દશ્યમાન જ છે. બધું જ સુખ અહીં ભોગવવા મળે તે જ સ્વર્ગ છે અને તેવું સ્વર્ગ અહીં આ ધરતી પર જ છે. બસ, આ સિવાય અન્યત્ર ક્યાંય સ્વર્ગ નથી કે દેવી-દેવતાઓ નથી અને એવી જ રીતે બધાં દુઃખોની પરિસ્થિતિ એ જ નરક છે.

આવી મિથ્યા-અસત્યની પક્કડવાળા મિથ્યાત્વી જીવો કાર્યનું સાચું કારણ પણ માની શકતા નથી. સંસારના દુઃખનું કારણ ઇશ્વરને માની બેસે છે. તેમાં પણ ઇશ્વરની ઇચ્છાને જ પ્રબળ કારણ માને છે. તેવી ઇચ્છા ઇશ્વરમાં જાગવાનું શું કારણ છે ? તો તેના માટે કોઈ જવાબ નથી. કોઈ કારણ નથી. ઉત્તર નથી. સત્યદષ્ટિવાળા સમ્યકત્વી જીવો અંતિમ સત્યને જ પોતાની શ્રદ્ધાનો વિષય બનાવે છે. તેવી જ માન્યતા બનાવી લેવાની વૃત્તિને સમ્યકત્વ કહેવાય છે. સર્વજ્ઞ પ્રણિત તત્ત્વ જ અંતિમ સત્ય છે માટે નરી આંખે ન દેખાવા છતાં પણ આત્મા છે-પરમાત્મા છે. મોક્ષ છે, કર્મ છે. કર્મ જ સર્વના સુખ-દુઃખનું કારણ છે. નિરર્થક ઇશ્વરને કે ઇચ્છાને સમસ્ત જીવોના સુખ-દુઃખના કારણરૂપે માનીને ઇશ્વરનું સ્વરૂપ શા માટે દૂષિત કરવું ?

સર્વ દુઃખોનું મૂળ બીજ પાપ છે. પાપને જ બીજા શબ્દોમાં અશુભ કર્મ કહેવાય છે. તેના જ ઉદયે દુઃખ ભોગવવાની પરિસ્થિતિ નિર્માણ થાય છે. જેનાં કર્મો શુભ હોય તેમને ઉદયમાં સુખ આવે છે. જેમના અશુભ પાપકર્મો ઉદયમાં આવે છે તેમને દુઃખ-દારિદ્રય-દુર્ગતિ મળે છે. કૃત કર્માનુસાર દુઃખ ભોગવવા જીવ તિર્યંચ ગતિમાં પશુ-પક્ષીના જન્મો કરતો જાય છે. અત્યંત તીવ્રાતિતીવ્ર પાપકર્મના ઉદયે જીવ નરકગતિમાં જઈને દુઃખ ભોગવે છે. એવી જ રીતે શુભ પુણ્ય કર્મ ઉદયમાં આવતાં જીવો મનુષ્યગતિનાં સુખ-સમૃદ્ધિવાળા જન્મો કરે છે. વિપુલ પ્રમાણમાં સુખ ભોગવવા જીવ સ્વર્ગમાં દેવી-દેવતાના જન્મ કરે છે, માટે સ્વર્ગ-નરક અવશ્ય છે. તેવી જ રીતે પૂર્વજન્મ અને પુનર્જન્મ પણ થાય છે. આ રીતે લોક-પરલોક પણ સિદ્ધ થાય છે. અંતમાં સર્વ કર્મથી મુક્ત થતાં મોક્ષ પણ છે. અદશ્ય હોવા છતાં બધાં તત્ત્વોનું અસ્તિત્વ છે. આપણી દષ્ટિએ ન દેખાય તથા આપણી બુદ્ધિ તે અદષ્ટ તત્ત્વને ન પણ સમજી શકે તો શ્રદ્ધાયોગે સત્ત્ય તત્ત્વ સ્વીકારીને જ્ઞાનથી સમજવા વધુ પુરુષાર્થ કરતા રહેવું જોઇએ. આ જ રીતે સમ્યગ્દર્શનની દિશામાં પ્રગતિ સાધી શકાશે અને એક દિવસ જીવ સમ્યગ્દર્શન પામી શકશે. સમ્યગ્દર્શન પામી ગયા પછી જગતનું બધું જ સત્ય, બધા જ વિષયોનું સત્ય સમજવું બહુ જ સહેલું બની શકે છે. એમ

કરતાં એક દિવસ એવો પણ આવશે કે ચરમસત્ય પણ સહેલાઇથી સમજી શકાશે અને સ્વીકારી-માની શકાશે. સમ્યગ્જ્ઞાનથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકે છે. આવા સમ્યગ્દર્શનની ઉપલબ્ધી પછી સ્પષ્ટ સમજાઈ જશે કે દુઃખનું મૂળ કર્મ છે અને કર્મનું મૂળ અશુભ-પાપકર્મ છે. બસ, તેના ઉદયે જ જીવ દુઃખી થાય છે. દુઃખદાતા કે દુઃખહર્તા, સુખદાતા કે સુખહર્તા કોઈ ઇશ્વર વિશેષ નથી. માટે આ અસત્યને સદા માટે સર્વથા વર્જ્ય કરી દેવું જોઇએ.

### કર્મ - નિકાચિત અને અનિકાચિત :-

કર્મો નિકાચિત અને અનિકાચિત એવા બન્ને પ્રકારના હોય છે. અનિકાચિત એટલે શિથિલ કર્યો છે. જેનો ઉદયમાં આવતા પહેલાં પણ ઉદીરણા કરીને પણ સમૂળ ક્ષય કરી શકાય છે. જ્યારે બીજા નિકાચિત કર્મો એવા સજ્જડ સોલિડ બંધાયેલા છે કે તેને ઉદીરણા આદિ હજાર ઉપાયે પણ ખપાવી ન શકાય. તેમાં કોઈ પણ જાતનો ફેરફાર-પરિવર્તન કરી જ ન શકાય. ગમે તેટલો, અને ગમે તેવો ધર્મ આચરવામાં આવે અથવા તપશ્ચર્યા કરવાપૂર્વક ઉદીરણા કરવામાં આવે તો પણ નિકાચિત કર્મમાં રત્તીભર પણ કોઈ પણ જાતનું પરિવર્તન-ફેરફાર થાય જ નહીં. એવા અપરિવર્તનશીલ હોય છે. માટે નિકાચિત કર્મો ઉદયકાળે ભોગવવાં જ પડે છે. શુભ હોય કે અશુભ હોય તે કર્મ જ્યારે ઉદયમાં આવશે ત્યારે તે સ્વરૂપે ભોગવવાં જ પડશે. કારણ એ છે કે એવી તીવ્રતાપૂર્વક બાંધેલા હોય છે. તીવ્રતર-તીવ્રતમ રસ બંધપૂર્વક સ્થિતિ બંધ બંધાયેલા હોય છે. જેમ કે બે જાતના રંગ હોય છે. હળદરનો કાચો રંગ કપડા ઉપર લાગતાં ડાઘ વહેલો-મોડો નીકળી જાય છે. જ્યારે પાકો રંગ કપડા ઉપર એવો સજ્જડ લાગેલો હોય છે કે કાપડ ફાટી જશે, જીર્ણ-શીર્ણ થઈ જશે તો પણ તે રંગ નહીં જ નીકળે. તેવા નિકાચિત કર્મો ઉદયકાળે તે રીતે ભોગવવાં પડશે. કોઈ વિકલ્પ જ નથી. દા.ત. ભ. મહાવીરે શય્યા પાલકોના કાનમાં તપતું સીસુ રેડાવીને જે ભારે કર્મ બાંધ્યાં હતાં તે એવા સજ્જડ નિકાચિત થઈ ગયા હતા કે ૧૮મા ભવમાં આ કર્મ બાંધી લીધા પછી ૨૨,૨૩, ૨૫ અને ૨૭મા આ ચારેય ભવોમાં લાખો-કરોડો વર્ષો સુધી તપ-તપશ્ચર્યા વગેરે કરવા છતાં પણ આ કર્મ શિથિલ થયું નહોતું અને છેવટે ૨૭મા ભવમાં મહાવીરના કાનમાં ખીલા ઠોકાયા...પ્રભુના કાનમાં ઊંડા પેસી ગયેલા ખીલા સાણસીથી પકડીને ખેંચતા પ્રભુથી મોટી ચીસ પડી ગઇ, તે ચીસની તીવ્રતા એટલી ભયંકર હતી કે- સામે જો પહાડ હોત તો તે પહાડમાં પણ તિરાડ પડી ગઇ હોત. આ પ્રસંગ પરથી અનુમાન કરો કે - કર્મોદયે દુઃખની આટલી તીવ્રતા હોય તો તર્મ બાંધતા કેટલી તીવ્રતા હશે? કાનમાં ગરમાગરમ શીશુ રેડવતી વખતે ત્રિપૃષ્ઠ વાસુદેવના કષાયની તીવ્રતા કેટલી હશે? કેવા તીવ્રતમ રસ પૂર્વક કેવું કર્મ બંધાયું હશે? કાર્યાધારે કારણાનુમાનની પદ્ધતિથી જાણી-સમજી શકાય છે.

કમઠ અને મરૂભૂતિ એક માં ના સગા બન્ને દીકરાઓ. બન્ને ભાઇઓમાં

પહેલા ભવથી જ મોટા ભાઈ કમઠે તીવ્રતર કક્ષાના દ્વેષભાવપૂર્વક નિકાચિત નિયાણાના તીવ્રતમ નિકાચિત કર્મો બાંધી લીધા હતા જેના પરિણામે તે કમઠ ૧૦ ભવો સુધી પોતાના જ નાના ભાઈ એવા મરૂભૂતિના જીવને દરેક ભવમાં મારી નાખવાની પ્રવૃત્તિ આચરે છે અને મારી નાખ્યા પછી જ તેને સંતોષ થાય છે. આમાં એક તરફ જૂનાં કર્મો તો છે જ તેના ઉદયે કરાતી પ્રવૃત્તિથી ફરીથી નવાં કર્મો બાંધીને પાછો તેમાં નવો ઉમેરો કરીને ભવોભવ-જન્મજન્મ સુધી વૈર-વૈમનસ્યની પરંપરા વધારતા જ જવાની પ્રવૃત્તિ ચાલ્યા જ કરે છે. આ તો સારું એ થયું કે નાના ભાઈ મરૂભૂતિનો જીવ સમતાધારી બનીને સમતા રાખીને-સહન કરતાં કરતાં પોતે ફરીથી નવાં કર્મો કોઈ પણ સંજોગોમાં બાંધવાના જ નથી, એવા દઢ નિર્ધારપૂર્વક ધર્મભાવનામાં જીવતો હોવાથી કમઠનું વૈમનસ્ય એકપક્ષી વેર બનીને રહ્યું. તેથી ૧૦ ભવમાં પણ મરૂભૂતિનો જીવ પાર્શ્વનાથભગવાન બનીને મોક્ષે જતા રહ્યા તો આ વેર-વૈમનસ્યની પરંપરાનો અંત આવી ગયો, પરંતુ જો બન્ને પક્ષે-સામસામે બન્ને બાજુ કમઠ જેવા બન્ને એકસરખા તીવ્રતર ક્રોધાદિ કષાયની દ્વેષવૃત્તિ-પ્રવૃત્તિવાલા જીવો હોત તો શું પરિણામ આવત ? તેની તો કલ્પના કરવી પણ ધ્રૂજાવી નાખે તેવી છે.
ચતુર્ભંગીમાં-ચાર પ્રકારો આ રીતે જોઈ શકાય છે.

બન્ને પક્ષે બન્ને જીવો સરખા દ્વેષ, ક્રોધ, વૈમનસ્યવૃત્તિવાળા હોય.

બન્ને પક્ષે બન્ને જીવો સરખા રાગ-પ્રેમ-સ્નેહભાવવાળા હોય.

એક પક્ષે એક જીવ તીવ્ર ક્રોધ-દ્વેષવાળો હોય જ્યારે બીજો સામે પ્રેમ-સ્નેહ આદિ સમતા, સહનશીલ, શાન્તવૃત્તિવાળો હોય તો...

ચોથામાં પક્ષપલટો થયેલો દાખલો લેવો, એક જીવ તીવ્ર પ્રેમ-સ્નેહભાવવાળો સમતાધારી, સહનશીલ શાન્તવૃત્તિવાળો હોય, પરંતુ સામેનું પાત્ર તીવ્ર દ્વેષ, તીવ્રતર ક્રોધ, તીવ્રતર વૈમનસ્યવૃત્તિવાળો હોય તો....

ઉપરોક્ત ચારેય ભેદે સંસારના અનંતા જીવોમાં આ પ્રમાણે થતું જ આવે છે. ઘટનાઓ ઘટતી જ હોય છે. ઉભય પક્ષે બન્ને સરખા ક્રોધી, તીવ્ર દ્વેષી જીવો દ્વેષ, વેર-વૈમનસ્યથી સામસામે વેર બાંધી લે છે અને બન્ને એકબીજાને મારી નાખવા માગતા હોય છે. આવી તીવ્ર વેર-વૈમનસ્યની વૃત્તિ-પ્રવૃત્તિ કેટલા જન્મો સુધી ચાલશે અને ક્યાં જઈને અટકશે તે વિશે કંઈ જ ન કહી શકાય.

બીજા ભંગમાં બન્ને તીવ્ર રાગી-પ્રેમી-સ્નેહી હોય છે. જેમ દ્વેષ ખતરનાક છે તેમ તીવ્ર રાગ પણ સારો તો નથી જ. તીવ્ર રાગવૃત્તિવાળો પ્રેમ-સ્નેહની વૃત્તિના કારણે...રાગવૃત્તિવાળા કર્મો નિકાચિત કરે છે. બન્ને પ્રેમી પંખીડાંઓ એકીસાથે આત્મહત્યા કરીને મરતાં હોય છે.

ત્રીજો ભંગ કમઠના દાખલામાં બરોબર બંધબેસતો આવે છે. તીવ્ર દ્વેષ-

તીવ્ર ક્રોધની વેર-વૈમનસ્યની વૃત્તિવાળા મોટા ભાઈ કમઠ નાના ભાઈ મરૂભૂતિ જે અત્યંત સમતાધારી-શાન્તવૃત્તિવાળા સહનશીલને પણ પોતાના દ્વેષ દુર્ભાવથી મારી નાખવા જ પ્રયત્ન કરે છે. મારી નાખે છે, ત્યારે જ તેને સંતોષ થાય છે.

ચોથા ભંગમાં વસ્તુસ્થિતિ આવી જ બને છે. માત્ર પક્ષો બદલાય જાય છે. સંસારના અનંતા જીવો આ ચાર ભંગોમાં વહેંચાયેલા છે. સંબંધો ગમે તે હોય... માતા-પુત્રનો હોય કે પિતા-પુત્રનો હોય, ભાઈ-ભાઈનો હોય કે ભાઇ-બહેનનો હોય, બહેન-બહેનનો હોય અથવા પતિ-પત્નીનો હોય અથવા સંસારનો કોઈ પણ સંબંધ હોય... તે સંબંધ મહત્ત્વનો નથી, પરંતુ સંબંધમાં થતા રાગ-દ્વેષો ઘણો મોટો ભાગ ભજવે છે. એકનો એક સંબંધ કંઈ હજારો ભવો સુધી એકધારો ટકતો નથી. પરંતુ તીવ્ર રાગ-દ્વેષ, ક્રોધાદિ કષાય પરસ્પર-સામસામે વેરી-દ્વેષી દુશ્મન બનાવીને એકબીજા ને મરાવી પણ નાખે છે. ભારે નિકાચિત કર્મો બંધાવીને હજારો ભવો બગાડી દે છે. આજના ભાઇઓ કાલે શત્રુ બની જાય છે. આજના બાપ-બેટા બીજા ભવે શત્રુ બની જાય છે. આ બધું શા માટે થાય છે ? કેમ બને છે ? તેના મૂળમાં તપાસતાં આ રાગ-દ્વેષના ભારે કર્મો સ્પષ્ટ જણાય છે.

### વેરી-દ્વેષીની સામે રહીને પણ તીર્થંકર નામકર્મ બાંધ્યું :-

પ્રથમ ભવમાં બે જીવો કમઠ અને મરૂભૂતિ એક મા-બાપના બન્ને સુપુત્રો-સગા ભાઈઓ છે. કમઠ મોટો ભાઈ છે. મરૂભૂતિ નાનો ભાઈ છે. માતા-પિતા બન્નેએ સંસારની પોતાની ફરજ પૂરી કરીને દીક્ષા લઈને પોતાના આત્માનું કલ્યાણ કરવાનો માર્ગ અપનાવી લીધો.

આ બાજુ બન્નેનાં લગ્નો પછી બન્નેની પત્નીઓ આવી છે. બન્ને ભાઈઓ જુદા થઈ ગયા. અલગ અલગ ઘરોમાં રહેવા છતાં પણ મોટા ભાઈ કમઠને ધર્મિષ્ઠ પત્ની મળી હોવાથી પોતાની કામ-વાસનાની ઇચ્છાઓ સંતોષાતી ન હોવાથી કમઠે નાના ભાઈ મરૂભૂતિની પત્ની ઉપર નજર બગાડી અને તેની સાથે પરસ્ત્રી સાથેના અનૈતિક સંબંધો બાંધ્યા. બીજી બાજુ નાનો ભાઈ મરૂભૂતિ ધર્મિષ્ઠ-ધાર્મિક મનોવૃત્તિવાળો હતો. ધર્મગુરૂનો સત્સંગ મળતાં તેણે વ્રતો ઉચ્ચરીને વ્રતધારી શ્રાવક બની ગયો હતો. પરંતુ અફસોસ એ વાતનો હતો કે તેની પત્ની સાવ અધર્મી, નાસ્તિક, વિષયવાસનાના કામજ્વરથી પીડાતી જ હતી. તેથી તેને પણ પોતાના જેઠ કમઠ સાથે સંસાર માંડ્યો. આ રીતે સંસાર બગાડ્યો. તેઓ સાથે મળીને રંગરેલીયાં મનાવતાં હતાં. તેવામાં એક વખત કમઠ રંગે હાથપકડાઈ ગયો. નગરજનોએ આ વાત પોતાનપુરના અરવિંદ રાજાને પહોંચાડી. રાજાએ કમઠને હદ્દપારની સજા ફરમાવી. મોટા ભાઇએ નાના ભાઈ ઉપર શંકા લાવીને મનમાં ગાંઠ વાળી અને બદલો લેવા માટે સતત તક ઝડપવા પ્રયત્નો કરતો રહ્યો. તે જંગલમાં જઇને સંન્યાસી-તાપસ

બનીને જટાધારી બાવો બનીને એક દિવસ ફરી ગામમાં આવે છે અને મોટી શીલા ઉપાડીને ફેંકીને મરૂભૂતિનું માથું ફોડે છે. માથું ફૂટી જતાં લોહીની પીચકારીઓ ચારેબાજુ ઉડે છે. છેવટે મરૂભૂતિ પ્રાણ છોડી દે છે. તેમ છતાં પણ કમઠને સંતોષ નથી થતો. તે બન્ને હાથઊંચા કરી જોરજોરથી હસતો હસતો પોતાના બાવડાની તાકાત દેખાડતો દેખાડતો જોરથી બૂમો પાડીને બોલે છે કે...'હે ભગવાન ! મારા સંન્યાસી તાપસ જીવનની તપશ્ચર્યાથી જેટલું પણ પુણ્ય ઉપાર્જન થયું હોય તેના ફળ સ્વરૂપે આને (મરૂભૂતિને) ભવોભવ મારનારો હું જ બનું'. ક્રોધ કષાયના આવેશપૂર્વક જોરજોરથી બોલતો જ રહે છે. આવી રીતે અત્યંત તીવ્રતમ ક્રોધાગ્નિમાં કમઠે તીવ્ર રસપૂર્વક રસબંધ સાથે નિકાચિત કર્મ બાંધ્યું. તેના પરિણામે તે ભાવિના ભવોમાં મરૂભૂતિના જીવને મારતો જ રહ્યો.

મરૂભૂતિનો જીવ આઠમા ભવે વજ્રધર બને છે. દિક્ષા લે છે. સાધના કરે છે. વીશ સ્થાનકની તપશ્ચર્યા-સાધના કરતાં કરતાં જગતના સર્વ જીવોનું કલ્યાણ કરવાની તીવ્ર ભાવના ભાવે છે. ''સવિ જીવ કરૂ શાસન રસી''ની ભાવના સાથે ''જો હોવે મુજ શક્તિ ઇસી''ની... શક્તિ મળે તેવી ધારણા બાંધે છે. આ રીતે ઉત્તમ કક્ષાની આ વીશ સ્થાનકની સાધનામાં તેને તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. જેથી ભાવિમાં તીર્થંકર ભગવાન બનવાનું નક્કી થયું. બીજી બાજુ કમઠનો જીવ પોતાના કર્માનુસાર ભવ પરંપરામાં ફરતો ફરતો સિંહનો ભવ લઈને સામે આવે છે અને તે તપસ્વી મુનિને જોતાની સાથે જ પૂર્વના નિકાચિત કર્માનુસાર વેરને યાદ કરીને ફાડી નાખે છે. મારી નાખે છે. મુનિ મહાત્મા કાળધર્મ (મૃત્યુ) પામે છે. મરીને તેમનો જીવ નવમા ભવે દસમા પ્રાણત નામના દેવલોકમાં જઈને ૨૦ સાગરોપમના આયુષ્યવાળો દેવ બને છે. કમઠનો જીવ સિંહ પણ ઘણી હિંસાઓ કરીને નરક ગતિમાં જાય છે. નારકી તરીકે સાગરોપમોનું લાંબું આયુષ્ય અત્યંત દુઃખો ભોગવતાં ભોગવતાં પૂરૂં કરે છે.

પ્રભુ પાર્શ્વનાથ ભ.ના જીવે ૨૦ સાગરોપમના સુદીર્ઘ લાંબા આયુષ્યકાળ માં ૫૦૦ તીર્થંકર ભગવંતોના કલ્યાણકોની ઉજવણી કરીને વિશિષ્ટ પ્રકારની પુણ્યપ્રકૃત્તિ ઉપાર્જન કરી. આયુષ્ય પૂરૂં થતાં દેવભવમાંથી ચ્યવીને તેનો જીવ અશ્વસેન રાજાના રાજકુળમાં વામાદેવી માતાની કુક્ષીમાં પધારે છે. ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભ. બને છે.

કમઠ એક ગરીબ યાચક કુળમાં જન્મે છે. પાપના ઉદયે નાની ઉંમરમાં જ માતા-પિતાનો વિયોગ સહન કરવો પડે છે. કમઠ તાપસ બનીને ઉદર નિર્વાહાર્થે પંચાગ્નિ તપ વડે હોમ-હવન, યજ્ઞ-યાગ કરીને જીવન વ્યતિત કરે છે. વારાણસી નગરીની બહાર લાકડાં ભેગાં કરી તેમાં અગ્નિ પ્રગટાવી હોમ-હવન કરી રહ્યો હતો ત્યારે લોકોની ભીડ જામી હતી. પાર્શ્વકુમાર અશ્વારોહણ કરી નગર પરિક્રમાર્થે નીકળ્યા હતા, તે અહીં આવે છે. કમઠને જુએ છે. તરત જ એક સેવકને કહી બળતા વાંસને બહાર ખેંચી કઢાવે છે. તેમાં એક સાપ

અર્ધો દાઝી ગયો છે. તે તરફડી રહ્યો છે. તેને નવકાર સંભળાવે છે. સાપ પણ સમતા-સમાધિમાં આવે છે. શાન્તિથી દેહત્યાગ કરી સદ્‌ગતિ સાધે છે. દેવગતિમાં જાય છે. નાગરાજ ધરણેન્દ્ર દેવ બને છે.

બીજી બાજુ કમઠ ઘણાં લોકોમાં પોતાનું અપમાન થયું તેમ સમજી જંગલમાં જતો રહે છે. મૃત્યુ પામે છે અને વ્યંતર ગતિમાં જઈ મેઘમાળી વ્યંતર બને છે.

પાર્શ્વકુમાર ૩૦ વર્ષની ઉંમરે મહાભિનિષ્ક્રમણ કરી સંસારનો ત્યાગ કરીને દિક્ષા લે છે. સાધના કરે છે. એવા સમયે મેઘમાળી વ્યંતરને પોતાના નિકાચિત કર્માનુસાર પૂર્વભવના વેર-વૈમનસ્યનું કર્મ યાદ આવે છે. તે મુનિ-સાધુ બનીને વિચરી રહેલા પાર્શ્વનાથભ.ને કાયોત્સર્ગ ધ્યાનમાં સ્થિર ઉભેલા જુએ છે. બસ, જોતાંની સાથે જ પૂર્વભવનું વેર યાદ આવે છે અને કાળાભમ્મર વાદળાં વિકુર્વીને પાણી વરસાવીને ડુબાડીને મારી નાખવા ભારે પ્રયત્ન કરે છે. બસ, થોડી વારમાં નાકમાં પાણી જતું રહેશે. અને ડૂબીને મરી જશે.

એટલામાં જે સાપને નવકાર સંભળાવ્યો હતો તે નાગરાજ ધરણેન્દ્રદેવ પોતાની પ્રિયા પદ્માવતીની સાથે અત્રે આવે છે અને પદ્માવતી પાણીમાં જઈને પ્રભુને ઉપાડીને ઉપર લાવે છે. ધરણેન્દ્રએ મસ્તક ઉપર છત્રની જેમ ફણા કરી જેથી પ્રભુના અંગ ઉપર પાણી ન પડે. આ રીતે બન્ને બાજુથી પ્રભુ પાણીથી અલિપ્ત રહ્યા. આ દશ્ય જોઇને મેઘમાળી મનમાં ભારે ક્ષોભ પામી ગયો. અરે ! જેની સેવામાં આટલી ઉંચી કક્ષાના મહાન દેવ-દેવીઓ હાજર છે તેમને મારા જેવો હલકો વ્યંતર શું કરી શકશે ? કંઈ જ નહી કરી શકું. અને આ મોટા શક્તિશાળી દેવને ખબર પડશે તો મારું તો આવી બન્યું. એના કરતાં તો પહેલાં જ જઈને આ ભગવંતના ચરણોમાં મિચ્છા મિ દુક્કડં દઈ ક્ષમાયાચના કરી લઉં. તે ક્ષમા માગે છે. આજે ૧૦ ભવો પછી પ્રથમવાર તેના મુખે મિચ્છા મિ દુક્કડં નીકળે છે. ક્ષમાયાચના કરે છે.

ચારેય ઘાતીકર્મો ફક્ત ૫૩ દિવસોમાં જ ખપી જાય છે. પરિણામ સ્વરૂપે તે વીતરાગી બની કેવળજ્ઞાન-કેવળદર્શન પામે છે. સર્વજ્ઞ-સર્વદર્શીબને છે. અનંત વીર્યવાન બને છે. આવી અનંત ચતુષ્ટયી પ્રાપ્ત કરે છે. આવી મહાન ઉપલબ્ધી જે જીવ અનંતા ભવોમાં એક જ વાર અને તે પણ છેલ્લી વાર જ પ્રાપ્ત કરે છે. અને સાથે સાથે જ આઠમા ભવમાં તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરેલું તેનો રસોદય પણ થાય છે. આને કહેવાય કેવળજ્ઞાન કલ્યાણક. એ સમયે સેંકડો દેવતાઓ આવે છે અને ત્રણ ગઢવાળા વિશાળ સમવસરણની રચના કરે છે. જેમાં પશુ-પક્ષીઓ પરસ્પરના વેર-વૈમનસ્યને વિસરી પરમાત્માની દેશના શ્રવણ કરવા બેસે છે. હજારો નર-નારીઓ, સ્વર્ગના દેવી-દેવતાઓ એમ ત્રણ ગતિના જીવો બાર પર્ષદા સ્વરૂપે બેસે છે. ભગવાન ધર્મતીર્થની સ્થાપના કરે છે. જેથી લાખો જીવો સંસારસાગર તરે છે. સ્વાત્મ કલ્યાણ સાધે છે.

મરુભૂતિના પ્રથમ ભવથી સમ્યગ્દર્શન પામીને આગળ વધતા આઠમા ભવે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરીને દશમા ભવે તીર્થંકર બનીને આયુષ્ય પૂર્ણ થતાં મોક્ષે જઈ સિદ્ધ બને છે. ૩૦ વર્ષનો ગૃહસ્થ પર્યાય પૂર્ણ કરી દીક્ષા લઈ સાધુ બને છે અને ફક્ત ૫૩ દિવસનો છદ્મસ્થ પર્યાયપાળીને કેવળજ્ઞાન પામી કેવળી ભગવાન બને છે અને ૭૦ વર્ષો સુધી દેશના આપે છે. ૧૦૦ વર્ષોનું આયુષ્ય પૂર્ણ કરી મોક્ષે જાય છે.

બે ભાઇઓમાંથી નાનો એક ભાઇ પોતાના જ મોટા ભાઈના વેર-વૈમનસ્યનો ભોગ બન્યો હોવા છતાં પણ દરેક ભવમાં મોટા ભાઈ કમઠના જીવના હાથે મરતો હોવા છતાં પણ ફક્ત દસમા ભવે જ પોતાના આત્માનું કલ્યાણ સાધી લે છે અને મોક્ષે સીધાવી જાય છે. સદાના માટે સિદ્ધ-બુદ્ધ-મુક્ત બની જાય છે. જ્યારે બીજી બાજુ મોટો ભાઈ કમઠ આવું ભયંકર વૈમનસ્ય રાખી દરેક ભવમાં પંચેન્દ્રિય મનુષ્યનો વધ-હિંસા કરીને તે પાપનું ફળ ભોગવવા કેટલીયવાર નરક ગતિમાં જઈને સાગરોપમો સુધી દુઃખ-વેદના-પીડા ભોગવે છે, છતાં પણ અક્કલ નથી આવતી. વ્યંતર ગતિમાં તો ૧૦૦૦૦ વર્ષોથી ઓછું તો આયુષ્ય હોતું જ નથી. ભ.પાર્શ્વનાથમોક્ષે ગયા ને આજે ૨૮૦૦ વર્ષો વિતી ગયાં છે. તેટલા જ મેઘમાળીને પણ આજે વિત્યાં, પરંતુ તેનાં લાખો-કરોડો વર્ષોના આયુષ્યનો જે શેષ ભાગ બાકી છે તે પૂરો કરવા-ભોગવવા તેને તો ભટક્યા જ કરવું પડશે. તેમાં તો કોઈ વિકલ્પ જ નથી. ભ.પાર્શ્વનાથમોક્ષે જતા રહ્યા હોઈ હવે પોતાનો તીવ્ર ક્રોધ-કષાય કોના ઉપર કાઢશે ? હવે વેર-વૈમનસ્યની વૃત્તિ કોના ઉપર ઠાલવશે ? કૂતરાની વાંકી પૂંછડી સીધી નથી થતી. વાંદરો ગમે તેટલો ઘરડો થઈ જાય તો પણ કૂદવાનું ભૂલી નથી જતો. છોડી નથી દેતો. તેમ કમઠ પોતાના સ્વભાવ-પોતાની કૃષ્ણ લેશ્યાને છોડી થોડી દેશે ?

આ દાખલો બરોબર નજર સામે રાખીને... આપણે આપણી સામે આદર્શ રાખીને તે રસ્તે ચાલવા પ્રયત્ન કરવો જોઇએ.

**સમ્યગ્ દૃષ્ટિ-શ્રદ્ધાળુ જીવ જ તીર્થંકર બની શકે છે :-**

અનાદિ-અવ્યક્ત કક્ષાનું મિથ્યાત્વ જે સંસારમાં જીવને અનંતકાળ સુધી પરિભ્રમણ કરાવે છે. કોઈ સત્યતત્ત્વ સ્વીકારવા જ દેતું નથી. પછી તે આત્મા-પરમાત્મા હોય કે મોક્ષ, સ્વર્ગ, નરક, પુણ્ય, પાપ, ધર્મ,કર્મ કંઈ જ માનવા દેતું નથી. માત્ર "મને સુખ મળે અને મારું દુઃખ ટળે" એક જ લક્ષ સાથે જીવે છે. સંસારમાં પરિભ્રમણ કરાવનાર મુખ્ય મિથ્યાત્વ અને કષાય જ છે. અનંતાનુબંધી ચાર કષાયો અને ત્રણ પ્રકારનું મિથ્યાત્વ આમ અનંતાનુબંધી સપ્તક બને છે. અને આ મિથ્યાત્વ મોહનીય કર્મ બનીને આત્માની સાથે જ રહે છે. ચારેય ગતિઓના સંસારચક્રમાં પરિભ્રમણ કરતો જ રહે છે. આવા મિથ્યાત્વી જીવો મિથ્યાત્વની હાજરીમાં ભગવાન નથી બની શકતા. મોક્ષે પણ નથી જઈ શકતા.

સંસારચક્ર અનાદિ છે. અનંતા પુદ્ગલ પરાવર્તનો કાળ ભૂતકાળમાં વીતી ચૂક્યો છે. જે આવર્તમાં જીવ સમ્યક્ત્વ પામીને મોક્ષે જાય છે તે આવર્તને ચરમાવર્ત કહેવાય છે. અનંતા ભવો વીતાવ્યા પછી જ્યારે જીવ ચરમાવર્તમાં પ્રવેશ કરે છે. ત્યારે તે ધર્મ સન્મુખ થવાના પ્રયત્ન આચરે છે. "નદી ગોળ પાષાણ"ના ન્યાયે અર્થાત્ નદીના પ્રવાહની સાથે ઘસડાતા પથ્થરો પણ ગોળ થઈ જાય છે. એવી જ રીતે ચરમાવર્ત રૂપી કાળપ્રવાહમાં થપેડો ખાતા ખાતા જીવ ધર્મ વિમુખના બદલે ધર્મ સન્મુખ થવા માંડે છે. નૈતિકતા આવે છે. બીજા ઘણા ગુણો સારા પ્રમાણમાં વધવા માંડે છે. માર્ગાનુસારીના ૩૫ ગુણો આવતાં તેવું જીવન જીવવા માંડે છે. એવી અવસ્થામાં પણ ઘણા ભવો થાય છે. એ રીતે જીવ સમ્યગ્દર્શન પ્રાપ્તિના દ્વારે આવે છે. મોક્ષ મેળવવાનો મોક્ષે જવા માટેનો આ પ્રથમ પ્રવેશદ્વાર છે. આમાંથી જીવને પ્રવેશ મેળવીને જ આગળ જવું પડે છે. તે સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી. આ પ્રવેશદ્વારે પ્રવેશ કરીને જીવ યથાપ્રવૃત્તિકરણ કરે છે. યથા-સત્યમાર્ગે પ્રવૃતિ કરવાની દિશામાં જીવાત્મા પોતાની શક્તિનો યોગ્ય ઉપયોગ કરે. સુયોગ્ય માર્ગે જ ચાલે. યથાર્થ સત્યતત્ત્વોનું સાચું જ્ઞાન મેળવે. દશ્ય ન હોવા છતાં પણ અદશ્ય તત્ત્વોને જ્ઞાન ગમ્યતાના આધારે ઓળખવા માટે. દીર્ઘદર્શીબનીને તત્ત્વોને જાણવા-સમજવા-ઓળખવા પોતાની રૂચિ-ઇચ્છા જગાડે છે. આ રીતે જ્ઞાન મેળવે છે. તેમાં સર્વજ્ઞ પ્રણીત ચરમસત્ય સ્વરૂપ એક એક તત્ત્વોને સમજે છે. આત્મા-પરમાત્માને ઓળખવા માંડે છે. કર્મ-ધર્મને સાચા અર્થમાં સમજવા માંડે છે. તત્ત્વજ્ઞાન અને તત્ત્વરૂચિ બન્ને ભેગા થઈ ગયા પછી દૂધમાં સાકર ભળે તેવી સ્થિતિ થાય છે.

બસ, હવે અનાદિકાળથી અસત્યને પકડી રાખેલ અથવા બાંધી રાખેલ ગાંઠ (નિબીડ ગ્રંથિ)ને પોતાના વિકાસમાં બાધક સમજે છે. અનાદિકાળથી પડેલી ગાંઠને આજે પ્રથમવાર ઓળખે છે. ઉકરડાની માખીને બગીચાની માખી દયાભાવથી બગીચામાં ફરવા લાવે છે. એની ઇચ્છા હતી કે બિચારી બગીચામાં સારાં સારાં સુગંધી પુષ્પો જોઇ-સૂંઘીને રાજી થશે અને તેના ઉકરડાની ગંદકીમાં રહેવાનું દુઃખ ભૂલી જશે, પરંતુ ઉકરડાની માખી બગીચામાં જતાં પહેલાં જ ઉકરડાના મળની એક ગોળી પોતાના નાક ઉપર સાથે જ લઈને આવે છે. બગીચાની માખી તેને આખા બગીચામાં ચારેય બાજુ ફેરવે છે. બધી જાતના ફૂલો ઉપર બેસાડે છે. બધાં સુવાસિત પુષ્પોની ઓળખ કરાવતાં ખૂબ સારાં વખાણ કરે છે. આખો દિવસ વિતી ગયો. પરંતુ ઉકરડાની માખી સહેજ પણ રાજી ન થઈ, એટલે બગીચાની માખીને ચિંતા થઈ. શું વાત છે ? આવું કેમ થયું ? એટલે એણે બારીકાઈથી નિરીક્ષણ કર્યું. તેમાં તેના નાકે વિષ્ઠાની ગોળી દેખાણી અને કારણ સમજાઈ ગયું. અરે ! વિષ્ઠાની ગોળી નાક ઉપર પહેલેથી જ સાથે લાવીને રાખી મૂકનારને આખો દિવસ બગીચામાં આવાં સુંદર ફૂલો ઉપર ફરવા-બેસવા છતાં આનંદ ક્યાંથી આવે. જેનાથી શ્વાસોચ્છ્વાસ આવે-જાય છે,

તે જ નાસિકાના મૂળમાં ઘ્રાણેન્દ્રિય છે, જે સુગંધ-દુર્ગંધને ગ્રહણ કરે છે. નાકમાં પ્રથમ જ નજીક રહેલ વિષ્ઠાની ગોળીની જ ગંધ આવતી રહે છે. તેથી દૂર રહેલાં સુવાસિત સુમનસની સુગંધ હોવા છતાં ક્યાંથી અનુભવાય ? હવે એનો શું રસ્તો છે ? શું કરવું જોઇએ ? બગીચાની ચતુર માખીએ તરત જ ઉપાય શોધ્યો અને પાસે રહેલ તળાવના કિનારે મિત્રમાખીને લઈ ગઈ અને કાંઠા ઉપર થોડા પાણીમાં ડૂબકી લગાવી-સ્નાન કરાવી. બસ ચમત્કાર સર્જાઈ ગયો. વિષ્ઠાની ગોળી પાણીમાં જતી રહી. સ્નાન કરી શુદ્ધ થયેલી માખીને ફરીથી બગીચામાં બધે ફરવા લઈ ગઈ અને સારા સુવાસિત ફૂલો ઉપર બેસાડીને ખૂબ આનંદ લૂંટવાની તક આપી. હવે મિત્રમાખી ત્યાંથી ખસવાનું નામ જ નથી લેતી. બસ આ સુંદર બગીચાને જ સ્વર્ગ માનીને ત્યાં જ રહી ગઈ. ફરી પાછી ઉકરડામાં આવવાનું નામ પણ નથી લીધું.

આ તો એક રૂપક દૃષ્ટાંત છે. આનાથી સમજી શકાય છે કે જે મિથ્યાત્વની ગાંઠ પોતાની અંદર લઈને ફરતા જીવો દેરાસરે, તીર્થોમાં, ગુરુદેવો પાસે, ઉપાશ્રયે, તપશ્ચર્યા, ભક્તિભાવના વગેરે ધર્મોદ્યાનમાં સર્વત્ર જાય છે. જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લે છે, પરંતુ મિથ્યાત્વની ગાંઠથી બંધાયેલ હોવાથી તેને અશ્રદ્ધાના કારણે ક્યાંય પણ કોઈ પણ જાતનો આનંદ નથી આવતો. ક્યાંય સત્ય નથી સમજાતું. એકમાત્ર પોતાના સુખની જ ચિંતા રહે છે. બસ... બધું દુઃખ ક્યાંથી-કેવી રીતે ટળે ? અને બધુ સુખ કેવી રીતે મળે ? પછી ભલે ને તે ભગવાન પાસેથી મળે અથવા ગુરૂઓ થકી મળે કે પછી ધર્મારાધના કરવાથી મળે ? ચાલશે. તેના માટે ભગવાન કે ગુરૂ કે ધર્મ કોઈનું પણ કંઈ જ મહત્ત્વ નથી. માત્ર પોતાનો હેતુ સરવો જોઇએ. દુઃખ ટળવું જોઇએ અને સર્વ સુખ મળવું જોઇએ. બસ, સો વાતની એક વાત છે. પોતે જે ધાર્યું છે તે સધાવું જોઇએ. મિથ્યાવૃત્તિ હોવાના કારણે બુદ્ધિ સર્વથા વિપરિત ઉંધી છે. તેથી વૃતિ અને પ્રવૃત્તિ બધી વિપરીત જ ચાલવાની છે. પાપો કરવાથી જલદી સુખી થઈ જવાય છે. આખી જીંદગી કમાવીને જેટલા ન મળે તેના કરતાં વધારે એક વાર ચોરી કરીને ક્યાંક ધાડ પાડીને મેળવી લેવાશે અને સુખી થઈ જવાશે. બસ, જૂઠ બોલવાથી તરત જ બચી જવાય છે. દુરાચાર, વ્યભિચાર, બળાત્કારથી તરત જ સુખ મળી જાય છે. કોઈ પણ જીવોને મારીને, તેમની હિંસા, વધ કરવો. માંસાહાર કરવો, વ્યસનોમાં મસ્ત રહેવું, દારૂ વગેરેમાં સુખ બુદ્ધિ રાખવી. સાતેય વ્યસનોમાં ડૂબેલા રહીને સુખ માનવું. ક્રોધાદિ કષાયોનો ઉપયોગ કરી કષાય પુષ્ટિમાં જ સંતુષ્ટિ માની લેવી. આવી રીતે ૧૮ પ્રકારનાં બધાં જ પાપો કરવાં-સેવવાં છતાં પણ તેમાં પાપ ન માનતા તેમાં જ સુખ માનીને વારંવાર તે જ પ્રવૃત્તિ કરતા રહેવાની ઇચ્છા પ્રબળ બનતી જાય છે. આવા જીવો ઉકરડાની વિષ્ઠાની ગોળી નાકે રાખનારી માખી જેવા જ છે. જ્યાં જાય ત્યાં. જે ધર્મ કરે તેમાં પોતાની મિથ્યાત્વની ગાંઠની ગોળી સાથે જ રાખે છે. આવું મિથ્યાત્વ ફરી ફરી મિથ્યા પ્રવૃત્તિનાં પાપો કરવાથી વધુ ને વધુ

પુષ્ટ થતું જ જાય છે. મિથ્યાત્વનું પાપ અને મિથ્યાત્વ મોહનીય કર્મનું આવું એક વિષચક્ર નિરંતર ચાલતું જ રહે છે. પાપથી કર્મ અને કર્મના ઉદયે ફરીથી પાપ, ફરી પાપની પ્રવૃત્તિ કરવી અને ફરી કર્મ બાંધવાં. આ ચક્રાકાર રીતે સતત ચાલતું જ રહે છે. એમાં જ અનંતાનંત ભવો વિતી જાય છે. જેમ દારૂના નશામાં કંઈ જ ભાન નથી રહેતું એવી જ રીતે મિથ્યાત્ત્વની વૃત્તિમાં ડૂબેલાને પણ કોઈ ભાન નથી રહેતું. મન, વચન, કાયાની બધી જ પ્રવૃત્તિઓ બિલકુલ ભાન ભૂલેલા દારૂડિયા જેવી હાલત છે. જેમ દારૂના નશામાં દારૂડિયો વિવેક-ભાન ભૂલીને માતાની આગળ કે પત્ની-બહેન આગળ અવિવેકી બોલે છે, આચરે છે તેવી જ રીતે મિથ્યાત્વના નશામાં મિથ્યામતી જીવ વિવેક ભાન ભૂલીને 'ભગવાન નથી,' 'કોણે જોયા છે ભગવાનને ?' 'મોક્ષ વગેરે કંઈ જ નથી.' 'સ્વર્ગ-નરક જેવું કંઈ જ નથી.' 'પાપ-પુણ્ય જેવું કંઈ જ નથી.' 'આત્મા-પરમાત્માની વાતો સાવ હંબક છે.' 'જે છે તે બસ ખાઓ, પીઓ, મોજ કરો.' 'જે છે તે સુખ અહીંયાં જ છે.' 'બસ આહાર, નિદ્રા, વિષયસુખ, મૈથુન સેવનમાં અને સંસારના સુખ સહાયક બધી જ સાધનસામગ્રીઓના ભોગ-ઉપભોગમાં જ સુખ છે.' 'બીજી બધી વાતો છોડો, જે છે તે સુખ ભોગવો.' નિષેધાત્મક મનોવૃત્તિ ધરાવતો આવો નાસ્તિક મિથ્યાત્વી જીવ બધાનું અસ્તિત્વ નકારે છે. મનથી વિચારવામાં, વચનથી ભાષા બોલવામાં અને કાયાથી કરવાની બધી પ્રવૃત્તિઓ માં તે માત્ર વિપરિત મતીથી જ વર્તે છે. વિચારધારા વિપરીત રહે છે, તેવી જ રીતે બોલવાની ભાષા પણ વિપરીત જ રહેવાની અને ક્રિયા-પ્રવૃતિ બધી વિપરીત જ રહે છે. ધર્મથી વિપરીત અધર્મની પ્રવૃત્તિ, પુણ્યથી વિપરીત પાપની પ્રવૃતિ અને શુભથી વિપરીત અશુભ જ પ્રવૃત્તિ મિથ્યાત્વી જીવો કરે છે. આવા મિથ્યાત્વી, મિથ્યામતી જીવો જ્યાં સુધી સમ્યગ્દર્શન ન પામી શકે ત્યાં સુધી તીર્થંકર નામકર્મ બાંધવાનું - ભગવાન બનવાનું તેમના માટે શક્ય જ નથી. માટે પહેલું પગથિયું જ સમ્યગ્દર્શન પામવું અનિવાર્ય છે.

### "સમકિત ગુણઠાણે પરિણમ્યા..." :-

આ છે મોક્ષમાર્ગ. સંસારમાંથી મોક્ષ સુધીના માર્ગને મોક્ષમાર્ગ કહેવાય છે. એના ઉપર ચઢવાનું પહેલું પગથિયું મિથ્યાત્વનું છે. મિથ્યાવૃત્તિથી વિપરિત મતી બની જાય છે. તેથી આત્મા, મોક્ષ, પરમાત્મા આદિ તત્ત્વને ન માનવાની વાત કષાયના કારણે પકડાઈ જાય છે. પક્કડ ઘણી વધારે મજબૂત થઈ જાય છે. પહેલા મિથ્યાત્વના ગુણસોપાને આત્મા આવી સ્થિતિમાં છે. જબરદસ્ત નીબીડ ગ્રંથિ-ગાંઠને ઓળખીને તે ખોલવા યથાપ્રવૃત્તિકરણની પ્રક્રિયા વડે જીવાત્મા પ્રબલ પુરૂષાર્થ કરીને તત્ત્વોનું સાચું યથાર્થ જ્ઞાન મેળવીને આગળ વધવા મથે છે.

પ્રથમ તત્ત્વ રૂચિ જાગે. તત્ત્વો શું છે ? કેવાં છે ? કયા કયા છે ? શું સ્વરૂપ

છે ? સર્વજ્ઞ પ્રણિત સત્યનું અંતિમ કક્ષાનું યથાર્થ સ્વરૂપ શું છે ? કેવું છે ? તે જાણવા સમ્યગ્ જ્ઞાનના માર્ગે પુરૂષાર્થ કરે છે. અપૂર્વકરણ-આત્માની એવી પ્રબલ શક્તિ જે પહેલાં ક્યારેય નથી ફોરવી,તે આજે ફોરવવા માટે જીવ મથે છે અને જેમ જેમ ચરમસત્ય સમજતો જાય છે તેમ તેમ મિથ્યાત્વની પક્કડ ઢીલી પડે છે. ગ્રંથિભેદ થાય છે. ગાંઠ ખૂલે છે અને જીવ સમ્યગ્દર્શન પામે છે.

યથાપ્રવૃત્તિકરણની પ્રક્રિયામાં ૭૦ કોડાકોડી સાગરોપમના દીર્ઘકાળની કર્મબંધની સ્થિતિમાંથી ક્ષય કરતાં કરતાં અંતઃ કોડાકોડી સાગરોપમની સ્થિતિ કરવી જ પડે છે. સમ્યગ્જ્ઞાનપૂર્વક જ સમ્યગ્દર્શન પામી શકાય છે. તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં સ્પષ્ટ સૂત્ર છે કે "**तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम्**" તત્ત્વ અને તેનો અર્થ આ બન્નેને પહેલા સાચા અર્થમાં જાણી લેવા જોઇએ. આત્મા, પરમાત્મા, મોક્ષાદિ જે જે તત્ત્વો છે તે તે તત્ત્વોનો તે જ અર્થ હોવો જોઇએ. તત્ત્વ જુદું અને અર્થ જુદો એવું વિપરીત ન થવું જોઇએ. દા.ત. મનને આત્મા ન કહેવાય. તેમ જ આત્માને પણ મન તરીકે ન મનાય. દેહને આત્મા ન કહેવાય, એવી જ રીતે આત્માને દેહ રૂપે પણ ન મનાય. સ્વર્ગને અપવર્ગ ન કહેવાય. એવી જ રીતે અપવર્ગને સ્વર્ગ ન કહેવાય. આ બધું વિપરીતીકરણ ફરી પાછું મિથ્યાત્વ જ કહેવાશે. માટે જે શબ્દ નામ કે સંજ્ઞા તરીકે જે દ્રવ્ય-જે તત્ત્વ માટે વપરાતું હોય, વપરાયું હોય તેનો અર્થ પણ ફક્ત તેના માટે જ વપરાવો જોઇએ. સર્વજ્ઞ ભગવંતો દ્વારા પ્રદત્ત સંજ્ઞા જે દ્રવ્ય અને જે તત્ત્વ માટે વાપરી હોય અને જે અર્થ-સ્વરૂપ માટે વાપર્યો હોય તેને તે જ અર્થમાં આપણે વાપરવી જોઇએ. તો જ સમ્યગ્દર્શન થવું સંભવ છે. તત્ત્વ અને અર્થનું સાચું જ્ઞાન સર્વજ્ઞ ભગવંતે આપ્યા પ્રમાણે પ્રાપ્ત કરવું. સમ્યગ્જ્ઞાન પહેલાં છે. તેથી તત્ત્વો, પદાર્થો, અર્થો, દ્રવ્યોનું યથાર્થ-અંતિમ સ્વરૂપ જે સર્વજ્ઞ પ્રણીત છે. તે જ સ્વરૂપે-તેવા જ સ્વરૂપે જાણવું એ સમ્યગ્જ્ઞાનનું કામ છે. ત્યારપછી જાણેલા તે જ તત્ત્વ અને અર્થને તેવા જ તત્ત્વ અને અર્થને સાધક માને-સ્વીકારે તેને સમ્યગ્દર્શન કહેવાય છે. તે પ્રમાણે જ વ્યવહારમાં આવે અને આચરણમાં લાવે તે સમ્યગ્ચારિત્ર કહેવાય છે.

પ્રથમ ગુણસ્થાને આ પ્રક્રિયા થાય છે. અસત્યને અસત્ય સ્વરૂપે સારી રીતે જાણી શકે છે-માને છે. અનાદિકાળથી જે ગાઢ મિથ્યાત્વ રૂપે વિપરીત માન્યતાઓ રૂપે પડ્યું હતું, જે અસત્યને જ સત્ય સ્વરૂપે માનીને ચાલતો હતો તે આજે અસત્યને અસત્ય સ્વરૂપે માનવા તૈયાર થયો છે. એવી જ રીતે સત્ય ને સત્ય સ્વીકારવા તૈયાર થયો છે. આ પણ નાની-સૂની ઉપલબ્ધી નથી.

**સત્યાસત્યની ચતુર્ભંગી :-**

(૧) સત્યને સત્ય સ્વરૂપે જાણવું + માનવું.
(૨) સત્યને અસત્ય સ્વરૂપે જાણવું + માનવું.

(૩) અસત્યને અસત્ય સ્વરૂપે જાણવું + માનવું.
(૪) અસત્યને સત્ય સ્વરૂપે જાણવું + માનવું.

આ ચારેય ભેદોમાં પહેલો અને ત્રીજો ભેદ સમ્યકત્વની સત્યની સાચી દિશા તરફનું પ્રથમ પગથિયું છે. પ્રથમ ભેદમાં જે ખરેખર સાચું છે. ચરમ સત્ય છે તેને જ સત્ય સ્વરૂપે માને. એવી જ રીતે ત્રીજા ભેદમાં જે અસત્ય છે તેને અસત્ય રૂપે માને છે. સરવાળે તે પણ સત્યની સ્વીકૃતિની દિશામાં આગળ વધે છે તે ઘણી મોટી ઉપલબ્ધી છે. મિથ્યાત્વને પહેલા ગુણસ્થાન તરીકે ગણવાની પાછળ પણ આ જ રહસ્ય છે કે ભલેને મિથ્યાત્વી હોવા છતાં પણ તેને સર્વ પ્રથમવાર લાગે છે કે - હું જે માનું છું, જાણું છે તે ખરેખર અસત્ય છે. સદંતર ખોટું છે. આવી કક્ષાના મિથ્યાત્વી જીવો જ પ્રથમ ગુણસ્થાનના અધિકારી બને છે. ગાઢ મિથ્યાત્વી જીવો જે હજી સુધી આ કક્ષા સુધી નથી પહોંચી શક્યા તેમની ગણના-ગણતરી પ્રથમ ગુણસ્થાનમાં થાય છે. સત્યને અસત્ય માનનારા અને અસત્યને સત્ય માનનારા બન્ને પક્ષો સંપૂર્ણ મિથ્યાત્વ જ છે. આત્માને દેહ તરીકે અથવા મન તરીકે માની લેવા એ જ સત્યને અસત્ય તરીકે માનવાનો દાખલો છે. જ્યારે મનને જ આત્મા માની લેવો તે અસત્યને સત્ય માની લેવા જેવી વિપરીત મિથ્યાવૃત્તિ છે. આવા ગાઢ મિથ્યાત્વવાળા મિથ્યાત્વી જીવોની ગ્રંથિ(ગાંઠ) હજી નીબીડ કક્ષાની છે. તેથી તેમની ગણના મિથ્યાત્વની કક્ષામાં જ રહે છે. પ્રથમ ગુણસ્થાન ઉપર પણ નથી કરાતી.

પ્રથમ ગણધર ઇન્દ્રભૂતિ ગૌતમસ્વામી પણ પહેલા સત્યને અસત્ય માનવાની કક્ષાવાળા મિથ્યાત્વી જ હતા. આત્માનું અસ્તિત્વ હોવા છતાં પણ નકારીને નિષેધ કરનારા હતા. તેથી 'આત્મા નથી' એવું માનનારા મિથ્યાત્વી હતા, જ્યારે એમના જ ત્રીજા ભાઈ વાયુભૂતિ ગૌતમ અસત્યને સત્ય માનનારા મિથ્યાત્વી જ હતા. તેઓ દેહાત્મવાદી હતા. દેહને જ આત્મા કહેતા હતા. વીરપ્રભુની સાથે વાદ-ચર્ચાવસરે ભ. મહાવીરે સારી રીતે સમજાવતા વાયુભૂતિ ગૌતમ પોતાની ભૂલ સ્વીકારીને શંકાનું સાચું સમાધન થતાં પોતાની માની રાખેલી મિથ્યા માન્યતા છોડી દઈને આત્માને દેહથી સંપૂર્ણ સ્વતંત્ર દ્રવ્ય માનીને સમ્યકત્વ પ્રાપ્ત કરીને સમ્યગ્ચારિત્ર લઈને પરમાત્માના ચરણમાં જીવન સમર્પિત કરી દીધું.

**સમ્યક્ત્વની અનિવાર્યતા :-**

ભવિષ્યમાં જે જીવોને તીર્થંકર ભગવાન બનવું હોય, મોક્ષે જઈ સિદ્ધ પરમાત્મા બનવું હોય તેમણે પ્રથમ સોપાને સર્વ પ્રથમ મિથ્યાત્વનું વમન કરીને સમ્યકત્વ પ્રાપ્ત કરવું અનિવાર્ય છે. આધ્યાત્મિક ક્ષેત્રે આત્મિક વિકાસની દિશાનું પહેલું પગથિયું છે - સમ્યકત્વની પ્રાપ્તિ. અનાદિકાલીન મિથ્યાત્વ મોહનીયના ક્ષય/ક્ષયોપશમ થવાથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. જેવો સમ્યગ્દર્શનનો સ્પર્શ થયો કે તેનો મોક્ષ નિશ્ચિત થાય છે

અર્થાત આ જીવ હવે મોક્ષમાં જશે જ એવો નિર્ધાર થાય છે, તેવા ભવ્યાત્માને મુમુક્ષુ-મોક્ષગામીની છાપ લાગે છે. આ જીવ અવશ્ય મોક્ષમગન કરશે જ. એ શંકા રહિત સત્ય પુરવાર થાય છે.

જેમ રેલ્વે કે વિમાનની ટીકીટનું આરક્ષણ બે મહીના પહેલાં કરાવવામાં આવે છે. જવાનું આજે નથી પણ બે મહીના પછીની નક્કી થયેલી તારીખે જ જવાનું છે, પરન્તુ આજથી ટીકીટનું આરક્ષણ કરાવીને હાશકારો અનુભવીએ છીએ તેમ જ સમ્યક્ત્વ પ્રાપ્ત થતાની સાથે જ-આજે જ મોક્ષે જવાનું નથી, પરન્તુ કાળાન્તરે -ભવાન્તરે જવાનું નિશ્ચિત થાય છે. માટે સર્વ પ્રથમ અનેક ગણો આનન્દ પામીને નાચવું જોઇએ. જે સમ્યક્ત્વ વિના અનન્તા કાળ સુધી મિથ્યાત્વના કારણે અનન્તાનન્ત ભવો કરતા ભવભ્રમણ કરતા રહ્યા, હાશ, એવા આ સંસારમાંથી હવે આપણે છૂટી જઈશું. મુક્ત થઈ જઈશું એનો આનન્દ થવો જોઈએ.

આધ્યાત્મિક વિકાસ યાત્રાના ૧૪ સોપાનો છે. એનું નામ છે ગુણસ્થાનક. એ જ મોક્ષમાર્ગ છે. અને આ મોક્ષમાર્ગનું ચોથુ સોપાન એ જ મોક્ષનો પ્રવેશ દ્વાર છે. જેવી રીતે ભારતનાં પ્રવેશનું મુખ્ય દ્વાર Gate Way of INDIA મુંબઈમાં છે. આ પ્રવેશદ્વારમાં પ્રવેશતા ભારતદેશની ધરતી ઉપર પહોંચ્યાનો આનન્દ થાય છે, પરન્તુ પ્રવેશદ્વારમાં પ્રવેશવા માત્રથી સંપૂર્ણ ભારત જોઇ લીધું એવું માની લેવાની ભૂલ ક્યારેય ન કરવી. મોક્ષના પ્રવેશદ્વાર સ્વરૂપ ચોથા ગુણસોપને સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી હવે આરાધક-સાધક માટે મોક્ષના દરવાજા ઉઘડી ગયા છે તે જાણીને હવે મોક્ષમાર્ગના અવરોધક એવા બીજા કર્મો ખપાવવા, વિશેષ પુરુષાર્થનો પ્રારંભ કરવો જોઇએ.

જેમ ચાવી વગર તાળુ નથી ખુલતુ તેમ સમ્યક્ત્વ વગર મોક્ષે પણ નથી જવાતુ માટે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું અનિવાર્ય છે.

**મોક્ષ કાલ્પનિક નથી, વાસ્તવિક છે :-**

મોક્ષના સ્વરૂપ વિશે વધુ ને વધુ શાસ્ત્રોમાંથી અને જો સાચા તત્ત્વજ્ઞ ગુરુભગવંત મળી જાય તો તેમનો સત્સંગ-સંતસમાગમ કરીને ખાસ તેમની પાસેથી વધુ ને વધુ મોક્ષનું યથાર્થ સ્વરૂપ સમજવાની કોશીશ કરવી અને સાથે સાથે મેળવવાના ઉપાય રૂપે મોક્ષમાર્ગ સમજતા જવાથી આનંદ પણ બેવડાશે. યાદ રાખવા જેવી મહત્ત્વની વાત એ છે કે... મોક્ષ કાલ્પનિક નથી પણ વાસ્તવિક છે. માટે માત્ર કલ્પના કરીને કાલ્પનિક આનંદ માનવાની ટેવ પહેલાંથી જ ન પાડવી. જ્યારે વાસ્તવિક જ છે મોક્ષ, તો પછી તેનું યથાર્થ વાસ્તવિક સ્વરૂપ શાસ્ત્રશુદ્ધ જાણી-સમજીને જ્ઞાનાનંદ માનવાનો જ પ્રયત્ન કરવો જોઇએ. એમાં જ સંતોષ માનવો. કાલ્પનિક બધુ ક્ષણિક હોય છે અને મનમાં ઊંડે ઊંડે માન્યતા પડેલી હોય છે કે જે ખરેખર નથી હોતું, ખરેખર જેનું અસ્તિત્વ જ નથી હોતું તે જ કાલ્પનિક હોય

છે. મનમાં ઊંડે ઊંડે જો આવી માન્યતા ઘર કરેલી પડી હશે તો સાચા આનંદની પણ અનુભૂતિ નહીં થાય.

કાલ્પનિક જે કંઈ પણ હોય તેનું વાસ્તવિક અસ્તિત્વ હોતું જ નથી અને એવી જ રીતે જેનું વાસ્તવિક અસ્તિત્વ હોય છે તે ક્યારેય કાલ્પનિક હોતું જ નથી. જો તેનું સાચું યથાર્થ જ્ઞાન શાસ્ત્રો અથવા શાસ્ત્રજ્ઞ ગુરુ પાસેથી સુવ્યવસ્થિત મેળવવામાં આવે તો નિશ્ચિત વાસ્તવિકતાના જ્ઞાનાનંદની અનુભૂતિ થઈ શકે છે, તો પછી નિરર્થક કલ્પના કરીને ક્ષણિક આનંદની અનુભૂતિ કરીને પાછી મનમાં ભ્રમણા-શંકા રાખીને બેસી રહેવું એના કરતાં તો વાસ્તવિક યથાર્થતાના જ્ઞાનાનંદની અનુભૂતિ કરવી એમાં જ મોટી સમજદારી છે. જે જ્ઞાનમાં સ્પષ્ટ જણાવા લાગે છે,તેનું ધ્યાન કરવું પણ સહેલું લાગે છે. જ્યારે જેનું પ્રથમ સાચા અર્થમાં જ્ઞાન જ નથી મેળવવામાં આવતું તેનું ધ્યાન પણ યથાર્થ શક્ય નથી બનતું. જો પદાર્થ કાલ્પનિક જ હશે અને તેની સમજણ જ્ઞાન પણ માત્ર કાલ્પનિક જ મેળવ્યું હશે તો તેનું ધ્યાન પણ કાલ્પનિક જ રહી જશે અને આવું કાલ્પનિક જ્ઞાન-ધ્યાન ક્યારેય સ્થાયી બની નહીં શકે. યથાર્થ જ્ઞાન વિના સાચા અર્થમાં ધ્યાન શક્ય જ નથી બનતું. માટે જ તેવા યથાર્થ જ્ઞાન-ધ્યાન વિના અનુભૂતિ પણ શક્ય નથી બનતી. માટે સર્વપ્રથમ જ્ઞાન સાચું યથાર્થ પ્રાપ્ત કરવામાં આવે તો જ તેના આધારે ધ્યાન પણ સાચું યથાર્થ અવશ્ય થશે. આજના કળિયુગમાં લોકો વિક્ષિપ્ત મતિ, અલ્પમતિ વાળા બની ગયા છે. સોમાંથી ૯૦ ટકા તો જ્ઞાન મેળવ્યા વિના જ ધ્યાન કરવાની દોડમાં લાગ્યા છે. માટે દુઃખ એ વાતનું છે કે સાચા અર્થમાં ધ્યાન પણ નથી કરી શકતા અને અનુભૂતિ ન થતાં ધ્યાનને બદનામ કરે છે. આ તેમની મોટી ભૂલ છે. હકીકતમાં તેઓ જ બદનામ થઈ રહ્યા છે.

જ્ઞાન સાચી જાણકારી મેળવી આપે છે. જ્ઞાન-જ્ઞેયનું હોય છે. જ્ઞેય પદાર્થ-જ્ઞેય તત્ત્વનું જ્ઞાન દ્રવ્યાશ્રિત પદાર્થાશ્રિત હોવું જરૂરી છે. જ્ઞાન પદાર્થની સાચી યથાર્થ ઓળખ કરાવી આપે પછી તેનું ધ્યાન વાસ્તવિક અનુભૂતિ કરાવશે. જેનું જ્ઞાન એનું જ ધ્યાન. અફસોસ અને દુઃખની વાત તો એ છે કે જ્ઞેયનું જ્ઞાન મેળવવા બિલકુલ પુરુષાર્થ ન કરતાં ઘણાને સીધેસીધું ધ્યાન જ કરવું છે. એનું આ પરિણામ છે. આજે ધ્યાનની હાટડીઓ ઘણી ખૂલી ગઈ છે. આ ધ્યાન બજારમાં પોતપોતાની દુકાનો જમાવી બેઠેલા ઘણાં કહેવાતા યોગીઓ પોતપોતાના પેકિંગમાં પોતાની **Product** ને **Trademark** લગાવીને ધ્યાનપદ્ધતિઓ બજારમાં વેચીને રોકડી કરી રહ્યા છે. કેટલાક તો જાણી જોઇને સામાન્ય લોકોની બુદ્ધિ નષ્ટ કરવા કહે છે કે શાસ્ત્રોનો સ્પર્શ જ ન કરો. નહીંતર તે શાસ્ત્રના આધારે બુદ્ધિ ખીંટીએ બંધાઈ જશે. પછી ધ્યાન જ નહીં થાય. માટે શાસ્ત્રોને જાકારો આપો. બિલકુલ અડો જ નહીં અને પાછા પોતે પોતાની વાતો વગેરે જે થોપી બેસાડે છે તેની સાથે બંધાઈ જાય છે અને પાછા પોતે જ શીખવાડેલી ધ્યાનપદ્ધતિ અનુસાર ઘેટાં-બકરાંની જેમ

સાધકોને હાંકે છે અને સાધકો સમજે છે કે અમે ધ્યાન કરી લીધું.

અરે ! કેટલાક તો આત્માનું, મોક્ષનું, પરમાત્મા વગેરેનું અસ્તિત્વ નિષેધે છે. નકારે છે અને શ્વાસ નિરીક્ષણને જ ધ્યાનપદ્ધતિ કહે છે. તે જ પ્રમાણે ધ્યાન કરાવે છે. શરીરમાં ઉભી થતી સંવેદનાને અનુભવો. બસ,એ જ ધ્યાન છે. એમ શીખવાડે છે. અજ્ઞાનીઓ બિચારા પદાર્થબોધ વિનાના જ હોય છે તેમને તો "જોઇતું હતું ને વૈદ્યે કીધું" એવી સ્થિતિ થવાથી આત્મા, પરમાત્મા, નિર્વાણ-મોક્ષાદિ કંઈ જ ન જાણવા કે ન માનવા છતાં આના-પાન પદ્ધતિને જ ધ્યાન માની બેસે છે અને એમ જ કહેતાં વખાણતા હોય છે કે અમે ખૂબ સારી રીતે ધ્યાન કરી લીધું છે. બસ... દેડકો ખાબોચિયાને જ સંપૂર્ણ દુનિયા માનીને બૂમો પાડે છે. એવી સ્થિતિ થઈ ગઈ છે.

કોઈ કોઈ નાચવાને ધ્યાન કહે છે. કોઈ શવાસનને જ ધ્યાન ગણે છે, તો કોઈ યોગનિદ્રાને જ ધ્યાન સમજી લે છે. એવી ઘણી બધી જાત-જાતની ધ્યાનપદ્ધતિ ઓ સ્વમતિ કલ્પનાથી વિકસાવીને ધ્યાનના બજારમાં મૂકનારાઓ ઘણાં હરીફાઈ કરી રહ્યા છે. અરે ! સમાધિને પણ એટલી સસ્તી બનાવીને બજારમાં વ્યાવસાયિક પદ્ધતિએ રજૂ કરે છે કે ૧૦ મિનિટમાં સિદ્ધ સમાધિ લાગશે, અને નહીં લાગે તો પૈસા પાછા આપવામાં આવશે. આવી રીતે બજારુવૃત્તિથી ધ્યાનનું અવમૂલ્યન કરનારાઓ વધી રહ્યા છે તેથી ધ્યાનનું સાચું સ્તર રસાતળે જઈ રહ્યું છે. ખૂબી એ વાતની છે કે ધ્યાનની ઘણી બૂમો પાડનારા જેનું ધ્યાન ધરવાનું છે તેનું પહેલાં સાચું યથાર્થ જ્ઞાન, પદાર્થબોધ કેમ નથી મેળવતા ? પાયા વિના મકાન ચણનારા ઘણા વધી ગયા છે. ચાલો... 'કળિયુગાય નમઃ' કહીને કળિયુગને જ નમસ્કાર કરીને કપાળે હાથદઈને બેસી જઈએ ? શું કરીએ ? સર્વજ્ઞ-પ્રણીત આટલું સ્પષ્ટ દીવા જેવું સાચું જ્ઞાન ઉપલબ્ધ હોવા છતાં પણ તેની સર્વથા ઉપેક્ષા-અવગણના કરીને પદાર્થોનું સાચું જ્ઞાન જ ન મેળવતાં સીધા જ ધ્યાન કરવાની દિશામાં કૂદકો મારીને જે તે પદ્ધતિએ જેવું તેવું ધ્યાન કરી લઈને તેને જ સાચું ધ્યાન માની લઈને ખાબોચિયાના ઘણા દેડાકાઓ ડ્રાઉં ડ્રાઉં કરતા આજે ચારેય બાજુ જોવા મળે છે. આવી વર્તમાનકાળની પરિસ્થિતિ ઘણી દયનીય છે. માટે સમ્યગ્જ્ઞાન પૂર્વકના સમ્યગ્ધ્યાનની અનિવાર્ય આવશ્કતા છે.

**સમ્યકત્વ પછીનો મોક્ષ પ્રાપ્ત્યાર્થે પુરૂષાર્થ :-**

**सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः**

અનાદિ મિથ્યાત્વના કારણે અનંતકાળ સંસારચક્રમાં પરિભ્રમણ કરીને જીવ યથાપ્રવૃત્તિકરણાદિ કરણ (આત્મવીર્ય) ફોરવી ચોથા ગુણસ્થાને પહોંચી સમ્યગ્દર્શન પામે છે. હવે મોક્ષ સુધી પહોંચવા માટે વિશેષ પુરૂષાર્થ કરવાનો રહ્યો. તે માટે આગળના જે દેશવિરતિ, સર્વવિરતિ આદિ ઘણાં ગુણસોપાનો છે. જે જ્ઞાનાવરણીયાદિ બીજા કર્મો

ખપાવવા તેમજ નવા કર્મોનો આશ્રવ કે બંધ ન થાય તેના માટે સહયોગી બને છે. આત્મા ઉપર અનંત કર્મો કેટલાય જન્મોથી બંધાયેલા પડ્યા છે.

સર્વ પ્રથમ તો આશ્રવનો નિરોધ-સંવર કરવો અત્યંત આવશ્યક છે. તેને અનુરુપ પાંચમા અને છટ્ઠા ગુણસ્થાનોની વ્યવસ્થા છે. આમ જોવા જઇએ તો આ બન્ને ગુણસ્થાનો એક રૂપ જ છે,એક જેવા જ છે. એક જ ઉદ્દેશ્યના છે. પરન્તુ આધિકારીની ક્ષમતાનુસાર ઓછી વત્તી શક્તિ-ક્ષમતાના આધારે બે ભાગ પડી ગયા છે. મુખ્ય ઉદ્દશ્ય આશ્રવનો નિરોધ કરવાનો છે તે માટે વિરતિ પરમ આવશ્યક છે. પાપોથી આત્મા વિરત-વિરક્ત અલગ થવો જોઇએ. જેથી નવા નવા પાપ થવાના અટકે. ૫ મા ગુણસ્થાને વિરતિનું પ્રમાણ બહુ જ ઓછા પ્રમાણમાં છે. માટે દેશવિરતિ નામ આપવામાં આવ્યું છે. તેનો અધિકારી ગૃહસ્થછે. આવો ગૃહસ્થજે પત્ની-પુત્ર-પરિવારવાળો છે. આજીવિકાર્થે વ્યાપાર-વ્યવસાય વગેરે પ્રવૃત્તિવાળો હોવાથી બધાં જ પાપોને સર્વથા રોકી નથી શકતો. તેમ છતાં પણ મુક્તિમાર્ગમાં આ પાપો અર્ગલારૂપે બાધક છે, એમ સમજીને અટકાવવા પ્રયત્ન જરૂર કરે છે. થોડા-થોડા પ્રમાણમાં અટકાવે છે. કેવી રીતે અટકાવે ? તે માટે ભગવાને સીધો રસ્તો વ્રત, વિરતિ, પચ્ચકખાણનો આપ્યો છે. પાપોની જાતો ૧૮ છે. હિંસા, જૂઠ, ચોરી વગેરે આ ૧૮ પ્રકારનાં પાપોની જાતોમાંથી તે પાપોનો વધુ પડતા પ્રમાણ ઘટાડીને ઓછા કરે છે. જે જે અનાવશ્યક ન કરવા યોગ્ય પાપોનું પ્રમાણ ઘટાડીને ઓછું કરીને પચ્ચકખાણ લે છે. દર વર્ષે ધીરે ધીરે આગળ વધતાં વધતાં ઘણા બધા પાપોથી નિવૃત્તિ થાય છે.

બીજી બાજુ ધર્મારાધના કરવા માટે વ્રતો-પચ્ચકખાણો નક્કી કરે છે અને તેનું યોગ્ય આચરણ કરે છે. આ રીતે તે વ્રતધારી શ્રાવક બને છે. ભગવાને તેને માત્ર ગૃહસ્થન કહેતાં શ્રાવક-શ્રાવિકા એવી સંજ્ઞા આપી છે. તે ૧૨ પ્રકારનાં વ્રતો ધારણ કરે છે. તેથી તેને બાર વ્રતધારી શુદ્ધ શ્રાવક-શ્રાવિકા કહેવાય છે.

## ૧૨ વ્રત

**૫ અણુવ્રત**

૧. પ્રાણાતિપાત વિ. વ્રત
૨. મૃષાવાદ વિ. વ્રત
૩. અદત્તાદાન વિ. વ્રત
૪. મૈથૂન વિ. વ્રત
૫. પરિગ્રહ પરિમાણ

**૩ ગુણ વ્રત**

૬. દિક્ પરિમાણ
૭. ભોગોભોગ પરિમાણ
૮. અનર્થ દંડ વિરમણ

**૪ શિક્ષા વ્રત**

૯. સામાયિક
૧૦. દેશાવગાસિક
૧૧.પૌષધ
૧૨. અતિથિસંવિભાગ

સમ્યક્ત્વ પામીને પોતાની શ્રદ્ધા સાચી સચોટ બનાવીને ઉપર ૧૨ વ્રતો લઈને થોડાંક પાપોનું પ્રમાણ ઘટાડીને દેશવિરતિધર શ્રાવક બને છે. ધર્મના માર્ગે જોડાઈ જાય છે. હવે તે માત્ર ગૃહસ્થનથી રહ્યો, પરંતુ વ્રતધારી શ્રાવક બની જાય છે. મૂળમાં સમ્યગ્દર્શન પામેલો હોવાથી સાચી શ્રદ્ધા જાગી ગઈ છે. તેથી સાચો શ્રદ્ધાળુશ્રાવક બનીને તે દેવ+ગુરૂ અને ધર્મ તેમ જ તત્ત્વોનું સાચું સ્વરૂપ માને છે. જાણે છે. સારી રીતે સમજે છે. સર્વજ્ઞોએ જે રીતે આત્માથી મોક્ષ સુધીનાં બધાં જ તત્ત્વોનું જે ચરમસત્ય સ્વરૂપ પ્રકાશ્યું છે તેને જ સાચા સિદ્ધાંત સ્વરૂપે સ્વીકારે છે. માને છે. જેમ જેમ સાચું યથાર્થ સમ્યગ્જ્ઞાન થતું જાય-મેળવતો જાય તેમ તેમ તેની શ્રદ્ધામાં ઉમેરો થતો જ જાય. દૂધમાં જેમ સાકર નાખો તેમ વધુ ગળ્યું થતું જ જાય. તેવી રીતે સાચી - શ્રદ્ધા સમ્યગ્દર્શન જે સમ્યગ્જ્ઞાનને આધારે છે તે તો જ્ઞાન વધતાંની સાથે વધતું જ જાય. અંધ (આંધળી) શ્રદ્ધાને જ્ઞાનની જરૂરત જ નથી પડતી. અજ્ઞાનતા પૂર્વકની શ્રદ્ધાને જ અંધ (આંધળી) શ્રદ્ધા કહેવાય છે. દુઃખ નિવારક નિમિત્તોને ઢાલ બનાવી ચમત્કારો સર્જનારા આવી આંધળી શ્રદ્ધાનો દુરૂપયોગ કરતા હોય છે.




૪થા ગુણસ્થાને પ્રવેશ અર્થાત અજ્ઞાનમૂલક અંધશ્રદ્ધા રૂપ વિષનું વમન. સમ્યગ્જ્ઞાન પૂર્વકની સમ્યગ્શ્રદ્ધા-સમ્યગ્દર્શન પામનારો શ્રદ્ધાલુ-સાચો શ્રાવક સમ્યક્ત્વના વજ્ર જેવા પિંજરામાં પોતાની સુરક્ષિતતાનો અનુભવ કરે છે. અંધશ્રદ્ધાના નિમિત્તોના ભંડારને જ સંસાર કહીએ તો કંઇ ખોટું નથી. આવા સંસારમાં મન-વચન અને કાયાથી પાછું મિથ્યાત્વનું પાપ લાગે નહીં તેની જાગૃતિ પળે પળે રાખવી ખૂબ જ જરુરી છે. મિથ્યાત્વએ ૧૮ પાપસ્થાનકો-પાપની જાતિઓમાં ૧૮મું છેલ્લું પાપસ્થાનક છે. ક્રમમાં અંતિમ છે પરંતુ પાયામાં પ્રડેલું હોવાથી ભયંકર પાપકર્મો બંધાવે છે. આ મિથ્યાત્વને પણ કર્મબંધના પાંચ હેતુમાંથી એક ગણ્યો છે. સમ્યગ્દર્શન પામનાર શુદ્ધ શ્રાવકે આ હેતુનો ક્ષય / ક્ષયોપશમ કરી દીધો હોવાથી મિથ્યાત્વ મોહનીય કર્મનો આશ્રવ અને બંધ બન્ને અટકી જાય છે. જેથી "ઇડરીયો ગઢ" જીતી લીધાનો સંતોષ થાય છે.

મિથ્યાત્વનું પાપ અને તે થકી બંધાતુ મિથ્યાત્વ મોહનીય કર્મ બન્ને અટકી જવાથી આ આખુ ચક્ર જ અટકી જાય છે. જેથી તેના કારણે વધતો સંસાર પણ અટકી જાય છે. મિથ્યાત્વ સંસારવર્ધક છે. આ બન્નેમાં ભારે કાર્ય-કારણભાવ સંબંધ છે. જેમ જેમ મિથ્યાત્વ વધે તેમ તેમ સંસાર વધતો જાય અને જેમ જેમ સંસાર વધતો જાય તેમ તેમ ફરી ફરી આ મિથ્યાત્વ વધતું જાય છે. કારણ કે સંસારમાં ચારેય બાજુ પાપ પ્રવૃત્તિવર્ધક નિમિત્તો ઘણાં છે. અઢારે પાપના નિમિત્તો ચારેય બાજુ વિંટળાયેલા છે. બીજા બધા સ્નેહી સબંધીઓ પણ કંઈ

સમ્યગ્દૃષ્ટિઓ તો હોતા જ નથી. રાગ-દ્વેષવર્ધક નિમિત્તો જ વધારે હોય છે. કષાયકારક વધારે હોય છે. સંસારમાં અઢારેય પાપોના સેવન-આશ્રવમાં જીવો સુખબુદ્ધિ વધારે રાખે છે. આ રીતે ફરી ફરી પાપકર્મ બાંધવાનાં અને ફરી ફરી સંસાર વધતો જ જાય. સંસારમાં વિરતીવંત બનીને જ રહેવું જોઇએ. શ્રાવક માટે શ્રાવકાવસ્થામાં પણ વિરક્ત-વૈરાગી બનીને રહેવું ઘણું અઘરું હોય છે. પણ વિરતિવંત બનીને રહેવું હજી પણ સંભવ છે. જો કે તે પણ ઘણી અઘરી સાધના છે. કારણ કે અઢારેય પાપો વિના આજીવિકાની ઉપલબ્ધી થતી નથી. એ માટે શ્રાવક જીવન સર્વથા પાપમુક્ત નથી અને પાપપ્રવૃત્તિથી મુક્ત ન હોવાથી કર્મબંધથી પણ મુક્ત નથી. આશ્રવ થતો જ રહે તો બંધ પણ થતો જ રહેશે. સંપૂર્ણપણે પાપ અને કર્મબંધથી મુક્ત જીવન જોઇતું જ હોય તો તે એકમાત્ર સર્વવિરતિપ્રધાન જીવન જ ઉપયોગી છે. તે જ સાધુ-શ્રમણજીવન છે. તે સિવાય બીજો વિકલ્પ જ નથી. માટે જ તેનું (તે ગુણસ્થાનકનું) નામકરણ કરતાં સર્વવિરતિ સંજ્ઞા આપી છે.

## સર્વવિરતિપ્રધાન - સાધુ જીવન :-

છઠ્ઠા ગુણસ્થાને ચારેય બાજુથી અભેદ્ય દિવાલ સ્વરુપ પાંચ મહાવ્રતો સ્વીકારીને સર્વવિરતિધર્મ સ્વીકારે છે તે સાધુ બને છે. તેવા સાધુ, ગૃહસ્થાશ્રમના ઘરબાર બધુ છોડી દે છે. સ્વયં પોતે જાણે છે કે આ સંસાર-કુટુંબ, પરિવાર, ઘરબાર, સગાં-સબંધી, પત્ની, પુત્ર, પરિવાર ધન-સંપત્તિ આદિ બધા જ નિમિત્તો ફરી ફરી પાપ-પ્રવૃત્તિ કરાવે છે અને ફરી ફરી કર્મ બંધાવે છે. માટે સર્વવિરતિ ધર્મની પ્રતિજ્ઞા લેવા માટે પંચ મહાવ્રત ઉચ્ચરે છે. શ્રાવકજીવનનાં ૫ અણુવ્રત હોય છે. જ્યારે તે જ શ્રમણજીવન માટે મહાવ્રત સ્વરૂપે હોય છે. 'અણુ' શબ્દનો પ્રયોગ નાનામાં નાનો અર્થ દેખાડવા માટે કરવામાં આવ્યો છે. જ્યારે છટ્ઠા ગુણસ્થાને સર્વ વિરતિધર્મ સ્વીકારનાર તે જ વ્રતોને 'મહા'-વિશાળ, મોટા સ્વરૂપે સ્વીકારે છે. 'મહા' કહેવાનો હેતુ એવો છે કે જેમાં નામમાત્ર પણ છૂટછાટ નથી હોતી.

પહેલું મહાવ્રત છે-પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત-અર્થાત્ જે જે પ્રાણધારી પ્રાણીઓ હોય છે તેમના પ્રાણોની હિંસા કરવાથી સર્વથા બચવું. એકેન્દ્રિયથી લઈ પાંચ ઇન્દ્રિયધારક સુધીના નાના-મોટા દરેક જીવોની હિંસાથી બચવું. પાણી, પૃથ્વી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના બધા જીવો પ્રાણધારી હોવાથી પ્રાણી જ કહેવાય છે, માટે સાધુ બધાની હિંસા જીવે ત્યાં સુધી ક્યારેય ન કરે. એનાથી મોટા ૨, ૩, ૪ ઇન્દ્રિયધારક વિકલેન્દ્રિયના નાનાં નાનાં કીડી-મંકોડા આદિ પ્રાણીઓની હિંસા સર્વથા નથી કરતા અને પંચેન્દ્રિયધારક મનુષ્ય અથવા પશુ-પક્ષી વગેરે મોટા એક પણ જીવ-પ્રાણીની હિંસા સર્વથા ન કરવાની પ્રતિજ્ઞા જ મહાવ્રત સ્વરૂપે છે. આવી મોટી ભિષ્મપ્રતિજ્ઞા ધારણ કરવાથી સાધુ માંસાહાર આદિથી સર્વથા બચી જાય છે. કાચું પાણી સ્પર્શ જ નથી કરતા. ઉકાળેલું પાણી શ્રાવકો ભિક્ષામાં આપે તો જ ગ્રહણ કરે છે. પીએ છે. અગ્નિનો સ્પર્શ નથી કરતા માટે જાતે

રસોઈ બનાવતા જ નથી. ભિક્ષામાં મળે તે જ લાવીને વાપરી લે છે. આવું જૈન સાધુ જેવું મહાવ્રતધારી જીવન આખી દુનિયામાં કોઈનું પણ નથી હોતું.

આ તો પ્રથમ એક જ મહાવ્રતના સ્વરૂપની વાત થઈ. એવી બધા મહાવ્રતોની વાતો છે. મૃષાવાદ વિરમણ મહાવ્રતમાં કોઈ પણ બાબતમાં અંશમાત્ર પણ જૂઠ નથી બોલવાનું. સંપૂર્ણપણે બધી જ બાબતોમાં માલિકની આજ્ઞા વિના અને આપ્યા વિના દાંત ખોતરવાની નાનકડી સળી શુદ્ધાં લેવી નહીં. દત્ત-એટલે આપેલું જ લેવું. ન આપેલું અર્થાત્ અદત્તાદાન ન લેવું. માટે અદત્તાદાન વિરમણ એ ત્રીજું મહાવ્રત છે. એવી જ રીતે ચોથા મહાવ્રતમાં સંપૂર્ણપણે મૈથૂનથી વિરમવાનું છે. માટે નાનકડી બેબીથી લઈને મોટી સ્ત્રી સુધી કોઈનો પણ સ્પર્શ સુદ્ધાં ન કરે. મૈથુનસેવન તો સર્વથા નહીં જ. આજીવન પર્યંત અખંડપણે પૂર્ણ મહાવ્રત પાળવાનું જ હોય છે. સર્વથા અલિપ્ત રહેવું. પાંચમા મહાવ્રતમાં સર્વથા પરિગ્રહનો ત્યાગ કરે છે. ધન, ધાન્ય, વસ્ત્ર, પાત્ર, ઘર, દુકાન, જગ્યા, જમીન, ધન, સંપત્તિ, સોના, ચાંદી, હીરા, મોતી, પશુ, પક્ષી, ગાડી, ઘોડા, વાહન, મકાન, પત્ની, પુત્ર ઇત્યાદિ બધી જાતના પરિગ્રહનો સર્વથા-સંપૂર્ણપણે ત્યાગ કરે છે. છોડી દે છે. સંગ્રહ નથી કરતા. આધ્યાત્મિક જીવનમાં આત્મકલ્યાણના માર્ગમાં તે બધું જ બાધક છે. આ રીતે સંપૂર્ણપણે ત્યાગી-તપસ્વી જીવન જીવતા જૈન સાધુ આજીવન સુધી રાત્રિ ભોજનનો સર્વથા ત્યાગ કરે છે. અનંતકાય-અભક્ષ્ય વગેરેનો ત્યાગ કરીને સંપૂર્ણપણે મહાવ્રતધારણ કરે છે. જૈન સાધુનું આવું ઉત્કૃષ્ટ જીવન સમસ્ત સંસારમાં એક ઉચ્ચ કક્ષાના આદર્શ સ્વરૂપે છે.

**સાધુ અને શ્રાવક બન્ને તીર્થંકર નામકર્મ બાંધવાના સમાન અધિકારી :-**

બાર વ્રતધારી શુદ્ધ શ્રાવક




સંસારના પ્રપંચમાં આસક્ત બધા જ ગૃહસ્થો ધર્મના અધિકારી નથી ગણાતા. જ્યારે દેશવિરતિધર થયેલ શ્રાવકને ધર્મક્ષેત્ર માટે સુયોગ્ય અધિકારી ગણીને તીર્થંકર ભગવંતોએ તેવા વ્રતધારી શ્રાવક, શ્રાવિકા વર્ગનો પોતાના સંઘમાં સમાવેશ કર્યો છે. તીર્થંકરોએ સ્થાપેલા ચતુર્વિધ સંઘમાં શ્રાવક-શ્રાવિકા વર્ગની ગણના કરીને તેમને પણ મોક્ષમાર્ગે આગળ વધવાના સમાન અધિકારી બનાવ્યા છે.

૧૪ ગુણસ્થાનના મોક્ષમાર્ગ ઉપર મોક્ષની દિશામાં આગળ વધતા શ્રાવક-શ્રાવિકા ૪થા-૫ મા ગુણસોપાને પહોંચી ચૂક્યા છે. ૪થા ગુણસ્થાને સમ્યગ્દર્શનધારક શ્રદ્ધાળુ બન્યા છે. જ્યારે પાંચમા ગુણસ્થાને આવીને દેશવિરતિનાં ૧૨ વ્રતો સ્વીકારી આચરણ કરતા શ્રાવક બન્યા છે. સ્ત્રી વર્ગ શ્રાવિકા કહેવાય છે. બન્ને માટે ધર્મ, ધર્મના નિયમો, ધર્મનું આચરણ બધું સમાન સ્વરૂપે સરખું જ હોય છે.

એવી જ રીતે સાધુ અને શ્રાવક બન્ને માટે તીર્થંકર ભગવંતોએ ધર્મ એક જ કહ્યો છે. કારણ કે કર્મક્ષય અને અનાશ્રવ નો ઉદ્દેશ્ય એક જ છે - એકસરખો છે. માત્ર આચરણનું પ્રમાણ ઓછા-વત્તા પ્રમાણમાં છે. શ્રાવક હજી પત્ની-પુત્રવાળો હોવાથી તેમ જ આજીવિકા ઉપાર્જન કરતો હોવાથી ગૃહસ્થાશ્રમની અવસ્થામાં છે. તેના માથે પરિવારના પાલન-પોષણની જવાબદારી છે માટે તેને મહાવ્રતોના બદલે અણુવ્રત આપીને ઘણી બધી છૂટછાટ સાથે દેશવિરતિધર રાખ્યો છે. જ્યારે સાધુ સપૂર્ણપણે સંસારનો ત્યાગી બની ચૂક્યો છે. તેના માથે પત્ની-પુત્ર-પરિવાર નથી. આજીવિકાની ચિંતા નથી માટે વ્યાપાર-વ્યવસાય નથી-બધી જ સંસારની જવાબદારીઓથી મુક્ત નિશ્ચિંત થઈ એકમાત્ર આત્માના કલ્યાણાર્થે જ મોક્ષમાર્ગે શ્રાવક કરતાં એક ગુણસોપાન આગળ વધ્યો છે. છઠ્ઠા ગુણસ્થાને આવીને સંસારનો ત્યાગી બની પંચ મહાવ્રતો સ્વીકારી સંપૂર્ણપણે વિરતિધારણ કરી સર્વ વિરતિધર સાધુ બન્યો છે. સ્ત્રીવર્ગ શ્રાવિકા કહેવાય છે. તે જ આગળ વધી દીક્ષા ગ્રહણ કરીને સાધ્વી બને છે. શરીરરચનાના ફરક માત્રથી જ સાધુ અને સાધ્વી તેમ જ શ્રાવક અને શ્રાવિકા કહેવાય છે, જ્યારે ધર્મશાસ્ત્રના સિદ્ધાંતો-નિયમો આચરણ મર્યાદાઓ બન્ને વર્ગ માટે સંપૂર્ણપણે એકસરખા છે.




સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા

આ ચારેય વર્ગને એક જ પાટ-પલંગના ચાર પાયા ગણાવીને સમાન ધર્મના અધિકારી બનાવીને ચતુર્વિધ સંઘરૂપી તીર્થની સ્થાપના પ્રત્યેક તીર્થંકર ભગવંતો અવશ્ય કરે જ છે. આ સ્થાપેલ સંઘ જ હજારો વર્ષો સુધી રહે છે. ટકે છે. એમાંના ચારેય વર્ગના સાધકો પોતપોતાની મર્યાદામાં ધર્માચરણ-ધર્મારાધના કરતા જ રહે છે. સાધકના બે જ મુખ્ય લક્ષ્ય હોય છે, એક રોજેરોજ-દૈનંદિન જીવનમાં નવા કર્મ બાંધવા નથી અને જુના કર્મ રાખવા નથી. અર્થાત અનાશ્રવનું અને કર્મક્ષયનું લક્ષ્ય રાખીને સંવર+નિર્જરા ધર્મની ઉપાસના સાધકો કરતા હોય છે. બન્ને એક જ શાળા-વિદ્યાલયના વિદ્યાર્થીઓ છે. માત્ર શ્રાવક શ્રાવિકા વર્ગ ૪થા + ૫ મા ગુણસ્થાનના વિદ્યાર્થીઓ છે અને સાધુ-સાધ્વીજીઓ ૬ઠ્ઠા+૭મા ગુણસ્થાનના (વર્ગના) વિદ્યાર્થીઓ છે. લાંબો ફરક નથી.

**મોક્ષમાર્ગના મુખ્ય ઘટકો :-**

શ્રદ્ધાનો 'શ્ર', વિવેકનો 'વ' અને ચારિત્ર-ક્રિયાનો 'ક' આ રીતે ત્રણેય અક્ષરો મોક્ષમાર્ગના ઘટક દર્શન-જ્ઞાન-ચારિત્રના જ વાચક-સાધક છે. તેથી શ્રાવકનું




કર્તવ્ય, શ્રાવકનું સાધ્ય-સાધના-ધર્મ પણ દર્શન+જ્ઞાન+ચારિત્રપ્રધાન છે. એ જ તેના જીવનમાં વણાયેલું હોવું જોઇએ. માટે તે માત્ર ઘરબારવાળો ગૃહસ્થજ છે એવું નથી, પરંતુ ગૃહસ્થની કક્ષામાંથી ધર્મના આધારે હજાર ગણો ઉપર ઉઠેલો છે. ઘરબાર-પત્ની-પુત્ર પરિવારવાળા બધાને ગૃહસ્થકહેવાય છે. ભલે ને ધર્મ હોય કે ન પણ હોય તો પણ બધા ગૃહસ્થજ કહેવાય છે. જ્યારે વ્રત-નિયમ અને પચ્ચક્ખાણવાળો દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઉપાસક જ શ્રાવક કહેવાય. ગૃહસ્થપણું એ તો પહેલો પાયો છે. તેના ઉપર સુશોભિત બંગલા જેવો શ્રાવક છે.

### તીર્થંકર પ્રભુના સંઘમાં શ્રાવક-શ્રાવિકા :-

સર્વે તીર્થંકરો અનિવાર્યપણે તીર્થની સ્થાપના કરે છે. તેથી જ તેઓ તીર્થંકર કહેવાય છે. તીર્થમાં સંઘની ગણના થાય છે. તારે તે તીર્થ કહેવાય છે. સંઘમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એવા ચારેય પ્રકારનો વર્ગ હોવાથી જ ચતુર્વિધ સંઘ કહેવાય છે. વર્તમાન ચોવીસીના ૨૪ તીર્થંકર ભગવંતોના સંઘોમાં ચારેય વર્ગની સંખ્યા ઘણી અલગ અલગ છે. ઘણી મોટી વધઘટ છે. તીર્થંકરોની શ્રેણીમાં સર્વ પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાનના સંઘ પરિવારમાં (૧) સાધુઓની સંખ્યા ૮૪૦૦૦ (૨) સાધ્વીજીઓની સંખ્યા ૩,૦૦૦૦૦ (૩) શ્રાવકવર્ગની સંખ્યા ૩,૦૫૦૦૦ (૪) શ્રાવિકા વર્ગની સંખ્યા ૫,૫૪,૦૦૦ હતી.

આ રીતે તીર્થંકરોની શ્રેણીમાં આવતા આવતા ૨૩મા તીર્થંકર શ્રી પાર્શ્વપ્રભુના સંઘ પરિવારમાં (૧) સાધુઓ ૧૬,૦૦૦ (૨) સાધ્વીજીઓ ૩૮,૦૦૦ હતાં તેમ જ શ્રાવક વર્ગ ૧,૬૪,૦૦૦ અને શ્રાવિકા વર્ગ ૩,૨૭,૦૦૦ આટલી સંખ્યામાં હતા.

છેલ્લા ચોવીસમા ચરમતીર્થાધિપતિ પરમાત્મા મહાવીરના શ્રી સંઘ પરિવારમાં સાધુઓની સંખ્યા બધી મળીને ૧૪,૦૦૦ જ હતી અને સાધ્વીજીઓની સંખ્યા ૩૬,૦૦૦ હતી. જ્યારે શ્રાવકો ૧,૫૯,૦૦૦ હતા અને શ્રાવિકાઓ ૩,૪૯,૦૦૦ હતી.

વીરપ્રભુના ચોથા આરામાં સ્થપાયેલ આ સંઘનો કાળ ૨૧,૦૦૦ વર્ષનો હતો. તેમના નિર્વાણ પછી ૩ વર્ષ ને ૮ાામાસ પછી ચોથો આરો સમાપ્ત થયો અને ૫ મો આરો બેસી ગયો. આ પંચમ આરાનો કાળ કળીયુગનો કહેવાય છે. મહાવીરના સંઘ પરિવારની સંખ્યાને સંપૂર્ણ જૈનોની જનસંખ્યા નથી માની લેવાની. સમસ્ત જૈનોની સંખ્યા તે વખતે હજાર ગણી મોટી લાખો-કરોડોની હતી, પરંતુ તે ગૃહસ્થોની હતી, પરંતુ તેમાંથી બાર વ્રતધારી શ્રાવક અને શ્રાવિકાઓની સંખ્યા માત્ર એક લાખ ઓગણસાઠ હજાર તેમ જ

ત્રણ લાખ ઓગણપચાસ હજાર શ્રાવિકાઓ હતી. આના ઉપરથી સ્પષ્ટ થાય છે કે જે ચોથા ગુણસ્થાને પહોંચી મિથ્યાત્વ વમીને સમ્યગ્દર્શન પામે છે તે શ્રદ્ધાળુ શ્રાવક અને ૫ મા ગુણસ્થાને પહોંચી વ્રત-પચ્ચકખાણ-ધારણ કરી આરાધક-ઉપાસક શ્રાવક બને છે. એવા શ્રાવક-શ્રાવિકા વર્ગની સંખ્યા હતી અને આજે પણ એ જ નિયમ લાગુ પડે છે. માત્ર જૈન પરિવારમાં-જૈન કુળમાં જન્મ્યો તેથી તે જૈન. જન્મે જૈન હોવું એ કુળ-વંશની ઓળખ છે. જ્યારે ધર્મે જૈન એ પણ ધર્મની અને ધર્મ થકી શ્રાવકની ઓળખ છે. બાર વ્રતધારી શ્રાવક-શ્રાવિકાની જ ગણના સંઘમાં થાય છે, પરંતુ વર્તમાનકાળે વ્યવહાર નયથી તે તે ક્ષેત્રોમાં સ્થપાયેલા ક્ષેત્રીય સંઘોમાં ૧૧ રૂપિયા અથવા ૧૦૧ રૂપિયા લખાવીને જે કોઈ સંઘના સભ્ય બન્યા તે બધા સંઘ સંખ્યામાં ગણાય છે. ગણતરીમાં લેવાય છે. તે વ્યવહારમાત્રથી છે. તેમના સંઘના સભ્યોની સંખ્યા ગણવા પુરતી જ સીમિત છે. જ્યારે ખરેખર સાચા અર્થમાં શ્રાવક-શ્રાવિકાઓની સંખ્યા ગણવી હોય તો બાર વ્રતધારીઓ જેટલા છે તેમની સંખ્યા ગણીને સાચો આંકડો મેળવવો જોઇએ. જોકે વર્તમાનકાળમાં બારવ્રતીઓની સંખ્યા દિવસેને દિવસે ઘટતી જાય છે. સમસ્ત દેશ અને દુનિયામાં જૈનોની સંખ્યા ગણવામાં આવે તો એક અંદાજ મુજબ ૨ કરોડ ઉપર બતાવે છે. એમાં ચોથા ગુણસ્થાને પહોંચી સમ્યકત્વ પામેલા સાચા શ્રદ્ધાળુઓની સંખ્યા ગણવા જઇએ તો એવા શ્રાવકોની સંખ્યા કેટલી મળશે ? શું ૧ ટકા પણ ગણી શકાય ? અને એના પછી પાંચમા ગુણસ્થાને પહોંચી ચૂકેલા બાર વ્રતધારી શ્રાવકોની, શ્રાવિકાઓની સંખ્યા ગણીએ તો તે કેટલા હશે ? કેટલા ટકા ગણવી ? અંદાજે ૧-૨ લાખ કહી પણ દઈએ તો પણ સાચા પડશું કે કેમ તેમાં પણ શંકા રહેશે. ત્યારે વિચાર કરો કે મહાવીરના સંઘ પરિવારમાં ૧,૫૯,૦૦૦ની શ્રાવકોની ૩૦૦૦ની હતી તે કેવા શ્રાવક-શ્રાવિકાઓની હતી ? તેનો પાકો ખ્યાલ આવી જાય છે. એવું માની લેવાની જરૂરત નથી કે મહાવીર ભગવાનના સમયે તેમની હયાતીના કાળમાં ધર્મ જ્યારે ચરમ ઉત્કર્ષ ઉપર હતું ત્યારે સંખ્યા માત્ર આટલી જ હતી. જૈનો માત્ર એટલી નાની સંખ્યામાં જ હતા અને આજે મહાવીર નથી ત્યારે જૈનોની સંખ્યા ૨ કરોડ ઉપર પહોંચી ગઈ. આવું કેમ ? ના એવું નથી. રહસ્ત સમજી લેવાથી આ વધુ સ્પષ્ટ થઈ જશે. અનંતાકાળથી સંસારચક્રમાં પરિભ્રમણ કરતા જીવ માટે મિથ્યાત્વનું વમન કરીને સમ્યગ્દર્શન પામી જવું કંઈ ખાવાના ખેલ નથી અને સમ્યકત્વ પામી લીધા પછી પણ બાર વ્રતધારી શ્રાવક બની જવું કંઈ સહેલું નથી. માટે આવી વ્રતધારીઓની સંખ્યા ઘણી ઓછી જ રહેવાની છે. ૧૨ વ્રતો લેવાં એટલે ગૃહસ્થાશ્રમમાં રહીને પરિગ્રહાદિ પરિમિતસિમિત કરીને રહેવું ઘણું અઘરું લાગે છે. ચારેય બાજુની દુનિયાના લોકો જ્યારે ભોગવાદમાં જીવે છે. અતિ સંગ્રહ-પરિગ્રહની પ્રચુરતામાં જીવી રહ્યા છે અને સુખ તો ઉપભોગ કરવા રાત-દિવસ મળી રહ્યા છે. એવા સમયે એક શ્રાવક-શ્રાવિકા-મિથ્યાભિમાન વડે માટે સ્વયંની કષાયવૃદ્ધિ જ કરશે. પરિગ્રહનો ત્યાગ તો નહીં કરી શકે ? ઉપરથી વધારતા-વધારતા ભોગોનો ઉપભોગ કરશે અને નવાં કર્મો બાંધશે.

## તાત્કાલિક ભગવાન થવાતું નથી :-

એક જ ભવ દરમિયાન કોઈ એમ ઇચ્છે કે હું આજે જ તીર્થંકર નામકર્મ બાંધીને આજે જ તીર્થંકર બની જાઉં તો તે વિચારણા તદન ખોટી છે. એવું સંભવ નથી.

વર્તમાનકાળે જે રીતે એક નહીં, અનેક જણા ભગવાન તરીકે જાહેર થતા જાય છે. દક્ષિણ ભારતમાં જાઓ તો માથે મોટા ઝાડ જેવા વાળ રાખીને ફરનારા પણ પોતાને ભગવાન જ કહેવડાવે છે અને ચમત્કારો દેખાડે છે. બસ, ખૂબ રૂપિયાનો ઢગલો થઈ જાય છે.

સુરતના રેલવેસ્થાનકે બાંકડા ઉપર બેઠેલા ટોપીવાળા ખેડૂતે કહ્યું કે – મને કેવળજ્ઞાન થઈ ગયું છે. સીમંધરસ્વામીએ મહાવિદેહથી અહિંયાં ભારતમાં મને મોકલાવ્યો છે. બધાને કેવળજ્ઞાનની લહાણી કરવા કહ્યું છે. જે કોઈ પણ મારા પગના અંગૂઠે માથું ટેકીને બેસી રહેશે તેનામાં મારું કેવળજ્ઞાન ઉતરતું જ જશે. હું ભલે રાત્રે ૧૨ વાગે આઇસ્ક્રીમ ખાતો રહું, એ તમારે નહીં જોવાનું. તમને કેવળજ્ઞાન થતું જશે.

પુનામાં થઈ ગયેલા એક ભગવાને થોડા સમય માટે પોતાને ભગવાન કહેવડાવ્યા અને પછી કહ્યું કે ભગવાન પદ ઉપરથી હું રાજીનામું આપી દઉં છું. સંભોગથી સમાધિમાં માનનારા આ કહેવાતા ભગવાને હજારો વિદેશીઓને મુક્ત વ્યભિચારના માર્ગે વાળી દીધા હતા. ભોગવાદી આ ભગવાન વિપુલ પ્રમાણે ભોગોપભોગમાં તરબોળ રહ્યા. મધ્યમ કક્ષાની ઉંમરે તેને પણ પતાવી દેવામાં આવ્યો.

કલ્કી નામના પોતાને ભગવાન કહેવડાવનાર દક્ષિણ ભારતમાં સક્રિય થઈ ગયા છે. સામાન્ય લોકોની અંધશ્રદ્ધાનો ફાયદો ઉઠાવનારા આવા ઉઠાવગીરો પણ ગમે તેમ ભગવાન બની જાય છે. પોતાની જાતને ભગવાન કહેવડાવીને યશ ખાટતા હોય છે, પરંતુ આ બધું અતિ થતા વધારે નથી ચાલતું, છેવટે ભોપાળુ બહાર આવે છે. લોકો અધર્મ પામે છે. ફિટકાર વરસાવે છે.

આવા એક નહીં અનેક દાખલાઓ આજના કળિયુગમાં બનતા જ હોય છે. આ કળિયુગની બલિહારી છે. ન થાય તો જ નવાઈ પામવા જેવું છે.

આવા પ્રસંગે જૈન ધર્મના મૂળ પાયાના સાચા સચોટ સિદ્ધાંતોને સારી રીતે સમજનારા ભરમાશે નહીં, ભૂલા પડશે નહીં, ભટકશે નહીં. આજે ને આજે આ જન્મમાં ભગવાન થવાતું જ નથી. ભગવાન થવા માટે વીસ સ્થાનકની તપશ્ચર્યાની સાથે જગતના સર્વ જીવોનું કલ્યાણ કરવાની ઉત્કટ કામના કરવાની હોય છે. તે માટે તેવી અને તેટલી સુયોગ્ય શક્તિની યાચના કરવી પડે છે. સર્વ જીવોની પાપબુદ્ધિ ટાળવા ભરચક પુરુષાર્થ કરવો પડે છે ત્યારે તીર્થંકર નામકર્મની ઉત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિ ઉપાર્જન થાય છે. તે પ્રકૃતિ ત્રીજા ભવે ઉદયમાં આવતા તીર્થંકર ભગવાન બની શકાય છે. તે પહેલાં સંભવ જ નથી.

**અવતારવાદી ધર્મોમાં એક જ ભગવાન....**
**અનવતારવાદી ધર્મોમાં અનંતા ભગવાન...**

<u>અવતારવાદી માન્યતા</u>

- વૈદિક, ઇસ્લામિક, ખ્રિસ્તી માન્યતા અવતારવાદી છે.
- એક જ ઇશ્વર વારંવાર અવતાર (જન્મ) લઈને ફરી-ફરી પાછા આવે છે.
- એક જ અલ્લાહ જુદા જુદા પયગંબર રૂપે આવે છે.
- Almighty God અલગ અલગ Messenger દૂત રૂપે અવતાર લઈને આવે છે.
- બીજા કોઈ પણ જીવાત્માને ઇશ્વર થવાનો-બનવાનો કોઈ અધિકાર જ નથી.
- માટે ભગવાન બનવાની કોઈ પ્રક્રિયા પદ્ધતિ અવતારવાદી માન્યતામાં છે જ નહીં.

<u>અનવતારવાદી એકમાત્ર જૈન ધર્મની માન્યતા</u>

- એકવાર અરિહંત કે સિદ્ધ થઇ મોક્ષે ગયા પછી ફરી અવતાર (જન્મ) લેતા જ નથી.
- જૈન માન્યતા અનવતારવાદી છે. જૈન ધર્મમાં ચોવીસે તીર્થંકર ભગવંતોના સ્વતંત્ર આત્મા છે. એક પણ મોક્ષે જઈને પાછા નથી આવતા.
- अप्पा सो परमप्पा દરેક ભવ્યાત્મા પરમાત્મા બની શકે છે.
- ભગવાન બનવા માટે શાશ્વત સ્વરૂપે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરવાની પ્રક્રિયા ઠરેલી જ છે.વીશ સ્થાનકની આરાધના સાથે સર્વ જીવના કલ્યાણની ભાવના અનિવાર્ય છે.

**यदा यदा ही धर्मस्य ग्लानिर्भवतु भारत ।**
**अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहं ।।४ / ७।।**
**परित्राणाय साधूनां विनाशाय च दुष्कृतां ।**
**धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ।।४ / ८।।**

– મહાભારતમાં શ્રીકૃષ્ણ અર્જુનને કહી રહ્યા છે કે...'જ્યારે જ્યારે પણ ધર્મની ગ્લાનિ થશે. ધર્મનો હ્રાસ થશે અને અધર્મ વધશે ત્યારે ત્યારે હે અર્જુન ! હું અવતાર લઇશ' આવા શબ્દો રજૂ કરવામાં આવ્યા છે. અવતારવાદી પ્રક્રિયા અને સાથે સાથે એકેશ્વરવાદી પ્રક્રિયા માનનારા વૈદિક ધર્મમાં એક જ ઇશ્વર ફરી ફરી ૨૪ વખત અવતાર (જન્મ) લે છે. એટલા માટે ૨૪ અવતાર થયાની તેમની માન્યતા છે. આવી જ સરખી સમાંતર માન્યતા ઇસ્લામ-ખ્રિસ્તી ધર્મોની પણ છે, માટે અવતારવાદી અને એકેશ્વરવાદી પ્રક્રિયામાં માનનારા બધા ધર્મોની માન્યતા લગભગ સરખી જ છે. માત્ર નામો અને સંજ્ઞાઓ પોતપોતાની જુદી જુદી છે. રજૂઆત જુદી જુદી રીતે કરી છે. પરંતુ આ અંગે સત્ય શોધવાની દિશામાં સમીક્ષા ખાસ કરવી જોઇએ, જેથી ખ્યાલ આવે કે આવી માન્યતાઓ અથવા આવા

સિદ્ધાંતો માનવા પાછળ કેટલું સત્ય છે. સર્વપ્રથમ તો સ્વર્ગ અને અપવર્ગ બન્ને સર્વથા જુદા જ સ્વરૂપે છે. મોક્ષને અપવર્ગ કહેવાય છે અને દેવતાઓના આવાસ-નિવાસના સ્થાન કે દેવલોક- સ્વર્ગ એવી સંજ્ઞા આપી છે. ત્યાં ગયેલા જીવો પાછા સંસારમાં આવી શકે છે પણ અપવર્ગ-મોક્ષમાં ગયેલા જીવો ફરી સંસારમાં આવી જ નથી શકતા,માટે અવતારવાદીઓના ભગવાન સ્વર્ગમાંથી અવતાર લે છે કે અપવર્ગમાંથી? શું સ્વર્ગને જ અપવર્ગ માનવાની ભૂલ તો નથી કરીને? આવા પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે.

## સૃષ્ટિના સર્જક-વિસર્જકની મિથ્યા કલ્પના :-

જૈન ધર્મમાં સર્વજ્ઞ પ્રણિત સિદ્ધાન્ત છે કે - આ સંસાર અનાદિ-અનંત છે. શાશ્વત છે, માટે આવા સંસારની ઉત્પત્તિ ક્યારેય થતી નથી. સર્જન ક્યારેય થતું જ નથી અને એવી જ રીતે તેનો નાશ પણ કદાપિ-ક્યારેય થતો જ નથી જેની ઉત્પત્તિ-નાશ ક્યારેય સંભવ જ નથી, માટે એવા શાશ્વત સંસારના ઉત્પત્તિકર્તા, સર્જક, નાશકર્તા, વિસર્જક-પ્રલયકર્તાની કલ્પના કરવી જ સર્વથા ભ્રાન્તિપૂર્ણ છે. ભ્રમણા છે. માત્ર બૌદ્ધિક કલ્પના છે. આવી ભ્રાન્ત કલ્પના અસત્ય છે. એ જ મિથ્યાત્વ છે. પાયા કે આધાર વિનાની ભ્રામક અસત્ય માન્યતાને માની લઈને તેના આધારે શેખચલ્લીના ગપગોળાની જેમ બધા જ કલ્પનાના મહેલ રચવાની મોટી ભૂલ કરવી તે જ મિથ્યાત્વ છે. પછી તેવા એકને જ ઈશ્વર માની લઈને પાછા તેમને જ વારેવારે અવતાર લેનારા માની લેવા તે ડબલ મોટી ભૂલ છે અને પાછા તેવા ઈશ્વરને જ સંસારનો સંચાલક, વ્યવસ્થાપક, પાલનહાર માનીને બધી વ્યવસ્થા તેના જ હાથે થઈ રહી છે તેવું માની લેવું, તે ભયંકર મોટી ભૂલ છે. એવી જ રીતે સર્વ સંસારના જીવોને કર્મફળદાતા પણ તે જ ઈશ્વર છે. સમસ્ત જીવોના સુખદાતા અને દુઃખહર્તા તે ઈશ્વરને જ માની લેવા અને અંતે તે જ ઈશ્વરને સૃષ્ટિનો મહાપ્રલય-વિનાશ કે સર્વનાશ કરનારા માનવા તે જન્મ દેનારી માતા પોતાના જ સંતાનને મારનારી-મારીને ખાનારી રાક્ષસી માનવા બરાબર છે. આવી પરસ્પર વિરોધી માન્યતા માનવી, અને પાછી તેને જ સાચી માનીને તેવું જ આચરણ કરવું તેને જ ધર્મ કહેવો ક્યાં સુધી ઉચિત છે ?

એકેશ્વરવાદી અને અવતારવાદી પ્રક્રિયાનો સિદ્ધાન્ત માની લેવાના કારણે જ્યારે બીજા કોઈ પણ જીવાત્માને ઈશ્વર બનવાનો અધિકાર જ નથી, તો પછી ઈશ્વર બનવાની પ્રક્રિયાનો ઉલ્લેખ કોઈ ધર્મશાસ્ત્રોમાં કઈ રીતે હોઇ શકે? આ વાત પણ એટલી જ સાચી છે. વેદ, પુરાણો, ઉપનિષદ કે પછી કુરાન, બાઇબલ વગેરે ધર્મશાસ્ત્રોમાં ૨૪ અવતારોનો માત્ર નામોલ્લેખ જ છે, ક્યાંય ભગવાન બનવાની પ્રક્રિયાનો એક શબ્દ પણ નથી.

સર્વ સામાન્ય જીવોને બસ, એક જ વાત વારંવાર ઘૂંટી-ઘૂંટીને પીવડાવવામાં આવે છે કે આવા જ ઈશ્વરને માનો, આવું જ ઈશ્વરનું સ્વરૂપ માનો તો જ સાચી શ્રદ્ધા કહેવાય. નહીં તો નહીં. આવી રીતે મોટા ભાગે ઈશ્વરનું આવું સ્વરૂપ માનનારા ધર્મોએ

ઇશ્વરના સ્વરૂપને માત્ર શ્રદ્ધાથી માની લેવા પુરતું જ સીમિત રાખ્યું છે. તેને જ્ઞાનનો-જાણવાનો વિષય રાખ્યો જ નથી. ઇશ્વર બુદ્ધિગમ્ય નથી માટે ઇશ્વરને જાણવા બુદ્ધિ તર્ક-યુક્તિ કંઈ જ ન વાપરવું. કારણ કે તેમાં રત્તીભર પણ સુધારો વધારો કે ફેરફાર થવાનો નથી. માટે ઇશ્વર જે છે, જેવા છે, તેમને તેવા સ્વરૂપે માની લો. તેમના અવતારવાદી, એકેશ્વરવાદી સ્વરૂપને સૃષ્ટિના સર્જક-વિસર્જક સ્વરૂપને પણ જે છે, જેવા છે તેવા સ્વરૂપે માની લેવાનું. બસ, આંખ બંધ કરીને માની લેવાનું...કે ભગવાન આવા છે.

આ વિષયમાં એકમાત્ર જૈન ધર્મ અને દર્શન છે કે જેણે ઇશ્વરનું સ્વરૂપ ખુલ્લી પુસ્તક જેવું સ્પષ્ટ બુદ્ધિગમ્ય, જ્ઞાનગમ્ય, તર્કગમ્ય રાખ્યું છે. આંખ મીંચીને માત્ર માની જ લેવાની વાત નથી. ઉપરથી હજારવાર તર્ક-યુક્તિ-પ્રમાણોથી ચકાસીને-પરીક્ષા કરીને પછી તેનું શુદ્ધમાં શુદ્ધ સાચું સ્વરૂપ પ્રથમ જાણી લેવા જણાવ્યું છે. બધી રીતે સાચું ઠરી જાય પછી જ માનવાની વાત કરી છે. એવું વિશુદ્ધતમ સ્વરૂપ માનીને તેવી સચોટ સાચી શ્રદ્ધા રાખવાની વાત કરી છે. તો જ સમ્યગ્દર્શન સંભવ છે. સમ્યગ્ શબ્દ જ સત્યવાચી છે. યથાર્થ-સત્યનો સ્વીકાર કરીને પછી જ માનવાનું છે. તત્ત્વ કે પદાર્થનું યથાર્થ સત્ય સ્વરૂપ જાણવા માટે સાચા સમ્યગ્જ્ઞાનની જરૂર પડે છે. એક વખત જ્ઞાનના ગરણામાંથી ગળાઈને આવી જાય પછી જ સમ્યગ્દર્શનના ક્ષેત્રમાં શ્રદ્ધા સ્વરૂપે માનવાની વાત આવે છે. જેમ પહેલાં પાણી ગળાઈને શુદ્ધ કરી લેવામાં આવે છે પછી જ પીવાની વાત. એમાં પાણી શુદ્ધ છે કે નહીં ? નથી તો કેવી રીતે શુદ્ધ કરવું ? અને હવે શુદ્ધિકરણ પછી સંપૂર્ણ શુદ્ધ થઈ ગયું છે એવી ખાતરી થયા પછી હવે પીવામાં વાંધો નથી. આટલી પ્રક્રિયા સુધી જ્ઞાનનું કાર્યક્ષેત્ર છે. ત્યાર પછી પીવાની પ્રક્રિયા માત્ર શ્રદ્ધા છે. આમાં જો જ્ઞાનના ક્ષેત્રને સર્વથા છોડી દેવામાં આવે અને માત્ર પાણી પી લેવામાં આવે તો સંભવ છે કે અશુદ્ધ-ખરાબ પાણી પીવાથી પીનાર બીમાર પણ પડશે. આવી જ રીતે સર્વપ્રથમ જ્ઞાનના ક્ષેત્રમાં પદાર્થો-તત્ત્વો ચકાસી લેવાં જોઇએ. ચરમસત્ય સ્વરૂપ જાણી લેવું, પછી જ માનવાની વાત આવે છે. પછી ભલેને ભગવાન હોય કે મોક્ષ હોય, આકાશ હોય કે વિશ્વ હોય, આત્મા હોય કે પરમાત્મા હોય, સ્વર્ગ હોય કે નરક, પુણ્ય હોય કે પાપ, ધર્મ હોય કે અધર્મ, આલોક હોય કે પરલોક, પૂર્વજન્મ હોય કે પુનર્જન્મ, જીવતત્ત્વ હોય કે અજીવ તત્ત્વ, આત્મા હોય કે પરમાણુ, જીવ હોય કે અજીવ, સૂક્ષ્મ હોય કે સ્થૂલ આવા સમસ્ત પદાર્થો અને દ્રવ્યો-તત્ત્વો બધાના વિષે સર્વપ્રથમ બધા પ્રમાણો વડે સાચામાં સાચું જ્ઞાન મેળવવા ભગીરથપુરુષાર્થ કરવો જોઇએ. ત્યાર પછી તેની ચરમ યથાર્થતા જાણ્યા પછી માનવાનું છે.

સર્વજ્ઞ-સર્વદર્શીના અનંતજ્ઞાન-દર્શનમાંથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરમાણુથી લઈને વ્યાપક વિશાળ અનંત આકાશ સુધીના અનંતા પદાર્થોનું જ્ઞાન સ્વરૂપ સ્પષ્ટ થયેલું જ છે. પ્રમાણોથી પદાર્થો તત્ત્વોને સિદ્ધ કરીને જ રજૂઆત કરવામાં આવ્યા છે.માત્ર ખામી

આપણા પુરૂષાર્થની છે. આજના કાળમાં ૧૦૦માંથી બે-ચાર ટકા લોકો પણ આવો ભગીરથપુરૂષાર્થ નથી કરતા. માટે એવી ઉત્કૃષ્ટ કક્ષાની શ્રદ્ધાવાળું સમ્યગ્દર્શન નથી પામી શકતા અને સમ્યગ્દર્શન પામ્યા વિના મોક્ષમાર્ગે પ્રવેશ જ નથી પામી શકતા. પરિણામે સંસારના ચક્રમાં પરિભ્રમણ કરતા જ રહે છે. યાદ રાખવા જેવી સૌથી મહત્ત્વની વાત તો એ છે કે સંસારચક્રમાં જન્મ-મરણની પરંપરામાં સતત પરિભ્રમણ કરતા જ રહેવાનું પ્રબલ કારણીભૂત નિમિત્ત મિથ્યાત્વ છે, જ્યારે સમ્યગ્દર્શનનું પહેલું કામ સંસારચક્રનું પરિભ્રમણ બંધ કરાવે છે. અટકાવે છે અને મોક્ષગમન નિશ્ચિત કરે છે. મિથ્યાત્વ સંસાર વધારે છે. જ્યારે સમ્યગ્દર્શન સંસાર ઘટાડે છે. મિથ્યાત્વ અનંતાનુબંધી કષાય સાથે ચાલે છે, માટે સંસાર વધતો જાય છે. જ્યારે સમ્યક્ત્વ અનંતાનુબંધી કષાયરહિત હોય છે. આજ સુધી અસત્યના પાટાથી જે રીતે આંખો બંધાઈ ગઈ હતી તે મિથ્યાત્વના સમૂળ નષ્ટ થઈ જવાથી, ખસી જવાથી આંખો ઉઘડી જાય છે. વાસ્તવિક સત્યનો ખ્યાલ આવી જાય છે. પદાર્થો દ્રવ્યો અને તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ પ્રત્યક્ષ સ્પષ્ટીકરણ થતું જાય છે અને ચેતન આત્મા સંપૂર્ણ સત્યને જાણતો થાય છે. આ રીતે સમ્યગ્દર્શન પામેલો સમ્યક્ત્વી જીવ દુનિયાના કરોડો-અબજો લોકો કરતાં તદન નોખો-અનોખો નિરાળો જ થઈ જાય છે. સંસારની વાસ્તવિકતા અને સંસારના સાંસારિક સુખ અને દુઃખની સચ્ચાઈ તેની આંખો સામે સ્પષ્ટ થઈ જાય છે. આખા સંસારના સમસ્ત લોકો અસત્યમાં સપડાઈને કેવા અને કેટલા દુઃખી થાય છે ? તે પણ રહસ્ય તેને સ્પષ્ટ સમજાઈ જાય છે. બીજી બાજુ મોક્ષનું સ્વરૂપ તેના જ્ઞાનમાં સ્પષ્ટ ખુલ્લુ થઈ જાય છે. આજ દિવસ સુધી જે મોક્ષની બાબતમાં ''મોક્ષ નથી..''ની વિપરિત દૃષ્ટિ હતી.. ''મોક્ષ છે જ નહીં...'' ''હું માનતો જ નથી,'' ''આ બધું બકવાસ છે. હંબગ છે. નિરર્થક છે''ની જે હજાર વાતો હજારવાર કરતો હતો તે બધું સમ્યક્ત્વ થવાથી બોલવાનું બંધ થઈ જાય છે. એટલું જ નહીં પોતાની મોક્ષે જવાની-મોક્ષ પામવાની ભાવના-ધારણા ઉત્કૃષ્ટ બને છે. એટલું જ નહીં એવા જીવોમાંથી પણ કોઈ વીરલા વર બોધિધારક આત્માઓ હોય છે. તેમની ભાવના તો એટલી ઉત્કૃષ્ટ બને છે કે સંસારના ઘણા બધા જીવોને મોક્ષે પહોંચાડું, આ સંસારના બંધનમાંથી સદાના માટે મુક્ત કરૂં. કાયમના માટે તેમનું સંપૂર્ણ દુઃખ જ મટી જાય. વારેવારે દુઃખી થવાનું, વારંવાર દુઃખ ભોગવવાનું અને ફરી ફરી દુઃખી થવા માટેનાં તેવાં કર્મો બાંધવાનાં તે કર્મો વારંવાર ઉદયમાં આવે અને ફરી ફરી તે રીતે દુઃખી થવું ? આ ચક્ર ક્યાં સુધી ચાલ્યા કરશે ? હું પણ આ સંસારચક્રમાંથી છુટું અને બીજા જીવોને પણ આમાંથી છોડાવું-મુક્ત કરું આવી ઉત્કૃષ્ટ પ્રબલ ઇચ્છા જાગૃત થાય છે.

**વળી વ્રતધર-સંયમ સુખ રમ્યા :-**

ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન પામીને પ્રવેશદ્વારમાં પ્રવેશ કરીને મોક્ષની દિશામાં આગળ વધતો જીવ પાંચમા ગુણસ્થાને આવીને ૧૨ વ્રતો ધારણ કરીને વ્રતધારી

શ્રાવક બને છે. ભલે ને હજી ગૃહસ્થાશ્રમમાં-સંસારમાં પત્ની-પુત્ર, પરિવારની વચ્ચે જ રહે છે તેમ છતાં પણ વ્રત, નિયમ, પચ્ચક્ખાણ ધારણ કરતો પોતાનું જીવન જળકમળવત્ નિર્લેપ કરતો જાય છે. જેમ કમળ કાદવમાં ઊગતું હોવા છતાં પણ કાદવથી ઉપર આવીને નિર્લેપ-અલિપ્ત રહે છે. એવી રીતે પોતાની દૃષ્ટિ જળકમળવત્ અલિપ્ત કરે છે અને સાથે વ્રતોનિયમોનું સુંદર આચરણ કરે છે. બાહ્ય દૃષ્ટિએ સંસારના વ્યવહારમાં રહે છે. તેમ છતાં પણ આંતરદૃષ્ટિથી સંસારથી અલિપ્ત-અનાસક્ત રહેવા પ્રયત્ન કરે છે. વ્રતોની આગળનું એક પગથિયું ચઢીને આગળનું પગથિયું મહાવ્રતોનું સ્વીકારવા થનગને છે. કારણ પોતે સ્પષ્ટ સમજે છે કે પાપની પ્રવૃત્તિનો ત્યાગ કરતાં કરતાં સંસાર-પ્રપંચ સંભાળવો-સાચવવો અઘરું થતું જ જાય છે. બન્નેમાં મેળ જ નથી જામતો. ત્રાજવાના બન્ને પલ્લાં એક જ લેવલમાં એકસરખા ક્યારેય થઈ શકતાં જ નથી. એક પલ્લું ઊંચું તો બીજું નીચે નમ્યા જ કરે છે. ક્યારેક વ્રત-નિયમોનું પ્રમાણ વધારવા જાય છે તો તરત જ સંસારના સંબંધો, મોહમાયાના નિમિત્તો, વ્યાપાર-વ્યવસાયના લોભ-પ્રલોભનો ફરી ફરી મનને ખેંચે છે. શ્રાવક હજી ગૃહસ્થી જીવનમાં સંસારમાં રહે છે. તે ધર્મારાધના કરે છે, પરંતુ સંસારના સંબંધોને આંચ ન આવવા દેતાં ધર્મ કરે છે. તેને ધર્મ પણ કરવો છે અને સંસારના સંબંધો પણ સાચવવા છે. તે પણ મીઠા લાગે છે. ઘણીવાર કસોટીના પ્રસંગો આવે છે. તેવા સમયે શું કરવું ? સંબંધોને અગત્યતા આપવી કે પછી ધર્મારાધનાને પ્રાધાન્યતા આપવી ? એવા કસોટીના સમયે મોટા ભાગના લોકો સંબંધોને અગત્યતા આપતા હોય છે. સંબંધો બગડવા ન જોઇએ. રાગના નિમિત્તો છે, માટે રાગ-પ્રેમ વધારશે તો જ સંબંધો સચવાશે. આ રીતે પોતાના રોપેલા સંસારના સંબંધોના રોપાને રાગ, સ્નેહ, પ્રેમથી સીંચીને સારી રીતે સાચવવા માગે છે. ધર્મને ગૌણ કરી દે છે, પરંતુ જ્ઞાનદશા જાગૃત થવાથી જ્યારે સમજાય છે ત્યારે ફરી ફરી ધર્મારાધનાને થોડીવાર પ્રાધાન્યતા આપી તો દે છે, પરંતુ અંતર મનમાં પડેલો રાગ પજવે છે.

ધર્મ કેવો હોવો જોઇએ ? વીતરાગીનો ધર્મ કેવો છે ? એના ઉત્તરમાં શ્રુતસ્તવમાં વિશેષણ વાપરતાં સ્પષ્ટ કહે છે કે...''**पप्फोडीअ मोहजालस्स**''-''**प्रस्फ़ोटित मोहजालस्य**'' મોહ-માયાની જાળને ફાડી નાખનારો ધર્મ જ આ માટે કામનો છે અને એવા ધર્મની પ્રાપ્તિના ઉપાય રૂપે સ્પષ્ટપણે કહ્યું છે કે... ''**तम्हा संजोग संबंधं सव्वं तिवीहेण वोसिरीअं**'' તેથી કરીને સંસારના સંયોગ સંબંધને મન-વચન-કાયાથી વોસિરાવું છું. એવા શબ્દો રાત્રે સૂતા પહેલાં સંથારા પોરિસી ભણાવતી વખતે ખાસ બોલવાના હોય છે. જેથી આધ્યાત્મિક જીવનમાં સ્થિર તેમ જ જાગૃત રહી શકાય. આવી રીતે સ્વયં સમજી જાય છે કે સંબંધો રાગ વધારે છે અને રાગ ફરીથી સંબંધો વધારે છે. સાચવે છે. આ ચક્ર ચાલતું જ રહે છે. છેવટે સમજાઈ જાય છે કે રાગ એ પણ સંસારકારક

કર્મનું બી છે. ઉત્તરાધ્યયન સૂત્ર આગમમાં સ્પષ્ટ કહ્યું છે કે "**रागो य दोषो वि य कम्मबीयं, कम्मं च मोहप्पभवं वयंति**" રાગ અને દ્વેષ બન્ને કર્મનાં બીજ છે અને એનો આ કર્મ મોહવર્ધક છે. મોહનો જ પ્રભાવ વધારે છે. બસ, આ રીતે જ સંસાર વધતો જાય છે. જેમ પાણીના સિંચનથી એક છોડવો વધતો જાય છે તેવી જ રીતે રાગ-દ્વેષના બીજને મોહકર્મના સિંચનથી કર્મનો સંસાર વધતો જ જાય છે, માટે આ રહસ્ય સમજીને આધ્યાત્મિક ધર્મના ક્ષેત્રમાં આગળ વધનારા સાધકે રાગ-દ્વેષની પ્રવૃત્તિ તેમ જ મોહ-માયા વૃત્તિ સદંતર ઘટાડતા ઘટાડતા ઓછી કરતા જવું. એ જ લક્ષ્ય રાખવું જોઇએ

ધર્મનું આવું ઉત્તમ સ્વરૂપ જાણીને ફરી-ફરી સંસારના આવા મોહમાયાના સંબંધો પાછા વિક્ષેપ ન કરે તે માટે વ્રતોમાંથી એક મોટો કૂદકો મારીને સીધો મહાવ્રતો સ્વીકારે છે. મહાવ્રતો સ્વીકારનારો સંસારનો ત્યાગી વિરક્ત-વૈરાગી બનીને સાધુ-સંત બને છે. માતા-પિતા, ભાઈ-બહેન, પુત્ર-પત્ની આદિના બધા સંબંધો છોડી દે છે. ત્યાગી-તપસ્વી બની જાય છે. હવે સંબંધો છૂટી ગયા પછી મોહમાયાના નિમિત્તો ફરી ફરી તેને નહીં સતાવે. પોતાની જીવનજરૂરિયાતો સાવ થોડી કરી દીધી છે.

વ્રતોમાંથી મહાવ્રતો ધારણ કરનાર સાધુ-સંત માટે મુખ્ય લક્ષ્ય છે. રાગ-દ્વેષ ઘટાડવા અને તેના ઉપાય રૂપે મોહમાયાના સંબંધો સર્વથા છોડવા. જો મોહ-માયા ના સંબંધોને વધુ સાચવવા, પંપાળવામાં નહીં આવે તો નિશ્ચિત જ રાગ-દ્વેષ ઘટતા જશે તો નવાં કર્મો વધારે નહીં બંધાય. તેથી સંબંધોના છોડવાઓ સૂકાતા જશે. ત્યાગી તપસ્વી નિષ્પૃહ-અનાસક્ત યોગીનું આ જ મુખ્ય કાર્ય છે.

દેહ નિમિત્તક સંબંધો કરતાં - આત્મસંબંધો વિકસાવો :-

સંસારમાં બધા સંબંધોમાં દેહનિમિત્તક સંબંધોની જ પ્રાધાન્યતા હોય છે. એટલા જ માટે મળતાંની સાથે જ કેમ છો ? મજામાં છો ને ? તબિયત તો સારી છે ને ? બૈરાં-છોકરાં બધાં મજામાં છે ને ? કેમ ચાલે છે ? આ જ પ્રકારની ભાષાપદ્ધતિ સર્વત્ર સર્વ લોકોમાં સાંભળવા મળે છે. બધી જાતના લોકો પોતપોતાની ભાષામાં આ જ પદ્ધતિને સ્થાન આપે છે. આત્મિક વ્યવહાર ક્યાંય દેખાતો નથી. આત્માની ઓળખ જ ન હોવાના કારણે આત્મા વિશેની ભાષા કોણ વાપરે ? કર્મ બંધાતા તો નથી ને ? નિર્જરા થાય તો છે ને ? કેમ છો ? પ્રમાદમાં તો નથી ને ? ઉત્તરોત્તર આત્મા આગળ તો વધે છે ને ? ચાલો, આ જાણીને ખૂબ આનંદ થયો. આવી નાની-નાની વાક્યરચનામાં થોડા શબ્દોમાં આત્મલક્ષી વ્યવહાર થઈ શકે છે. જો કરવામાં આવે તો ધીરેધીરે આદત પડી જાય અને વ્યવહારમાં આવી જાય. પરંતુ એક પણ ધર્મે-એક પણ સમાજે આવો ભાષાવ્યવહાર સુદ્ધાં નથી ગોઠવ્યો. કારણ કે આખો સંસાર કર્મગ્રસ્ત-કર્માધીન છે. મોહાધીન છે. મોહગ્રસ્ત છે.

મોહની પરવશતાવાળા જીવો છે. પોતાના આત્માની ચિંતા કોઈનેય નથી હોતી. ઉપરથી મોહના કારણે દેહની જ ચિંતા સૌથી વધારે હોય છે. પહેલો મોહ પોતાના દેહનો. ત્યાર પછી બીજા નંબરે પોતાના દેહથી ઉત્પન્ન થયેલ-બનેલ પુત્ર-મોહ પણ ઘણો વધારે હોય છે. માટે જ બધા દેહ અને પુત્રાદિ પરિવારના સંબંધનો જ વ્યવહાર કરે છે.

યોગીઓ, ધ્યાનીઓ, સાધકો, આધ્યાત્મિક જાગૃતિવાળા સાધકો બાહ્યદષ્ટિએ બહારના બીજા લોકો સાથે ઔપચારીક રીતે દેખાવ પૂરતો દેહસંબંધી ભાષામાં વ્યવહાર કરતા હશે, પરંતુ અંતરમાં આત્મિક આનંદાનુભૂતિ કરતા હોય છે. ઠીક છે બધા લોકો આવા આધ્યાત્મિક ઉચ્ચસ્તરે પહોંચેલા નથી હોતા, માટે આત્મલક્ષી ભાષાનો વ્યવહાર બહારના બધા લોકો સાથે શક્ય નથી બનતો, પરંતુ યોગીઓ, સાધુઓ, સાધકો સંસારના, સાંસારિક સંબંધોના જ ત્યાગીઓ હોય છે. નિઃસ્પૃહી અકિંચન હોય છે. પત્ની-પુત્રાદિ પરિવાર નથી રાખતા. તેથી તેમની સાથેનો કોઈ સંબંધ જ નથી હોતો. આ સંબંધો રાગ-દ્વેષના જનક નિમિત્ત હોય છે. માટે મુખ્ય ઉદ્દેશ્ય રાગ-દ્વેષની નિવૃત્તિનો હોય છે. રાગ-દ્વેષ છોડવા-ઘટાડવા અને નષ્ટ કરવા માટે તેના નિમિત્તભૂત સંબંધોને પણ છોડવા જરૂરી હોય છે. સંબંધો અને રાગ-દ્વેષનો પરસ્પરનો કાર્યકારણભાવ સંબંધ છે. જો સંબંધો વધે તો રાગ-દ્વેષ પણ નિશ્ચિત વધે જ છે. સંબંધો વધારવા-ટકાવવા રાગ-દ્વેષ વિના ચાલતું જ નથી. સંબંધો થાય છે ત્યારે રાગથી થાય છે, રાગથી જ ચાલે છે અને વચ્ચે દ્વેષ આવતાં આ જ સંબંધો બગડે છે. દ્વેષથી જ વધુ વકરે છે. દ્વેષની ગાંઠ બંધાઈ ગયા પછી દ્વેષ વધુ ને વધુ વારંવાર ઘૂંટાતા વૈર-વૈમનસ્યમાં પરિણમે છે. સંબંધો વણસી ગયા પછીની અવસ્થા બહુ જ ખતરનાક હોય છે. આ વેર-ઝેર ભવોભવ - આગામી જન્મોજન્મ સાથે આવે છે. આથી માત્ર વર્તમાન ભવ એક જ નથી બગડતો, પરંતુ આગળના ઘણા ભવો બગડે છે. રાગમાં જોડાતા આજે પતિ-પત્ની બને છે અને રાગ ખતમ થઈ જતાં દ્વેષમાં પરિણમતાં તે જ પરસ્પરના દુશ્મન બની જાય છે. આગળના ભવોમાં પણ એકબીજાના શત્રુઓ બનીને એકબીજાને મારતા જ રહે છે. જેટલો જલદી રાગ-દ્વેષમાં બદલાઈ (ફેરવાઈ) જાય છે. એટલો જલદી પાછો દ્વેષ રાગમાં નથી ફેરવાતો. નથી પલટાતો. આ સૌથી મોટી ખામી છે. રાગ વધારવા ઘણા પ્રયત્નો કરતા હોય છે. લોકો રાગ સાચવવા ઘણો ભોગ આપતા હોય છે, પરંતુ રાગ ઘટાડવા-ઓછો કરવા કંઈ જ મહેનત નથી થતી. રાગના સંબંધો મીઠા લાગતા હોય છે, માટે કોણ છોડે ? પણ દૂધમાં મીઠાશ તો બહારથી સાકર નાખવાથી જ આવે છે. પાણી નાખવાથી મીઠાશ નથી આવતી. જેમ સાકર નાખતા જશો તેમ તેમ મીઠાશ આવશે-વધશે. એવું જ આ રાગના વિશે પણ સમજવું. એકવાર સંબંધો ઊભા કરી દીધા પછી નિયમિત રીતે તેમાં વારેવારે મીઠાશ લાવવા-વધારવા માટે સાકર નાખવી એટલે મીઠાઈ ખવડાવતા જ રહેવું પડે છે. એક છોડવાને પાણી આપો ને પોષવાની

જેમ જ રાગીઓને-સંબંધી ઓને બોલાવી-બોલાવીને મીઠાશ ખવડાવીને તેમાં મીઠાશ ઉમેરતા જ રહેવું પડે છે અને એ બધી વખતે એક વાતની તકેદારી રાખવી જોઇએ કે રખે ક્યાંય થોડુંક ઓછું ન આવી જાય ? કોઈ પણ વાતે સહેજ પણ જો ઓછું આવી ગયું તો રાગના સંબંધો બગડતાં વાર નથી લાગતી. કાચનો ગ્લાસ પડતાં જ ફૂટી જાય છે. એવી રીતે આ બધા સંબંધો પણ કાચના ગ્લાસ કરતાં પણ વધુ નાજુક છે. ઊંધા પડ્યા પછી દ્વેષમાં ફેરવાઈ જાય છે. બસ, હવે રાગના બદલે બધુ દ્વેષમાં ઊંધું ચાલશે. પ્રશમરતિ પ્રકરણમાં ઉમાસ્વાતિ મહારાજે કષાય ને બે વિભાગમાં વહેંચીને જુદા જણાવતાં કહ્યું છે કે કષાયમાં મૂળ રાગ અને દ્વેષ છે. રાગમાં માયા અને લોભની ગણના થાય છે. જ્યારે દ્વેષમાં ક્રોધ અને માનની ગણતરી થાય છે. સંસારમાં સ્ત્રીઓમાં રાગની માત્રા વધારે પડતી હોવાના કારણે તેમનામાં માયા અને લોભનું પ્રમાણ વધારે જોવા મળે છે, જ્યારે પુરૂષવર્ગમાં ક્રોધ અને માનની માત્રા વધારે હોય છે. તેથી દ્વેષની વૃદ્ધિ થતાં વાર નથી લાગતી. આ તો પ્રાધાન્યતાની દૃષ્ટિએ સર્વસામાન્ય વ્યવહાર થાય છે. એનો મતલબ એવો નથી થતો કે સ્ત્રીમાં દ્વેષ નથી હોતો એવું નથી અને પુરૂષમાં રાગ નથી હોતો એવું નથી. ખરી રીતે રાગ અને દ્વેષ બન્ને એક જ સિક્કાની બે બાજુ છે. જ્યારે સામેની બાજુ જોવામાં આવે છે ત્યારે રાગ જણાય છે, પરંતુ તે જ વખતે એમ ભૂલવું ન જોઇએ કે દ્વેષ બિલ્કુલ છે જ નહીં. પણ દ્વેષ તો પાછળ તૈયાર જ છે. માત્ર પરદા પાછળ છે. આ સંસાર જ રંગમંચ જેવો છે. પડદા આગળ રાગનો વ્યવહાર ચાલે છે, જ્યારે પડદા પાછળ દ્વેષ તૈયાર જ છે. બસ, રાગનું રૂપ સ્વરૂપ બગડે એટલી જ રાહ દ્વેષ જુએ છે. થોડોક પણ રાગ બગડે કે એમાં ઓછો આવે એટલે દ્વેષને પડદા પાછળથી આગળ આવતાં એક મિનિટ પણ નથી લાગતી.

રાગની વધુ વૃદ્ધિ લોભથી થાય છે, જ્યારે દ્વેષની વધુ વૃદ્ધિ ક્રોધથી થાય છે. જો રાગ વધારે પડતો ન વધારવો હોય તો લોભ ઘટાડવો જોઇએ અને એવી જ રીતે દ્વેષ ઘટાડવો હોય તો ક્રોધ ન કરવાથી તેને પોષણ નહીં મળે અને જેટલો વધારે ક્રોધ કરતા જ જઇશું તેટલો દ્વેષમાં વધારો-ઉમેરો થતો જ જશે. આગમાં ઘી નાખવાથી આગ ઓલવાતી નથી, ઉપરથી વધે છે. ખરલમાં જેમ જેમ ઔષધ ઘૂંટાય છે તેમ તેમ તે વધુ સશક્ત બને છે. એવી જ રીતે ક્રોધ જેમ જેમ કરાય છે, તેમ તેમ દ્વેષ વધારે ને વધારે વધતો જ જાય છે. માણસ મરી જાય છે તો પણ આ રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભાદિ કષાયો આત્માની સાથે જાય છે અને બીજા ભવમાં પણ સ્વભાવ રૂપે તે કાર્યરત બને છે. જેમ જેમ નિમિત્તો મળતા જાય છે તેમ તેમ તે પણ વધારે સક્રિય થતા જાય છે. યાદ રાખવા જેવી વાત એ છે કે કષાયો દેહ સાથે નથી હોતા તે આત્મા સાથે જ હોય છે. આત્મા ઉપર ચોંટીને કર્મ રૂપે બનેલા હોય છે. આત્મા સાથે અર્થાત્ આત્મપ્રદેશો સાથે ચોંટીને કર્મ રૂપે બનેલા હોવાથી આત્માની સાથે જ એક ભવથી બીજા ભવમાં આવી રીતે ભવોભવ સાથે જ જાય છે. ફરી

ફરી જીવાત્મા તે તે ભવમાં તેવા જે જે લોકો મળે છે તેમની સાથે તેવા સ્વભાવે ફરીથી વ્યવહાર કરે છે. એમાં કોઈની સાથે સહજ પ્રેમથી-રાગથી વ્યવહાર કરે છે,તો કોઈની સાથે દ્વેષથી વ્યવહાર કરે છે-કોઈની સાથે પ્રેમથી બોલે છે,તો કોઈની સાથે ક્રોધમાં બોલે છે. એમાં પણ જો પૂર્વજન્મના દ્વેષમાં ક્યાંક કોઈની સાથે ગાંઠ બંધાઈ ગઇ હોય તો તે પણ સાથે આવશે અને ફરી ફરી ઝઘડા થશે. મારા-મારી પણ થશે. વધશે. ભારે ક્રોધ-દ્વેષની સાથે જો જીવોએ વેર-વૈમનસ્યનાં બીજ વાવ્યા હશે અને તે જો ઉદયમાં આવશે તો મારવાની પ્રવૃત્તિ પણ કરવામાં આવશે. એક જ મા-બાપના બે દીકરાઓ કમઠ અને મરુભૂતિ આ બન્ને સગા ભાઈઓ છે. કમઠ મોટો ભાઈ અને મરૂભૂતિ નાનો ભાઈ હતો. મોટા ભાઈ કમઠે નાના ભાઈ મરૂભૂતિને મારવા માટે પેંતરા રચ્યા. ભારે ક્રોધ વધાર્યો અને વેર-વૈમનસ્ય વધારીને છેવટે પથ્થરની શીલા ફેંકીને માથું ફોડીને મારી નાખ્યો, અને ભવોભવમાં મારી નાખવાનું નિકાચિત નિયાણું કર્યું હતું, તેના આધારે દરેક ભવોમાં મારતો જ રહ્યો. દશ-દશ ભવ સુધી મારતો જ રહ્યો. મરૂભૂતિ ૧૦મા ભવે પાર્શ્વનાથભગવાન બનીને મોક્ષે ગયા. તેથી આ પરંપરા અટકી ગઈ, નહીં તો હજી પણ ચાલતી જ રહી હોત. જેવા-જેટલા અને જે પ્રમાણના નિયાણા હોય તે રીતે તેટલા પ્રમાણે ચાલતા જ રહે છે. કષાય-કર્મનાં મૂળિયાં ઘણાં ઊંડે સુધી ઊતરેલાં હોય છે. એટલા જલદી નષ્ટ નથી થતા. કર્મશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કરીને સર્વસામાન્ય લોકોએ પણ આ હકીકત પણ સારી રીતે સમજી લેવી જોઇએ અને તેના આધારે જીવનવ્યવહારમાં સ્પષ્ટ ખ્યાલ આવી જાય. પ્રસંગો નિમિત્તે અને વ્યવહારોના અવસરોમાં રાગ-દ્વેષાદિ કર્મના ઉદયની પ્રક્રિયા સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. નિષ્કારણ-વિના કોઈ કારણે પણ જો કોઈ વ્યક્તિ દ્વેષભાવ રાખીને દુર્વ્યવહાર કરતા હોય, ક્રોધાદિ કષાયનો વ્યવહાર-ભાષા ખરાબ કરીને દુર્વ્યવહાર કરતો હોય તો સમજવું જોઇએ કે પૂર્વભવના દ્વેષ-વૈમન સ્યના વેર-ઝેરનું કારણ હોઈ શકે છે. નિષ્કારણ ક્રોધાદિનો આપણી સાથે વ્યવહાર કરે તો ભૂતકાલીન ભવનું બીજ સમજીને વર્તમાન ભવ હવે ધર્મતત્ત્વને વચ્ચે લાવીને સમતાથી સહન કરીને શાન્તિથી વ્યવહાર કરીને સામેવાળાનો ક્રોધ ખાળવો જોઇએ. પરંતુ સામે પડીને પ્રતિકાર ન કરવો જોઇએ. સામેવાળાનું અપમાન થાય તેવો વ્યવહાર અંશમાત્ર પણ ન કરવો જોઇએ.

દેહ નિનિત્તક સંબંધો રાગ-દ્વેષની વૃદ્ધિ કરનારા પુરવાર થાય છે પણ આત્મ નિમિત્તક સંબંધો રાગ-દ્વેષની તીવ્રતા ઘટાડે છે.

**ધર્મારાધનાનો મુખ્ય ઉદ્દેશ્યઃ-**

દશવૈકાલિક આગમ શાસ્ત્રમાં કહ્યું છે કે...

**उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे ।**
**मायं चाज्जव भावेण, लोहं संतोसओ जिणे ।।**

ક્રોધની સામે ઉપશમ-સમતા-ક્ષમા-શાન્તિ મૌન રાખવા પ્રયત્ન કરવો જોઇએ. એવી રીતે ક્રોધ કષાયને જીતવા પ્રયત્ન કરવો જોઇએ. મૃદુતા-નમ્રતા-વિનય, વિવેક અને મીઠાશથી માનને જીતવા પુરુષાર્થ કરવો જોઇએ. આર્જવ-ઋજુતા-સરલતા-મિત્રતાના ભાવપૂર્વકના વ્યવહારથી માયાને ઘટાડી શકાય છે. સ્વાર્થને આગળ ન આવવા દેવો, સ્વાર્થ સાધવા મથવું નહીં...તો પણ માયાને ઘટાડી શકાય છે. સંતોષભાવનું માનસ બનાવીને પરિગ્રહનો પરિમાણ નક્કી કરી લેવાથી અને જીવનાવશ્યક વસ્તુઓ સીમિત-પરિમિત કરી લેવાથી લોભની માત્રા ઘણી ઘટાડી શકાય છે.

ધર્મારાધનાનો મુખ્ય ઉદ્દેશ્ય રાગ-દ્વેષ જીતવા-કષાયને જીતવા-ઘટાડવાનો હોય છે. એ ઉદ્દેશ્યથી જ ધર્મના નિયમો-વ્રતો-આચાર-વિચારની બધી જ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે-માટે આરાધકોએ-ઉપાસકોએ એવી રીતે ધર્મારાધના કરવી જોઇએ કે ઉદ્દેશ્યની પૂર્તિ થાય. રાગ-દ્વેષ ઘટે, કષાયો ઘટે, કષાયકારક, કષાયવર્ધક નિમિત્તો-પ્રસંગો ટળે એમાં શાન્તિ અને સંતોષ માનવો જોઇએ. એ વધારીને ધર્મારાધના કરવામાં રાજી થવું તે આત્માના હિતમાં નથી. કારણ કષાયોની વૃત્તિ-પ્રવૃત્તિમાં વધુ ભારે કર્મો બંધાય છે. બંધાયેલાં કર્મો સત્તામાં આત્મપ્રદેશોમાં પડ્યા રહેશે. કાળ પરિપક્વ થતાં ઉદયમાં આવશે અને ઉદય વખતે કર્મો પોતાનો વિપાક-પરિણામ-સુખ-દુઃખરૂપ જે હશે તે દેખાડશે. એવા સમયે ફરીથી જો દુર્બુદ્ધિ જાગશે અને ફરી પાછાં નવાં પાપ જો કર્યાં તો ફરી પાછાં કર્મો બંધાશે. આ રીતે કર્મચક્ર ચાલ્યા જ કરશે. આ કર્મચક્ર અનાદિ-અનંતકાળથી ચાલ્યા જ કરશે. ભૂતકાળમાં અનંતકાળ વીતી ચૂક્યો છે. હવે આગામી ભવિષ્યકાળમાં કેટલો સમય કાઢવાનો છે?કર્મની થપ્પડો ખાતો ખાતો જીવાત્મા ક્યાં સુધી સંસારચક્રમાં પરિભ્રમણ કરતો રહેશે?

જીવાત્માએ જ કર્મોના બંધનમાંથી મુક્ત થવા માટે તેવા કર્મક્ષયકારક ધર્મનું આચરણ કરવું જોઇએ. અને કર્મક્ષયના લક્ષ્ય સાથે આગળ વધવું જોઈએ. જૂના કર્મોની નિર્જરા કરતા પહેલા નવા આવતા કર્મોને અટકાવવા જોઇએ. આશ્રવ નિરોધો સંવરઃ (તત્ત્વાર્થ સૂત્ર) મતલબ કે નવાં કર્મો ન બંધાઇ જાય તેવો સંવરપ્રધાન ધર્મ કરવો જોઇએ. પરંતુ અનાદિકાળથી પાપપ્રવૃત્તિ કરવાની જીવને જે આદત પડી ગઇ છે તેના જ સંસ્કારો વર્ષો અને ભવોથી જે ચાલ્યા જ આવે છે, તેના જ કારણે દૂધમાં સાકર ની જેમ મિથ્યાત્વ ભળે છે, આ મિથ્યાત્વ પાપ આચરવામાં જ સુખબુદ્ધિ મનાવે છે. તેમાંય જો હિંસાદિ પાપો ધર્મના ઓઠાં નીચે થતા હોય તો તો પછી પૂછવું જ શું? આજે દુનિયામાં જાત-જાતના અનેક ધર્મો છે, પરંતુ અફસોસ એ વાતનો છે કે બકરાની હિંસા કરીને ભગવાનને ખુશ કરવાની મોટી અને ખોટી વાતો કરે છે. હિંસા જેવા મહાપાપને જ ધર્મ તરીકે ખપાવી દેવાની ચેષ્ટા મહાભયંકર ભૂલ છે. એવા ધર્મના આચરણથી અનંતકાળે પણ મુક્તિ સંભવ નથી.

જૂઠ બોલવાથી તરત જ બચી જવાય છે. ચોરી કરવાથી એક જ રાતમાં લખપતી થઈ જવાય છે. આખા બંગલામાં રહેતી એક શેઠાણીને મારી નાખીએ-પંચેન્દ્રિય મનુષ્યની હિંસાનું પાપ કરીએ તો આખા બંગલાનો માલિક હું જ બની જાઉં, બધું મને જ મળી જશે. પછી તો લીલાલહેર કરીશું. મજા આવશે. હું બંગલાવાળો મોટો શેઠ બની જઈશ. બળાત્કાર કરીને વિષય સુખ ભોગવી લઉં. વાસના સંતોષી લઉં. વૈષયિક સુખ, સ્ત્રીસુખને પણ સંસારનું મોટું સુખ માની લીધું છે. માટે તે સુખ ભોગવવા સંસારના લાખો લોકો તલપાપડ થતા જ હોય છે. સુયોગ્ય સાથી સાથે લગ્નગ્રંથિથી જોડાઇને ઠરીઠામ થઈને સ્વપત્ની સાથે જ સંસાર ચલાવવા જેટલી ધીરજ ઘણા લોકોને નથી રહેતી, માટે આડાઅવળા રસ્તે,ગમે તે રીતે,ગમે તે રસ્તે, ગમે તે ભોગે,ગમે તે કરીને પણ આવું વિષયસુખ ભોગવી લેવાની વૃત્તિ પ્રબળ બનતાં આવા લોકો ગમે તેના ઉપર બળાત્કાર કરીને કામસુખ બળજબરીથી ભોગવી તો લે છે, પછી ગળું દાબીને તેને મારી નાખીને લાશને ગમે ત્યાં ફેંકીને ભાગી છૂટે છે. વિષયાગ્નિ (કામાગ્નિ) કંઈ એકવારમાં જ પૂરી નથી થતી. આગમાં ઘી નાખવાથી વધે તેમ ભોગવ્યા પછી કામાગ્નિ પણ વધે છે અને માણસ વારંવાર-ફરીફરી તે સુખ ભોગવવા પાછો પ્રવૃત્ત થાય છે. આ રીતે સુખ મેળવવા-ભોગવવાની બુદ્ધિથી વારંવાર તે પાપ ફરી ફરી કરવા લલચાય છે. આ રીતે અનેક પ્રકારનાં પાપો છે. મિથ્યાત્વની જેટલી ગાઢતા હશે તેટલી તે જીવોની પાપોમાં સુખ ભોગવવાની બુદ્ધિ પણ તેટલી જ વધારે પડતી ખરાબ રહેવાની. માટે સૌથી પહેલા મિથ્યાત્વના બંધનમાંથી છૂટવું ખૂબ જરૂરી છે. ઊંડે ઊંડે મિથ્યાત્વનાં મૂળિયાં પડેલાં છે. અવ્યક્ત મિથ્યાત્વની વૃત્તિ એવી છે કે પાપોને તો પાપરૂપે માનવા જ નહીં અને ઉપરથી તેમાં સુખબુદ્ધિ બનાવી લઈને મેળવવા-ભોગવવાનો ટૂંકો માર્ગ માનવો-અપનાવવો. મિથ્યાત્વનું પાપ કરાય છે, ત્યારે પાપ પ્રવૃત્તિ રૂપે છે અને થઈ ગયા પછી આત્મા સાથે ચોંટીને કર્મ રૂપે રહે છે.

'સોચ્ચા જાણઇ પાવગં' પાપમાર્ગને પણ સારી રીતે જાણી લેવાનુ ફરમાન પ્રભુ મહાવીર કરે છે. ઉપરોક્ત ૧૮ પ્રકારની પાપની જાતિઓ પ્રસિદ્ધ છે. શાશ્વતપણે તેનું અસ્તિત્વ આ સંસારમાં રહે છે. પાપોથી કેવાં કર્મો બંધાય છે ? ૧૮ પાપોથી ૮ કર્મોની ૧૫૮ પ્રકૃત્તિઓ કેવી રીતે બંધાય છે ? તેનો કાળ કેટલો લાંબો છે ? બંધસ્થિતિ કેટલી દીર્ઘ છે ? અને કેટલા લાંબા કાળ સુધી આ કર્મો સત્તામાં પડ્યા રહેશે ? કેવી રીતે કેવા સ્વરૂપે ઉદયમાં આવશે ? અને કેટલી તીવ્રતાથી ઉદયમાં આવશે ? ઉદયમાં આવશે ત્યારે વિપાક કાળે કેવી પરિસ્થિતિ સર્જાશે ? કેવા ભયંકર દુઃખો કેવી રીતે ભોગવવાં પડશે ? એ બધાનું સવિસ્તર સ્વરૂપ જૈન ધર્મના કર્મ વિજ્ઞાનમાંથી સારી રીતે સમજી લેવું જોઇએ. આવા સાચા જ્ઞાનથી આત્મામાં ઉત્તમ કક્ષાની જાગૃતિ આવી જશે. આત્મજાગૃતિ એ પાપ પ્રવૃત્તિથી બચાવવા વધુ સક્ષમ થશે.

ભગવાન મહાવીરે સાડા બાર વર્ષની સાધનાના અંતે કૈવલ્યની પ્રાપ્તિ પશ્ચાત્ ઉપર વર્ણવ્યા પ્રમાણેના સંવર+નિર્જરા પ્રધાન ધર્મની સ્થાપના-પ્રરૂપણા કરી. સમસ્ત તીર્થંકરો એવા જ ધર્મની સ્થાપના તથા પ્રરૂપણા કરે છે અને તેથી જ આવા ધર્મની જ પરંપરા ચાલે છે. ભલે ભગવાનોને મોક્ષે ગયે હજારો વર્ષોનાં વાણાં વીતી ગયાં છે તો પણ સમગ્ર વિશ્વમાં, સમસ્ત જૈનોમા સર્વત્ર આજે આજ સંવર+નિર્જરા ધર્મ પ્રચલિત છે. પ્રસિદ્ધ છે. આચરણમાં આચરાઇ રહ્યો છે. તીર્થંકર ભગવંતો સર્વજ્ઞ છે. સર્વજ્ઞતાના અનંત જ્ઞાન-દર્શનથી તેમને જગતના સર્વ જીવોનું કલ્યાણ આવા સંવર+નિર્જરા પ્રધાન ધર્મની પ્રતિષ્ઠામાં જ વધુ શ્રેષ્ઠ રીતે જોઉં માટે આ એવા જ ધર્મની સ્થાપના-પ્રરૂપણા કરી છે. સ્વયં તીર્થંકર ભગવંતોએ પોતાના જીવનમાં પણ આ જ સંવર-નિર્જરા ધર્મનું આચરણ કર્યું છે. ઉપાસના કરીને પરિણામ પામ્યા છે. સંસારનાં સર્વ પાપો ન કરવાની પ્રતિજ્ઞા સ્વરૂપે તેમને મહાવ્રતો સ્વીકાર્યાં હતાં. ઘરસંસારનો ત્યાગ કર્યો હતો. જંગલોમાં એકલા વિચર્યા હતા. ગમે તેવા ખતરનાક મારક ઉપસર્ગો આવ્યા તો પણ તેમને કોઈને પણ મારવા પ્રતિકાર નથી કર્યો. પ્રતિ હિંસા નથી કરી. કારણકે હિંસા કરવાથી નવાં પાપ થશે. નવાં કર્મો બંધાશે. તે કર્મ ફરી સત્તામાં રહેશે. તે કર્મકાળ પરિપક્વ થતાં ઉદયમાં આવશે ત્યારે ફરી દુ:ખ ભોગવવાં પડશે. તેમાં ભવો બંધાશે. ફરી બીજા-બીજા ભવોમાં જન્મ લેવા પડશે. આ રીતે સંસાર વધશે. આ ફરી લાંબી સંસારયાત્રા વધારવી એના કરતાં વર્તમાન જીવનમાં નવાં પાપો અટકાવી દેવાં, સર્વથા ન કરવાં અને તે માટેની ભિષ્મપ્રતિજ્ઞા કરી લેવી અર્થાત્ મહાવ્રતો ઉચ્ચારવા જ સૌથી શ્રેષ્ઠ માર્ગ છે. જેથી નવાં પાપો થવાનો રસ્તો બંધ થઈ જાય.

હા, એક વાત નક્કી છે કે પાપમુક્તિ માટે કોઇ પણ પ્રકારના ચમત્કારો કામ આવતા નથી. એવો કોઇ ચમત્કાર કરવા ખૂદ ભગવાન પણ સમર્થ કે સક્ષમ નથી. ફૂંક મારીને આગ બુઝાવવી, હાથમાંથી કંકુનો વરસાદ કરાવવો આદિ ચમત્કારો શક્ય છે પણ પાપ મુક્તિ માટે તો 'ઇક્કોવિ નમુક્કારો જિણવર વસહસ્સ વદ્ધમાણસ્સ' અર્થાત જિનેશ્વરોમાં સર્વશ્રેષ્ઠ એવા વર્ધમાનસ્વામીને કરવામાં આવેલો એક ણ નમસ્કાર સંસારસાગર થી પાર ઉતારવા સક્ષમ અને સમર્થ છે. માટે જ ચમત્કાર નહીં નમસ્કાર જ ઉપયોગી અને ઉપકારી સિદ્ધ થશે.

સંસારના કોઈ પણ પ્રકારના ચમત્કારો ગમે તેટલા શ્રેષ્ઠ કક્ષાના હોય, પરંતુ કોઈ ચમત્કારોથી મિથ્યાત્વ સમૂળ નષ્ટ થઈ શકતું જ નથી અને સમ્યકત્વની પ્રાપ્તિ કોઈ ચમત્કારથી સંભવ જ નથી. ઘણી વખત ઘણા લોકો એવી ભાષા વાપરે છે કે મારો પુણ્યોદય હશે તો સમ્યકત્વ મળી જશે. ભારે અજ્ઞાનતા હોવાના કારણે આવી ભાષા વપરાય છે. તે સર્વથા અનુચિત છે. સત્ય તો એ છે કે આત્મા આ માટે પ્રબલ પુરૂષાર્થ કરે. યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ વગેરે કરીને જ પામી શકાશે. 'કરણ' શબ્દ શક્તિ અર્થમાં

વપરાયો છે. આ આત્મશક્તિ છે. સર્વજ્ઞ પ્રણિત ચરમસત્ય સ્વરૂપ સાચું જ્ઞાન મેળવવા ભગીરથપુરૂષાર્થ કરે અને મિથ્યાત્વનું જે પાપ અને કર્મનું ચક્ર અનંતકાળથી અખંડપણે ચાલી રહ્યું છે તેને સમૂળ નષ્ટ કરે. સંપૂર્ણ ક્ષય કરે. તે માટે અપૂર્વકરણની પહેલાં ક્યારેય ન ફોરવી હોય એટલી ગજબની શક્તિ ફોરવીને જીવાત્મા એ વિષચક્રના વમળમાંથી બહાર નીકળે. મિથ્યાત્વી વિચારધારા-માન્યતા સર્વથા તજીને સાચું જ્ઞાન પામીને પોતાની શ્રદ્ધા તે જ કક્ષાની અંતિમ કક્ષાની સાચી બનાવે. બસ, સમ્યકત્વ પામી ગયા પછી પાપોમાં સુખ બુદ્ધિ નહીં થાય. બુદ્ધિ-દૃષ્ટિ બિલકુલ બદલાઈ જશે. જીવનની દશા અને દિશા બન્ને બદલાઈ જશે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ જ મૂળભૂત આધાર છે અને ચારિત્ર તપાદિ તો તેના આશ્રયે-આધારે છે. જો સમ્યકત્વનો આધાર મજબૂત હશે તો તેના આધારે ચારિત્ર-તપ વગેરે ખૂબ સારી રીતે પરિણામદાયક રીતે રહેશે. સમ્યક્ત્વના આધારભૂત થાંભલાઓ ઉપર વ્રત-મહાવ્રતો-સંવર-નિર્જરાતત્ત્વની ધર્મારાધના ચોક્કસ અસરકારક રીતે થશે. સમ્યક્ત્વની સાચી શ્રદ્ધા ખૂબ મજબૂત હશે તો નિશ્ચિત જ વ્રત-મહાવ્રતો-સંવર ધર્મની આરાધના પાપોને થતાં-આવતાં અટકાવશે અને બીજી બાજુ નિર્જરા ધર્મની ઉપાસનામાં કર્મક્ષયનું પરિણામ પણ ઘણું સારું આવશે.

**૨૦ સ્થાનકનાં ૨૦ પદોની આરાધના :-**

એવાં ૨૦ પદોનો સમૂહ છે જેને ૨૦ સ્થાનકની સંજ્ઞા આપવામાં આવી છે. એવાં ૨૦ પદોમાં સમગ્ર જૈન શાસન-જૈન ધર્મનું સર્વસ્વ સમાવેશ થઈ જાય છે. જેમ નવપદજી નવ-પદોનું સમૂહાત્મક સ્વરૂપ છે. તેમ ૨૦ પદોનું સમૂહાત્મક સ્વરૂપ ૨૦ સ્થાનક છે. આમાં નવ પદોનો પણ સમાવેશ થઈ જાય છે અને નવપદોને વિશ્લેષણપૂર્વક વધારીને ૨૦ પદો કરવામાં આવ્યાં છે. ટૂંકમાં નવના વીશ થયા છે. ગુણ-ગુણી બન્નેનો સમાવેશ નવપદોમાં અને એવી જ રીતે ૨૦ પદોમાં પણ કરવામાં આવેલ છે. ગુણોને સાધ્યસ્થાને રાખીને ગુણીજનોના આલંબન પૂર્વક સારામાં સારી રીતે ઉપાસના કરવામાં આવે તો કાળાન્તરે સાધક સ્વયં તેવો ગુણી બની શકે છે. ખરી રીતે તો ગુણોપાસનાને જ ધર્મ કહ્યો છે. આત્મા સ્વયં અનંત ગુણોના ખજાના રૂપે છે. પરંતુ તે ગુણો ઉપર ખૂબ ભારે કર્માવરણ આવી જવાથી ગુણો ઢંકાઈ ગયાં છે-આચ્છાદિત થઈ ગયાં છે-તેજસ્વી-પ્રકાશમાન સૂર્ય જેમ વાદળાંઓથી ઢંકાઈ જાય છે તેમ. કાળાં ભમ્મર વાદળાંના કારણે આવા પ્રકૃષ્ટ પ્રકાશપૂંજ સમાન તેજસ્વી સૂર્યનો પ્રકાશ આવરાઈ જાય છે અને ધોળા દિવસે અંધારાના કારણે રાત્રિનો ભાસ થાય છે. એવા સમયે માત્ર કાળાં વાદળાંઓ ખસવાથી જ ફરી સૂર્યપ્રકાશ પસરશે. એવી જ રીતે અનંતગુણી આત્મા પણ કર્મ રૂપી વાદળાંઓથી ઢંકાઈ જવાથી આત્માના વ્યવહારમાં અજ્ઞાનરૂપી અંધારું છવાઈ જાય છે. આત્માના જ્ઞાન-દર્શનાદિ ગુણોને પ્રગટ કરવા જે પુરુષાર્થ કરવો પડે તેને જ ધર્મ કહેવાય છે. બીજી રીતે

કહીએ તો કર્માવરણનો ક્ષય કરવા જે પુરુષાર્થ કરવામાં આવે છે તેને જ ધર્મ કહેવાય છે. આને જ આત્મધર્મ કહ્યો છે. સ્વાભાવિક છે કે કર્મરૂપી આવરણનો ક્ષય થશે તો આત્માના જ્ઞાન-દર્શનાદિ ગુણો પ્રગટ થશે.

આ જ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપાદિ ગુણોનાં જ પદો ૨૦ સ્થાનકનાં ૨૦ પદોમાં છે. ગુણોને કોણે પ્રગટ કર્યા છે ? કેવી રીતે પ્રગટ કર્યા છે? તે અને તેવા ગુણી ભગવંતોને પણ ૨૦ પદોમાં સમાવાયા છે. આ રીતે ગુણ-ગુણીઓના સમાવેશવાળા-સંયોજન કરેલા વીસ સ્થાનકનાં ૨૦ પદો આ પ્રમાણે છે.

(૦૧) અરિહંત પદ (૨) સિદ્ધ પદ (૩) પ્રવચન પદ (૪) આચાર્ય પદ
(૦૫) સ્થવીર પદ (૬) ઉપાધ્યાય પદ (૭) સાધુ પદ (૮) જ્ઞાન પદ
(૦૯) દર્શન પદ (૧૦) વિનય પદ (૧૧) ચારિત્ર પદ (૧૨) બ્રહ્મચર્ય પદ
(૧૩) ક્રિયા પદ (૧૪) તપ પદ, (૧૫) ગૌતમ ગણધર (દાન) પદ,
(૧૬) જિન (વૈયાવચ્ચ) પદ, (૧૭) સંયમ પદ, (૧૮) અભિનવ જ્ઞાનપદ
(૧૯) શ્રુત પદ (૨૦) તીર્થ પદ.

આ ૨૦ પદોમાં ગુણ અને ગુણી પદોનું વિશ્લેષણ નીચે પ્રમાણે છે-ગુણી પદ
(૧) અરિહંત (૨) સિદ્ધ (૩) આચાર્ય (૪) સ્થવીર

(૫) ઉપાધ્યાય (૬) સાધુ (૭) ગૌતમ (૮) જિન એમ કુલ ૮ પદો ગુણી પદ તરીકે ઓળખાય છે. જ્યારે ગુણો તરીકે ---

(૧) પ્રવચન (૨) જ્ઞાન (૩) દર્શન (૪) વિનય (૫) ચારિત્ર (૬) બ્રહ્મચર્ય

(૭) ક્રિયા (૮) તપ (૯) દાન (૧૦) વૈયાવચ્ચ (૧૧) સંયમ (૧૨) અભિનવ જ્ઞાન (૧૩) શ્રુત અને (૧૪) તીર્થ. એવાં કુલ ૧૪ પદો ગુણ પદો તરીકે ઓળખાય છે. પ્રવચન, ગૌતમ (દાન), જિન-વૈયાવચ્ચ અને તીર્થ આ પાંચ પદો એવાં છે કે જેમની ગણના ગુણ-ગુણી બન્નેમાં થઇ શકે છે. ગુણી ભગવંતો પ્રત્યક્ષ છે. ગુણો દ્રવ્ય સ્વરૂપે નથી જેથી તેમનો ઇન્દ્રિય પ્રત્યક્ષ સંભવ નથી, પરંતુ ગુણો જેમનામાં વણાઈ ગયા છે તેવા ગુણી ભગવંતો પ્રત્યક્ષ હોય છે. તેમના વિચાર-વાણી અને વર્તનના બધા જ વ્યવહારમાં ગુણોનો પ્રત્યક્ષ અનુભવ થતો જ હોય છે. ગુણો હોય કે દોષો હોય તે છાના રહેતા જ નથી. તે પ્રગટ થતા જ હોય છે. મન-વચન-કાયાના ક્રિયાત્મક વ્યવહાર સ્વરૂપે વિચાર-વાણી અને વર્તનના બધા જ ગુણો સત્તામાં હશે તો ગુણો સ્પષ્ટપણે પ્રગટ થશે અને જો દોષો હશે તો દોષો પણ અવશ્ય પ્રગટ થશે. સાથે અને સામે રહેવાવાળાને સ્પષ્ટ અનુભવ થઈ જ જાય છે.

દા.ત. વસંતપુરનગરમાં શિવભૂતિ અને વસુભૂતિ બે ભાઈઓ હતા. વસુભૂતિ નાનો ભાઈ ખૂબ રૂપાળો,દેખાવળો મનોહર અને સુંદર હતો. હૃષ્ટ-પુષ્ટ કાયા જોઈને

ગમી જાય તેવી. અવસરે બંને ભાઈના લગ્ન થયાં. પરંતુ મોટાભાઈની પત્ની કમળશ્રીની નજર-દાનત કામદેવ જેવા પોતાના દિયર પર બગડે છે. અને એક દિવસ એકાન્તનો અવસર મેળવીને ભાભીએ દિયરને કહ્યું, હે દિયર ! મારી ઇચ્છા તમે સંતોષો. એમ કહી ભાભીએ દિયર પાસે ભોગની પ્રાર્થના કરી.

દિયર વસુભૂતિએ થોડી ઠપકારી કે ''તમે મારા મોટાભાઈના પત્ની છો. તમે પરણેલાં છો, તમને શરમ નથી આવતી કે આ રીતે ભોગની પ્રાર્થના કરો છો? મારા માટે તો ભાભી તે માં સમાન છે હું તો તમારો સ્પર્શ પણ નહીં કરૂં. અરે! મારી છાયા પણ તમારો સ્પર્શ નહીં કરે તે રીતે હું રહીશ.''

પરન્તુ 'કામાન્ધો નૈવ પશ્યતિ' નીતિકારોની આ વાત બિલ્કુલ ખોટી નથી લાગતી. માયા-કપટનો અવતાર એ સ્ત્રી-જાતિ પોતાની કામલીલા શાન્ત કરવા બધું જ કરી છૂટવા તૈયાર, બધી જ રમત એને રમતાં આવડે. એને તો અવસર જોઈને બધા નાટક રમવા માંડ્યા. સંસારનું આવું વિચિત્ર રૂપ જોઈને નાના ભાઈને વૈરાગ્ય જાગ્યો અને એક દિવસ ઘર-બાર-સંસાર છોડી સંયમ સ્વીકારી લીધો. સાધુ મહાત્મા બની જ્ઞાન-ધ્યાનની સાધના કરતા દૂર દેશમાં વિહાર કરવા લાગ્યા.

કામજ્વરથી સળગતી ભાભી દિયરના મોહમાં ખૂબ જ આર્તધ્યાન કરવા લાગી. પરિણામે તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધી મરીને કૂતરી થયાં. તિર્યંચગતિમાં પણ સ્ત્રીનો અવતાર પામ્યા. નગરમાં દિયરમુનિને ગોચરી માટે ફરતા જોઈને કૂતરી મહારાજને વળગી પડી...અને પછી તો પાછળ-પાછળ જ ચાલે, છોડે જ નહી, જેના કારણે તે મુનિનું 'કૂતરીવાળા મહારાજ' એવું નામ પ્રસિદ્ધ થઇ ગયું. કૂતરીની નજર ચૂકાવીને બીજે વિહાર કરી ગયા. મહારાજના વિયોગમાં વિલાપ કરતી કૂતરી મરીને વાંદરી બને છે. યોગાનુયોગ એક સમયે દિયર મહારાજનો ભેટો થતાં તેના કપડાં ખેંચવા લાગે છે. સાધુજીવનમાં તિર્યંચનો સ્પર્શ પણ સર્વથા વર્જ્ય છે પણ શું થાય, આ વાંદરીથી કેવી રીતે બચવું? આ એક બહુ મોટો પ્રશ્ન ઉભો થયો, ગામના લોકો અને તોફાની બાળકો મહારાજને 'વાંદરીવાળા મહારાજ' કહેવા લાગ્યા. અંતે કંટાળીને ગુપ્તપણે અન્ય સ્થળે સાધુ મહારાજ વિહાર કરી ગયા. વાંદરી વિરહની વેદના સહન ન કરી શકી, આખરે મરીને એક સરોવરમાં હંસલી બને છે. યોગાનુયોગ મહારાજને શીત ઉપસર્ગ સહન કરવાનો મનોરથ જાગ્યો અને તે સરોવરના કિનારે આવ્યા. પેલી હંસલીએ જોયા અને તેને તેના દિયરની યાદ આવી, તે મુનિના પગમાં આળોટવા લાગી, આલિંગન કરવા લાગી, મુનિ તો ઉપસર્ગ સમજીને સ્થિર અડગ ઊભા રહ્યા પણ આ તો રાગનો ઉપસર્ગ છે તેવું જાણીને કાઉસગ્ગ પારીને વિહાર કરી ગયા. મુનિનો વિયોગ સહન ન કરી શકનાર હંસલી મરીને વ્યંતર જાતીમાં દેવી થઈ. વિભંગજ્ઞાનથી જોઇને દિયરમુનિ પાસે આવી, દૈવી શક્તિથી સ્ત્રીઓના અનેક રૂપો વીકુર્વીને ફરી ભોગની પ્રર્થના કરે

સ્થિર થયેલા મુનિ મહાત્મા બિલકુલ ક્ષોભ નથી પામતા, અને કર્મનિર્જરાનો સુંદર અવસર જાણીને આત્મ સ્વરૂપમાં મસ્ત રહ્યા. અનુકૂલ ઉપસર્ગ હોવા છતાં પણ સહેજે ન આકર્ષાયા. નિર્મળ ધ્યાનસાધનામાં સ્થિર થયા. ધ્યાન રૂપી અગ્નિ વડે કર્મોના ભુક્કો બોલાવવા માંડ્યા. ક્ષપક શ્રેણી મંડાઈ ગઈ, શુક્લધ્યાનમાં રમતા મુનિ કેવળજ્ઞાન પામ્યા.

બસ, હવે તો વ્યંતરીના બધા ભવ નજર સામે દેખાવા લાગ્યા... અરે..રે ! મારી પાછળ કામાંધ બનેલી મારી ભાભી જ મરીને કૂતરી, વાંદરી, હંસલી થઈ હતી અને આજે વ્યંતરી થઈને આવી છે. તે દેવીને ઉપદેશ આપીને મતિ સુધારવાનો પ્રયત્ન કેવળજ્ઞાની બનેલા દિયરમુનિએ કર્યો પણ બધુ પત્થર ઉપર પાણીની જેમ નિરર્થક ગયું. મુનિ મહાત્મા તો કેવળજ્ઞાન પામીને મુક્તિપુરીમાં ચાલ્યા ગયા, પરંતુ ભાભીનો જીવ હજી પણ ભટકી રહ્યો છે.

આવા અનુકુલ ઉપસર્ગમાંથી હેમખેમ ઉગરી ગયેલા મુનિ મહાત્માની ભૂરી ભૂરી અનુમોદના કરવાનું મન થાય એ સ્વાભાવિક છે. પણ તેના જેવા આદર્શ મુનિ બનવું એટલું જ કપરૂં છે. બ્રહ્મચર્યની સ્થિરતા પાછળ ઘણા ગુણો મુનિ મહાત્મામાં વિકાસને પામ્યા હતા. તેથી આવી કામાંધ ભાભીની ચુંગાલમાંથી પણ હેમખેમ ઉગરી કેવળી બનીને મોક્ષે ગયા.

યાદ રાખવા જેવી મહત્ત્વની વાત તો એ છે કે ગુણ સ્વયં ચુંબકની ભૂમિકા ભજવે છે. તેથી એક ગુણ બીજા ગુણને ખેંચી લાવે છે. બીજો ગુણ ત્રીજા ગુણને ખેંચી લાવે છે. ત્રણેય ભેગા થઈને ચોથાને, ચાર ભેગા થઈને પાંચમાને ખેંચી લાવે છે. આવી રીતે ગુણોનો સમૂહ જ થતો જાય છે. ૧-૨ ફૂલ માળા નથી કહેવાતા જ્યારે ઘણાં ફૂલો દોરામાં પરોવાઈને માળાનું રૂપ ધારણ કરી લે છે. માનતુંગસૂરિ મહારાજ ભક્તામર સ્તોત્રના છેલ્લા શ્લોકમાં આ જ વાત લખતાં કહે છે કે-

**स्तोत्रस्रज़ं तव जिनेन्द्र गुणैर्निबद्धां, भक्त्या मया रुचिर वर्ण विचित्रपुष्पाम् ।**

**धत्ते जनो य इह कंठ गता मजस्रं, तं मानतुंगमवशा समुपैति लक्ष्मीः ।।४८।।**

- હે જિનેશ્વર ભગવંત ! તમારા ગુણો વડે ગૂંથેલી આ પુષ્પ (ગુણ) માળા જાતજાતના રંગોવાળા અનેક પુષ્પો (ગુણો) જેમાં છે તે ખૂબ જ ભક્તિભાવપૂર્વક મેં (માનતુંગે) ગૂંથીને માળા તૈયાર કરી છે. જે કોઈ આ માળાને ગળામાં પહેરશે, કંઠમાં ધારણ કરશે તે ઉત્તમ લક્ષ્મીને-ઉત્તુંગ સર્વશ્રેષ્ઠ માનની શોભા પામશે અર્થાત્ મોક્ષ મેળવશે. આ માત્ર ફૂલોની માળા જ નથી. પરંતુ ગુણમાળા છે. જેમ જાત-જાતના અનેક રંગબેરંગી ફૂલો હોય છે તેમ જાતજાતના અનેક ગુણો છે. તે એક પછી એક ગૂંથ્યા છે. ગૂંથીને ગુણોની જ માળા બનાવી છે. આવી ગુણમાળા જે ગળામાં પહેરે-અર્થાત્ કંઠથી ગાશે તો ગાનાર ઉત્તમ માનભરેલું શોભાસ્પદ મોક્ષરૂપી પદ મેળવી શકશે. ફૂલમાળા ગળામાં પહેરવામાં આવે છે.

જ્યારે ગુણમાળા કંઠથી ગાવામાં આવે છે. એક પછી એક ગુણ મુક્તકંઠે ગવાવા જોઇએ. ગુણો ગાવાથી જેમના ગુણો ગવાય છે તેમના ગુણો ખેંચાઈને આવે છે. પરમાત્મા અનંત ગુણોથી ભરેલા છે. તેમના દર્શનાર્થે આવેલો ભક્ત તેમની સમક્ષ ઉપસ્થિત થઈને પરમાત્માના ગુણો ગાય અને તે જ વખતે પોતાના દોષો-દુર્ગુણો વ્યક્ત કરે. તે છોડવા, ઘટાડવા, નષ્ટ થાય તેવી કાકલૂદી કરે, જેથી દોષો ઓગળતા જાય અને ખાલી થયેલી તે જગ્યામાં (ભક્તના આત્મામાં) ગુણો આકર્ષાઈ-ખેંચાઈને આવે છે. આ રીતે ગુણસ્તુતિથી-ગુણગાનથી ગુણો ખેંચાઈને આવે છે. આ રીતે પ્રભુદર્શન-પૂજા-ભક્તિ બધી દષ્ટિએ ખૂબ જ સાર્થક સહેતુક છે. ઉપયોગી અને ઉપકારી છે.

પરન્તુ અંધશ્રદ્ધાથી દોરાઈને લોકો મંદિરમાં જઈને ભગવાનને સુખ, સંપત્તિ, સંતતિ આપનારા માની લઈને માત્ર યાચના જ કરતા રહે છે કે હે ભગવાન ! મારાં દુ:ખો દૂર કરો અને મને સુખ આપો, મને સંપત્તિ ભરપૂર આપો, મને સંતતિ ચોક્કસ આપો. ન તો પ્રભુના ગુણો ગાય કે ન તો પોતાના દોષો-દુર્ગુણો કબૂલે, કંઈ જ નહીં. આવા પ્રકારની ભક્તિ નિ:કૃષ્ટ કક્ષાની દર્શાવી છે. સંસારમાં જોવા જઇએ તો આવી ભક્તિ કરનારા જ ૯૦ ટકા ભક્તો મળશે. જ્યારે કંઈ જ ન માગતા માત્ર ગુણો ગાવાવાળા ભક્તો માંડ ૨ ટકાથી ૫ ટકા હશે. જેઓ દોષો-દુર્ગુણો ઘટે-ટળે, અને નષ્ટ થાય અને સામે ગુણો આવે એવી ઉત્કૃષ્ટ ભાવનાથી ભક્તિ કરે છે. તેમાં જ સંતોષ-સમાધાન માને છે. તે તે ગુણોને આચરણમાં લાવે છે અને તેમાં જ આનંદ અનુભવે છે. ગુણપ્રાપ્તિનો, ગુણોના આચરણનો અમલ કરતો કરતો આગળ વધે છે. એમ કરતાં ગુણસોપાનો-ગુણસ્થાનોની સીડી ઉપર ચઢતો જાય છે. ક્રમશ: આગળ વધે છે. ગુણસ્થાનના ૧૪ સોપાનો એ જ છેલ્લે મોક્ષમાર્ગ છે. મોક્ષે જવાનો, મુક્ત થવાનો, રાજમાર્ગ છે. એના સિવાય મોક્ષપ્રાપ્તિનો બીજો કોઈ પર્યાય જ નથી. વિકલ્પ જ નથી. દોષો-દુર્ગુણો સાથે લઈને વીતેલા અનંત ભૂતકાળમાં પણ કોઈ મોક્ષે ગયો નથી અને ભવિષ્યમાં તેવો એક પણ દુષ્ટ-દુર્જન મોક્ષે જવાનો પણ નથી. વીતેલા અનંત ભૂતકાળમાં ગુણસ્થાન સોપાન સ્વરૂપ મોક્ષમાર્ગ ઉપર ક્રમશ: ચઢતાં-ચઢતાં દોષ-દુર્ગુણો સમૂળ સંપૂર્ણ નષ્ટ કરી સર્વ ગુણો સંપૂર્ણ પ્રગટ કરીને આગળ વધી સદાના માટે સંસારથી મુક્ત થઈ શકાય છે. દોષો-દુર્ગુણો કર્મજન્ય છે. કર્માધીન-કર્મગ્રસ્ત છે. જ્યારે ગુણો તો કર્મક્ષયથી જ જન્ય છે.

૨૦ સ્થાનકની ઉપાસના અર્થાત્ ગુણોપાસના :-

ગુણ+ગુણીયોના સમૂહાત્મક સ્વરૂપ એવાં ૨૦ પદોની સામૂહિક સંજ્ઞા '૨૦ સ્થાનક' આપવામાં આવી છે. ગુણોને જીવનમાં વણી લેનારા જ ગુણી ભગવંતો છે, માટે તે તે ગુણી ભગવંતોને જોતાં તેમનામાં પણ તે તે ગુણ રહેલો જ છે. ઉપરથી એમ જાણવા મળે છે કે એક-એક ગુણ તો એકલો સ્વતંત્ર જ છે. જ્યારે ગુણી ભગવંત તો એવા હોય છે કે

જેમનામાં એક કરતાં વધુ ગુણો હોય છે. દા.ત. અરિહંત પરમાત્મા ગુણી ભગવંત છે. ખરી રીતે તો તે હવે સર્વગુણસંપન્ન છે. અરિહંત અને સિદ્ધ ભગવંતો બન્ને માટે સર્વ શબ્દ પણ કદાચ નાનો પડે માટે અનંત ગુણસંપન્ન એવો શબ્દ વાપરવામાં આવે તો જ ઉચિત છે. માટે જ આ ૨૦ સ્થાનકમાં અરિહંત ભગવંતને કેન્દ્રસ્થાને રાખેલા છે અને તેમની ઉપરના બીજા સ્થાને સિદ્ધ પરમાત્મા છે. જ્યાં અંશમાત્ર પણ દોષ-દુર્ગુણની સંભાવના કલ્પી ન શકાય એવાને જ અનંત (સર્વ) ગુણસંપન્ન વિશેષણથી નવાજી શકાય. અન્યથા નહીં. સર્વજ્ઞ-સર્વદર્શીઅને પાછા ઉપરથી વીતરાગી એવા અરિહંત જેવા ગુણો જગતના બીજા કોઈ પણ ભગવાનોમાં કેમ નથી જણાતા ? સંપૂર્ણપણે મોહનીય કર્મ સમૂળ સર્વથા નષ્ટ-ક્ષય થઈ જવાથી સર્વ દોષ-દુર્ગુણો જતા રહે છે. કર્માવરણનું આચ્છાદન જ ન રહેવાથી આવરાઈ ગયેલા બધા જ ગુણો પૂર્ણપણે પ્રગટ થાય છે. એ સર્વ ગુણોનું એક સામૂહિક નામ ચારિત્ર ગુણ છે. આ છત્ર તળે સમતા, ક્ષમા, નમ્રતા, સરળતા, સજ્જનતા, સુશીલતા, સંતોષ, વિનય, નિરભિમાનતા, દયા, કરુણા, શાંતિ, ધીરજ, ગંભીરતા, સૌમ્યતા, વિતરાગતા, વિરક્તતા, મૌન, ધ્યાન, સ્થિરતા આદિ સર્વ ગુણો પૂર્ણપણે પ્રગટ થાય છે. જો ભક્તિથી અનુમાન કરવામાં આવે તો જ ખ્યાલ આવે કે આટલા બધા ગુણો જેનામાં પ્રગટ થયેલા હોય તે ગુણી ગુણવાન મહાપુરૂષ કેવા હશે ? આપણે આપણા જીવનભરમાં ક્યારેય આવા મહાન ગુણવાન મહાપુરૂષને જોયા જ નથી. અનુભવ્યા જ નથી. તેથી આપણને તેમના વિષે આભાષ પણ નથી થઈ શકતો. આપણે ચારેય બાજુના વાતાવરણમાં બધે જ ઘરમાં, સમાજમાં, જ્ઞાતિમાં, સગા-સંબંધી, સ્વજનોમાં અને એવી જ રીતે વ્યાપાર-વ્યવસાયના ક્ષેત્રમાં સર્વત્ર દોષ-દુર્ગુણોની જ પ્રાધાન્યતા રહે છે. રાગ-દ્વેષ, સ્વાર્થાદિની જ પ્રવૃત્તિ જોવા મળે છે. દોષરહિતપણું કે ગુણાચરણ જેવું કંઈ જ જોવા નથી મળતું, માટે આપણને ગુણસંપન્ન ગુણવાન મહાપુરૂષો વિશે વિચાર સુદ્ધાં નથી આવતા તે સ્વાભાવિક છે.

માટે જ મંદિરમાં ભગવાનની ભક્તિ-સેવા-પૂજા કરવાનું અનિવાર્ય છે. તે સમયે ખાસ સ્તુતિ-સ્તવન વગેરેમાં પરમાત્માના ગુણો ભરેલા છે. ગુણ સ્તુતિ કરતા, ગુણો ગાવાથી તે તે સર્વ ગુણોનો ખ્યાલ આપણને આવશે અને એ સર્વ ગુણોથી સર્વથા વિપરિત દોષ-દુર્ગુણો આપણામાં કેવા છે ? કેટલા છે ? કયા સ્વરૂપે છે ?નો ખ્યાલ સારી રીતે આવશે. તો જ આપણને દોષ-દુર્ગુણો ઘટાડવાનું, છોડવાનું મન થશે અને ગુણો અપનાવવા, લાવવા, આચરવાની ઇચ્છા પ્રબળ થશે. આ રીતે આપણા જીવનમાં પરિવર્તન આવશે. દશા અને દિશા બદલાશે. ભક્ત ભગવાનની દિશામાં પ્રયાણ કરશે. ધર્મ કરવાનો-આચરવાનો સાચો અર્થ જ એ છે કે દોષો-દુર્ગુણો ઘટાડતા ઘટાડતા છોડતા જઈએ અને ગુણો અપનાવતા જઇએ. જીવનમાં ગુણો આચરતા આચરતા ગુણોની ગુણવત્તા અને ગુણોની સંખ્યા, તેમ જ પ્રમાણ વધારતા જ જઇએ. જીવન આખું ગુણવાન બની જાય. જેમ

પુષ્પની સુવાસ-સુગંધ હવામાનમાં-વાતાવરણમાં સર્વત્ર પ્રસરે છે તેવી ગુણવાનના ગુણોની મહેક પણ ચારેય બાજુ પસરતી જાય છે. જેમ બગીચામાં ફરનારને ફળોની સુગંધ આવ્યા વગર ન રહે, તેવી રીતે ગુણીયલ-ગુણવાનના સંપર્કમાં, સમાગમમાં, સત્સંગમાં આવનારને અનિવાર્યપણે ગુણોનો આભાષ થવો જ જોઇએ. અનુભવ થવો જ જોઇએ. જેમ સુગંધ આપણને સ્મૃતિ-યાદદાસ્તમાં રહી જાય છે અને તેનો ફરી ફરી અનુભવ મેળવવા વારંવાર આપણે બગીચામાં ફરવા જઈએ છીએ. એવી જ રીતે ફરી ફરી વારંવાર ગુણીયલ-ગુણવાનનો સત્સંગ કરવા પણ જવું જ જોઇએ. ગુણી-ગુણવાનના ગુણો આપણી સ્મૃતિમાં સદા રહેવા જોઇએ. આપણને વારંવાર તેના ગુણો યાદ આવવા જોઇએ અને યાદ આવતાં જ તે ગુણો વિશે આકર્ષણ જાગવું જોઇએ. ગુણીના સમાગમમાં આવતાં જ ગુણોની ટાઢક અનુભવમાં આવવી જ જોઇએ. આનંદ થવો જોઇએ. રસ જાગવો જોઇએ. જેમ કોઈએ આપણા પ્રત્યે ખૂબ સારો પ્રેમભર્યો મીઠો વ્યવહાર કર્યો હોય, મીઠો મધુર આવકાર આપ્યો હોય તો નિશ્ચિત આપણને ગમે છે અને આપણે તેથી આકર્ષાઇને વારંવાર ત્યાં તેમને મળવા જઈએ છીએ. સ્વાભાવિકપણે આપણું મન તેમના પ્રત્યે આકર્ષાય છે. બસ, એ માટે જ મંદિરો-દેરાસરો છે. અનંત ગુણવાન પરમાત્મા સર્વગુણસંપન્ન છે તે સમક્ષ બિરાજમાન છે. ભક્તિ ભગવાનને મળવાનું માધ્યમ છે. માર્ગ છે. ભક્તિમાં પ્રેમતત્ત્વ ભરેલું છે. ભગવાન પ્રત્યે ભક્તનું સમર્પણ વધારવાનો માર્ગ છે ભક્તિ. પ્રેમ પ્રભુ પ્રત્યે વિશ્વાસ-શ્રદ્ધાને વધારવા-ટકાવવા એટલો જ અગત્યનો ભાગ ભજવે છે. ભગવાન સ્વયં સદેહે વિદ્યમાન નથી. તે અતીતની વાત છે. જ્યારે વર્ષો પછી ભગવાનની સ્મૃતિ ભાવિના ભક્તોમાં જાગે છે ત્યારે તેમના ગુણો જ તેમને આકર્ષે છે. તે સમયે તેમના ગુણો આપણામાં લાવવા-આકર્ષવા-વધારવા ભક્તે ભરચક પુરુષાર્થ કરવો જોઇએ. બસ, આવા પવિત્ર ઉદ્દેશ્યથી જ મંદિરે દર્શનાર્થે, પૂજાર્થે, ભક્તિ અર્થે જવાનું હોય છે. હેતુ આ જ છે. હેતુલક્ષી ક્રિયા-વિધિ થાય-હોય તો નિશ્ચિત તે પ્રકારનો લાભ અવશ્ય મળે. બસ, ગુણોથી પરમાત્માને ઓળખવા એ જ સાચી ઓળખ છે. ગુણાનુરાગ સમ્યગ્દર્શન પ્રાપ્તિની પૂર્વતૈયારી છે. ગુણાનુરાગથી જીવ સમ્યગ્દર્શન પ્રાપ્તિની સમીપે પહોંચે છે. ગુણોપાસના જ સાચો ધર્મ છે. ગુણો જ દાનવમાંથી માનવ અને માનવમાંથી દિવ્ય બનાવી શકશે. સંસારી જીવાત્માને પરમાત્મા બનાવવા ગુણો સમર્થ છે.

૨૦ સ્થાનકનાં ૨૦ પદોમાં વિશિષ્ટ ગુણોનો સમાવેશ :-

જ્ઞાન-દર્શનાદિ સર્વ ગુણો આત્મગુણો છે. જડ-પુદ્ગલ દ્રવ્યના આ કે આવા કોઈ ગુણો નથી. ગુણો ચેતનાત્માના જ છે. જ્ઞાન ગુણની વિશેષ સાધનાથી જ્ઞાની બની શકાશે. દર્શનથી સ્વયંદર્શની-દષ્ટા બની શકાશે. વિનયગુણનો સમાવેશ ૧૦મા પદે છે. વિનય ગુણરૂપી સીડીના પ્રથમ પગથિયા સ્વરૂપે છે. ખાસ પાયાના ગુણરૂપે વિનય છે.

નમ્રતા-વિનયીભાવવાળા વિનયગુણથી જીવાત્મા છેક મોક્ષ સુધી પ્રયાણ કરી શકે છે. ચારિત્ર ગુણ આચરણને શુદ્ધ કરવાર્થે છે. પાપોની નિવૃત્તિ કરાવી આત્મિક-આધ્યાત્મિક આચરણ ચારિત્ર છે. સંવર-સ્વરૂપ હોવાથી પાપોથી દૂર રહે છે. બ્રહ્મચર્ય ગુણોનો રાજા છે. બ્રહ્મ એટલે આત્મા. બ્રહ્મ શબ્દ કોઈ દેવતાના અર્થમાં વાચ્ય નથી. આત્માનો વાચક છે. સ્વયં સ્વમાં-આત્માના ગુણોમાં જ સતત રમમાણ રહેવું એનું જ નામ બ્રહ્મચર્ય છે. પારકા શરીર પ્રત્યે ન આકર્ષાતા, બીજાના શરીરના ઉપભોગતાથી સુખ ભોગવવાની વૃત્તિ એ જ અબ્રહ્મ (મૈથુન) છે. જ્યારે પારકા દેહ તરફ સહેજ પણ આકર્ષણ ન વધારનાર, અરે ! પોતાના દેહનો પણ મોહ ન રાખનાર સાધક સ્વાત્મગુણોમાં જ આનંદી બનવાનો માર્ગ જ બ્રહ્મચર્ય છે. આ ગુણ આત્માને આંતરમુખ-આત્મકેન્દ્રિત કરે છે.

ક્રિયા મગ્નતા પણ ઉત્તમ ગુણ છે. જયણાના પાલનની ઉત્તમ ક્રિયાનું આચરણ કરવામાં પણ બીજા જીવોની રક્ષા કરવાની ભાવના છે. સામાયિક-પ્રતિક્રમણ વગેરે ક્રિયાત્મક જ છે. અરે ! ધ્યાન પણ ક્રિયાત્મક જ છે. જેમાં કંઈક કરવાપણું છે તે ક્રિયા છે. આત્માના સમતા-ક્ષમા-નમ્રતા આદિ અનેક ગુણો જે છે તે ગુણોને આચરણમાં લાવવાર્થે ક્રિયા-પ્રવૃત્તિ કરવાની હોય છે. જો ગુણ હોય પણ ગુણને પ્રગટાવવાની ક્રિયા-પ્રવૃત્તિ કંઈ જ ન કરવામાં આવે તો ગુણો પણ એમના એમ અંદર જ રહી જશે. પ્રગટ નહીં થઈ શકે અને જો બાહ્ય વ્યવહારમાં ગુણ પ્રગટ જ નહીં થઇ શકે તો ગુણ અંદર છે કે નહીં તેની શંકા થશે. માટે ગુણ છે તો તેને પ્રગટ કરવો જ જોઇએ અને તેને પ્રગટ કરનાર ક્રિયા છે. દા.ત. સમતા ગુણ છે તેને પ્રગટ કરવાની ક્રિયાનું નામ જ સામાયિક છે. પૂજ્યભાવ ગુણ છે તેને પ્રગટ કરનારી ક્રિયા પ્રભુપૂજા છે. નમ્રતા ગુણને પ્રગટ કરનારી ક્રિયા જ ખમાસમણા છે. જીવો પ્રત્યેનો સદ્ભાવ વધારીને તેમની રક્ષા કરવાની ક્રિયા જયણા છે. આવી ઘણી બધી જાતજાતની ક્રિયાઓ છે. ગુણોને વ્યવહારમાં પ્રગટ કરવાની ક્રિયાને જ ધર્મ કહ્યો છે.

તપ આત્મગુણ છે. આત્મા આહારરત નથી. આહારાધીન નથી. દેહ માટે આહાર છે. શરીર ભોજન કરે છે. કારણ કે શરીર ભોજનના સહારે-આધારે જ ટકે છે. શરીર માટે ભોજન છે તો આત્મા માટે ભજન છે. આહારની સંજ્ઞામાં લિપ્ત ન થવું હોય તો તપ ગુણ આત્મરક્ષક છે. ભોજનાસક્ત ઘણાની દુર્ગતિ થઈ છે. જ્યારે તપગુણને જીવનમાં વણી લેનારા અનેક પુણ્યાત્માઓનું કલ્યાણ થયું છે.

દાન ઉત્તમ ગુણ છે. આવું દાન જીવનમાં વણી લઈને જેમણે એવું દાન કર્યું કે, જેથી દાન લેનારનું કલ્યાણ થઈ ગયું. એક નાનકડા પાત્રમાં અંગૂઠો રાખીને ૧૫૦૦ તાપસોને ખીર પીરસીને પારણું કરાવ્યું અને તેથી ૧૫૦૦ તાપસોને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ. આનાથી વધારે મોટું દાન શું હોઈ શકે ? માટે ૨૦ સ્થાનકનાં ૨૦ પદોમાં ૧૫મા પદને ગુણ સ્વરૂપે દાન પદ તરીકે, જ્યારે ગુણી તરીકે ગૌતમ ગણધર પદ સંજ્ઞા આપવામાં આવેલ છે.

વૈયાવચ્ચ ગુણ છે. વૈયાવચ્ચ એટલે સેવા. કોઈની પણ સેવા કરવી એ ખરેખર ઘણી અઘરી છે. હજારો લોકોને જોવામાં આવે છે. નમસ્કાર જેવી એક મિનિટની ક્રિયા તો હજી સાવ સહેલી છે, પરંતુ વૈયાવચ્ચ તો ઘણો સમય માગી લે છે અને એમાં પણ જો મોટો માણસને નાનાની સેવા કરવાનો વખત આવે તો અચ્છા-અચ્છાનાં મોઢાં બગડી જાય છે. એવા સમયે સહેજ પણ મોઢું ન બગાડતા. ગુણને અનુરૂપ જો સેવા-વૈયાવચ્ચ ભાવપૂર્વક કરે તો ઘણો લાભ થાય છે. માટે જ વૈયાવચ્ચ અપ્રતિપાતી ગુણ છે. આવા ગુણની ભાવપૂર્વક આચરણા તીર્થંકર નામકર્મ બંધાવવા સમર્થ સક્ષમ છે. આવા વૈયાવચ્ચ ગુણનો સમાવેશ જિનપદમાં કરીને ૧૬મા ક્રમે જિનપદ છે.

સંયમ પણ એક ગુણ છે. પાંચેય ઇન્દ્રિયો પર નિયંત્રણ રાખવું તે પણ સંયમ છે. બાહ્ય દષ્ટિએ શરીર ઉપર સંયમ, આહારાદિ સંજ્ઞાઓ ઉપર સંયમ રાખવો, અને આંતરિક કક્ષાએ રાગ-દ્વેષ-કષાય અને ઇચ્છાઓ ઉપર પણ નિયંત્રણ રાખવું તે પણ સંયમ છે. સંયમ પણ સંવર ધર્મ છે. જેથી આત્મપ્રદેશમાં નવાં કર્મોનો આશ્રવ ન થાય. ઈચ્છાઓ ઉપર સંયમ રાખવાથી ઇચ્છાઓ ભડકે નહીં, વધે નહીં. કારણ કે ઇચ્છાઓ પાપ કરાવનાર મોટું નિમિત્ત છે. ઇશ્વર કર્તૃત્વવાદી ધર્મોમાં જ્યારે ઇશ્વર સૃષ્ટિની રચના કરે છે ત્યારે કારણ પૂછાતાં તેમણે જવાબ આપ્યો કે સૃષ્ટિનું સર્જન કરતી વખતે ઇશ્વરની આવી જ ઇચ્છા હતી માટે આવું સર્જન થયું. બસ, ઇશ્વરની ઇચ્છાની આગળ કોઈનું કંઈ જ નથી ચાલતું. એની ઇચ્છામાં ક્યારે શું આવશે ? ક્યારે કેવી ઇચ્છા થશે ? ક્યારે કોના વિશે કેવી ઇચ્છા થશે ? કંઈ કહેવાય નહીં અને ઇશ્વર પણ પોતાની ઇચ્છાને આધીન છે, માટે ઇચ્છાના આધારે કોઈને સુખી, કોઈને દુઃખી કરી દે છે. એક બાજુ એક ઇશ્વરના વિશે આવી ધારણા-માન્યતા છે, જ્યારે બીજી બાજુ અરિહંત પરમાત્મા પણ એક એવા પરમેશ્વર છે જે સર્વથા સંપૂર્ણપણે ઇચ્છાઓને જીતી લઈને સર્વથા વિતરાગી=રાગ-દ્વેષ વિરહિત=ઇચ્છારહિત જ થઈ ગયા છે,

અભિનવ જ્ઞાનની ગુણવત્તા :- આત્માનો મુખ્ય ગુણ જ જ્ઞાન-દર્શન છે. આત્મા છે જ જ્ઞાન-દર્શનમય. આ જ જ્ઞાન-દર્શનની ચેતના શક્તિ બની છે તેથી ચેતના શક્તિવાળો જીવ ચેતન તરીકે ઓળખાય છે. વીશસ્થાનકના ૨૦ પદોમાં જ્ઞાન વિષયક ત્રણ પદ છે. આઠમું જ્ઞાન પદ, અઢારમું અભિનવ જ્ઞાન પદ અને ઓગણીસમું શ્રુત પદ. આ ગુણ ને ધારણ કરનારા પંચ પરમેષ્ઠી ભગવંતો ગુણીપદ સ્વરૂપે છે. આઠમા જ્ઞાન પદમાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન એમ પાંચેય જ્ઞાનોની સંયુક્તરૂપે વિચારણા કરીને સાથે જ લીધા છે. જ્યારે અઢારમા અને ઓગણાસમાં અભિનવ જ્ઞાન પદ અને શ્રુત પદમાં એકલું શ્રુત જ્ઞાન અભિપ્રેત છે. અભિનવ શબ્દ નવા નવા અર્થમાં છે. દરરોજ નવું નવું જ્ઞાન મેળવવાનું છે. તેમાં શ્રુતજ્ઞાન જ એક એવું જ્ઞાન છે જેમાં રોજ નવું નવું મેળવી શકાય છે. અર્થાત જ્ઞાનપિપાસુ જીવ જ્ઞાનની જિજ્ઞાસા સંતોષવા જે અભ્યાસ કરે તે શ્રુત-શાસ્ત્રનો જ

અભ્યાસ કરવાનો હોય છે. કેવળજ્ઞાન ક્ષાયિક ભાવે થાય છે. તેથી તેમાં તો સમસ્ત લોકાલોકના સર્વ પદાર્થોનું જ્ઞાન એક સાથે જ થાય છે. ત્રણેય કાળનું એક સાથે જ બધું જણાય છે. તેથી તેમાં નવું નવું કંઈ જ નથી.

મનઃપર્યવજ્ઞાનમાં અઢી દ્વીપના સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવો જ જાણવાના છે. જ્ઞાનપંચમીના દેવવંદનમાં કહે છે કે – શ્રી મનઃપર્યવ જ્ઞાન છે, ગુણ પ્રત્યયી એ જાણો, અપ્રમાદી ઋદ્ધિવંતને, હોય સંયમ ગુણઠાણે ।।૧।। ચોથુ મનઃપર્યવજ્ઞાન ગુણ પ્રત્યયી સ્વરૂપે છે.જે ગુણવાન એવા છટ્ઠા અને સાતમા સર્વ વિરતિ ગુણસ્થાને આરૂઢ થયેલા મુનિ મહાત્માને જ થાય છે. અપ્રમાદિ શબ્દ વાપરીને સાતમા અપ્રમત્ત સંયત ગુણસ્થાનવાળા સર્વ વિરતિધર મુનિને થાય છે. આ એક વિશિષ્ટ કક્ષાનો ગુણ છે. જેનાથી અઢીદ્વીપ સ્વરુપ મનુષ્ય ક્ષેત્રમાં રહેલા કોઈપણ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનમાં ઉદ્ભવતા વિચારોને જાણી શકાય છે. આ જ્ઞાનમાં નવું નવું જાણવા કે ભણવાનું નથી.

ત્રીજા અવધિજ્ઞાનમાં દૂર-દૂરની ક્ષેત્રવધિવાળા રૂપી પુદ્ગલ પદાર્થોને જાણવાના હોય છે. અવધિ દર્શનમાં જોવાના હોય છે. શ્રુત જ્ઞાનનો અભ્યાસક રોજ નવા-નવા તત્ત્વો જાણી શકે છે ભણી શકે છે. લોક, અલોક, કાળ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવ, પુણ્ય, પાપ આદિ તત્ત્વોના ભેદ-પ્રભેદનું જ્ઞાન પ્રાપ્ત કરતો પોતાની જિજ્ઞાસા સંતોષી શકે છે. શ્રુત-શાસ્ત્રને પણ સમુદ્રની ઉપમા આપવામાં આવે છે જેમ જેમ સમુદ્રમાં ડુબકી લગાવતા જાઓ તેમ તેમ નવું નવું કંઈકને કંઈક પ્રાપ્ત થાય છે તેમ શ્રુત રુપી સમુદ્રમાં પણ જેમ જેમ અભ્યાસ કરતા જાઓ તેમ તેમ નવા નવા તત્ત્વોના રહસ્યો ખુલતા જાય છે. તેથી અભિનવ જ્ઞાન પદની આરાધના ખૂબ જ મહત્વની છે. જ્ઞાન વધારવા આ પદની આરાધના કરવી જોઇએ.

શ્રુતજ્ઞાન એ પાંચ જ્ઞાનનો એક વિભાગ છે. આત્માનો ગુણ છે. તેમાં પાંચેય જ્ઞાનોનો સમાવેશ છે. સાંપ્રત કાળે આપણા જેવા જીવોને અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન થવાની કોઇ શક્યતા નથી ત્યારે માત્ર બે મતિ-શ્રુત જ્ઞાન જ ઉપલબ્ધ છે. તેથી શ્રુતજ્ઞાન પણ ગુણ સ્વરૂપે છે. સર્વજ્ઞ તીર્થંકર ભગવન્તોએ કેવળજ્ઞાન પામીને સમવસરણમાં દેશના રૂપે જે પ્રરૂપ્યુ છે તેને ગણધરોએ ગુંથીને શાસ્ત્રબદ્ધ કર્યુ છે. તેથી દ્વાદશાંગી પણ શ્રુતજ્ઞાન છે, ચૌદ પૂર્વનું જ્ઞાન પણ શ્રુત જ્ઞાન છે. આ બધાને શ્રુત જ્ઞાનમાં સમાવીને તેનો જ્ઞાનાભ્યાસ કરતા સ્વજ્ઞાનગુણની વૃદ્ધિ કરવી.

તીર્થ પદ ગુણ-ગુણી ઉભય સ્વરૂપે છે. તીર્થંકર ભગવન્તોના પાંચેય કલ્યાણકોની ભૂમિઓ એ સ્થાવર તીર્થ સ્વરૂપ છે. સર્વ ગુણી એવા ભગવંતો આ તીર્થોમાં પૂજનિક છે, તેથી અનેક સ્થાવર તીર્થોની યાત્રાઓ કરીને પણ આરાધકો કર્મ ક્ષય કરી શકે છે. જંગમ તીર્થ સ્વરૂપ તીર્થંકર ભગવંતોએ સ્થાપેલા ચતુર્વિધ સંઘનો સમાવેશ થાય છે.

ચતુર્વિધ સંઘમાં ગણધરો, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ભગવંતો પ્રધાન છે. સર્વ રીતે તેમની ભક્તિ-વૈયાવચ્ચ-વિનયાદિ વડે આરાધકો કર્મક્ષય સાધી શકે છે. તેથી આરાધકો માટે તીર્થની ગુણ-ગુણી ઉભય સ્વરૂપે આરાધના છે. તે પણ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરાવનાર છે. આ બધા પદોની આરાધના કરીને જયન્ત રાજા, મેરુપ્રભ સૂરિ મહારાજ આદિ મહાપુરૂષોએ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરેલ છે. જે તીર્થંકર ભગવાન બનીને મોક્ષે જશે.

આવી રીતે વીશસ્થાનકના ૨૦ પદોમાં ગુણ-ગુણી બન્નેની મીમાંસા કરવામાં આવી છે. જેમ નવપદમાં અરિહન્તાદિ પંચ પરમેષ્ઠી ભગવન્તો ગુણી સ્વરૂપે છે અને જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપાદિ પદો ગુણ પદ સ્વરૂપે છે. ગુણ - ગુણીનો અભેદ સંબંધ છે ગુણ - ગુણીની સંયુક્ત રૂપે અથવા સ્વતંત્રરૂપે પણ ઉપાસના કરીને આરાધકો તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરી શકે છે. સ્વ કર્મ નિર્જરા કરતા ગુણ વૃદ્ધિ કરી શકે છે.

## ઈશ્વરવાદનું સ્વરૂપ :-

આર્હત ધર્મમાં ભગવાનને અરિહંત, તીર્થંકર, જિનેશ્વર આદિ વિવિધ નામોથી નવાજવામાં આવે છે. અનિવાર્યરૂપે તે મનુષ્યગતિમાં માનવ દેહધારી સશરીરી છે. સશરીરી દેહધારી હોવા છતાં પણ આત્મા સર્વજ્ઞ, સર્વદર્શી, વીતરાગી બનેલ છે, પણ તેઓ સૃષ્ટિના સર્જનહાર, વિસર્જનકારરૂપે નથી. કારણ કે સૃષ્ટિનું સર્જન-વિસર્જન થતું જ નથી. શક્યતા જ નથી. સૃષ્ટિનું પાલન, સંચાલન, વ્યવસ્થા વગેરે બધી કર્માધીન હોવાથી અરિહંત ભગવાનને કરવાની હોતી જ નથી. માટે જૈન ધર્મે ક્યારેય પરમેશ્વરને તે સૃષ્ટિના કર્તા, સર્જક, વિસર્જક માન્યા જ નથી. માટે અરિહંત પરમેશ્વરનું સ્વરૂપ કપોળકલ્પિત નથી. સંદિગ્ધતાથી ભરેલું નથી.તેમનું સ્વરૂપ વાસ્તવિક છે. જ્ઞાનગમ્ય જ્ઞેય છે, માટે તેમના સ્વરૂપની પ્રત્યેક વાત જ્ઞાનથી સારામાં સારી રીતે જાણી-ઓળખી શકાય છે. તેથી જૈન ધર્મે ક્યારેય એવું નથી કહ્યું કે તે પરમેશ્વર છે. બસ, તેમને માની લો. જાણવાની પંચાત ન કરો. તે જ તમારો સર્જક છે. તે જ તમને સુખ આપનાર-સુખદાતા છે. તે જ તમારું દુઃખ લેનાર-દુઃખહર્તા છે. આવી જે વાતો ઇશ્વર કર્તૃત્વવાદી ઇસ્લામ, ખ્રિસ્તી, હિન્દુ ધર્માદિએ કરેલી છે, તેમના જેવી એક પણ વાત જૈન ધર્મે કરી જ નથી. આ બધા કતૃત્વવાદી ધર્મોએ તેમના ઇશ્વરનું સ્વરૂપ જ્ઞાનગમ્ય જ્ઞેય નથી રાખ્યું, એના બદલે શ્રદ્ધાગમ્ય બનાવીને માની લેવાનું જ વધારે બનાવ્યું છે. જાણવાની પંચાતમાં ન પડો. જે છે, જેવા છે તેમને તેવા માની લો. માટે ૧૦૦માંથી ૯૯ ટકા વર્ગ માત્ર માની લેવાની જ વાત કરે છે. જાણવાની માથાકૂટ ત્યાં નથી અને તે તે ધર્મો કરી શકે તેમ પણ નથી. કારણકે હજારો સંદિગ્ધતાઓ-શંકાઓથી ભરેલું છે. તેમાંથી વધુમાં વધુ કાલ્પનિક છે ! કપોળકલ્પિત વધારે છે.

એની સામે આર્હત્ દર્શને પરમેશ્વર-પરમાત્માના સ્વરૂપને ખુલ્લી પુસ્તક

જેવું સ્પષ્ટ રાખ્યું છે. એક પણ વાત સંદિગ્ધ-શંકાયુક્ત નથી રાખી. સંસારના સમસ્ત જીવોના સુખ-દુઃખનો સંબંધ તેમના પોતપોતાના કર્મ સાથે સંકળાયેલો છે. દરેક જીવો પોતપોતાની રીતે કરેલા શુભ-અશુભ કર્મોદયના કારણે સુખ-દુઃખ પામતા-ભોગવતા રહેશે. તેની સાથે અરિહંત ભગવાનને કંઈ જ સંબંધ નથી. તે જીવો સ્વતઃ જ તેવા કર્મો કરે છે. અને સ્વયં જ પોતાના કર્મનું ફળ ભોગવે છે-પામે છે. તેમાં અરિહંત ભગવાનને વચ્ચે આવવાની કંઈ જ જરૂર નથી. હા... જે જીવોને પોતાનાં કર્મોનો ક્ષય કરવાની ઇચ્છા હોય તે આવા કર્મરહિત અરિહંત-સિદ્ધ ભગવાનની ઉપાસના આરાધના, દર્શન, પૂજા, ભક્તિ, જાપ, ધ્યાન વગેરે કરી શકે છે. કર્મક્ષય થવાથી દુઃખ ઉદયમાં જ નહીં આવે. મૂળ જ નહીં તો અંકુરા ઊગશે ક્યાંથી ? અરિહંત સ્વયં સર્વજ્ઞ-સર્વદર્શીહોવાથી પોતાના અનંત જ્ઞાન-દર્શનથી સારી રીતે જાણી-જોઇને પછી આ અંતિમ કક્ષાનું સત્ય પ્રગટ કરે છે. અરિહંત સ્વયં બીજા જીવોના કર્મોનો ક્ષય નથી કરતા, પરંતુ કર્મક્ષયના ઉદ્દેશ્ય-સંકલ્પથી લોકો જો અરિહંતની ઉપાસના કરશે તો કર્મક્ષય અવશ્ય થશે. ધીરે ધીરે કર્મમુક્ત થવાની દિશામાં જીવ આગળ વધે તો નિશ્ચિત એક દિવસ સર્વ કર્મમુક્ત થઈ શકશે. સ્વયં અરિહંત-સિદ્ધ ભગવંતો પોતે જીવોનાં કર્મો ક્ષય કરતા નથી. તેમનામાં તેવા પ્રકારનું કર્તૃત્વ નથી. હા, તે સ્વયં પોતાના કર્મનો ક્ષય કરીને કર્મરહિત થયેલા છે, માટે સાધક સ્વયં કર્મક્ષયના વિશિષ્ટ ઉદ્દેશ્ય-સંકલ્પને પ્રબળ કરીને નિર્જરાકારક ધર્મારાધના તપ-તપશ્ચર્યાની કરશે તો જ પરિણામ આવશે. જીવોના કર્મોનો ક્ષય ધીરે ધીરે થતો રહેશે. જેમ જેમ વાદળોનું આવરણ ખસતું જશે તેમ તેમ સૂર્યપ્રકાશ પસરતો જશે અને અંધકાર લુપ્ત થતું જશે. ઠીક એવી જ રીતે આત્માની ઉપરથી કર્મરૂપી આવરણ નિર્જરા ધર્મની આરાધના કરવાથી જેમ જેમ ઘટતું જશે તેમ તેમ આત્મગુણ જ્ઞાન-દર્શનાદિનો પ્રકાશ પસરતો જશે. અર્થાત્ પ્રગટ થતા જશે અને કર્માવરણ નષ્ટ (ક્ષય) થવાથી કર્મજન્ય જે દુઃખાદિ નિમિત્તક સ્થિતિ હતી, તે પણ લુપ્ત થતી જશે. માટે દુઃખ-અજ્ઞાનાદિ ઉદયમાં જ નહીં આવે. અરિહંત સિદ્ધાદિ જેવા કર્મક્ષય કરી ચૂકેલા, કર્મરહિત સર્વગુણ સંપન્ન-પોતાના સર્વ ગુણો જેમનાં પૂર્ણ રૂપે પ્રગટ થયેલા છે, તેવા સર્વજ્ઞ-સર્વદર્શીબીજા કોઇ જ ભગવાન જગતના કોઈ પણ ધર્મમાં ક્યાંય દેખાતા જ નથી. દુનિયામાં બીજા બધા ધર્મના બધા જ ભગવાનોએ માત્ર સુખ, દુઃખ, દાતા, હર્તા તરીકે રહીને સસ્તી કિર્તીપામવાનો રસ્તો લીધો છે. સંસારમાં અધિકાંશ લોકો મૂળમાં જ મિથ્યાત્વી હોવાના કારણે તેમના મિથ્યાત્વનો ફાયદો ઉઠાવીને આ લાભ ખાટવામાં આવ્યો છે. તેથી સંસારના સર્વસામાન્ય લોકોને સુખ આપે છે અને તેમના દુઃખ દૂર કરે છે. આવી મુખ્ય પ્રસિદ્ધિથી તે ભગવાન તરીકે પ્રસિદ્ધિ મેળવે છે. માટે તેવા મિથ્યામતી લોકો પણ તેવા જ ભગવાન માનવા માટે પડાપડી કરે છે. આવા સમયે કોણ તેવા ભગવાનની પરીક્ષા કરશે ? સ્વયં તે લોકોને પણ તેવું જ્ઞાન છે કે નહીં ? એ મોટો પ્રશ્ન છે.

સર્વસામાન્ય લોકોને ૯૯ ટકા ભગવાન વિશે કોઈ લાંબું જ્ઞાન જ નથી હોતું. માત્ર માની લેવાની શ્રદ્ધા જ હોય છે. કારણકે પહેલાંથી જ સમાજમાં સર્વત્ર સામાજિક વાતાવરણ જ એવું બનાવવામાં આવેલું હોય છે કે બસ, ભગવાન વિશે શ્રદ્ધા રાખવાની અને માત્ર આટલી માહિતી નાનપણથી મેળવ્યા પછી તેઓ મંદિરે વગેરે જઈને ભગવાન પાસે માગવા લાગી જાય છે. દાદા, દાદી, માતા, પિતા, કાકા, કાકી બધાં નાનાં બાળકને ભગવાન પાસે સુખ માગવાનું અને દુઃખ ટાળવાની માગણી જ શીખવાડતા હોય છે. તેથી બાળપણથી તેવા જ સંસ્કાર આપવામાં આવે છે. હવે એવા જ સંસ્કારના આધારે તે લોકો જીવનભર તેવી જ સ્તુતિ-સ્તવના વડે ભગવાન આગળ યાચના કરતા જ રહે છે. કોઈને પણ ભગવાન વિશે ઉંડું જ્ઞાન જ નથી મળતું. બસ, આ સ્તુતિ, સ્તોત્ર-સ્તવનામાં જે આવ્યું જેવું આવ્યું તે જ. બસ. ઘણાં સ્તોત્રો તો સંસ્કૃત-પ્રાકૃત ભાષાઓમાં હોવાથી સામાન્ય ભક્તોને તો કંઈ જ જ્ઞાન મળતું નથી. અર્થ બોધ ન થવાથી શ્રદ્ધાબળે સૂત્ર બોલતા રહે છે અને તેથી પોતાની શ્રદ્ધાને પોષતા રહે છે. બસ, તેમાં જ સંતુષ્ટ રહે છે.

ભગવાન જો સુખ જ આપતા હોત અને જો દુઃખ જ દૂર કરતા હોત તો તો આજ દિવસ સુધીના વીતેલા હજારો-લાખો વર્ષોમાં સંસાર સંપૂર્ણપણે દુઃખ મુક્ત થઈ ગયું હોત... પરંતુ આનાથી વિપરિત ચિત્ર જોવા મળે છે કે જગત આજે પણ ૯૦ ટકા દુઃખી જ છે. દુઃખનું પ્રમાણ દર વર્ષે વધતું જ જાય છે. લાખો-કરોડો લોકો દુઃખનાશાર્થે પ્રાર્થના કરે છે છતાં આ પરિસ્થિતિ છે.

આ ભક્તિના ઉદ્દેશ્યનું રહસ્ય સારી રીતે સમજી લીધા પછી કોઈ પણ ભક્તે ભગવાનની આગળ પોતાના દુઃખને દૂર કરવા અને સુખ આપવા માટે યાચના-પ્રાર્થના કરવાપણું રહેતું જ નથી. ભગવાનને માત્ર સુખદાતા અને દુઃખહર્તા જ માનવાની વૃત્તિ બદલીને હવે 'સવ્વ પાવપ્પણાસણો' સર્વ પાપકર્મ ક્ષય કરવામાં સહાયક માનવા જ વધુ શ્રેષ્ઠ છે. કર્મક્ષય પણ માત્ર ભગવાન પોતે જ કરી દેશે એવું નથી. એવા નિષ્કર્મ અરિહંત-સિદ્ધાદિ પરમેશ્વર-પરમાત્માને નમસ્કાર કરવામાં આવશે તો જ તેના સર્વ પાપકર્મોનો ક્ષય-નાશ થઈ શકશે. મહામંત્ર નવકારમાં આ જ વાત છઠ્ઠા-સાતમા પદમાં ખુલાસાપૂર્વક રજૂ કરી છે....**एसो पंच नमुक्कारो, सव्व पावप्पणासणो ।।**

અરિહંતાદિ પંચપરમેષ્ઠીની ભક્તિ આરાધના ઉપાસનાના ઘણા પ્રકારોમાં સૌથી પ્રથમ નમસ્કાર છે. એના પછી આગળ દર્શન, પૂજા, ભક્તિ, જાપ, ધ્યાન, સાધના, ઉપાસના આદિ અનેક પ્રકારે આરાધના થાય છે. એક પછી એક ચઢતા ક્રમે વધુ શક્તિશાળી-પ્રબળ આરાધના છે, એટલે આરાધનાની ગુણવત્તાની ટકાવારી વધતી જાય છે. એના આધારે કર્મક્ષયનું પ્રમાણ ઘણું વધતું જાય છે. ફક્ત એટલી જ આવશ્યકતા છે કે કર્મક્ષયના ઉદ્દેશ્ય-એવા સંકલ્પપૂર્વક જ જો કરવામાં આવે તો જ આ પરિણામ સંભવ છે.

મહામંત્ર નવકારમાં આ રહસ્ય સ્પષ્ટપણે જાહેર છે, પરંતુ સર્વસામાન્ય લોકો અર્થ-બોધ અને આ રહસ્યજ્ઞાનથી અજાણ હોવાથી અને બીજી બાજુ સ્વાર્થવૃત્તિના લીધે તેમ જ સુખપ્રિય-દુઃખ અપ્રીતિ હોવાથી તે જ વધુ પસંદ હોવાથી મિથ્યાત્વના અનાદિ સંસ્કાર માથે હોવાથી ભગવાનને તેવા જ સુખદાતા અને દુઃખહર્તા માની લેવા વધુ ગમતા હોવાથી બસ તે જ અર્થમાં ભગવાનની ભક્તિ ઉપાસના કરી લે છે. સવ્વપાવપ્પણાસણો શબ્દો ખાસ બોલતા હોવા છતાં પણ તે અંગેના ભાવો નથી જાગતા, ઉદ્દેશ્ય-સંકલ્પ નથી બનતા અને માત્ર સુખ-દુઃખ અંગેની ઇચ્છા ભગવાનની આગળ વ્યક્ત કરી દેવામાં આવે છે.

મિથ્યાત્વના સંસ્કારો અનાદિ કાળથી છે. કર્મો આત્મા ઉપર અનાદિકાળથી છે. કર્મોની પરંપરા અનાદિની છે. તેથી આ પ્રમાણે ચાલ્યા જ કરશે, પરંતુ ક્યારેક તો આ ચક્રમાંથી બહાર નીકળવાનું કે નહીં ? ક્યાં સુધી ચાલ્યા કરશે ? એનો અંત લાવવાનો કે નહીં ? સુખ માટેની યાચના કરવી... માંગવું... તે મળ્યા પછી ભોગવવામાં આસક્ત થઇ જવું અને પાછું સુખ ભોગવવા માટે નવાં પાપો કરવાં-અને પાપ કરતાં કરતાં ફરી પાછાં નવાં કર્મો બાંધવાં... તે કર્મો ફરી પાછાં સત્તામાં પડ્યાં રહે-કાળ પરિપક્વ થતાં તે કર્મો ઉદયમાં આવે અને ફરી ઉદયકાળે દુઃખ ભોગવીને દુઃખી થવું. ફરી પાછા દુઃખ નિવારણાર્થે ઇશ્વરને પ્રાર્થના યાચના કરવી અને એવા સમયે ફરી ઇશ્વર દુઃખ દૂર કરશે જ એની ખાતરી છે કે નહીં ? ઇશ્વર આ સંસારના સાંસારિક જીવોની ઇચ્છા મુજબ બધું કરે છે કે પછી માત્ર પોતાની જ ઇચ્છા મુજબ કરે છે ? સૃષ્ટિનું સર્જન પણ ઇશ્વરે એકમાત્ર પોતાની (સ્વ) ઇચ્છા મુજબ જ કર્યું છે. બીજા કોઈની ઇચ્છાનો પ્રશ્ન જ ઊભો નથી થતો.તો પછી આ સંસારના અનંતા જીવો છે. તે અનંતા જીવોની ઇચ્છા મુજબ ઇશ્વર કરશે ખરા ? શું શક્ય છે ? અનંતા જીવો પોતાની ઇચ્છા રજૂ કરતા જ હોય છે. ઇચ્છા એક જ નથી હોતી. એક-એક જીવની ઇચ્છાઓ કેટલી ? અને એમાંની એક-એક ઇચ્છા કેટલી મોટી કેટલી વિશાળ હશે ? એની કલ્પના કોને છે ? આ રીતે સંસારમાં જીવોની સંખ્યા કેટલી થઈ ?અને બધાની મળીને ઇચ્છાઓ કેટલી થઈ ? શું આટલી બધી અને આટલા બધાની બધી જ ઇચ્છાઓ ઇશ્વર પૂરી કરી શકશે ? શક્ય છે ?

ઇચ્છાનું પ્રમાણ-પરિમાણ જણાવતાં સ્પષ્ટ કહેવાયું છે કે-''**इच्छा हु आगाससमा अणन्ता**''-ઇચ્છા આકાશ સમાન અનંત છે. કેવી રીતે અનંતા જીવોની અનંતી ઇચ્છા પૂરી કરવી અને આમાં ઘણા જીવોની ઇચ્છા બીજાઓ માટે વિપરિત નહીં હોય એની શી ખાતરી ? સંસારી જીવો કર્માધીન, કર્મગ્રસ્ત, રાગ-દ્વેષ, ક્લેશ-કષાયથી ભરેલા છે. ઘણા લોકો કેટલાકોને પોતાના શત્રુ માનતા હોય છે-તે શત્રુનાશ કરવાની ઇચ્છા વ્યક્ત કરશે. સામે બીજા લોકો તેને પોતાના શત્રુ માનતા હોય છે. તે તેમનો નાશ કરવાની ઇચ્છા પૂરી કરવા જો ઇશ્વરને પ્રાર્થના કરે... એવા વિપરિત સમયે ઇશ્વર શું કરે ? કોની કોની

ઇચ્છા પૂરી કરે ? કેવી પરિસ્થિતિ સર્જાય ? થોડી કલ્પના તો કરી જુઓ.

આ રીતે ઇશ્વરનું સ્વરૂપ જ્ઞાનયોગથી ન જાણવા ન સમજવાના કારણે અજ્ઞાની-અણસમજુ જીવો બસ, એકમાત્ર આંખ મીંચીને આંધળા બનીને ઇચ્છા કરવામાં જ માને છે અને સામે ઇશ્વરને ઇચ્છા પૂરી કરવા પ્રાર્થના-યાચના કરી દેવામાં જ માને છે. બસ, તેમની તો ધારણા જ એવી છે કે ઇશ્વરનું તો કામ જ છે કે ભક્તોની ઇચ્છા પૂરી કરવી. બસ, ઇશ્વરે પહેલાં પોતાની ઇચ્છા મુજબ સૃષ્ટિનું સર્જન કરવાનું કાર્ય તો કરી દીધું છે. સર્જનનું કાર્ય તો પતી ગયું છે. હવે ઇશ્વર કામ વગરના બેસી જ રહેવાના છે. સૃષ્ટિનું વિસર્જન-મહાપ્રલયનું કામ તો છેલ્લે એક જ ક્ષણમાત્રનું છે. પ્રલયના અંતિમ દિવસે ઇશ્વર માત્ર એક મિનિટ માટે પ્રલયની ઇચ્છા કરી દેશે તો તરત ક્ષણભરમાં પ્રલય સહેલાઇથી થઈ જશે.

પરંતુ સૃષ્ટિના સર્જનથી લઈને વિસર્જન સુધીના ઘણા લાંબા કાળમાં ઇશ્વરને કરવાનું શું છે ? તો પછી તે બધાની ઇચ્છાઓની પૂર્તિ કરતા રહે. બસ, પરંતુ અશરીરી-હાથ-પગ વગરના ઇશ્વર પાસે સર્જન-વિસર્જન-અને ઇચ્છાપૂર્તિ કરવાનું સંભવ છે કે કેમ ? ઇત્યાદિ એક પણ બાબતમાં સર્વસામાન્ય લોકોને તો કંઈ જ વિચાર કરવાનો છે જ નહીં. જે સર્વસામાન્ય લોકો માત્ર ઇશ્વરને શ્રદ્ધાથી માને જ છે. જ્ઞાનયોગથી જાણતા જ નથી છતાં પણ માત્ર માનીને જ ચાલે છે તેમની સામે આવા અનેક પ્રશ્નોની ઝડી વરસે તો હચમચી જશે અને કિંકર્તવ્યમૂઢ બની જશે. ઇશ્વરને માન્યા વિના પણ નહીં ચાલે અને માનશે તો આવા ઇશ્વરને કેવી રીતે માનવા ? અને જો ઇચ્છા જ પૂરી નહીં થાય તો ઇશ્વરની ઉપયોગીતા જ કેવી રીતે સિદ્ધ થશે ? ઇશ્વર હોવા છતાં પણ અમને શું લાભ ? અંધશ્રદ્ધાથી ઇશ્વરને માત્ર પોતાના સુખ-દુઃખ સાથે જ સાંકળીને માનવાવાળાના માટે મોટા પ્રશ્ન ઊભા થશે.

બીજી બાજુ જો દેવી-દેવતાઓવાળા તેમના જેવા દૈવી શરીર વડે આટલા બધા અનંતા જીવોની અનંત ઇચ્છાઓ પૂરી થઈ શકતી હોય તો આવા દૈવી શરીરધારી અસંખ્ય દેવી-દેવતાઓ તો આજે પણ મોજૂદ છે અને ભૂતકાળમાં પણ આવા અસંખ્ય દેવી-દેવતાઓ હતા જ. માત્ર આજે જ સ્વર્ગ છે, દેવલોક છે એવું નથી. વીતેલા ભૂતકાળમાં દેવી-દેવતાઓ અસંખ્યની સંખ્યામાં હતા જ. જો ઇશ્વરે પોતે દેવી-દેવતાઓને આજ્ઞા કરી હતી એ વાત પૂરવાર થાય તો તે વખતે દેવી-દેવતાઓ વિદ્યમાન હતા એ પૂરવાર થઈ જાય છે અને જો ઇશ્વરે પોતે દૈવી શરીર નિર્માણ કર્યું હતું એ વાત પણ દેવી-દેવતાઓની વિદ્યમાનતાને સિદ્ધ કરે છે. હવે પ્રશ્ન એ થાય છે કે અસંખ્ય વર્ષો પહેલાંથી જ અસંખ્ય દેવી-દેવતાઓ હતા અને આજે પણ છે જ તો પછી આટલા બધા સંસારી જીવોની બધી ઇચ્છાઓ પૂરી થઈ ગઈ કે નહીં ? આજે પણ શું સ્થિતિ જણાય છે ? વધારે તો નહીં પણ માત્ર એક-બે લોકોને પૂછીએ કે શું તમારી બધી ઇચ્છા પૂરી થઈ ગઈ કે નહીં ? તો શું જવાબ

મળશે ? શું આવા એક-બે માણસો કે કોઈ પણ જીવ મળશે ખરા ? શું શક્ય છે ? અરે ! મનુષ્યોની વાત તો જવા દો પરંતુ તે દેવી-દેવતાઓની પણ ઇચ્છા પૂરી થઈ ગઈ કે નહીં ? અસંખ્ય દેવી-દેવતાઓ છે. તિર્યંચ ગતિમાં જઈને પશુ-પક્ષી તરીકે જન્મ લેવાની તેમની ઇચ્છા નથી. બધાની ઇચ્છા મનુષ્ય ગતિમાં માનવી જન્મ લઈને રાજા-મહારાજા બનવાની ઇચ્છા હોય તે પણ પૂરી થઈ ગઈ કે નહીં ? શું બધાની બધી જ ઇચ્છાઓ પૂરી થઈ ગઈ કે નહીં ? શું દેવી-દેવતાઓ બધા ઇચ્છા વગરના જ હોય છે ? શક્ય છે ? શું દેવી-દેવતાઓ સંસારચક્રમાં નથી ગણાતા ? શું તેઓ સંસારની ચાર ગતિઓમાં નથી ? શું તેમનાં જન્મ-મરણ નથી ? શું તેઓ સશરીરી છે કે અશરીરી છે ? શું તેઓ કર્મરહિત છે કે કર્મસહિત ? જે જે કર્મરહિત અકર્મીહોય તે જ અશરીરી હોય અને તે જ ઇચ્છારહિત અનિચ્છાવાળા હોય છે. તે અશરીરી જ જન્મ-મરણ વગરના હોય છે. તે સિવાય બધા સંસારમાં અશરીરી હોય છે અને શરીરધારીને અનિવાર્યપણે જન્મ-મરણ ધારણ કરવા જ પડે છે. શરીર ધારણ કરવું તેને જ લૌકિક વ્યવહારમાં જન્મ કહેવાય છે અને શરીર છોડવું-જીવાત્મા શરીર છોડીને જાય તેનું જ નામ મરણ-મૃત્યુ છે. આવા સકર્મીસશરીરી દેવી-દેવતાઓને એક-બે નહીં અસંખ્ય-અગણિત ઇચ્છાઓ હોય છે. તેઓ પણ પોતપોતાની ઇચ્છાઓ પૂરી કરવા મથતા હોય છે. રાગ-દ્વેષથી ભરેલા ક્લેશ કષાયવાળા હોવાથી તેમનામાં પણ લડાઈ-ઝઘડા ખૂબ થતા જ હોય છે. સત્તા મેળવવા માટેની લડાઇ ત્યાં થતી હોય છે. બીજાની અપ્સરા વધારે સારી લાગી, વધુ ગમી ગઈ તો તેઓ તેનું અપહરણ પણ કરે છે. ઉપાડી જાય છે અને પછી તો મારામારી પણ થાય છે. આવો જ સંસાર મનુષ્યગતિના માનવોનો પણ છે, તો પછી શું તફાવત છે ? શું વિશેષતા છે, તો પછી દેવી-દેવતા બધાની ઇચ્છા પૂરી કેવી રીતે કરી શકે ? સ્વર્ગવાસી દેવી-દેવતાઓ જેઓ બબ્બે હજાર વર્ષો સુધી નૃત્યાંગના દેવીઓનાં નાટકો જોવામાં જ મશગૂલ હોય તેવા સમયમાં રંગરાગમાં બીજું બધું ભાન ભૂલેલા તે મનુષ્યોની ઇચ્છાઓ કેવી રીતે પૂરી કરી શકે ? બીજી બાજુ મનુષ્યોનું આયુષ્ય ૮૦-૧૦૦ વર્ષોનું હોય અને તે દેવી-દેવતાઓ ૨૦૦૦ વર્ષો સુધી એક નાટક જોવામાં જ જો આસક્ત રહે તો તે મનુષ્યોની ઇચ્છાઓ પૂરી કરવા ક્યારે આવે ? તેમના ૨૦૦૦ વર્ષોના કાળમાં તો ૧૦૦-૧૦૦ વર્ષોના ૨૦ ભવો વીતી જાત. ૨૦ વખત જન્મ અને ૨૦ વખત મરે. તે ફરી-ફરી મનુષ્ય જ થશે તેવી કોઈ ખાતરી નથી. તેમના કર્માનુસાર પશુયોનિમાં પણ જાય કે ઘણાં ભારે પાપકર્મ કરીને તેના દારુણ વિપાકો ભોગવવા નરકગતિમાં પણ જાય. ત્યાં લાખો-કરોડો-અબજો વર્ષોનું લાંબું આયુષ્ય ભોગવતા હોય છે. તો શું થાય ? ત્યાં તેમની ઇચ્છા કોણ પૂરી કરવા જાય ? ગજબનું દુઃખ ભોગવતા હોય છે. તેમનું દુઃખ કોણ દૂર કરે ? અને તેમને કોણ સુખ આપે ? ભલે ને ગમે તેટલી હજાર ગણી પ્રાર્થના ઇશ્વરને કર્યા કરે ? પણ શું વળે ? કંઈ જ ન વળે ? કંઈ જ ન ઉપજે.

એવી ૧-૨ નરક નથી. ૭-૭ નરકો છે. અસંખ્ય નારકી જીવો સાતેય નરકોમાં ભરેલા પડ્યા છે. તેમને નારકી જીવ કહેવાય છે. આપણે મનુષ્ય જાતિના માનવો છીએ. જેવો આપણો સંસાર છે તેવો તે નારકી જીવોનો પણ ગજબનો સંસાર છે. તેમની દુનિયામાં તેમને એકલું દુઃખ જ દુઃખ છે. શું ઇશ્વર બધા નારકી જીવોનું સર્વ પ્રકારનું દુઃખ દૂર કરી શકશે ? ગમે તેવા સમર્થ સક્ષમ-સર્વશક્તિમાન ઇશ્વર માટે પણ સમસ્ત નરકના નારકી જીવોના બધા જ દુઃખો નષ્ટ કરવા-દૂર કરવા સંભવ જ નથી.

નરકગતિ શાશ્વત છે. નારકી જીવો સાતેય નરકોમાં પણ શાશ્વતપણે છે. રહે જ છે. અનાદિકાળથી નરકગતિનું-સાતેય નરકોનું અસ્તિત્વ સદાકાળ છે જ અને ભવિષ્યમાં પણ અનંતકાળ સુધી રહેવાનું જ છે. વીતેલા અનંત ભૂતકાળમાં એક દિવસનું તો શું ? ક્ષણ માટે પણ નરકગતિનું દુઃખ સર્વથા નષ્ટ-નાબૂદ થયું હોય એવું કોઈ શાસ્ત્રપ્રમાણ વગેરે કંઇ જ મળતું નથી. સંભવ પણ નથી. આટલા અસંખ્ય નારકી જીવોનાં દુઃખો વ્યક્ત-પ્રગટ-પ્રત્યક્ષ અનુભવમાં હોવા છતાં ઇશ્વર તેમના સર્વ દુઃખો ક્યાં દૂર કરી શક્યા છે ? તો પછી સર્વશક્તિમાન, સર્વ દુઃખનિવારક-નાશક કહેવાનો શું અર્થ છે ?

સાતેય નરકોમાં એકમાત્ર તીર્થંકર ભગવંતોના ચ્યવન-જન્માદિ કલ્યાણક પ્રસંગોએ બે ઘડી શાતા અનુભવાય છે.

દુઃખ સંસારમાંથી સદાના માટે સર્વથા દૂર થયું નથી. નષ્ટ થયું નથી. અદશ્ય થયું નથી અને અનંતા ભવિષ્યમાં ક્યારેય પણ થવાનું જ નથી. સંસાર સંપૂર્ણપણે સુખથી ભરપૂર થઇ જશે એવી આશા રાખવી પણ મોટી ભૂલ ભરેલું કહેવાશે. પંચસૂત્ર ગ્રંથમાં પૂ. ચિરંતનાચાર્યજીએ તો <u>दुक्खरूवे</u>, <u>दुक्खफले</u>, <u>दुक्खाणुबंधे</u> આવા શબ્દો વાપરીને સંસારનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં આ પ્રમાણે કહ્યું છે કે સંસાર દુઃખરૂપ છે. દુઃખફલક છે - દુઃખકારક છે. દુઃખમય જ છે. દુઃખોથી ભરેલો છે, માટે સર્વથા સંસાર દુઃખમુક્ત થઇ જશે, એવી સ્વપ્ને પણ આશા ન રાખવી જોઇએ એવા દુઃખી સંસારની પાછળ પણ ઇશ્વરનો હાથનથી માટે તેના નિવારણાર્થે પણ ઇશ્વરનો હાથકે પ્રયત્ન રહેવાનો જ નથી. સંસારના અનંત જીવો પોતાની મિથ્યા દુર્બુદ્ધિથી હજારો જાતનાં બધાં જ પાપો અનંતવાર કરતા જ હોય છે. પાપો કરીને અશુભ કર્મો બાંધે છે. કાળાન્તરે કાળ પરિપક્વ થતાં તે ઉદયમાં આવશે અને તેથી જીવો વિપાકરૂપે દુઃખ અવશ્ય ભોગવશે. સંસારમાં સદાના માટે પાપપ્રવૃત્તિઓ સદંતર બંધ થવાની જ નથી માટે દુઃખ પણ સદંતર નષ્ટ થવાનું જ નથી. પાપ કારણીભૂત છે અને તેના પરિપાક-ફળ, કાર્યરૂપે દુઃખ છે. જો આગ જ ન ઓલવાય તો ધુમાડો નીકળવાનું કેવી રીતે બંધ થાય ? ધુમાડા ઉપર પાણી નાખીને ધુમાડાને અદશ્ય-લુપ્ત કરવાના પરિશ્રમને મૂર્ખતા કહેવાય છે. જો આકાશને ધુમાડા વગરનું સ્વચ્છ કરવું હોય તો તેના ઉદ્‌ગમ કારણીભૂત આગને ઓલવવી જોઇએ. આગ ઓલવાઇ ગયા પછી ધુમાડો ઉત્પન્ન જ નહીં

થાય. આ જ નિયમ દુઃખ અને પાપના વિશે પણ બેસાડવો જોઈએ. પાપ એક જ દુઃખનું ઉદ્ગમ કારણ છે. હિંસા, જૂઠ, ચોરી, દુરાચાર, વ્યભિચાર આદિ મૂળભૂત પાપની ૧૮ જાતિઓ છે અને તે સંસારમાં અગણિત-અસંખ્ય રીતે જીવો દ્વારા સેવવામાં આવે છે. હિંસા અસંખ્ય રીતે થાય છે. જૂઠ અસંખ્ય રૂપે બોલાય છે. આ બધાં જ પાપો સંસાર ના અનંત જીવો અનંતવાર, અનંત રીતે અનંતકાળથી કરતા જ આવ્યા છે. કરાય છે ત્યારે પાપ કહેવાય છે અને તે જ આત્મપ્રદેશો સાથે બંધાઈને એકરૂપ-એકરસ થઈ જાય છે ત્યારે તે કર્મ કહેવાય છે. કપમાં પીતા હોઈએ ત્યારે તે ચા છે અને કપડાં ઉપર ઢોળાઈ જાય ત્યારે ડાઘ કહેવાય છે.

આવો છે આ સંસાર. પાપાત્મક, પાપરૂપ, પાપપ્રવૃત્તિઓનો અખાડો છે, માટે જ વિપાકે દુઃખરૂપ, દુઃખમૂળ, દુઃખની વિવિધતા અને વિપુલતાવાળો છે. કારણ કે કર્મ વિવિધતાવાળા છે તો ફળ પણ વિવિધતાથી ભરેલા વિપુલ પ્રમાણમાં હોય તેમાં કોઈ જ આશ્ચર્ય નથી. નવાઇ નથી. જેવાં કારણ તેવાં કાર્ય છે. તો પછી સંસાર સર્વથા દુઃખમુક્ત થઈ જાય. દુઃખરહિત થઈ જાય તેવી કલ્પના પણ શા માટે કરવી ? જ્યારે આટલા બધા ભગવાનો આ અવનિતળ ઉપર થઈ ગયા તેમને પણ ભરચક પુરુષાર્થ કરીને પાપો છોડાવવા ખૂબ ઉપદેશ આપ્યો. લોકોને ખૂબ સમજાવ્યા તેમ છતાં પણ માંડ બે થી પાંચ ટકા લોકો જ પાપો છોડી શક્યા-તો પછી આજે તો પાંચમા આરાનો હડહડતો કળિયુગ છે. ભયંકર કળિયુગ છે. આજે કોઈ ભગવાન હવે આ ધરતી ઉપર થવાની કોઈ સંભાવના જ નથી. એવા ભયંકર કળિયુગમાં બધાં જ પાપો હજારગણા વધતાં જ હોય છે, તો તેની સામે હજારગણું દુઃખ પણ વધે તેમાં કોઈ જ આશ્ચર્ય પામવા જેવું નથી. માટે કળિયુગ ભારે દુઃખોથી ભરેલો છે.

યાદ રાખવા જેવી વાત એ પણ છે કે કર્મફળ દેવા માટે પણ ઇશ્વરની અનિવાર્યતા નથી. જીવો જ પોતાનાં કરેલાં કર્મોનું ફળ ભોગવે છે. કાળ પરિપક્વ થતાં કર્મો પોતાની મેળે જ ઉદયમાં આવે છે. જેમ ચૂલા ઉપર ખીચડી હોય તો તાપના પ્રમાણમાં કાળ પરિપક્વ થતાં ખીચડી ચઢી જાય છે. ખીચડીને ચઢાવવા-પકાવવા જેમ કોઈ ઇશ્વરની જરૂર નથી. એવી જ રીતે બંધાયેલાં કર્મો કાળ પરિપક્વ થતાં જ ઉદયમાં સ્વયમેવ આવે છે. કર્મોનું ફળ આપવા માટે ઇશ્વરની અલગથી વ્યવસ્થા કરવાની કોઈ જ આવશ્યકતા કે ઉપયોગીતા રહેતી જ નથી. નિરર્થક છે. આટલું સ્પષ્ટ હોવા છતાં પણ ઇશ્વર કર્તૃત્વવાદીઓ ઇશ્વરનું મહત્ત્વ જાળવી રાખવા માટે આ તક પણ જતી કરવા તૈયાર નથી. ઇશ્વરની મહત્ત્વપૂર્ણ સત્તા બનાવી રાખવા માટે કર્મફળ દાતા પણ ઇશ્વરને માની રાખ્યા છે. એમને એટલો પણ વિચાર નથી કર્યો કે ૧૦૦માંથી ૯૯ ટકા જીવો વધુ પાપની જ પ્રવૃત્તિ કરતા હોય છે. આવાં પાપોથી કર્મો પણ ખૂબ જ અશુભ બંધાય છે અને અશુભ કર્મોના ફળસ્વરૂપે તો વધુમાં વધુ દુઃખ જ

આવે છે. તેથી ઇશ્વર દુઃખદાતા રૂપે પુરવાર કેમ થશે? આ આટલી સીધીસાદી વાત છે. તેમ છતાં પણ ઇશ્વર કર્તૃત્વવાદીઓનો ખોટો કદાગ્રહ છે કે ઇશ્વર જ કર્મફળદાતા છે તે જ જીવોનાં કર્મોનું ફળ આપે છે.

આવા સમયે એક પ્રશ્ન એ પણ ઉદ્ભવે છે કે ઇશ્વર પોતાની ઇચ્છા મુજબ કર્મફળ આપે છે કે જીવોનાં કરેલાં કર્માનુસાર ફળ આપે છે. તેમનાં કર્મો જોઇને-જેવાં જેનાં કર્મો છે તેમને એ પ્રમાણે ફળ આપે છે કે નહીં ? અને કોને કેવાં કર્મોનાં ફળરૂપે શું ફળ આપવું, શું તે પણ ઇશ્વરે ઠરાવી રાખ્યું છે ? તેથી શું ઇશ્વર બધાને એકસરખાં પાપ માટે એકસરખાં ફળ આપે છે કે પછી તે પણ પોતાની ઇચ્છા મુજબ આપે છે ? શું આવાં કર્મફળ આપવામાં ઇશ્વરની ઇચ્છા કામે લાગે ? શું ઇચ્છા મુજબ આપવામાં ન્યાયભર્યું કહેવાશે ? કે પછી જીવોના કર્માનુસાર જ આપેલું વધુ ન્યાય ગણાશે ? કોઈ પણ સમજદાર સામાન્ય માણસ પણ એમ જ ઉત્તર આપશે કે જીવોના કર્માનુસાર જ ફળ આપે તો જ વધુ ન્યાય ગણાશે. પરંતુ અફસોસ કે ઇશ્વર કતૃત્ત્વવાદીઓને તો આ પણ નથી ગમતું. કારણ કે આવું માનવા જતાં ઇશ્વરની સત્તા, ઇશ્વરની સર્વોપરિતાને ધક્કો લાગી જાય છે. ઇશ્વર કર્મોને આધીન સિદ્ધ થઈ જાય છે અને કર્મ સત્તા સર્વોપરી મોટી સત્તા બની જાય છે. આ ચિંતા તેમને સતાવે છે. ઇશ્વરની ઇચ્છાને સ્વતંત્રતા નહીં રહે. કર્મની સત્તાને પણ સ્વતંત્ર સત્તા ગણવી પડશે. પછી તો ઇશ્વર ગૌણ થઈ જશે અને કર્મપ્રધાન થઇ જશે અને સૌથી મોટી બીક તો એ છે કે કર્મો તો સ્વતંત્ર રહેશે. ઇશ્વરના નિયંત્રણમાં નહીં રહે અને કર્મો ઇશ્વર નિરપેક્ષ થઇ જશે તો તે જ સ્વયં ઉદયમાં આવી જશે અને કર્મો ઉદયમાં આવી જશે તો સ્વયં કર્મોદયથી જ ફળ મળી જશે તો ઇશ્વરની ઉપયોગીતા જ નહીં રહે. નિરર્થક થઈ જશે. બીજી બાજુ જૈન સિદ્ધાંત આ જ છે માટે આ માની લીધું કહેવાશે. માટે આ બાજુ નદી અને પેલી બાજુ વાઘ છે. હવે ક્યાં જવું ? જેવી સ્થિતિ થઈ જશે. આ બાજુ જઈએ તો કર્મસત્તા માનવા જતાં ઇશ્વરની જ નિરુપયોગીતાનો દોષ માથે આવી જાય છે અને બીજી બાજુ ઇશ્વર દુઃખદાતા સિદ્ધ થઈ જાય છે શું કરવું ? એમાં ઇશ્વર કર્તૃત્વવાદી ઓ બીજો પક્ષ પકડી રાખે છે. ભલે ને દુઃખદાતા પુરવાર થશે તો પણ દાતાપણું તો ઇશ્વરનું જ રહેશે. બસ, તેમને તેમાં આનંદ છે. ગમે તેમ ઇશ્વરની ઇચ્છાને જ તે મહત્ત્વ આપે છે. પરંતુ કર્મસત્તાને ન સ્વીકારવી. તેને સ્વતંત્ર ન જ માનવી. ઇશ્વરને ફળ આપવાના વિષયમાં સ્વતંત્ર માનવા. શા માટે તે જીવોના કર્માનુસાર ફળ આપે ? પોતાની ઇચ્છા મુજબ જ ફળ આપે તો જ ઇશ્વરનું ઇશ્વરત્વ સચવાય એવી તેમની માન્યતા છે, તો આવા પ્રશ્નની સામે એમ જો પૂછવામાં આવે કે તો શું કર્મસત્તા સર્વથા ન માનીએ તો ચાલે ? શું સર્વથા કર્મનો અભાવ જ છે ? તો આ વિશે પણ તે ના પાડે છે. ના... ના... એવું પણ નથી. કર્મો પણ માનવાં તો ખરાં જ. પરંતુ કર્મોનું ફળ આપનાર ઇશ્વરને માનવા. અહીંયાં જ મોટી વિટંબણા છે કે શા માટે કર્મ માનવાં ? આના ઉત્તરમાં

તેમનું કહેવું છે કે ફળદાતાપણું રાખવા માટે કર્મ માનશું તો જ ફળદાતા ઠરશે ને ? એવા જવાબમાં આપણે કહેવું છે કે જ્યારે કર્માનુસાર ઇશ્વર ફળ આપતા જ નથી... તે તો તેમની ઇચ્છાનુસાર જ ફળ આપે છે તો કર્મતત્ત્વ જ નિરર્થક-નિરુપયોગી સિદ્ધ થાય છે, તો પછી કર્મનું અસ્તિત્વ જ શા માટે માનવું જોઇએ ? આના જવાબમાં તેમનું કહેવું છે કે જો કર્મસત્તા જ ન માનીએ તો ઇશ્વરનું કર્મ ફળદાતાપણું ઊડી જશે. ત્યારે જૈનો સ્પષ્ટ કહે છે કે તે તો આમ પણ રહેતું જ નથી. બહાર દેખાવમાં ફક્ત કર્મફળદાતા શબ્દનો જ પ્રયોગ છે, પરંતુ વાસ્તવિકતા તો તે માત્ર ઇચ્છાફળદાતા જ છે. ઇચ્છા મુજબ જ ફળ આપે છે. તેમાં પણ જીવોની ઇચ્છા મુજબ તો નહીં જ. ઇશ્વર પોતાની સ્વેચ્છા મુજબ જ ફળ આપે છે, તો પછી નિરર્થક કર્મફળદાતા શબ્દથી મિથ્યા પ્રચાર શા માટે કરવો ? આ શબ્દ તો 'ફસામણી' સિદ્ધ થાય છે.

આવા સમયે પણ ઇશ્વર કર્તૃત્વવાદીઓ કર્મસત્તાને સર્વથા ઉડાડી દેવાની તો ના જ પાડે છે અને બીજી બાજુ કર્મની કોઈ જ ઉપયોગીતા નથી, એનું સ્પષ્ટ કારણ છે કે શાસ્ત્રોમાં સર્વત્ર કર્મના વિશે ખૂબ ઉપદેશ આપવામાં આવેલ છે. ''**कर्मण्येवाधिकारस्ते**'' આ શબ્દો સાફ કરે છે કે કર્મો કરવામાં જ તમારો અધિકાર છે. તમે તમારી રીતે કર્મ કરતા જાઓ. ''**मा फलेसु कदाचन**'' ફળના વિશે તમારે ચિંતા નથી કરવાની. ઇશ્વર કહે છે કે ફળ તો મારે આપવાનું છે. હું આપીશ. તું તારે તારી રીતે કર્મ કરતો રહે. બસ, આ વાત જે રીતે ભગવદ્ગીતામાં કહેવામાં આવેલ છે. તે પણ વિવાદાસ્પદ છે. એમાં પણ સચ્ચાઈ નથી લાગતી. કર્મ જીવો કરે અને ફળ ઇશ્વર આપે?આ વાત બંધબેસતી નથી. પરસ્પર વિરોધાભાસી વાત આ વાક્યમાં જણાય છે. એમાં બે ચરણ છે. એક બાજુ તો જીવોના પક્ષે કર્મ કરવાની વાત છે. જ્યારે સામે બીજા ચરણમાં ફળની લગામ સામે ઇશ્વરે પોતાના હાથમાં રાખી છે. આ બિલકુલ કાર્ય-કારણભાવના સિદ્ધાંતને અનુસરતી નથી, માટે અસત્ય છે.

સર્વસામાન્ય લોકો પણ આ વાતને નથી સ્વીકારતા. સામાન્ય રીતે વિદ્યાર્થીઓ પરીક્ષામાં જે રીતે ઉત્તરો લખે છે તેમને પૂછવામાં આવે કે બોલો ભાઈ ! તમે લખ્યા છે તે મુજબ તમને ગુણાંક આપે તે પસંદ છે કે પછી પરીક્ષક તમારું લખેલું વાંચે કે ન પણ વાંચે માત્ર તે તેમની ઇચ્છા મુજબ ગુણાંક આપે તો વધુ સારું ? આવા સંજોગોમાં એક પણ વિદ્યાર્થીપરીક્ષક પોતાની ઇચ્છા મુજબ ગુણાંક આપે તે વાતને સ્વીકારવા તૈયાર જ નહીં થાય. તો તો પછી સાવ જ અવ્યવસ્થા થઇ જશે અને અનર્થ થશે. એના કરતાં આધારભૂત કારણ તરીકે વિદ્યાર્થીઓએ લખેલા પરીક્ષાપત્રના ઉત્તરો મુજબ જ ગુણાંક આપવામાં આવે તો જ ન્યાય થશે. જેને જે લખ્યું છે, જેવું લખ્યું છે, તે પરીક્ષકે વાંચીને જ ન્યાય કરવો જોઇએ કે તે સાચું છે કે ખોટું છે ? સીધું છે. જેનું લખેલું સાવ સાચું છે તેને તે પ્રમાણે જ

ગુણાંક આપે તે જ યોગ્ય ન્યાય છે. નહીં તો આનાથી સાવ વિપરીત જો કરશે... અને વિદ્યાર્થીઓના લખાણની ઉપેક્ષા કરીને પરીક્ષક માત્ર પોતાની સ્વઇચ્છા મુજબ જ ગુણાંક આપવાના હશે તો વિદ્યાર્થીઓ સાફ સાફ કહે છે કે તો પછી અમારે આટલી મહેનત કરીને ઉત્તરો લખવાનો કોઈ અર્થ જ નથી. ઉપયોગ જ નથી. અમને પહેલાં જ કહી દેવું હતું ને...કે પરીક્ષક પોતાની સ્વેચ્છા મુજબ ગુણાંક આપવાના છે, તો અમે નિરર્થક ઉજાગરા કરીને રાત-રાત જાગીને ખૂબ મહેનત (કર્મ) કરીને પરીક્ષા આપી, બધું લખ્યું અને છતાં પણ તેની કોઈ જ કદર કરવામાં જ ન આવે તો બધું નિરર્થક છે. વ્યર્થ છે. હજારો-લાખો વિદ્યાર્થીઓની આ વ્યથા છે. કોઈ જ આ વ્યવસ્થાને નહીં સ્વીકારે. અમારો હક છે જે અમે લખ્યું છે તેના ઉપર અમને વિશ્વાસ છે. માટે અમને અમારા લખાણના આધારે ન્યાય મળવો જોઇએ. પરીક્ષક પોતાની ઇચ્છા મુજબ ગુણાંક આપે તે પદ્ધતિ એક પણ વિદ્યાર્થીને પસંદ નથી. માન્ય નથી.

સંસારમાં હજારો, લાખો, કરોડો કામો છે. તે બધાં કરવાનાં કર્મો જ છે. જે જે ક્ષેત્રમાં જે જે કર્મો છે તે કર્મો કરનારા બધા જ ઉપર મુજબનો સૂર વ્યક્ત કરે છે. દરેકને પોતપોતાના કર્મ પ્રમાણે જ ફળ મળવું જોઇએ. બીજા સામેવાળા કે પારકાની ઇચ્છા મુજબ નહીં. અમને બીજાની ઇચ્છા કે ફળ આપવાની વૃતિ ઉપર વિશ્વાસ નથી. અમે જે કર્મ (કાર્ય) કર્યું છે તેમાં અમારો વિશ્વાસ છે. અમને અમારા કાર્યને ન્યાય મળે તે રીતે જ ફળ મળવું જોઇએ.

સુખ-દુઃખ સ્વરૂપ જ્યારે સંસારનાં બધાં કર્મો-કાર્યોમાં આ વૃત્તિ લોકોની છે તો પછી આખી જિંદગીભર જે જે કર્મો (કાર્યો) કરો તેનું મૃત્યુ પછી ફળ ઇશ્વર આપે છે. કર્મફળદાતા ઇશ્વર જ યોગ્ય છે. તે વાત કેવી રીતે વિશ્વસનીય બની શકે ? પરંતુ ઇશ્વરવિષયક આવી શ્રદ્ધા સર્વ લોકોમાં ઠોકી બેસાડવાની વારંવાર કોશીષ થાય છે. તેવાં ધર્મશાસ્ત્રો-ગ્રંથો તરફથી, તેમ જ ધાર્મિકો તરફથી ઉપદેશમાં પણ તેવો પુરૂષાર્થ કરવામાં આવી રહ્યો છે. અને એવી જ રીતે માનો તો જ તમે ઇશ્વર વિશે સાચા શ્રદ્ધાળુ કહેવાશો. આવી વિસંગત-વિપરીત અને અસત્ય માન્યતા ઠોકી બેસાડવાથી તે તે જીવો એમાંથી પાછા બહાર નીકળી જ નથી શકતા. કહેવા ખાતર કહેવાય છે કે તે ઇશ્વરને માને છે. ઇશ્વરમાં શ્રદ્ધા રાખે છે, પરંતુ હકીકતમાં તો તે માત્ર પોતાનાં દુઃખો દૂર કરવા અને સુખ પ્રાપ્ત કરવાની યાચનાનું જ રટણ કરે છે. આવી રીતે પોતાની અંધશ્રદ્ધાને વધુ ને વધુ દઢ કરતા જ જાય છે. અસત્ય કે સત્યનો વિવેક જ નથી. તેને તો માત્ર સુખ-દુઃખની સાથે જ સંબંધ છે. બસ, દુઃખ ટળવું જોઇએ અને સુખ મળવું જોઇએ. સો વાતની એક વાત છે, પરંતુ સંચિત કર્મમાં જો શુભ પુણ્ય કર્મ જ નહીં હોય તો આપવાવાળા પણ ક્યાંથી આપશે ? કેવી રીતે આપશે ? પરંતુ સંસારના સર્વસામાન્ય જીવોને તો પોતાના જ કરેલા સંચિત કર્મોમાં શ્રદ્ધા નથી. એક તરફ તો

કર્મશાસ્ત્રનું કોઈ સાચું જ્ઞાન જ નથી અને એમાં પણ પોતાની સ્મૃતિમાં યાદ પણ નથી કે મેં એવા વિપુલ પ્રમાણમાં કંઈક સારા શુભ પુણ્યકર્મો કર્યાં હશે ? સંચિત પૂર્વ કર્માનુસાર જ કાળાન્તરે કર્મનો ઉદયકાળ પરિપક્વ થતાં તે ઉદયમાં આવશે. તે વખતે જો સંચિત કર્મ શુભ પુણ્યાત્મક હશે તો સુખ પ્રાપ્તિ રૂપ ફળ મળશે અને જો અશુભ પાપાત્મક કર્મ જ સંચિત હશે તો દુ:ખ પ્રાપ્તિરૂપ અશુભ ફળ મળશે.

કર્મો સ્વયં જ કાળ પરિપક્વ થતાં ઉદયમાં આવે છે. ઉદય કાળે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ આદિ બધા સુખાત્મક સાનુકૂળ મળશે અથવા પ્રતિકુળ દુ:ખાત્મક રહેશે. સુખ શું છે ? સુખ શેમાં છે ? અને એવી જ રીતે દુ:ખ પણ શું છે ? અને દુ:ખ શેમાં છે ? આ અંગે પણ વધુ સ્પષ્ટ બોધ હોવો જરૂરી છે. ઘણીવાર એક જ વસ્તુ જે એકના માટે સુખાત્મક લાગે છે તે જ વસ્તુ બીજા માટે દુ:ખાત્મક પણ કોઈ શકે છે. એનાથી વિપરીત એક વસ્તુ જે એકના માટે દુ:ખાત્મક દુ:ખ રૂપ લાગતી હોય છે તે જ કદાચ સંભવ છે કે બીજાના માટે તે સુખાત્મક પણ હોય છે, માટે કોઈ નિશ્ચિત વસ્તુ એવી નથી જે સર્વથા સુખરૂપ જ છે કે દુ:ખરૂપ જ છે અથવા હોય છે. એવું નથી. દા.ત. ભોજન-આહાર જે એકના માટે સુખરૂપ હોય છે તે જ બીજાના માટે દુ:ખરૂપ હોય છે. અશક્ત ગરીબના માટે જે ગરીષ્ટ ભોજન સુખકારી છે તે જ બીજા શ્રીમંત સશક્ત માટે તે દુ:ખરૂપ પણ કોઈ શકે છે. ભૂખ્યા માટે સુખરૂપ છે તે ભર્યા પેટવાળા માટે અજીર્ણકારક દુ:ખરૂપ હોય છે.

સંસારમાં વસ્તુ અને વ્યક્તિ બે જ છે. તે જ સુખ-દુ:ખકારક નિમિત્ત બની શકે છે. સંસારમાં અનંતા જીવો છે. બધાના માટે એક જ વસ્તુ અથવા વ્યક્તિ સરખા સુખરૂપ જ હોય અથવા દુ:ખરૂપ જ હોય એવું શક્ય જ નથી. એક વ્યક્તિ જે આપણી સાથે દ્વેષભાવથી શત્રુરૂપે વર્તે છે. સંભવ છે કે તે જ વ્યક્તિ બીજા સાથે રાગભાવથી પ્રેમથી-મિત્રરૂપે પણ વર્તતી હોય. જેની સાથે તે વ્યક્તિ રાગભાવથી પ્રેમથી મિત્રરૂપે વર્તે છે, તે તેના માટે સુખરૂપ લાગે છે. જ્યારે તે જ વ્યક્તિ બીજા કોઈના પ્રત્યે દ્વેષભાવથી વિપરીત-શત્રુરૂપે વર્તે ત્યારે તે તેના માટે દુ:ખરૂપ લાગે છે. આવા સંજોગોમાં સંબંધ ગમે તે હોય, જ્યારે નવાં નવાં લગ્ન થતાં હોય ત્યારે પ્રેમભાવથી રાગની વૃત્તિથી બન્ને પતિ-પત્ની મળે છે ત્યારે બન્ને સુખાનુભૂતિ અનુભવે છે અને જ્યારે તે બન્નેમાં રાગની જગ્યાએ દ્વેષબુદ્ધિ આવી જાય છે ત્યારે તે બન્ને પરસ્પરના શત્રુ બની જાય છે અને એકબીજાથી ત્રાસી જાય છે. વિપરીતપણે વર્તે છે. છેવટે પતિ-પત્નીના સંબંધોથી ઘટસ્ફોટ-છૂટાછેડા લે છે. જે સ્થિતિ બન્ને માટે દુ:ખદાયી બને છે.

વસ્તુ જડ-પૌદ્‌ગલિક હોય છે, જ્યારે વ્યક્તિ ચેતન જીવ હોય છે. સંસારમાં ફક્ત આ બે જ દ્રવ્યો-પદાર્થો છે. વિશ્વમાં મૂળભૂત જડ અને ચેતન આ બે જ દ્રવ્યો છે. ત જ વિવિધ પર્યાયરૂપે સામે આવે છે. કાળ બદલાતો જાય છે અને બદલાતા કાળમાં અનંતા

જીવો સંબંધો બદલાતા-બદલાતા સામે આવે છે. સંયોગ સંબંધથી જીવો પરસ્પર જોડાય છે ત્યારે સારા શુભ પ્રિય સાનુકુળ સંબંધો સુખરૂપ લાગે છે. તેથી વિપરિત વિયોગ દુઃખરૂપ લાગે છે.

પ્રિયાપ્રિય-સંયોગ-વિયોગની ચતુર્ભંગી -

(૧) ઇષ્ટ સંયોગ - સુખાત્મક.

(૨) ઇષ્ટ વિયોગ - દુઃખાત્મક.

(૩) અનિષ્ટ સંયોગ - દુઃખાત્મક

(૪) અનિષ્ટ વિયોગ- સુખાત્મક.

૧) ઇષ્ટ અર્થાત્ સ્વયં પોતા વડે ઇચ્છીત પોતાને સાનુકૂળ એવી વ્યક્તિ અથવા વસ્તુનો સંયોગ થાય અર્થાત્ મળે. ઇચ્છા ફળે, તે દરેકને સુખાત્મક લાગે છે. સંસારમાં દરેક જીવો આવું ઇચ્છતા હોય છે. સાનુકૂળ ઇષ્ટની પ્રાપ્તિ સુખરૂપ હોય છે.

૨) ઠીક પહેલાંથી વિપરીત બીજા ભંગમાં છે-જે સાનુકૂળ ઇષ્ટ છે તે વ્યક્તિ અથવા વસ્તુનો વિયોગ થઈ જાય તો તે દુઃખમય લાગે છે. દુઃખાત્મક કહેવાય છે. માતા માટે પુત્ર. પત્ની માટે પતિ સાનુકૂળ-ઇષ્ટ હોવાથી સુખરૂપ હોય છે. તેમાંથી પુત્રનું મૃત્યુ થતાં વિયોગ થવાથી માતાને દુઃખ લાગે છે. એવી જ રીતે માતાથી નો વિયોગ થતાં તે પુત્રને દુઃખરૂપ લાગે છે. એવી જ રીતે પત્નીનું મૃત્યુ પતિ માટે, પતિનું મૃત્યુ પત્ની માટે વિયોગાવસ્થા દુઃખરૂપ લાગે છે. માત્ર વ્યક્તિ જ નહીં, વસ્તુ વિશે પણ આવું જ છે. સોના-ચાંદી, હીરા-મોતી, રૂપિયા-સંપત્તિ વગેરે જેનો સંયોગ સુખરૂપ લાગે છે તેનો વિયોગ થતાં તે દુઃખદાયી લાગે છે. ચોરાઈ જવી, બળી જવી, અપહરણ થવું ઇત્યાદિ વિયોગનાં ઘણાં કારણીભૂત નિમિત્તો છે.

૩) વસ્તુ અને વ્યક્તિમાં ઘણાં અનિષ્ટ પણ હોય છે, જે આપણને નથી ગમતા, પસંદ નથી તે બધું અનિષ્ટ હોય છે. તેમ છતાં પણ તે જ આપણને મળે, તે જ આપણી સાથે જોડાય-સંકળાય-સામે આવે. ઇત્યાદિ ઘણા નિમિત્તો બને છે તે દુઃખદાયી-દુઃખમય લાગે છે. મનગમતો પતિ ન મળતાં નવવધૂ તેને અનિષ્ટ માનીને દુઃખી રહે છે. તેનો વિયોગ થાય તો જ તે સુખી થશે. તેવી તેની માન્યતા છે અને પોતાને જે ઇષ્ટ-સાનુકૂળ-પ્રિય છે તેને જ તે ઇચ્છે છે. તે જ જો મળે તો જ તે સુખી થશે. એવું પ્રત્યેક વસ્તુ અને વ્યક્તિ વિશે છે. જમવા બેઠા હોઈએ ત્યારે ભાવતી-પ્રિય વસ્તુ જ જો મળે તો મન રાજી થાય છે. એનાથી વિપરીત જો અપ્રિય-ન ભાવતી-ન પસંદ હોય એવી વસ્તુ જો મળે તો મન દુઃખી થાય છે. કોઈ એવું નથી ઇચ્છતા છતાં પણ કર્મ સંયોગે આ રીતે બનતું જ હોય છે.

૪) જે વસ્તુ કે વ્યક્તિ અનિષ્ટ-અપ્રિય છે. પસંદ નથી તે જો ટળી જાય. તેનો વિયોગ થાય તો તે વધુ સુખાત્મક લાગે છે. જે ઘરમાં બાળક જન્મ્યો છે તે કાળાન્તરે મોટો થતાં ખોટા રસ્તે વળી જવાથી તે અનિષ્ટ લાગે છે. તેનો વિયોગ થઈ જાય. ટળી જાય તો સુખરૂપ લાગે, તેવી જ રીતે ન ગમતી વસ્તુ ઘરાદિ ન ટળે ત્યાં સુધી તે દુઃખરૂપ લાગે છે. અને ટળી જતા સુખાત્મક લાગે છે. એવી જ રીતે વ્યક્તિના વિશે પણ છે. જો પતિને પત્ની પસંદ નથી લાગતી-નથી ગમતી તે ટળી જાય, મરી જાય, છૂટી જાય તો જ તેને સુખરૂપ લાગશે. ગમશે. એવું જ પત્ની પતિ પ્રત્યે ઇચ્છે છે. એક ભાઈ બીજા ભાઈ પ્રત્યે ઇચ્છે. એક પાડોશી બીજા પાડોશી પ્રત્યે ઇચ્છે. અનિષ્ટ-અણગમતું, અપ્રિય બધું ટળી જાય તો જ રાજી થવાય છે. તો જ તે સુખરૂપ લાગે છે અને જો તે ન ટળે તો તે દુઃખમય લાગે છે.

આર્તધ્યાન-ચિંતા - માનવજાતિમાં ચિંતા આર્તધ્યાન છે. જીવોએ પોતે કરેલા શુભાશુભ કર્મો ઘણાં છે. આઠ કર્મોમાં પ્રમુખ એક મોહનીય કર્મ છે. જેના કારણે ઇષ્ટ-અનિષ્ટ લાગે છે. રાગ+દ્વેષ એ મોહનીય કર્મની મુખ્ય પ્રકૃત્તિઓ છે. મોહનીય કર્મની એકંદરે ૨૮ પ્રકૃતિઓ મુખ્ય છે. તે પ્રમુખપણે ચાર વિભાગમાં વહેંચાયેલી છે. (૧) મિથ્યાત્વની ૩, + (૨) કષાય મોહનીયની ૧૬, (૩) નોકષાય મોહનીયની ૬, + (૪) વેદ મોહનીયની ૩ એમ કુલ ૨૮ કર્મપ્રકૃતિઓ છે. રાગ-પ્રેમ-પ્રીતી-આકર્ષણ જગાડે છે. મોહ વધારીને મોહિત કરે છે. તેના પેટા ભેદોમાં માયા+અને લોભની પ્રકૃત્તિઓ છે. રાગથી સર્વથા વિપરીત રૂપે દ્વેષની પ્રકૃત્તિઓ છે. તેના પેટા ભેદમાં ક્રોધ માનની પ્રકૃત્તિઓ છે. મોહનીય કર્મ નિરંતર-સતત ઉદયમાં છે. તેના કારણે સતત ઇચ્છા જાગતી જ હોય છે. ઇચ્છા રાગાત્મક અને દ્વેષાત્મક એ ઉભય પ્રકારે હોય છે. યાદ રાખવા જેવું સત્ય એ છે કે ઇચ્છાઓ મનમાંથી નથી જાગતી. પરંતુ આત્મા ઉપર લાગેલા મોહનીય કર્મની રાગ-દ્વેષાત્મક પ્રકૃત્તિઓમાંથી જાગે. ઉદયમાં આવેલી કર્મની પ્રકૃતિઓની તરંગોને ઝીલનાર મન એક માધ્યમ-સાધન છે. તે મનમાંથી જે તરંગો બહાર પ્રગટ થાય છે તેને વિચાર કહેવાય છે. આ રીતે વિચાર પણ મન નથી કરતું. હકીકતમાં આત્મા જ કરે છે. આત્મા જ્ઞાનમય છે, માટે વિચારો એ આત્માના જ્ઞાનતરંગો રૂપે છે. મોહનીય કર્મની સર્વ પ્રકૃત્તિઓ ઉદયમાં આવતા તેની તરંગો-લહેરો ઉપર ઉઠે છે. તે જ્ઞાનમાં આવીને મિશ્રિત થાય છે. જ્ઞાન વિના બધી પ્રકૃત્તિઓ પંગુ છે. સ્વતંત્રપણે પ્રગટ થઈ શકે નહીં. જ્ઞાનનો જ બધાને આધાર છે. જ્ઞાન રાગ-દ્વેષાદિથી રંગાઈ જાય છે અને તેના તરંગો જ્યારે ઉદયમાં આવે છે તે મનના પ્રદેશોમાં ઝીલાય છે. મનોવર્ગણાના પરમાણુ સમૂહોને ગ્રહણ કરીને જીવાત્માએ મન બનાવ્યું છે. આ માધ્યમ-સાધનથી જે પ્રગટ થાય છે તે વિચારરૂપે છે. આ જડ મન દૂધમાં સાકરની જેમ સર્વ પ્રદેશે-સર્વ દેહે વ્યાપ્ત છે. તે શરીરના અંગરૂપે અથવા ગ્રંથિરૂપે નથી. જડ હોવાથી મન સ્વયં કર્તા નથી, માટે મન પોતે વિચાર નથી કરતું, પણ આત્મા જ વિચાર કરે છે. મન તેને પ્રગટ કરનાર સાધન-માધ્યમ છે.

આ વિચારોમાં જ્યારે મોહનીય કર્મની રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભાદિની પ્રકૃત્તિઓના ઉદયથી તે વિચારો રંગાય છે અને તેવા રાગ-દ્વેષાદિથી ખરડાઈને બહાર પડે છે. વ્યક્ત થાય છે ત્યારે તે તે પ્રકારના વિચારોમાં રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભાદિ બધું જ પ્રગટે છે. વ્યક્ત થાય છે. આ રાગ-દ્વેષાદિ જે જે વસ્તુઓ અથવા વ્યક્તિઓ પ્રત્યેના હોય છે તે રાગ-દ્વેષના વિષયો બને છે. આ કર્મ પ્રકૃત્તિઓની જેટલી તીવ્રતા-મંદતા જે હશે તે પ્રગટ થશે. જેટલા અલ્પ અથવા અધિક કાળની હશે ? તેટલા સમય સુધી પ્રગટ થતી રહેશે, આવી રીતે ઇચ્છાઓનું ઉદ્‌ગમ સ્રોત-મૂળ આ રાગ-દ્વેષાત્મક મોહમાં છે તે સમજી લેવું જોઇએ. આ બધી ઇચ્છાઓ કષાયથી કલુષિત છે. માટે તેમાં કષાયની ગંધ છે, તેથી ક્રોધ, માન, માયા, લોભાદિ કષાયોની ગંધ ઇચ્છાઓના વિચારોમાં બરોબર પ્રગટે છે અને પોતાની ઇચ્છાઓની પૂર્તિ કરવા જીવો મથે છે. આ પ્રયત્નમાં દર વખતે બધા જ જીવોની બધી જ ઇચ્છાઓ પૂરી થઈ જાય છે એવું નથી. ઇચ્છા જાગવા માટે મોહનીય કર્મની રાગ+દ્વેષાદિ કર્મ પ્રકૃત્તિઓનો ઉદય પ્રબળ-તીવ્ર હોય છે. જેટલી વધુ પ્રબળ-તીવ્ર હશે તેટલી ઇચ્છાઓ વધારે જાગશે. મંદ હશે તો ઓછી જાગશે.

ઇચ્છાઓ જાગવી એક અલગ વાત છે અને ઇચ્છાઓની પૂર્તિ થવી, ઇચ્છાઓ પૂર્ણ થવી વળી બીજી જ જુદી વાત છે. ઇચ્છાઓને પૂર્ણ કરવા જીવો મથે છે. ભગીરથપુરુષાર્થ કરે છે, પરંતુ તે વખતે પ્રત્યેક જીવનું પોતાનું અંતરાય કર્મ કેટલું ઓછું-વધારે છે તેના ઉપર આધાર રહે છે. જે જીવોનું અંતરાય કર્મ જેટલું વધારે ભારે ઉદયમાં હશે તેમની ઇચ્છાઓ તેટલા પ્રમાણમાં પૂરી નહીં થઇ શકે. જ્યારે જેનું અંતરાય કર્મ પ્રમાણમાં ઓછું ઉદયમાં હશે તેમનો તેટલોં પ્રયત્ન સફળ થતાં ઇચ્છા પૂર્ણ થશે. આ મુખ્ય કારણ હોવાના કારણે જ સંસારમાં બધા જ જીવોની બધી જ ઇચ્છાઓ પૂરી થતી નથી. ઇચ્છા મોહનીય કર્મના ઉદયે થશે. પરંતુ પૂરી થવાની શક્યતા ન હોવાથી જીવો દુઃખી રહે છે. દુઃખી થાય છે. આ સંસારમાં ઘણા ગરીબ-ભિખારીઓ પણ છે જેમના મનમાં ઇચ્છાઓ તો ખૂબ જાગે છે, પરંતુ તે જીવોના અંતરાય કર્મનો ઉદય ખૂબ ભારે હોવાથી ઇચ્છા મુજબ કાર્ય થતાં નથી. તેથી તે લોકો વધુ દુઃખી થાય છે. અમીરોને પણ ઇચ્છાઓ તો ખૂબ જાગે છે. જેમનું અંતરાય કર્મનો ઉદય જેટલા ટકા ઓછો-વધારે હશે તેટલા ટકા તેમની ઇચ્છાઓ પૂરી થતી અનુભવાશે. આ રીતે આખા સંસારમાં સર્વત્ર અંતરાય કર્મની, એવી જ રીતે મોહનીય કર્મની સ્થિતિ ખૂબ જ મોટા પ્રમાણમાં વ્યાપક સ્વરૂપે જોવા મળે છે. આમ પણ કર્મજન્ય કર્માધીન કર્માનુરૂપ સંસાર છે.

### ઇચ્છા અને પૂર્તિના પ્રમાણની ચતુર્ભંગી -

(૧) ઇચ્છાઓ જાગે છે પણ કાર્યપૂર્તિ નથી થતી,
(૨) ઇચ્છાઓ જાગે છે અને કાર્યપૂર્તિ સારી થાય છે.

(૩) ઇચ્છાઓ જ ખૂબ ઓછી જાગે છે છતાં કાર્યપૂર્તિ વધુ થાય છે.

(૪) ઇચ્છાઓ જ ખાસ નથી જાગતી અને કાર્યપૂર્તિ પણ નથી થતી.

આ ચતુર્ભંગી અનુસાર સંસારના સમસ્ત જીવોની ઇચ્છા અને પૂર્તિ વિષયક વિચારણા કરતાં ખ્યાલ આવશે કે -

પહેલા ભાંગામાં ઇચ્છાઓ ખૂબ જાગે છે, પરંતુ સામે તેટલા પ્રમાણમાં કાર્યપૂર્તિ નથી થતી. એવા ગરીબો કે અમીરો સંસારમાં ઘણા છે. અંતરાય કર્મની માત્રા ઘણી વધારે ઉદયમાં હોવાથી ઘણા જીવો દુ:ખી થાય છે. ચિંતાગ્રસ્ત રહે છે.

બીજા ભાંગામાં ઇચ્છાઓ પણ ખૂબ જાગે છે અને સામે કાર્યપૂર્તિ પણ ટકાવારીમાં ઘણા સારા પ્રમાણમાં થતી જોવા મળે છે. કારણ કે અંતરાય કર્મની માત્રા ઉદયમાં તેટલી વધારે નથી અને સાથે પુણ્ય પણ સારૂં છે. આવા લોકો જ સંસારમાં સુખી-શ્રીમંતની ગણતરીમાં આવે છે.

ત્રીજા ભેદમાં જેનું મોહનીય કર્મ પ્રમાણમાં ટકાવારીમાં ઓછું છે, માટે ઇચ્છાઓ જ ઓછી જાગે છે, પરંતુ સામે ઘણા સારા પુણ્યના ઉદયે પહેલાંથી જ સારા સુખી ગર્ભશ્રીમંતના ઘરે જન્મ થયો હોવાથી ઇચ્છાઓ જાગવા પહેલાં જ પુણ્યે બધુ વિપુલ આપી દીધું છે. પાણીની જગ્યાએ દૂધની નદીઓ વહે છે. જન્મતાં જ એટલા વિપુલ પ્રમાણમાં મળ્યું છે કે વાપરે તો પણ અને બધું જ ભોગવે-ખૂબ ઉપભોગ લે તો પણ ખૂટતું નથી. ભલે સંસારમાં આવા વીરલા હોય છે. પણ નથી હોતા એવું નથી.

આનાથી સર્વથા વિપરીત ચોથા ભેદવાળા છે. એમનામાં પણ ઇચ્છાઓ ઓછી જાગે છે. પણ સામે ભારે અંતરાય કર્મના ઉદય અને ભારે પાપકર્મના ઉદયે દુ:ખદ સ્થિતિ છે. દુ:ખી પરિવારમાં જન્મ્યો છે. અંતરાય કર્મ ભોગ-ઉપભોગાદિની સામગ્રીઓનો લાભ થવા જ નથી દેતું. આવી સ્થિતિમાં તે જીવો સમજી જાય છે કે હવે ઇચ્છાઓ કરીને પણ શું ફાયદો ? આપણી પરિસ્થિતિ જ તવંગરની આવી છે. જે સમજી જાય છે અને મનને સમજાવી દે તો તો તેમના માટે ઘણું સારું છે, પરંતુ બધાના માટે આ સંભવ પણ નથી હોતું.

જે જીવો પોતાનાં અંતરાય કર્મોને ભારે બીજાં પાપકર્મોના ઉદયને સમજી કે ઓળખી નથી શકતા-તેઓ બિચારા ખોટી ચિંતા કરી-કરીને દુ:ખી થતા જ રહે છે.

આર્તધ્યાનથી તિર્યંચ ગતિ પણ થાય છે. આનાથી બચવા એક જ ઉપાય છે આર્તધ્યાન છોડવું ન કરવું અને તે માટે ધર્મધ્યાન કરવું એ જ ઉત્તમ ઉપાય છે. શુકલ ધ્યાન તો કદાચ સંભવ ન પણ બને, પરંતુ ધર્મધ્યાન કરવું સહેલું છે. જાપ, ધ્યાન, કાયોત્સર્ગથી દર્શન, પૂજા, ભક્તિ, સ્વાધ્યાય આદિ વિશેષ ધર્મારાધના કરવા માટેના ધાર્મિક નિમિત્તો છે. એમાં રત રહેવું જોઇએ.

ધર્મતત્ત્વ સમજી લીધા પછી ધર્મનું જ્ઞાન પ્રાત કરી લીધા પછી ધર્મારાધનામાં મગ્ન રહેનારા માટે ધર્મધ્યાન સરળ બને છે. અધર્માચરણમાં રત રહેનારા માટે ધર્મધ્યાનમાં રહેવા જતા અનેક વિક્ષેપો આવે છે. ચિત્તની સ્થિરતા રાખવી લગભગ અશક્ય બને છે. ચિત્તવૃત્તિઓ વધુ ને વધુ વિક્ષિપ્ત બનતી જાય છે. અસ્થિર ચિત્ત રાગ, દ્વેષ, ક્લેશ, કષાયના સેંકડો સંચિત્ત નિમિત્તોમાં ફસાયેલો રહે છે. તે જ તે વારંવાર ચિત્ત પટ ઉપર આવતા જાય છે. એવી સ્થિતિમાં ધ્યાન થવા-લાગવા જ ન દે. ઉપરથી આર્તધ્યાન જ થતું જાય છે. વધી જાય છે. ધર્મધ્યાન કર્મક્ષય કરાવે છે. જ્યારે આર્તધ્યાન કર્મબંધ કરાવે છે.

**તીર્થંકર નામ કર્મનું બીજારોપણ :-**

ભાવિમાં ભગવાન બનવા / થવા માટે વર્તમાનકાળે તીર્થંકર નામ કર્મનું બીજારોપણ કરવું અનિવાર્ય છે. આંબાનું બીજ વાવ્યા પછી બાર વર્ષે ફળે છે તેમ આજે ને આજે કોઈ ઇચ્છે કે મારે ભગવાન થવું બનવું છે, તો પણ તે સંભવ જ નથી. કારણ કે તીર્થંકર નામ કર્મ જે ભવમાં ઉપાર્જન કરાય તે પહેલો, ત્યાર પછી બીજો ભવ દેવલોકમાં અને ત્રીજો ભવ તીર્થંકર ભગવાન બનવાનો આમ ત્રણ ભવમાં તીર્થંકર થવાનો આ માર્ગ શાશ્વત છે. આ ત્રીજા ભવમાં તે મનુષ્ય બનીને માનવ દેહધારી ભગવાન બને છે. હા, આ પણ નિશ્ચિત નિયમ જ છે. મનુષ્ય ગતિ સિવાય બીજી કોઈ ગતિમાંથી તીર્થંકર નથી બની શકાતુ. તીર્થંકર બનવા માટે માનવી દેહ જ સર્વોત્કૃષ્ટ છે.

**તીર્થંકર બનવાની પ્રક્રિયા :-**

જગતના અનેક ધર્મો-દર્શનોમાં અવતારવાદ માન્યો હોવાથી તથા બીજા કોઈને ભગવાન બનવાનો અધિકાર સ્વીકાર્યો ન હોવાથી તે તે ધર્મમાં ઇશ્વર-ભગવાન બનવાની પ્રક્રિયા-પદ્ધતિ બતાવવામાં આવી નથી. એક માત્ર જૈન ધર્મે અરિહંત પરમાત્મા-તીર્થંકર બનવાની પ્રક્રિયા-રીત બતાવી છે.

સર્વ પ્રથમ અનાદિ મિથ્યાત્વનો નાશ કરી આત્મા ચોથા ગુણસ્થાનકે આવી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. શુદ્ધ શ્રદ્ધાવાન બને છે. પછી ક્રમે ક્રમે આગળ વધતા ચારીત્રધર્મનો સ્વીકાર કરે છે. અને વીશસ્થાનક પદની વિધિપૂર્વક આરાધના કરે છે અને અદ્ભૂત તપશ્ચર્યા કરે છે. સાથે સાથે જગતના સર્વ જીવોના કલ્યાણની ઉદાત્ત ભાવના ભાવે છે. ''સવી જીવ કરું શાસન રસી''ની ઉચ્ચતમ સર્વોત્તમ ભાવના ભાવે છે ત્યારે આત્મામાં એક પ્રકારનો શુચિરસ પ્રવાહિત થાય છે. ત્યારે તીર્થંકર નામ કર્મનો બંધ થાય છે.

૨૦ સ્થાનક પદની આરાધના પણ શાશ્વત છે અને ''સવી જીવ કરું શાસન રસી''ની ભાવના પણ એક સરખી જ છે અર્થાત્ તીર્થંકર નામ કર્મનું બીજારોપણ એક જ

સરખી પ્રક્રિયાથી કરાય છે માટે અંકુરા અને ફળપ્રાપ્તિ પણ એક સરખી જ થવાની છે, અર્થાત્ તીર્થંકર નામ કર્મના ઉદયકાળે તીર્થંકરપણું વિપાક સ્વરૂપે બધાને એક સરખું પ્રાપ્ત થશે. બધાને અષ્ટ મહા પ્રાતિહાર્યો જ રહેશે બધાને ચાર અતિશયો જ રહેશે. સર્વ ભગવંતો માટે સમવસરણની રચના એક સરખી જ થશે. સમવસરણમાં બાર પર્ષદા જ થશે. કોઇને ઓછી-વધારે નહીં. શાશ્વતપણે બધા તીર્થંકરો સર્વપ્રથમ ત્રિપદીની જ દેશના આપશે. સર્વે તીર્થંકરોને ગણધરો અનિવાર્યપણે થશે જ. હા, સંખ્યા ઓછી-વધારે હોઇ શકે. સમસ્ત તીર્થંકર ભગવંતો ધર્મતીર્થની ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના પણ કરશે. નવ જ તત્ત્વોની પ્રરુપણા કરશે. આત્માથી મોક્ષ સુધીના સર્વ દ્રવ્યો - પદાર્થો અને તત્ત્વોનું એક સરખું સ્વરૂપ જ વર્ણવશે તેથી શાશ્વતકાળે અનંતા તીર્થંકર ભગવંતોનાં વચનોમાં એક સરખી સાદશ્યતા રહે છે. એમાં ક્યારેય કોઇ પણ કાળે વિરોધાભાસ, વિસંગતતા કે એકથી બીજામાં વિપરીતતા નહીં જ આવે. અનંતા તીર્થંકર ભગવંતોના જીવના મહત્વપૂર્ણ પ્રસંગોની સંખ્યા પાંચ જ રહેશે. તેને જ કલ્યાણકો કહેવાશે. આ રીતે જ અનંતા તીર્થંકરો ભૂતકાળમાં થઇ ચૂક્યા છે, વર્તમાનકાળે મહાવિદેહ ક્ષેત્રમાં વિચરમાન છે. અને ભવિષ્યમાં અનંતા તીર્થંકરો થશે.

જંબૂદ્વીપમાં ૧૫+૩૦+૫૬= ૧૦૧ ક્ષેત્રો છે તેમાંથી પાંચ ભરત ક્ષેત્ર, પાંચ ઐરવત ક્ષેત્ર અને પાંચ મહાવિદેહ ક્ષેત્ર આમ કુલ પંદર કર્મભૂમિઓ જ શાશ્વતપણે ભગવાન થવાના ક્ષેત્રો હતા, છે અને રહેશે. બસ, તે સિવાય ત્રીસ અકર્મભૂમિ અને છપ્પન અંતર્દ્વીપ ક્ષેત્રોમાં ક્યારેય ભગવાન થયા નથી, થતા નથી અને અનંત ભવિષ્યકાળમાં થશે પણ નહીં. તેથી જ ત્યાં ધર્મ સ્થાપના પણ સંભવ નથી. અધર્મીક્ષેત્ર રહેશે.

આ શાશ્વત પ્રક્રિયા હોવાથી જ ત્રૈકાલિક-ત્રણેય કાળમાં-સદા કાળ આ રીતે તીર્થંકર ભગવંતો થતા જ રહેશે. ભગવાન થશે તો જ ધર્મની સ્થાપના અને ધર્મની આરાધના-ઉપાસના કરશે તો જ કોઈ કર્મક્ષય કરશે. કર્મક્ષય થશે તો જ કોઇની મુક્તિ થશે. જીવો મોક્ષે જશે. મોક્ષની પ્રાપ્તિ એ જ જીવોનો અંતિમ કિનારો છે. અંત છેક ત્યાં છે. જેમ અંતનો એક બાજુ છેલ્લો-અંતિમ છેડો છે તો તે જ રસ્સીની બીજી બાજુનો પહેલો છેડો પણ અવશ્ય હોવો જ જોઇએ અને તે છે તીર્થંકરનો. તીર્થંકર ભગવંતો ઉપર જ બધો આધાર છે. તીર્થંકર ભગવાન થવા માટે અર્થાત્ કારણરૂપે પણ બધાં જ તત્ત્વો-ઘટકો પણ શાશ્વત છે. સ્વાભાવિક છે કે કાર્યો શાશ્વતપણે થતા જ રહે તો કારણ પણ તેટલાં જ શાશ્વત છે. જેમ ધુમાડો નીકળે છે તો તેના કારણરૂપે અગ્નિ પણ શાશ્વત જ છે. ઠીક એવી જ રીતે મોક્ષ રૂપી કાર્ય માટે પરંપરાએ મૂળ કારણીભૂત તીર્થંકર ભગવાન પણ શાશ્વત કારણરૂપ છે. તેના કારણરૂપે તીર્થંકર નામકર્મનું ઉપાર્જન પણ તેટલું જ શાશ્વત છે અને તેના કારણીભૂત વીસ સ્થાનકોની આરાધના અને તેની સાથે-સાથે સર્વ જીવોના કલ્યાણની ભાવના પણ તેટલી જ

શાશ્વત છે. આવી રીતે કાર્ય-કારણ ભાવની શાશ્વત પ્રક્રિયા છે, તે ચાલતી જ રહે છે. તીર્થંકર નામકર્મની નિકાચના કરવી શાશ્વત નિયમ છે, તો જ ભગવાન બની શકાય છે. અન્યથા નહીં. ત્યાર પછી સ્વર્ગગમન અને દેવભવ ધારણ કરવો. ત્યાંનું દેવાયુષ્ય પૂર્ણ કરી ૧૫ કર્મભૂમિઓમાં ક્યાંય પણ ગર્ભપ્રવેશ કરવો તે ચ્યવન, ત્યાર પછી સાડા નવ માસે જન્મ, મોટા થઈ દિક્ષા ગ્રહણ કરવી, કર્મ ખપાવી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી સમવસરણમાં દેશના આપવી. અંતે નિર્વાણ પામી મોક્ષે પહોંચવું. સિદ્ધ બનવું. આ શાશ્વત ક્રમ છે. આ બધી જ પ્રક્રિયા શાશ્વત ત્રણેયકાળમાં એકસરખી ત્રૈકાલિક છે. ભૂતકાળમાં આ જ પ્રમાણે પંચકલ્યાણકો થતા રહ્યા હતા. વર્તમાનકાળમાં પણ પાંચેય મહાવિદેહોમાં થઈ રહ્યા છે અને આ જ રીતે ભવિષ્યમાં અનંતકાળમાં પણ ચાલતા જ રહેશે. જે વીતેલા અનંત ભૂતકાળમાં જે રીતે થતું જ રહ્યું છે તેમાં કોઈ પણ ફેરફાર થયા વિના આગામી અનંત ભવિષ્યકાળમાં પણ એ જ રીતે એ જ પ્રમાણે થતું જ રહેશે. માટે જ ત્રૈકાલિક શાશ્વતતા એકસરખી સચવાઈ-જળવાઈ રહે છે.

આ પ્રમાણે શાશ્વત વૈશ્વિક વ્યવસ્થા છે. આને સારી રીતે સમજી લેવી જોઇએ. આમાં કોઈ જ ફેરફાર થવો સંભવ જ નથી. માત્ર આપણે એને ઓળખવાની જરૂર છે. એ ક્રમમાં ગોઠવાઈ જવાની જરૂર છે. આપણે બધા સંસારી જીવો છીએ. કર્મના ચક્રમાં ચાલતા સંસારમાં અનંતા જીવો પોતાનાં કરેલાં કર્મોદય પ્રમાણે ચાલી જ રહ્યા છે. જીવન જીવી જ રહ્યા છે. વિપાકે સુખ-દુ:ખ પામી જ રહ્યા છે. ભોગવી જ રહ્યા છે.

માત્ર કર્મ કરવાં અને વિપાક-ફળ ભોગવવાં. બસ, આટલી જ વાતમાં અનંતા જીવો ચોર્યાસીના સંસારના ચક્રમાં ભટકતા જ રહે છે. આ ઘરડમાંથી બહાર નીકળીને શાશ્વત પ્રક્રિયામાં જોડાવાની ઇચ્છાશક્તિનો જ અભાવ દેખાય છે. એવું લાગે છે એનું કારણ શાશ્વત પ્રક્રિયાની અજ્ઞાનતા છે. તે સર્વથા અજાણ છે. આ અજ્ઞાનતા દૂર કરવા જ નથી માગતો અને જો ક્યાંયથી શાશ્વત પ્રક્રિયાનો થોડું પણ જ્ઞાન-જાણકારી પ્રાપ્ત થવા લાગે કે તરત જ પોતામાં પડેલા મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયના કારણે તેને માનવા-સ્વીકારવા જ તે તૈયાર નથી થતો. આ મિથ્યાત્વ એ જ મોટામાં મોટો અવરોધક છે. બાધક છે. એ સામે આવીને ભલભલાને પાછો પાડે છે.

### વીસ સ્થાનક પદ સ્વરૂપ:-

વીસ પદોના સમૂહને વીસ સ્થાનક કહેવાય છે. જૈન શાસનના સુપ્રસિદ્ધ નવ પદોનો પણ આમાં સમાવેશ થઈ જ જાય છે. અથવા એમ પણ કહી શકાય કે નવપદોનું જ વિસ્તૃત સ્વરૂપ વીસ સ્થાનક છે.

અરિહંત અને સિદ્ધ એ બે પદો ભગવાનના પદો છે. દેવ તત્ત્વનાં છે.

શેષ-આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સ્થવીર, ગૌતમાદિ પદો ગુરૂ તત્ત્વનાં છે. જ્યારે તે સિવાયનાં સર્વ પદો ધર્મ તત્ત્વનાં/ગુણ સ્વરૂપનાં વાચી પદો છે. આ રીતે સંક્ષિપ્તિકરણની પ્રક્રિયામાં માત્ર દેવ, ગુરૂ અને ધર્મનાં ત્રણ પદોમાં સમાવેશ થઈ જાય છે. બે દેવતત્ત્વના + ત્રણ ગુરૂતત્ત્વનાં અને + ચાર ધર્મનાં એમ કુલ મળી નવપદોની રચના થાય છે અને આ જ રીતે વિસ્તારીકરણની પ્રક્રિયામાં બે દેવતત્ત્વના પાંચ પદો ગુરૂતત્ત્વનાં છે. આ સિવાયના ૧૩ પદો ગુણવાચી પદો છે. ગુણોનું અથવા ગુણાનુરૂપ આચરણ જ ધર્મ છે, માટે ધર્મતત્ત્વના છે. આદર્શરૂપ ગુણો છે. જ્યારે તદનુરૂપ આચરણ-આચાર-વ્યવહારમાં વપરાતા ગુણો જ ધર્મનું રૂપ ધારણ કરે છે. આ આદર્શરૂપ ગુણોને જ વીસ સ્થાનકમાં સમાવાયા છે.

આત્માના ગુણો અનંતા છે. એ બધા જ આચરણીય છે. આચરવામાં આવશે તો જ તે તે ગુણ ઉપરનું કર્માવરણ ક્ષય પામશે. અન્યથા શક્યતા જ નથી. આત્મધર્મની સીધી સાદી-સરળ વ્યાખ્યા એટલી જ છે કે આત્માના ગુણો પ્રમાણે આચરણ કરી ગુણો પ્રગટ કરવા અથવા બીજી રીતે આત્માના ગુણો ઉપર લાગેલાં કર્માવરણોનો ક્ષય કરવા જે પુરૂષાર્થ કરવો તેનું નામ ધર્મ છે. બન્ને વ્યાખ્યા એક જ સિક્કાની બે બાજુ જેવી છે, પણ એક જ અર્થમાં છે. ગુણો પ્રમાણે આચરણ કરવા સિવાય બીજો કોઈ પણ વિકલ્પ જ નથી. ગુણાચરણ, ગુણોત્થાન, ગુણોપાસના એ જ પ્રમુખ ધર્મ છે. એને અનુરૂપ આચરણની ક્રિયાઓ ગોઠવાઈ છે. તે મુજબ જ આચરણ કરતા ગુણ પ્રગટ થવા જોઇએ. સમતા ગુણને પ્રગટ કરવા માટે જ સામાયિકની ક્રિયાનું આચરણ કરવાનું કહ્યું છે. તેથી સામાયિક કરવી એ સંવર ધર્મ છે, ક્યાં સુધી સામાયિક કરવી ? જ્યાં સુધી સમતા પૂર્ણપણે પ્રગટ ન થઈ જાય ત્યાં સુધી. સમતાના ગુણ ઉપર કર્માવરણ જે લાગેલ છે તેને ક્રોધ કષાય મોહનીયની સંજ્ઞા આપવામાં આવી છે. ક્રોધ આવે છે એ જ તેનો પ્રત્યક્ષ અનુભવ છે. એટલે સામાયિકની ધર્મક્રિયા કરતા રહેવું જોઇએ, જેનાથી ક્રોધાવેશ સર્વથા ઘટી જાય. જેમ જેમ જેટલા પ્રમાણમાં ક્રોધ કષાયની કર્મ પ્રકૃતિનો ક્ષયોપશમ થતો જશે તેમ તેમ સમતા ગુણની માત્રા વધતી જશે અથવા એને બીજી રીતે કહીએ તો જેમ જેમ સાચા અર્થમાં ગુણવર્ધક સામાયિક વધતી જશે, તેમ તેમ કર્માવરણનો ક્ષયોપશમ થતાં સમતાનો ગુણ વધતો જશે. માટે સામાયિક સંવર ધર્મ સાચો ધર્મ છે. સાર્થક ધર્મ છે. સહેતુક છે.

એવી જ રીતે પૂજ્યભાવ વધારવા પૂજાની ક્રિયા-પ્રવૃત્તિનો ધર્મ છે. પૂજા ક્રિયાત્મક ધર્મ છે. પૂજ્યભાવ ગુણ છે. અહંકાર કષાયની કર્મપ્રકૃતિનો ક્ષયોપશમ થાય છે. નવકાર મહામંત્રનો જાપ કરતાં-ગણતા નમ્રતાનો ગુણ પ્રગટે તેનું જ મુખ્ય લક્ષ્ય રાખવું જોઇએ. જેથી અહંકાર-માન મોહનીય કર્માવરણનો ક્ષયોપશમ થશે. તપ એ પણ આત્મગુણ જ છે. ક્ષુધા વેદનીય કર્માવરણની પ્રકૃત્તિનો ક્ષયોપશમ તપથી થશે. આહાર આત્મગુણ

નથી. તે દેહ ટકાવવા માટેની પ્રવૃત્તિ છે. આહાર સંજ્ઞામાં રમમાણ રહેવાથી દેહરાગ-દેહાધ્યાસની પુષ્ટિ થાય છે. જ્યારે તપમાં રહેવાથી દેહરાગ ઘટે છે. સામે આહારની સંજ્ઞા પણ ઘટે છે. મોહદશા ઘટતાં મોહનીય કર્મનો ક્ષયોપશમ વધે છે. આ રીતે પ્રત્યેક પ્રકારની ધર્મારાધના સહેતુક છે. સાર્થક છે. કર્મક્ષયલક્ષી છે. ગુણવર્ધક છે. આવો શુદ્ધ આત્મધર્મ જેમ જેમ વધુ ને વધુ કરવામાં આવશે તેમ તેમ સાધ્ય સિદ્ધ થશે. કર્મ પ્રકૃતિઓનો ક્ષય અને ક્ષયોપશમ થશે અને ગુણો વધશે. ગુણવૃદ્ધિ થશે. આ રીતે ગુણોપાસના એ જ સાચો આત્મધર્મ છે. સાધક આત્મગુણોના પ્રગટીકરણનું જ પોતાનું લક્ષ્ય-સાધ્ય બનાવીને-નક્કી કરીને સાધ્યને અનુરૂપ તે મુજબ જ સાધના કરે. આ રીતે સાધ્યને સાધના વડે સાધવાનો પુરૂષાર્થ કરે. ગુણો પ્રગટાવી ગુણવાન બને. જેમ સુવાસિત પુષ્પની મહેંક છૂપાઈ નથી શકતી, પ્રસરતી જ રહે છે. એવી જ રીતે ગુણીયલ ગુણવાનના ગુણોની મહેંક પણ ચારેય બાજુ પસરતી જ રહેશે. સંતાશે નહીં.

### (૧) અરિઓનું હનન કરી અરિહંત બન્યા :-



''અરિ''-શત્રુવાચી શબ્દ છે. બાહ્ય શત્રુ બહારની દુનિયામાં એકના બીજા ઘણાં છે. એક જાતિના બીજી જાતિવાળા પણ 'અરિ'-શત્રુ હોય છે. જયારે અહિંયાં...આત્મગુણોને આવનારા, ઢાંકનારા કર્મને જ અરિ-આંતરિક શત્રુરૂપે ઓળખવાના છે. તેને જ 'કર્મ' એવી સંજ્ઞા આપવામાં આવી છે. એવા અરિયો કર્મોનો ક્ષય-નાશ કરવાની પ્રક્રિયાને 'હનન' કહેવામાં આવે છે. જેમને આ હનન ક્રિયા કરીને કર્મોનો ક્ષય-નાશ ૯૦ ટકા કરી લીધો છે તેને 'અરિહંત' સંજ્ઞા આપવામાં આવી છે. એને જ અરિહંત કહો કે કર્મહંત કહો બન્નેનો અર્થ એક જ છે. ૪ ઘાતી કર્મોનો ૧૦૦ ટકા ક્ષય થઈ ગયો છે-જ્યારે બીજાં નામ, ગોત્ર, વેદનીય, આયુષ્ય એવાં ૪ અઘાતી કર્મોનો હજી ૧૦૦ ટકા ક્ષય નથી થયો. માટે અરિહંત દેહધારી છે. દેહ છે ત્યાં સુધી આયુષ્યાદિ કર્મો છે તે કર્મો પણ સંપૂર્ણ ક્ષય થઈ જશે ત્યારે તે સંપૂર્ણ સિદ્ધ બની જશે.

આવા અરિહંત એ જ પરમેશ્વર રૂપે છે. પરમ કક્ષાના ઇશ્વરને જ પરમેશ્વર શબ્દથી નવાજવામાં આવે છે. એવા અરિહંતના વાચી વિવિધ શબ્દો વિવિધ અર્થ આ પ્રમાણે છે-તીર્થંકર, વીતરાગ, સર્વજ્ઞ, સર્વદર્શી, જિન, જિનેશ્વર, ભગવાન આદિ સેંકડો

શબ્દો છે. ૪ ઘાતીકર્મોમાં (૧) સર્વ પ્રથમ મોહનીય કર્મ સમૂળ સંપૂર્ણપણે ક્ષય થવાથી અરિહંત વીતરાગી બને છે. (૨) જ્ઞાનાવરણીય કર્મ સમૂળ સંપૂર્ણ ક્ષય થવાથી અનંતજ્ઞાન પ્રગટ થતાં તે સર્વજ્ઞ બન્યા. (૩) દર્શનાવરણીય કર્મ સંપૂર્ણ ક્ષય થવાથી ભગવંત સર્વદર્શીબન્યા. (૪) અંતરાયકર્મ જે સર્વ શક્તિઓને રોકનારો અવરોધ હતો તે પણ સંપૂર્ણ ક્ષય થવાથી અનંત શક્તિમાન બન્યા. આ રીતે ચારેય ઘાતીકર્મોના સંપૂર્ણ ક્ષય થવાથી આત્માના ગુણોની અનંતચતુષ્ટયી પ્રગટે છે. ગુણો પૂર્ણરૂપે વિકસે છે. તેથી તીર્થંકર ભગવાન સર્વગુણસંપન્ન બને છે. સ્વયં સ્વગુણોના જ સ્વામી-માલિક બને છે, તેથી જ તે ઇશ્વર શબ્દથી નવાજાય છે. ઇશ્વરોમાં પણ સર્વોત્કૃષ્ટ કક્ષાના હોવાથી 'પરમ' વિશેષણ જોડીને પરમેશ્વર શબ્દથી નવાજાય છે. આવી રીતે બધા જ ગુણવાચી શબ્દો અરિહંત માટે સાર્થક સહેતુક છે. શબ્દો ગુણવાચી છે. વિશેષણો જોડીને પણ તેવા ઘણા શબ્દોની રચના શકેન્દ્રે શક્રસ્તવમાં કરી છે.

## (૨) સિદ્ધપદ-સર્વ સાધ્ય સાધી સિદ્ધ બન્યા :-



આત્માના જ્ઞાન-દર્શનાદિ અનન્ત ગુણોં છે. મૂળમાં આત્મ દ્રવ્ય જ અનન્ત ગુણમય છે. ગુણ-ગુણીનો અભેદ સંબંધ છે. ગુણી ગુણ વગર નથી હોતો તેમજ ગુણોં પણ ગુણી વગર નથી રહેતા. આ રીતે ગુણ-ગુણીનો અવિનાભાવ સંબંધ છે. સર્વ દ્રવ્યોના પોત-પોતાના સ્વતંત્ર ગુણો હોય છે. ગુણો જ ભેદક હોવાથી એક દ્રવ્યને બીજા દ્રવ્યથી જૂદા-છૂટા પાડે છે. અજીવના જડ પુદ્‌ગલ દ્રવ્યના ગુણોં વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિ છે. તે ચેતનાત્મા દ્રવ્યના ગુણોંથી સર્વથા વિપરીતભાવના છે. તેવી જ રીતે જ્ઞાન-દર્શન-ચારિત્ર-સમતા-ક્ષમા-સરળતા-સંતોષ- દયા-નમ્રતા-કરૂણા-વિનય-વિવેક-શાન્તિ આદિ ગુણોં માત્ર આત્માના જ છે. આવી રીતે પોતાના સ્વતંત્ર ગુણોંના કારણે દ્રવ્યો પણ એક બીજાથી સર્વથા ભિન્ન સ્વતંત્ર રહે છે. ધર્માસ્તિકાય, અદર્માસ્તિકાય તેમજ પુદ્‌ગલ દ્રવ્યના ગુણોં આવરાતા નથી. સદાકાળ નિરાવરણ રહે છે. જ્યારે એક માત્ર જીવાત્મા જ એવો દ્રવ્ય છે કે જેના ગુણોં પુદ્‌ગલ દ્રવ્યના પરમાણુઓના જત્થાઓથી આવરાય છે. સંસારી પર્યાયમાં જીવાત્મા સ્વગુણોનું ભાન ભૂલી જવાના કારણે વિભાવ દશામાં - પરભાવ દશામાં રાગ-દ્વેષ કષાય ભાવોને આધિન થઇ જાય છે, તે વખતે ભારે માત્રામાં કાર્મણ - વર્ગણાના પરમાણુઓનો જત્થો ખેંચાઈ આકર્ષાયને આત્મામાં આવે છે આ પ્રક્રિયાને આશ્રવ કહેવાય છે. અને પછી આત્મપ્રદેશો સાથે એકરસી ભાવે બંધાય છે તેને બંધ કહેવાય છે. બંધ પછી કર્મ એવી સંજ્ઞા બને છે. કર્મોદયે જીવો ચારેય ગતિમાં સતત

પરિભ્રમણ કરતા જ રહે છે. તે માટે જન્મ-મરણ ધારણ કરતા જ રહે છે. જન્મ માટે સંસારમાં ૮૪ લાખ યોનિઓ છે. તે જીવ માટે ઉત્પત્તિ ક્ષેત્રો છે, ત્યાં જઇને જીવો ઉત્પન્ન થાય છે. અર્થાત પુદ્ગલ દ્રવ્યના ઔદારિકદિ પરમાણુઓનો જત્થો ગ્રહણ કરીને શરીરની રચના કરે છે. આવો દેહ નિર્માણ કરીને ગર્ભમાંથી બહાર ધરતી ઉપર આવે છે આની જન્મ સંજ્ઞા છે. પછી નિર્ધારિત આયુષ્ય કાળાવધિ પ્રમાણે જીવન જીવે છે. આયુષ્ય - કાળાવધિ સમાપ્ત થતા દેહ છોડીને જીવ ફરી આગળના બીજા જન્મમાં જાય છે આ પ્રક્રિયાનું નામ છે - મરણ...આવી રીતે કર્માનુસાર અનન્તાનન્ત જન્મ-મરણો ચારેય ગતિમાં થાય છે. આને જ સંસાર સંજ્ઞા આપવામાં આવી છે.

**सिद्धाणं नत्थी देहो न आउ न कम्मं न पाण जोणिओ ।**
**साइ-अणंता तेसिं ठिई जिणिंदागमे भणिया ।।**

સંસારના સ્વરૂપથી સર્વથા વિપરીતભાવે મોક્ષ છે. તેવી જ રીતે મોક્ષથી સર્વથા વિપરીતભાવે સંસાર છે. હા...જીવાત્મા દ્રવ્ય બન્ને જગયાએ છે. અર્થાત જીવાત્માની જ બે પર્યાય છે. સકર્મીસંસારી પર્યાય અને અકર્મી મતલબ કે સર્વથા કર્મ રહિત પર્યાય તે મોક્ષની પર્યાય છે, તેની જ સિદ્ધ - બુદ્ધ - મુક્ત સંજ્ઞા પડે છે. આવા સિદ્ધોને શરીર પણ નથી હોતું અર્થાત સર્વથા શરીર રહિત અવસ્થામાં એકલો જીવ જ રહે છે. શરીર ધારણ જ નથી કરવાનું તેથી તેને આયુષ્ય વગેરે કંઈ જ નથી હોતું. કર્મનો સર્વથા અભાવ હોય છે. પ્રાણ - યોનિ આદિ પણ કંઈ જ નથી હોતું આ રીતે સિદ્ધ સ્વરુપ સંસારી સ્વરુપના અભાવ રુપે હોય છે. સંસારમાં જે અનાદિ-અનન્ત કાળની સ્થિતિ હતી તે હવે મોક્ષમાં આત્મા મુક્ત થઈ જવાથી સાદિ-અનન્તની રહી જાય છે કારણ કે જીવ મોક્ષે જાય ત્યારથી આ સ્થિતિની શરુઆત-સાદિ થાય છે અને આવી સ્થિતિનો અંત ક્યારેય આવતો નથી તેથી અનન્ત કાળ સુધી રહે છે. આનાથી એક વાત એ સિદ્ધ થાય છે કે મોક્ષમાં જીવ અનન્તાનન્ત કાળ સુધી રહે છે.

**सिद्धाणं-बुद्धाणं-पारगयाणं-परंपरगयाणं-लोअग्गमुवगयाणं**
**नमो सया सव्व सिद्धाणं ।**

જે સિદ્ધ થઈ ગયા છે, સર્વ જ્ઞાન સંપન્ન બુદ્ધ થઇ ગયા છે, સંસારથી પાર પહોંચી ગયા છે, એટલું નહીં જન્મ-મરણની પરંપરાથી જે સર્વથા પાર પહોંચી ગયા છે, છેક લોકના અગ્ર ભાગે પહોંચી ગયા છે...એવા લોકાગ્રભગે રહેલા સર્વ સિદ્ધોને સદા નમસ્કાર કરીએ.

## (૩) પ્રવચન પદ :-

૧૩મા ગુણસ્થાને પહોંચેલા વીતરાગી સર્વજ્ઞ, સર્વદર્શીબનેલા અરિહંત પરમાત્મા જ્યારે સમવસરણમાં બિરાજમાન થઈને દેશના આપે છે તે જિન વચન પ્રવચન કહેવાય છે. આ પ્રવચન જ એક એવું તથ્ય છે જેનાથી અનંતજીવાત્માઓ બોધિબીજ પામે



છે. સમ્યકત્વ પામે છે. વ્રતી-મહાવ્રતી બને છે. કેવળજ્ઞાન પામે છે અને ધર્મ પામીને સંસારથી સદાના માટે મુક્ત થાય છે. મોક્ષે જાય છે. એ માટે જિન પ્રવચન સદાકાળ જીવો માટે ખૂબ જ ઉપકારી હોય છે. બીજી બાજુ સમવસરણની ધર્મસભા પણ અત્યંત મનમોહક આહ્લાદક હોય છે. જોતાં જ રહી જઈએ અને સ્તબ્ધ બની જવાય તેવું હોય છે. દેવો દ્વારા રજત, સુવર્ણનું, રત્નજડિત બનાવેલ ચારેય દિશામાં ૧૨ પ્રવેશ દ્વાર ૩ ગઢ યુક્ત સમવસરણ જ એટલું અદ્‌ભુત-અનોખું હોય છે કે તે જોઈને પણ ૫૦૦ તાપસો કેવળજ્ઞાન પામ્યા છે. મધ્યમાં ચૈત્યવૃક્ષ-અશોકવૃક્ષ હોય છે. ચારેય દિશામાં ૪ સ્ફટિકનાં સિંહાસનો હોય છે. અષ્ટ પ્રાતિહાર્યો-અતિશયોથી પરિવરેલા પરમાત્મા જ્યારે સમવસરણમાં પધારે છે તે દશ્ય તો એટલું આહ્લાદક હોય છે કે નિહાયતા જ રહી જઇએ. પ્રભુ પૂર્વાભિમુખ સન્મુખ સિંહાસન ઉપર બિરાજમાન થાય છે ત્યારે શેષ ત્રણેય દિશાઓમાં દેવતાઓ પ્રભુના પ્રતિબિંબની એવી આબેહૂબ રચના કરે છે કે તેથી ચારેય પ્રભુ બેઠેલા બારેય પર્ષદામાં લોકોને ભગવાન પોતાની સમક્ષ જ બિરાજમાન છે અને બોલી રહેલા દેખાય છે. દેવી-દેવતાઓ, નર-નારીઓ, સાધુ-સાધ્વીજી મહારાજો બધા ચાર પર્ષદામાં બિરાજે છે અને દેશના શ્રવણ કરે છે. બીજો ગઢ જે સુવર્ણનો બનાવે છે તેમાં તિર્યંચ ગતિનાં પશુ-પક્ષીઓ પણ પરસ્પર વૈરી હોવા છતાં વૈર-વૈમનસ્ય વિસરીને સામસામે બેસે છે અને દેશના શ્રવણ કરવામાં તલ્લીન થાય છે. પ્રભુની સૌમ્ય મુખાકૃતિ નિહાળતા સ્વ-સ્વ ભાવોમાં સમજે છે.

આવા સમવસરણની રચના શાશ્વત છે. સદાકાળ એકસરખું આવું જ બને છે. એકમાત્ર તીર્થંકર માટે જ બને છે. તીર્થંકર સિવાય આજ દિવસ સુધી ક્યારેય-કોઈ પણ માટે નથી બન્યા. બનતા જ નથી. અન્ય ધર્મોના ભગવાનો માટે તે તે ધર્મનાં શાસ્ત્રો વગેરેમાં ક્યાંય સમવસરણ અથવા તત્સમ કંઈ જ નથી. એવું વર્ણન પણ નથી મળતું. આવા શાશ્વત સ્વરૂપના સમવસરણમાં થતા જિન પ્રવચનની કલ્યાણકારિતા છે. તે ત્રીજા પદે છે.



**(૪) આચાર્ય પદ -**

અરિહંત તીર્થંકર ભગવાન પણ સદેહી છે. તેથી આયુષ્ય કર્મ સમાપ્ત થતાં દેહ છોડીને મોક્ષે જવું જ પડે છે. તીર્થંકરો ધર્મના સંસ્થાપક-પ્રણેતા છે.

તેમના ગયા પછી તેમની અનુપસ્થિતિમાં આચાર્ય ભગવંતો તેમના પ્રતિનિધિ તરીકે ઓળખાય છે. સૂર્ય સમાન તેજસ્વી હોવાથી તે 'સૂરી' ભગવંત કહેવાય છે. પંચાચાર પાળવામાં સમર્થ હોવાથી આચાર્ય કહેવાય છે. આચાર ધર્મની તે પરિપૂર્ણ કક્ષાએ પહોંચેલા આચાર મૂર્તિ જ છે. તેવા આચાર્ય ભગવંતો સકળ સંઘના નાયક હોય છે. સંઘ સંચાલક-ધર્મ સંચાલક, ધર્મ વ્યવસ્થાપક ધર્મગુરૂ તરીકે ઓળખાય છે. ૩૬ ગુણોના ધારક એવા ૩૬-૩૬ ગુણોની છત્રીશીઓ પણ ૩૬ છે. તેથી ૩૬X૩૬=૧૨૯૬ ગુણોના ધારક હોય છે. સ્વ-પર ધર્મના જ્ઞાતા હોય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવાદિના સારા જ્ઞાતા હોય છે. ધર્મના ધોરી હોય છે. આવા આચાર્ય ભગવંતોની ત્રીજા પદે વીસ સ્થાનકમાં ગણના કરી છે.

## (૫) સ્થવીર પદ -



જેમને દીક્ષા લઈને ૨૦ વર્ષથી વધારાનો દીક્ષા પર્યાય થઈ ગયો હોય તે પર્યાય સ્થવીર કહેવાય છે. એવા જ્ઞાનસ્થવીર આદિ ૧૦ પ્રકારના સ્થવીરો હોય છે. જેઓ સ્વયં જ્ઞાનમાં, ચારિત્રમાં સ્થિર થયે વર્ષો વીતી ગયા છે. ગીતાર્થ જ્ઞાની બન્યા હોય, રત્નાધિક બન્યા હોય, ઉંમર ઘણી વધવાથી જે વયસ્થવીર બની અનુભવી બની ગયા હોય, ક્ષમા, મૃદુતા, સરલતા આદિ ૧૦ પ્રકારના યતિધર્મોનું પાલન કરતા પોતાનામાં આ બધા ગુણોને સ્થિર કરી દીધા હોય અથવા સ્વયં પોતે એ ગુણોમાં સ્થિર બની ગયા હોય-અન્ય સાધુ-સાધ્વીઓને જે સંયમમાર્ગમાં સ્થિર કરી શકે,એવી જ રીતે જ્ઞાન-દર્શનાદિ આત્મધર્મમાં પણ સ્થિર કરી શકે તેમને 'સ્થવીર' સંજ્ઞાથી નવાજવામાં આવ્યા છે. આચાર્ય-ઉપાધ્યાયાદિની જેમ આ પદવી નથી, પરંતુ વર્ષો વીતાવીને પોતે જે પીઢતા લાવીને તેમાં સ્થિરતા લાવી છે. સાથે તેની ક્ષમતા પણ લાવી છે કે બીજાઓને પણ તે કક્ષામાં લાવીને સ્થિર કરી શકે છે. તેવા મહાત્માઓ સ્થવીર કહેવાય છે. તેમાં ૧૦ પ્રકારના સ્થવીરો ગણાય છે. કોઈ જ્ઞાન સ્થવીર, કોઈ વય સ્થવીર, કોઈ સંયમ પર્યાય સ્થવીરાદિ સ્વરૂપો છે.



## (૬) ઉપાધ્યાય પદ :-

૧૧ અંગ+૧૨ ઉપાંગ+૧ ચરણસિત્તરી+૧ કરણસિત્તરી = એવાં ૨૫ ગુણો અથવા ૧૪ પૂર્વો અને ૧૧ અંગો=૨૫ ગુણોના ધારક પૂ. ઉપાધ્યાયજી મહારાજ

વાચક-પાઠક પણ કહેવાય છે. શિષ્યોને વાચના આપતા હોવાથી વાચક, પાઠ આપીને ભણાવતા હોવાથી પાઠક કહેવાય છે. ૨૫ ગુણોની એક પચ્ચીસી, એવી પચ્ચીસ પચ્ચીસીઓ એટલે ૨૫X૨૫=૬૨૫ ગુણોના ધારક મહાપુરુષ ઉપાધ્યાયજી મહારાજ છે. આચાર્ય ભગવંત શાસકના સંચાલક છે તે રાષ્ટ્રપતિપદની તુલનાએ આવે તો પૂ. ઉપાધ્યાયજી મહારાજ વડા પ્રધાનપદે ઓળખાય. ગમે તેવો પથ્થર જેવો સાવ ઢબ્બુના ઢ જેવો શિષ્ય હોય તેને પણ ઉપાધ્યાયજી મહારાજ ભણાવીને વિદ્વાન કરી શકે છે. એવા સક્ષમ-સમર્થ હોય છે, માટે સકળ સંઘના આધારભૂત હોય છે. આગમાદિ સ્વ-પર દર્શનના સર્વ શાસ્ત્રોના અભ્યાસથી જેઓ આ પદવી પ્રાપ્ત કરેલા હોય છે એવા પૂ. ઉપાધ્યાયજી મહારાજ ગુરુ તરીકે પંચપરમેષ્ઠીઓમાં ચોથા સ્થાને છે. તેથી જ મહામંત્ર નવકારમાં ચોથા પદે આરુઢ થયેલા વંદનીય-નમસ્કરણીય છે.



(૭) સાધુપદ :-

નવકારમાં નવપદજીમાં પ્રવેશનો મુખ્ય દ્વાર-સાધુપદ છે. નવકારમાં પંચપરમેષ્ઠી તરીકે સાધુ કહેવાય છે. બસ, સાધુ પછી નવકારમાં બીજા કોઈનું સ્થાન નથી. દેવ-દેવીઓનું નવકારમાં કોઈ સ્થાન નથી. સંસારનો ત્યાગ કરી, આગારવાસમાંથી અણગારપણામાં જે પધાર્યા છે તેઓ પંચમહાવ્રતધારી ત્યાગી-તપસ્વી સાધુ બન્યા છે. માટે જ સાધુ એ મૂળ પદ છે. તે પદવી નથી. પદ અને પદવીનો તફાવત સમજવો જરૂરી છે, પદવીઓ ઠરાવેલા ગુણમાન-પ્રમાણાદિના આધારે આપવામાં આવે છે. જ્યારે સાધુ પદવી નથી. સંસારનો ત્યાગ-મહાભિનિષ્ક્રમણ કરી જે આત્મા મહાવ્રતધારી બની મોક્ષમાર્ગે આગળ વધવા પ્રવેશે તે સાધુ બને છે. ૨૭ ગુણો જીવનમાં વણી લે છે. સંસારી જીવો માટે તે પણ એક ઉચ્ચ આદર્શરૂપ હોવાથી ગુરુ તરીકેની ગણનામાં ગણાય છે. 'છત્તીસ ગુણો ગુરુ મજઝ'માં સાધુની પણ ગુરુ તરીકેની ગણતરી થાય છે. પંચપરમેષ્ઠીમાં દેવ+ગુરુ+ધર્મની રત્નત્રયીમાં ગુરુની ગણતરીમાં સાધુની પણ ગણના થાય છે. મુનિધર્મ પુરુષજાતિના સાધુ તેમ જ સ્ત્રીદેહધારી સાધ્વી બન્ને માટે એકસરખો-એકરૂપ જ છે.

(૮) જ્ઞાન પદ :-

ગુણી ભગવંતો પછી ગુણનો ક્રમ આવે છે. જોકે ગુણીઓ પણ ગુણોના આધારે જ ગુણી બન્યા છે, માટે જ ગુણોપાસના જ મૂળભૂત ધર્મ છે. ગુણો સાધ્યા વિના



કોઈ ગુણી બની શકતો જ નથી. આત્માનો મુખ્ય ગુણ જ્ઞાન છે. તેથી આત્મા જ્ઞાનમય છે. જેમ સૂર્ય તેજવાન છે-પ્રકાશમય છે તેથી જ સમસ્ત વિશ્વને પ્રકાશિત કરે છે. તેમ ચેતનાત્મા જ્ઞાનગુણથી જ્ઞાની બનીને સમગ્ર વિશ્વને જ્ઞાનથી પ્રકાશિત કરી શકે છે. મૂળભૂત સ્વભાવે જ ચેતનાત્મા જ્ઞાની જ છે. અનંત જ્ઞાની છે. લોકાલોકવ્યાપી જ્ઞાનમય છે. જ્ઞાન સ્વ-પર વ્યવસાયી, સ્વ-પર પ્રકાશક છે. હિત-અહિત, હેય-જ્ઞેય, ઉપાદેય, જડ-ચેતન, કર્તવ્ય, અકર્તવ્ય આદિનો વિવેકપૂર્ણ બોધ જ્ઞાન વડે જ સંભવ છે. દીપકની જેમ જ્ઞાન સ્વ-પર ઉભય પ્રકાશક છે.

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના કારણે જ્ઞાન પાંચ વિભાગમાં વહેંચાય છે. (૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃ પર્યવજ્ઞાન અને (૫) કેવળજ્ઞાન આ પાંચેય જ્ઞાનના અવાન્તર ભેદો-(૧) ૨૮, (૨) ૧૪, (૩) ૬, (૪) ૨ અને (૫) ૧= આ રીતે ૫૧ થાય છે. જ્ઞાન વિના જીવોની હાલત મંદમતી (મતીમંદ) જેવી કેવી થાય છે તેનો ખ્યાલ જોતાં જ આવી જાય છે. જ્ઞાનપદની આરાધના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરવા સમર્થ છે. તેથી જ્ઞાનવૃદ્ધિ થાય છે.

**(૯) દર્શન પદ :-**



જ્ઞાનનો સમકક્ષ ગુણ દર્શનનો છે. જ્ઞાનથી જાણવાનું કામ થાય છે, તો દર્શનથી જોવાનું કામ થાય છે. જ્ઞાનયોગે આત્મા જ્ઞાતા બને છે તેવી જ રીતે દર્શન ગુણથી આત્મા દષ્ટા બને છે. જ્ઞાનથી સમસ્ત લોક-અલોક તેમ જ તેના સમસ્ત જ્ઞેય પદાર્થો જાણી શકાય છે. તે જ સમયે દર્શનથી સંપૂર્ણ લોક-અલોક અને અનંતા જ્ઞેય પદાર્થો જોઈ શકાય છે. જ્ઞાન જેટલું જ દર્શન પણ વ્યાપક છે. દર્શનાવરણીય કર્મના કારણે દર્શનગુણ આવરાય છે. તેથી જ તેની શક્તિ અને ગુણ ઓછા થાય છે. ચક્ષુઆદિ ૪ દર્શન+અને નિદ્રાના પાંચ પ્રકારો મળી ૯ પ્રકારનું દર્શનાવરણીય કર્મ છે. દર્શનપદથી જેમજેમ દર્શનાચારનું પાલન વધશે તેમ તેમ દર્શનાવરણીય કર્મ ક્ષયોપશમ-ક્ષય થતું જશે અને દર્શન ગુણ વધતો જશે.



(૧૦) વિનય ગુણ :-

ગુણોનો મૂળ રાજા અથવા સર્વ ગુણોમાં મૂળભૂત પાયાનો પહેલો ગુણ વિનય ગુણ છે. વિનમ્રતા સર્વ પ્રકારના કષાયોને શાન્ત કરે છે. કષાયોને શમાવે છે. સર્વ કષાયોમાં અગ્રસ્થાને માન-અભિમાન છે. તે માન ન સંતોષાય તો તેની વિકૃતિ ક્રોધાદિ કષાયરૂપે પ્રગટ થતી હોય છે. વિનય ગુણ એવા સમયે જો ઉપસ્થિત થાય તો નિશ્ચિતરૂપે કષાયનું શમન થાય છે. નાના બાળકને પ્રથમાવસ્થાથી જ ધીરજ-ગંભીરતા વગેરે ભારે ગુણો નથી શીખવી શકાતા પરંતુ સૌપ્રથમ વિનય ગુણની નમ્રતા શીખવાડીને 'નમો'-'નમો' (જે...જે) કરતા હાથજોડવાનુ માથું નમાવવાનું વગેરે શીખવાડવામાં આવે છે અને કાળાન્તરે એ સંસ્કારો રૂઢ બનીને તેને વિનયી-નમ્ર બનાવે છે. માત્ર કાયિક નહીં, પણ વાચિક અને માનસિક સ્તર ઉપર પણ જો વિનય આવી જાય તો ગુણ ક્ષેત્રે જીવ ખૂબ આગળ વધી જાય છે. ગૌતમસ્વામી ૫૦ વર્ષની ઉંમર સુધી અભિમાની-અહંકારી હતા. પરંતુ વીર પ્રભુના પ્રત્યે એટલા વિનયી-વિનમ્ર બન્યા કે પ્રભુના પ્રત્યે સંપૂર્ણ સમર્પિત બની ગયા હતા. વિનય સમર્પણ શીખવાડે છે. કરાવે છે. આવા ગુણની ગણના વીસ સ્થાનકમાં કરી છે.

(૧૧) ચારિત્ર પદ :-

नाणं च दंसण चेव-चरित्तं च तवो तहा... ઉત્તરાધ્યયન આગમશાસ્ત્રમાં જ્ઞાન-દર્શન પછી ચારિત્રને પણ આત્માનો ગુણ ગણાવ્યો છે. જ્ઞાન-દર્શનાદિ એક-એક સ્વતંત્ર ગુણ છે, જ્યારે ચારિત્ર અનેક ગુણોનો સમૂહાત્મક ગુણ છે. સમતા, ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, દયા, ક્ષમા, શાન્તિ, સૌમ્યતા, ધીરજતા, કરુણતા, ગંભીરતા, મૃદુતા, સુશીલતા, ધ્યાન, મૌન, વીતરાગતા, વીતદ્વેષતા, શુચિતા, નિર્મળતા, શમ, સંવેગ,



પ્રશમતા, ઉપશમતા આવા એક-બે નહીં પણ સેંકડો ગુણો જે છે તે સર્વેની એક સામૂહિક સંજ્ઞાનું નામ 'ચારિત્ર' છે. આ બધા જ ગુણોને પ્રગટ કરવા જે પુરુષાર્થ કરવાનો છે તેને ચારિત્રાચાર ધર્મ કહેવાય છે. તે સંવરપ્રધાન હોવાથી આશ્રવનો નિરોધ કરે છે.

### (૧૨) બ્રહ્મચર્ય પદ :-



બ્રહ્મ શબ્દ આત્મવાચી છે. આત્મામાં આચરણ કરવાની પ્રક્રિયાને બ્રહ્મચર્ય સંજ્ઞા અપાઈ છે. જે પોતાના આત્મામાં (બ્રહ્મમાં) તલ્લીન રહે. નિમગ્ન રહે તેને સ્વ-પર દેહ પ્રત્યે લક્ષ્ય ન જાય તે બ્રહ્મચર્ય છે. બ્રહ્મચર્યની સીમા તોડીને જે બહાર બીજાના દેહ તરફ આકર્ષાઇને વાસનાના વિચારોની વિકૃતિ લાવે છે તે અબ્રહ્મમાં જાય છે. આત્મભાવની રમણતા જો બરોબર બની રહે તો દેહભાવ વચ્ચે જ ન આવે અને દેહ જ જો વચ્ચે ન આવે તો પછી સ્વદેહ કે પરદેહની વાત જ ઊભી ન થાય અને દેહ તરફ જ લક્ષ ન જાય તો દેહનાં અંગો ઉપર પણ કોઈ જ આકર્ષણ ન જાગે. આત્મગુણોની રમણતા તેનું ધ્યાન ધરવામાં આવતાં પછીના કાળમાં તે ધ્યાનની અસર છે. તેવા સંકલ્પમાં આત્મા દઢ વ્રતધારી-દઢ પ્રતિજ્ઞાધારણ કરીને રહે તે બ્રહ્મચર્ય ગુણ પણ સાધવા યોગ્ય છે. વેદ મોહનીય કર્મના ઉદયના ઉછાળાની સામે આ ગુણ આત્માને સાચવી રાખવા સમર્થ છે.



### (૧૩) ક્રિયા પદ :-

**ज्ञानक्रियाभ्यां मोक्षः** આ સિદ્ધાન્તમાં જ્ઞાન અને ક્રિયા બન્નેથી સંયુક્તપણે મોક્ષપ્રાપ્તિ સંભવ બતાવી છે. તેમાં ક્રિયા પણ મોક્ષસાધક મોક્ષ સહાયક એક ઘટક અંગ છે. સમ્યગ્જ્ઞાનના યોગે તત્ત્વનું યથાર્થ સત્ય સ્વરૂપ જાણી લીધા પછી તેને અનુરૂપ સમ્યગ્ ક્રિયા-પ્રવૃત્તિ કે આચરણ ન કરે તો ફરીથી કર્મ બાંધીને સંસારચક્રમાં ભટકતો જ રહે છે આમ પરિભ્રમણનો અંત આવી જ ન શકે. માટે ઉત્તમ ક્રિયા-આચરણ કરીને તેમાંથી નિવૃત્ત થાય તો મુક્તિ નિશ્ચિત થાય છે. ભગવાન કોઇને હાથપકડીને મોક્ષે લઈ નથી જતા, પણ જે રસ્તે, જે રીતે,

જે ઉપાય કરીને પોતે પોતાનાં કર્મો ક્ષય કરીને મોક્ષે ગયા છે તે જ માર્ગ તે જ ઉપાય જગતને દેખાડતા જાય છે અને કહે છે કે ભાઈ ! તમારે પણ જો મોક્ષે જવું હોય તો આ જ ઉપાય છે. આ જ રસ્તો છે. બીજો કોઈ વિકલ્પ જ નથી. મોક્ષ અંગેની વાતો કરવા માત્રથી કોઈ મોક્ષે ગયું નથી અને જતું નથી. તેને અનુરૂપ સુયોગ્ય અસરકારક આચરણ કરે તો જ સંભવ છે. આવો મોક્ષપ્રાપ્તિનો ઉપાય તે આત્મગુણ જ્ઞાન-દર્શનાદિના સમ્યગ્ આચરણ-ક્રિયા કરવાથી જ કર્મક્ષય કરીને જ મોક્ષ મેળવી શકાય છે. માટે જ્ઞાન-દર્શનાદિ ગુણોની આગળ આચાર શબ્દ જોડીને જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એવા પંચાચાર-પાંચ આચારોના આચરણને પ્રાધાન્યતા આપવામાં આવી છે.



## (૧૪) તપ પદ :-

તપ આત્માનો ગુણ છે. ધર્મ આત્મલક્ષી છે. આત્મા માટે છે-દેહ માટે નથી-આત્મા મુક્ત થાય છે. દેહ મોક્ષે નથી જતો. દેહ તો જડ સાધનમાત્ર છે. આત્મા દેહ છોડીને ગયા પછી પુદ્ગલ પરમાણુઓના પિંડ સ્વરૂપ દેહ છે. નાશવંત દેહને બાળીને ભસ્મ કરી દેવાનો હોય છે. આત્મા પોતાનાં કર્મોનો ક્ષય કરે અને તે પણ સમૂળ-સંપૂર્ણ કર્મક્ષય કરે તો જ મુક્તિ સંભવ છે. નહીં તો નથી. કર્મક્ષય સાધ્ય છે,તો તેના ઉપાય સ્વરૂપે તપ-તપશ્ચર્યા સાધના છે. સંવર કરવાથી આવતાં નવાં કર્મો રોકાઈ જશે, પરંતુ આત્મા ઉપર લાગેલાં જૂનાં કર્મો કેવી રીતે ખપાવીશું ? ભૂતકાળના સેંકડો ભવોનાં કરેલાં કર્મો દીર્ઘ બંધ સ્થિતિનાં બંધાયેલાં આત્મામાં પડ્યાં છે. કરોડો-અબજો-ખરવો વર્ષોની લાંબી કાળમર્યાદાનાં બંધાયેલાં પડ્યાં છે તેને જ સંચિત કર્મ કહેવાય છે. કોઈ ભગવાન કે દેવી-દેવતા આવીને આપણાં કર્મો ખપાવી નથી દેવાના. ભલે ને હજારો દેવતા સેવામાં હાજર હોય કે ગમે તેટલી સિદ્ધિઓ-લબ્ધિઓ મળી હોય તે છતાં પણ પોતાને જ પોતાનાં કર્મો ખપાવવાં પડે છે અને ન ખપાવો તો સત્તામાં (Stock) પડ્યાં જ રહેશે. કાળ પરિપક્વ થતાં ઉદયમાં આવતાં પોતાના વિપાકો દેખાડશે માટે મોક્ષગામી મુમુક્ષુ કર્મક્ષય કરે તો જ મોક્ષમાર્ગે આગળ વધી શકે.

આવાં કર્મો ખપાવવા તપ અમોઘ ઉપાય છે. તે ૬ પ્રકારે બાહ્ય તપ છે તેમાં ઉપવાસ, આયંબિલ, એકાસણાં વગેરેની ગણના થાય છે અને ૬ પ્રકારનો આભ્યંતર તપ છે. જેમાં વિનય, વૈયાવચ્ચ, પ્રાયશ્ચિત, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ વગેરેની વિશેષ ગણના છે. બાહ્ય તપથી ૩૦-૪૦ ટકા નિર્જરા થાય તો આભ્યંતર તપથી ૮૦ ટકા,૧૦૦ ટકા નિર્જરા-કર્મક્ષય થાય છે. બાહ્યતપ કરવામાં શરીરની શક્તિની પ્રાધાન્યતા રહે છે.

જ્યારે આભ્યંતર તપમાં આત્મશક્તિની પ્રાધાન્યતા રહે છે. આશ્ચર્ય તો એ વાતનું છે કે જેવો તપધર્મ જૈન ધર્મે જણાવ્યો છે એવો તપધર્મ જગતના એક પણ ધર્મે નથી દેખાડ્યો. તેથી સમજદાર સુજ્ઞોએ સમજી લેવું જોઇએ. મોક્ષપ્રાપ્તિ કયા માર્ગે સુલભ છે ? અબજો વર્ષોથી તપ-ધર્મના સમ્યગ્ આચરણની પરંપરા અખંડપણે જૈન શાસનમાં ચાલી રહી છે.

## (૧૫) દાન (ગૌતમ) પદ :-

દાન આત્મગુણ છે. શાશ્વત પદ સ્વરૂપે ગુણવાચી દાન પદની ગણના વીસ સ્થાનકમાં પંદરમા ક્રમે છે. અંતરમાં ઔદાર્ય ગુણના આધારે દાન શક્ય બને છે. આ સંસારમાં અંતિમ કક્ષાના મોટા દાનેશ્વરી તીર્થંકર ભગવંતો છે. સંસાર છોડીને દીક્ષા લેતા પહેલાં તેમને વર્ષભર સુધી વર્ષીદાન આપ્યું. આ એક જ વર્ષીદાન એવું અદ્ભુત દાન છે કે જેમાં દાતા સ્વેચ્છાનુસાર ન આપતાં લેનારની જેટલી ઇચ્છા-અપેક્ષા હોય છે તેમને તેટલા પ્રમાણમાં આપે છે. ધન, ધાન્ય, વસ્ત્ર, પાત્ર વગેરે બધું જ આપે છે. અભયદાન, સુપાત્રદાન વગેરે અનેક પ્રકારનાં દાનો છે. આવું વર્ષીદાન આખા વિશ્વના અનેક ધર્મોના પ્રવર્તક જે અનેક ભગવાનો છે તેમાંથી એક્ના પણ જીવનચરિત્રમાં વર્ષીદાન કર્યું હોય એવું અંશમાત્ર પણ વર્ણન નથી મળતું. કોઇ જ નથી આપતા વર્ષીદાન. જ્યારે જૈન ધર્મમાં ચોવીસે તીર્થંકર ભગવંતો અનિવાર્યપણે વરસ દિવસ સુધી દાન (વર્ષીદાન) આપ્યા પછી જ દીક્ષા ગ્રહણ કરે છે. દુનિયાના બધા ધર્મોના ભગવાન બધા ક્યાં દીક્ષા લે છે ? ઉપનિષદ કે વેદ-પુરાણોમાં ક્યાંય ભગવાન રામ કે કૃષ્ણ, શંકર માટે દીક્ષા લેવાનો ઉલ્લેખ સુધ્ધાં નથી. તે તો લીલા કરવા માટે અવતાર લઈને આવ્યા છે-અલ્લાહ, ખુદા કે ઇસા મસિહ કોઈની દિક્ષા લેવાની વાત જ નથી. જ્યારે જૈન ધર્મમાં દીક્ષા લીધા વિના કોઈ ઘરે બેઠા ભગવાન થતા જ નથી. જૈન ધર્મમાં એક પણ ભગવાન લીલા કરવા આવતા જ નથી. અવતાર લેતા જ નથી. શાશ્વત નિયમ જ એવો છે કે તેઓ વર્ષીદાન આપીને અવશ્ય દીક્ષા લે જ છે અને દીક્ષા લઈને સ્વકર્મક્ષય કરવાનો મુખ્ય ધર્મ આચરે છે. તેમાં પણ દીર્ઘ તપશ્ચર્યા કરે છે, પછી કૈવલ્યની પ્રાપ્તિ થતાં સમવસરણમાં બિરાજી દેશના આપે છે. દેશનામાં જ્ઞાનદાન કરે છે. મૃત્યુ પર્યંત આખી જિંદગી સાચા-સમ્યગ્જ્ઞાનનું દાન કરે છે. અંતિમ સત્ય આપે છે. આવું પણ દુનિયાના બધા ભગવાનોના જીવનમાં દેખાતું જ નથી. વર્ષીદાનમાં સંપત્તિનું દાન



પછી સમ્યગ્જ્ઞાનનું દાન...આ દાન શાશ્વત ધર્મ છે.

આ બાજુ ગૌતમસ્વામી એવા ગણધર થઈ ગયા કે જેમને એક નાનકડા પાત્રમાં ખીરમાં અંગૂઠો રાખીને ૧૫૦૦ તાપસોને પારણાં કરાવ્યાં અને સમ્યગ્જ્ઞાન દાન કરતા કરતા સમવસરણ અને ભગવાનનું એવું અદ્ભુત જ્ઞાન આપ્યું કે જેથી ૧૫૦૦ તાપસોને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. એથી દાનધર્મને જીવનમાં આત્મસાત્ કરીને એવું વણી લીધું કે પોતે દાનના પ્રતીક-પર્યાય જ બની ગયા. તેથી વીસ સ્થાનકનાં ૨૦ પદોમાં ૧૫મા દાનપદે પર્યાય-પ્રતિક તરીકે ગૌતમ પદ પણ વાચ્ય બની ગયું, પરંતુ આ અવસર્પિણીના વર્તમાન ચોવીસીના વીરપ્રભુના શાસનકાળમાં ગૌતમના નામે પદ તરીકે ઓયખાય છે. અન્યથા શાશ્વત પદ રૂપે તો દાનપદ જ ઓળખાશે. ગુણવાચી પદ છે.

## (૧૬) જિન (વૈયાવચ્ચ) પદ :-

'જી' જય ધાતુથી જીતવાના અર્થમાં જિન શબ્દ બન્યો છે. સાર્થક શબ્દ છે. પાંચે ઇન્દ્રિયોની જીતવી, મનને જીતવું, રાગ-દ્વેષને જીતવા, કષાયોને જીતવા, આહારની



સંજ્ઞાને જીતવી વગેરે ઘણી વસ્તુઓ છે જેને જીતવી જરૂરી છે તો જ આત્મકલ્યાણના માર્ગે આગળ વધી શકાય. સમસ્ત સંસારના અનંતા જીવો પાંચેય ઇંદ્રિયો-મન-વિષયવાસના, કામસંજ્ઞા, આહારસંજ્ઞા, રાગ-દ્વેષ-કષાયોને આધીન છે-પરાધીન છે. આ બધાથી એવા દબાઈ ગયેલા છે કે એની સામે માથું પણ ઊંચકી શકતા જ નથી. આવી સ્થિતિમાં કોઈ વીરલા જ્યારે પાંચેય ઇન્દ્રિયોને જીતીને તેમના ૨૩ કષાયોથી ઉપર ઉઠી જાય છે. મનને પણ જીતી લે છે અને વિચારો ઉપર એટલું જબરદસ્ત નિયંત્રણ મેળવી લે છે ત્યારે ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયો ઉપર પણ વિજય મેળવી લે છે. બિલકુલ ક્રોધાદિ કષાયો કરતા જ નથી અને વિષયવાસના કામ સંજ્ઞા જે અનંતકાળથી આત્માની સાથે ચાલતી જ આવે છે તેના ઉપર જબરદસ્ત વિજય મેળવી લે છે. બ્રહ્મચર્યનું એટલી ઉચ્ચ કક્ષાએ પાલન કરે છે કે જેમાં એક વિચાર પણ ખરાબ નથી આવવા દેતા અને સ્ત્રી-પુરુષનો ભેદ જ નથી રહેતો. કોઈ જાતીય આકર્ષણ રહેતું જ નથી. અંતમાં રાગ-દ્વેષને પણ જીતી લે છે અને એક દિવસ વીતરાગી-વીતદ્વેષી બની જાય છે. આવા જિનને જ જિનેશ્વર ભગવાન તરીકે માનવામાં આવે છે અને તેમને આરાધ્ય દેવ, ઉપાસ્ય પરમાત્મા

તરીકે માનીને ઉપાસના કરવામાં આવે છે. આવી રીતે જિનને માનનારા જિનેશ્વરના માર્ગે ચાલનારા 'જૈન' કહેવાય છે.

બીજી બાજુ પોતાના કર્મોને જીતનાર સારી રીતે વૈયાવચ્ચ-સેવાભક્તિ કરી શકે. આમ, વૈયાવચ્ચની ગણના આભ્યંતર તપમાં ત્રીજા ભેદે કરવામાં આવી છે. બાહ્ય તપમાં અઠ્ઠાઈ-માસક્ષમણ કરી લેવું સહેલું છે. જ્યારે વૈયાવચ્ચ-સેવા-ભક્તિ કરવી ઘણી અઘરી વાત છે. જંગલમાં જઈ ઝાડ નીચે પડેલા આખા શરીરે કોઢ-રોગવ્યાપી ગયો હોય અને કીડા ખદબદી રહ્યા હોય, ભયંકર વાસ મારતું શરીર હોય એવા સાધુ મુનિરાજની સેવા કોણ કરી શકશે ? તેમ છતાં પણ જીવાનંદ વૈદ્યે ઉત્તમ વૈયાવચ્ચ-સેવા કરીને મુનિરાજને રોગ મુક્ત કરે છે. તે વૈયાવચ્ચને કારણે જીવાનંદી વૈદ્યનો જીવ ભવિષ્યમાં ૧૩મા ભવે આદીશ્વર ભગવાન થાય છે. માસક્ષમણની દીર્ઘ તપશ્ચર્યા પોતાના શરીરની ક્ષુધા ઉપર વિજય મેળવીને કોઈ પણ કરી શકે છે. જ્યારે માન-અભિમાન-ક્રોધાદિ કષાયને જીતીને-તેને શમાવીને પારકાની સેવા-વૈયાવચ્ચ કરવી ઘણું અઘરું કામ છે. મનને ખૂબ મારવું પડે છે. તો જ શક્ય બને છે. આ રીતે વૈયાવચ્ચ પદની અથવા બીજા અર્થમાં જિન પદની વીસ સ્થાનકોમાં ૧૬મા ક્રમે કરવામાં આવી છે. હકીકતમાં તો એક જ સિક્કાની બે બાજુ છે. તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરાવવામાં સક્ષમ-સમર્થ છે.

## (૧૭) સંયમ પદ :-

'સંયમ' શબ્દ-ઘણા મોટા અર્થમાં છે. લોભ, મોહ, લાલસા, વાસના, જાગવા ન દેવી. ઇચ્છાઓને વધુ કૂદવા ન દેતાં મર્યાદામાં રાખવી તે સંયમ છે. સંસારમાં ખાવાપીવાના ખાદ્યપદાર્થોની કોઈ સીમા જ નથી. શરીરને તો માપસર જ જોઇએ. જ્યારે મનને તો કોઈ સીમા-માપ-પ્રમાણ છે જ નહીં. ખાવા-પીવા પુરતી જ વાત નથી. પહેરવા કરવા, ભોગ-ઉપયોગની સેંકડો સામગ્રીઓ ભેગી કરવી. પરિગ્રહ ખૂબ વધારવો. તેમાં મોહ-મમત્વ મૂર્છા રાખવી અને તેને સાચવવા માટે ખૂબ પ્રયત્ન કરવો. વર્ષોનો કિંમતી સમય તે પાછળ વીતાવવો અને એમાં જો કોઈ ચોરી



જાય, ઉપાડી જાય, લઈ જાય અથવા બીજા જ ભોગવી કે વાપરી લે તો તેના પ્રત્યે તીવ્ર ક્રોધાદિ કષાય કરવા અને છેલ્લે નિકાચિત નિયાણા કરીને એક નહીં પણ અનેક ભવો બગાડવા એ બધા કરતાં તો આત્મસંયમ રાખી -વધારીને ઇચ્છાઓને જ નિયંત્રિત કરી લેવી શું ખોટી ? આહાર, નિદ્રા, મૈથુન, પરિગ્રહાદિ સંજ્ઞાઓ ઉપર સંયમ રાખીને તેમને વધવા જ ન દેવી. ક્રોધાદિ કષાયો ઉપર સંયમ કેળવીને અંતરમાં રહેલા સમતા, ક્ષમા,

નમ્રતા, સરળતા, સંતોષાદિ ગુણો વિકસાવીને આત્મકલ્યાણ સાધવું વધુ સારું. હિંસાદિ સર્વ પાપોનું પ્રમાણ ઘટાડીને સંયમ રાખવો જોઇએ. સંસારમાં મોટા ભાગે મિથ્યામતી લોકોએ હિંસા, જૂઠ, ચોરી આદિ બધાં પાપોમાં જ સુખબુદ્ધિ માની છે, માટે વારંવાર આચરતા હોય છે. આ રહસ્ય સમજી કર્મ સિદ્ધાંતનું જ્ઞાન મેળવી રહસ્યને સારી રીતે જાણીને કે ભાવિ વિપાકો કેવા હોય છે તે સમજીને પાપો ન કરવા સંયમ રાખે છે. પોતાની ઇચ્છાઓ સિમિત કરીને જીવન જ સંયમપૂર્ણ બનાવી દે છે. એવા સંયમની સાધના પણ વીસ સ્થાનકમાં સમાવેલ છે.

## (૧૮) અભિનવ જ્ઞાનપદ :-

વીસ સ્થાનકના ૨૦ પદોમાં વધુમાં વધુ પદો કોઈ ના હોય તો તે એકમાત્ર જ્ઞાનના છે. ૮મું જ્ઞાન, ૧૮મું અભિનવ જ્ઞાન અને ૧૯મું શ્રુતજ્ઞાન પદ. આ ત્રણેય પદોમાં જ્ઞાનના જુદાજુદા સ્વરૂપે ઉપાસના છે. ૮મા જ્ઞાનપદમાં (૧) મતિ, (૨) શ્રુત, (૩) અવધિ, (૪) મનઃ પર્યવ અને ૫મું કેવળજ્ઞાન એમ ૫ જ્ઞાન અને તેના ૫૧ ભેદને સમાવવામાં આવેલ છે. જ્યારે ૧૮મા અભિનવ જ્ઞાનમાં નિત્ય નવા નવા જ્ઞાનને



સંપાદન કરવાની પ્રક્રિયા ઉપર ભાર મૂકવામાં આવેલ છે. જ્યારે ૧૯મા શ્રુતજ્ઞાન પદમાં વર્તમાન કાળે શ્રુત-શાસ્ત્ર જ્ઞાનનો સમાવેશ કરવામાં આવેલ છે. ૧૧ અંગસૂત્રો, +૧૨ ઉપાંગ સૂત્રો, +૧૦ પયન્ના, +૬ છેદસૂત્ર, + મૂળસૂત્ર, અને +અનુયોગ દ્વાર અને +નંદીસૂત્ર= એમ ૪૫ આગમશાસ્ત્રો રૂપે શ્રુતજ્ઞાનને પ્રાધાન્યતા આપવામાં આવી છે.

નવી ગાથા રોજ પાઠ કરવી. રોજ નવું નવું વાંચવું, ભણવું, શીખવું, પાઠ લેવો, સમજવું, ચિંતન કરવું, મનન કરવું, લેખન કરવું, સ્વાધ્યાય-સૂત્ર, અર્થનો ઉભય સ્વરૂપ સ્વાધ્યાય કરવો, તત્ત્વ ચિંતન, અભ્યાસ કરવો અને કરાવવો, નિદિધ્યાસન ભણવું-ભણાવવું, વાચના લેવી-દેવી, વ્યાખ્યાન આપવું-સાંભળવું, પુસ્તક લખવું-લખાવવું, ઉપદેશ શ્રવણ આદિ અનેક પ્રકારે નવું જ્ઞાન મેળવી શકાય છે. અભિનવ-નિત્ય નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરવાથી જીવજ્ઞાન રુચિ બને છે. જીવ ઉપર જ્ઞાનના સંસ્કાર વધે છે. જન્માંતરમાં પણ જ્ઞાનના સંસ્કાર અને રુચિ સાથે લઈને જીવ જાય છે. તેથી જ્ઞાનની પરંપરા પોતાની જ ભવ પરંપરામાં ચાલ્યા કરે છે. બુદ્ધિનો બૌદ્ધિક ક્ષયોપશમ વધે છે. આઠેય પ્રકારની બુદ્ધિ ખીલે છે. બુદ્ધિશાળી બને છે. સંસારમાં બુદ્ધિશાળીની જ કિંમત અને કદર છે. બુદ્ધિહીન બુધ્ધુ કંઈ જ નથી કરી શકતો. આ રીતે અભિનવ નાણ પદ વીસ સ્થાનકમાં એક સાર્થક પદ છે.



## (૧૯) શ્રુતજ્ઞાન પદ :-

શ્રુત શબ્દ 'સાંભળેલું' એ અર્થમાં છે. તીર્થંકરોથી જ્ઞાનની પરંપરા-શ્રુત-શ્રવણથી જ ચાલી છે. પ્રાચીનકાળે જ્યારે લેખનકળા તેટલા પ્રમાણમાં વિકસિત નહોતી ત્યારે મોટા ભાગની જ્ઞાનપ્રાપ્તિ શ્રવણથી જ ચાલતી હતી. તીર્થંકરો સમવસરણમાં અર્થથી દેશના આપતા હતા ત્યારે તેમના આદ્યશિષ્યો જે ગણધર કહેવાય છે તેઓ શ્રવણ કરીને અવધારણા કરતા હતા. ધારણા એ સ્મૃતિનો જ પ્રકાર છે. દીર્ઘકાલિન સ્મૃતિને અવધારણા કહે છે. બુદ્ધિનિધાન-સર્વશ્રેષ્ઠ કક્ષાની અવધારણાશક્તિ ધરાવતા ગણધરો સર્વજ્ઞની દેશના શ્રવણ કરીને અવધારી વાખતા હતા. પછી તેને વિષયાનુસાર ક્રમશઃ સંક્ષેપમાં ગૂંથીને રચના કરી રાખતા હતા. આટલું કરવા છતાં લખવાનું નહોતું. અવધારી રાખેલ શિષ્યોને ભણાવતા હતા. શિષ્યો પાછા-પોતાના શિષ્યોને-પ્રશિષ્યોને આવી રીતે એકથી બીજાને પરંપરામાં ભણાવતા ભણાવતા હજાર વર્ષ સુધી મૌખિક અભ્યાસની જ પરંપરા ચાલતી રહી. કાળાન્તરે મતિજ્ઞાનના ક્ષયોપશમની ક્ષમતા ઘટવાના કારણે યોગ્ય કાળે બધા આચાર્યોએ ભેગા થઈ સ્મૃતિ પ્રમાણે બધું નોંધી લીધું. લખ્યું. એ લખાયેલું બધું જ્ઞાન શ્રુતજ્ઞાન છે. લખાવા છતાં તેનું લિખિતજ્ઞાન નામ નથી પડ્યું, પરંતુ પરંપરા શ્રવણની જ હતી તેથી શ્રુત જ્ઞાન સંજ્ઞા રૂઢપણે ચાલી.

સર્વજ્ઞભગવંતોએ અર્થથી દેશનામાં આપેલ જ્ઞાનનું પ્રમાણ દ્વાદશાંગી છે. આ બાર અંગના બારમા અંગના ૫ ભેદોમાં એક ભેદ ૧૪ પૂર્વનો છે. તેનો વિસ્તાર... ૧૬૩૮૩ હાથી પ્રમાણ શ્યાહીથી લખાયા પ્રમાણ જેટલો છે. ચરમ તીર્થાધિપતિ પરમાત્મા મહાવીરથી આજ દિવસ સુધી ચાલતી આ શ્રુત-શાસ્ત્રની પરંપરામાં ૪૫ આગમો જ પ્રધાનરૂપે રહેલા છે. ૧૧ અંગસૂત્રો (૧૨ હતાં. તેમાંથી ૧૨મું વિચ્છેદ જતાં), +૧૨ ઉપાંગ સૂત્રો, + ૬ છેદસૂત્રો, + ૧૦ પયન્ના સૂત્રો, + ૪ મૂળસૂત્રો, + અનુયોગ દ્વારસૂત્ર + નંદીસૂત્ર = એમ મળી કુલ ૪૫ આગમશાસ્ત્રો એ શ્રુતજ્ઞાન સ્વરૂપે ઓળખાય છે. શ્રુતની ઉપાસના કરવી, આ આરાધના સ્વરૂપે છે. એનાથી શ્રુત જ્ઞાનાવરણીય કર્મના ૧૪ અને ૨૦ ભેદની કર્મ પ્રકૃતિઓનો ક્ષયોપશમ વધે છે-થાય છે તેથી સરવાળે જ્ઞાન વધે છે.

## (૨૦) તીર્થ પદ :-

વીસ સ્થાનકનાં ૨૦ પદોમાં ૨૦મું છેલ્લું તીર્થપદ છે. -તારયતીતિ તીર્થ તારે તે તીર્થ છે. જેના વડે સંસારસાગર તરી શકાય છે,તેને તીર્થ કહેવાય છે. એવા જંગમ

અને સ્થાવર બે પ્રકારનાં તીર્થો કહ્યાં છે. જંગમ તીર્થ, સાધુ, ગણધર ભગવંતો તથા સાધ્વીજી જંગમ તીર્થ છે. એ ચાલતા ફરતા તીર્થ સ્વરૂપે છે. એ પણ તારવાનો હેતુ સાધે છે. માટે જ્યારે સ્થાવર તીર્થો પંચકલ્યાણક ભૂમિઓ છે. તીર્થંકર ભગવંતોના ચ્યવનાદિ પાંચેય પ્રસંગો (૧) ચ્યવન, (૨) જન્મ, (૩) દીક્ષા, (૪) કેવળજ્ઞાનની પ્રાપ્તિ અને (૫) નિર્વાણ-મોક્ષગમન જ્યાંથી-જે ભૂમિ પર થાય છે. તે કલ્યાણક ભૂમિ કહેવાય છે. કોઈ તીર્થંકરનું એક ભૂમિ ઉપર એક જ કલ્યાણક થાય છે. જેમ કે અષ્ટાપદ તીર્થ. એ ઋષભદેવના નિર્વાણ કલ્યાણકની ભૂમિ છે. કોઈ વિશિષ્ટ ભૂમિ જ્યાં તીર્થંકર ભગવંતના એકથી વધુ કલ્યાણકો થાય છે. ગિરનાર એવું તીર્થ છે, જ્યાં નેમિનાથભગવાનનાં દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ એવાં ૩ કલ્યાણકો થયાં છે અને ચંપાપુરી એવું તીર્થ છે જ્યાં વાસુપૂજ્ય સ્વામીનાં પાંચેય કલ્યાણકો થયા છે. આવી તીર્થભૂમિઓમાં સમ્મેતશિખરજી એવું તીર્થ છે જ્યાં ૨૦ તીર્થંકર ભગવંતોના ૨૦ નિર્વાણ કલ્યાણકો થયાં છે.



તીર્થંકરોનું નિર્વાણ ન થવા છતાં પણ પાલીતાણા-શત્રુંજય તીર્થની ભૂમિ એવી છે કે જ્યાં પ્રથમ તીર્થાધિપતિ આદિનાથભગવાન પૂર્વનવ્વાણું વર્ષો સુધી આવતા જ રહ્યા અને ત્યાં સમવસર્યા. દેશના આપી. એનાથી એ ભૂમિ વધુ પાવન થઈ અને ત્યાં કાળાંતરે લાખો-કરોડોની સંખ્યામાં સાધુ-સાધ્વીજીઓ આવીને અનશન કરી કાયોત્સર્ગ ધ્યાનસાધનામાં સ્થિર રહીને કર્મક્ષય કરી કેવળજ્ઞાન પામી નિર્વાણ પામી મોક્ષે જતા રહ્યા. પુંડરિકસ્વામી ૫ કરોડ સાધુઓ સાથે મોક્ષે ગયા. દ્રાવિડ-વારિખિલ્લજી ૧૦ કરોડ સાધુઓ સાથે કાર્તકી પૂનમે મોક્ષે ગયા. આવી યાદી ઘણી મોટી છે. સંખ્યા કરોડોમાં છે અને ઘણો લાંબો કાળ આ તીર્થ ભૂમિ આ રીતે રહે છે. એથી એની તારકતા અનેકગણી વધે છે. એટલે સુધી કહેવાયું છે કે પશુ-પક્ષી પણ જે આ ગિરિરાજ ઉપર આવે છે તેમનો પણ ત્રીજા ભવે મોક્ષ થાય છે. આનાથી વધારે તારકતા શું જોઇએ ?

**વીસ સ્થાનકોની શાશ્વતતા :-**

આ મુજબ વીસ સ્થાનકોના ૨૦ પદો શાશ્વતા પદો ગણાય છે. જે ભૂત-ભાવિ-વર્તમાનના ત્રણેય કાળમાં એકધારા-એકસરખા રહે છે તે શાશ્વતા કહેવાય છે. આની જ આરાધનાથી તીર્થંકરનામ કર્મ ઉપાર્જન કરાય છે અને અનંતકાળથી અનંતા તીર્થંકરો થતા

જ આવ્યા છે. તેથી આ ૨૦ પદોની શાશ્વતતા સ્વયંસિદ્ધ થાય છે.

આ સંસારમાં જ અનાદિ-અનંતકાળથી અસ્તિત્વ ધરાવે છે. ૧ કાળચક્ર ૨૦ કોડાકોડી સાગરોપમનું છે. તેમાં ૨ ભાગ છે. ચઢતા ક્રમને ઉત્સર્પિણી કાળ કહે છે. તે ૧૦ કોડાકોડી સાગરોપમનો છે, જ્યારે બીજો ૧૦ કોડાકોડી સાગરોપમનો અવસર્પિણી કાળ ઉતરતા-ઘટતા ક્રમનો છે. બન્નેમાં ૬-૬ આરાઓ થાય છે. બન્નેમાં ત્રીજા-ચોથામાં મળીને ૨૪ તીર્થંકર ભગવંતો થાય છે. વીતી ગયેલા અનંત ભૂતકાળમાં અનંત ઉત્સર્પિણીઓ અને અવસર્પિણીઓ વીતી ગઈ છે. એક ક્ષેત્રમાં એક અવસર્પિણીમાં ૨૪, એક ઉત્સર્પિણીમાં પણ ૨૪ તીર્થંકરો થાય છે. એવા ૫ ભરતક્ષેત્રો અને ૫ ઐરવત ક્ષેત્રો છે. એવાં ૧૦ ક્ષેત્રોમાં ૧૦ ચોવીસીઓના ૨૪૦ ભગવાનો અવસર્પિણી કાળમાં થાય જ છે અને એવી જ રીતે ૧૦ ચોવીસીઓ (૫ ભરતક્ષેત્રમાં અને ૫ ઐરાવતમાં મળીને ૧૦) ઉત્સર્પિણી કાળમાં પણ થાય છે. તેથી ૨૪X૧૦=૨૪૦ થયા. અવસર્પિણી અને ઉત્સર્પિણીના બન્નેના મળીને ૧ કાળચક્રમાં ૧૦+૧૦=૨૦ ચોવીસીઓના મળીને કુલ ૨૪૨૦=૪૮૦ તીર્થંકર ભગવંતો થાય છે.

૧૫ કર્મભૂમિઓમાં ૫ મહાવિદેહ ક્ષેત્ર પણ છે. એક મહાવિદેહમાં ૪ તીર્થંકર ભગવંતો થાય છે. એવા ૫ મહાવિદેહમાં મળીને ૫X૪=૨૦ તીર્થંકર ભગવંતો ૧ અવસર્પિણી કાળમાં થાય છે. એટલા જ ૧ ઉત્સર્પિણી કાળમાં પણ ૨૦ તીર્થંકર ભગવંતો થાય તો આ રીતે ૧ કાળચક્રમાં ૨૦+૨૦=૪૦ ભગવંતો થાય છે.

આ રીતે ૧ કાળચક્રમાં બધા મળીને -

| | | | |
|---|---|---|---|
| ૧ અવસર્પિણીમાં ૫ | ભરતક્ષેત્રમાં | ૨૪૦ | તીર્થંકરો થાય છે. |
| ૧ ઉત્સર્પિણીમાં ૫ | ઐરવતક્ષેત્રમાં | ૨૪૦ | તીર્થંકરો થાય છે. |
| ૧ અવસર્પિણીમાં ૫ | મહાવિદેહમાં | ૨૦ | તીર્થંકરો થાય છે. |
| ૧ ઉત્સર્પિણીમાં ૫ | મહાવિદેહમાં | ૨૦ | તીર્થંકરો થાય છે. |
| ૧ કાળચક્રમાં અઢી દ્વીપમાં બધા મળી | | ૫૨૦ | તીર્થંકરો થાય છે. |

આ રીતે અઢી દ્વીપ સ્વરૂપમાં સમસ્ત મનુષ્ય ક્ષેત્રની સંપૂર્ણ દુનિયામાં બધા જ ક્ષેત્રોમાં કુલ મળીને ૫૨૦ તીર્થંકર ભગવંતો શાશ્વતપણે થાય જ છે. આ શાશ્વત વ્યવસ્થા છે. જે અખંડ રીતે ચાલે છે.

આવા કેટલા કાળચક્રો વીત્યાં ? વ્યતિત અનંત ભૂતકાળમાં અનંતા કાળચક્રો વીતી ગયા છે. આવી રીતે સિદ્ધ થઈ જાય છે કે અનંત X ૫૨૦ તીર્થંકરો ભૂતકાળમાં થઈ ગયા છે આગામી ભવિષ્યકાળમાં પણ એવા અનંતા કાળચક્રો થતાં જ રહેવાના છે. તેથી અનંત X ૫૨૦ તીર્થંકરો પણ થતાં જ રહેશે.

જેમ કાળ શાશ્વત છે. એવી જ રીતે ક્ષેત્રમાં અઢી દ્વીપ પણ શાશ્વતપણે રહેવાના જ છે. કાળ અને ક્ષેત્ર જ્યારે શાશ્વત છે એટલે જ કહ્યું છે કે....

આગે ચોવીસી હુઇ અનંતી, વળી રે હોશે વાર અનંતી,
અરિહંતની આદિ કોઈ ન જાણે, એમ ભાખે ભગવંત રે.

જ્યારે તીર્થંકર ભગવંતો શાશ્વતપણે અનંત થયા જ છે અને થતા જ રહેશે. સીધી વાત એ જ છે કે કાર્યની શાશ્વતતા જો હોય તો તેના કારણની શાશ્વતતા પણ સ્વાભાવિકપણે સિદ્ધ થઈ જાય છે. કાર્યરૂપે તીર્થંકર થવાપણું છે. જ્યારે કારણરૂપે વીસ સ્થાનકના ૨૦ પદો છે. કાર્ય-કારણનો સંબંધ કાયમ છે. જેવી રીતે આગ અને ધુમાડાનો કાર્ય-કારણભાવ સંબંધ શાશ્વતપણે છે. કારણકે આગ લાગવાથી કાર્ય રૂપે ધુમાડો નીકળતો જ રહેશે. એવી જ રીતે વીસ સ્થાનકોની આરાધનાથી તીર્થંકર નામકર્મ બાંધવા રૂપ કારણથી જ ભવિષ્યકાળમાં કોઈ જીવાત્મા તીર્થંકર થશે. આ રીતે આ કાર્ય-કારણભાવ શાશ્વતપણે ચાલતા જ રહેશે. અને એ રીતે તીર્થંકરો થતા જ રહેશે. શાશ્વતતાનો અર્થ જ છે કે અખંડપણે અવિરત ચાલ્યા જ કરે છે. તેમાં ખંડ ન પડે. જો કારણમાં ખંડ પડશે તો કાર્ય જ નહીં થાય અર્થાત્ જો વીસ સ્થાનકના ૨૦ પદોની આરાધના જ નહીં થાય, તો તીર્થંકર નામકર્મ જ નહીં બંધાય અને તેના અભાવે કોઈ તીર્થંકર જ નહીં થઈ શકે. એની આગળનો વિચાર કરવામાં આવે તો જો તીર્થંકર જ નહીં થાય તો ધર્મસ્થાપના-તીર્થસ્થાપના જ શક્ય નહીં બને અને ધર્મ સ્થાપના વિના કોઈ જીવ ધર્મ પામી જ નહીં શકે. ભગવાનને મેળવી જ નહીં શકે, તો પછી ધર્મ અને ભગવાન વિના તે જીવ પોતાનાં પાપકર્મોનો ક્ષય જ નહીં કરી શકે. આ રીતે આખી પ્રક્રિયામાં મૂળ કારણ જ ખંડીત થઈ જતાં આખી અખંડ વ્યવસ્થા જ ખોટકાઈ જશે. સંપૂર્ણ અંધારું થઈ જશે. આ કેટલું મોટું નુકસાન થશે.

અકર્મભૂમિમાં આ જ અને આવી જ વ્યવસ્થા છે. ભરત-ઐરવત અને મહાવિદેહના ૧૫ કર્મભૂમિનાં ક્ષેત્રો સિવાયની તેથી પણ ડબલ ૩૦ અકર્મભૂમિઓનાં ૩૦ ક્ષેત્રો છે. ત્યાં સદાકાળ ઉપર લખ્યા મુજબની આવી જ સ્થિતિ છે. હરિવર્ષ, રમ્યક, હિરણ્ય-આદિ આવાં ૩૦ ક્ષેત્રો છે. ઘણી વસતિ છે ત્યાં અબજોની વસતિની આ દુનિયા ઘણી મોટી છે. ત્યાં કોઈ ધર્મવ્યવસ્થા જ નથી. વીશ સ્થાનકો ત્યાં નથી, માટે વીસ સ્થાનકની તપશ્ચર્યા-આરાધના વગેરે કંઈ જ નથી. તેથી કોઈ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરી જ ન શકે અને ત્યાં કોઈ કાળે ક્યારેય કોઈ પણ ભગવાન થઈ જ નથી શકતા અને ભગવાન જ ન થવાથી ધર્મસ્થાપના જ સંભવ નથી. તેથી ત્યાંથી કોઈ કાળે મોક્ષપ્રાપ્તિ પણ સંભવ જ નથી અને આવી ત્યાંની વ્યવસ્થા શાશ્વતપણે છે તેવી સદાકાળ આવી જ સ્થિતિ રહેશે. એવી જ સ્થિતિ ૫૬ અન્તર્દ્વીપની પણ છે. કાળ અને ક્ષેત્રની આવી શાશ્વત સ્થિતિની સાથે ધર્માદિના અભાવની સ્થિતિ પણ ત્યાં શાશ્વતપણે સદાકાળ રહે છે, માટે ત્યાંથી કદાપિ

કલ્યાણની કામના કરી જ ન શકે.

જ્યારે ૧૫ કર્મભૂમિઓનાં ૧૫ ક્ષેત્રોની ભૂમિ જ ધર્મભૂમિ છે. આત્માને પરમાત્મા બનાવનાર ભગવાન પણ બનાવનાર આધારભૂત કારણ ધર્મ વીસ સ્થાનકનાં વીસ પદોની આરાધના એ ધર્મારાધના છે. તેની આરાધના-સાધના કરીને જ કોઈ ભાવિમાં ભગવાન બની શકે છે. સાધકોએ જીજ્ઞાસા-ભાવના બનાવવા-વધારવા ખાસ આ સ્વરૂપ સમજી લેવું જોઇએ. જેથી તત્ત્વસ્વરૂપ-જ્ઞાન સ્વરૂપ જાણીને વિશેષ આનંદ આવશે અને આવી શાશ્વત વ્યવસ્થા સમજીને આરાધના કરવામાં આવશે તો નિશ્ચિત લાભ થશે. આપણે સર્વપ્રથમ સૌભાગ્યશાળી છીએ કે કર્મભૂમિ ક્ષેત્રમાં જનમ્યા છીએ અને સામે ધર્મારાધના ઉપલબ્ધ થઈ છે. વીસ સ્થાનકો પણ ઉપલબ્ધ છે. બાહ્ય સંજોગો બધા મળી ગયા છે. હવે આભ્યંતર કક્ષાએ એકમાત્ર ભાવના અને સંકલ્પ તેમ જ આરાધનાની શરૂઆત કરવાની છે.

## શું તીર્થંકર થવું જરૂરી છે ? :-

હા...ઉપર સમજાવ્યા મુજબ ખ્યાલ આવી ગયો હશે કે જો ભગવાન જ ન થાય તો શું પરિસ્થિતિ થશે ? આખી વ્યવસ્થા જ ખોડંગાઈ જશે. ભગવાન વિના અંધારું થઈ જશે. (પાછલાં બે પાનાં ફરીથી વાંચવા ખાસ ભલામણ છે).

## શું કોઈપણ તીર્થંકર ભગવાન બની શકે છે ? :-

જીવ

(૧) ભવ્ય (ભવી) (૨) અભવ્ય (અભવી) (૩) જાતિ ભવ્ય (દુર્ભવ્ય)

સંસારમાં (૧) ભવ્ય, (૨) અભવ્ય અને (૩) જાતિભવ્ય એમ ત્રણ જાતના જીવો છે. મોક્ષ પામવાને યોગ્ય પાત્ર એક જ ભવ્ય જાતના જીવો છે. તેમનામાં ખાસ યોગ્યતા-પાત્રતા પડેલી છે. જેમ એક બીજમાં ઉગવાની પાત્રતા-યોગ્યતા પડેલી હોય છે. માત્ર અનુકૂળતા બધી જાતની મળવી જોઇએ. બીજા અભવ્યની જાતના જીવો હોય છે, જે મોક્ષને સર્વથા અયોગ્ય-અપાત્ર હોય છે. બધી જ અનુકૂળતા મળવા છતાં પણ ક્યારેય મોક્ષ મળે જ નહીં. ત્રીજા પ્રકારના જીવો મૂળમાં તો ભવ્યની જાતના હોય છે. તેથી તેમને જાતિભવ્ય કહેવાય છે, પરંતુ એકેન્દ્રિય પર્યાયમાંથી બહાર નીકળીને-આગળ વધીને પંચેન્દ્રિય-મનુષ્યાદિ પર્યાયમાં કદાપિ આવી જ શકે તેમ નથી. તેમને મોક્ષ મળવો દુર્લભ હોય છે. દુર્લભતાનો વાચક 'દુ' અક્ષર ભવ્ય શબ્દની આગળ જોડીને દુર્ભવ્ય શબ્દ બનાવવામાં આવ્યો છે.

સંસારમાં અનંતાનંત જીવાત્માઓમાં અનંતની સંખ્યા ભવ્ય જીવોની છે. તેથી મોક્ષની યોગ્યતા-પાત્રતા હોવા છતાં પણ તે મોક્ષ વિશે જાણશે ક્યારે ? સાચું જ્ઞાન

ક્યારે મેળવશે ? તે વિશે સાચી શ્રદ્ધા તેને ક્યારે થશે ? અને તે દિશામાં તે સક્રિય-ક્રિયાશીલ બનીને આચરણ ક્યારે કરશે ? પરિણામ ક્યારે કેટલા ટકા મેળવશે ? તે મોક્ષ વિશે જ્ઞાન મેળવવા જતાં સાચું જ જ્ઞાન મેળવશે ? કે પછી અસત્ય-મિથ્યા જ્ઞાન તો હાથમાં નહીં આવી જાય ને ? તે મનમાં રાજી થશે કે હું મોક્ષ વિશે ઘણું બધું જાણું છું, પરંતુ સત્યાસત્યનો વિવેક જ ન હોવાના કારણે અસત્યમાં સત્યની ભ્રમ બુદ્ધિ કરી બેસશે. ત્યારે કેવી પરિસ્થિતિ થશે ?

(૧) સત્યમાં જ સત્ય બુદ્ધિ. (૨) સત્યમાં જ અસત્ય બુદ્ધિ.
(૩) અસત્યમાં જ સત્ય બુદ્ધિ (૪) અસત્યમાં જ અસત્ય બુદ્ધિ.

બુદ્ધિ અથવા દષ્ટિ. ઉપરોક્ત ચાર પ્રકારની વાત સારી રીતે વિવેકથી સૂક્ષ્મ બુદ્ધિથી સમજવા જેવી છે. ઘણી વખત અચ્છા-અચ્છાની અસત્યમાં જ સત્યની બુદ્ધિ (દષ્ટિ) થઈ જાય છે. આજે નકલી દાગીનાનો જમાનો છે. પ્લાસ્ટિક કે પિત્તળને પણ એવું સોનેરી રૂપ આપી ચમકાવવામાં આવે છે કે ભલભલા લોકોને સોનાની બુદ્ધિ થઈ જાય છે. કાચના ટુકડાને પહેલ પાડીને એવો સરસ ચમકાવવામાં આવે છે કે અચ્છા-અચ્છા તેને સાચા હીરાના જ દાગીના માની લે છે. એવી જ રીતે ઘણી બધી વસ્તુઓમાં અસત્યમાં ભ્રમ કરાવીને સત્યની બુદ્ધિ કરાવી દેવામાં આવે છે. એવી જ રીતે મનમાં આત્મબુદ્ધિ થાય છે. તે પણ અસત્યમાં સત્યની ભ્રાંતિ જ છે. મન આત્મા નથી જ તેમ છતાં તેમાં આત્મબુદ્ધિનું આરોપણ કરીને ઘણા લોકો વ્યવહાર કરે છે. એનાથી વિપરિત એવા પણ લોકો છે કે જે સત્યમાં જ અસત્યની બુદ્ધિ ધરાવતા હોય છે. ઘણાં લોકો મોક્ષ-અપવર્ગને જ સ્વર્ગ સ્વરૂપે માનવાની વૃત્તિ ધરાવતા હોય છે. આત્માને જ મન માનીને વ્યવહાર કરતા હોય છે. તત્ત્વમાં અતત્ત્વબુદ્ધિ, અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ આ બધા મિથ્યાત્વના અનેક પ્રકારો છે. જો અસત્યમાં અસત્ય બુદ્ધિ જાગી જાય.... તો તો ઘણી સારી વાત છે. જે વાસ્તવમાં સત્ય છે જ નહીં... દેહ આત્મા નથી તો સાફ ના જ પાડવી જોઈએ. કે... હા. બરોબર છે દેહમાં આત્મબુદ્ધિ ન કરવી, મનમાં પણ આત્મબુદ્ધિ ન જ કરવી. દેહ અને મન બન્ને જડ પુદ્‌ગલ દ્રવ્યના પરમાણુઓના સંયોજન-સંમિશ્રણથી જીવ બનાવે છે. માટે આ બન્નેથી ચેતનતત્ત્વ આત્મા સાવ જુદો જ છે. માટે તે અસત્યમાં સત્યબુદ્ધિ ન રાખતાં વાસ્તવમાં જે અસત્ય જ છે, તેમાં જ તેવી અસત્ય બુદ્ધિ કરવી. મન અને દેહ જે આત્મા નથી તેમાં ના જ પાડવી કે હા એ આત્મા નથી. ચેતન નથી.

આ રીતે ઉપરોક્ત ત્રણેય દષ્ટિ-બુદ્ધિ ટળે તો જ સત્યમાં સત્ય માનવાની સાચી સમ્યગ્દષ્ટિ જાગે. આત્મામાં જ ચેતનાત્મ બુદ્ધિ બનાવીને સાચું સમ્યગ્જ્ઞાન જાગે. આવી જ રીતે- અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ, તત્ત્વમાં અતત્ત્વ બુદ્ધિ, અતત્ત્વમાં અતત્ત્વ બુદ્ધિ અને તત્ત્વમાં તત્ત્વબુદ્ધિ આ ચારેય ભેદ પણ ઉપર મુજબ સમજી લેવા અને પરિણામ

સ્વરૂપે મિથ્યાત્વનું સર્વથા વમન કરી ચરમસત્યને સ્વીકારવા, સમજવા, માનવાનો પ્રબલ પુરુષાર્થ કરવો જેથી સમ્યગ્દર્શન પામી સમ્યકત્વી બની શકાશે. ભવ્યાત્મા પણ સમ્યકત્વ પામ્યા પછી જ આગળ વધી શકશે.

અભવ્ય અને દુર્ભવ્ય જીવો મોક્ષને અયોગ્ય-અપાત્ર હોવાથી તે કદાપિ સમ્યકત્વ પામી જ ન શકે. દુર્ભવ્ય તો એકેન્દ્રિયથી આગળ વધીને પંચેન્દ્રિયની કક્ષા સુધી કદાપિ પહોંચી જ નથી શકતો એટલે તેને તો સમ્યગ્દર્શન અનંતાકાળમાં પણ પામવાની કોઈ સંભાવના જ નથી ઊભી થતી.

અભવી જીવ ભલે પંચેન્દ્રિય પર્યાય પામીને મનુષ્ય બની પણ જાય છે તો પણ સંપૂર્ણ અપાત્રતા, અયોગ્યતા જ પડી હોવાના કરાણે સમ્યગ્દર્શન પામવાની કોઈ સંભાવના અનંતાકાળે પણ છે જ નહીં. હવે રહી વાત ભવ્યાત્માઓની. ભવ્યો પણ અનંતા છે. તેથી યોગ્યતા-પાત્રતા જરૂર છે. હવે તે ભવ્યાત્મા ઉપર લખ્યા મુજબ સાચા સત્યમાં જ સત્ય બુદ્ધિ, તત્ત્વમાં જ તત્ત્વબુદ્ધિ બનાવીને ચરમસત્ય બરોબર સમજી લે તો જ સમ્યગ્દર્શન પામી શકે છે. અન્યથા ક્યારેય કોઈ સંભાવના જ ન રહે. જેમ આપણા ઘરે ૧૦ બાળકો છે. ૯ની પાછળ પુરતી મહેનત કરીને તેમને સારામાં સારી રીતે ભણાવી-ગણાવીને હોંશિયાર બનાવવામાં આવે અને એકની પાછળ બિલકુલ કોઈ જ મહેનત ન કરવામાં આવે, ન ભણાવવામાં આવે અને સાચી દિશામાં વાળવામાં જ ન આવે તો તે કેવો થાય ? અને બીજા નવ કેવા થાય ? સ્વાભાવિક છે કે બીજા નવ ભણીગણીને હોંશિયાર બુદ્ધિમાન થશે. જ્યારે એક સાવ બુદ્ધિહીન રહેશે. તેમાં કોઈ જ્ઞાનવૃદ્ધિ નહીં થાય. એવી જ રીતે ઉત્તમ કક્ષાની યોગ્યતા-પાત્રતા પડી હોવા છતાં પણ સર્વજ્ઞપ્રણિત સત્યતત્ત્વોને સમજવા, જાણવા કોઇ જ પુરૂષાર્થ ન કરે, ન શીખે, ન ભણે, ન જાણે તો તેનામાં આત્મા-મોક્ષાદિ બધાં તત્ત્વો માનવાની સાચી સમ્યગ્ શ્રદ્ધા ક્યાંથી આવશે ? અને તે વિના સમ્યગ્દર્શન જ નહીં પામી શકે અને સમ્યગ્દર્શન પામ્યા વિના મોક્ષમાર્ગે એક ડગલું પણ આગળ વધી જ ન શકે. માટે સમ્યગ્દર્શન એ મોક્ષમાર્ગનો મુખ્ય પ્રવેશદ્વાર છે. દરવાજો છે, તો જ અંદર પ્રવેશીને આગળ વધી શકાશે.જે ભવ્યાત્માઓ આ સત્યતત્ત્વને જાણવા-માનવાની દિશામાં કોઈ પ્રયત્ન જ ન કરે... માત્ર સંસારના આહાર, નિદ્રા, મૈથુનાદિનાં સુખો ભોગવવામાં જ જો મશગૂલ રહીને જીવન પૂરું કરી નાખે તો સમ્યકત્વ પામી જ ન શકે અને આત્માનો વિકાસ બિલકુલ થઈ જ ન શકે. મોક્ષની દિશામાં એક ડગલું પણ આગળ વધી જ ન શકે. સ્વર્ગમાં દેવ-દેવી બનીને કરોડો-અબજો વર્ષોનું આયુષ્ય પણ દેવતાઓ સુખ ભોગવવામાં જ વીતાવી દે છે અને પરિણામે સમ્યકત્વ ન પામતાં જીવન વ્યર્થ ગુમાવે છે. દેવ-દેવી બનવા છતાં પણ... અને અબજો-ખરવો વર્ષોનું આટલું લાંબુ દીર્ઘ આયુષ્ય મળવા છતાં પણ કોઈ જ વિકાસ સંભવ નથી. આવા તો એક નહીં હજારો ભવ જીવો બગાડી દે છે. વ્યર્થ ગુમાવે છે.

પંચેન્દ્રિય પર્યાયમાં આવવા સિવાય તો જીવ સમ્યક્ત્વ પામી જ ન શકે. કારણ કે એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીની અવસ્થા તો અસંજ્ઞીની છે અને પંચેન્દ્રિયમાં પણ અસંજ્ઞીની કક્ષા છે. પંચેન્દ્રિયમાં આવી ગયા પછી દેવ, મનુષ્ય તિર્યંચ અને નારકીની ચાર જાતો છે. ૭ નરકોમાં રહેલા અસંખ્ય નારકી જીવો તીવ્ર દુ:ખની વેદના-પીડા ભોગવવામાં જ અરબો-ખરવો વર્ષોનું આયુષ્ય પૂરું કરી નાખે છે. બીજી તરફ ત્યાં દેવ-ગુરુ-ધર્મ-તત્ત્વાદિની અંશમાત્ર પણ ઉપલબ્ધિ જ નથી. તેથી સમ્યગ્દર્શન પામવાની કોઈ જ સંભાવના નથી રહેતી.

બીજી ગતિ દેવ ગતિ છે. ૭ રાજલોકમાં અસંખ્ય દેવી-દેવતાઓ છે. દેવોની દુનિયા પણ ઘણી મોટી છે. અબજો-ખરબો વર્ષોના મોટા મોટા લાંબા આયુષ્ય હોય છે તેમનાં. વૈક્રિયશક્તિ-લબ્ધિ પણ ઘણી હોય છે. દેવલોકમાં લાખોની સંખ્યામાં જિનાલયો-મંદિરો છે. કરોડોની સંખ્યામાં મૂર્તિઓ પણ છે. શાશ્વતા તત્ત્વશાસ્ત્રો વગેરે પણ છે. વાંચી-સ્વાધ્યાય-ધ્યાનાદિ કરીને ઘણા દેવતાઓ સત્ય પામી શકે છે. એટલું જ નહીં, હજારો-લાખોની સંખ્યામાં દેવી-દેવતાઓ પોતાની વૈક્રિયશક્તિથી આ ધરતી પર આવીને તીર્થંકરોના સમવસરણમાં બેસીને દેશના શ્રવણ કરીને પણ સમ્યક્ત્વ પામી શકે છે. બસ, આવશ્યકતા છે આ કરવાની. જો દેવતાઓ માત્ર સ્વર્ગનાં સુખ-ભોગો-વૈભવો ભોગવવામાં જ આસક્ત બની જાય તો પોતાનો ભવ બગાડી દેશે. કંઈ જ નહીં પામી શકે. માટે જ દેવલોકમાં અસંખ્ય દેવી-દેવતાઓમાં પણ ૮૦ ટકાથી ૯૦ ટકા દેવી-દેવતાઓ મિથ્યાત્વી છે. બસ, સુખ-ભોગ-વૈભવોમાં જ પોતાનું આયુષ્ય પૂરું કરી નાખે છે. જ્યારે કેટલાક વીરલા દેવી-દેવતાઓ એવા છે, જે સમવસરણોમાં જઈને તીર્થંકરોની દેશના શ્રવણ કરીને તત્ત્વ શ્રવણ કરીને સમજીને સમ્યગ્દર્શન પામે છે.

તિર્યંચ ગતિનાં પશુ-પક્ષીઓ પણ અસંખ્ય જીવો છે. બુદ્ધિ-જ્ઞાન વિનાનાં પશુ જીવો છે. સમજશક્તિ ન હોવાના કારણે સર્વજ્ઞપ્રણિત ચરમસત્યને હેય-જ્ઞેય-ઉપાદેયનો વિવેક જ તેમનામાં નથી. તેથી સમ્યગ્જ્ઞાન-દર્શન થવાની તક વધુ નથી. હા, પૂર્વજન્મના કોઈ સારા સંસ્કારોના કારણે પૂર્વજન્મની સ્મૃતિ જાગી જાય અને પૂર્વજન્મનો બોધ જાગવાથી સત્યાસત્ય સમજાઈ જાય છે અને યથાપ્રવૃત્તિકરણ અને અપૂર્વકરણ કરીને મિથ્યાત્વની નિબીડગ્રંથિભેદીને સમ્યગ્દર્શન પામે છે, પરંતુ લાખોમાં કોઈ વીરલા જ આવી રીતે પામે છે. હા...અનેક પશુઓ પણ સમવસરણમાં બેસે છે અને ભગવાનની દેશના સાંભળે છે, પરંતુ એમના માટે શ્રવણની મહત્તા કરતાં જિનેશ્વરની સૌમ્યાકૃતિનાં દર્શન તેમ જ સમવસરણનાં દર્શન વગેરે જોવાથી તેમની ભાવનાઓમાં ઘણો જ ફરક આવે છે. હિંસકપણું સાવ ઘટી જાય છે અને પ્રભુજીની સૌમ્ય-શાંત મુખાકૃતિ જોવાથી પરસ્પરનો વેરભાવ ભૂલી જાય છે એવી જ રીતે પ્રભુના પ્રભાવમાં આવેલા હોવાથી તે પણ લાભ ઘણો

પામે છે. દા.ત. અશોકવૃક્ષની શીતલ છાયામાં શીતલતાનો અનુભવ ભય-શોક વિસરાવે છે. આવા તો અષ્ટમહાપ્રતિહાર્યોની અદ્ભુત રચના જે દેવકૃત છે તેનો પ્રભાવ સર્વે ઉપર પડતો જ હોય છે. સૌથી મોટી વાત તો પરમાત્માની કરુણા અને કૃપાદષ્ટિ છે તેના પાત્ર બને છે.

પંચેન્દ્રિય પર્યાયમાં ચોથા છે મનુષ્ય ગતિના નર-નારીઓ. અબુધ પશુ-પક્ષીઓ, મૂકપ્રાણીઓ જો આટલાં પ્રભાવિત થઈ શકતા હોય તો વિવેકબુદ્ધિવાળો અને બુદ્ધિમાન માનવ તો કેટલાગણો વધારે સમજી શકતો હશે ? સર્વજ્ઞની દેશના અક્ષરેઅક્ષર સારી રીતે શ્રવણ કરી શકે છે અને સમજી શકે છે. તેથી હેય-જ્ઞેય-ઉપાદેયનો વિવેક ખૂબ સારી રીતે વાપરી શકે છે. સર્વજ્ઞની દેશનામાં ચરમ સત્યનું સ્વરૂપ સારી રીતે સમજીને પોતાનું સમયગ્જ્ઞાન વધારીને યથાપ્રવૃત્તિકરણ + અપૂર્વકરણ કરીને રાગ-દ્વેષની નિબીડ ગ્રંથિનું ભેદન કરીને મિથ્યાત્વનું વમન કરીને સમ્યગ્દર્શન પામી શકે છે.

ભવ્યો મોક્ષે જશે કે સમ્યકત્વી? :-

ભવ્ય જીવો સંસારમાં અનંતા છે, પરંતુ તેની સરખામણીમાં સમ્યક્ત્વી જીવોની સંખ્યા-ભવ્યોના અનંતમાં ભાગની જ છે. કર્મશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે ભવ્યપણું પામવા માટે કોઈ પુરુષાર્થ નથી કરવો પડતો, કારણકે તે મૂળભૂત છે. તેને કર્મની કોઈ અસર નથી લાગતી. કર્મના આવરણથી તે આવરાતું નથી અને કર્મના ક્ષયથી તે પ્રગટતું નથી. તે પારિણામિક ભાવે જ રહે છે. આવા પારિણામિક ભાવ વડે જ મૂળભૂત ભવ્ય જીવ અનંતાકાળ સુધી ભવ્ય જ રહે છે. તેનું ભવ્યપણું કદાપિ નષ્ટ થતું નથી. ભવ્ય અભવ્ય થતો નથી અને અભવ્ય કદાપિ ભવ્ય થતો નથી. પારિણામિકભાવનું આવું સ્વરૂપ સારી રીતે સમજી લેવું જોઇએ.

પાંચ પ્રકારના ભાવો છે. **औपशमिक क्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिक पारिणामिकौ च ।। (तत्त्वार्थाधिगम सूत्र-१/२)**

૧) ઔદયિક ૨) ક્ષાયિક ૩) ક્ષાયોપશમિક ૪) પારિણામિક અને ૫) ઔપશમિક. આ પાંચ ભાવો છે. તત્ત્વાર્થાધિગમ તથા કર્મશાસ્ત્રમાંથી સવિસ્તૃત્વ જાણકારી મેળવી લેવી.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પારિણામિકભાવ પ્રમાણે નથી. તે મૂળભૂત કે સહજ નથી. ભગીરથપુરૂષાર્થ કરીને તેના આવરક કર્મ મિથ્યાત્વ મોહનીયના ક્ષય/ક્ષયોપશમથી જ મેળવવું શક્ય છે. અન્યથા સંભવ જ નથી. મિથ્યાત્વનું ૧૮મું પાપ આચરીને જીવો મિથ્યાત્વ મોહનીય કર્મ બાંધે છે. આ પાપનું આચરણ વારંવાર-અનેકવાર-હજારો-લાખોવાર મન, વચન, કાયાથી કરણ-કરાવણ અને અનુમોદના દ્વારા કરતા જ રહે છે. તેથી વારંવાર-મિથ્યાત્વ મોહનીય કર્મ પણ બંધાતું જ રહે છે. આ રીતે એક પ્રકારનું વિષચક્ર ચાલતું જ રહે છે. મિથ્યાત્વનું પાપ કરતો જ રહે છે અને મિથ્યાત્વ મોહનીય કર્મ બાંધતો જ રહે છે.

આ પાપ અને કર્મના વિષચક્રના વમળમાંથી છૂટવાનો-બહાર નીકળવાનો યોગ ક્યારે આવે ? ક્યારે જીવ એવા દેવ-ગુરૂ-ધર્મ અને તત્ત્વના નિમિત્તો પામે ? ચરમસત્યને સમજવાના સર્વોત્કૃષ્ટક સંજોગોની બધી જ અનુકૂળતા-અનકુળ સંજોગો ક્યારે મળે ? અને ક્યારે જીવ યથાર્થ તત્ત્વ સમજે. તે સર્વનું સાચું સમ્યગ્જ્ઞાન ક્યારે પામે...તેથી પોતામાં રહેલું અસત્ય એને ક્યારે સમજાય ? ક્યારે તે અસત્ય-મિથ્યાત્વ વમીને સાચુ સત્ય સ્વીકારવા ઉત્સુક બને ? યથાપ્રવૃત્તિકરણ-અપૂર્વકરણની પ્રક્રિયા દ્વારા અભૂતપૂર્વ આત્મશક્તિ વાપરીને મિથ્યાત્વ વમીને સમ્યક્ત્વ ક્યારે પામશે ?

ભલે ભવ્ય જીવો અનંતા હોય...અને હા, મૂળભૂત ભવ્ય જીવ હોવાથી મોક્ષગમનની યોગ્યતા પડી હોવા છતાં પણ બધા જ ભવ્યો મોક્ષે જતા જ રહેશે એવું નથી. થોડો બારીક ભેદ સમજવો જરૂરી છે. ભવ્યત્વપણામાં મોક્ષગમનની યોગ્યતા ચોક્કસ પડી છે. જ્યારે સમ્યક્ત્વ પામવા સાથે જ મોક્ષ મળવાનું નક્કી થાય છે. આરક્ષણ થાય છે. જ્યારે સમ્યગ્ચારિત્ર અને તપ જીવને મોક્ષપ્રાપ્તિની સાચી દિશામાં આગળ વધારીને સોપાનો ચઢાવીને આગળ ધપાવે છે. એક સાદા દૃષ્ટાંતથી તુલના કરતા આ રહસ્ય સમજી શકાશે. એક કન્યા જન્મે છે ત્યારે જ તે માતૃત્વ સુલભ યોગ્યતા લઈને જ જન્મે છે. એના શરીરમાં બીજગ્રંથિ, બીજવાહિની નળી, ગર્ભાશય, યોનિ આદિ પ્રજનન અવયવો-જનનેન્દ્રિયાદિ માતા બનવા માટેની યોગ્યતા સારામાં સારી છે જ, પરંતુ કાળ નિર્ગમન થયા પછી ઋતુચક્રની નિયમિતતા પછી યૌવનવયે લગ્ન થવાં જરૂરી છે. લગ્ન પછી સુયોગ્ય સમયે પતિ સમાગમથી રજ-શુક્રના સંયોગથી ગર્ભધારણ થાય છે. ત્યાર પછી સાડા નવ માસે બાળકનો જન્મ થતાં તે સ્ત્રી માતૃત્વ ધારણ કરશે.

આ દૃષ્ટાંતની સાદશ્યતાથી સહેલાઇથી સમજાશે કે...પ્રજનન અવયવોની બધી જ અનુકૂળતા સાથે લઇને જન્મેલી કન્યાની જેમ ભવ્ય જીવ મોક્ષગમનની યોગ્યતા, પારિણામિક ભાવોવાળો છે. યૌવનવયે કન્યાનાં લગ્ન થવા જેવી પ્રક્રિયા ભવ્યાત્માના ચરમાવર્તના અર્ધપુદ્ગલ પરાવર્ત કાળપ્રદેશે પહોંચીને સમ્યક્ત્વ પામવાપણા જેવું છે. જ્યારે સમ્યક્ત્વ પામશે ત્યારે મોક્ષ નક્કી થશે. જેમ લગ્ન થયાં એટલે હવે માતા નક્કી થશે જ એવી આશા બધાને બંધાય છે. ઠીક એવી જ રીતે સમ્યક્ત્વ પામ્યો એટલે હવે એ ભવ્ય સમ્યક્ત્વી જીવનું મોક્ષે જવાનું નક્કી થયું, પરંતુ નક્કી થવા માત્રથી આજે ને આજે મોક્ષે જતો નથી રહ્યો. લગ્ન થવાના દિવસે જ સ્ત્રી માતા બની નથી જતી. એવી જ રીતે સમ્યક્ત્વ પામ્યો એટલે જીવ મોક્ષે જતો નથી રહ્યો પણ મોક્ષે ચોક્કસ જશે જ એવું નક્કી થઈ ગયું છે, પરંતુ જવાનો કાળ આવવાનો હજી બાકી છે. જેમ લગ્ન પછી પતિ સમાગમ...અને સુયોગ્ય કાળે રજ-વીર્ય સ્ત્રી અંડ (બીજ) અને પુરૂષના શુક્રનું સુયોગ્ય મિલન થશે, બીજનું ફલિનીકરણ થશે. તો જ ગર્ભધારણ થશે અને પછી જ કાળાંતરે સાડા નવ માસે બાળકનો

જન્મ થશે. એવી જ રીતે સમ્યક્ત્વ પામ્યા પછી જ્યારે ચારિત્રાચાર અને તપાચારથી ગુણ શ્રેણીનાં સોપાનો ચઢતાં-ચઢતાં આગળ વધતાં વધતાં જીવ જ્યારે સર્વથા સમૂળ-સંપૂર્ણ કર્મનાશ કરશે ત્યારે જીવ મોક્ષે જશે. આ રીતે રત્નત્રયીનાં ચાર પગથિયાં પૈકી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરીને સર્વજ્ઞપ્રણિત ચરમસત્યને સમજી લીધું અને પછી સમ્યગ્દર્શન (સમ્યક્ત્વ) પામીને ચરમસત્ય પ્રમાણેનાં તત્ત્વોને સારી રીતે માનવા લાગે છે. પ્રથમ ચરણમાં જાણવાનું હતું, તો બીજા ચરણમાં માનવાનું છે. માનીને સાચી શ્રદ્ધા ધારણ કરવાનું છે. હવે પછી ત્રીજા ચરણમાં ચારિત્રાચારથી નવાં પાપકર્મોના આશ્રવોને રોકવાનું કામ કરવાનું છે અને ચોથા છેલ્લા ચરણમાં નિર્જરા વડે કર્મક્ષય કરવાની પ્રક્રિયા કરતાં કરતાં મોક્ષપ્રાપ્તિની દિશામાં આગળ વધતા જ જવાનું છે. બસ, જે દિવસે સર્વથા સંપૂર્ણ સમૂળ બધાં જ કર્મોનો ક્ષય થઈ જશે તે દિવસે જીવાત્મા કર્મબંધનથી મુક્ત થઈને મોક્ષે જતો રહેશે.

આ સત્યને સારી રીતે સમજી લેવાથી ભવ્યાત્માનું સાચું સ્વરૂપ-સાચી સ્થિતિ સમજમાં આવી જશે અને ભવ્યપણાની અનિવાર્યતા સમજાશે. ત્યાર પછી સમ્યકત્વ પ્રાપ્તિની આવશ્યકતા સમજાશે. ત્યાર પછીની સંવર-નિર્જરા ધર્મની ઉપયોગીતા પણ ખ્યાલમાં આવી જશે. એટલે એ વાત નક્કી થાય છે કે માત્ર ભવ્યપણું હોવામાત્રથી જ મોક્ષ મળી જશે એવું નથી, પરંતુ સમ્યક્ત્વ હોવાથી અવશ્ય મોક્ષ મળશે જ. ભવ્યપણું હોવા છતાં પણ મોક્ષ મળશે કે નહીં તે શંકાસ્પદ રહે છે. જ્યારે સમ્યક્ત્વ પામ્યા પછી સો ટકા મોક્ષે જશે જ એ નક્કી થાય છે. હવે શંકાનું નામ જ નથી રહેતું. આ રહસ્ય સમજી લેવાથી ખ્યાલ આવી જશે કે બધા જ ભવ્યો (અનંતા) મોક્ષે જતા જ રહેશે એવું કહી નથી શકાતું. ભલે ને અનંતકાળ વીતી જાય. માત્ર અભવ્ય-દુર્ભવ્યોનો જ સંસાર રહી જશે ? ના. એવી કોઈ સંભાવના જ નથી. સંસાર, ભવ્ય જીવો, મોક્ષે જવાની પ્રક્રિયા-મોક્ષગમન, મોક્ષમાર્ગ આ બધા જ શાશ્વત છે.

**વીસ સ્થાનક તપ આરાધના :-**

વીસ સ્થાનકના વીસ પદોનું જે વર્ણન કર્યું છે તે પદાનુસાર પંચાચારપૂર્વક પૂર્ણ આરાધના કરવાની છે. પ્રત્યેક પદની આરાધના તપપૂર્વક, જપપૂર્વક, ક્રિયાવિધિપૂર્વક કરવાની સુંદર વિધિ છે. વર્તમાનકાળે પ્રચલિત વિધિ આ પ્રમાણે છે. એક પદના ૨૦ ઉપવાસ-આયંબિલ-એકાસણા કરે અને તેના માટે કાળાવધિ ૬ માસની છે. એક પદની આ રીતે એક ઓળી પૂરી થઈ ગયા પછી બીજા ૬ મહિનામાં બીજા પદના બીજા ૨૦ ઉપવાસ-આયંબિલ-એકાસણા કરવાના છે. આવી રીતે ૨૦ પદોના ૨૦-૨૦ ઉપવાસ કરતા ૨૦ x ૨૦ = ૪૦૦ ઉપવાસ-આયંબિલ-એકાસણા થાય છે અને દર છ મહિનાની એક ઓળી ગણતાં એક વર્ષની ૨ ઓળી થશે. એવી રીતે ૧૦ વર્ષોમાં ૨૦ ઓળી પૂરી થતાં આ વીસ સ્થાનક તપ પુરું થાય છે.

પરંતુ કોઈ ઉત્કૃષ્ટ ભાવવાળા પુણ્યાત્માઓ ૧૦ વર્ષનો આટલો લાંબો સમય એમાં લગાડવા ન માગતા હોય અને કાળાવધિ પોતાની ઇચ્છા મુજબ ઘટાડીને ૫ વર્ષમાં, ૩ વર્ષમાં, ૨ વર્ષોમાં જે રીતે કરવા માગતા હોય તે રીતે પણ કરી શકે છે. એકબાજુ તો કાળાવધિ ઘટાડી ઓછી કરવી અને બીજી બાજુ તપનું પ્રમાણ વધારીને ઘણું વિસ્તારી પણ શકે છે. કોઈ જો એક મહિનાના ૩૦ દિવસોમાં ૨૦ ઉપવાસ-આયંબિલ-એકાસણાપૂર્વક કરે તો ફક્ત ૨૦ મહિનામાં અર્થાત્ પોણા બે વર્ષ પહેલાં પણ તપ પૂરું થઈ શકે છે.

કોઈ છઠ્ઠ બબ્બે ઉપવાસપૂર્વક જ ઉપાડે અને તે રીતે ૪૦૦ છઠ્ઠની તપશ્ચર્યા પોતાની ઇચ્છાનુસાર ઓછા વધારે કાળમાં કરી શકે છે.

કોઈ આરાધક અઠ્ઠમ=૩ ઉપવાસથી તપશ્ચર્યા ઉપાડે તો ૪૦૦ અઠ્ઠમ કરવાના રહેશે. કાળાવધિ ૧૦ વર્ષની તો છે, પરંતુ પોતાને જેટલી ઓછી કરવી હોય તેટલી ઘટાડી શકાય છે.

પરંતુ સવિ જીવ કરું શાસન રસીની ભાવના માટે કોઈ યથાશક્તિની વાત નથી. શારીરિક અશક્તિના કારણે તપ ઓછો-વધારે ચાલે પણ ભાવની પ્રબળતા મુખ્ય છે.

એક પદની આરાધના કે વીસેય પદની આરાધના અનિવાર્ય છે?:-

એક પદની આરાધનાથી અને વીસેય પદની સામૂહિક આરાધનાથી પણ તીર્થંકર નામ કર્મ બાંધી શકાય છે. ત્રિષષ્ઠી શલાકા પુરૂષ ચરિત્રમાં કલિકાળ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય મહારાજે ચોવીશ તીર્થંકર ભગવંતોના ચરિત્ર લખ્યા છે. જેમાં વધારે તીર્થંકર ભગવંતોએ એક-એક પદની વિશિષ્ટ આરાધના કરીને તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું છે એવો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. એક પદ,બે પદ,પાંચ પદ, દશ પદ, કે વીસ પદની વિશિષ્ટ આરાધના કરી શકાય છે. તપ અને પદની સંખ્યા ઓછી-વધારે ચાલે પણ ભાવ ઉત્કૃષ્ટ કક્ષાના ભાવવા જરૂરી છે. ભાવ વગરની આરાધના લુખી કહેવાય છે.

દરેક પદની આરાધના સાથીયા,ખમાસમણા,કાઉસગ્ગ, માળાજાપ દ્વારા કરવાની વિધિ પ્રચલિત છે તે દરેક પદના અગલ-અલગ ગુણો પ્રમાણે ગોઠવવામાં આવ્યા છે તે નીચે મુજબ છે -

| ક્રમ | પદના નામ | સાથીયા | ખમા. | કાઉ. | માળા |
|---|---|---|---|---|---|
| 01 | નમો અરિહંતાણં | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |
| 02 | નમો સિદ્ધાણં | ૩૧ | ૩૧ | ૩૧ | ૨૦ |
| 03 | નમો પવયણસ્સ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૦ |
| 04 | નમો આયરિયાણં | ૩૬ | ૩૬ | ૩૬ | ૨૦ |
| 05 | નમો થેરાણં | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 06 | નમો ઉવજ્ઝાયાણં | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૦ |
| 07 | નમો લોએ સવ્વ સાહૂણં | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૦ |
| 08 | નમો નાણસ્સ | ૫૧ | ૫૧ | ૫૧ | ૨૦ |
| 09 | નમો દંસણસ્સ | ૬૭ | ૬૭ | ૬૭ | ૨૦ |
| 10 | નમો વિણયસંપન્નસ્સ | ૫૨ | ૫૨ | ૫૨ | ૨૦ |
| 11 | નમો ચારિત્તસ્સ | ૭૦ | ૭૦ | ૭૦ | ૨૦ |
| 12 | નમો બંભવયધારિણં | ૧૮ | ૧૮ | ૧૮ | ૨૦ |
| 13 | નમો કિરિયાણં | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૦ |
| 14 | નમો તવસ્સ | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |
| 15 | નમોગોયમસ્સ | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |
| 16 | નમો જિણાણં | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |
| 17 | નમો સંજમસ્સ | ૧૭ | ૧૭ | ૧૭ | ૨૦ |
| 18 | નમો અભિનવનાણસ્સ | ૫૧ | ૫૧ | ૫૧ | ૨૦ |
| 19 | નમો સુયસ્સ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |
| 20 | નમો તિત્થસ્સ | ૩૮ | ૩૮ | ૩૮ | ૨૦ |

### ભવ પરંપરામાં વીરપ્રભુની વિશ્વ રેકોર્ડ સ્વરૂપ દીર્ઘ તપશ્ચર્યા :-

શાસ્ત્રમાં વર્ણન આવે છે. ચોવીસમાં તીર્થંકર મહાવીરસ્વામી ભગવાનના સમ્યક્ત્વ પ્રાપ્તિ પછી સ્થૂલ ૨૭ ભવે મોક્ષે ગયા. વર્તમાન ચોવીસીના ૨૪ ભગવાનોમાં કોઈનાય આટલા વધારે ભવો નથી થયા. ૨૭ ભવોમાં-૧૬મા ભવમાં વિશ્વભૂતિ રાજકુમારે દીક્ષા લઈને માસક્ષમણો ઉપર માસક્ષમણોની ઘણી મોટી સુદીર્ઘ તપશ્ચર્યાઓ કરી હતી. આંકડો નથી મળતો.

ત્યાર પછી સીધા ૨૨માં ભવમાં વિમલ રાજકુમાર બને છે. રાજપાટ વૈભવ બધું છોડીને દીક્ષા લઈને વર્ષો સુધી ઘણી દીર્ઘ તપશ્ચર્યા કરી હતી.

૨૩મા ભવમાં ફરી મનુષ્ય ગતિમાં જ જન્મ લઈને પ્રિયમિત્ર ચક્રવર્તીથયા હતા. છ ખંડનો રાજપાટ વૈભવ ત્યજીને પોટ્ટિલાચાર્ય પાસે દિક્ષા લે છે. ૧ કરોડ વર્ષ સુધી સંયમ પાળતા પાળતા દીર્ઘ તપશ્ચર્યા કરી હતી.

૨૫મા ભવે નંદન રાજાનું ૨૫ લાખ વર્ષનું આયુષ્ય હતું. તેમાંથી ૨૪ લાખ વર્ષનું આયુષ્ય સંસારમાં વીતી ગયા પછી નંદન રાજાએ દીક્ષા લીધી. નંદન રાજર્ષીબનીને તેમને ૧ લાખ વર્ષના શેષ આયુષ્યમાં જ્યારે જીવન ઉતાર દિશામાં વૃદ્ધાવસ્થામાં છે એવા સમયે તેમને ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણો કરીને ઉત્કૃષ્ટ ઉગ્ર તપશ્ચર્યા કરી હતી. ૧૨

મહિનાનું એક વર્ષ કહેવાય. એવા ૧ લાખ વર્ષના ૧૨ લાખ મહિના થાય. માસક્ષમણ એટલે ૩૦ દિવસના ૧ મહિનાના ૩૦ ઉપવાસ કહેવાય છે. આ રીતે ૧૨ લાખ મહિનાઓમાં ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણ કર્યા હતા. આ રીતે ૧૨ લાખમાંથી માસક્ષમણનો આંકડો બાદ કરતા ૧૯૩૫૫નો આંકડો શેષ બચે છે. બસ, માસક્ષમણોની વચ્ચે આટલા મહિનાઓ પારણાં કર્યાં હતાં. ક્યારેક ૪ માસક્ષમણ ભેગા કર્યા, ક્યારેક ૩, ક્યારેક ૨ માસક્ષમણ પછી પારણું કર્યું હશે ?

માસક્ષમણોપૂર્વક વીસ સ્થાનકનાં ૨૦ પદોની ઉગ્રતમ તપશ્ચર્યા સાથે આરાધના કરી હતી. જો નિયમ પ્રમાણે ગણતરી કરીએ તો એક-એક પદના ૨૦-૨૦ માસક્ષમણની ગણતરી ગણીએ તો પણ ૨૦ x ૨૦ = ૪૦૦ માસક્ષમણોની જ જરૂર હતી, તો પછી પ્રશ્ન એ ઊભો થાય છે કે આટલી મોટી સંખ્યામાં માસક્ષમણો શા માટે કર્યા હશે ? જ્યારે આટલી આવશ્યકતા જ નહોતી તો પછી કરવાનું પ્રયોજન શું હશે ? માસક્ષમણ નિરર્થક નથી. સહેતુક છે. સંભવ છે કે તેમને કરેલા ૪૦૦ માસક્ષમણોથી સંતોષ ન થયો હોય...તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરવાની સંભાવનાની અનુભૂતિ નહીં થઈ હોય તેથી... ફરી તપશ્ચર્યા આગળ વધી હશે. તેમ છતાં પણ આપણે ગણતરી કરીએ તો પણ ૪૦૦-૪૦૦ માસક્ષમણ ૧૦ વખત કરે તો પણ ૪૦૦x૧૦=૪૦૦૦ માસક્ષમણો થાય. તેમાં પણ સંતોષ ન થાય તો ૪૦૦ માસક્ષમણનો સમૂહ ૧૦૦ વાર પણ કરે તો પણ ૪૦૦x૧૦૦=૪૦૦૦૦ (ચાલીસ હજાર) જ માસક્ષમણ થાય છે. કદાચ ૪૦૦ માસક્ષમણોને ૧૦૦૦ વાર પણ કર્યા હોય... અર્થાત્ એક-એક માસક્ષમણ ફરી ફરી ૧૦૦૦ વાર કરે તો પણ તે રીતે ૪૦૦x૧૦૦૦=૪૦૦૦૦૦ (ચાર લાખ) માસક્ષમણો થાય છે. પરંતુ નંદન રાજર્ષીએ તો ૧૧ લાખ ૮૦ હજાર ૬૪૫ માસક્ષમણો કરીને વીસ સ્થાનકની આરાધના તપશ્ચર્યા કરીને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું છે. તે સર્વોત્કૃષ્ટ તપશ્ચર્યા છે. આટલી મોટી સંખ્યામાં માસક્ષમણો બીજા એક પણ તીર્થંકર ભગવંતોએ પોતાના કોઈ પણ ભવમાં કર્યા નથી.

છેલ્લા ૨૭મા ભવે મહાવીર પ્રભુએ ૩૦ વર્ષની ઉંમરે દીક્ષા લઈને ફક્ત સાડા બાર વર્ષના ગાળામાં છઠ્ઠ-અર્થાત્ ૨ ઉપવાસથી લઈ ૧૮૦ ઉપવાસોની દીર્ઘતમ તપશ્ચર્યા કરી હતી. ૧ વર્ષના ૩૬૦ દિવસો લેખે ૧૨ x ૩૬૦=૪૩૨૦ દિવસો+૬ માસના-૧૮૦+૧૫=૧૯૫ = ૪૪૧૫ કુલ દિવસો સાડા બાર વર્ષ અને ઉપર ૧૫ દિવસોના થાય છે. તેમાંથી બધા મળીને ૪૦૬૬ કુલ ઉપવાસો થયા. વચ્ચે ફક્ત ૩૪૯ દિવસોમાં પારણા થયા. એમાં મોટાભાગે ખીરનાં એકાસણાં થયાં.

૧૬, ૨૨, ૨૩, ૨૫ અને ૨૭ આ પાંચ ભવોમાં વીરપ્રભુએ જેટલી ઉગ્ર અને દીર્ઘ તપશ્ચર્યા કરી છે. તેટલી ચોવીસીના બીજા એક પણ તીર્થંકરે નથી કરી. ખરેખર

ચોવીસમા પ્રભુ પોતાનું મહાવીરપણું સાધવા-નિર્માણ કરવા માટે છેલ્લા ગયા ૪ ભવોથી તપશ્ચર્યા કરતાં કરતાં ઉત્કૃષ્ટ કક્ષાની ઉગ્ર તપશ્ચર્યા કરી હતી અને છેલ્લા ભવે તે સાચા અર્થે મહાવીર બને છે. તપોવીર બને છે. તપ માર્ગ આર્હત ધર્મમાં શાશ્વત માર્ગ છે. સદાકાળ તપશ્ચર્યાઓ થતી જ રહેશે. સર્વથા લુપ્ત થવાની જ નથી.

## ચતુર્ભંગીના આધારે જીવોનું વિશ્લેષણઃ-

એકલું બાહ્ય તપ જ હોય અને આંતરીક પરિણતિમાં તથાપ્રકારના વિશિષ્ટ કક્ષાના ભાવો જ જો ન હોય તો કાર્યસિદ્ધિ સંભવ જ નથી. વીસ સ્થાનકના તપની સાથે અનિવાર્ય રૂપે સવિજીવ કરું શાસનરસીની ભાવના અવશ્ય હોવી જ જોઇએ. બાહ્ય અને આભ્યંતર કક્ષાનાં આ બન્ને કારણો સાથે જોડાશે તો જ કારણની પરિપૂર્ણતા થશે. આવી એક ચતુર્ભંગીમાં જોઇએ.

(૧) વીસ સ્થાનકની તપશ્ચર્યા તો છે પણ સર્વ જીવોના કલ્યાણની ભાવના નથી.
(૨) વીસ સ્થાનકની તપશ્ચર્યા છે અને સાથે સર્વ જીવોના કલ્યાણની ભાવના પૂરી કરે છે.
(૩) વીસ સ્થાનકની તપશ્ચર્યા જ નથી છતાં કદાચ સર્વ જીવોના કલ્યાણની ભાવના હોય.
(૪) વીસ સ્થાનકની તપશ્ચર્યા પણ નથી અને સર્વ જીવોના કલ્યાણની ભાવના પણ નથી.

ઉપરોક્ત ચાર ભાંગાઓમાંથી ફક્ત બીજો એક જ ભાંગો એવો છે કે જેમાં બન્ને પક્ષોની પરિપૂર્ણતા હોવાથી એવા જીવો જે વીસ સ્થાનકની આરાધના-તપશ્ચર્યા કરે છે અને સાથે સાથે સમસ્ત જીવોના કલ્યાણની તમન્ના તીવ્ર હોવાથી ભાવના ઉત્તમ ભાવીને ક્રિયાન્વયન માટે પ્રવૃત્ત રહે છે. તે જ તીર્થંકર નામકર્મ નિશ્ચિતપણે ઉપાર્જન કરે છે અને ત્રીજા ભવે અવશ્ય ભગવાન બને જ છે. ૪થા ભાંગા પ્રમાણેના સંસારમાં કરોડો લોકો છે. જેમને વીસ સ્થાનકની તપશ્ચર્યા કરવા સાથે કંઈ જ લેવા-દેવા જ નથી. માનતોય નથી અને કરતો પણ નથી અને આખી જિંદગીમાં એકવાર પણ જગતના સર્વ જીવોના કલ્યાણની ભાવના જ નથી જાગતી. કર્માધીન જીવ સંસારમાં સ્વાર્થીહોય છે. સ્વાર્થ એવી વસ્તુ છે કે જે જીવોને માત્ર સ્વકેન્દ્રિત જ કરે છે. બીજાનો વિચાર પણ ન કરવા દે. સ્વાર્થાન્ધ બનાવી દે છે. એવા સ્વાર્થાન્ધ લોકો પોતાથી પર બીજાના હિતનો વિચાર કરી જ નથી શકતા. એવા જીવો કદાપિ ભગવાન બનવાની પાત્રતા પણ નથી ધારણ કરી શકતા. સ્વાર્થ માંથી છૂટીને બહાર નીકળીને આગળ વધવા માટે તેને નિઃસ્વાર્થીબનવું જરૂરી હોય છે તો એક-એક પગથિયું ઉપર ચડતા-ચડતા તે ક્યાંય પહોંચી શકે છે.

સારી રીતે સમજી લઇને તે છોડવા-ઘટાડવા પ્રયત્ન કર અને પછી બીજા પગથિયે આગળ વધીને તે નિઃસ્વાર્થીબને. સ્વાર્થ વગરનો બને. અને જ્યારે એમાંથી પણ એક પગથિયું આગળ વધે ત્યારે તે પરમાર્થીબને છે. સ્વાર્થથી સર્વથા વિપરિત અવસ્થા

આવી જાય છે. સ્વાર્થાંધાવસ્થામાં પરનો બિલકુલ વિચાર ન કરતાં બધુ જ સુખ બધા જ સુખનાં સાધનો પોતાનાં કરવા વિચાર કરતો હોય છે. જ્યારે પરમાર્થી બની ગયા પછી એકમાત્રા પરનો જ (બીજાના જ હિતનો) વિચાર કરતો હોય છે. હવે તો સ્વનો વિચાર સુદ્ધાં નથી કરતો. એટલું જ નહીં-સ્વના ભાગનું પણ પર-બીજાને આપી દે છે. પોતે ખાઈને જેટલો સુખી નથી થતો. એનાથી વધારે બીજાને ખવડાવીને વધારે આનંદિત થાય છે. સ્વ/પોતાના દુઃખે જેટલો દુઃખી નથી થતો એના કરતાં વધારે બીજાના દુઃખે દુઃખી થાય છે. સ્વાર્થાંધપણું એ દુર્જનનું લક્ષણ છે. એ દાનવી દુર્ગુણ છે. જ્યારે નિઃસ્વાર્થીપણું એ માનવી ગુણ છે અને પરમાર્થપણું એ ઇશ્વરી-દૈવી ગુણ છે. પરમાર્થીવ્યક્તિ પારકાને સુખી કરવામાં, પારકાનાં દુઃખો દૂર કરવામાં પોતાની જાતને પણ ઓગાળી દે છે. એવા આત્માઓ જ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરી શકે છે. તે જ યોગ્ય પાત્ર ઠરે છે. નિઃસ્વાર્થીમાનવ તટસ્થરહે છે. જ્યારે સ્વાર્થાંધ વ્યક્તિ તો ભગવાન થવાની કે તીર્થંકર નામકર્મ બાંધવાની પ્રક્રિયાથી હજારો માઇલ દૂર રહે છે. તે પાસે પણ ન આવી શકે.

વીસ સ્થાનકની તપશ્ચર્યા કરનારા આરાધકોએ ઉપરોક્ત રહસ્ય સારી રીતે સમજીને વીસ સ્થાનકની તપશ્ચર્યા માત્ર બાહ્ય તપ રૂપે કાયિક સ્તરે જ રાખીને મનમાં રાજી ન થવું કે હું તીર્થંકર બની જઈશ. એવી ભ્રમણામાં ન રહેવું, પરંતુ સ્વાર્થવૃત્તિ ઘટાડવી જ જોઇએ. સ્વાર્થના બંધનની સીમા તોડીને બહાર નિકળવું જ જોઇએ અને નિઃસ્વાર્થીબનીને આગળ વધીને પરમાર્થીબનવા માટે ભગીરથપુરુષાર્થ કરવો જોઇએ. વીસ સ્થાનકના ૨૦ પદોમાં દાન પદ એક એવા ગુણ તરીકે દર્શાવવામાં આવ્યું છે કે જેનાથી સ્વાર્થ ઘટી શકે છે. જેમ જેમ દાનનું પ્રમાણ વધુ ને વધુ વધારવામાં આવે તો ધીરે ધીરે એક દિવસ ચોક્કસ એવો આવશે જ્યારે સ્વાર્થાંધપણું સર્વથા દૂર થઈ જશે. આવા જ શુદ્ધ આશયો વીસ સ્થાનકના ૨૦ પદોમાં ગુણોના છે. ગુણો ઘણા છે. ગુણોની ઉપાસના કરીને જ ગુણી-ગુણવાન બની શકાય છે. દોષો ટાળી શકાય છે. દોષો દુર્ગુણો કર્મના ઉદયજન્ય છે. જ્યારે ગુણો ગુણાચરણ તો ધર્માચરણાનુસાર વધે છે. ધર્મનું જ આચરણ જો વચ્ચે ન લાવવામાં આવે તો કર્મોનું પ્રમાણ ક્યારેય નહીં ઘટે. માટે ગુણો વધારવાના લક્ષ્યથી ગુણાચરણરૂપ ધર્મ કરવા ઉપર વધુ ભાર મૂકવો જોઇએ.

સંસારમાં અનંતા જીવો છે. ભવ્ય જીવો પણ સમ્યક્ત્વ પામીને જ્યારે તીર્થંકર બનવાની દિશામાં જ્યારે પુરૂષાર્થ કરે છે ત્યારે કારણાનુસાર જ કાર્ય થઈ શકે છે. તે સિવાય નહીં. ઘણી વખત એક કાર્યના થવામાં કારણ, અથવા કારણસમૂહ પણ સહાયક હોઈ શકે છે. એક કારણ મુખ્ય-પ્રબળ હોય છે. જ્યારે કારણસમૂહમાંથી બીજાં કારણો સહયોગી-સહાયક-ગૌણ કારણ રૂપે પણ હોઈ શકે છે. ચતુર્ભંગીમાં દર્શાવેલા ચારેય ભાંગાઓમાંથી પ્રથમ ભાંગાનો વિચાર કરતાં જણાય છે કે તીર્થંકર થવા માટે-જે તીર્થંકર

નામકર્મ બાંધવું જરૂરી છે તેના માટે બે કારણો મુખ્ય છે. (૧) વીસ સ્થાનક તપની આરાધના અને બીજું સર્વજીવ કલ્યાણની ભાવના. આ બન્ને કારણોમાંથી મુખ્ય-ગૌણ કોને બનાવવા ? તે બન્નેની ટકાવારી ઉપર આધાર રાખે છે. વીસ સ્થાનકની આરાધનાને થોડુંક ગૌણ કારણ કરીને સર્વ જીવોના કલ્યાણની ભાવનાને પ્રધાન કારણ બનાવીએ તો પણ બન્નેની ટકાવારી આ રીતે ગોઠવી શકાય છે. વીસ સ્થાનકની આરાધનાની ટકાવારી ૪૦ ટકા હોય તો સર્વ જીવોની કલ્યાણકારી ભાવનાની ટકાવારી ૬૦ ટકા થવી જોઇએ ત્યારે ૪૦+૬૦=૧૦૦ ટકા બનશે. તો તીર્થંકર નામકર્મ બંધાશે. બાહ્યરૂપે વીસ સ્થાનકની આરાધના ચાલે અને આભ્યંતર કક્ષાએ સર્વ જીવોના કલ્યાણની ભાવના ઘૂંટાતી રહે તો જ આ રીતે ૧૦૦ ટકાની ટકાવારી બનવી શક્ય છે, પરંતુ પ્રથમ ભાંગાવાળો જીવ વીસ સ્થાનકની આરાધના કરે છે જ્યારે સર્વ જીવોના કલ્યાણની ભાવના આખી જિંદગીમાં પણ જાગતી નથી, માટે ૪૦ ટકાની ટકાવારી બને છે. જ્યારે આભ્યંતર કક્ષાની ૬૦ ટકાની ટકાવારીમાં ૦ ટકા રહેવાથી તીર્થંકર નામકર્મ નથી બંધાતું.

વર્તમાનકાળે સંસારમાં હજારો લોકો વીસ સ્થાનકની તપશ્ચર્યા વિધિપૂર્વક જરૂર કરે છે, પરંતુ સમસ્ત જીવોના કલ્યાણની ભાવના સ્પર્શતી પણ નથી. એટલે બધા જ તીર્થંકરો થઇ જશે એવી આશા રાખવા છતાં સંભાવના નથી બનતી.

**વીસ સ્થાનક અને બીજાં બધાં તપો :-**

તપાવલી ગ્રંથમાં સેંકડો પ્રકારના તપોની વ્યવસ્થા છે. સમવસરણ તપ, સિંહાસન તપ, કર્મસૂદન તપ, વર્ષીતપ-આદિ આવી અનેક સંજ્ઞાઓવાળાં તપો છે, પરંતુ બધાં તપોમાં ઉદ્દેશ્ય કર્મનિર્જરાનું જ છે. જ્યારે વીસ સ્થાનકની તપશ્ચર્યાની પાછળનો ઉદ્દેશ્ય તીર્થંકર નાકર્મ ઉપાર્જન કરવાનો છે. જૈન ધર્મ જ મુખ્ય રૂપે નિર્જરાલક્ષી ધર્મ છે. વધુમાં વધુ કર્મનો ક્ષય થાય-નિર્જરા થાય એ જ ફળ પામવાનું મુખ્ય લક્ષ્ય છે અને હોવું જ જોઇએ. એ જ ઉત્કૃષ્ટ લક્ષ્ય છે. એ લક્ષ્યને અનુરૂપ બધાં તપોની વ્યવસ્થા છે. બંધારણ છે. અઠ્ઠમ, એક ઉપવાસ, એકાન્તરે ઉપવાસ, આયંબિલ-નીવી-એકાસણા-બિયારણ વગેરેની ગૂંથણી એવી રીતે ગૂંથવામાં આવી છે, જેથી દરેક જાતનાં તપોમાં વૈવિધ્ય છે. એકસરખાં બે તપો નથી મળતાં. આ વિશેષતા છે.

ક્રિયા-વિધિમાં જાપ-૨૦ માળાનો, બધાં જ તપોમાં નિશ્ચિત કરવાનું રાખવામાં આવેલ છે. આ માપ-પ્રમાણ સંખ્યાનું છે. નિર્ધારિત જાપનું પ્રમાણ સર્વ તપોમાં એકસરખું છે. ખમાસમણ-કાઉસગ્ગમાં લોગસ્સનું પ્રમાણ અને સાથે પ્રદક્ષિણા તેમ જ સાથિયા કરવાના છે. તેમની ત્રણેયની સંખ્યા એકસરખી જ રહે છે. ગુણોના આધારે આ સંખ્યા નિર્ધારિત થાય છે. પ્રદક્ષિણા દેતાં-દેતાં દુહા બોલવાના હોય છે. જેમાં તે તે પદનું

સ્વરૂપ વર્ણવવામાં આવે છે અને ગુણાનુસાર મંત્ર પદોની રચના છે. તે બોલીને ખમાસમણા દેવાના હોય છે. તપમાં જેને ઉદ્દેશીને તપ રચવામાં આવેલ છે. તેમના ગુણોનું સ્મરણ કરવાનું હોય છે અને તેમને ખમાસમણ દેતા દેતા નમસ્કાર કરતા જવાનું હોય છે. આ રીતે ક્રિયા સાથે જ્ઞાન પણ જોડવામાં આવેલ છે. જેથી ક્રિયા સાથે જ્ઞાન જોડાતાં સાધકને જાગૃતિ રહે છે કે હું શું કરી રહ્યો છું ? તેથી ક્રિયા કરતાં કરતાં જ્ઞાનવૃદ્ધિ ભાવોમાં વધુ વૃદ્ધિ કરી શકે છે **''ज्ञानक्रियाभ्यां मोक्षः''** જ્ઞાન+અને ક્રિયા બન્ને સાથે મળીને સાધકની નિર્જરા કરાવે અને સરવાળે મોક્ષપ્રાપ્તિ સુલભ બને.

**જ્ઞાન+ક્રિયાની ચતુર્ભંગી :-**

(૧) જ્ઞાન છે પણ ક્રિયા નથી કરતો.
(૨) જ્ઞાન છે અને સાથે સુંદર ક્રિયા પણ સારી કરે છે.
(૩) જ્ઞાન જ નથી તેમ છતાં ક્રિયા કરે છે.
(૪) જ્ઞાન પણ નથી અને સાથે ક્રિયાનું પણ નામ જ નથી.

જ્ઞાન+ક્રિયાની આ ચતુર્ભંગીના ભેદો પ્રમાણે આખા વિશ્વમાં ચાર પ્રકારના જીવો છે. તેમાંથી કેટલાકની દષ્ટિ-વૃત્તિ પ્રથમ ભાંગા જેવી તો કેટલાકની બીજા ભાંગા પ્રમણે, ત્રીજા અને ચોથા ભાંગા પ્રમાણેથી દષ્ટિ-વૃત્તિ હોય છે. સંસાર માં અનંતા જીવો છે. બધી જ જાતના જીવો છે. ચોથા ભાંગાવાળા જીવો ઘણા છે. જે તે વિષયનું અંશમાત્ર પણ જ્ઞાન નથી અને સાથે સાથે ક્રિયા-પ્રવૃત્તિ આચરણ કરવાનું નામ પણ ક્યારેક લેતા જ નથી. એવા જીવોનું જીવન સર્વથા વ્યર્થ-નિષફળ જાય છે.

ત્રીજા ભાંગાવાલા ઘણા જીવો એવા છે કે જેમનો બૌદ્ધિક ક્ષયોપશમ-તેટલો વધારે નથી. છતાં પણ સર્વ સામાન્ય શ્રદ્ધાના આધારે ક્રિયા-પ્રવૃત્તિ કરે છે. આચરણ સારૂં રાખવા મથે છે. તેથી ઓછા-વધતા અંશે લાભ મેળવે છે.

પ્રથમ ભાંગાવાલા જીવો પણ સંસારમાં ઘણા છે. જેમને જ્ઞાન છે, ભલે પ્રમાણ ઓછું-વધારે જે છે તે-પરંતુ તદનુરૂપ ક્રિયા-પ્રવૃત્તિનું આચરણ પણ ઘણું સારૂં કરે છે. જ્ઞાન પચાવ્યું છે. આચરણ જ્ઞાનાનુરૂપ સારૂં કરીને સ્વયં સંતોષ-સમાધાન માને છે. એવા જીવો નિર્જરાદિનું ફળ સારા એવા પ્રમાણમાં મેળવતા હોય છે. એવા જીવોની ધર્મારાધના સાર્થક ગણાય છે. પામે છે, પરંતુ આ રહસ્ય સંસારના બધા જ જીવોને નથી સમજાતું. તેઓ પોતાના સ્વભાવને અનુરૂપ વર્તતા હોય છે, જ્યારે ધર્મારાધનામાં સ્વભાવ વચ્ચે ન લાવતા જ્ઞાન+શ્રદ્ધા વધારીને તેને અનુરૂપ આચરણ-ક્રિયા-પ્રવૃત્તિ સારી રીતે કરી લેવાથી સારૂં ફળ પામી શકાય છે. નિર્જરા-કર્મક્ષય સાધ્ય છે.

**વીસ સ્થાનકોમાં જ્ઞાન + ક્રિયા :-**

વીસ સ્થાનકનાં ૨૦ પદોમાં ગુણ અને ગુણીઓ બન્નેનું સંમિશ્રણ છે. સારું સંયોજન છે. ગુણી ભગવંતો જ્ઞાની છે. સર્વજ્ઞાનીઓ અરિહંત-સિદ્ધાદિ છે. બધા જ્ઞેય છે. જ્ઞાનનો વિષય છે-જ્ઞાન ગમ્યતા તેમનામાં પૂરેપૂરી છે. માટે જ્ઞાનપિપાસુ સાધકોએ તેમની ઉપાસનાવસરે તેમના વિશેનું જ્ઞાન સારૂં એવું મેળવવું.

બીજી બાજુ ગુણોની સંખ્યા વધારે છે. ગુણો પ્રથમ હોય છે. તેમ સારી રીતે જાણી લઇને તે ગુણોનું આચરણ કરવાની સાધના કરવી જરૂરી છે. જેથી તે ગુણ જીવનમાં આવે-ઉતરે. સાધકનું જીવન જ ગુણી બને. સ્વયં સાધક ગુણવાન-ગુણી બને. સુગંધીત અને સુગંધરહિત બન્ને પ્રકારના પુષ્પોમાં કેટલો તફાવત છે. એટલો જ તફાવત ગુણી-નિર્ગુણીમાં છે. ગુણવાન-ગુણી સાધક સ્વયં સુવાસિત પુષ્પ જેવો છે. રૂપ-રંગ સુંદર મનમોહક છે અને સાથે મધુર સુગંધ પણ સારી હોય તો મનમોહકતામાં કેટલા ગણો વધારોર થાય છે ? એનો ખ્યાલ સ્વયં આવી શકે છે. એવી જ રીતે જ્ઞાન સાથે ક્રિયા-આચરણ બન્નેનો સારો સુમેળ જો સાધવામાં આવે અને સાધક એવી રીતે ગુણોની ઉપાસના કરતો-કરતો ગુણો જીવનમાં ઉતારી લે, વણી લે તો નિશ્ચિત તેનું જીવન સર્વે માટે મનમોહક બની શકે છે. ગુણોની આચરણાથી જ ગુણી બની શકાય છે. ગુણો જીવનમાં વણાઈ જાય છે.

વીસ સ્થાનકનાં ૨૦ પદોમાં ગુણવાચી પદો અનેક છે. વિનયાદિ ગુણો છે. ગુણોની માત્ર પૂજા કરવી કે જાપ-ખમાસમણા કરવા જ પર્યાપ્ત નથી, પરંતુ તેની આચરણા કરીને જીવન જ તેવું વિનયી બનવવાનું છે. સર્વ ગુણોનું મુખ્ય પ્રવેશદ્વાર વિનય છે. વિનયી-વિનમ્ર બનેલો સાધક જ છેક મોક્ષ સુધી પહોંચી શકે છે. અવિનયી જીવો મોક્ષ સુધી ક્યારેય પહોંચી જ નથી શકતા. ઉપરથી તેઓ ક્લેશ-કષાયના ભોગ બનીને ભારે કર્મો બાંધી ભવાટવીમાં ભટકતા જ રહે છે. એવી જ રીતે બ્રહ્મચર્ય ગુણવાચી પદ છે. તે પદ પ્રમાણે તે ગુણની આચરણા કરવાની છે. વ્યવહારમાં અબ્રહ્મનું આચરણ કરનાર બ્રહ્મચર્ય પદની આરાધના ન કરી શકે. તેથી ગુણોનો વિકાસ સંભવ જ નથી. કોઈ પણ ગુણ હોય. તે ગુણ જીવનમાં લાવવા માટે જીવનમાં ગુણ વણી લેવા જોઇએ. ગુણી ભગવંત તો માત્ર તે ગુણના આલંબન રૂપે આધારભૂત છે. ગુણોને આત્મસાત્ કરી લેનાર જ ગુણી ભગવંતો પૂજનીય બનેલા છે. તેથી તે પ્રેરક શક્તિમાન બનેલા છે. ખરેખર સાચા ગુણી બનવાના વિશુદ્ધ ભાવો પૂર્વક ગુણીનું આલંબન લઈને ગુણોપાસના કરવામાં આવે તો એક દિવસ એવો આવે કે સાધક પોતે તેના જેવો ગુણી-ગુણિયલ બની શકે છે.

સર્વ ગુણ સંપન્ન એકમાત્ર અરિહંત-સિદ્ધ-પરમાત્મા જ છે. જગતમાં ત્રણેય કાળમાં જેટલા જે જે ગુણો હોય છે તે બધા અરિહંત સિદ્ધ પરમાત્મામાં પરિપૂર્ણપણે પરાકાષ્ટાએ પહોંચેલા હોય છે. તેથી જ તે ગુણી ભગવંત ગુણોના મૂર્તિમંત સ્વરૂપે છે. તેમનાં દર્શન-વંદન-પૂજનાર્થે જઈએ છીએ ત્યારે તેમના ગુણોનાં દર્શન કરવાં. તેમનામાં તે તે ગુણો

જોવા-ગુણોની સ્તુતિ-સ્તવના કરવી. ગુણદર્શનથી સ્વદોષદર્શન થશે અને તેથી દોષો દૂર કરવાની પ્રેરણા મળશે.

**સર્વ જીવોના કલ્યાણની તીવ્ર ભાવના :-**

ગુણોમાં દયા-કરૂણાનો ગુણ પણ સર્વ શ્રેષ્ઠગુણ છે. સંસારમાં અનંતા જીવો છે. બધા જ કંઈ સમાન-સરખા સુખી નથી. સંસારમાં પ્રાયઃ સર્વ કાળે દુઃખી જીવોની સંખ્યા ઘણી મોટી છે. તેમનાં દુઃખો વડે દુઃખી થતા જીવો જોઇને તેમના પ્રત્યે દયા-કરૂણા લાવવી અને શક્ય તેટલાં તેમનાં દુઃખો દૂર કરવા ભગીરથપુરૂષાર્થ કરવો જોઇએ.

સર્વ જીવોને સ્વસમાન માનવા-જાણવાના છે. आत्मवत् सर्व भूतेषुની ભાવના જાગૃત કરવાથી કરૂણા વધતી જણાશે જેવો હું છું તેવા જ બીજા બધા પણ જીવાત્માઓ જ છે. મારું અને સંસારમાં અનંત જીવોનું આત્મત્વપણું એકસરખું જ છે. હું પણ એક આત્મા છું. મને પણ દુઃખ અપ્રિય છે, એવું જ દુઃખ સંસારના તમામ જીવોને અપ્રિય છે. જે અને જેટલું સુખ મને પ્રિય છે, પસંદ છે, જોઇએ છે, તેવા જ સુખ માટે, તેટલું અને તેથી ઘણું વધારે તેવું સુખ પામવા સંસારના અનંત જીવો પણ ઇચ્છે છે. સંસારના બધા જીવોનું દુઃખ દૂર કરી શકાય છે. એ માટેનો અભ્યાસ કરવો અને પુરૂષાર્થ કરવો.

સુખ આત્માનો ગુણ છે. અકર્મીઅવસ્થામાં તે આનંદ સ્વરૂપે રહે છે. પરમાનંદ-આનંદાનંદ, ચિદાનંદ-સચ્ચિદાનંદ સ્વરૂપે રહે છે, પરંતુ કર્માધીનાવસ્થામાં સંસાર દેહ પર્યાયી અવસ્થામાં કોઈ પણ જીવોમાં તે આનંદરૂપતા ઘટી જઈને સુખ-દુઃખ રૂપે રહે છે. સંસારના સર્વ જીવોનાં કર્મો એકસરખાં નથી. બધાનાં કર્મો ઓછાં-વધારે પ્રમાણમાં છે. તેના કારણે ઉદયના આધારે સુખ-દુઃખ પણ ઓછાં-વધારે પ્રમાણમાં હોય છે. સંસારમાં સુખ-દુઃખ અનાદિ-અનંતકાળથી છે જ...તે સર્વથા લુપ્ત થઈ શકે તેવી સંભાવના અનંતકાળમાં પણ શક્ય જ નથી.

એકવાર મહાવીર પ્રભુને પૂછવામાં આવ્યું કે હે પ્રભુ ! સંસારમાં જીવોના દુઃખનું મૂળ કારણ શું હશે ? શું લોકો પાસે ધન-સંપત્તિ, સમૃદ્ધિ, પુત્ર-પત્ની પરિવાર આદિમાં ઓછાપણું, ન હોવાપણું એ જ સંસારના દુઃખ કારણ છે ? પ્રભુએ જવાબ આપ્યો-અરે ? પુણ્યયોગે આ બધુ વિપુલ પ્રમાણમાં હોવા છતાં પણ સંસારમાં ઘણા દુઃખી છે એનું શું. માટે સુખ આ બધા માત્ર પૌદ્‌ગલિક સાધનોમાં સીમિત નથી. ''अन्नाणं खु महाभयं'' ખરેખર તો અજ્ઞાન એ જ સર્વ દુઃખોનું મૂળ કારણ છે. વિનાશી-નાશવંત અને અલ્પકાલીન એવા જડ-પૌદ્‌લિક પદાર્થો તેના સંયોગમાં સુખ અને વિયોગમાં દુઃખ માની લેવાની ભ્રમ ભરેલી માન્યતા જ સાવ ખોટી છે. આવી ભૂલભરેલી સાવ ખોટી અજ્ઞાનમૂલક માન્યતા રાખીને દુઃખી થનારા સંસારી જીવને દુઃખી થતાં જોઇને એવા કોઈ વિશિષ્ટ વરબોધી

પ્રાપ્ત-વીસ સ્થાનકની સાધના કરતાં સાધકને આ વાત ધ્યાનમાં આવે છે.

અજ્ઞાન ઘણું જ દુઃખદાયી છે (अन्नाणं खु महाभयं) સંસારના બધા જીવોને સુખની તેમ જ ગમતી બધી સાધનસામગ્રીઓ આપી દેવા માત્રથી તેઓ સુખી થઈ જશે. ના. સંસારમાં એવા પણ ઘણા છે કે જેમની પાસે વિપુલ પ્રમાણમાં સાધનસામગ્રીઓ, તેમ જ પુત્ર-પત્ની પરિવાર આદિ બધું જ ઉપલબ્ધ હોવા છતાં પણ ઘણા દુઃખી છે. પૂરેપૂરા સુખી નથી. આ વાસ્તવિકતા જાણી-સમજીને વરબોધિ પ્રાપ્ત વીસ સ્થાનકની તપશ્ચર્યા કરનારા સાધક પોતાના હૃદયમાં ભાવદયા વધારીને સંસારના બધા જીવોનું દુઃખ દૂર કરવાનું બીડું ઝડપે છે.

**ભાવદયામાં વૃદ્ધિ :-**

દયા જગાડવી-દયા વધારવી એ ધર્મ છે. દયા બે પ્રકારની છે (૧) દ્રવ્ય દયા અને (૨) ભાવ દયા. કોઈ પણ દુઃખી જીવોને જોઇને તે કયા સાધનો-પદાર્થોના અભાવે દુઃખી છે કે તપાસ કરીને તેની ઉપલબ્ધી કરાવી આપવી તે દ્રવ્ય દયા છે. ખાવાનું નથી તો, લો ભાઈ ! આ ખાઇ લો, જમી લો. ખાનાર લે છે. આપનાર રાજી થઈ જાય છે કે મેં આને સુખી કરી દીધો છે. કોઈની પાસે પૈસા નથી... તે લો ભાઈ ! કોઈ દાન આપી દે છે. એવા કોઈ હોય જેની પાસે કપડાં-લત્તાં નથી તેને કપડાં-લત્તાં આપી દેવામાં આવે છે અને માની લેવામાં આવે છે કે મેં બીજાને સુખી કરી દીધો છે. આ બધી દ્રવ્ય દયા છે.

સંસારમાં કોઈ પણ વ્યક્તિને માત્ર એક જ વસ્તુ આપી દેવામાત્રથી પૂર્ણ સુખી નથી કરી શકાતો. સંસારી જીવોને સંસારમાં હજારો ચીજવસ્તુઓની જરૂર પડે છે. આપનાર દાતા એટલી બધી હજારો વસ્તુઓ કેવી રીતે આપશે ? આટલી બધી વસ્તુઓ આપીને એક સંસારીને સંપૂર્ણ સુખી કરવો એટલે કાણાંવાળી કોઠી પૂર્ણ ભરવા જેવી બહાદુરી બતાવવા જેવું અઘરું કામ છે. તે લગભગ અશક્ય છે. નીચે કાણું ખુલ્લુ હોવાના કારણે તે કોઠીમાં બધું ટકી શકે તેમ જ નથી. છતાં ભરવાનો પ્રયાસ કરવામાં આવે છે. ભોગાસક્ત માનવીનું મન પણ કાણાવાળી કોઠી જેવું જ છે. સંસારના સર્વ ભોગો મને ભોગવવા મળે તો હું સુખી થાઉં. આવી મનોવૃત્તિ મોટાભાગના સંસારી લોકોની હોય છે. એવી સ્થિતિમાં કેટલાની મનોવૃત્તિ સંતોષવી ? કેટલી હદ સુધી આવી વૃત્તિઓ સંતોષીને તેમને સુખી કરવા ? સંપૂર્ણ સુખી કરવાનો સંતોષ તેમને કેવી રીતે અપાવવો ? અને એક પ્રકારનું દુઃખ દૂર કરાવીને સુખ આપવા જાઓ ત્યાં બીજી વાત તૈયાર જ હોય છે. તેના પછી ત્રીજી, તેના પછી ચોથી...આવી રીતે સુખોની પરંપરાનો કોઈ છેડો જ નથી.

સંસારમાં ઘણા ભક્તોએ જ્યારે પોતાની મિથ્યાધારણા બનાવી જ લીધી હોય છે કે ભગવાન પાસે જઈને આપણાં બધાં દુઃખો દૂર કરવા વિનંતી કરવી અને પછી બધી

જાતનાં સુખો માગવાં. હે ભગવાન ! મને આ આપો, તે આપો. એવી યાદી રજૂ કરી લેવી. આવી મિથ્યા-સ્વાર્થ-અને લોભ ભરેલી વૃત્તિ સર્વસામાન્ય ભક્તોએ બનાવી લીધી છે. મૂળ પાયામાં જ આવી વૃત્તિ પડી છે કે-ભગવાન જ આપણા સર્વ સુખ-દુઃખનું મૂળ કેન્દ્રસ્થાન છે. બધું સુખ-દુઃખ આપવા-લેવાનું કરવાનું ભગવાનના જ હાથમાં છે. બસ,તે જ હજાર હાથવાળો છે. તે ધારે તે કરી શકે છે. તે ધારે તો આપણને બધું જ સુખ આપી દે અને તે ધારે તો આપણું બધું જ દુઃખ લઈ પણ લે... હા... આ રીતે મિથ્યાત્વ અંદરખાને ઉંડે-ઉંડે એવી શ્રદ્ધા-વિશ્વાસ બેસાડી દે છે. આવી માન્યતા એટલી ઊંડી ઉતરીને જામ થઈ ગઈ હોય છે કે હવે તે ગાઢ મિથ્યાત્વનું રૂપ લઈ લે છે. પરંતુ ભક્તને ખ્યાલ જ નથી આવતો કે હું ભગવાનની ભક્તિ કરી રહ્યો છું કે પછી માત્ર મારા લોભની રજૂઆત કરી રહ્યો છું ? આમાં ભગવાનના ગુણોનું સ્મરણ ક્યાં થયું ? એક પણ ગુણ યાદ જ નથી આવ્યો. માત્ર પોતાના જ દુઃખો યાદ આવ્યાં તે ભગવાનની આગળ રજૂ કર્યાં અને નિવારણાર્થે પ્રાર્થના કરી. સંસારમાં ઘણા લોકો પાસે ઘણી જાતનાં સુખ નાં સાધનો છે તે મેં જોયાં છે. તે જોતી વખતે પણ મેળવવાની ઇચ્છા તીવ્ર થઈ હતી. તે મુજબ આજે ભગવાનની આગળ રજૂઆત કરી છે કે તે બધાં સુખો મને આપજો. આને ભક્તિ માનીને અંદર મનમાં હરખાવાની જરૂર નથી.

સંસારના સર્વસામાન્ય જીવોને નથી તો આત્મજ્ઞાન કે નથી પરમાત્માની ઓળખ અને બીજી બાજુ કર્મશાસ્ત્ર કે કર્મસિદ્ધાંતનો અભ્યાસ જ ન હોવાના કારણે સુખ-દુઃખનું પણ સાચું સ્વરૂપ સમજાતું જ નથી અને તેનાં મૂળભૂત કારણો વિશે કંઈ જ ખ્યાલ નથી અવતો. તેમ જ કાર્ય-કારણભાવનો પણ બિલકુલ ખ્યાલ જ નથી આવતો. કર્મશાસ્ત્રના સિદ્ધાંતોનું યથાર્થ જ્ઞાન મેળવે તો સત્ય સમજાઈ જાય કે શુભ કાર્ય (પુણ્ય) કરે તો જ પુણ્યનું ભાથું બંધાય છે અને કાળાંતરે-ભવાંતરે તે ઉદયમાં આવતાં સુખ મળે છે. જ્યારે બીજી બાજુ ભારે પાપ-અશુભ કર્મ કરવાથી પાપ થાય છે. અશુભ કર્મ બંધાય છે અને તે ઉદયમાં આવતાં દુઃખ પણ ભોગવવું પડે છે. શુભ પુણ્યકાર્યો કરવાં ઘણાં આકરાં લાગે છે. ભારે પડે છે. એમાં તો શરૂઆતમાં ઘરની મૂડી પોતાનું સુખ-સંપત્તિ હોય તે પણ જતી દેખાય છે. એ બીકે નવું પુણ્ય ઘણાં આચરતા જ નથી. જે મેળવવા માટે હું મથું છું. તે જ જે મારી પાસે થોડું ઘણું પણ છે તે જો દાનમાં આપી દઉં કે તે બીજાના સુખ માટે વાપરી દઉં તો પછી હું શું કરીશ ? એવી સ્વાર્થાન્ધ દષ્ટિ, લોભવૃત્તિથી દાનાદિ પુણ્ય કરવા પણ તૈયાર નથી થતો. તેથી પુણ્યોપાર્જન થતું નથી. તો પછી શુભ કર્મ ક્યાંથી બંધાશે ? અને બંધાયા વિના સત્તામાં ક્યાંથી આવશે ? સત્તામાં સંગ્રહ જ નહીં હોય તો પછી ઉદયમાં ક્યાંથી આવશે ? અને ઉદયમાં કંઈ જ નહીં આવે તો સુખ મળશે ક્યાંથી ? સુખ માત્ર ઇશ્વર પાસે અથવા કોઈની પણ પાસે માગી લેવા માત્રથી મળી જશે, એવી ખોટી મિથ્યા ભ્રમણામાં રહેવું ઉચિત નથી.

બીજી બાજુ સંસારમાં સોમાંથી ૯૦ ટકાથી વધારે ૯૫ ટકાથી પણ વધારે જીવો પાપપ્રવૃત્તિ જ કરતા હોય છે. પાપાસક્ત છે. પાપબુદ્ધિ હોય છે. ૧૮ પ્રકારનાં પાપો વારંવાર કરતાં જ હોય છે. બીજા જીવોને પાપોની પ્રવૃત્તિ કરતા જોઇને બીજા સામાન્ય લોકો પણ લોભાય છે અને બીજી બાજુ જે જીવો પોતાના પૂર્વજન્મોનું થોડું-ઘણું પણ પુણ્ય સાથે લઈને આવે અને ઉદયમાં થોડું પણ સુખ ભોગવતા જુએ અને વર્તમાન કાળની પ્રવૃત્તિઓમાં પાપની પ્રવૃત્તિ કરતાં જુએ તો અલ્પમતી લોકો કાર્ય-કારણભાવ બેસાડી દે છે કે -આવી હિંસા, જૂઠ, ચોરી આદિ બધાં પાપોની પ્રવૃત્તિ કરવાથી બધી જ જાતનાં સુખો મળે છે.

પૂર્વ ભવમાં કરેલાં શુભ કર્મો આજના વર્તમાન ભવમાં ઉદયમાં આવીને સુખ આપે છે. એવી જ રીતે પૂર્વભવમાં કરેલાં પાપ-અશુભ કર્મો વર્તમાન ભવમાં ઉદયમાં આવી પાપો ફરીથી કરવાની દુર્બુદ્ધિ ઉત્પન્ન કરે છે. વધારે છે. પરંતુ જે શુભ પુણ્ય કર્મો પૂર્વ ભવે આચરેલા હતા તે ઉદયમાં આવી સુખ આપે છે તેવા સમયે સુખ-સંપત્તિ-સમૃદ્ધિ મળી હોવા છતાં જીવો પાપબુદ્ધિ થવાથી નવાં પાપો કરવા પ્રેરાય છે. કોઈ દારૂ પીને, કોઈ બીજાં વ્યસનોમાં, કોઈ સાતેય વ્યસનોમાં, કોઈ વિષય વાસનાની કામ સંજ્ઞાનાં પાપો તરફ વળે છે. તે ભોગવવા આસક્ત બને છે અને એમ માની લે છે કે વર્તમાન કાળે જે હિંસા, જૂઠ, ચોરી આદિ બધી જાતની પ્રવૃત્તિ કરે છે તેના આધારે આ બધી જાતનાં સુખો મળે છે. પૂર્વ ભવાદિની ખબર જ નથી પડતી. મિથ્યાત્વ પ્રબળ હોવાથી એવી વિપરીત માન્યતા બને છે. પૂર્વભવ વગેરે કંઇ છે જ નહીં. આ બધી હંબક ખોટી વાતો છે. જેમ દારૂ વગેરે વ્યસનોનો નશો હોય છે એવી જ રીતે મિથ્યાત્વના ઉદય વખતે પણ નશો જાગે છે. તે નશામાં મદાંધ બને છે. નશાની ભાષા તેવી, તે રીતની બોલે છે. પૂર્વજન્મ નથી કે પુનર્જન્મ વગેરે કંઈ છે જ નહીં. પાપ નથી કે પુણ્ય નથી. કર્મ નથી કે ધર્મ નથી. આત્મા નથી ને પરમાત્મા પણ નથી. આવી બધી ઘણી જાતની વાતો છે. વિચારો છે. જે બધા મિથ્યાત્વના વિચારો છે. આ રીતે મિથ્યાત્વ કરણ-કરાવણ-અને અનુમોદનામાં મન-વચન અને કાયાના બધા જ વ્યવહારમાં આવે છે. એના કારણે વિચાર-વાણી અને વર્તન બધા જ વિપરીત થઈ જાય છે. ઊંધી જ દિશામાં ચાલે છે. હિંસા, જૂઠ, ચોરી આદિ બીજા બધાને પાપ માનવા બહુ સહેલાં છે, જ્યારે મિથ્યાત્વને પાપ માનવું ઘણું અઘરું છે અને મિથ્યા-વિપરીત વિચાર-વાણી અને વર્તનને પાપ માનીને તેનાથી મિથ્યાત્વ મોહનીય કર્મ બંધાય છે. આ રીતે મિથ્યાત્વ એક બાજુ પાપ પણ છે અને બીજી બાજુ કર્મ પણ છે અને આ બન્નેનું કાર્ય-કારણભાવ રૂપે ચક્ર પણ ચાલતું જ રહે છે. મિથ્યાત્વનું પાપ મન-વચન-કાયાથી સેવીને - પાપ આચરીને કર્મ બંધાય છે અને પછી તે કર્મ ઉદયમાં આવતાં ફરીથી જીવ તે પ્રમાણેની પાપ પ્રવૃત્તિ આચરે છે અને તેનાથી ફરીથી કર્મ બંધાય છે. ફરીથી કર્મનો ઉદય અને પછી ફરીથી પાપ પ્રવૃત્તિ થાય છે. આ એક જાતનું વિષચક્ર ચાલતું જ જાય છે. આ સ્વરૂપ સારી રીતે સમજીને વહેલી તકે

મિથ્યાત્વની પાપ પ્રવૃત્તિ છોડવી જોઇએ અને કર્મો બાંધવાનું પણ છોડવું જોઇએ.

**મિથ્યાત્વ પાપ રૂચિ છે જ્યારે સમ્યકત્વ પાપોની અરૂચિવાળું છે :-**

મિથ્યાત્વ છે તેની સાદી ઓળખ જ એ છે કે તે બીજાં સર્વ પાપોની રૂચિ ધરાવે છે. પાપો ગમે છે. ઊંડે ઊંડે પાપો પસંદ છે. પાપો કરવામાં મજા આવે છે. પાપોને પાપ શા માટે માનવાં ? હિંસા, જૂઠ, ચોરી, દુરાચાર, વ્યભિચાર, અનાચાર, અતિ સંગ્રહ-પરિગ્રહાદિ બધી જાતનાં પાપો કરવામાં, કરતી વખતે, કર્યા પછી સુખ મળે છે. એવી માન્યતા રૂઢ થઈ જાય છે. વેશ્યાગમન, પરસ્ત્રીગમન, પરપુરૂષગમન, દુરાચાર, અનાચાર કરવામાં ખોટું શું છે ? એમાં શું છે ? જેવી આપણી પત્ની છે અને એની સાથે કામસુખ ભોગવીએ છીએ એવી જ રમત પારકી સ્ત્રી સાથે રમીએ છીએ. બન્ને સાથે સુખ અનુભવીએ છીએ. એમાં ખોટું શું છે ? ઘરબાર તેમ જ ઘરવખરીમાં એકની આવશ્યકતા છે ત્યાં ૧૦ વસ્તુઓ રાખીને વધુ રાજી થવું. ભલે તે વસ્તુઓ વાપરીએ કે ન પણ વાપરીએ પણ હોવી જોઇએ. હોય તો ઘણું સારૂં લાગે છે. આવી વૃત્તિને પરિગ્રહવૃત્તિ કહેવાય છે. એમાંથી અતિ સંગ્રહ-અતિપરિગ્રહમાં સેંકડો વસ્તુઓ ભેગી કરીકરીને રાખવાની હોય છે-ભલે ને બધી જ વસ્તુઓ વાપરીએ અથવા ન પણ વાપરીએ, પરંતુ મારી પાસે આ છે, આ પણ છે અવે ઘણું બધું છે એમ મોહની મૂર્છામાં રાજી થાય છે. આને જ સુખ માની લેવામાં આવે છે. હવે આવા અતિપરિગ્રહને પાપ કોણ માનશે ?

મિથ્યાત્વ ૧૮ પાપોમાંથી છેલ્લું અઢારમું પાપ છે. બધાં પાપોનાં મૂળિયાં આ મિથ્યાત્વ સુધી પહોંચેલા હોય છે. મિથ્યાત્વમાં ઉંડા ઊતરેલા હોય છે. માટે મિથ્યાત્વી જીવ એ પાપ રુચિ જીવ છે. મિથ્યાત્વીની સીધી સાદી ઓળખ જ એ છે કે તેને બધાં જ પાપો પસંદ છે. ગમે છે. પાપો કરવાની તક જો મળે તો તે છોડે તેમ નથી, કારણ પાપને પાપ જ ન માનવાની વૃત્તિના કારણે તને સંસાર ની પ્રવૃત્તિ માને છે. અરે ! એમાં શું થઈ ગયું ? આવું તો બધું આ સંસારમાં ચાલ્યા જ કરે. અરે ! આવું ન થાય કે ન હોય તો સંસાર ચાલે જ નહીં અને આપણને મજા આવે છે ને બસ...પછી શું વાંધો ? સુખ-મોજમજા માટે જ તો આપણો આ જન્મ છે. જીવન છે. આવા માનવી જન્મમાં-આવા જીવનમાં આ બધાં સુખો ભોગવવા મળે છે એમાં જ આપણા જીવનની સફળતા અને સાર્થકતા છે. સુખ ન ભોગવીએ તો શું દુઃખ ભોગવીને દુઃખી થઈએ ? ના...ના...એ વાત તો અમને બિલકુલ માન્ય જ નથી. બધી જ જાતનાં બધાં સુધી બધી રીતે ભોગવવા મળે તો સમજવું કે બસ...આ જ સ્વર્ગ છે. આનાથી વધારે સુખો સ્વર્ગમાં વળી શું હોય ? ઉપલબ્ધ અને મળતા સુખને ઠોકર મારીને હાથે કરીને દુઃખી થવું આવું વળી કોણે શીખવાડ્યું ? બીજા બધાને બધી જ રીતનાં સુખ ભોગવતા જોઇને શું હું એકલો તેમને જોઇ-જોઇને ઈર્ષ્યા-દ્વેષથી બળતો રહું અને દુઃખી થતો રહું ? આ તો ઉચિત નથી લાગતું. આવી વિચારધારાથી પોતે પણ એવાં બધાં સુખો

ભોગવવા લલચાય છે. લોભાય છે. અંદર મિથ્યાત્વ હોવાથી સુખો ગમવાથી પાપો પણ ગમે છે. પાપો કરતી વખતે વર્તમાન કાળે તો સુખ જ મળે છે. ભવિષ્યમાં ક્યારે દુઃખ મળશે તે કોણે જોયું ? મિથ્યાત્વી ટૂંકી બુદ્ધિવાળો છે, જ્યારે સમ્યકદૃષ્ટિ જીવ દીર્ઘદૃષ્ટિ છે.

અત્યંત ટૂંકી બુદ્ધિ હોવાના કારણે મિથ્યાત્વી જીવ ને તરત તાત્કાલિક સુખ મળે છે ને બસ, ભવિષ્યમાં શું થશે એની પંચાત છોડો. ભવિષ્યમાં દુઃખ મળશે અને નરકમાં જવું પડશે અને અસંખ્ય વર્ષો સુધી દુઃખ ભોગવવું પડે...એવી બધી વાતોમાં મને વિશ્વાસ નથી. શું નથી માનતો. આ હાથમાં આવેલી તક શા માટે ગુમાવું ? હમણાં ખોટું બોલું અને તરત બચી જાઉં. હમણાં ચોરી કરું અને એક રાતમાં લખપતી બની જાઉં બસ. આજે મને આ કૉલેજકન્યા મળી છે, પારકી સુંદર સ્ત્રી મળી છે. ભલેને તે ગમે તે હોય અથવા ગમે તેની હોય...એ બધી પંચાત કરવામાં ટાઇમ બગાડવાની જરૂર નથી. બસ ! તરત સુખ ભોગવી લઉં. ક્યાં દુનિયામાં નરક છે ? કોણે જોઇ છે નરક ? આવી નરક અને તેવી નરક... અસંખ્ય વર્ષોનું આયુષ્ય ? અને રાક્ષસો જેવા પરમાધામીઓ અબજો વર્ષો સુધી મારતા જ રહેશે... અરે ! આ બધા ગપગોળા ખાલી આપણને બીવરાવવા માટે છે. અમે સુખ ભોગવીએ એમાં એમનું પેટ શા માટે દુઃખે છે ? એમને સુખ ભોગવવાની ઇચ્છા હશે ? માટે આપણને ડરાવીને અપણા હાથમાંથી સુખની બાજી છોડાવે છે. એવી બધી ઊંધી-વિપરીત વિચારધારા ગાઢ મિથ્યાત્વના કારણે અંદર ઘર કરી ગઈ હોય છે. તેથી મળેલી તકને સુખ મળે છે...ની તક માનીને હાથમાં આવેલા પાપનું આચરણ કરીને સુખ ભોગવી લેવામાં માને છે. બિલાડી જેમ દૂધ પીવાની ઉતાવળ કરે છે પણ પાછળ કોઈ દંડો મારશે તેને જોવા તરફ નજર પણ નથી ફેરવતી. આવી મિથ્યાત્વીની સાવ ટૂંકી બુદ્ધિ હોય છે. સ્વર્ગ, નરક કે પુણ્ય-પાપાદિ કંઈ જ ન માનવાની વૃત્તિ હોવાના કારણે એને માત્ર તાત્કાલિક સુખ ભોગવવાની લાલસા જ દેખાય છે. સુખેષણા ખૂબ જ સજ્જડ પડી હોવાના કારણે ગમે તે ભોગે, ગમે તે રીતે, ગમે ત્યાંથી, ગમે તેવું મળતું હોય તો પણ સુખ ભોગવી લેવું બસ...બીજી પંચાત નહીં.

આવી સાવ ટૂંકી બુદ્ધિ-અલ્પબુદ્ધિના કારણે સુખ લોભ-સુખની લાલસાથી ૧૮માંથી ગમે તે પાપ કરી લેવું. આચરી લેવું. પાપને પાપ જ ન માનવાના કારણે... એમાં શું છે ? આ તો સંસારની એક પ્રવૃત્તિ છે. આવું તો સંસારમાં સર્વસામાન્ય છે, ચાલતું જ રહે છે, થતું જ રહે છે. ઘણા બધા આવી રીતે કરતા જ હોય છે. એમાં હું એકલો થોડો જ કરૂં છું ? લાખો લોકો છે. જેમ તે બધા કરે છે તેમ હું પણ આચરૂં એમાં શું થઈ ગયું ? જે બધાનું થશે તે મારૂં પણ થશે. એમાં શું થઈ ગયું ? માટે પાપરૂચિ હોય છે. પાપો ગમતાં હોય છે.

સમ્યગ્દષ્ટિ જીવ તત્ત્વ અને સત્ય બન્ને સારી રીતે સમજી ગયો હોય છે. હિંસા, જૂઠ, ચોરી, દુરાચાર, વ્યભિચાર, અતિપરિગ્રહ બધાં પાપોને પાપ રૂપે સારી રીતે

સમજી ગયો હોય છે. પાપોને પાપ જ માનતો હોય છે. સર્વજ્ઞ વચનથી પાપોના દારૂણ વિપાકો દુઃખ રૂપે મળે છે તે સારી રીતે સમજે છે. સંસારમાં લાખોને અનેક રીતે દુઃખી થતા, દુઃખો ભોગવતા જોઇને પોતે સાવધાન થાય છે. હું કરૂં કે બીજા કરે–પાપ એ પાપ જ છે. જે અને જેવાં દુઃખો આજે બીજા હજારો ને ભોગવવાં પડે છે તે અને તેવાં જ દુઃખો કાલે મારે પણ ભોગવવાં જ પડશે. એમાં કોઈ રીતે પણ છુટકારો સંભવ જ નથી. દુઃખો ભોગવવામાંથી કોઈ છોડાવી જ નહીં શકે. બચાવી જ નહીં શકે. દા.ત. જન્મથી જ મંદમતી રૂપે જનમ્યા, ગાંડા–મૂર્ખ રૂપે જો જનમ્યા, અપંગ–વિકલાંગ રૂપે જનમ્યા, જો આંધળા, મૂંગા, બહેરા, બોબડા તરીકે જ જનમ્યા, ગરીબ ભિખારીના ઘેર રસ્તા ઉપર જો જનમ્યા તો ત્યાં આખી જીંદગી સુધી કેવી રીતે સુખ ભોગવશું ? કયું સુખ ભોગવશું ? એક મતીમંદ બાળકને જોયો છે ? તે કયું સુખ કેવી રીતે ભોગવશે ? શું સુખ ભોગવશે ? શક્ય જ નથી. સંસારમાં આવા અને આટલું દુઃખ ભોગવનારા જીવોને... આવા હજારોને જોઇને વહેલીતકે ચેતી જવામાં, સાવચેત થઈ જવામાં જ ડહાપણ છે. કાર્ય–કારણભાવના નિશ્ચિત સંબંધ સમજીને વર્તમાનકાળે આવા જીવો ભારે દુઃખ જે ભોગવી રહ્યા છે તે કાર્ય રૂપે છે, એની પાછળ કારણરૂપે પાપકર્મ સો ટકા નિશ્ચિત છે. એમાં બે મત નથી. ભલેને કારણ ન દેખાતું હોય માટે ન માનવું એવું નથી. ન દેખાતું હોવા છતાં પણ અનિવાર્યપણે કારણ છે.

ઇશ્વર દયાળુ–માયાળુ છે. તે શું કામ બધાને દુઃખી કરે ? અને તે દુઃખી નથી કરતો તો પછી કર્મ ફળ શા માટે આપે ? ન જ આપે. ભારે કર્મોનું ફળ આપશે તો પણ લોકો ખૂબ દુઃખી થશે. શા માટે આવું અને આટલું દુઃખ ઇશ્વર આપે ? ના... ના... આ જીવોએ પોતે જ કંઈક એવા ભારે પાપો કર્યા છે. કરીને આવ્યા છે. કે જન્મજાત જ આવી સ્થિતિમાં જનમ્યા છે અને આવા મતિમંદ, આંધળા, લૂલા, લંગડા થયા છે, માટે આ કરેલાં પાપોની જ સજા છે. એમણે કર્યા છે ને એ જ ફળ ભોગવે છે. હું પણ એમના જેવો જ માણસ છું અને જો હું પણ પ્રાપ કરીશ તો હું પણ ભવિષ્યમાં દુઃખ ભોગવીશ. હજારો–લાખોની આવી દશા થાય છે, તો નક્કી કાલે મારી પણ આવી જ દશા થશે. માટે... ના... ના... મારે આવું કરવું, નથી આચરવું. ભૂલેચૂકે પણ નથી જ કરવું. પાપકર્મોના દારૂણ વિપાકો આવા જ હોય છે. કોઈ કોઈનું દુઃખ લઈ નથી લેતું. બધી વાતો છે. આવા મંદમતિ, આંધળા, પાંગળા જો થઈ ગયા તો દુનિયાની કોઈ તાકાત નથી કે મને આ દુઃખમાંથી બહાર કાઢે. શક્ય જ નથી. એકમાત્ર ઉપાય છે... જો પાપ જ ન આચરીએ તો કર્મ જ નહીં બંધાય અને કર્મ જ નહીં બંધાય તો ઉદયમાં આવવાનો સવાલ જ નહીં રહે અને ઉદયમાં જ નહીં રહે તો દુઃખ આવવાનો સવાલ જ ઉપસ્થિત નહીં થાય. ખરેખર દીર્ઘકાળ સુખી રહેવાનો, સુખી થવાનો રાજમાર્ગ જ પાપત્યાગ છે.

**દ્રવ્ય દયા કે ભાવ દયા ? શું શક્ય છે ? :-**

સંસારના સમસ્ત જીવોને દુઃખી-આર્ત-પીડીત જોઇને તેમનાં દુઃખોનું મુખ્ય કારણ સારી રીતે સમજીને-જાણીને હવે તેમનાં દુઃખો દૂર કરવામાં સાધનસામગ્રીઓ વસ્તુઓ, રૂપિયા, પૈસા, ખાવા, પીવા માટે રોટી-પાણી વગેરે બધું આપવું તે દ્રવ્ય દયાજન્ય છે. જ્યારે જીવોના દુઃખોનું મૂળભૂત કારણ પાપકર્મ જાણીને તે દૂર કરવા માટે તે તે જીવોને તેવી સમજ આપીને સાચું જ્ઞાન આપવું, તેના મિથ્યાત્વનું નિવારણ કરવું. પાપબુદ્ધિ ઘટાડવી, પાપરૂચિ નષ્ટ કરવી, જીવો ને પાપ અને કર્મ અને બન્નેની વચ્ચેનો કાર્ય-કારણભાવ સંબંધ સમજાવવું જેથી સર્વ જીવો સ્વયં પાપપ્રવૃત્તિ ઘટાડે, કર્મ બાંધવાનું પ્રમાણ ઘટે. જેથી તે જીવો કાળાન્તરે તેટલા પ્રમાણમાં દુઃખી નહીં થાય. એ માટે સુયોગ્ય જ્ઞાનદાન કરવું. એવા જીવોના કલ્યાણ માટે ભાવના ભાવવી, પ્રાર્થના કરવી, સદ્ભાવ-શુભેચ્છા, સદીચ્છા વ્યક્ત કરવી એ ભાવદયા છે.

દ્રવ્યદયા અને ભાવદયામાં જે તફાવત છે તે ભેદ સમજવાથી વધુ ખ્યાલ આવશે. દ્રવ્યદયા બહારની બાહ્ય દયા છે. બહારથી જીવોનું દુઃખ જોઇને દયાભાવ લાવીને દ્રવ્ય પદાર્થો આપી દેવાથી દ્રવ્યદયા થાય છે. આવી દ્રવ્યદયા સાવ નાની છે. અલ્પકાલીન છે. થોડો સમય ટકે છે. દુઃખાર્ત-દુઃખ જોઇને દયા જાગે છે અને તરત દાન કરીને તરત છૂટી જાય છે, પરંતુ આવી દ્રવ્યદયા માત્રથી બધાનું દુઃખ દૂર થઈ જ જશે એવી સંભાવના કેટલી?

દયાનાં મૂળ જેટલાં ઊંડાં હશે એટલાં જ પ્રમાણમાં દાન પણ વધારે સારું રહેશે. દયા અને દાનમાં ખાસ કાર્ય-કારણભાવ સંબંધ છે. દયા કારણરૂપે છે. એ દાન તેવી થતા કાર્ય રૂપે છે. જેમનામાં દયા જાગે છે તે જ દાન કરવા પ્રેરાય છે. એનાથી વિપરીત જેમનામાં દયાભાવ જ નથી જાગતો તેમનામાં દાન આપવાની ઇચ્છા પણ નથી જાગતી. ધન-સંપત્તિ લાખો લોકો પાસે છે. ઘણા પાસે પ્રમાણમાં ઘણી વધારે પણ છે. તેથી બધા જ લખપતી માણસો કંઈ દાન આપી જ દે છે એવું નથી દેખાતું. દાનવૃત્તિ પણ મોટો ગુણ છે. એવી જ રીતે દયાભાવ પણ આત્માનો મોટો ગુણ છે. આ ગુણો કેટલા પ્રમાણમાં પ્રગટે છે અને કેટલા પ્રમાણમાં કર્માવરણથી આવરાયેલા છે. એના ઉપર આધાર છે. વ્યક્તિનું શરીરસૌષ્ઠવ કે રૂપ-રંગ જોવામાત્રથી અથવા તેની પાસે ધન-ધાન્યાદિ સાધનસામગ્રીઓ વિપુલ પ્રમાણમાં હોવા છતાં કેમ દાન નથી આપતા? વગેરેનું રહસ્ય એકમાત્ર કર્મશાસ્ત્રના સિદ્ધાંતોમાંથી સમજવા મળશે. બીજા દુનિયાના કોઈ પણ શાસ્ત્રમાં મળવા જ નથી.

પહેલા ચિત્રમાં શરીરમાં જે આત્મા છે તેમાં ગુણો સ્પષ્ટપણે દેખાય છે. જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણો છે. તેમાં ચારિત્ર ગુણ અંતર્ગત દયા, કરૂણા, દાન વગેરે અનેક ગુણો છે. આવા અને ગુણોના સમૂહાત્મક સ્વરૂપે 'ચારિત્ર ગુણ'ની એક સંજ્ઞા આપવામાં આવેલ છે. કારણ કે દાન, દયા, કરૂણા આચરવાના હોય, પરંતુ આ ગુણો કર્માવરણથી ગ્રસ્ત છે. કર્મનો સ્વભાવ ગુણથી વિપરીત વર્તવાનો છે. દાન આપવાના બદલે આપવાની ઇચ્છા

જ ન થવી, દયા મનમાં આવવા જ ન દે અને જીવને નિર્દય બનાવી દે છે. કરૂણા ગુણ ઉપર આવેલ કર્મોદય ક્રૂર બનાવી દે છે, પરંતુ બીજું ચિત્ર ફરી ધ્યાનથી જુઓ. દાન, દયા, કરૂણા વગેરે ગુણો ઉપર જે કર્માવરણ આવેલા છે અને ગુણોને ઢાંકે છે. તેમાં કોઈ કર્મ ૮૦%, કોઈ ૯૦% એવી રીતે એટલા પ્રમાણમાં કર્માવરણ છે. બાકીનો ૨૦%, ૩૦%, ૧૦% ગુણ પ્રગટ છે. આ છે ક્ષયોપશમનું સ્વરૂપ. માટે સંસારમાં દરેક લોકોમાં ૧૦૦ ટકા ગુણો પ્રગટ નથી હોતા અને ૧૦૦ ટકા કર્મ પણ નથી હોતા. આ ટકાવારી બધા જીવોમાં ઓછાવત્તા અંશે પ્રગટ-અપ્રગટ હોય છે, તેથી સંસારમાં દરેક વખતે દરેક પ્રસંગે એકસરખા ગુણો પ્રગટેલા વ્યવહારમાં નથી દેખાતા. ક્યારેક દયા-કરૂણા પ્રગટ થાય છે તો ક્યારેક નથી પણ થતા. ક્યારેક માણસ દયાથી પ્રેરાઈને દાન આપે છે, ક્યારેક વધારે દાન પણ આપે છે અને છતે પૈસે ઘણીવાર દાન નથી પણ આપતો. એક ભિખારી જેને દાન લેવાની જ આદત હોય છે. આપવાની તો વાત જ ક્યાંથી હોય ? તેમ છતાં પણ એક ભિખારી ક્યારેક બીજા ભિખારીને અથવા કૂતરાને અડધી કે એક રોટલી પણ આપી દે છે. જ્યારે એક કરોડપતિ પણ અવસરે બીજાને કંઈ જ નથી આપતો.

એવી જ રીતે એટલા વધારે પ્રમાણમાં દાન પણ આપી શકાય છે. દુઃખ પણ હજાર જાતનું છે. તેથી દયા પણ અનેક પ્રકારની જાગે છે. એવી રીતે દાન પણ અનેક પ્રકારનાં અપાય છે, પરંતુ આ બધા પ્રકારનાં દાનોમાંથી જે અને જેટલા શક્ય -સંભવ હોય છે તેટલા જ આપી શકાય છે. માટે શતપ્રતિશત બધા જ દાનો અપાતાં નથી. કોઈ માગે કે મારે સંતાન નથી મને સંતાન આપો તો શું કરવું ? કોઈ બાળવિધવા કહે કે મને પતિ જોઇએ છે તો શું કરવું ? કોઈ બાળક કહે કે મને માતા જોઇએ છે, કોઈ વાસનાપીડિત કહે કે મને કામતૃપ્તિ માટે સ્ત્રી જોઇએ છે તો શું કરવું ? આવા સેંકડો સંસારના દ્રવ્યદયાના નિમિત્તભૂત દાન છે તે કેવી રીતે આપવાં ? જગતના બધા જીવોને તેમની ઇચ્છાનુસાર બધી જાતના દ્રવ્યદાન કેવી રીતે આપવા ? અસંભવ છે. શાશ્વત સિદ્ધાંતથી વિપરીત પ્રભુ પણ નથી જતા અને એવા કોઈ ચમત્કાર નથી કરતા કે મરેલા પુરૂષ કે પતિને ફરી જીવતો કરી દે.

જ્યારે વ્યક્તિ એક-બે જણાનું દુઃખ જોઇને દયા લાવે છે ત્યારે તે સીમિત-મર્યાદિત જ હોય છે અને એના કરતાં વધારે જ્યારે આખા સંસારના સમસ્ત જીવોનાં દુઃખો જુએ છે ત્યારે જોનારાની દયા કેટલા ગણી વધી જતી હશે ? તેની કલ્પના આપણે કરીએ તો ખ્યાલ આવે ? એમાં પણ પાછા એક-એક જીવનાં દુઃખો કેટલાં ? કેટલી જાતનાં ? કેટલા પ્રકારનાં ? એનું ગણિત કરતાં...ગુણાકાર જ એટલો મોટો દેખાશે કે જેનો આંકડો આપણી સામે આવે તો આપણી તો છાતી જ બેસી જાય. જ્યારે તીર્થંકર ભગવાન થનાર એ વરબોધી પ્રાપ્ત પુણ્યાત્મા સર્વજ્ઞપ્રણિત સિદ્ધાંત ''सव्वे जीवा कम्मवस'' સંસારના સર્વ જીવો કર્માધીન છે. કર્માધીન બધા નિશ્ચિતપણે દુઃખી જ હોય છે. બસ, ફરક એટલો જ છે કે કોઈનું

દુઃખ ઓછું તો કોઈનું દુઃખ વધારે. કોઈનું એક પ્રકારનું તો કોઈનું બીજા પ્રકારનું ? પણ દુઃખ છે અવશ્ય. દુઃખ વગરના સંસારમાં કોઈ નથી.

સંસારમાં અનંતાનંત જીવો છે અને એક-એક જીવનાં દુઃખો અનેક પ્રકારનાં છે. એવી રીતે અનંતા જીવોનાં દુઃખો અનંત અગણિત-અસંખ્ય પ્રકારના ગણાતા અનંતાનંત પ્રકારના દુઃખો થાય, સંસારના અનંતા જીવો તેમનાં અગણિત દુઃખો તે નિમિત્તે જાગતી દયા-કરૂણા કેટલા ગણી લાગે ? સર્વથા સ્વાર્થીજીવોની દયા સંસારના અનંતા જીવો સુધી પોતાની દૃષ્ટિ પહોંચાડી પણ ન શકે. શક્ય જ નથી. સંસારમાં અનંતગણા એવા જીવો છે, જેઓ સ્વાર્થીછે. તેમની દૃષ્ટિ વ્યાપક નથી. માત્ર સ્વકેન્દ્રિત જ તેમની દૃષ્ટિ છે. તેમને માત્ર પોતાનાં જ દુઃખો દેખાય છે. માત્ર સ્વાશ્રિત જે પોતાના પરિવારના છે, મારાપણાના સંબંધવાળા જે હોય તેમના સુધી પોતાની દૃષ્ટિ હોવાથી તેમનાં દુઃખો દેખાય છે. જેમની દૃષ્ટિ જ સીમિત-મર્યાદિત હોય છે તેમની દયાના પાત્ર પણ સીમિત-મર્યાદિત જ હોય છે. આવી રીતે એક તરફ સંસારના અનંતા જીવો-અનેક સ્વાર્થીજીવો તેમની દૃષ્ટિ-તેમની દયાનું માપ-પ્રમાણ જ્યારે બીજી બાજુ આટલા અનંતા જીવોમાં વરબોધીપ્રાપ્ત એક એવો વિશિષ્ટ કક્ષાનો જીવ જેની દૃષ્ટિ એટલી વ્યાપક છે કે જેટલી વ્યાપક સંખ્યા જીવોની છે. જીવોની સંખ્યા જ જ્યાં અનંતી છે, તે અનંતા જીવોના અનંતા દુઃખોને જે સારી વ્યાપક દૃષ્ટિથી સમજે છે. સારી રીતે જાણે છે, તેની દયાનું પ્રમાણ પણ કેટલું વ્યાપક હશે ? કેટલું વિશાળ અને વિપુલ હશે ? આટલી વ્યાપક દયાના આધારે જો તે વરબોધીવાળો વિશિષ્ટ કક્ષાનો જીવ સમસ્ત જીવોનાં દુઃખો દૂર કરવા-નિવારવા પુરૂષાર્થ કરે અને દ્રવ્ય દયાથી દ્રવ્ય પદાર્થો-વસ્તુઓ આપીને તે સર્વેનાં દુઃખો દૂર કરવા ભગીરથપુરૂષાર્થ પણ કરે તો પણ સફળ થવાની સંભાવના કેટલી રહે ? શું શક્ય છે ? તે માટે શું એટલી બધી ચીજવસ્તુઓ તેમની પાસે ઉપલબ્ધ છે ? એ અનંતા જીવને દ્રવ્યરૂપ ચીજવસ્તુઓ-પદાર્થો-પૈસાદિ સર્વસામગ્રી આપે તો દ્રવ્યદાનથી તેમનું દ્રવ્ય નિમિત્તક દુઃખ નિવારી શકે. કયા જીવોનું દુઃખ શું આપવાથી દૂર થશે ? કોને શું જોઇએ છે ? કેટલું જોઇએ છે ? આ દુનિયામાં બધાને માત્ર પૈસા જ જોઇએ છે એવું નથી. તિર્યંચ ગતિનાં પશુ-પક્ષીઓને કોઈને પણ ધન-લક્ષ્મીની આવશ્યકતા નથી. કીડા-મંકોડા વગેરે કૃમિ -કીટ-પતંગીયાં વગેરે કોઈનેય પૈસાની જરૂર નથી. નરકના અસંખ્ય નારકી જીવોને કોઈનેય ધન-લક્ષ્મી કે પૈસાની રત્તીભર ઇચ્છા નથી હોતી. સ્વર્ગના દેવી-દેવતાઓને ધન-લક્ષ્મી કે સંપત્તિની બિલકુલ ગરજ નથી. ઉપરથી સ્વર્ગમાં એટલી વિપુલ પ્રમાણમાં સંપત્તિ છે કે તેમને પોતાની વિપુલ સંપત્તિ સુરક્ષિત રહે, સચવાઈ જાય તેવી ચિંતા ઘણી છે. પોતાની પાસે જે છે તેનો તેમને જેટલો સંતોષ નથી તેનાથી કરતા બીજાની પાસે વધારે સત્તા-સંપત્તિ છે તેની ચિંતા તેમને વધુ દુઃખી કરે છે.

આ સંસારની એક ઘણી મોટી વિડંબણા એ છે કે પોતાની પાસે જેટલું છે

તેમાં સુખી નથી. કારણ કે જે છે, જેટલું છે તેમાં તેમને સંતોષ નથી. સમાધાન નથી. પોતાનાથી વધારે જેમની પાસે જેટલું વધારે છે તેમના પ્રત્યે ઈર્ષ્યા રાખીને સંસારમાં ઘણા દુઃખી થનારા વધુ છે. ઈર્ષ્યા ચોક્કસ દુઃખદાયી છે. દુઃખકારી છે. પેટ ચોળીને પોતાના હાથે પીડા ઊભી કરવા જેવી ઈર્ષ્યા છે. તેવી જ રીતે પોતાની પાસે સંપત્તિ-સાધનસામગ્રી પર્યાપ્ત માત્રામાં હોવા છતાં પણ પોતે તેમાં સંતુષ્ટ નથી. જોકે, વાસ્તવિકતા એ પણ છે કે પોતાને મળેલી સુખ-સંપત્તિ સાધન સામગ્રી પોતે પૂરેપૂરી ભોગવી લે, વાપરી લે તો પણ પોતે સારી રીતે સુખી જીવન જીવી શકે છે, પરંતુ ઈર્ષ્યાળુ સ્વભાવ એટલો બધો વધારે હોય તો શું થાય ? તેવા જીવોને પોતાની પાસે જેટલું છે તે દેખાતું નથી. એનાથી વધારે તેને બીજાની પાસે કેટલું વધારે છે તે જ દેખાય છે અને તેમાં પણ જો પોતાના હરીફ પાસે પોતાના કરતાં વધારે હોય તો તો પછી તેની ઈર્ષ્યા પણ અનેકગણી વધી જાય છે. તેથી તે વધારે દુઃખી થાય છે. સામે તે હરીફ કોણ છે ? તેમાં પણ જો તે હરીફ શત્રુવર્ગનો હોય તો શું સ્થિતિ થાય ? જેને પોતે શત્રુ માને છે. વાંશિક શત્રુ, વ્યાપારી શત્રુ, બાપ-દાદાથી ચાલ્યા આવતા આપણા કુળના શત્રુ છે. એવા ઘણી જાતના શત્રુ માની લીધા હોય છે. બનાવી દીધા હોય છે. બધા હરીફો શત્રુ નથી હોતા તેમ જ બધા શત્રુ હરીફ પણ નથી હોતા. વ્યાપાર-વ્યવસાયના ક્ષેત્રે હજી હરીફો હોય તે સંભવ છે. ઘણી વખત ઘણી જાતની સ્પર્ધા સારી પણ હોય છે. સારી સ્પર્ધા માણસને આગળ પણ લાવે છે. તેમાં વિકાસ પણ સાધી શકાય છે. તેમાં ઈર્ષ્યા-દ્વેષ કરવાનો નથી હોતો. Healthy compitition રાખવી લાભદાયી છે. બાળકોમાં સ્કૂલ-કૉલેજોમાં આવી સ્પર્ધા ઊભી કરવામાં આવે છે. યોજવામાં આવે છે. વધારવામાં આવે છે.

કરોડોની જનસંખ્યા હોય અને સીમિત-મર્યાદિત વસ્તુઓનો જ વ્યાપાર હોય એવા સંજોગોમાં ૧-૧ વસ્તુનો વ્યાપાર હજારો જણા કરતા જ હોય છે તેવી સ્પર્ધાઓમાં ઈર્ષ્યા-દ્વેષ કરવી મૂર્ખતા છે. ભાષણમાં, રમતમાં, ભણવામાં એવા જીવનનાં ઘણાં ક્ષેત્રોમાં ઘણી જાતની સ્પર્ધાઓ થાય છે. ગોઠવાય છે અને યોજવામાં આવે છે. તેથી તેમાં ઈર્ષ્યા કરવી મોટી ભૂલ છે.

### પુરૂષાર્થથી કે પુણ્યથી, શેનાથી સુખ મળે છે ? :-

સંસારમાં ઘણાને અભિમાન છે કે પુરૂષાર્થથી બધી જ જાતનાં સુખો મળી જાય છે. એમાં વળી પુણ્યનો કે ભાગ્યનો સાથશા માટે ? આ બાબતમાં ચતુર્ભંગીના ૪ ભાગ પડે છે તેનો વિચાર કરવાથી ખ્યાલ આવશે.

(૧) પુણ્યનો ઉદય છે પણ સામે પુરૂષાર્થ બિલકુલ નથી.
(૨) પુણ્યનો ઉદય સારો છે અને પુરૂષાર્થ પણ ભગીરથકક્ષાનો છે.
(૩) પુણ્યનો ઉદય નથી છતાં પુરૂષાર્થ ઘણો કરે છે.
(૪) પુણ્યનો ઉદય બિલકુલ નથી અને પુરૂષાર્થનું નામ પણ નથી લેતો.

આ ચતુર્ભંગીના ૪ ભાંગા પ્રમાણે સંસારમાં ૪ પ્રકારના જીવો છે.

(૧) પૂર્વભવોમાં પ્રબલ પુણ્યોપાર્જન કરીને જે સાથે લઇને આવ્યો હોય અને આ ભવમાં તેનો ઉદયકાળ સારો હોય એવા સમયે પણ જો આળસ-પ્રમાદવશ પુરૂષાર્થ કરવા જ તૈયાર ન હોય તો ઘરમાં બીજ હોવા છતાં ઉગાડીને અનાજ ખાઈ શકે તેમ નથી.

(૨) બીજા ઘણાં એવા પણ છે કે જેમનો પુણ્યોદય તો સારો છે અને વર્તમાન ભવમાં તેને અનુરૂપ ભગીરથપુરૂષાર્થ કરે છે તો તે એક આંબાની ગોટલીમાંથી ૨000 આંબા સારી રીતે ખાઈને સુખી રહેશે. આવા જ જીવો સારા સુખી થાય છે. બીજા ભેદવાળા વધુ સુખી જોવા મળશે.

(૩) ત્રીજા એવા પણ ઘણાં જીવો છે કે જે પૂર્વ ભવોમાં પુણ્ય કરીને સાથે લાવ્યા જ નથી, તેથી ઉદયમાં જ નથી છતાં પણ આ ભવમાં થોડામાં થી થોડું દાન વગેરે આપે છે. આપવાનો પુરૂષાર્થ કરે છે. તેથી થોડા કાળ પછી મળશે.

(૪) ચોથા પ્રકારમાં એવા પણ ઘણાં જીવો છે કે પુણ્ય ખાતામાં નામમાત્ર પણ નથી અને સામે પુરૂષાર્થ બિલકુલ કરતા જ નથી. એવા જીવો દુઃખ-દારિદ્રયમાં જીવન વિતાવતા જોવા મળે છે.

આ રીતે આ ચારેય ભાંગાને સારી રીતે સમજી લઇને સુખ-દુઃખની પાછળ કર્મશાસ્ત્રના સિદ્ધાંતો સારી રીતે સમજી લેવા જોઇએ. સુખ-દુઃખ નિશ્ચિતપણે જીવે કરેલા શુભ-અશુભ કર્મ ઉપર જ આશ્રિત છે.

જીવાત્માને મન-વચન-કાયા ત્રણેય સાધનો મળેલા છે. ચારેય ગતિઓ માં અનંતા જીવો છે. કોઈ શુભ પુણ્યકર્મ સારૂં કરે છે. તેમને તે ઉદયમાં આવે છે ત્યારે ઉદયકાળે સારૂં સુખ મળે છે. મનુષ્યગતિમાં જીવ જાય છે. સુયોગ્ય દિશા માં સારો પુરૂષાર્થ કરે તો સારૂં સુખ મેળવે છે. મનુષ્યગતિમાં સુખ-સંપત્તિ-સમૃદ્ધિ ૩0% થી ૪0% મળે છે. ત્યારે સ્વર્ગની દેવગતિમાં સુખ-સંપત્તિ-સમૃદ્ધિ ૮0%, ૯0%, ૧00% મળે છે. તેનો પુણ્યોદય વધારે છે.

બીજી બાજુ જે જીવો અશુભ કર્મ પણ પાપપ્રવૃત્તિ વડે ઉપાર્જન કરે છે. તેનું પ્રમાણ જ ૪0% ૫0% હોય તો જીવ તિર્યંચગતિમાં જઈને પશુ-પક્ષીના ભવો ધારણ કરીને અનેક જાતનાં દુઃખો ભોગવે છે. જ્યારે ૮0% ૯0%, ૧00% જો ભારે પાપકર્મો ભારે અશુભ કક્ષાના હોય ત્યારે જીવ નરકગતિમાં જઈને ભારે દુઃખ-દુર્ગતિ ભોગવે છે. સ્વસ્તિક-સાથિયો ચારેય ગતિઓનું સૂચક છે. સાથિયામાં નીચેની બે ગતિઓ દુર્ગતિ છે. તિર્યંચ (પશુ-પક્ષી) ની ગતિમાં દુઃખ ઓછું છે જ્યારે નરકગતિમાં અતિ પ્રમાણમાં દુઃખ હોય છે.

## પુણ્ય અને અંતરાય કર્મનો ઉદય-અનુદય :-

કર્મશાસ્ત્ર સર્વજ્ઞ પ્રણિત સિદ્ધાંત છે. સમસ્ત વિશ્વમાં અનંતા જીવોના સુખ-દુ:ખનું કારણ કર્મ છે. ૧) નામકર્મની ૧૦૩, ૨) ગોત્રકર્મની ૨, ૩) વેદનીય કર્મની ૨, ૪) આયુષ્યકર્મની ૪. એવી રીતે ચારેય અઘાતી કર્મોની કુલ ૧૧૧ કર્મપ્રકૃત્તિઓ છે. તેમાંથી ફક્ત ૪૨ પ્રકૃત્તિઓ જ શુભ પુણ્યકર્મની છે. જ્યારે બાકી રહેલી ૬૯ કર્મપ્રકૃત્તિઓ અશુભ છે. બીજી બાજુ ૪ ઘાતીકર્મો છે - ૧) જ્ઞાનાવરણીયની-૫ પ્રકૃત્તિઓ, ૨) દર્શનાવરણીય કર્મની ૯, ૩) મોહનીય કર્મની ૨૮, અને ૪) અંતરાય કર્મની ૫. એવી રીતે કુલ ૪૭ કર્મપ્રકૃત્તિઓ છે. આ બધી જ કર્મપ્રકૃત્તિઓ અશુભ પાપની પ્રકૃત્તિઓ છે. અશુભ કર્મપ્રકૃત્તિઓ અઘાતીની ૬૯ અને ઘાતીની ૪૭ પ્રકૃત્તિઓ-બધી મળીને કુલ ૧૧૬ પ્રકૃત્તિઓ થાય છે. એમાંથી ૪૨ પ્રકૃત્તિઓ પુણ્યની શુભ છે. આઠેય કર્મોની મળીને ૧૧૬+૪૨=૧૫૮ ઉત્તર પ્રકૃત્તિઓ થાય છે.

કર્મશાસ્ત્રના આવા અભ્યાસના આધારે એક વાત સ્પષ્ટ થાય છે કે જીવોને ૮૨ પ્રકારે દુ:ખ ભોગવવાનું આવે છે. જ્યારે ૪૨ પ્રકારનાં જ સુખો મળી શકે છે. માનવીએ ફક્ત ધનલક્ષ્મી-પૈસાને જ સુખરૂપ માની લીધું છે, જ્યારે એવું નથી. આ ૪૨ પ્રકૃત્તિઓ કર્મશાસ્ત્રના આધારે સારી રીતે સમજી લેવામાં આવે તો સ્પષ્ટ ખ્યાલ આવી જશે કે સર્વાંગી સુખનું સ્વરૂપ કેટલું વિશાળ છે. સર્વજ્ઞ ભગવંતોએ સર્વાંગીણ વિચારણા કરીને બધી જ જાતનાં સુખોની દીર્ઘ મીમાંસા કરી છે. દા.ત. પૈસા ટકા તો પછી પણ પહેલા મનુષ્યગતિ તો સારી મળવી જોઇએ! માનવી સર્વાંગ સુંદર શરીર મળવું તો જોઇએ ! સર્વ ઇન્દ્રિયો પરિપૂર્ણ સારી સક્રિય મળવી તો જોઇએ! રૂપ-રંગ-સૌંદર્ય બધું મનગમતું આકર્ષક સુંદર મળવું તો જોઇએ! અને આ બધું મળે અને આયુષ્ય સારૂં પૂરેપૂરૂં ન મળે તો ચાલશે ? ના. આ બધાની સાથે પૂરેપુરૂં સારૂં લાંબુ આયુષ્ય મળવું પણ તેટલું જ જરૂરી છે અને જરાક વિચારો કે- આયુષ્ય-પણ સારૂં મળે પણ ઉચ્ચ કક્ષાનું ગોત્ર, ઊંચી ખાનદાની, ઉચ્ચ સમાજનું, મોટા ઘરાણાનું નહીં હોય તો ચાલશે ? વંશ-કુળ-જાતિ-સમાજ-ખાનદાની વગેરે બધા સાવ અધમ કક્ષાના હલકા મળે તો ચાલશે ? કોને ગમશે ? ચાલો, ધારો કે તે પણ સારું મળી જાય, પરંતુ નિરોગી, સ્વસ્થકાયા જ ન મળે અને રોગગ્રસ્ત મળે તો ? રોજ બીમાર રહીને પથારીમાં જ પડ્યો રહે તો ચાલશે ? અરે ! ના...ભાઈ ના ! રોગ-બીમારી તો ભારે દુ:ખનું કારણ છે અને જો ઘણાં લાંબા કાળની લાંબી બીમારી હોય તો તો આવી બન્યું. સુંદર રૂપ-રંગ હોવા છતાં પણ દુ:ખી-દુ:ખી થઈને જીવન વીતાવવું પડે છે.

આ રીતે સુખની અને દુ:ખની બન્નેની વિચારણા અઘાતી ચારેય કર્મોના આધારે જોવા મળે છે, માટે અઘાતીના ચારેય કર્મોમાં શુભ-અશુભ બન્ને જાતની કર્મ પ્રકૃત્તિઓ છે.

સર્વજ્ઞ ભગવંતોએ કર્મશાસ્ત્રને ૧૫૮ પ્રકૃત્તિઓમાં વિભાજિત કરીને સંપૂર્ણ જગતના અનંત જીવોની દષ્ટિએ વ્યાપકરૂપે જણાવ્યું છે. ફક્ત જૈનો પુરતું જ નથી બતાવ્યું કે ફક્ત જૈનો માટે જ નથી બતાવ્યું. હા, જૈનો જિનાનુયાયી હોવાથી તેમણે સ્વીકાર્યું. સમજી-વિચારીને જીવનમાં ઉતાર્યું, માટે જ સુખ-દાતા ઇશ્વરને નથી માન્યા. તેવી જ રીતે દુઃખ-દાતા પણ ઇશ્વરને નથી માન્યા. સુખ-દુઃખ ઇશ્વરાધીન નથી પણ કર્માધીન જ છે. આ રીતે જગતમાં જૈનો મિથ્યા-અસત્ય તજી સમ્યગ્ સત્યને સ્વીકારીને સાચા રસ્તે ચાલ્યા જ છે. જે સારાં શુભ કર્મો-પુણ્ય પ્રવૃત્તિથી કરશે-આચરશે તેઓ કાળાન્તરે પુણ્યના ઉદયે સુખ, સંપત્તિ, સમૃદ્ધિ, સદ્ગતિ વગેરે બધું પામશે. જ્યારે જે લોકો પાપપ્રવૃત્તિ આચરીને ભારે અશુભ કર્મ બાંધશે તેઓ તેના ઉદયકાળે દુઃખ-દુર્ગતિ દૌર્ભાગ્ય, દારિદ્રય વગેરે પામશે. આ સત્ય બધાએ સ્વીકારવું હિતકારી છે. આવા સર્વજ્ઞ પ્રણિત સિદ્ધાન્તો સર્વવ્યાપી-વ્યાપક સ્વરૂપે સર્વગ્રાહી-સમસ્ત જીવો માટે છે. આવા સિદ્ધાંતો સમજવા-માનવા માટે પ્રયત્ન કરવો જોઇએ.

અઘાતી ચારેય કર્મોના ઘરમાંથી શુભ પુણ્યાત્મક સારી પ્રકૃત્તિઓ કેટલી ઉદયમાં આવે છે તે પ્રમાણે જીવને તેટલું સુખ વધું મળશે. ના નથી, પરંતુ સામે એ પણ જોવું જોઇએ કે અંતરાય કર્મ જે ચાર ઘાતીકર્મોના સમૂહમાંનું એક કર્મ છે. અંતરાય કર્મનું કામ છે વિઘ્ન કરવું, હોવા છતાં મળવા ન દેવું, ખાવાનું ઘણું હોવા છતાં ખાવા જ ન દેવું, ઘણું ખાઈ લીધું હોય તો પાચન જ ન થવા દેવું, ઝાડા-ઉલટી ગમે તે રીતે પણ પાછું બહાર ફેંકવું અથવા અજીર્ણ-અપચો, કાચો આમ થઈ જાય. કોઈ આપે છતાં મળે જ નહીં. લેવા જ ન દેવું. લાભ જ જતો રહે. બધાને મળે અને આ એક ખાસ રહી જાય, અથવા પોતે આપવા જાય તો પણ કોઈ લે નહીં. બધું મળે કે હોય છતાં પણ ભોગવી જ ન શકે અને માત્ર ખાવા-પીવાની વસ્તુઓ પુરતી જ વાત સિમિત નથી, પરંતુ કપડાં-લત્તાં, ગાડી, ઘર-મકાન, પૈસા-ટકા વગેરે સંસારના સુખ-સંપત્તિ-સમૃદ્ધિની સેંકડો સાધનસામગ્રીઓ વાપરી ન શકે અને શક્તિ પણ પૂરતા પ્રમાણમાં ન હોય. અશક્ત-કમજોર હોય, શક્તિ ન હોય, શારીરિક, માનસિક, વાચિક શક્તિ વગેરે ઘણી જાતની શક્તિઓમાં પાછો પડી જતો હોય છે.

આ અને આવી ઘણી બધી વાતો અંતરાય કર્મ વિષે છે. ખરી રીતે સારામાં સારા પ્રમાણમાં ઉચિત અભ્યાસ કરવો જોઇએ. જેથી વધુ સ્પષ્ટ સાચી સમજણ મળે. માટે માત્ર અઘાતી ચારેય કર્મોના ઘરની શુભ-પુણ્યની પ્રકૃત્તિઓ હોવી જ પર્યાપ્ત નથી, પરંતુ સામે અંતરાય કર્મની પ્રકૃત્તિઓ વધુ ન હોય તો સારું. તો જ સુખસંપત્તિ મળે અને ભોગવવા મળે. તો જ સુખી થવાય. અન્યથા નહીં. ચતુર્ભંગીના ૪ ભાંગાથી આ વાત વધુ સ્પષ્ટ થશે-

(૧) શુભ-પુણ્ય ઉદયમાં વધારે હોય અને સામે અંતરાય કર્મ ઓછું હોય.

(૨) શુભ-પુણ્ય ઉદયમાં ઓછું હોય અને સામે અંતરાય કર્મ વધુ હોય.

(૩) શુભ-પુણ્ય ઉદયમાં ઓછું હોય અને અંતરાય કર્મ પણ ઓછું હોય.

(૪) શુભ-પુણ્ય ઉદયમાં વધારે હોય અને અંતરાય કર્મ વધુ હોય.

પ્રથમ ભંગવાળા જીવો જેમનું પુણ્ય પ્રમાણમાં ઘણું સારું ઉદયમાં છે અને સામે અંતરાયકર્મ ખૂબ ઓછું ઉદયમાં છે. તેના કારણે વિઘ્ન ઓછા આવે છે. પુણ્યના ઉદયે મળતું સુખ કોઈ અટકાવતું નથી. વિના વિઘ્ને સુખરૂપ-સારી રીતે ભોગવવા મળે છે. આવી અવસ્થા જે જે જીવોની હોય તે ઘણાં સારા સુખી ગણાય છે.

બીજા ભંગવાળા પ્રથમ ભંગથી સાવ વિપરીત છે. પૂર્વોપાર્જિત સારામાં સારું પુણ્ય ઉદયમાં આવતાં જ બધી જાતનાં સુખો-સુખોત્પાદક સાધનસામગ્રીઓ અને સંપત્તિ વગેરે દેખાવા માંડે છે, પરંતુ સામે અંતરાય કર્મનું પ્રમાણ વધારે હોવાથી તે વચ્ચે આવીને રંગમાં ભંગ પાડે છે. મળવા નથી દેતું. ભોગવવા નથી દેતું. દેખાતું હોવા છતાં હાથમાં નથી આવતું. આ કેવું છે કે મીઠાઈની દુકાનમાં બધી જ મીઠાઈઓ નજર સામે દેખાય છે, પણ રસ્તા ઉપરથી જોઇને રાજી થનારને જ્યારે તે ખાવા જ ન મળે અને મોઢામાં લાળ ટપક્યા જ કરે ત્યારે શું લાગે ? શું સુખી કહેવાય ?ના. ઉપરથી આવી સ્થિતિમાં ચિંતા વધે છે.દુઃખી થવું પડે છે.

ત્રીજા ભંગવાળા જીવોની સ્થિતિ સાવ જુદી જ છે. પૂર્વોપાર્જિત પુણ્ય જ પ્રમાણમાં ખૂબ ઓછું ઉદયમાં છે. આવા માણસનો એક સારો મુદ્દો એ પણ છે કે તેના જીવનમાં અંતરાયકર્મનો ખાસ વધારે ઉદય પણ નથી દેખાતો. તેથી ખાસ વધારે કોઈ અવરોધક વિઘ્ન પણ નથી. તેથી સુખ અટકાવનાર નથી. પણ મૂળમાં કૂવામાં જ જો પાણી ન હોય તો વિઘ્ન ન હોવા છતાં પણ તે મળે કેવી રીતે ? આવા લોકો સુખી કેવી રીતે થાય ?

ચોથા ભાંગાની તો વાત જ શું કરવી ? મૂળ પાયામાં જ પૂર્વોપાર્જિત પુણ્ય સત્તામાં જ નથી. કારણ પુણ્યકાર્ય શુભકરણી દાનાદિથી કર્યું હોય તો જ પુણ્ય ભેગું થાય છે. જેમ આજે લોકોને કામ ન કરતાં પૈસા જોઇએ છે એવી મનોવૃત્તિ થઈ ગઈ છે. એવા જ આ ચોથા ભાંગાના લોકો છે. દાનાદિ શુભ કર્મ કંઈ જ ન કરવા છતાં સુખ જોઇએ છે. ક્યાંથી મળે ? એક બાજુ પુણ્ય નથી અને બીજી બાજુ ભારે અંતરાયકર્મ બાંધેલ છે. આજે વર્તમાનકાળમાં બન્નેનો ઉદયકાળ સાથે સાથે આવી જાય છે. આ બાજુ પુણ્ય ખાતામાં કંઈ જ નથી એટલે સુખસામગ્રી કંઈ જ ઉપલબ્ધ થતી નથી અને સામે ભારે પ્રમાણમાં અંતરાયકર્મ ઉદયમાં આવી જવાથી વિઘ્નો ખૂબ આવે છે. હવે જ્યારે પોતાનું પુણ્ય જ ઉદયમાં નથી એવા સમયે બીજાઓ પાસેથી સુખ-સંપત્તિ, સાધનસામગ્રી મેળવવાની વધુ આશા રાખે છે. જેથી ખાઇ-પીને સુખી જીવન તો જીવી શકે, પરંતુ સામે ભારે પ્રમાણમાં અંતરાયકર્મનો ઉદય તે જ સમયે થતાં વિઘ્નો આવે છે. મળતું પણ અટકાવી દે છે. કાં મળેલું ખાતાં અટકાવે છે અથવા સામેવાળાને જ કોઈ આપતાં-દેતાં અટકાવે છે. તો પછી આવી

પરિસ્થિતિમાં કેવી રીતે મળે ? કોઈ કેવી રીતે સુખી થાય. આવા ચોથા ભાંગાવાળા જીવો ભીખારી જેવી હાલતમાં પહોંચી જતા હોય છે.

કર્મશાસ્ત્રના સિદ્ધાંતોનો ઊંડો અભ્યાસ કરવાથી આ રહસ્ય સામે આવશે કે ભારે અંતરાયકર્મનો ઉદય માણસને ભીખારી પણ બનાવી દે છે. બીજાં બધાં કર્મો સાથે અંતરાયકર્મનું અદ્ભુત વિસ્તૃત સ્વરૂપ સમજવાથી સુખ-દુઃખનાં ઘણાં રહસ્યો ખૂલી જશે. સંસારમાં અચ્છા-અચ્છા લોકોને એવા અનુભવો થાય છે કે તેમની આંખ સામે સુખ, સંપત્તિ, સમૃદ્ધિ, ભોગ-ઉપભોગની સારામાં સારી સામગ્રીઓ મળતી દેખાતી હોય છે. કોળિયો મોંઢા સુધી આવતો દેખાય છે. છતાં કોઈને કોઈ કારણ-સંજોગોથી વચ્ચે જ વિઘ્નો આવતાં હોય છે અને છેલ્લી ઘડીએ આવીને અટકી જાય છે. કાઠે આવેલું હોડકું ડૂબી જાય છે. બધી જ યોજના ઊંધી વળી જાય છે. બધાં સ્વપ્નાંઓ ચકનાચૂર થઈ જાય છે. ભૂકંપના કારણે મોટાં ટાવરોને પત્તાંના મહેલની જેમ પડતાં જોઇએ છીએ એવી રીતે પણ બને છે. સંચિત પુણ્ય સંયોગે સુખ-સંપત્તિ સામે દેખાય છે ત્યારે અંતરાયકર્મ તે જ વખતે ઉદયમાં છે કે નહીં ? કેટલા ટકા છે ? ઓછું છે કે પછી વધારે છે ? કયા પ્રકારનું અંતરાયકર્મ ઉદયમાં આવી રહ્યું છે ? તેનું ફળ શું છે ? અંતરાયકર્મનું જોર વધારે છે કે પછી પુણ્યનું પ્રમાણ વધારે છે ? બન્નેની ટકાવારી પ્રમાણે ગણિત કરીને નિદાન કરવું લગભગ માણસની બુદ્ધિની બહારની વાત થઈ જાય છે. માણસ પોતાની સ્થૂળ બુદ્ધિથી ગણતરી કરીને જ્યોતિષમાં ઉતર્યો. ગ્રહોની ગતિના આધારે બધાની ગણીતીય ગણતરી કરીને સમસ્ત ગ્રહોને પોતાના સુખ-દુઃખના કારણરૂપે બેસાડી દીધા હોવાના કારણે બધી જ રીતે ગણિત કરીને સૂક્ષ્મતાથી શોધવા પ્રયત્ન કરે છે. ગ્રહોના સ્વભાવોના આધારે માનવીને સુખ-દુઃખ ગ્રહો આપે છે. એવું તેમનું કહેવું છે, પરંતુ આ ક્યાં સુધી કેટલા અંશે સત્ય છે ? આ પ્રશ્ન વિચારવા જેવો છે.

આગમોમાં જિનવાણીમાં ક્યાંય સર્વજ્ઞ ભગવંતોએ ગ્રહોને માનવજાતના સુખ-દુઃખના કારણરૂપે નથી દર્શાવ્યા. તે સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારાઓ બધા એક લાખ યોજનના જંબુદ્વિપમાં ઉપરી આકાશમાં સમતળ ભૂમિથી ૭૯૦ થી ૯૦૦ યોજનની વચ્ચેના ગાળામાં મેરૂ પર્વતની ચારેયબાજુના ગોળાકાર મંડળમાં ગતિ કરી રહ્યા છે. ૧ લાખ યોજનના જંબુદ્વિપવાળી વિશાળ ગોળાકાર પૃથ્વી છે. તે થાળી આકારની ગોળ છે. ગોળાઈના વિશે કહેવાઈ રહેલી જાતજાતની બીજી પણ વાતો છે. મોસંબી જેવી દડા આકારની તેમ જ અંડાકાર ગોળ પણ દર્શાવે છે અન્ય મતો, પરંતુ આ બધી વાતો સર્વજ્ઞપ્રણિત સત્યથી ઘણી વેગળી છે. સર્વજ્ઞ ભગવંતોના કહેવા પ્રમાણે થાળી આકાર જેવી ગોળ છે. એવી જૈનાગમોની વ્યવસ્થામાં તો માત્ર એક જ મહત્ત્વ છે. બીજા કોઈ જ આકારની પૃથ્વી નથી દર્શાવી. મેરૂ પર્વત ૧ લાખ યોજન ઊંચો છે. ૧૦ હજાર યોજન પહોળો છે.

૪ નિકાયના દેવગતીના દેવતાઓમાં જ્યોતિ સ્વરૂપ પ્રકાશ સ્વરૂપ દેહવાળા હોવાથી તેમનો પ્રકાશ ચારેય બાજુ પ્રસરે છે અને સૂર્ય,ચંદ્રના વિરાટ વિમાનોની પાછળ ઉદ્યોત અને આતપ નામકર્મની પ્રકૃતિના ઉદયવાળા એકેન્દ્રિય પૃથ્વીકાયના અસંખ્ય જીવો છે. તેમનો વિશેષ પ્રકાશ સમગ્ર પૃથ્વી ઉપર પહોંચે છે. ચારેય બાજુ પ્રસરે છે. આ બધા જ વૈક્રિય દેહધારી જ્યોતિષ મંડળના દેવતાઓની ગતિ છે. તેમની ગતિના આધારે કાળ ગણનાના વ્યવહારની વ્યવસ્થા છે, પરંતુ જે રીતે ગ્રહોનું સ્વરૂપ અને સ્વભાવ જ્યોતિષશાસ્ત્રના પાયામાં ઠરાવવામાં આવ્યો છે તે સર્વજ્ઞ વચનોને અનુરૂપ નથી, માટે જ્યોતિષશાસ્ત્રના પાયામાં ગ્રહોના ઠરાવેલા સ્વરૂપ અને સ્વભાવાનુસાર તેના આધારે કથન કરવામાં આવતાં ફળાદેશ સાચા ઠરે જ છે એવું નથી.

સમવસરણમાં બીરાજમાન સર્વજ્ઞ ભગવંતોએ શુભ કર્મના ઉદયકાળે સુખ-સંપત્તિ આદિ અને અશુભ કર્મના ઉદયકાળે દુઃખ-દુર્ગતિ મળે છે એવી પ્રરૂપણા કરી છે અને તે પ્રમાણે જ આગમોમાં વર્ણન ઉપલબ્ધ છે. દા.ત. ચરમ તીર્થાધિપતિ વીરવિભુએ પોતાની અંતિમ દેશના જે દિવાળીના દિવસે આપી છે તેના સંગ્રહ સ્વરૂપે ઉત્તરાધ્યયન સૂત્ર નામક આગમશાસ્ત્રમાં ૩૬ અધ્યયન છે. તેના ૩૨મા અધ્યયનનું નામક'કમ્મ પયડી'અધ્યયન રાખેલ છે. આ અધ્યયનમાં આઠેય કર્મોની વ્યવસ્થા, ફળ વગેરે દર્શાવેલ છે. તેમાં જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનોપકરણની ભારે આશાતના કરવાથી બાંધેલ જ્ઞાનાવરણીય કર્મ-સંચિત કર્મ રૂપે આત્મા સાથે રહે છે. કાળાન્તરે કાળ પરિપક્વ થતાં તે ઉદયમાં આવે છે ત્યારે અજ્ઞાનતા, ઓછી બુદ્ધિ, ઓછી સ્મૃતિશક્તિ, ઓછી સમજ, અલ્પજ્ઞાન વગેરે મળે છે. મંદમતિ (મતિમંદ) આદિ બનતા હોય છે. એવી જ રીતે સાથે બંધાયેલ બીજું દર્શનાવરણીય કર્મ આત્મપ્રદેશોમાં રહે છે. કાળાન્તરે ઉદયમાં આવે છે ત્યારે પાંચેય જ્ઞાનેન્દ્રિયોની વિકલતા, હીનપણું, નિદ્રા વગેરે મળે છે. ભારે ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, ક્લેશ-કષાય-કલહાદિ અઢારેય પાપો અને મિથ્યાત્વના આચરણથી ખાસ મોહનીય કર્મ બંધાય છે. આ ભારે કર્મ છે. કર્મોનો રાજા છે. સૌથી મોટું કર્મ છે. ઉદયમાં આવતાં જીવોના સ્વભાવ રાગ, દ્વેષ, ક્લેશ, કષાય, કલહવાળા, ક્રોધ, માન, માયા, લોભ આદિના સ્વભાવો બનીને સામે આવે છે. હસવું, રડવું, શોક, ભય, દુર્ગંચ્છા, મિથ્યાત્વગ્રસ્ત વૃત્તિ, વિષય-વાસનાની કામવૃત્તિ ઇત્યાદિ બધું ઉદયમાં આવે છે અને પરિણામે જીવ તેવો થઈને તે રીતે વર્તે-પ્રવર્તે છે.

દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યાદિ શક્તિમાં વિઘ્નો કરવાથી જિનપૂજા-ભક્તિ, આરાધના-ઉપાસનાદિ જગતના સમસ્ત શુભ કાર્યોમાં વિઘ્નો કરવાથી બંધાયેલ અંતરાય નામનું ચોથું કર્મ પણ આત્મપ્રદેશો સાથે જ રહે છે. કાળાન્તરે ઉદયમાં આવીને બાંધ્યા પ્રમાણે જ તે કર્મ ઉદયમાં આવીને જીવોને પણ દાન-લાભાદિ બધામાં

વિઘ્નો કરે છે.

અઘાતિના ઘરમાં નામકર્મ છે તે પણ નિંદા, ટીકા, ટિપ્પણ અને સ્વપ્રશંસાદિ અનેક કારણોથી બાંધીને કાળાન્તરે ઉદયમાં આવતાં તે જીવો શરીરરચના, સ્વર, રૂપરંગ વગેરે બધું પામે છે.

ઉચ્ચ-નીચના ગોત્ર, વંશ, જાતિ, કુળ, સમાજ આદિનો કારક ગોત્ર કર્મ પણ જીવો અનેક કારણોથી બાંધે છે અને તે ઉદયમાં આવે ત્યારે તે જીવોને હલકા-ભારે, ઉંચ-નીચ, ગોત્ર, વંશ, જાતિ, કુળ, સમાજાદિ પામે છે. તેવા કુળ-જાતિમાં જન્મે છે અને તેવા થાય છે.

શાતા-સુખકારક છે, અશાતા દુઃખકારક છે. આ બન્ને વેદનીય કર્મના વિભાગો છે. બીજાને સુખ આપો છો કે દુઃખ આપો છો ? ત્રાસ, વેદના, પીડા, તકલીફ આપવાથી, હિંસા કરવાથી જીવો ભારે અશાતા વેદનીય કર્મ બાંધે છે અને સુખ-શાતા આપવાથી, સેવા, વૈયાવચ્ચ કરવાથી શાતા વેદનીય કર્મ બાંધે છે. કાળાન્તરે આ કર્મો ઉદયમાં આવવાથી જીવોને સુખ-દુઃખ (શાતા-અશાતા) બરોબર મળે છે, માટે સુખ-દુઃખ બહારથી નથી આવતાં, બીજા નથી આપતા, પરંતુ કરેલાં કર્માનુસાર જ આવે છે. આટલું સાદું રહસ્ય પણ ન સમજનારા લોકો અજ્ઞાનતાના કારણે પોતાના સુખ-દુઃખનું કારણ કે દાતા ઇશ્વરને, ગ્રહોને, દેવી-દેવતાઓને માનીને નિરર્થક દુઃખી થતાં હોય છે.

છેલ્લું કર્મ આયુષ્ય છે. યાદ રાખો, આયુષ્ય પણ કોઈ બીજા નથી આપતા. જન્મથી મરણ સુધીનું જીવન જ આયુષ્ય છે. તે કર્મના ઉદય પ્રમાણે જ જીવોને જીવન જીવવાનું છે. માતાના ગર્ભમાં પણ જીવ બરોબર શ્વાસ લે છે અને જીવન જીવે છે. કોણ કેટલાં વર્ષો સુધી જીવે છે ? એનો કારક આયુષ્ય કર્મ છે. સ્વર્ગના દેવ-દેવીઓને, સૂર્ય-ચંદ્ર, ગ્રહ-નક્ષત્ર, તારાઓ વગેરેને, પશુ-પક્ષીઓને, મનુષ્યમાં નર-નારીઓને, નારકી જીવોને, કીડા-મકોડા વગેરે સમસ્ત જીવોને પોતાનું આયુષ્ય છે. બધા જીવો આયુષ્ય કર્મ બાંધીને સાથે લઈને જ આવે છે. તે જ પ્રમાણે તે કર્મ ઉદયમાં આવે છે અને ઉદય પ્રમાણે જ તેટલાં વર્ષો સુધી જીવન જીવાય છે. કોઈ વર્ષોનો કાળ ઠરાવીને આપણને આપતા નથી. ઇશ્વર પણ નહીં. આ આપવા જેવી વસ્તુ જ નથી, છતાં અજ્ઞાનવશ જીવોનો ભ્રમ આવો બન્યો છે. તેથી જીવો તે પ્રમાણે ખોટી ભ્રાન્ત ધારણા માને છે.

કર્મ વિજ્ઞાનનું સૂક્ષ્મ જ્ઞાન સારી રીતે પ્રાપ્ત કરીને સુખ-દુઃખાદિ જીવનના હજાર વિષયોનાં રહસ્યો સારી રીતે સમજીને સાચું જ્ઞાન મેળવીને જીવન જીવવું હિતાવહ છે. યાદ રાખવા જેવી વાત એ પણ ધ્યાનમાં રાખવી કે અજ્ઞાન દુઃખદાયી છે, જ્યારે સાચુ-સમ્યગ્ જ્ઞાન જ સુખદાયી છે. અજ્ઞાન જેટલું વધારે હોય અથવા વિપરીત જ્ઞાનવાળા જીવો સંસારમાં વધુ દુઃખી થાય છે.

**કારણ નિવારણમેવોપચારં :-**

આયુર્વેદ શાસ્ત્રમાં સુંદર સરસ નિયમ આપેલ છે કે રોગીના રોગનું નિવારણ કરવું હોય તો સર્વપ્રથમ તે રોગ થવાનાં મુખ્ય કારણ શોધવાનો પ્રયત્ન કરવો. રોગકારક, રોગવર્ધક હેતુઓ સારી રીતે સમજાય જાય તો બસ સર્વપ્રથમ તેનું જ નિવારણ કરવું જોઇએ. કારણ ટળવાથી, દૂર કરવાથી પહેલો ઉપચાર સારામાં સારો થઈ જશે. દવા વગેરેની જરૂર પછી પડશે. સર્વપ્રથમ તે રોગ થવાનાં સાચાં કારણો સારી રીતે સમજાઈ જવાં જોઇએ.

માત્ર શરીરને થતા રોગો માટે જ આ નિયમ છે એવું નથી, પણ આત્માને થતા કર્મરોગ માટે પણ આ જ નિયમ લાગુ પડે છે. સકલાર્હત્ સ્તોત્રની રચનામાં શ્રેયાંસનાથ ભગવાનની સ્તુતિમાં પૂ. હેમચંદ્રાચાર્ય મ. જેવા કલીકાળ સર્વજ્ઞ મહાપુરૂષ ફરમાવે છે કે :-

भवरोगार्त जन्तूनामगदंकारदर्शनः ।
निःश्रेयसःश्रीरमणः श्रेयांसः श्रेयसेस्तु वः

ભવરોગથી દુઃખી થતાં (ત્રાસી ગયેલા) જીવો માટે વૈદ્યરૂપ શ્રી શ્રેયાંસનાથ ભગવાનસર્વજીવોનાશ્રેય-કલ્યાણમાટેથાઓ.

શરીરમાંથતાઅનેકપ્રકારનારોગોજેવાકે-હાથ-પગદુઃખવા, પેટદુઃખવું, કોઢ થવો, કેન્સરકેહૃદયનારોગોથવાસાવસામાન્યકક્ષાનાભાસેછેભવરોગનીભયાનકતાનીસામે.

ભવરોગ અનાદિકાળથી લાગેલ છે. આત્મા ઉપર લાગેલા કર્મોના ઉદયે થતા જન્મ-મરણને જ કહેવાય છે ભવરોગ. શરીરના સામાન્યકક્ષાના રોગોથી બચવા ડૉક્ટરનું શરણ સ્વીકારાય છે અને આત્મિક - ભવરોગથી બચવા તીર્થંકર પ્રભુનું શરણ સર્વશ્રેષ્ઠ મનાય છે.

**દુઃખનું મૂળ કારણ શોધીને તેના નિવારણ સુધી પહોંચવું :-**

દયાની પાછળ દુઃખ કારણરૂપે હોય છે. દુઃખની માત્રાના આધારે દયાની માત્રામાં પણ વધઘટ થયા કરે છે, પરંતુ જ્યારે દુઃખનાં મૂળિયાં શોધીને તેના મૂળ કારણને જ દૂર કરવા હજારગણી વધારે દયાની જરૂર પડે છે. કારણકે ઉપર-ઉપરનું દુઃખ તો મર્યાદિત થોડું હોય છે, પરંતુ દુઃખનાં કારણોને જડમૂળમાંથી ઉખાડીને દૂર કરવાં હોય તો સામાન્ય દ્રવ્ય દયાથી નથી ચાલતું. પૈસા કે ખાવાનું-પહેરવાનું આપી દેવામાત્રથી બધુ દુઃખ દૂર થઈ જ જશે એવું નથી. દા.ત. સંતાન ગુમાવનાર માતાને મેવા-મીઠાઇ આપી દેવામાત્રથી તે સુખી થઇ જાય એવી શક્યતા કેટલી ? બહાર પ્રગટ થયેલું દુઃખ જોવું અને અંદર સત્તામાં કર્મરૂપે પડી રહેલું દુઃખ જોવું... ઉદયમાં આવેલા દુઃખનું પ્રમાણ વધારે છે કે હજી ભવિષ્યમાં ઉદયમાં આવનારા દુઃખનું પ્રમાણ વધારે છે ? અને કર્મ કેટલી લાંબી કાળાવધિના છે ? કેટલાક વર્ષો સુધી કે કેટલા ભવો સુધી આ દુઃખ ઉદયમાં આવતું જ રહેશે ? અને આવા

જીવો દુઃખી થતા જ રહેશે ? આ બધું દીર્ઘદષ્ટિથી જોવું. દા.ત. મૃગાપુત્ર, જેની શરીરરચના એકમાત્ર માંસપિંડ રૂપે થયેલ છે. છતાં પણ આયુષ્યના આધારે તે જીવન જીવી રહ્યો છે. અનેક રોગોથી રોગીષ્ટ કાયા અને વર્તમાનમાં ઝાડા-ઉલટી અને તેનું પ્રમાણ કેટલું સમજવું ? અને તેના કરતાં પણ વધારે તે જીવે એવા તો કેવા ? અને કેટલા કર્મ બાંધ્યા હશે ? એવી તે કેટલી લાંબી કાળાવધિનાં પાપો કર્યાં છે ? કેટલા ભવો સુધી હજી આ જીવ દુઃખ ભોગવતો રહેશે ? અને આજના વર્તમાનકાળના દુઃખ કરતાં ભાવિમાં આવનારું દુઃખ કેટલા ગણું વધારે હશે ? વગેરે બધું વિચારતા...ખ્યાલ આવતાં તે થકી જાગતી દયા...કેટલી ગણી વધારે હશે? આને કહેવાય ભાવ દયા. દ્રવ્ય દયાવાળા દ્રવ્યનું દાન કરીને છૂટી જશે.

ભાવ દયાનો આધાર માત્ર વર્તમાનકાલીન દુઃખ જ નથી. જો તેટલું જ જુએ તો ફરીથી દ્રવ્ય દયા જેવી જ સ્થિતિ થઈ જશે. દુઃખ-દયા અને દાનની આ ત્રિપુટી વર્તમાનકાળ પૂરતી જ સીમિત ન રહેતા ભાવદયાનાં મૂળિયાં ઘણાં ઊંડાં જાય છે. કર્મશાસ્ત્રનો શાશ્વત સિદ્ધાંત સારી રીતે સમજે છે કે દુઃખ અશુભ કર્મના ઉદયથી જ આવે છે અને અશુભ કર્મો ક્યાંથી આવ્યાં ? ભારે ખોટાં ન કરવા જેવાં પાપો કરવાથી જ અશુભ કર્મો બંધાય છે. અને કર્મો બંધાયા પછી તે કંઈ એમનાં એમ ઊંઘતા જ નથી રહેતાં. સત્તામાં રહે છે જેમ દોરડાથી પથ્થર સાથે બંધાયેલું લાકડું દરિયાના પેટાળમાં ઊંડે પડ્યું રહે છે, પણ ૨-૪ મહિને દોરડું સડી જતાં, તૂટી જતાં લાકડું એની મેળે જ ઉપર આવીને તરવા માંડશે. ઠીક એવી જ રીતે આત્મપ્રદેશો સાથે એકરસ થઈ બંધાયેલ કર્મો સત્તામાં પડ્યા રહે છે. કાળ પરિપક્વ ન થાય ત્યાં સુધી ઉદયમાં નથી આવતાં. એટલા માટે જ ભારે પાપો કરી લીધા પછી તરત ને તરત ફળ ન મળવાથી પાપ કરનારે રાજી થવાનું નથી કે કર્મ વગેરે કંઈ છે જ નહીં. પાપથી કે કર્મથી કંઈ ડરવાની જરૂર નથી. નરક નથી ને પાતાળ નથી. એવું કંઈ છે જ નહીં. ખોટું આપણને ડરાવે છે. આરામથી ખાઇ-પીને મજા કરો. આવી મનોવૃત્તિ રાખીને રાજી-સુખી થવાની વૃત્તિમાં રહેવાની આદત મિથ્યાત્વી જીવોની ટૂંકી બુદ્ધિ-અલ્પદષ્ટિના કારણે રહે છે, પરંતુ તેમને દિવાસ્વપ્નની જેમ ભ્રમણામાં રહેવું ન જોઇએ. આવી મજા થોડા દિવસો સુધી જ હોય છે. એક બાજુ મિથ્યાત્વના કારણે બુદ્ધિ ઉંધી તો બનેલી જ હોય છે અને બીજી બાજુ અશુભ પાપકર્મ ઉદયમાં નથી આવ્યું અને ત્રીજી બાજુ ભૂતકાળમાં કરેલું સારું દાનાદિ પુણ્યનો ઉદયકાળ પરિપક્વ થતાં ઉદયમાં આવેલ સુખ ભોગવતાં ભલભલાનું અભિમાન સાતમા આસમાને પહોંચી જાય છે. મિથ્યાત્વીનું અભિમાન સુખ સારી રીતે ભોગવવાના સમયે સાતમા આસમાને પહોંચીને ધર્મ-કર્મ વિરુદ્ધ બોલીને ધર્મકર્મના શાશ્વત સિદ્ધાંતોની હાંસી ઉડાવે છે અને એવા સમયે બીજા અનેકોને મિથ્યાત્વી બનાવે છે અને મિથ્યાત્વીઓનું મિથ્યાત્વ ખૂબ સજ્જડ મજબૂત કરે છે. આજે પણ ઘણા કસાઈ, ખૂંખાર ગુંડા, ડાકુ અનેકોને મારી નાખનારા ખૂનીઓને આરામથી ધન-સંપત્તિમાં સુખ ભોગવતા

જોઇને તો ભલભલા શ્રદ્ધાળુની શ્રદ્ધા પણ ખસી જાય છે, પરંતુ સમ્યકત્વીઓએ સમજવું જોઇએ કે આપણી શ્રદ્ધાની કસોટીનો આ જ સમય છે. જો સર્વજ્ઞપ્રણિત સાચા જ્ઞાનપૂર્વકની હશે તો તો વાંધો નહીં આવે. ટકી રહેશો. નહીં તો કાચી શ્રદ્ધા ખસતાં વાર નહીં લાગે. જેમની શ્રદ્ધા સર્વજ્ઞપ્રણિત સાચા તત્ત્વજ્ઞાનમાંથી જાગેલ નહીં હોય અને એકબીજાને જોઇને, દુઃખ નિમિત્તે જાગેલી શ્રદ્ધા હશે તો પરીક્ષામાં પાસ નહીં થઈ શકો. ખરી રીતે આને સમ્યગ્દર્શન ન કહેવાય છે. કોઈનું દુઃખ દૂર થઈ ગયું જાણીને શ્રદ્ધા બનાવી લેવી અને તેને જ સમ્યગ્દર્શન થઈ ગયું છે એવી ભ્રમણામાં ક્યારેય ન રહેવું. ચમત્કારો જોઇને જાગેલી શ્રદ્ધા કોઈ સાચી શ્રદ્ધા ન કહેવાય અને આવી શ્રદ્ધા દીર્ઘકાળ સુધી ટકતી પણ નથી.

હજારો વર્ષોથી બીજાઓને નાના-મોટા ચમત્કારો દેખાડીને તેમનાં દુઃખો દૂર કરી આપવાની વાતો ઘણાં લોકો કરતા રહ્યા છે. મોટા ભાગના ધર્મોએ પોતપોતાના ભગવાન વિશે એવો જ પ્રચાર વધારે કર્યો છે કે અમારા આ ભગવાન, અમારા દેવ-દેવીઓની માનતા માનો, પૂજો, એમને ભેટ ધરાવો વગેરે જેથી આવા લાભો થશે. તમારું આ દુઃખ દૂર થશે. આ ઇચ્છા ફળશે. મનોરથો સિદ્ધ થશે.

બીજી બાજુ સંસારમાં સંસારી જીવો જે એક ન એક રીતે દુઃખી તો હોય જ છે. તે પોતાનું દુઃખ દૂર કરવા માટે સુખ-સંપત્તિ પામવા માટે અને પોતાની ઇચ્છા-મનોરથો પૂર્ણ કરવા માટે તે તે દેવદેવીઓની અથવા કહેવાતા ભગવાનોની ભક્તિ-પૂજા-અર્ચના, નૈવેદ્યાદિ ભેટ, જાપ-હોમ-હવન વગેરે બધું કરવા લાગે છે અને હજારમાંથી ૧૦-૨૦ની કદાચ પોતાની ધારણા પૂર્ણ થતી દેખાય. ''કાગડાનું બેસવું અને ડાળનું પડવું'' વગેરે જેવા ઘણા નિમિત્તો વચ્ચે હોય છે. ઘણા બાવા-ભૂવા-ભગતો હોય છે જે હાથચાલાકી જેવા જાદુગર જેવા-ઘણી જાતના પ્રયોગો કરે છે. અલ્પબુદ્ધિવાળા ભોળા ભદ્રિક લોકો એમના શિકાર બને છે. એમની અસરોમાં આવી જાય છે. ઘણા તો ધર્મ પરિવર્તન કરે છે. ઘણા કાયમ માટે તેમના જ થઈને રહે છે અને સરવાળે લૂંટાતા જાય છે. કેટલાક તેમના સ્વાર્થનો ભોગ બને છે વગેરે ઘણા બધા પ્રકારો ઘડે છે અને અમે ઘણી શ્રદ્ધાવાળા છીએ. અમે શ્રદ્ધાળુ છીએની વાતો વધતી જાય છે.

સર્વજ્ઞ પરમાત્માના જૈન ધર્મમાં આને કોઈ સ્થાન નથી. આવી શ્રદ્ધાનું નામ સમ્યગ્દર્શન નથી. માટે જ જૈન ધર્મમાં ધર્મારાધનાના મૂળમાં માત્ર સુખપ્રાપ્તિ અને દુઃખનિવૃત્તિનું જ લક્ષ્ય નથી રાખવાનું કહ્યું. એના બદલે જે નવકાર જેવા મહામંત્રના સાતમા પદમાં ''सव्व पावप्पणासणो'' સર્વ પાપકર્મનો નાશ (ક્ષય) થાઓ એ ઉદ્દેશ્ય મહત્ત્વનો છે. નવકાર એ જૈન ધર્મનો મહાન મંત્ર છે. સર્વોચ્ચ કક્ષાનો મહા મંત્ર છે. એ સર્વ વિદિત છે. બધા જ સારી રીતે જાણે છે, પરંતુ અર્થ-ભાવાર્થ-ગૂઢાર્થ રહસ્યાર્થ વધુ સારી રીતે ન સમજતા ૮૦ ટકા તો માત્ર મંત્રજપ કરી લે છે. જાપમાં નવ કરોડ વગેરે મોટી સંખ્યા

સાધવાનું લક્ષ્ય મોટું હોવાથી ત્યાં સુધી જાપ કરતા જ રહેવાનું હોય છે અને એ કરવામાં વર્ષો વીતી જાય છે. એટલાં વર્ષો સુધી એક જ ઉદ્દેશ્ય સુધી તેટલી સંખ્યામાં જાપ ચાલતો જ રહે છે. ઇચ્છા, મનોરથ, ઉદ્દેશ્ય પૂર્તિનો લક્ષ્ય રાખીને ચાલતો જ રહે છે. નવકાર તો મંત્ર છે- બસ મંત્ર તો ફક્ત જાપ કરવા પૂરતો જ હોય છે. એમાં વળી અર્થ-ભાવાર્થ શું વિચારવાનું-ચિંતવવાનું હોય ? એવા વિચારો કરીને સોમાંથી ૮૦, ૯૦% લોકો તો માત્ર જપ કરતા જ જાય છે. આ મહામંત્રનો અર્થ-ભાવાર્થ-ગૂઢાર્થ, રહસ્યાર્થ ચિંતન-મનન કરતા જ નથી અને અનુપ્રેક્ષા કોણ કરે છે ? આગળ જઈ ધ્યાનમાં કોણ ઉતરે છે ? એવા સંજોગોમાં નવકાર જાપ સુધી જ સિમિત-મર્યાદિત થઈ ગયું છે અને તેમાં પણ સામે ઉદ્દેશ્ય-ઇચ્છામાં આ દુઃખ ટળે, ને તે દુઃખ ટળે અને આ સુખ મળે ને તે સુખ મળે ? બસ આ ઇચ્છા પૂરી થાય ને તે મનોરથપૂરા થાય. આ રોગ મટે ને તે રોગ મટે. બસ, આટલા સુધી જ સિમિંત રહે છે અને એ પૂરી થાય એમાં જ રાજી હોય છે.

બીજી બાજુ કર્મ-ધર્મના સિદ્ધાંતો, તત્ત્વજ્ઞાન વગેરેનો પણ અભ્યાસ સારો ન હોવાથી તત્ત્વજ્ઞાનનો પાયો પણ મજબૂત નથી હોતો. તેના કારણે સુખ-દુઃખના કારણીભૂત શુભ-અશુભ કર્મનો ખ્યાલ પણ નથી આવતો અને બીજી બાજુ ૧૮ જાતના પાપો કરવાથી અશુભાશ્રવથી અશુભ કર્મ બંધાય છે. એનો જ કાળાન્તરે-ભવાન્તરે જ્યારે ઉદય થાય છે ત્યારે ભારે દુઃખ ભોગવવાનો વારો આવે છે. દુઃખ પણ એક નહીં અનેક પ્રકારના હોય છે. એવી જ રીતે દાનાદિ-સેવા-ભક્તિ-આદિ અનેક રીતે બીજાઓનું દુઃખ દૂર કરવું, જીવોની રક્ષા કરવી, બચાવવા વગેરે અનેક રીતે શુભ પુણ્ય કરવાથી શુભાશ્રવના દ્વારા શુભ કર્મ બંધાશે.

શું ભગવાન મહાવીર જેવાને છેલ્લા સત્તાવીસમા ભવમાં દીક્ષા લીધા પછી પણ જે જે કર્મો ઉદયમાં આવ્યાં ? જેવાં દુઃખો તેમના જેવાને પણ ભોગવવાં પડ્યાં ? તે વખતે કયા અને કેટલાં દેવ-દેવીઓએ આવીને તેમનાં દુઃખો દૂર કર્યાં ? તેમને સુખ આપ્યાં ? અને ઇન્દ્રો જેવા હોવા છતાં પણ કોણે તેમનાં કર્મો ખપાવ્યાં ? જો દેવી-દેવતાઓ તેમનાં કર્મો ખપાવી શકવા સક્ષમ-સમર્થ હતા તો પછી મહાવીરને આટલી ઉગ્ર તપશ્ચર્યા, ધ્યાન, કાયોત્સર્ગ વગેરે બધું શા માટે કરવું પડ્યું ? જો મહાવીર જેવાનાં કર્મો ઇન્દ્રાદિ જેવા દેવાતાઓ નથી ખપાવી શક્યા, દુઃખો દૂર નથી કરી શક્યા તો પછી આપણા જેવા સામાન્ય જીવોનાં બધાં દુઃખો દેવી-દેવતાઓ દૂર કરી દેશે અને બધી જાતનાં સુખો પણ તેઓ આપી દેશે એવી ભૂલભરેલી ભ્રમણામાં રહેવા જેવું નથી. એના કરતાં તો 'સવ્વ પાવપ્પણાસણો'- સર્વ પાપકર્મો ખપાવવાની-નાશ કરવાની સાચી ભાવનાથી-સાચા ઉદ્દેશ્યથી નવકારની સાધના-ઉપાસના સાચી રીતે કરવામાં આવશે તો જ સાચું પરિણામ આવશે.

સુખ મળે અને દુઃખ ટળે આ વૃત્તિ કે ઇચ્છાનાં મૂળિયાં પણ છેવટે મિથ્યાત્વ

માં ઊંડા ઊતરેલા છે. કારણ આ પણ અસત્યની ભરેલી વિપરિત વૃત્તિ છે. સર્વજ્ઞ વચનથી પણ વિપરિત જતી વિચારણા છે. શું સંસારના પદાર્થોમાં સુખ છે ? શું સંસાર દુઃખનો ભરેલો નથી. શું કર્મોના ઉદયે દુઃખો નથી આવવાના ? શું શરીર સુખ ભોગવવા માટે જ છે ? શું દુઃખ ભોગવવા માટે નથી. શું સંસારના બધા જ સંજોગો નિમિત્તે, સ્નેહી સ્વજનો બધા સુખ આપનારા જ નીવડશે ? શું આ બધી ઇન્દ્રિયો સુખોપભોગ કરવા પૂરતી જ સિમિત છે ? શું ઇન્દ્રિયો દુઃખોપભોગ નહીં જ કરે ? અરે ? ઇન્દ્રિયોને સુખેન્દ્રિય કે દુઃખેન્દ્રિય એવી સંજ્ઞા નથી આપી, પરંતુ સર્વજ્ઞ પ્રભુએ તેને જ્ઞાનેન્દ્રિય સંજ્ઞા આપી છે, તે શું ખોટી છે ? ના... ના... તે સાર્થક છે. શરીર પણ જડ છે, માટે તેના અંગ રૂપે રહેલી ઇન્દ્રિયો પણ જડ જ છે. જડ એટલા માટે છે કે તે પુદ્ગલ-પરમાણુથી જ બનેલ છે. પુદ્ગલ પરમાણુમાં જ્ઞાન-દર્શનાદિ ગુણો ન હોવાના કારણે તેમાં જ્ઞાનાદિજન્ય તેવી સંવેદના નથી હોતી. તેથી જડ-નિર્જીવ પદાર્થ ચેતના-સંવેદનારહિત જ છે. આ તો જડ શરીર અને તેના અંગરૂપ ઇન્દ્રિયોમાં સર્વત્ર-સર્વ પ્રદેશે-ચેતનાત્મા વ્યાપ્ત છે. તેથી તેની સંવેદના દેહમાં પ્રસરે છે. તેથી ઇન્દ્રિયો વડે જ્ઞાન દર્શનાદિ આત્મા સુધી પહોંચે છે. શરીરના સર્વાંગે આત્માની જ્ઞાનસંવેદના પહોંચે છે. આત્માની આ જ્ઞાન સંવેદના સુખદ હોય કે દુઃખદ હોય તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, નામ-સ્થાપનાદિ અનેક પરિબળો ઉપર આશ્રિત છે. એક વખતે જે સંવેદના સુખકારી હોય છે તે જ કાળ બદલાતા દુઃખદાયી પણ બને છે. એવી જ રીતે બધા વિશે સમજવું. એક જ દ્રવ્ય સદા સુખદાયી બની જ રહેશે તે વાત સાવ ખોટી છે અને એવી જ રીતે એક જ દ્રવ્ય સદા દુઃખદાયી જ બન્યું રહેશે તે પણ શક્ય નથી. સુખ-દુઃખ પદાર્થ સાપેક્ષ પણ છે. કાળ સાપેક્ષ પણ છે. ક્ષેત્ર સાપેક્ષતા પણ છે. ભાવ સાપેક્ષતા પણ તેની સાથે જ સંકળાયેલી છે. અને નામ-સ્થાપનાના આકાર-પ્રકારોની સાથે પણ સાપેક્ષતા સંકળાયેલી છે. આ જ શરીર અને ઇન્દ્રિયો સુખ અને દુઃખ બન્ને ભોગવનાર સાધન-માધ્યમ માત્ર છે. એવું જ મનની બાબતમાં પણ છે. કારણ કે તે પણ જડ સાધન છે.

અનાદિકાળથી અનંતા ભવોથી જીવ 'સુખ મળે ને દુઃખ ટળે'ની મંત્રની જેમ માળા જપે છે. ઊંડે-ઊંડે અંતરમાં આ જ આશા અને ઇચ્છા રાખીને જ તેને અનુરૂપ પ્રવર્ત્યો છે. એ માટે જ બધી મહેનત-એ માટે જ આખું જીવન વેડફી નાખે છે. છતાં કંઇ જ વળતું નથી. આ જ વૃત્તિમાં વીતેલા અનંતા ભૂતકાળમાં-અનંતા ભવો વીતાવ્યા છે જીવે. નાના-મોટા ગમે તે ભવમાં ગમે ત્યાં જીવ ગયો... પણ વૃત્તિ આજ રાખી છે અને ખરી રીતે જો જોવા જઈએ તો બીજા જેટલા નિમિત્તોથી જીવ જેટલો દુઃખી નથી થયો તેના કરતાં હજારગણો દુઃખી સુખની લાલચમાં થયો છે. સુખેષણા-સુખ ભોગવવાની લાલસાએ જ ઘણો દુઃખી કર્યો છે.

બીજી બાજુ સંસારમાં મિથ્યાત્વી વૃત્તિએ જીવને બધાં જ પાપોની વૃત્તિ-

પ્રવૃત્તિમાં સુખ બુદ્ધિ કરાવી દીધી છે. તેથી સુખ મેળવવા પણ બધાં પાપો કરતો રહ્યો. જૂઠ બોલીશ, ચોરી કરીશ અને એક રાતમાં જ સુખી થઈ જઇશ. દુરાચાર-વ્યભિચાર બળાત્કારમાં પણ સુખ ભોગવવાની લાલસા જ મોટું કારણ છે. અતિસંગ્રહ-પરિગ્રહ પણ સુખી થવા માટે જ છે. ક્રોધાદિ બધા કષાયોનો ઉપયોગ પણ એ માટે જ કરવામાં આવે છે. અરે ! એ તો ઠીક પણ છેલ્લે મિથ્યાત્વને પણ સુખનું સાધન બનાવી દીધું છે. કર્મ-ધર્મ-મોક્ષ ને આત્મા-પરમાત્માને માનીને હાથમાં આવેલું સુખ પણ ન ભોગવતાં છોડી દઈને દુઃખ વહોરવું આવી મૂર્ખતા શા માટે કરવી ? એના કરતાં તો કર્મ-ધર્મ-આત્મા-મોક્ષાદિ કંઈ જ ન માનવું અને ખાઇ-પીને સંસારના બધાં સુખો ભોગવતાં-ભોગવતાં રાજી રહેવું. આવી મિથ્યાવૃત્તિ બનાવી લેવી. આવી વૃત્તિમાં સુખી રહેવાય છે. સંસારમાં ઘણો મોટો વર્ગ એવો પણ મળશે કે જે ધર્મ કરવામાં દુઃખ માને છે. હા, ધર્મ કરવાથી કાળાન્તરે-ભવાન્તરે સુખ મળશે. ના નથી. માટે સુખના લોભમાં, સુખની લાલસામાં, સુખેષણાથી ધર્મ કરે છે. જ્યારે તે મેળવવા માટે વર્તમાનમાં કરતા ધર્મ વખતે દુઃખ ભોગવવું પડશે અને તેમાં વળી પાછો જૈન ધર્મ જે વ્રત-વિરતિ-પચ્ચકખાણની પ્રાધાન્યતાવાળો ધર્મ છે. તેથી સામાયિક-તપશ્ચર્યા વગેરે ધર્મના બધા જ પ્રકારો સુખપૂર્વક-સુખ ભોગવતા કરવાની મનાઇવાળા છે. વિરતિપ્રધાન છે. દુઃખ ભલે આવી પડે તો પણ ધર્મારાધના કરતા રહેવું. **A.C.**માં સામાયિક-પ્રતિક્રમણ ન કરાય. આયંબિલમાં ચા-દૂધ પણ ન પીવાય. ઉપવાસમાં પણ ફળ-ફરાળિયું ન ખવાય. રાત્રે પાણી પણ ન પીવાય. સાધુ-સાધ્વીઓ તો માથાના વાળ ખેંચીને કાઢી લે છે. (લોચ કરે છે) અરે ! બાપ રે ! આ શું ? આ તો સાવ અમાનુષી રીત છે. ૨૦-૨૫ કિ.મી. પગે ચાલીને વિહાર કરે છે ? કેવા છે આ લોકો ? આજે આવા વિજ્ઞાનના વિપુલ સાધનસામગ્રીના જમાનામાં આ લોકો આવું શું કામ કરે છે ? અરે ! નાહતા-ધોતા પણ નથી. કેવા ગંદા-મેલા રહે છે. આ શું ? કેટલીય જાતના સાબુ અને શેમ્પુ વગેરે ઉપલબ્ધ હોવા છતાં શા માટે આવી સ્થિતિમાં રહેતા હશે ? વગેરે વગેરે. ઘણી બધી બાબતો છે અને તેમાં પણ સૌથી વધારે વાતો તો ખાવા-પીવાની બાબતમાં જ છે. અરે ! બાપ રે ! એ બધી વાતો તો બોલવા જેવી જ નથી. કાંદા-બટાટા ન ખવાય, ને રાત્રે ન ખવાય, ને વાસી ન ખવાય, ને વિદળ ન ખવાય અને આવી તો હજાર વાતો ખાવા-પીવાના વિષયમાં છે.

આ શું ? આવો કે કંઈ ધર્મ હોતો હશે ? અજૈનો નહીં... પરંતુ જૈન ધર્મમાં જન્મેલા ઘરના જૈનો જ આવું વધારે બોલતા હોય છે. વર્તમાનકાળે આ જન્મમાં બધી જાતની સુખ-સમૃદ્ધિ સારામાં સારી મળી છે, તેને ઠોકર મારવી. તેનો ભોગવટો ન કરવો. ઉપરથી છોડી દઇને-તેનો ત્યાગ કરીને તપ-ત્યાગનો ધર્મ કરવો અને કાળાન્તરે ભવાન્તરે ફરી પાછા વિપુલ પ્રમાણમાં તે સુખ-સંપત્તિ સમૃદ્ધિની બધી જ સામગ્રીઓ મળે તેવી

કામના રાખવી. આ બધું શું ? આ વિરોધાભાસ કંઈ સમજાતો નથી.

## સર્વનાં દુઃખો દૂર કરવાર્થે સાચો ઉપાય :-

દ્રવ્ય દયાની મર્યાદા છે. કારણ તેવાં દ્રવ્યો-પદાર્થો અને વસ્તુઓ જ જગતમાં સીમિત-મર્યાદિત છે જેના દ્વારા બધાને એકસરખા સુખી કરી શકાય. બધાને એકસરખી દ્રવ્યસામગ્રીઓ આપવી પડે અને તે સંભવ જ નથી. સંસારના અનંતા જીવોમાંથી માત્ર માનવને જ સુખી કરવાનું લક્ષ્ય બનાવીએ તો તે પણ શક્ય નથી, કારણ કે માનવની સંખ્યા પણ ઘણી મોટી છે. આમાં રાજા પણ છે અને રંક પણ છે. શું બધાને સરખા સુખી કરવા સંભવ છે ? સંસારના એક-એક જીવને કેટલા વિપુલ પ્રમાણમાં દ્રવ્ય સાધન-સામગ્રી જોઇશે ? અને અઢળક-અમાપ વિપુલ સાધન સામગ્રી મળી જવાથી શું લોકો સુખી થઈ જશે ? શું એવી ખાતરી ખરી ? શું આટલી બધી વિપુલ સાધન સામગ્રી મળી ગયા પછી ઇર્ષ્યા-દ્વેષ નહીં વધે ? શું ભોગેચ્છા નહીં વધે ? શું વધારે લોભ-લાલસા નહીં વધે ? શું બધાનું અંતરાય કર્મ ઉદયમાં નથી ? શું બધાનો પુણ્યોદય એકસરખો છે ? જો બધાનું અંતરાય કર્મ ઓછું-વધારે હોવાનાં કારણે બધાં એકસરખું સુખ ભોગવી શકશે ? શક્ય જ નથી. બીજી બાજુ દરેકનું આયુષ્ય એકસરખું હોય એ પણ સંભવ છે ? ના. આયુષ્યના અંતિમ તબક્કામાં પહોંચેલા ઘણા જીવોને જો વિપુલ પ્રમાણમાં દ્રવ્યસામગ્રી-વસ્તુઓ મળે તો તે બધાનો ઉપભોગ ક્યારે કરશે ? આયુષ્ય જ જો પૂરું થઈ જશે તો ? બધાની પાસે જે વિપુલ વસ્તુઓ રહેશે, ઘણી નહીં ભોગવાય અને આયુષ્યની સમાપ્ત થશે ત્યારે શું થશે ? શું બધાનું મોહનીય કર્મ પૂરું થઈ ગયું હશે ? ના. તો પછી મરતી વખતે આટલી બધી વિપુલ સાધન સામગ્રીઓમાં મોહદશા નહીં જાગે. ન ભોગવી શકવા બદલનો તેમનો વસવસો કેટલો વધારે રહેશે ? આર્તધ્યાન કેટલું વધારે થશે ? અને આવા ભારે આર્તધ્યાનના કારણે જીવ તિર્યંચ ગતિમાં જશે. પશુ-પક્ષીના જન્મો કરશે. તિર્યંચ ગતિમાં કેટલા ભવો કરશે ? તે કહેવું ઘણું મુશ્કેલ છે. માત્ર એક જ ભવ કરીને તરત જ જીવ પાછો મનુષ્ય ભવમાં આવી જશે એવી સંભાવના કરોડો-અબજોમાં કોઈ એક માટે જ હશે? બાકી તો તિર્યંચ ગતિમાં ઘણા ભવો પશુ-પક્ષી રુપે પરિભ્રમણ કરતાં જ રહે છે. તિર્યંચ ગતિમાં ગયા પછી જીવ ફરી પાછો ક્યારે મનુષ્યભવમાં આવશે ? ફરી બધા જ સાનુકૂળ સંયોગો ક્યારે પામશે ? કોઈ કેવળી જ આનો ઉત્તર આપી શકશે. આટલા બધા ભવો બગડવાનાં મૂળ કારણ તરીકે જોવા જઇએ તો એ જીવના આયુષ્ય અને અંતરાય કર્મનો વિચાર ન કરતાં આપેલ અઢળક વિપુલ સાધનસામગ્રીઓ-વસ્તુઓ જેને તે જીવ ભોગવી ન શક્યો અને આયુષ્ય સમાપ્તિકાળ નજદીક આવી ગયો. મૃત્યુ પામીને જવું જ પડશે અને આ બધી સાધનસામગ્રીઓ અહીંયાં જ પડી રહી જશે. ન ભોગવી શકવાના તીવ્ર વિચાર વારંવાર આવતાં આર્તધ્યાન શરૂ થઈ જાય છે. શું થાય ? આયુષ્ય વધારી શકાતું નથી અને અંતરાય કર્મ કંઈ રાતોરાત ખપાવી

શકાતું નથી, તો પછી મળેલી આટલી બધી વિપુલ સાધનસામગ્રી વસ્તુઓ બધી ભોગવવી કેવી રીતે ? બીજી બાજુ વ્રત-વિરતિ-પચ્ચક્ખાણનો ધર્મ પણ જીવનમાં એટલો વણાઈ નથી ગયો કે પદાર્થોના ભોગવટા ઉપરથી મન ઊઠી ગયું હોય એવું પણ નથી બની શક્યું. તત્ત્વજ્ઞાન એટલું નથી વધી ગયું કે જેથી આ જડ પૌદ્ગલિક પદાર્થોની નાશવંતતા-નશ્વરતા સમજાય અને આત્મતત્ત્વની શાશ્વતતા સમજાય. એવું હજી સુધી થયું નથી. તેથી આસક્તિ ઘટતી નથી અને અનાસક્તિ વધતી નથી. મોહ-મૂર્છા વધતી જશે તો દુર્દશા અને દુર્ગતી થશે. વસ્તુ તો જડ છે. સંપત્તિ-સમૃદ્ધિ બધી જડ છે. એ તો બધી એમની એમ પડી રહેશે અને જીવ જતો રહેશે. ગતિ જીવની બગડે છે. જડની ગતિ પણ નથી હોતી અને નથી બગડતી. શાસ્ત્રોમાં-ચરિત્રગ્રંથોમાં અને ઇતિહાસમાં ડોકિયું કરતાં હજારો એવા દાખલાઓ મળે છે જેમની ગતિ આ બધી જડ વસ્તુઓ સંપત્તિ અને સાધનસામગ્રીના કારણે બગડી છે. સોનામહોરો અને અશરફીઓ તેમ જ દાગીના, જર-જમીનો પડી રહી અને અનેકોના જીવો ગયા છે. ભાઇ-ભાઈ શત્રુની જેમ લડ્યા-બાખડ્યા છે. પિતા-પુત્ર લડ્યા અને મર્યા છે. અગણિત એવા દાખલાઓ છે. કેટલા ભવો સુધી તે જીવો પરસ્પર શત્રુની જેમ એ સંપત્તિ માટે લડતા રહ્યા છે.

### ઈશ્વર જ સુખદાતાની માન્યતા :-

અનંતા જન્મોમાં અનંતકાળ સુધી જે તે ધર્મ પામીને એકમાત્ર દુઃખ કેમ ટળે ને સુખ કેમ મળે એટલું જ લક્ષ્ય રાખેલું. બસ, પોતાના આવા સ્વાર્થીલક્ષ્યને સાધવામાં જ આંધળો બનેલો જીવ એકમાત્ર એ જ જુએ છે. એ સિવાય એ જીવને બીજું કંઈ જ નથી દેખાતું. ભગવાન હોય કે પછી દેવી-દેવતાઓ હોય... ગુરુ-ધર્મગુરુ સ્વરૂપે ઋષિમુનિ, મહર્ષિ, સાધુ, સંત, સંન્યાસી, બાવા, ફકીર, જોગી-જોગટા જે કોઈ પણ હોય બધાનો ઉપયોગ એકમાત્ર મારાં દુઃખો કેમ ટળે ? અને મને સુખ કેમ મળે ? બસ, જે અને જેને ધર્મ કરવો હોય તે કરે છે, પણ દુઃખ ટળવું જ જોઇએ અને સુખ મળવું જ જોઇએ. એમાં ક્યાંય પાપનાશની તો વાત જ નથી આવતી. ગંધ પણ નથી અવતી. એ વિશેનું કોઈ જ્ઞાન કે સમજ પણ નથી જાગતી. માટે ગમે તેમ કરીને ઇશ્વરને રીઝવવા માટે જે-જેવો અને જેટલો ધર્મ કરવો પડતો હોય તે કરું, પણ પરિણામ આવવું જોઇએ. દુઃખ ઘટવું જ જોઇએ અને સુખ મળવું જ જોઇએ.

આશ્ચર્ય તો એ વાતનું છે કે દુઃખ ટાળવા,ઈશ્વરને રીઝવવા ઇશ્વરોપાસના કરતો જ જાય છે, પરંતુ સામે જીવનમાં નવાં નવાં કેટલાંય પાપો આચરતો જ જાય છે, જે પાપો વડે જ અશુભ કર્મ બને છે. અને તે જ ઉદયમાં આવતાં ફરી-ફરી દુઃખ જ વધતું જાય છે, પરંતુ શું થાય ? મિથ્યાજ્ઞાનના કારણે વિપરીત બુદ્ધિ બનેલી હોવાથી સત્ય સામે આવતું જ નથી. પાપ કરવાથી પાપોના કારણે બંધાયેલાં અશુભ કર્મોના ઉદયથી જ દુઃખ

આવે છેનું આટલું સાદું સત્ય નથી સમજાતું, અને ના...આ વાત સાવ ખોટી છે. સુખ-દુઃખ તો ઇશ્વરની મરજી ઉપર છે. ઇશ્વરની ઇચ્છા હશે તો મને સુખ આપશે, નહીં તો દુઃખ આપશે. માટે મારી ફરજ છે, ગમે તેમ કરીને પણ ઇશ્વરને રીઝવવા રાજી કરવા અને એ માટે જે કંઈ કરવું પડે, જે રીતે કરવું પડે,બસ, તેને જ ધર્મ કહેવાય છે. એવી માન્યતા બનાવી લેવામાં આવે છે. ધર્મ વળી શું છે ? ધર્મમાં મુખ્ય શું છે ? માટે ઇશ્વરભક્તિ, ઇશ્વરોપાસના... બસ...ગમે તેમ કરીને ઇશ્વરને રીઝવવા-મનાવવા મારી તરફ આકર્ષવા... કારણ કે ઇશ્વર તો પરમ દયાળુ છે. પરમ કૃપાળુ છે જ. તે તો બધાને સુખ આપવા જ બેઠો છે. ફક્ત મારે ઇશ્વરને મારા તરફ આકર્ષવા છે. મારા તરફ વાળવા છે. જો એવા લોકોને પૂછવામાં આવે કે... ભાઇ ધીરજ રાખો ને તમારો વારો આવશે ત્યારે તમને પણ મળી જશે. ઉતાવળ જ ન કરો. કેમ... શું વાંધો છે ? શું ઇશ્વર પાસે આપવાનું બધું ખૂટી જશે ? ખતમ થઈ જશે ? કે તમને આપવા માટે ઇશ્વરની પાસે આપવાનું કંઈ જ નહીં બચે ? અથવા શું કાળ બદલાઇ જશે ? શું ઇશ્વર અમુક ઠરાવિક કાળ સુધી જ સુખ આપે છે અને પછી દુઃખ જ આપે છે ? એવું કંઈ છે ? અથવા જે ઇશ્વરની જેટલી વધારે ભક્તિ-ઉપાસના કરે છે તેને જ ઇશ્વર પહેલાં આપે છે, વધારે સુખ આપે છે અને વહેલું આપે છે? આવી સ્થિતિમાં શું સમજવું ? ઇશ્વરની અપાર કરુણા અને સુખ આપવાનો જ સ્વભાવ છે કે પછી ભક્તોની ભક્તિના આધારે જ આપે છે ? શું એના જ કારણે ભક્તોમાં ભક્તિ કરવાની પણ સ્પર્ધા લાગેલી છે ? શું આ હોડ ઉચિત છે ? શું આવી રીતે કરવાથી ઇશ્વર સુખ વહેલું આપે છે કે વધારે આપે છે ? શું ઇશ્વર પોતાના સહજ સ્વભાવ પ્રમાણે બધાને સુખ આપે છે કે પછી ભક્તોની સ્પર્ધાત્મક ભક્તિ જોઇને વહેલું/મોડું કે પછી ઓછું/વધારે આપે છે ? શું આવો ઇશ્વર છે ખરો ? બસ, થોડીવાર માટે સ્પર્ધાત્મક ભક્તિ કરી લીધા પછી આખા દિવસ-રાતમાં તે કહેવાતા ભક્ત ગમે તે પાપ - ગમે તેટલાં પાપ - ગમે તે રીતે કરતા જાય એનો કંઈ વાંધો નથી. અને એવી કોઈ સમજણ અને માન્યતા તો છે જ નહીં કે પાપો કરવાથી તે જ પાપો-અશુભ કર્મ બનીને ઉદયમાં આવશે અને ભારે દુઃખો ભોગવવાં પડશે.

ના... ના... ગાઢ મિથ્યાત્વના કારણે વિપરિત મતિ બનવાના કારણે દુઃખ આપવાની સત્તા પણ ઇશ્વરની જ છે. ઇશ્વર જ દુઃખ આપે છે. આવી બુદ્ધિવાળાને જો પ્રશ્નો પૂછવામાં આવે કે... અરે ! દયાળુ-કરુણાના સાગર એવા ઇશ્વર વળી, દુઃખ આપે ખરા ? દુઃખ આપવાની ઇચ્છા તેમને થાય ખરી ? અરે રે ! દુઃખ જો ઇશ્વર આપે તો તેમની કરુણા-દયા બધી ક્યાં જાય ? અને ઇશ્વર જે પોતે જ સૃષ્ટિની રચના કરે છે. બધાનું સર્જન કરે છે. બધું જ બનાવે છે અને શું તે જ ઇશ્વર પોતાના જ બનાવેલાને દુઃખી કરે ખરા ? શું પોતાના જ સંતાને જન્મ આપીને તે જ માતા પોતાના જ સંતાનને દુઃખી કરે ખરી ? અને જો માતા આવું ન કરે તો પછી ઇશ્વર કરે ખરા ? ઇશ્વર જો દુઃખી કરે, દુઃખ આપે તો પછી ઇશ્વરની

કરુણા, માયાળુ, દયાળુતામાં શંકા જાય છે. તો પછી ચોક્કસ સહજ કરુણાના સાગર તો તો ન માનવા જોઇએ. ભક્તોની સ્પર્ધાત્મક ભક્તિના આધારે સુખ આપનારમાં સહજ કરુણા સંભવી જ ન શકે ? સુખ આપવા માટે જો દયા-કરુણા માનવી જરૂરી હોય તો દુઃખ આપવા માટે કઠોરતા-ક્રૂરતા પણ તેમનામાં હોવી જ જોઇએ તો જ દુઃખ આપવું સંભવ બને. દયા-કરુણાના વિરોધી ધર્મો તરીકે કઠોરતા-ક્રૂરતા છે. માટે જો ઇશ્વરને સુખ અને દુઃખ બન્ને આપનારા માનતા હો તો ઇશ્વરને દયાળુ-કરુણાવાળા અને સાથે સાથે કઠોર અને ક્રૂર પણ માનવા જ જોઇશે. અરે રે...તો પછી ઇશ્વરનું સ્વરૂપ કેટલું વિકૃત-વિપરિત બની શકે ? શું ભક્તો પોતાના સ્વાર્થની સિદ્ધિ ખાતર ઇશ્વરનું સ્વરૂપ આવું વિકૃત અને વિપરિત કરે એ ઉચિત છે ? આપણે શું કરવું ? શું ખરેખર ઇશ્વર-પરમેશ્વર કરુણાસભર-માયાળુ અને ક્રૂર-કઠોર બન્ને પ્રકારના છે ? અરે ! આ પરસ્પર વિરોધી દેખાતા ધર્મ અને અધર્મ (ગુણ અને દોષ) બન્ને એકમાં ઘટી શકે ખરા ? શું આ સંભવ છે ? પરંતુ વૈદિક ધર્મનાં વેદશાસ્ત્રો એનો ઉત્તર હા માં આપે છે અને સ્પષ્ટ કરે છે કે **अनुग्रह-निग्रहो समर्थोऽइश्वरः** - હા. અનુગ્રહ-દયા,કરુણા અને નિગ્રહ-તેનો નાશ આ બન્ને કાર્યો કરવામાં જે સમર્થ-સક્ષમ છે તે જ ઇશ્વર છે. વૈદિક માન્યતા પ્રમાણે આ બન્ને વાતો બેસે છે. માટે તેવા ઇશ્વરમાં આ બન્ને ઘટે છે. ઘટાડે છે. અનુગ્રહવૃત્તિથી ઇશ્વર સૃષ્ટિનું સર્જન કરે છે. સૃષ્ટિ ઉત્પન્ન કરે છે અને નિગ્રહવૃત્તિથી તે જ ઇશ્વર સૃષ્ટિનું વિસર્જન કરે છે. મહાપ્રલય કરે છે. સર્વનાશ-મહાવિનાશ સર્જે છે. વૈદિકોએ બ્રહ્મા-વિષ્ણુ અને શંકર આવું ઇશ્વરનું ત્રિવિધ સ્વરૂપ નિર્ધાર્યું છે.

સર્વજ્ઞપ્રણિત જૈન ધર્મે પરમેશ્વર-પરમાત્માના સ્વરૂપમાં સર્વપ્રથમ વીતરાગતા હોવી અનિવાર્ય માની છે. સર્વજ્ઞતા-સર્વદર્શિતા પછીની વાત છે. સર્વથા રાગ પણ ન હોય અને સંપૂર્ણપણે દ્વેષ પણ ન હોવો જોઇએ. કારણ કે સંસારનાં બધાં કર્મોનું મૂળ કારણ જ રાગ-દ્વેષ છે. રાગ-દ્વેષની વૃદ્ધિ થવાની જ ક્રોધાદિ કષાયો વધે છે. જેમ એક બીજમાંથી જ અંકુર ફૂટે છે. રાગમાંથી માયા અને લોભ જાગે છે. જ્યારે દ્વેષમાંથી ક્રોધ અને માન જાગે છે. આ રીતે કષાયો વધે છે. જેમ-જેમ રાગ-દ્વેષ-કષાયો વધતા જાય છે તેમ તેમ કર્મો વધુ બંધાય છે અને એનાથી વિપરિત જેમ-જેમ રાગ-દ્વેષ-કષાયો ઘટતા જાય, તેમ તેમ કર્મો બંધાવાનું પ્રમાણ ઘટતું જાય છે અને એક દિવસ વિતરાગતાનો ઉદય થાય છે. ત્યારે કર્મબંધ જ નથી થતો. હવે કોઈ ઇચ્છા જ નથી રહેતી. એવા નિરીહ વીતરાગીને સૃષ્ટિના-સર્જન-વિસર્જન કરવા સાથે કોઈ જ સંબંધ નથી રહેતો. કોઈ પ્રયોજન પણ નથી રહેતું. ખરેખર જ જો ઇશ્વર-પરમેશ્વર કે પરમાત્મા વીતરાગી હોય તો તેને સૃષ્ટિના સર્જન-વિસર્જનની સાથે કોઈ જ સંબંધ ન જ હોવો જોઈએ અને જો સૃષ્ટિનું સર્જન-વિસર્જન કરવાવાળાને જ જો ઇશ્વર-પરમેશ્વર માનવાની વાત હોય તો પછી એવા સર્જક-વિસર્જક ઇશ્વરને સર્વથા રાગ-દ્વેષરહિત વીતરાગી ન જ કહેવા જોઇએ. કારણ કે સર્જન-વિસર્જનની

પ્રક્રિયા અને વીતરાગતા પરસ્પર સર્વથા વિપરિત છે. જે જે સંપૂર્ણપણે વીતરાગી છે તે તે સર્જક-વિસર્જક હોતા જ નથી અને જે જે વીતરાગી હોતા જ નથી તે તે સર્જક-વિસર્જક હોય છે.

બીજી બાજુ સર્વજ્ઞ-સર્વદર્શીપણું વીતરાગીને જ પ્રાપ્ત થાય છે. જે જે રાગી-દ્વેષી હોય તે ક્યારેય સર્વજ્ઞ-સર્વદર્શીહોઇ જ નથી શકતા. આ શાશ્વત નિયમ છે. માટે જે ધર્મો સંપ્રદાયો કે દાર્શનિકો તેમના ઇશ્વરને સર્જક-વિસર્જક જ માને છે. તેમના ઇશ્વર સંપૂર્ણ વીતરાગી નથી જ માટે તે સર્વજ્ઞ-સર્વદર્શીપણ ન જ સંભવે. જો વીતરાગતા, સર્વજ્ઞતા, સર્વદર્શિતા જેવા પાયાના ગુણો જ ન હોય તો તેમને અથવા તેવાને ઇશ્વર, પરમેશ્વર, પરમાત્મા, ભગવાન માનવા જ ન જોઇએ. માનવાની એવી ભૂલ ન જ કરવી જોઇએ. હા... ભગવાનને માનવા જ પર્યાપ્ત નથી, પરંતુ સાથે સાથે ભગવાનનું સાચું સ્વરૂપ જાણવું પણ તેટલું જ અનિવાર્ય છે. ભગવાનને સાચા અર્થમાં જ જાણનારા માત્ર માનવાની જ વાતો કરનારા મોટા ભાગે અંધશ્રદ્ધામાં ગરકાવ થઈ જાય છે. કારણ કે સત્યનો પાયો જ ખસી જાય છે. અસત્યાશ્રિત પાયા ઉપર ઇશ્વરતત્ત્વને સ્થિર કરીને પછી તેને આખી જિંદગી માનવાની અંધશ્રદ્ધા બનાવી રાખવી અને એવા માની લીધેલા ઇશ્વર પાસે દુઃખ ટાળવા અને સુખ આપવા માત્ર વિનંતી-પ્રાર્થના કે અરજ કરતા જ રહેવું અને મને બધું સુખ મળી જ જશે અને મારું દુઃખ બધું ટળી જશે. એવી માન્યતા ક્યાં સુધી ઉપકારી નીવડશે ?

ઇશ્વર શું જ્ઞેયતત્ત્વ નથી ? શું ભગવાનને ઓળખવા જરૂરી નથી ? શું માત્ર માનવાના જ હોય ઇશ્વરને ? બસ ? શું ઇશ્વર માત્ર શ્રદ્ધાથી માનવાનો જ વિષય છે ? એમાં વળી જાણવાની શી જરૂર છે ? ઇશ્વરને ઓળખવા જવાની પંચાત શું કરવા કરવી ? હજારો-લાખો વર્ષોથી બાપ-દાદાઓની પરંપરામાં જે અને જેવા સ્વરૂપે ઇશ્વર-ભગવાનને માનતા આવ્યા છે અને બાપ-દાદાઓએ જે પુત્ર-પૌત્રને સંસ્કાર આપ્યા છે, તેવી શ્રદ્ધાથી માની લેવા. દર્શન-પૂજા કરી લેવી. જાપ-સ્મરણ કરી લેવો. તીર્થયાત્રા કરી લેવી...બસ...બસ...પતી ગયું. મંદિરમાં જઈ ભગવાન પાસે આપણા મુખ્ય ઉદ્દેશ્ય પ્રમાણે માગી લેવું કે... હે ભગવાન ! મારૂં બધું દુઃખ દૂર કરો અને હે ભગવાન ! મને બધી જ જાતનાં સુખો આપી દો. મારાં સંકટો કાપી દો. મારા મનોરથો પૂરા કરી દો. હે ભગવાન ! તમે જ વિઘ્નહર્તા છો, સુખદાતા છો, દુઃખહર્તા છો... સંકટમોચક છો. હે ઇશ્વર ! બસ... તમે જ બધા સ્વરૂપે છો. તમે જ સર્વશક્તિમાન છો. તમે જ સર્વસ્વ છો. તમે જ સર્જનહાર રૂપે છો. માટે સમસ્ત વિશ્વનું સર્જન કરો છો. વિશ્વની વ્યવસ્થાનું સંચાલન કરો છો અને વિનાશ-મહાપ્રલય પણ તમે જ કરો છો. તમે જ બધાનાં દુઃખો પણ દૂર કરો છો અને બધાને સુખ પણ તમે જ આપો છો. તમારી ઇચ્છા મુજબ જ બધુ થાય છે. બધા જીવો તમારી ઇચ્છા મુજબ જ પ્રવર્તે છે. તે મુજબ ઝાડનાં પાંદડાં પણ હાલે છે. સંસારના જીવો તો માત્ર

કઠપૂતળી સમાન છે. બધા જીવોમાં જીવ જ નથી, માત્ર તમે એક જ ઇશ્વર છો. તમે જ કર્મફળદાતા છો. તમે જ તમારી ઇચ્છા મુજબ જીવોને સ્વર્ગમાં અથવા નરકમાં મોકલાવો છો. બધાના જન્મ-મરણ તેમ જ બધાની ગતિ-જાતિ તમારી ઇચ્છા મુજબ જ થાય છે.

ઉપર લખ્યા મુજબનાં બધાં વાક્યો તપાસવાં જોઇએ. પરીક્ષા કરવી જોઇએ કે એમાં સાચા જ્ઞાનનાં વાક્યો કેટલાં છે ? અને માત્ર માની લેવાની શ્રદ્ધાવાળાં કેટલાં છે ? જો બધાં વાક્યો આ અને હજી એના જેવાં બીજાં ઘણાં વાક્યો છે. હજારો-લાખો લોકોના મોઢે ગવાતાં-બોલાતાં જ રહે છે. સર્વજ્ઞપ્રણિત સાચો ચરમસત્ય સ્વરૂપ સિદ્ધાંત જ કસોટી રૂપે છે. આ કસોટી ઉપર ઉપરોક્ત એક-એક વાક્ય કસીને પરીક્ષા કરી લેવી જરૂરી છે. તેમાંથી જે વાક્યો સર્વથા ખોટાં-અસત્ય વચનરૂપે છે તે છોડી દેવાં જોઇએ. લોકોને જણાવવું જોઇએ કે આ અસત્ય વાક્ય છે તે બોલવું નહીં,તેવી ખોટી શ્રદ્ધા રાખવી નહીં, પરંતુ આવું કંઇ થતું નથી. જ્ઞાનીઓ પોતે પણ આવી સમ્યગ્જ્ઞાનની સાચી ચાળણી વાપરીને ખોટાં વાક્યો કાઢી નાખીને સાચાં સત્ય વાક્યો જ જે સત્યની કસોટી ઉપર ખરાં ઉતર્યાં છે તેટલાં સર્વસામાન્ય જીવોને આપે તો કેટલો મોટો ઉપકાર થાય ? આવી રીતે કરવાથી અંધશ્રદ્ધા-ખોટી શ્રદ્ધા દૂર થઈ જાય, પરંતુ આશ્ચર્ય તો એ વાતનું છે કે વીતેલા લાખો વર્ષોમાં આવી અંધશ્રદ્ધા કે મિથ્યા શ્રદ્ધા-મિથ્યાત્વનું પ્રમાણ ઘટ્યું નથી પણ વધતું જ ગયું છે. સંપ્રદાયો, મતો, પંથો એમાં ઉમેરો કરતા જ જાય. દાદા-પરદાદા, બા-બાપુજી બધા પુત્ર-પૌત્રમાં ફરી ફરી આ સંસ્કારો રૂઢ કરતા જ જાય છે. પરિણામે વિશ્વાસ ગાઢ થતો જ જાય છે. જેમ જેમ એક છોડવા કે ઝાડને ખાતર-પાણી મળતાં વધતાં જ જાય છે એવી જ રીતે ઉપરોક્ત મિથ્યાત્વનાં મિથ્યા વાક્યો વારંવાર વપરાતાં અજ્ઞાની અથવા અલ્પજ્ઞાની જીવોના શ્રવણમાં આવતાં તેમનું મિથ્યાત્વ-અંધશ્રદ્ધા-અજ્ઞાનજન્ય શ્રદ્ધા વધતી જ જાય છે. સંસારમાં સોમાંથી ૮૦ ટકા જીવો તો જ્ઞાનરૂચિ હોતા જ નથી. ક્રિયા રૂચિ જ વધારે હોય છે. મનથી વિચારવામાં, વચનથી ભાષા બોલવામાં, તેમ જ કાયા-શરીરથી ક્રિયા-પ્રવૃત્તિ કરવામાં આ ત્રણેય બાબતમાં સોમાંથી ૮૦ ટકાથી પણ વધુ સર્વસામાન્ય લોકો માત્ર નકલ જ કરતા હોય છે. અક્કલ વાપરવાવાળો વર્ગ તો માંડ ૧૦ થી ૨૦ ટકા હોય છે. આ નાનકડી ટકાવારીમાં પણ મિથ્યાત્વી જીવોની સંખ્યા ઘણી મોટી છે. જ્યારે સાચું જ્ઞાન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્શ્રદ્ધા પામેલા લોકો તો માંડ અડધો ટકો કે એક ટકો પણ હશે કે કેમ? એ તો કેવળી જાણે. ધારો કે આજે ભારત દેશની જનસંખ્યા ૧૧૪ કરોડની છે. એનો ૧ ટકો પણ જો ગણીએ તો પણ શું એક કરોડ લોકો સમ્યગ્જ્ઞાની-સમ્યગ્દર્શની શ્રદ્ધાળુ હશે ખરા ? ના, શક્ય જ નથી.

ખરેખર ભગવાન જેવા યથાર્થ સ્વરૂપમાં છે તેના સર્વસામાન્ય લોકો સ્વીકારતા જ નથી. હકીકત એ છે કે સર્વસામાન્ય લોકોને ભગવાન જેવા જોઇતા હતા તેવા બનાવી લીધા છે. તેનું બનાવેલ સ્વરૂપ જ ઇશ્વરનું સાચું સ્વરૂપ છે, એમ માનીને તેનો જ

વધારે પ્રચાર-પ્રસાર કરે છે અને માને છે. વિઘ્નહર્તા દુઃખહર્તા, સુખદાતા, સંકટમોચક, મનોરથપૂરક વગેરે વગેરે હજારો જાતનાં વિશેષણો સાચા જ્ઞાન વગરના સર્વસામાન્ય ભક્તોએ બનાવી દીધેલા છે. જેમ ખેતરમાં જેવાં કારેલાં ઊગે છે તેવા જ લોકો આરોગે છે ? ખેતરમાંથી લાવ્યા પછી તેની કડવાશ કાઢી નાખ્યા પછી ખટમીઠાં બનાવીને લોકો ખાય છે. આનાથી એ સિદ્ધ થાય છે કે લોકો સ્વરુચિ પ્રમાણે જેવાં જોઇએ, જેવાં ભાવે છે તેવા બનાવીને ખાય છે, પરંતુ હિતાહિતની વિવેકની બુદ્ધિ પણ નથી વાપરતા કે...લાભ...નુકસાન શેમાં છે ? ખેતરમાં જેવાં કડવાં ઊગેલાં છે તેવાં જ કારેલાં કે લીમડો વગેરે આરોગ્યો હોત તો મધુપ્રમેહાદિ ની ભારે બીમારીઓ ન વધી હોત. ઉપરથી ખાટાંમીઠાં કરીને ખાવાથી કારેલાંનો ઔષધીય ગુણ ન મળ્યો અને રોગ-બીમારીઓ ખૂબ વધી ગઈ. કેટલું નુકસાન થયું ! ઠીક એવી જ રીતે ઇશ્વર, પરમેશ્વર, ભગવાન, પરમાત્મા વાસ્તવમાં જેવા છે તેવા જ યથાર્થ સ્વરૂપે તેમને જાણ્યા અને માન્યા હોત તો ખરેખર અનેક આત્માઓનું કલ્યાણ નિશ્ચિત થયું હોત, પરંતુ અજ્ઞાની-અલ્પજ્ઞાની સ્વાર્થીસંસારી સર્વસામાન્ય લોકોએ એકમાત્ર પોતાના સુખ-દુઃખ સ્વાર્થના હિસાબે ભગવાનનું સ્વરૂપ જાણવા-સમજવાની દરકાર જ ન કરી અને માત્ર તેમને પોતાને જેવા જોઇતા હતા તેવા બનાવીને માની લીધા અને તે જ સ્વરૂપે જ ઉપાસના કરવા લાગ્યા, પરંતુ પરિણામ શું આવ્યું તેનો પણ વિચાર કરવો જોઇએ. શું વિશ્વમાંથી દુઃખ દૂર ગયું ? શું બધાને સુખ મળી ગયું ? શું સંસારમાં બધા સુખી થઈ ગયા ?

આ સંસાર અનાદિ-અનંત છે. જરા-હજારો વર્ષોના ભૂતકાળમાં ડોકિયું કરીએ તો સ્પષ્ટ ખ્યાલ આવી જશે. શું હજારો વર્ષો પહેલાં પણ એકેય દિવસ આ સંસારમાં એવો હતો કે જે દિવસે સુખીઓ ઘણા જ વધારે હતા અને દુઃખી જીવો નામમાત્ર થોડા જ હતા ? આવું ક્યારેય હતું ? ઉપરથી હજારો વર્ષોના ભૂતકાળમાં ડોકિયું કરતાં સ્પષ્ટ જણાશે કે સંસારમાં દુઃખીયારા દુઃખી જીવોની સંખ્યા જ ઘણી મોટી-ઘણી વધારે જોવા મળતી હતી. ત્યારે ઇશ્વર ક્યાં હતાં ? અથવા શું ઇશ્વરને દુઃખમુક્તિ અને સુખપ્રાપ્તિ માટેની પ્રાર્થના કોઈ કરતું જ નહોતું કે કેમ ? એ સંભવ જ નથી. જગતમાં મિથ્યાત્વ ત્રણેય કાળમાં શાશ્વત જ છે. તેના કારણરૂપે અવ્યક્ત કક્ષાની મિથ્યાત્વની વૃત્તિરૂપે દુઃખમુક્તિ અને સુખપ્રાપ્તિની ઈચ્છા દૃઢ-વધતી જ જાય છે. ઊંડે-ઊંડે અંદર ધરબાયેલી આ ઇચ્છા જ માણસને એ દિશામાં પ્રેરે છે, માટે જીવો પ્રાર્થના, યાચના, ભક્તિ વગેરે બધું કરતા જ જાય છે. શું આવી દુઃખનિવૃત્તિ અને સુખપ્રાપ્તિની ઇચ્છા ને યાચના રૂપે ઇશ્વરની સામે વ્યક્ત કરતા જ રહેવું એને જ ભક્તિનું નામ આપવું ? શું ઇશ્વરોપાસના કે ઇશ્વરભક્તિનો અર્થ આ જ છે ? કે પછી પરમેશ્વરના ગુણો, તેમનું સ્વરૂપ જોઇને તે જ સાચું સ્વરૂપ માનીને તેમાં તલ્લીન થવાને ભક્તિ કહેવી ? ઇશ્વરની ગુણસ્મૃતિ ઘટાડીને પોતાની સ્વાર્થીયાચનાના

વારંવાર પુનરોચ્ચારને જ ભક્તિનું રૂપ આપી દેવાથી ઘણું મોટું અનર્થ થશે ? ભક્તોના મનમાં પરમેશ્વરના ગુણોનું સ્મરણ ઘટી જશે અને પ્રભુનું યથાર્થ સ્વરૂપ સામે જ નહીં આવે. પ્રભુને આખી જિંદગી ઓળખી જ નહીં શકે. અને ભક્તિના ઓઠા નીચે માત્ર આર્તધ્યાન રૂપે માત્ર પોતાના દુઃખની નિવૃત્તિની અને સુખપ્રાપ્તિની માત્ર ચિંતા જ થતી જ રહેશે. ભક્તિ એ આર્તધ્યાન નથી. ચિંતા નથી. ઉપરથી ચિંતામુક્તિનું સાધન જે ભક્તિ છે તે તો સાધના-ઉપાસના રૂપે છે. ભક્ત અને ભગવાનની વચ્ચેનો જોડનારો સેતુ ભક્તિ છે. ભક્તિ પ્રભુના ગુણગાનાર્થે છે. ભક્તિમાં સમર્પણ છે. સ્વના અહંકારનું વિસર્જન કરવા, નમ્રતા-વિનયાદિ ગુણોનું સ્વમાં પ્રાદુર્ભાવ કરવા માટે ભક્તિ છે. સ્વદોષદર્શન અને પ્રભુના ગુણોનું દર્શન કરવા માટે ભક્તિ છે. ભક્તિના કેન્દ્રમાં ભક્ત નથી પણ ભગવાન છે. પરંતુ સ્વાર્થવશ સામાન્ય માનવી યાચના કરતી વખતે જે પ્રકારની ઘટિયા કક્ષાની ભક્તિ કરે છે તેમાં માત્ર પોતાને જ પ્રાધાન્યતા આપે છે તેમાં પણ પોતાની સ્વાર્થભરી યાચનાને જ પ્રાધાન્યતા આપે છે. આવા પ્રકારની ભક્તિમાં ભગવાન તો ભુલાઈ જાય છે. ભગવાનના ગુણો પણ યાદ નથી આવતા. બસ, એકમાત્ર પોતાનાં બધાં જ દુઃખો જ યાદ આવે છે. હે ભગવાન ! તું તો ભક્તોનો રક્ષક છે. ભક્તોનો ઉદ્ધારક છે. ભક્તોને સુખી કરવાની જવાબદારી પણ તારી જ છે. ભક્તોની ઇચ્છા પૂર્ણ કરનારો તારા સિવાય બીજો કોણ છે ? હે પ્રભુ ! ભક્તોને જો તું સુખી નહીં કરે તો કોણ કરશે ? **भगवान भी भक्त के आधीन होता है** । આવી ભક્તિ ખરેખર ઘટિયા કક્ષાની કહેવાય છે. ભગવાનનું સ્તર આટલી હદ સુધી નીચે નહીં ઉતારવું જોઇએ. આવા જ સ્તરની ભક્તિ કરનારાઓએ ઘણું જલદી ચેતી જવું જોઇએ.

### આર્તધ્યાનનું સ્વરૂપ :-

'આર્ત' શબ્દ દુઃખવાચી છે. 'ધ્યાન' શબ્દ સ્થિર વિચારના અર્થમાં પ્રયુક્ત છે. જે વિચાર સ્થિર થઇ જાય છે અને વારંવાર તે જ તે વિચાર ઘૂંટાયા કરે છે. વિષય બદલાતો નથી. તેમ જ ટળતો પણ નથી અને તેમાં મુખ્ય વિષય દુઃખ હોય છે. સંસારમાં સેંકડો પ્રકારનાં દુઃખો છે. કેટલાંક દુઃખો સામાન્ય કક્ષાનાં છે. જેની ઘણી વધારે દરકાર નથી પણ કરવામાં આવતી. જ્યારે કેટલાંક દુઃખો થોડાં વધારે ભારે હોય છે અને એના કરતાં પણ ઘણાં જ વધારે ભારે દુઃખો પણ હોય છે. ઘણાં દુઃખો કાળની સાથે એવાં સંકળાયેલા હોય છે કે તે વહેલામાં વહેલી તકે ટળી જાય તો વધુ સારું. અલ્પાવધિ કાળમાં જો વધુમાં વધુ તીવ્ર કક્ષાનાં દુઃખો જલદી ટળી જાય તો લોકો રાજી થાય તેમ છે, પરંતુ પોતાની ઇચ્છા માત્રથી દુઃખ ટળી જ જાય છે તેવી સંભાવના નથી હોતી. ઘણા આસ્તિકોને એવી પણ અંધશ્રદ્ધા હોય છે કે ઇશ્વરની જ ઇચ્છા ચાલે છે. લોકોની ઇચ્છા મુજબ નથી થતું, પણ ઇશ્વરની ઇચ્છા મુજબ જ બધું થાય છે. Oh God ! thow shall be done. Not my will be. હે ઇશ્વર ! મને ખબર છે કે મારી ઇચ્છા મુજબ કંઈ જ નથી થવાનું, પણ તારી ઇચ્છાથી જ ઝાડનાં પાંદડાં પણ હલે છે

અને તારી ઇચ્છા જ પ્રબલ થાય છે ત્યારે અચલા એવી પૃથ્વી પણ હલી જાય છે.

આશ્ચર્યની વાત તો એ છે કે આવી માન્યતા ધરાવવા છતાં પણં અગણિત દુઃખીયારા લોકો ઇશ્વરને પોતાની ઇચ્છા છોડી દેવા અને અમારી (ભક્તો)ની ઇચ્છા મુજબ કરવાનું કહે છે. ભગવાન પાસે ભક્ત પોતાની ઇચ્છા ને પ્રાધાન્યતા આપી તે મુજબ કરવા માટે દબાણ કરે છે. હે ભગવાન ! તું તો સમર્થ છે. સક્ષમ છે. તારી ઇચ્છાઓ તો ઘણી વ્યાપક છે. તારી ઇચ્છા મુજબ તો સહજપણે બધું થતું રહે છે. બનતું જ રહે છે, પણ એકવાર તો મારી ઇચ્છા સાંભળ ! મારી ઇચ્છા થોડીક જ છે. નાનકડી છે. તારા માટે ચપટી વગાડવા જેવી ક્ષણભરની રમત છે, એમ કરીને ભક્તો ભગવાનની વ્યવસ્થા ખોરંભે ચઢાવે છે, પરંતુ ભક્તોએ વિચારવું જોઇએ કે... ભગવાન તો એક છે અને સામે ભક્તો લાખો-કરોડોની સંખ્યામાં છે. દર વખતે ભગવાન જો પોતાની ઇચ્છાને બાજુમાં મૂકીને ભક્તોની ઇચ્છા પૂરી કરવા પ્રયત્ન કરે તો કેટલો સમય લાગે? માનો કે ભક્તોની ઇચ્છા પૂરી કરવામાં એક ભક્તની પાછળ ફક્ત બે જ મિનિટ ગણીએ તો અબજો ભક્તોની પાછળ કેટલો સમય લાગશે ? અબજોને બે વાર ગુણાકાર કરવાથી ખરબો મિનિટ લાગે, આટલો લાંબો સમય ઇશ્વર ભક્તોની પાછળ રોકાઈ જાય. તો પછી બીજી બાજુ સૃષ્ટિના સંચાલનની વ્યવસ્થા આખી ખોરંભે ચઢી જાય. સંસારમાં બધે અવ્યવસ્થા થઇ જશે. વિચાર કરો કે ૧-૨ મિનિટ માટે પણ હવા બંધ થઈ જાય તો શું પરિણામ આવશે ? શ્વાસમાં શુદ્ધ હવા ન મળવાના કારણે કદાચ લાખો જીવો મરી જાય તો તેનો દોષ કોના માથે આવે ? છતે ઇશ્વરે આવી મોટી અવ્યવસ્થા સર્જાય ? અરેરે... એના કરતાં તો ભક્તોએ ઇશ્વર પાસે પોતાની ઇચ્છા પૂરી કરવા યાચના ન કરવી. દબાણ ન લાવવું એ જ હિતાવહ છે. ઇશ્વરના માથે એક-બે ભક્તોની જવાબદારી નથી, પરંતુ સમષ્ટિગત સમસ્ત સંસારની જવાબદારી છે, માટે ઇશ્વરની વ્યવસ્થામાં વિક્ષેપ કોઈએ પણ ન કરવો. હવે પછી કોઈએ પણ પોતાની ઇચ્છા પૂરી કરવા ઇશ્વરને યાચના ન કરવી અને તે માટે દબાણ ન લાવવું. જો આવો નિયમ બધા ભક્તો માટે કરવામાં આવે તો કેટલા ભક્તો પોતાની ઇચ્છા પૂરી કરવા ઇશ્વરને યાચના કરવાનું બંધ કરશે ? કેટલા લોકો આ પ્રસ્તાવને સ્વીકારશે ? જો ભક્તોને પૂછવા જઈશું તો શું જવાબો ભક્તો પાસેથી મળશે ? એની કલ્પના તો કરી જુઓ. ઘણા સ્વાર્થીભક્તો તો એવા છે કે ખાડામાં ગયો સંસાર ! ખાડામાં ગયા બીજા લોકો, મારે તો મારી ઇચ્છા પૂરી કરવા દબાણ કરવું જ છે. હું તો વધુ પ્રબળ દબાણ લાવીશ. તે માટે ભારે મંત્ર જાપ કરીશ. વધુ તપશ્ચર્યા કરીશ. વધુ વ્રત-સંકલ્પ કરીશ અને વધારે ધ્યાન કે ભક્તિ કરીશ અને ઇશ્વરને પ્રત્યક્ષ કરીશ. પ્રસન્ન કરીશ અને પછી મારી ઇચ્છા પૂરી કરવા દબાણ કરીશ. ઇશ્વર પાસે વરદાન જ લઈ જઇશ. વચન માગીશ. મને પૂરી શ્રદ્ધા છે કે ભગવાન ભક્તો કે આધીન હોતે હૈ।

આ અને આવી વિચારધારા સ્વાર્થાંધ ભક્તોની સાંભળીને શું લાગે ? થોડો વિચાર

કરી જુઓ. જે ભગવાન ભક્તોને આધીન હોય તેવા બિચારા ભગવાનની શી દશા થાય ? શું હાલત થાય ? સમ્યગ્જ્ઞાનપૂર્વકની સમ્યગ્ (સાચી) શ્રદ્ધાવાળા પ્રભુનું યથાર્થ સાચું વીતરાગી સ્વરૂપ સમજનારા ક્યારેય આવું બોલે નહીં. ક્યારેય ભગવાનને આવા માને નહીં. એ બરોબર સમજે છે કે... વીતરાગી સર્વજ્ઞ પરમાત્મા સર્વથા ઇચ્છા વગરના જ છે. જ્યારે રાગ-દ્વેષ સર્વથા છૂટી જ ગયા છે. છે જ નહીં, તો પછી ઇચ્છા થવાનો વધવાનો કે ઉદ્ભવવાનો કોઈ સવાલ ઊભો જ નથી થતો. સંસારના સર્વસામાન્ય સમસ્ત જીવો કર્માધીન છે. તેથી રાગ-દ્વેષની તીવ્રતામાંથી તેમજ તેના ઉદયાનુસાર સતત ઇચ્છાઓ જાગતી જ રહેશે. આવા ભારે રાગ-દ્વેષ અને મોહ-મૂર્છાની બધી ઇચ્છાઓ પૂરી કરવાનો કોઇ જ સંબંધ વીતરાગી પરમેશ્વર-પરમાત્મા સાથે બિલકુલ નથી. અરે ! આ રાગ-દ્વેષની તીવ્રતાવાળી ભક્તોની ઇચ્છાઓ તો એટલી ખતરનાક પણ હોય છે કે ઘણા બધા ભક્તો તો ઇશ્વરને એક જ યાચના વારંવાર-હજારોવાર કરતા હોય છે કે હે ભગવાન ! **मम शत्रुनां नाशः क्रियताम्, मम शत्रु नाशो भवतु, मम वैरिणां मृत्युः भवतु, मम वैरिणामुच्याटनं कुरु-कुरु स्वाहा** । આવી બધી ઇચ્છાઓ હજારો-લાખોની સંખ્યામાં ભક્તો રોજ કરતા હોય છે. જાતે જ પૂરી કરાવવા ભગવાન ઉપર ખૂબ જ દબાણ લાવે છે. બસ, રોજેરોજ એક જ યાચના... એક જ વાત... એક જ ઉદ્દેશ્ય-લક્ષ્ય બનાવીને તે માટે જ વ્રત, તપ, મંત્ર, જપ, હોમ-હવન, સંકલ્પ-ધ્યાન-ભક્તિ આદિ કરતા જ રહે છે. અરેરે ! એવા ભક્તોને એટલો પણ ખ્યાલ નથી આવતો કે પંચેન્દ્રિય માનવવધની હિંસાનું પાપ, ઇશ્વર પાસે કરાવે છે. અરેરે ! ઇશ્વરને પણ પાપથી ખરડાવીને અશુદ્ધ કરવા, બગાડવા, ઇશ્વરનું સ્વરૂપ વિકૃત કરવું ? કેટલા હલકા હિંસા-વધનાં પાપો ઇશ્વર પાસે કરાવવાં? અરે ! કેટલા ઘોર ક્રૂર હિંસક મિથ્યાત્વીઓ તો પશુબલિ, નરબલિ પણ ચઢાવે છે, તે પણ ઘણી મોટી સંખ્યામાં. ભલે ને કદાચ માની લઇએ જેવા ભક્તો તેવા તેમના ભગવાન. ભક્તો પણ ભારે રાગ-દ્વેષવાળા છે અને ભગવાન પણ ભારે રાગ-દ્વેષવાળા તેવા જ છે તો શું તેમને માનવહિંસાનું પાપ નથી લાગતું ? કેમ ન લાગે ? પાપ એ પાપ જ છે. જે કરે તેને લાગે. ન શા માટે લાગે ? સામેવાળાનો જીવ જાય છે. તે મરી જાય છે. તો પછી કેમ ન લાગે પાપ ? ચોક્કસ લાગે છે. માટે પ્રથમ કર્મ સિદ્ધાંતના નિયમો અવશ્ય સમજવા જ જોઇએ. ઇશ્વર કરે તે લીલા કહેવાય અને ભક્તો જે કરે તેને પાપ કહેવાય એવું શા માટે ? અરે ! એક બાજુ જુઓ તો સ્પષ્ટ ખ્યાલ આવે છે કે જે ભક્તો **मम शत्रु नाशः कुरु-कुरु स्वाहा** । એવી ઇચ્છા મુજબ યજ્ઞ-યાગ, હોમ-હવન કે મંત્ર-જાપ કરી કરીને ઇશ્વરને તે કરવા દબાણ લાવતા હોય. તેમની સામે બીજો ભક્ત પણ એવી જ રીતે **मम शत्रु नाशो भवतु**ની તીવ્ર ઇચ્છાનુસાર જ યાચના કરતો હોય ત્યારે ઇશ્વર શું કરે ? ઇશ્વર એક જ છે અને બન્ને ભક્તો પરસ્પર શત્રુ છે. એકબીજાના દુશ્મન છે. બન્ને એકબીજાને મારી નાખવા માટે નાશ કરવા

માટેની ઇચ્છાથી જ ભક્તિ-જાપ વગેરે બધું કરી રહ્યા છે. તેવા સમયે એક ઇશ્વર શું કરે ? કયા ભક્તની ઇચ્છા પૂરી કરે ? કોની ઇચ્છા મુજબ કરે ? શું ઇશ્વર બન્ને ભક્તોને મારી નાખે ? હા... આ જ પરિણામ આવવાનું છે. બન્ને પક્ષે તપ-જપ વગેરે ખૂબ જોરદાર છે. બન્ને મને ઇચ્છા પૂરી કરવા દબાણ કરી રહ્યા છે. શું કરવું ? જો એકની એક ઇચ્છા પૂરી કરે તો મરનાર બીજો ભક્ત ઇશ્વર ઉપર ખીજાશે... કે હવે હું તમને જ નહીં માનું. તમારો ભક્ત જ નહીં રહું. શું ભગવાનને ભક્તો ગુમાવવા પાલવશે ? અરે ! આ તો ઔર મોટી ઉપાધિ થઈ. ભગવાનને એમ થાય છે કે હું તો ભક્તો વડે જ તો પૂજાઉં છું. ભક્ત નહીં રહે તો મને ભગવાન તરીકે કોણ પૂજશે ? તેમની મનોકામના પૂરી નહીં કરું તો પછી તે પણ મને ભગવાન કેવી રીતે માનશે ? મને રોજ ભોગ ચઢાવે છે. તેને તો મારે સુખ આપવું જ પડશે અને તેની ઇચ્છા તો પૂરી કરવી જ પડશે. નહીં કરું તો શું થશે ? આવી ઘણી બધી ચિંતા કરીને ઇશ્વર બધા ભક્તોની ઇચ્છા મુજબ કરે છે. પરંતુ વિચાર કરવો જરૂરી છેઃ કે... આવી બધી વિચારણા ઇશ્વર જે કર્મમુક્ત હોય તેના આવા શબ્દો ન હોવા જોઈએ. હા... સ્વર્ગ-દેવગતિના દેવી-દેવતાઓ આ કરી શકે છે. તેમના માટે સંભવ છે ? પરંતુ કર્મરહિત વીતરાગી ઇશ્વર તો આવા રાગ-દ્વેષની પ્રવૃત્તિ ફરીથી કરી જ ન શકે. જો કરશે તો વીતરાગતા તેમનામાં નહીં ઘટી શકે. તે પણ ભારે રાગ-દ્વેષવાળા જ સ્વીકારવા પડશે. રાગ-દ્વેષવાળા સંસારના સર્વસામાન્ય જીવો કહેવાય છે. તે સંસારના રાગ-દ્વેષથી સર્વથા મુક્ત વીતરાગી-વીતદ્વેષી તો હોવા સંભવ જ નથી. જો એક વખત સારી રીતે ઇશ્વર અને સ્વર્ગીય - દેવગતિના દેવ-દેવીઓનો તુલનાત્મક અભ્યાસ કરીને સાચા સ્વરૂપને સમજવાનો અને ન્યાય આપવાનો પ્રયાસ કરીશું તો સ્પષ્ટ રૂપે ભેદરેખાનો ખ્યાલ આવશે. યાદ રાખવા જેવી મહત્ત્વની વાત તો એ છે કે રાગી-દ્વેષી ઇશ્વર-પરમેશ્વર હોઈ શકે તેમ જ નથી અને એવી જ રીતે વીતરાગી સંસારી જીવો હોઈ શકે તેમ જ નથી. વીતરાગી, સર્વજ્ઞ, સર્વદર્શીકર્મરહિત અરિહંત-તીર્થંકર જ પરમેશ્વર-પરમાત્માઓની કસોટીમાં પાર ઉતરશે તે સિવાય બીજા કોઈ પણ આવા પરમોચ્ચ સાથે ન જ સંભવી શકે. જે ઉપરોક્ત વીતરાગતાદિ ગુણરહિત સંસારના રાગી-દ્વેષી આદિ પ્રકારના હોય તેમને પરમેશ્વર પરમાત્મા માનવની મોટી ભૂલ કરવી નહીં. હા. અન્ય દેવી-દેવતા તેમને માની શકાશે. હા... દેવગતિ સંસારની ચાર ગતિની એક ગતિ જ છે. તે સ્વસ્તિકમાં (દેવગતિ) આ રીતે સૂચવાઈ છે. જેમ બીજી ત્રણ ગતિઓના જીવો જેવા રાગ-દ્વેષયુક્ત છે તેવા જ દેવગતિના દેવી-દેવતાઓ છે માટે દેવગતિ પણ સંસારચક્રનું જ એક અંગ છે. એક વિભાગ છે. મનુષ્ય અથવા તિર્યંચગતિમાંથી જ ઘણા જીવો દેવગતિમાં જાય છે. ત્યાં જન્મ લઇને દેવ-દેવી બને છે. અહીંના જ કર્મસંસ્કારો ત્યાં સાથે જાય છે. ત્યાં તેઓ તે રીતે વર્તે-પ્રવર્તે છે. બધા જ કર્મ કરે છે. તેથી ત્યાંથી મરીને તેઓને ફરી પાછા તિર્યંચગતિમાં જઈને પશુ-પક્ષી બનવું પડે છે અને મનુષ્યગતિમાં પણ આવીને જન્મે છે. જેવા તેમના શુભ-અશુભ કર્મો હશે. તેવી તેમની શુભ-અશુભ ગતિ થાય છે. માટે માત્ર

દેવગતિના દેવી-દેવતાઓને જ ઇશ્વર-પરમેશ્વર માની લેવાની મોટી ભૂલ કરવી ન જ જોઇએ. દેવગતિના જીવોને દેવી-દેવતા જરૂર માનવા અને તે પણ રાગી-દ્વેષી સંસારી જ માનવા, પરંતુ ઇશ્વર-પરમેશ્વર માનવા નહીં અને જેને વીતરાગી સર્વજ્ઞ-સર્વદર્શીપરમેશ્વર માનતા હોઈએ તેમને દેવગતિના દેવી-દેવતા માનવાની પણ મોટી ભૂલ કરવી નહીં. એનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. જો વિપરિતપણે માનવામાં આવે તો નિશ્ચિત વિપરિત મતીવાળા મિથ્યાત્વી જ કહેવાશે અને તેવા રાગી-દ્વેષી દેવ-દેવીઓને જ પરમેશ્વર માની લઇને તેમની ભક્તિ કરીને દુઃખ દૂર કરવા અને સુખ પામવા પ્રવૃત્તિ કરવામાં આવે અને તેને જ ધર્માચરણ કે ભક્તિ માની લેવામાં આવે તો મોટી ભૂલ કહેવાશે. આવી ભ્રાંત ધારણા છે. બધા જ દેવી-દેવતાઓ કંઈ આપણાં બધાં દુઃખો દૂર કરી દેવા સમર્થ હોય જ છે, એવું નથી.

શું સંસારના દેવગતિના બધા દેવી-દેવતાઓ મનુષ્યોનાં દુઃખો દૂર કરી દેશે ? દૂર કરી શકે છે ? શું તેમનું સામર્થ્ય તેટલું છે ? અરે ! પ્રથમ એક સત્ય સ્વીકારો કે... પ્રત્યેક જીવોનાં સુખ-દુઃખ તેમનાં શુભ કે અશુભ કર્મોના આધારે હોય છે. કર્મવ્યવસ્થાનો લોપ કરવો ઉચિત નથી અને કોઈના કરવાથી કે બોલવા માત્રથી કંઇ થતું જ નથી. કર્મ સર્વ જીવોના પોતાના છે માટે તે ઉડાવી દેવાના માત્ર શબ્દપ્રયોગોથી કંઇ જ વળવાનું નથી. ઇશ્વર કે દેવી-દેવતાની સુખ-દુઃખ આપવાની જવાબદારી નથી.

કર્માશ્રવ-કર્મબંધ અને કર્મનો ઉદય વગેરે બધી જ પ્રક્રિયા પ્રત્યેક જીવો વડે કરવામાં આવતી મન-વચન-કાયાની ક્રિયા-પ્રવૃત્તિ રૂપે છે. જીવો વડે સ્વયંસંચાલિત છે. આ પ્રક્રિયામાં ઇશ્વર કે દેવ-દેવીઓ કે સૂર્ય-ચંદ્રાદિ ગ્રહો વગેરે કોઈને પણ જવાબદાર ઠેરવી શકાતા નથી. તેમાં ગ્રહો પણ બધા દેવગતિના દેવતાઓ જ છે. માટે દેવ-દેવી શબ્દ વાપરવાથી તે બધા તેમાં અભિપ્રેત છે.

દેવગતિના દેવતાઓ અસંખ્ય છે જ્યારે મનુષ્યોની સંખ્યા સિમિત-મર્યાદિત છે. જો બધા જ દેવી-દેવતાઓ સ્વયંની સંપત્તિમાંથી ધન-ધાન્યાદિ આપવા માડે તો અને નિયમિત આપતા જ જાય તો નિશ્ચિત સમસ્ત પૃથ્વીતલ ઉપર દુઃખ-દારિદ્ર કંઈ રહે જ નહીં. દેવગતિમાં ચાર નિકાયના (૪ જાતિના) દેવતાઓ છે. આવી ૪ જાતિઓમાં ભવનપતિના દેવી-દેવતાઓમાં પરમાધામીનો એક વિભાગ છે. તે ત્રણ નરકોમાં રહે છે. નારકી જીવોને મારે-કૂટે છે. વ્યન્તર જાતિમાં વ્યન્તર, વાણવ્યંતર અને તિર્યગ ઝંભક આવા ત્રણેક વિભાગમાં અગણિત દેવી-દેવતાઓ છે. એમાં ભૂત, પ્રેત, વ્યંતર, ડાકણ, શાકણ વગેરે બધી જાતના છે. વીરની કક્ષાના સારા પણ ઘણા છે. આ પૃથ્વી ઉપર પર્વતો, ગુફાઓ વગેરે સેંકડો ઠેકાણે તેમના નિવાસસ્થાનો હોય છે. આત્મહત્યા, યુદ્ધ, પ્રાકૃતિક પ્રકોપો આદિ અનેક રીતે મોટી સંખ્યામાં મરનારા લોકો વ્યંતરની હલકી કક્ષામાં પણ જાય છે. બધા જ અધિષ્ઠાયક યક્ષ-યક્ષિણી વગેરેની ગણના વ્યંતર જાતિમાં જ છે. મનુષ્ય ગતિનાં નર-

નારીઓ સાથે ઘણો નજદીકનો સંબંધ છે. બદલો લેવો કે સાથ-સહયોગ દેવો, પ્રેમ રાખવો કે દ્વેષ, વૈર-વૈમનસ્ય રાખવો વગેરે સંબંધો તેમની સાથે સંકળાયેલા છે, તે પણ કર્મયુક્ત સંસારી રાગદ્વેષવાળા જ જીવો છે. આપણી જેમ જ તેમનો પણ સંસાર ચાલે છે. તેમનો તેમની રીતે ચાલે છે.




પૃથ્વીતલના કેન્દ્રમાં મેરુ પર્વત છે. તેની ચારેય બાજુ નિત્ય પ્રદક્ષિણા કરતા સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારાઓ એવા પાંચ વિભાગમાં આ જ્યોતિષી દેવતાઓ છે. તેમનાં વિમાનો (પૃથ્વીઓ) નિત્ય ગતિશીલ છે. તેમનો તેજ-પ્રકાશ પૃથ્વીતળ ઉપર સર્વત્ર પડે છે, પરંતુ સંસારના બધા નાના-મોટા જીવોનાં સુખ-દુ:ખના કારકો તે નથી.

તેમની ઉપર ઉર્ધ્વલોકમાં ૧૨ દેવલોક+૯ ગ્રૈવેયક+૫ અનુત્તર એમ મળીને કુલ ૨૬ જાતિના દેવલોકો વૈમાનિકની જાતિના કહેવાય છે. બીજી બધી જાતની દેવજાતીના દેવી-દેવતાઓ કરતાં વૈમાનિક દેવતાઓ ઉત્તરોત્તર કક્ષામાં સારાસારા છે. ઇન્દ્રો ત્યાંના પ્રમુખ-મુખ્ય કહેવાય છે. એક-એકથી એક-એક ઉત્તરોત્તર ચઢતી કક્ષાના દેવતાઓ છે. સુખ, સંપત્તિ, સમૃદ્ધિ વગેરે ઉત્તરોત્તર કક્ષાના ચઢતા ક્રમે હોય છે. તેઓ બહુ જ ઊંચી કક્ષાના છે. તેઓ મનુષ્યના સુખ-દુ:ખ અથવા કોઈ પણ બાબતો સાથે સંકળાયેલા નથી રહેતા.

દેવગતિના દેવી-દેવતાઓ-ઉર્ધ્વ-અધો અને મધ્ય ત્રણેય લોકમાં સર્વત્ર રહે છે. વૈમાનિકો બધા નિશ્ચિત રૂપે ઉર્ધ્વલોકમાં રહે છે. તેમના પ્રાસાદો હોય છે. તે વિમાનો (પૃથ્વી) હોય છે. જ્યોતિષ્ક મંડળના સૂર્ય-ચંદ્રાદિ મધ્યલોકમાં આકાશ ક્ષેત્રમાં ૭૯૦થી ૯૦૦ યોજનની અંતર્ગત પરિભ્રમણ કરતા હોય છે.

વ્યંતર ગતિના દેવો મધ્યલોકમાં અને થોડા અધોલોકમાંપણ હોય છે. જ્યારે ભવનપતિના અસૂર કુમારાદિની કક્ષાના દેવતાઓ મધ્ય તેમ જ અધોલોકમાં રહે છે. બધી જ જાતના બધા દેવતાઓ આ પૃથ્વીતલઉપર નથી રહેતા માટે સ્વર્ગ આ પૃથ્વીતલ ઉપર જ છે એવું અસંબદ્ધ-પ્રલાપ બોલતા રહેવું ઉચિત નથી. સત્ય નથી. ઘણા મિથ્યામતી લોકોની આવી ભાષા બની ગઈ છે કે સ્વર્ગ-નરક કંઈ છે જ નહીં. આ તો બધાં ગપ્પાં મારવામાં આવે

છે, પરંતુ આ સત્ય નથી. નથી બોલનારા પાસે ફક્ત એક જ શબ્દ છે નથી. અને એક જ કારણ છે કે દેખાતા નથી. પરંતુ સત્ય માટે એટલું જ પર્યાપ્ત નથી હોતું.

### દેવતાઓ માનવજાતને સુખમાં શું આપે છે ? કેવી રીતે આપે ?:-

મનુષ્યની દુનિયા જુદી જાતની છે અને દેવગતિના દેવી-દેવતાઓની દુનિયા સાવ જુદી જ જાતની છે. ત્યાં ફક્ત ૨ ઘડી=૪૮ મિનિટના અંતર્મુહૂર્તના ગર્ભકાળ પછી તરત જ જન્મ થાય છે. માતા-પિતાથી જન્મ નથી. ઉપપાત જન્મની રીત છે. જન્મતાની સાથે જ ૧૬ વર્ષના યુવક રાજકુમારના જેવા દેખાય છે. તેમનું શરીર વૈક્રિય શરીર છે. તેથી મનુષ્યના ઔદારિક શરીર કરતાં સાવ જ જુદી જાતનું છે. આપણું શરીર રોટલી, શાક, દાળ-ભાતના આહારવાળું છે, જ્યારે દેવતાઓના શરીરની રચના આવી ન હોવાથી આહારના પુદ્ગલ પરમાણુઓ તેમને લેવા નથી પડતા. તેમનું વૈક્રિય શરીર છે. દેવલોકમાં ક્યાંય વનસ્પતિનાં ઝાડ-પાન નથી. ખેતીવાડી નથી, માટે તેમને રોટલી-શાક વગેરેનું ખાનપાન નથી. જ્યારે મનુષ્યગતિમાં ભોજન-પાણી લીધા વગર એક દિવસ પણ નથી ચાલતું. દેવતાઓ રોજ માણસોને ભોજન-પાણી ક્યાંથી લાવી આપવાના ? હા, વૈક્રિય શક્તિ-લબ્ધિથી રચી શકાશે.

દેવલોકમાં રૂપિયા-પૈસાનું ચલણ જ નથી, માટે તે પણ બધાને લાવી આપવાનું પણ તેમના માટે સંભવ નથી. હા, વૈક્રિય લબ્ધિશક્તિથી રચી શકે. હીરા, મોતી, રત્નાદિની વિપુલ માત્રામાં ત્યાં ઉપલબ્ધિ છે. તે લાવી આપી શકે, પરંતુ માનવગતિમાં સુખોના આધારભૂત નિમિત્તો હજારો જાતનાં છે. શરીરનું નિરોગી હોવું, આહારસુખ, સંતાનસુખ, કામ-ભોગનું સુખ, ધન-સંપત્તિ, સારી સમૃદ્ધિ, પત્ની-પુત્રાદિનું પારિવારિક સુખ, સામાજિક સુખ, સત્તા, પદ, પ્રતિષ્ઠા, યશ, કીર્તિ વગેરે ઘણી જાતનાં સુખો હોય છે. આટલાં બધાં સુખો ભેગાં થાય ત્યારે માનવી સર્વાંગ સુખી કહેવાય છે, પરંતુ ભાગ્યે જ સોમાંથી ૨-૫ ટકા લોકો સર્વ સુખસંપન્ન થઈ શકતા હશે.

### સુખો દેવદત્ત કે દૈવદત્ત ?:-

દેવગતિનાં દેવી-દેવતાઓ સમસ્ત મનુષ્યો ને માનવજાતિને સર્વ પ્રકારનાં સુખો આપવા માટે જવાબદાર નથી. તેમની કોઈ જવાબદારી નથી. તેમનો અધિકાર જ છે એવું નથી. માનવના પોતાના પુણ્યકર્મ ઉપર જ તેના સુખનો આધાર છે. પુણ્યાત્મક શુભ કર્મનો આધાર કરેલા શુભ પુણ્ય કાર્યો પર હોય છે. દયા, દાન, પરોપકાર, જીવોની રક્ષા વગેરે જેમને જેટલા પ્રમાણમાં કર્યાં હોય, ૧૮ પાપો જેટલા પ્રમાણમાં છોડી દીધા હોય, અંતરાયકર્મ જેટલાં ઓછામાં ઓછા પ્રમાણમાં બંધાયેલ હોય. આ ઘણાં બધાં નિમિત્તો છે, જે ભેગા થાય છે તેને પુણ્ય-શુભકર્મ કહેવાય છે. અન્ય ભાષાના બીજા શબ્દોમાં તેને

ભાગ્ય,દૈવ, નસીબ, કિસ્મત વગેરે શબ્દોથી ઓળખાવાય છે. દૈવ શબ્દ સંસ્કૃત ભાષામાં પુણ્ય-ભાગ્યના અર્થમાં પ્રયુક્ત છે. જેમ પુષ્પ-કમળ ખીલે છે, એવી જ રીતે પુણ્યનો ઉદય પણ સારો થાય છે ત્યારે તેના આધારે સુખપ્રાપ્તિ સારી થાય છે. જો પુણ્યોપાર્જન જ પુરતા પ્રમાણમાં નહીં કરવામાં આવ્યું હોય તો સુખો મળવાની કોઈ જ સંભાવના નથી રહેતી. કદાચ પુણ્યોપાર્જન શુભકાર્યો કરીને કર્યું પણ હશે, પરંતુ સામે અંતરાયકર્મ પણ તેટલા જ વધુ પ્રમાણમાં બાંધવામાં આવ્યું હશે તો નિશ્ચિત સમજવાનું કે... સામે દેખાવા છતાં પણ સુખ મળશે નહીં. ભોગવવાની તક નહીં મળે. આ અંગે પુણ્ય અને અંતરાયકર્મની ચતુર્ભંગીની વિચારણા પૂર્વે કરી છે. ફરીવાર ત્યાંથી વાંચીને કર્મ સિદ્ધાંતનાં રહસ્યો સમજવા પ્રયત્ન અવશ્ય કરવો જોઇએ, પરંતુ બધી જ જાતનાં સુખો દેવો તરફથી મળી જ જશે એવી આશાના ભરોસે બેસી રહેવા જેવું નથી.

દેવી-દેવતાઓ કે પછી દેવોના પણ દેવ-દેવાધિદેવ એવા ઇશ્વર-પરમેશ્વર પણ માનવજાતને બધા સર્વ પ્રકારનાં સુખો આપી જ દેશે એવી ભ્રાન્ત આશા ઉપર બેસી રહેવા જેવું નથી. અસત્ય, અવાસ્તવિક, ભ્રાન્ત ધારણા-મિથ્યા છે. એવી મિથ્યા માન્યતાને જ મિથ્યાત્વ કહેવાય છે અને મિથ્યા આચરણા એ વિપરિત આચારવિચારની પ્રવૃત્તિ રૂપ છે. સુખેષણા-સુખેચ્છા ઘણાં પાપો કરાવે છે. મોક્ષમાર્ગે આગળ વધતા જીવને આવી સુખેષણા-પાપો કરાવીને પાછા પાડે છે. આત્માર્થી-મોક્ષાર્થીઆત્માઓને સુખની લાલસા ક્યારેય નથી સતાવતી. કારણકે તે સ્પષ્ટ સમજે છે, જાણે છે કે આ સુખ સાચું સુખ જ નથી. દેહાશ્રિત સુખો તેમ જ પુદ્ગલ પદાર્થાશ્રિત પૌદ્ગલિક સુખ ખરેખર સાચું સુખ જ નથી. કદાચ તે મળે તો પણ તેમાં ઉપભોગ બુદ્ધિ નથી રહેતી. આત્મિક આધ્યાત્મિક સુખો જે માત્ર સુખ જ નથી, પરંતુ આનંદ-પરમાનંદ છે. તેની સામે સંસારનાં બધાં જ પૌદ્ગલિક-ભૌતિક સુખો તો ઉપરથી દુઃખ રૂપ લાગે છે. જે પદાર્થો સ્વયં જ નાશવંત છે તેના ઉપર આશ્રિત સુખો શાશ્વત ક્યાંથી હોય ? શક્ય જ નથી. સમ્યગ્દર્શની જે સાચો શ્રદ્ધાળુ છે તેને આ સત્ય સારી રીતે પ્રગટ છે. સ્પષ્ટ છે. માટે તે હેય છે. હેય ઉપર હોયનો વિવેક જે સારી રીતે જાણે છે, સમજે છે, માટે આત્મજાગૃતિવાળા અધ્યાત્મી આત્માઓને આવા બાહ્ય સુખો લોભાવી શકતા નથી. માટે જ કદાચ દેવતાઓ પ્રત્યક્ષ થઈને બધાં સુખો આપવા પણ તૈયાર થાય તો પણ અધ્યાત્મી મહાત્મા તેનો સાફ નિષેધ કરે છે. ઉપેક્ષા કરે છે. સ્પષ્ટ ના પાડે છે. છતાં કદાચ કોઈ દેવતા પરીક્ષા ખાતર પણ સુખની સાધનસામગ્રી આપીને જાય તો પણ તેને તે ઠુકરાવે છે. એવાં સુખ-સાધનોમાં ઉપભોગ બુદ્ધિ જ નથી રહી. કારણકે અંતરથી આત્મજાગૃતિ, તત્ત્વજાગૃતિ અને ચરમસત્યની જાગૃતિ વગેરે અવસ્થા પૂર્ણપણે પ્રગટ થયેલી હોવાથી અતત્ત્વ-અસત્યાશ્રિત સુખ તે તેમને સાચું લાગતું જ નથી. આવી અવસ્થા પ્રગટાવ્યા પછી જ સુખેષણા-સુખપ્રાપ્તિની લોભ-લાલસા સર્વથા છૂટી જાય છે અને

ખરેખર આવી અવસ્થા પ્રગટ થઈ ગયા પછી જ સાચા અર્થમાં આત્મિક-આધ્યાત્મિક વિકાસની યાત્રા શરૂ થાય છે. ત્યાંથી દિશા અને દશા બધુ બદલાઇ જાય છે. યથાર્થ સત્યની તેમને અનુભૂતિ થઈ ગઈ હોય છે, માટે સંસારમાં જે જીવો સુખની લાલસા ધરાવે છે તેમના પ્રત્યે ખરેખરી દયા ઉવ્યાપક બને છે. માટે જ 'સવી જીવ... કરું શાસન રસી'ના શબ્દોમાં 'સવી' શબ્દનો પ્રયોગ બધાના માટે-બધાના અર્થમાં કર્યો છે. કારણકે એ છે કે ઊંડા ઊતરતાં ખ્યાલ આવે છે કે સંસારના બધા જીવોના દુ:ખનુંકારણ એકસરખું જ છે. ૧૮ પ્રકારનાં પાપો અને તોથી બંધાયેલાં ૮ પ્રકારનાં કર્મો. બસ... એજ સંસારનાં બધા જ જીવો.ના દુ:ખોનું મૂળભૂત કારણ છે. જીવો આ ૧૮ જાતનાં પાપોનું આચરણ વારંવાર કરતા જ રહે છે અને તેનાથી વારંવાર આઠેય જાતનાં કર્મો બંધાતાં જ રહે છે અને કાળાન્તરે અથવા ભવાન્તરે તે કર્મોના ુદયે દુ:ખો આવતાં જ રહે છે, જ્યારે આચરવામાં આવતાં અઢારે પ્રકારનાં પાપો એકસરખાં જ છે. પાપોની આ અઢાર જાતો છે. તે શાશ્વતી છે. માત્ર દરેકની કરવાની-આચરવાની રીત જુદી જુદી છે. દા.ત. જૂઠ, ચોરી. આ બન્ને પાપની જાતો શાશ્વત છે, પરંતુ જૂઠ લાખો રીતે બોલાય છે અને ચોરી પણ લાખો રીતે થતી જ હોય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ બધાના જુદાજુદા છે. નામ-સ્થાપના પણ જુદાજુદાં હોય છે. સમય-સંજોગ-પરિસ્થિતિઓ બધાની જુદીજુદી હોવાના કારણે બધાં જૂઠ-ચોરી વગેરે પણ જુદાજુદા જ હોય છે, પરંતુ રાગ-દ્વેષાદિના હેતુઓ સિમિત-મર્યાદિત જ હોય છે. રેથી બધાતા આઠેય કર્મોનું સ્વરૂપ પણ લગભગ સરખું જ હોય છે. આ આઠ કર્મોની પણ પગમુખ આઠ જાતિઓ છે. તેની ૧૫૮ પ્રકૃતિઓ હોય છે. એમાંથી ૧૨૦નો જ ઉપયોગ બંધમાં થાય છે. બંધાતી કર્મ પ્રકૃતિઓ વડે પણ નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ વગેરે જુદાજુદા હોય છે. એવી જ રીતે બધાની તીવ્રતા-મંદતા જુદીજુદી હોય છે. તેના ઉપર આધારીત કાળસ્થિતિ પણ બધાની જુદીજુદી હોય છે. રસબંધના આધારે ઉદયકાળે તે તે કર્મજન્ય વેદના, પીડા, દુ:ખાદિ પણ ઓછા-વધારે પ્રમાણમાં હોય છે અને સ્થિતિબંધના આધારે ઉદયનો કાળ પણ ઓછો-વધારે હોય છે. તેના આધારે તેટલો કાળ તે જીવોને દુ:ખ, વેદના, પીડા તકલીફો વગેરે ભોગવવું પડે છે.

પાપ અને કર્મનો બંધ અને ઉદયનું ઘણું લાંબુ ગણિત કોણ સમજશે ? દ્રવ્યદયા કે દ્રવ્યદાન કરનાર આટલો ઊંડે જાય તેમ નથી. તેને સ્વયંને તેટલું જ્ઞાન કે સમજણ જ ન હોવાના કારણે તે કંઈ આટલા ઊંડે સુધી ઊતરી શકે તેમ નથી. જ્યારે ભાવદયા ચિંતવનાર પાપ અને કર્મોનું રહસ્ય ભરેલી ગૂંચવણવાળું ગણિત સારી રીતે સમજે છે. ભાવદયા શબ્દમાં 'ભાવ' શબ્દ જે વપરાયો છે તે જ સૂચવે છે કે તે આ પાપ અને કર્મનાં ગણિત સુધી ઊંડે ઊતરેલાં દેખાય છે. સંસારના સમસ્ત જીવો તે ભાવદયા ચિંતવનારનું વિસ્તૃત ક્ષેત્ર છે. આ વિશાળ ક્ષેત્રમાં સંસારના નાના-મોટા મનુષ્યો, પશુ, પક્ષીઓ, દેવતાઓ કે નારકી જીવો, અરે ! કીડાલ મંકોડા વગેરે બધાનો સમાવેશ થઈ જાય છે. ભલે

એમાં કોઈ દુઃખી હોય કે ન પણ હોય, કોઈ સુખી પણ હોય તેમ છતાં પણ ભાવદયા બધાને આવરી લે છે.

**દ્રવ્યદયાની ટૂંકી દૃષ્ટિ :-**

દ્રવ્યદયામાં ધન કે અન્નાદિનું જે કંઈ દાન આપવાનું હોય તે આપીને છૂટી જવાનું હોય છે. એમાં લાંબુ વિચારવાની જરૂર પણ નથી પડતી. સામેવાળો સુખી થઈ ગયો કે નહીં ? તે ફરી દુઃખી તો નહીં થાય ને ? એનું દ્રારિદ્રય કાયમ માટે મટી જશે કે નહીં ? અરે ! મારા ૧૦-૨૦ રૂપિયા માત્રથી અથવા અનાજ-કપડાં વગેરેથી કાયમ માટે સામેવાળાનું દુઃખ દારિદ્રય કેવી રીતે મટશે ? જવા દો ને... મટે કે ન મટે ? હું બધી ચિંતા ક્યાં કરૂં ? ૧૦-૨૦ રૂપિયા આપીને હું તો છૂટ્યો. બસ, હવે એનું એ જાણે ? હું બધી ચિંતા મારા માથે લઈને ક્યાં ફરૂં ? ધર્મશાસ્ત્રોમાં લખેલું વાંચ્યું છે કે દયા-દાન કરનારો ભવિષ્યમાં સુખી થાય છે, ગુરૂઓનાં પ્રવચનોમાં સાંભળ્યું છે, દાનથી પુણ્ય બંધાય છે અને તે પુણ્યના ઉદયથી કાળાન્તરે-ભવાન્તરે આપણે સુખી થઈએ છીએ. સુખસંપત્તિ-સમૃદ્ધિ સારા પ્રમાણમાં મળે છે. આ વાત ઉપરથી તો એવું લાગે છે કે દુઃખીયારાના દુઃખને જોઇને જાગેલી દયાથી મેં દાન આપ્યું છે કે પછી ભવિષ્યમાં મને સુખ-શાંતિ, સમૃદ્ધિ સારા વિપુલ પ્રમાણમાં મળશે તે લોભથી આકર્ષાઇને દાન આપ્યું છે? ઊંડે-ઊંડે અંતર-મનમાં આ લોભ-લાલસા તો ધરબાયેલી જ હોય છે. બાહ્ય વ્યવહારમાં કહેવાશે કે મેં સામેવાળાના દુઃખને જોઇને જાગેલી દયાથી પ્રેરાઈને દાન આપ્યું છે, પરંતુ અંદરખાને આંતરમનમાં ધરબાયેલી વૃત્તિ દાનમાં આપેલું દાન સાતગણા ચક્રવર્તિ વ્યાજ સાથે આવતા ભવમાં પાછું મળે છે. એ શબ્દોથી લોભાઈને લલચાઈને મેં દાન આપ્યું છે કે કેમ ?

દ્રવ્યદાન આપવામાં મારો ખરેખર આપવાનો દાનભાવ હતો કે નહીં ? અથવા શું કંટાળીને આપ્યો છે ? આ માગનારો મારી પાછળ પડ્યો છે, મને છોડતો જ નથી ? તેથી છૂટવા ખાતર દાન આપ્યું છે? કે પછી સામાજિક યશ-પ્રતિષ્ઠા-નામના સારી વધશે? એવા પ્રલોભનથી મેં દાન આપ્યું છે કે કેમ ? બીજા લોકો-મિત્રો વગેરે સામે અથવા સાથે છે અને એ બધા જુએ છે. તેમના ઉપર વટ પાડવા, છાપ ઉપસાવવાના વિચારથી શું મેં દાન આપ્યું છે ? શું પરિસ્થિતિ જ એવી હતી કે મારે આપ્યા વગર ચાલે તેમ જ નહોતું માટે આપ્યું છે ? અથવા માગનારો મારો નજદીકનો અથવા દૂરનો સગો-સંબંધી થાય છે. માટે ચાલોને આપી દઈએ. ન આપવા માટે મેં ઘણાં બહાનાં કાઢ્યાં, પરંતુ સામેવાળાના પ્રશ્નોના ઉત્તરો આપીને ખુલાસો કરવામાં હું વધુ નબળો પડ્યો માટે હવે ન છૂટકે આપી જ દઉં, માટે આપ્યું છે ? શું ફરજ બજાવવા ખાતર આપ્યું છે ? કે પછી બાપ-દાદાની પ્રસિદ્ધિ જ દાનવીર ઘર તરીકેની છે માટે મેં પણ હવે બાપ-દાદાની ઇજ્જત રાખવા ખાતર આપ્યું છે ? કે પછી કોઈના કહેવાથી, પ્રેરણાથી, દબાણથી આપ્યું છે ? કે પછી સામેવાળો કહે છે કે આ

વખતે આપી દો હું તમને આવતા વર્ષે પાછા આપી દઈશ. મારી વર્તમાન પરિસ્થિતિ એવી છે, પરંતુ મારા અટવાઈ ગયેલાં બીજાં કેટલાંક કામો એવાં છે કે જે ૪-૬ મહિનામાં થઇ જશે પછી હું તમારી રકમ પાછી આપી દઈશ. માટે ચિંતા ન કરો. આપો. માટે વિશ્વાસમાં આવીને આપ્યા છે કે પછી ધંધા-વ્યાપારના જ એક ભાગ રૂપે આપ્યા છે ? મારા ૧૦ લાખ એમાં રોકાયેલા છે, પણ અત્યારે આ કશામાં ફસાઈ ગયો છે અને નુકસાન થયું છે, અથવા આ ક્યાંક કોઈમાં અટવાઈ ગયો છે, એને છોડાવવા, ફરીથી ઊભો કરવા માટે આ વખતે હું અને મારા જેવા ૪-૫ જણાને કહીને એક લાખ જેવું કરી આપીએ પછી જોઇશું. જેથી આ ફરીથી ઊભો થઇ જશે તો આપણા ૧૦ લાખ પણ પાછા આવી જશે. માટે આપ્યા છે ? તો શું આને દાન કહેવું ? ના, આવા એક નહીં પણ સેંકડો-નિમિત્તો છે. જેના આધારે લોકો આપતા તો હોય છે. જો કે દરેક વખતે તેને દાન જ કહેવું એવું ઉચિત નથી., છતાં અપાય છે. આપવાનો વ્યવહાર ચાલે છે. દ્રવ્યદાન છે. દ્રવ્યદયા છે, પરંતુ બધુ જ જેમ દાન નથી કહેવાતું તેમ બધી વખતે દયા છે જ એવું પણ નથી. દ્રવ્યદયા કે દ્રવ્યદાનનું સ્વરૂપ સમજી લીધા પછી ભાવદયા સમજીએ.

## દીર્ઘદષ્ટિવાળી ભાવદયાનું સ્વરૂપઃ-

જેની ઘણી ઊંડી-ઘણી લાંબા ભવિષ્યની દીર્ઘદષ્ટિ હોય તે જ ભાવદયા લાવી શકે છે. દ્રવ્યદયાથી પ્રેરાઈને દ્રવ્યદાન કરવાના બન્ને કાર્યો અલ્પકાલિક છે. જ્યારે ભાવદયા ઘણી જ લાંબા કાળની છે. એનાં મૂળિયાં ઘણાં ઊંડાં ઊતરેલાં છે. દ્રવ્યદયાની મર્યાદા છે, કારણકે દ્રવ્યદયાથી પ્રેરાઈને દ્રવ્યદાન-૨-૪ જણાને આપવાનું હોય છે, જ્યારે ભાવદયા ખૂબ વ્યાપક બને છે. માટે જ 'સવી જીવ... કરું શાસન રસી'ના શબ્દોમાં 'સવી' શબ્દનો પ્રયોગ બધાના માટે-બધાના અર્થમાં કર્યો છે. કારણકે એ છે કે ઊંડા ઊતરતાં ખ્યાલ આવે છે કે સંસારના બધા જીવોના દુઃખનુંકારણ એકસરખું જ છે. ૧૮ પ્રકારનાં પાપો અને તોથી બંધાયેલાં ૮ પ્રકારનાં કર્મો. બસ... એ જ સંસારનાં બધા જ જીવોના દુઃખોનું મૂળભૂત કારણ છે. જીવો આ ૧૮ જાતનાં પાપોનું આચરણ વારંવાર કરતા જ રહે છે અને તેનાથી વારંવાર આઠેય જાતનાં કર્મો બંધાતાં જ રહે છે અને કાળાન્તરે અથવા ભવાન્તરે તે કર્મોના ઉદયે દુઃખો આવતાં જ રહે છે, જ્યારે આચરવામાં આવતાં અઢારે પ્રકારનાં પાપો એકસરખાં જ છે. પાપોની આ અઢાર જાતો છે. તે શાશ્વતી છે. માત્ર દરેકની કરવાની-આચરવાની રીત જુદી જુદી છે. દા.ત. જૂઠ, ચોરી. આ બન્ને પાપની જાતો શાશ્વત છે, પરંતુ જૂઠ લાખો રીતે બોલાય છે અને ચોરી પણ લાખો રીતે થતી જ હોય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ બધાના જુદાજુદા છે. નામ-સ્થાપના પણ જુદાજુદાં હોય છે. સમય-સંજોગ-પરિસ્થિતિઓ બધાની જુદીજુદી હોવાના કારણે બધાંના જૂઠ-ચોરી વગેરે પણ જુદાજુદા જ હોય છે, પરંતુ રાગ-દ્વેષાદિના હેતુઓ સિમિત-મર્યાદિત જ હોય છે. તેથી બંધાતા આઠેય કર્મોનું સ્વરૂપ પણ લગભગ સરખું જ હોય છે. આ આઠ કર્મોની પણ પ્રમુખ

આઠ જાતિઓ છે. તેની ૧૫૮ પ્રકૃતિઓ હોય છે. એમાંથી ૧૨૦નો જ ઉપયોગ બંધમાં થાય છે. બંધાતી કર્મ પ્રકૃતિઓ વડે પણ નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ વગેરે જુદાજુદા હોય છે. એવી જ રીતે બધાની તીવ્રતા-મંદતા જુદીજુદી હોય છે. તેના ઉપર આધારીત કાળસ્થિતિ પણ બધાની જુદીજુદી હોય છે. રસબંધના આધારે ઉદયકાળે તે તે કર્મજન્ય વેદના, પીડા, દુ:ખાદિ પણ ઓછા-વત્તા પ્રમાણમાં હોય છે અને સ્થિતિબંધના આધારે ઉદયનો કાળ પણ ઓછો-વધારે હોય છે. તેના આધારે તેટલો કાળ તે જીવોને દુ:ખ, વેદના, પીડા તકલીફો વગેરે ભોગવવું પડે છે.

પાપ અને કર્મનો બંધ અને ઉદયનું ઘણું લાંબુ ગણિત કોણ સમજશે ? દ્રવ્યદયા કે દ્રવ્યદાન કરનાર આટલો ઊંડે જાય તેમ નથી. તેને સ્વયંને તેટલું જ્ઞાન કે સમજણ કૈં જ ન હોવાના કારણે તે કંઈ આટલા ઊંડે સુધી ઊતરી શકે તેમ નથી. જ્યારે ભાવદયા ચિંતવનાર પાપ અને કર્મોનું રહસ્ય ભરેલી ગૂંચવણવાળું ગણિત સારી રીતે સમજે છે. ભાવદયા શબ્દમાં 'ભાવ' શબ્દ જે વપરાયો છે તે જ સૂચવે છે કે તે આ પાપ અને કર્મનાં ગણિત સુધી ઊંડે ઊતરેલાં દેખાય છે. સંસારના સમસ્ત જીવો તે ભાવદયા ચિંતવનારનું વિસ્તૃત ક્ષેત્ર છે. આ વિશાળ ક્ષેત્રમાં સંસારના નાના-મોટા મનુષ્યો, પશુ, પક્ષીઓ, દેવતાઓ કે નારકી જીવો, અરે ! કીડાલ મંકોડા વગેરે બધાનો સમાવેશ થઈ જાય છે. ભલે એમાં કોઈ દુ:ખી હોય કે ન પણ હોય, કોઈ સુખી પણ હોય તેમ છતાં પણ ભાવદયા બધાને આવરી લે છે.

### ભાવદયાની અગત્યતા:-

ભાવદયાનો કાળ ત્રણેય કાળનો વિસ્તૃત છે., કારણકે તેમાં માત્ર વર્તમાનકાલીન દુ:ખ જ કારણીભૂત નથી, પરંતુ તેથી પણ વિપરીત કદાચ વર્તમાનકાળમાં કોઈ સુખી હોવા છતાં પણ તેની સત્તામાં તેવાં કર્મો પડેલાં જ હોય છે, જેનો ઉદય કાળાન્તરે થવાનો જ હોય છે. તેથી તેનો પણ વિચાર-ચિંતિત કરીને ભાવદયા સાધનારો તેની પણ ચિંતા કરે છે. દા.ત. વર્તમાનકાળે એક ભાઈ ગુટખા બનાવવાના ધંધામાં રોજના ૫ કરોડ કમાય છે. તેના ઘરે બે-પાંચ કરોડની ૨-૪ ગાડીઓ ફરતી હોય છે. વર્તમાનકાળે સુખની અમન-ચમન કરતા દેવતાઓ કરતાં પણ વધારે લાગતી હશે ? પરંતુ ગુટખા ખાઈને દર વર્ષે લાખો મનુષ્યો જે મરી રહ્યા છે. તેથી ભારે કર્મ બંધાવાના કારણે મહાહિંસા-મહા પરિગ્રહાદિ ના કારણે જે નરકગતિમાં લઈ જ જનાર છે. તેથી ભાવદયાનો સાધક એવી શ્રીમંતાઈથી અંજાઈ ન જતાં ઉપરથી તેમની ખાસ ભાવદયા ચિંતવે છે કે અરે ! આનું બિચારાનું શું થશે ? આ સુખ પણ કાયમનું શાશ્વત નથી અને આયુષ્ય પણ કાયમનું નથી. બસ ૮૦-૧૦૦ વર્ષોનું આયુષ્ય સમાપ્ત થતાં જીવને મરીને નરકગતિમાં જવાનું થશે. ત્યાં અબજો-ખરબો વર્ષો સુધી નરકગતિની તીવ્ર વેદના-પીડા ભોગવશે ત્યારે શું થશે ? અરે ! આ દેખાતા સુખ

કે સુખનાં સાધનોમાંથી અંશમાત્ર પણ સાથે નથી આવતું. ઉપરથી હું જેને અને જેનામાં સુખ માનતો હતો વાસ્તવમાં તે સુખ જ નથી. તેમાં સુખ જ નથી. ઉપરથી બધું દુઃખાત્મક છે. આવા જીવોની પણ દયા જાગે છે. કદાચ ઘણાને આશ્ચર્ય થશે કે અરે ! સુધી લોકોનાય ઘણા સારા વિપુલ સુખને જોઇને પણ કોઈને તેની દયા આવે છે ? અરે ! આ તો ખોટું છે. હા... હકીકત છે. પરંતુ શું થાય ? માત્ર દ્રવ્યદયા જાગવાનું મુખ્ય કારણ દ્રવ્યદુઃખ. દુઃખ સાધન-સામગ્રીઓના અભાવના કારણે છે. જ્યારે દ્રવ્ય સુખનો આધાર દ્રવ્યરૂપ સાધનસામગ્રીઓ-વસ્તુઓના કારણે છે. કર્મશાસ્ત્ર જણાવે છે કે પારકાનું સુખ જોઇને બીજાઓને ઇર્ષ્યા જાગે છે. જ્યારે બીજાનું દુઃખ જોઇને દયા આવે છે. આ તો સંસારનો નિયમ છે. સંસારચક્ર કર્મચક્રના આધારે ચાલે છે. એમાં સર્વથા વિપરીત થવું કેવી રીતે સંભવે ? અર્થાત્ કોઈનું દુઃખ જોઇને ઇર્ષ્યા જાગે અને કોઈનું સુખ જોઇને કોઈને દયા આવે. શું આ સંભવ છે ? હા... સંભવ છે, પણ અરબો-ખરબોમાં માંડ કોઈ એક વિરલા જીવમાં જ આ સંભવી શકે છે. બીજાનું દુઃખ જોઇને ઇર્ષ્યા તો નહીં પણ એવી દયાળુ વૃત્તિ જાગે છે કે અરે ! આ બિચારો એકલો એટલું બધું દુઃખ ભોગવી રહ્યો છે. એની ક્ષમતા બહારનું ભોગવી રહ્યો છે. લાવને એનું દુઃખ હું લઈ લઉં અને હું હસતા મોઢે ભોગવી લઉં. આને આત્મજ્ઞાન કે અધ્યાત્મજ્ઞાનની ક્ષમતા પગટ નથી થઈ. કર્મશાસ્ત્રનાં રહસ્યો હું સમજી શક્યો છું. દેહ અને આત્માનું ભેદજ્ઞાન મને થયું છે, પણ આને નથી થયું. માટે લાવને હું ભોગવી લઉં. હું દુઃખ ભોગવવા છતાં આર્તધ્યાન નહીં કરું ? હસતા મોઢે સહી લઇશ. દુઃખો ભોગવા છતાં નવાં કર્મો નહીં બાંધું. જ્યારે આ બધા જીવોમાં એ સંભાવના નથી લાગતી. તેઓ હસતા મોઢે દુઃખો ખમી નહીં શકે. દુઃખો સહન નહીં કરી શકે અને દુઃખો ભોગવવા છતાં કર્મોની નિર્જરા નહીં કરી શકે. આ માટે જે પ્રકારનું આત્મજ્ઞાન, આત્મધ્યાન કર્મશાસ્ત્રનું જ્ઞાન પગટ જોઈએ છે એ બધાને નથી મળતું. જોકે એ બધું પુણ્યોદયથી નથી જાગતું. પ્રબળ પુરુષાર્થથી કર્મક્ષય કરીને જ્ઞાનદશા જાગૃત કરવી પડે છે. ઇતિહાસના પાને જે સુવર્ણાક્ષરે નામો લખાઈ ગયાં છે તેવા ગજસુકુમાળમુનિ ખંધકમુનિ વગેરે જેવા અનેક મહાપુરુષો આંગળીના વેઢે ગણાય તેટલા વિરલા છે. બોલવું જેટલું સહેલું છે, તેટલું પ્રત્યક્ષ અનુભૂતિના અવસરે તેટલી ક્ષમતા રાખવી અને પરિણામ લાવવું ઘણું અઘરું છે, પરંતુ માથા ઉપર સળગતા અંગારા રાખીને પણ આત્મધ્યાનમાં લીન થઈને કર્મક્ષય કરવો અને શરીર ઉપરથી ચામડી ઊતારતી વખતે પણ આત્મધ્યાનમાં તલ્લીન રહીને સતત અખંડપણે નિર્જરા સાધવી તે ઘણી જ અશક્ય-અસંભવ વાત લાગે છે. ઘાણીમાં પીલાતા-પીલાતા જ્યારે તલમાંથી તેલની જેમ શરીરમાંથી લોહી નીકળતું હોય એવી અવસ્થામાં વેદના-પીડાથી ઉપર ઉઠીને આત્મધ્યાનની તલ્લીનતા રાખીને ક્ષપકશ્રેણી માંડતાં કેવળજ્ઞાન પામવું એ કેટલી મોટી સંખ્યામાં મહાત્માઓએ સંભવ કરી બતાડ્યું. શું આપણા માટે એ સંભવ છે ? અરે ! એક મચ્છરનો તીવ્ર ડંખ પણ સહન ન કરી શકનારા આપણે એ મહાત્માઓની તીવ્રતમ વેદનાનો વિચાર કરીએ તો પણ આપણા

શરીરમાં કંપારી છૂટી જાય છે. આવી શ્રેષ્ઠ કક્ષા આપણી ક્યારે કયા ભવમાં આવશે ? એની કલ્પના પણ સંભવ નથી લાગતી.

સ્વાર્થવૃત્તિના આ સંસારમાં મોટા ભાગના બધા જ જીવો જ્યાં મારું પોતાનું સુખ તો હું જ ભોગવું પણ સાથે સાથે પારકાનું સુખ પણ હું જ ભોગવું.

આવી વૃત્તિ-પ્રવૃત્તિ સર્વત્ર દેખાય છે, પણ દુઃખની વાત આવે ત્યારે આ વૃત્તિ સાવ બદલાઇ જાય છે. અરે ! પારકાનું દુઃખ હું શા માટે ભોગવું ? મારું પોતાનું દુઃખ પણ મકરાથી નથી ભોગવાતું રે પછી પારકાના દુઃખને હું ભોગવું એવી કલ્પના પણ કરવાની ઘણાની તૈયારી નથી. આવી વૃત્તિ-પ્રવૃત્તિવાળા જીવોની ટકાવારી સંસારમાં કેટલી મોટી હશે? એની ગણતરી પણ કેવી રીતે કરવી ? એનો અંદાજ કેવી રીતે કાઢવો ? કોઈ કાળમાં આ ટકાવારીના આંકડા ઘણા ઓછા પણ આવે અને કપરા કળિયુગ જેવા કાળમાં કદાચ આવા આંકડા શતપ્રતિશત પણ આવી જાય તો નવાઈ નથી.

અબજો-ખરબોમાં એકાદ એવી વિરલ કક્ષાનો કોઈ જીવ મળી પણ આવે જેઆ સ્વાર્થવૃત્તિથી સર્વથા વિપરિત પરમાર્થવૃત્તિનો હોય પણ ખરો. અર્થાત્ મારું સુખ પણ બીજાને આપીને બીજાને સુખી કરું અને બીજાનું દુઃખ પણ માથે લઈને હું દુઃખી થઉં. બીજાને સુખી થતા જોઇને હું રાજી થઇશ. હું વધારે સુખી થઇશ. પરંતુ એનાથી પણ વધારે બીજાનું દુઃખ મારા માથે લઈને હું દુઃખ ભોગવવા છતાં જેટલો દુઃખી નહીં થાઉં એના કરતાં વધારે બીજાનું દુઃખ ઘટતું જોઇને મને વધારે આનંદ થશે ? શું આવી વ્યક્તિ પણ આખી દુનિયાના અબજો માણસોમાં હશે ખરી ? હા. કાળના આટલા લાંબા ઇતિહાસમાં વિરલા ગણ્યાગાંઠ્યા પણ એવા જીવો હોય છે. થયા છે. એમને પોતાના જીવનકાળમાં પોતાના સુખને પ્રાધાન્યતા ક્યારેય નથી આપી. જ્યારે પોતાની પાસે રાજ સંપત્તિ-સમૃદ્ધિ વિપુલ હોવા છતાં પોતે તે સુખને ભોગવીને જેટલો રાજી નથી થતો એના કરતાં વધારે જગતના બીજા ઘણા જીવોને વધારે દુઃખી થતા જોઇને પોતે વધારે દુઃખી થાય છે. દુઃખ અવશ્ય કર્મોદયના કારણે આવ્યો છે અને સુખ પૂર્વે કરેલા શુભ પુણ્યના ઉદયે આવ્યો છે. કર્મશાસ્ત્રના સાચા સિદ્ધાંતો સમજીને સારી રીતે રહસ્યો સમજનાર અને સામે જ્ઞાન આધ્યાત્મિક કક્ષાનું આત્મજ્ઞાન જેઓ પાણી ચૂક્યા છે. માટે તેમને આત્મિક આનંદ પ્રાપ્ત થાય છે. આવા આત્મિક જ્ઞાનાનંદની સામે સંસારના ભૌતિક-પૌદ્ગલિક સુખ સાવ ઝાંખા લાગે છે. સાચા જ્ઞાનના આધારે અંતિમ કક્ષાનું સત્ય પણ તેમને સારી રીતે સમજાઈ જાય છે. અરે ! આ પુદ્ગલજન્ય પૌદ્ગલિક સુખો અને સાધન-સામગ્રીઓના ભોગવટાથી મળતું સુખ એ સાચા અર્થમાં સુખ જ નથી. પૌદ્ગલિક પદાર્થો પોતે જ જ્યારે નાશવંત છે. ક્ષણિક કાળસ્થિતિના છે, તો પછી એના ઉપર આધાર રાખનાર સુખ વળી ક્યાંથી કાયમી હોય !અરે સુખ પણ ક્ષણિક જ હોય છે. થોડીવાર માટે જીવનમાં આવીને ચાલી ગયેલું સુખ તો ઉપરથી વધારે દુઃખી કરે છે. દા.ત. લગ્ન થયાં જ

નથી એવો માણસ એની આખી જિંદગીમાં વધારે દુઃખી થશે કે પછી લગ્ન પછી ૬-૧૨ મહિનામાં જ પત્નીનું (અથવા પતિનું) મૃત્યુ થઈ જાય અને ભવિષ્યમાં બીજીવાર ફરી લગ્ન જ ન થાય તેવા લોકો વધારે દુઃખી થશે કે કેમ? એ બન્ને અવસ્થાનો તુલનાત્મક અભ્યાસ કરતાં સત્ય સામે આવી જશે. એવી જ રીતે દૂધપાક કે બાસુંદી ક્યારેક ખાવા જ ન મળી હોય એવો માણસ વધારે દુઃખી રહેશે કે પછી દુધપાક ખાધા પછી ખોરાકી ઝેરની અસર નીચે મહિનો-દિવસ હોસ્પિટલમાં સારવાર મેળવીને માંડમાંડ બચનારો વધારે દુઃખી થશે ? આવી રીતે સંસારના સર્વ પ્રકારના ભૌતિક-પૌદ્ગલિક સુખો-દુઃખો પાછળ સદ્ભાવ-અભાવનો તુલનાત્મક અભ્યાસ કરીને સત્ય શોધવાનો અભ્યાસ કરવા જેવો છે. મોટી બહેને લગ્ન જ ન કરતાં શાન્તિથી જીવન વીતાવ્યું અને સામે બીજી નાની બહેને લગ્ન કરીને ચાર સંતાનોની માતા બનીને, પુત્રોને પરણાવીને સાસુ બનીને કાળાન્તરે વિધવા બનીને વૃદ્ધાવસ્થામાં એકલી ૬૦મા વર્ષે પાછલું જીવન વિતાવતાં બન્ને બહેનો મળે છે ત્યારે પરસ્પરના સુખ-દુઃખોનો વિચાર કરે છે ત્યારે પરણીને સંસાર માંડનાર વિધવા સ્ત્રી પોતાને હજારગણી વધારે દુઃખી માને છે અને મોટી બહેનને વધારે સુખી માને છે. છેવટે મોટી બહેનની સાથે રહેવા જાય છે. આ સંસાર આવો છે. એની વાસ્તવિકતા સમજવાવાળા કેટલા ? પોતાના પરિવારમાં, સગાસંબંધીઓમાં એક નહીં અનેકોને વધુ દુઃખી થતાં જોવા છતાં પણ પરણવાવાળાઓની લાઇન લાગે છે. હજારોને પરણ્યા પછી છૂટાછેડા-તલાક લેવાની લાઇનમાં ઊભેલા જોવા છતાં પણ બીજી બાજુ પરણવાવાળાઓની લાઇન ઓછી કે નાની થતી નથી.

આ અને આવા સંસારની વાસ્તવિકતા સમજી લઈને કર્મજન્ય સ્થિતિ-પરિસ્થિતિનો તાગ પામીને કોઈ વિરલો આત્મા ભાવદયાના ભાવો જગાડીને જગતને સાચા અર્થમાં સુખી કરવાની દિશામાં પ્રયાણ કરે છે.

પાપ અને કર્મોના વિપાકો તેમ જ પાપ અને દુઃખની વચ્ચેનો કાર્ય-કારણભાવ સારી રીતે સમજીને વિચારે છે કે ખરી રીતે જો કોઈને સુખી કરવાં હોય તો સમજાવી-શીખવાડીને પાપ કરતાં અટકાવવા જોઇએ. બસ, એ જ સાચો માર્ગ છે.

## સત્યનો જ્ઞાતા જ ભાવદયા લાવી શકે છે

પુણ્ય-પાપજન્ય કર્મશાસ્ત્રના સાચા સિદ્ધાંતોનો અને પુણ્ય પાપ સાથે સુખદુઃખનો કાર્ય-કારણભાવ સંબંધ સારી રીતે જાણનાર વ્યક્તિ જ સારી રીતે ભાવદયા ભાવી શકે છે. દ્રવ્યદયાવાળા માટે તો લાંબા-ઉંડા કર્મશાસ્ત્રના જ્ઞાનની જરૂર નથીપડતી. તે લાંબુ વિચારતો નથી, પરંતુ ભાવદયા ભાવનારા માટે સંસારના સમસ્ત જીવો કર્મથી કેવી રીતે બંધાયેલા છે ? અને કર્માધીનાવસ્થામાં કેવી રીતે દુઃખી થાય છે ? કર્મો કેવી રીતે બંધાય છે ? કેવી રીતે સત્તામાં પડ્યા રહે છે ? કેવી રીતે ક્યારે ઉદયમાં આવે છે ? ક્યાં સુધી કર્મો ઉદયમાં રહેશે ? કોને કર્મો કઈ ગતિમાં કયા જન્મમાં-કઈ યોનિમાં લઈ જશે ? અને ત્યાં કેવો

જન્મ આપશે ? કેવા શરીરની રચના કરશે ? કર્મોનો ઉદય થતાં જીવો સુખી-દુઃખી કેવી રીતે થાય છે ? અંતે આ જ કર્મો કેવી રીતે ક્ષય પામે છે ? અને જીવાત્મા કર્મોના બંધનમાંથી કેવી રીતે છુટકારો (મુક્તિ) મેળવે છે ?

સંસારમાં અનંતાનંત જીવો છે. ૮૪ લાખ જીવયોનિઓની સંખ્યા પણ શાશ્વત છે. જીવોને શરીર બનાવવા અને જન્મ લેવા માટે યોનિની અનિવાર્યતા છે. એ વિના શરીર નિર્મિતી-જન્મધારણ સંભવ જ નથી. આવી રીતે આખો સંસાર-અનંતા જીવો કર્માધીન છે. કર્મગ્રસ્ત છે. આ આખો સંસાર કર્માનુસાર જ ચાલે છે. કર્યા કર્મ પ્રમાણે જ સંસારની વ્યવસ્થા ચાલે છે. સમષ્ટીગત સંપૂર્ણ વ્યવસ્થા સર્વ જીવોના કર્મો પ્રમાણે ચાલે છે, માટે સંચાલન, આયોજન, પાલન, વ્યવસ્થાપન વગેરે બધી જ વ્યવસ્થા બધાના કર્માનુસાર ચાલે છે. આટલું સહજ સરળ સત્ય સમજી લેવાથી બધા જ માર્ગો સહેલા થઇ જાય છે.

પરંતુ સોમાંથી ૯૦ ટકા લોકો આ સત્યથી સર્વથા વિપરિત અસત્યયુક્ત માન્યતા ધરાવે છે અને કર્મના બદલે બધું જ ઇશ્વર કેન્દ્રિત કરી નાખે છે. બસ... બધું જ ઇશ્વર જ કરે છે. ઇશ્વર જ સૃષ્ટિની સંરચના કરે છે. તે જ ચલાવે છે. તે જ બધા જીવોને પોતાની ઇચ્છાનુસાર સુખ અથવા દુઃખ આપે છે, તે જ બધા જીવોને જન્મ-મરણ આપે છે. તે જ ઇશ્વર પોતાની ઇચ્છા મુજબ જે તે ગતિમાં મોકલે છે અથવા લઈ જાય છે. કર્મફળ આપવાની જવાબદારી પણ ઇશ્વર પોતાના જ હાથમાં રાખે છે. ઇશ્વરની મરજી મુજબ જ આખા સંસારની વ્યવસ્થા ચાલે છે. આ સંસારનું સંચાલન-પાલન પણ ઇશ્વર જ કરે છે. છેવટે ઇશ્વર જ સંસારનું વિસર્જન-મહાપ્રલય પણ કરે છે. અરે ! એટલે સુધી કહે છે કે ઇશ્વર જ સર્વેસર્વા છે. તે જ એકમાત્ર આત્મા છે. તે જ પરમાત્મા છે. તેના સિવાય બીજી એક પણ અન્ય આત્માનું અસ્તિત્વ જ નથી. બીજા બધા જીવો તો માત્ર કઠપૂતળી સમાન છે. આવી કઠપૂતળીઓની પોતાની કોઇ ઇચ્છા હોતી જ નથી. એકમાત્ર ઇશ્વર જ સ્વેચ્છા પ્રમાણે બધાને ચલાવે છે. નચાવે છે અને અહીં સુધી કહી દીધું કે ઇશ્વરની ઇચ્છા વિના ઝાડનું પાંદડું પણ હલતું નથી. બસ, જગતમાં બધું તેની જ ઇચ્છા મુજબ ચાલે છે.

આવી અનેક જાતની સાવ અસત્ય, ખોટી, મિથ્યા ધારણાઓ માનીને બેઠેલા મિથ્યાત્વી જીવોની ભરમાર છે. આવી મિથ્યા ખોટી માન્યતાઓ માનીને ઇશ્વરનું સાચું સ્વરૂપ જ વિકૃત્ત-વિપરિત કરી નાખ્યું છે. તેથી આખા વિશ્વમાં વિસંગતિઓ ખૂબ આવી છે. અવ્યવસ્થા થઈ છે. ઇશ્વરનું સ્વરૂપ વિપરિત અને વિકૃત્ત થવાથી વિસંગતિઓ ટળતી નથી. કર્મસત્તાને સુવ્યવસ્થિત માનવાથી જે સાચી સુસંગતતા-સુસંગતિઓ સચવાય છે તે કર્મની જગ્યાએ ઇશ્વરને માની લેવાથી નથી સચવાતી. ઉપરથી વિકૃત્ત-વિપરિતતા અને વિસંગતીઓ ઘણી આવે છે.

હા, ઇશ્વરને ન માનવા એવી વાત જ નથી, માત્ર ઇશ્વરને ઉપરોક્ત ખોટી

માન્યતાવાળા ન માનો. કર્મ અને ઇશ્વર બન્નેની સત્તાના અસ્તિત્વને સાચા અર્થમાં સાચી રીતે માનો. જે જે કર્મ વડે થાય છે, તે તે કર્માનુસાર થતું માનો અને જે ઇશ્વર પરમેશ્વરનું સાચું સ્વરૂપ છે તેટલું-તેવું જ તેમના વિશે માનો. સર્વથા રાગ-દ્વેષરહિત વિતરાગી સર્વજ્ઞ-સર્વદર્શી, મોક્ષમાર્ગદર્શક,સમસ્ત તત્ત્વોનું ચરમસત્ય પ્રરૂપક વગેરે એવા સાચા અર્થમાં પરમેશ્વર - પરમાત્માને માનવા જોઇએ. સુખ-સુઃખ તો બધું કર્માધીન છે. જીવો પોતે જકર્મ કરે છે. પરમેશ્વર-પરમાત્મા જીવોના સુખ-દુઃખના કારક નથી. સૃષ્ટિના સર્જન-વિસર્જન, સંચાલન, પાલન વગેરેની કોઈ જ જવાબદારી પરમેશ્વર પરમાત્માની નથી. સિદ્ધ-બુદ્ધ-મુક્ત થયેલા પરમાત્મા અશરીરી અવસ્થામાં લોકાન્તે રહે છે. તેમને ફરીથી શરીર ધારણ કરીને સંસારના વ્યવહારમાં આવવાનું હોતું જ નથી. માટે તે સંસારના જીવોના સુખ-દુઃખો, કર્મફળ જીવોને જન્મ-મરણ આપવાં વગેરે કોઈ વાતની સાથે કંઈ જ સંબંધ નથી. કંઈ જ લેવાદેવા નથી. પરમેશ્વર કક્ષાએ રહેલા દેહધારી અરિહંત તીર્થંકર પરમેશ્વર તરીકે ઓળખાય છે. તેઓ પણ સંસારના સમસ્ત જીવોને સુખ આપવાં કે તેમનાં દુઃખો લેવા-કરવા આદિની એક પણ બાબત સાથે સંકળાયેલાં જ નથી. સ્વયં વિતરાગી હોવાથી પરમેશ્વરની કોઇ જ ઇચ્છા રહેતી જ નથી. ઇચ્છાતત્ત્વ જ ખતમ થઈ ગયું છે. આવા પરમેશ્વર સમસ્ત જીવોને વિતરાગીભાવે મોક્ષમાર્ગના પથદર્શક બને છે. અનંત આત્માઓને આ સંસારસાગરથી તારવા માટે તેમને સમસ્ત તત્ત્વોનો ચરમસત્ય સિદ્ધાંત સમજાવે છે. સૃષ્ટિનું સર્જન-ઉત્પત્તિ થવી સંભવ જ નથી. કારણ કે સંસાર અનાદિ-અનંત છે. તે બનતો જ નથી અને નષ્ટ પણ ક્યારેય થતો જ નથી. મહાવિનાશ કે સર્વનાશ પ્રલય-મહાપ્રલય સંભવ જ નથી. થતો જ નથી. તો પછી આની અસત્ય કલ્પના કરી લઈને તેનો યશ ઇશ્વર-પરમેશ્વરને જ આપવો એ ક્યાં સુધી ઊચિત છે ? જે થતું જ નથી. થવું જ સંભવ નથી તેમ છતાં તેને બહુ મોટું રૂપ આપીને તેને ઇશ્વરના નામે ચઢાવી દેવું ક્યાં સુધી ઉચિત છે ? અસત્યની કલ્પના કરીને તે ઇશ્વર-પરમેશ્વરના નામે ચઢાવી દઈને તેવા અર્થમાં તેની સ્તુતિ-પ્રશંસા કરવી, ગુણગાન ગાતા રહેવું એ સર્વથા ઉચિત નથી. એવી જ રીતે સંસારનું સંચાલન, સંભાળવાની વ્યવસ્થાનું કામ, પાલન કરવાનું કામ, જીવોને સુખ આપવું, તેમનું દુઃખ લેવાનું વગેરે બધાની જવાબદારી ઇશ્વર-પરમેશ્વરની બિલકુલ નથી. એના કરતાં તો સાચા અર્થમાં ચરમસત્ય સ્વરૂપે કર્મસત્તાને સ્વીકારવાની તૈયારી રાખવી જોઇએ. કર્મ સત્તા ઇશ્વરને આધીન નથી. ઉપરથી સંપૂર્ણપણે સ્વતંત્ર સત્તા છે. કર્મો આ સંસારના નાના-મોટા અનંતા જીવો બધા જ કરે છે. તેઓ સ્વયં જ કહે છે સારાં-ખરાબ કર્મો પાછળ તેમનું જ વિવેક કામે આવે છે. જ્ઞાન છે કે પછી અજ્ઞાન છે તેનું વિશ્લેષણ-વિવેક તે જીવોએ જ કરવાનું હોય છે. કર્મસત્તાનો શાશ્વત સિદ્ધાંત બધાએ સારી રીતે સમજી લેવો જોઇએ કે અશુભ કર્મ બાંધવામાં આવે તો નિશ્ચિતપણે કાળાન્તરે-ભવાન્તરે દુઃખ, દુર્ગતિ, દારિદ્રય-દૌર્ભાગ્યાદિ કર્મોદયકાળે સ્વયમેવ મળવાનું જ છે. ઉદયમાં આવવાનું જ છે. ભોગવવું જ પડશે. એમાં બે મત નથી. કરેલાં કર્મોના કારણે ભોગવવાં પડતાં

આવાં દુઃખોને દુનિયાની કોઈ તાકાત અટકાવી શકતી નથી. આ સત્ય સમજી લેવું જરૂરી છે. એવી જ રીતે બીજી બાજુ દાનાદિથી પુણ્યોપાર્જન કરવા રૂપ શુભકર્મ બાંધવાના પરિણામે કાળાન્તરે/ભવાન્તરે જીવો સુખ-સંપત્તિ સમૃદ્ધિ વગેરે ઉદયકાળે પામવાના જ છે. એમાં ફરક નથી. હા, શુભકર્મો સત્તામાં-ઉદયમાં હોવા અનિવાર્ય છે.

આ છે કર્માસત્તા. કર્મફળ જીવો સ્વયમેવ પામે છે. કર્મો જીવોના જ કરેલા-બાંધેલા છે. શુભ છે કે અશુભ છે તે જીવોએ જોવાનું છે. કર્તા પણ જીવો જ છે અને તેના શુભા-શુભ ફળોનો ભોક્તા પણ જીવો પોતે જ છે, માટે સુખ મળે અથવા દુઃખ મળે તે માટે જીવોએ સ્વસિવાય બીજાને દોષ ન આપવો જોઇએ.

આવા પ્રકારના કર્મના શાશ્વત સિદ્ધાંતને સારી રીતે સમજનાર જીવ જ કર્મના સકંજામાં ફસાયેલા સંસારના સર્વ જીવોને મુક્તતાનો અહેસાસ કરાવવા માટે ભાવદયા નું ચિંતન-મનન કરી શકે છે. ભાવદયા ભાવી શકે છે.

## પરમેશ્વર-પરમાત્માનો સાચો ઉપયોગ શું ?

ઉપરોક્ત હકીકત સારી રીતે સમજી લીધા પછી ઇશ્વર અને કર્મસત્તા વિશે ચરમ સત્ય સ્વરૂપ સાચું જ્ઞાન મેળવી લીધા પછી હવે પ્રશ્ન ઊભો થશે કે તો પછી પરમેશ્વર-પરમાત્માનો સાચો ઉપયોગ શું કરવો ? શી રીતે કરવો ? એના જવાબમાં સત્ય સ્વરૂપ જણાવે છે કે "एसो पंच नमुक्कारो...सव्व पाव प्पणासणो" (૧) અરિહંત, (૨) સિદ્ધ, (૩) આચાર્ય, (૪) ઉપાધ્યાય અને (૫) સાધુ. આ પાંચેય પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરવાથી આપણાં સર્વ પાપકર્મોનો નાશ કરવાનો છે. એ પરમેષ્ઠીઓને જ નમસ્કાર કરવાથી જ શા માટે સર્વ પાપોનો નાશ થાય છે ? આના ઉત્તરમાં એ કહેવાનું છે કે એ પાંચેય પરમેષ્ઠી ભગવંતો સ્વયં સર્વ પાપોનો નાશ કરી ચૂકેલા છે, તેથી જ તે આ પરમેષ્ઠીની કક્ષાએ પહોંચ્યા છે. સંસારના સમસ્ત પાપકર્મોવાળા જીવોના માટે પ્રેરણાદાયી આદર્શ નમસ્કરણીય બન્યા છે. પરમેષ્ઠી વંદનીય-નમસ્કરણીય છે ત્યારે તેમની સામે આપણે નમસ્કર્તા-નમસ્કાર કરનારા છીએ. આ બન્નેનો શાશ્વતપણે કાર્ય-કારણભાવ સંબંધ છે. નમસ્કર્તા છે તો નમસ્કરણીય-વંદનીય પણ છે જ અને તેથી જ નમસ્કાર કરવાથી કરનારનાં સર્વ પાપકર્મોનો નાશ થાય છે. એ હકીકત છે. એ જ નમસ્કરણીય પરમેષ્ઠી ભગવંતોનો સાચો સદુપયોગ છે. કારણકે નમસ્કર્તા આવા સર્વથા સર્વ પાપકર્મરહિત એવા પાપમુક્ત કર્મમુક્ત પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરતાં કરતાં પોતાનાં સર્વ પાપકર્મોનો નાશ-ક્ષય કરીને એક દિવસ તે પણ સર્વ પાપકર્મમુક્ત પરમેષ્ઠી બની જશે. એનાથી વધારે મોટો ઉપયોગ પરમેષ્ઠી ભગવંતોનો બીજો શું હોઈ શકે ?

જે લોકો પરમેષ્ઠી-પરમાત્માનો ઉપયોગ એકમાત્ર સર્વ સુખની પ્રાપ્તિ અને

સર્વ દુઃખની નિવૃત્તિ માટે યાચના-માગણી કરવા પુરતો જો ઉપયોગ કરે તો તે ક્યારેય સર્વ પાપકર્મોનો નાશ કરી જ ન શકે અને ક્યારેય કદાપિ તે સર્વ પાપકર્મોથી સંપૂર્ણપણે મુક્ત થઈ જ ન શકે. તેથી તે સ્વયં પરમેષ્ઠીબની જ ન શકે. સ્વયં પરમેષ્ઠીની કક્ષામાં પહોંચી જ ન શકે તે ક્યારેય વંદનીય-નમસ્કરણીય બની જ ન શકે. તે સદાકાળ સંસારચક્રમાં પરિભ્રમણ કરનારો પાપકર્મ યુક્ત સંસારી જીવ જ બનેલો રહે. સંસાર સદા દુઃખદાયી છે. દુઃખમુલક છે. દુઃખ ફળદાયી જ છે. એનો ખ્યાલ અવશ્ય હોવો જ જોઇએ. સર્વ પાપો-સર્વ પાપજન્ય કર્મો સદાકાળ દુઃખદાયી જ છે. એમાં બેમત નથી તેથી એવા સંસારી પાપકર્મીજીવો સદા દુઃખી જ રહેશે.

ઉપરોક્ત હકીકત સમજી લીધા પછી સંસારના સમસ્ત જીવોએ સૌથી પહેલાં પાકો નિર્ણય કરવો જોઇએ કે ગમે તે રીતે પણ સર્વ પાપકર્મોનો ક્ષય **"सव्व पावप्पणासणो"** કરવો જ છે. એનો જ દઢ સંકલ્પ-અંતિમ ઉદ્દેશ્ય-સાધ્ય તરીકે બનાવી જ લેવો જોઇએ. હવે મારે માત્ર દુઃખ અને સુખની માગણી પુરતું સીમિત-મર્યાદિત જ નથી રહેવું. એનાથી ઉપર ઊઠીને હવે અંતિમ કક્ષાનું ચરમલક્ષ્ય-ઉદ્દેશ્ય અને અંતિમ સાધ્ય એકમાત્ર સર્વ પાપકર્મોથી સંપૂર્ણપણે મુક્ત થવાનો જ બનાવવો છે અને એમાં આલંબનરૂપે એવા પરમેષ્ઠી ભગવંતોનો સહારો લેવો છે. જે સર્વથા-સંપૂર્ણપણે સર્વ પાપકર્મોથી મુક્ત થઈ ગયેલા હોય. એવાની ઉપાસના-ભક્તિ-જાપ-ધ્યાનાદિ કોઈ પણ રીતે કરતી વખતે ભૂલેચૂકે પણ દુઃખ નિવૃત્તિ, અને સુખપ્રાપ્તિની ઇચ્છા કે તેની માગણી પણ વચ્ચે આવવા ન દે. જ્યારે પરમેષ્ઠી જ સર્વ પાપકર્મરહિત મળ્યા છે તો પછી સાધકે પણ તેવા સર્વશ્રેષ્ઠ કક્ષાના પરમેષ્ઠી-પરમાત્માને પામીને શા માટે પોતાની ક્ષુદ્ર કક્ષાની હલકી અને અનાદિકાળથી સાથે રહેલી વૃત્તિ સુખપ્રાપ્તિ અને દુઃખનિવૃત્તિને સામે લાવે ? એવા અને વીતેલા અનંતકાળમાં થયેલા અનંતા ભવોમાં જો ક્યારેય પરિપૂર્ણ થઇ જ નથી એવી ઇચ્છાને આગળ ધરીને અનંતા ભવોમાં અનેક ભગવાનો, અનેક ગુરુઓ, અનેક ઋષિમુનિઓ-સાધુ-સંતો, બાબા-ભુવાઓ, ઇમામો અને પાદરીઓ-અને સેંકડો દેવ-દેવીઓ અને સેંકડો જાતના મંત્રો, વિદ્યાઓ, સ્તોત્રો, તીર્થો, પૂજા-ભક્તિઓ અને આરતીઓનો ઉપયોગ દુઃખનિવૃત્તિ અને સુખપ્રાપ્તિના લક્ષ્ય (ઉદ્દેશ્ય-સાધ્ય)ની ઇચ્છાથી કર્યો છતાં પણ અફસોસ અને આશ્ચર્યની વાત તો એ છે કે અનંતા ભવો-જન્મોમાં અનંતીવાર આ પ્રમાણે કરવા છતાં પણ હજી સુધી દુઃખો સર્વથા દૂર થયાં નથી અને સર્વ પ્રકારનાં સુખો બધા પામ્યા નથી. તો પછી હવે જ્યારે આ ભવમાં સર્વથા પાપકર્મરહિત પરમેષ્ઠી ભગવંતો પરમેશ્વર-પરમાત્મા મળ્યા છે તો પછી સાધકે શા માટે પોતાનાં પાપકર્મોના નાશાર્થે તેમનો ઉપયોગ ન કરવો ? પરમેશ્વર-પરમેષ્ઠીને આપણે નથી બદલવા. એકમાત્ર આપણી અંદર રહેલ વૃત્તિને જ ફક્ત બદલવાની છે. મિથ્યામાંથી સમ્યગ્ કરવાની છે. બસ, આપણું કામ થઈ જશે. ઉદ્દેશ્ય બદલાઈ જશે. સાચુ

સાધ્ય સામે નક્કી થઈ જશે. એનો સાચો સંકલ્પ-દઢ સંકલ્પરૂપે નિશ્ચિત થઈ જશે. સાધક સાચા અર્થમાં સાચો સાધ્યને સાધનારો સાધક બની જશે. સાધ્ય સાચું બની ગયા પછી તેને જ સાધવા માટેની સાધના પણ હવે સાચી જ થશે. એવી સાચી સાધના માટે સાધન સ્વરૂપે પરમેશ્વર પરમેષ્ઠી પણ સાચા જ મળ્યા છે. હવે માત્ર સાધના સાચી દિશામાં થવા માંડે તો પરિણામ ચોક્કસ સાચું આવશે જ. એક દિવસ સાધકનાં સર્વ પાપકર્મોનો સમૂળ-સંપૂર્ણ ક્ષય થવાથી તે સાધક સ્વયં સાધ્ય બની જશે. અર્થાત્ પરમેશ્વર-પરમેષ્ઠી બની જશે. બસ, સાધના સિદ્ધ થઈ ગઈ સમજો. પૂર્ણતા આવી ગઈ. અપૂર્ણ હતો તે પૂર્ણ થઈ ગયો છે. વાત પૂરી થઈ ગઈ. બસ. સાધ્ય સિદ્ધ થઈ ગયું. સધાઈ ગયું છે. હવે અંશમાત્ર પણ દુઃખ રહેશે જ નહીં. સર્વ સુખ-સંપૂર્ણ સુખ-પરમ કક્ષામાં સુખ, આનંદ, પરમાનંદ રૂપે પરિણમી જશે. સાધક સ્વયં સિદ્ધ બની જાય, પાપી પોતે જ પરમેશ્વર પરમેષ્ઠી બની જાય. પછી એનાથી વધારે શું જોઇએ. એનાથી વધારે હોઈ પણ શું શકે ?

## ભાવનાની શ્રેષ્ઠતાનુસાર પુણ્યોત્કૃષ્ટતા :-

'સવી જીવ કરું શાસન રસી'-જગતના સમસ્ત જીવોને સર્વજ્ઞ સિદ્ધાંતના રસિક-પ્રેમીઓ બનાવી દઉં. જેથી સર્વ જીવોનું કલ્યાણ થાય, તેઓ સદાના માટે સર્વથા સર્વ દુઃખથી મુક્ત થાય એવી ભાવનાને ખરેખર સેંકડો ભાવનાઓ કરતાં વધુમાં વધુ સર્વોત્તમ-સર્વોત્કૃષ્ટ કક્ષાની ઉંચામાં ઉંચી અને છેલ્લામાં છેલ્લી કક્ષાની ભાવના કહી શકાય છે. બસ હવે એનાથી વધારે ઊંચી બીજી કોઈ મોટી ભાવના જ નથી. આવી ભાવના ભાવીને તેને પરિણામલક્ષી બનાવવા માટે એટલી વિપુલ શક્તિ મેળવવા મથે છે. જેથી શક્તિ મળતાં જ ભાવનાને સક્રિય-ક્રિયાશીલ બનાવવી અને પરિણામ લાવીને તે તે જીવોને સર્વ દુઃખથી મુક્ત કરવા. ભાવ દયાની ભાવના જેમ છેલ્લી કક્ષાની સર્વોત્કૃષ્ટ ભાવના છે એવી જ રીતે શક્તિઓના ક્ષેત્રે એવી અંતિમ કક્ષાની શક્તિ મળે જેથી સમસ્ત જીવોનું કલ્યાણ કરી શકાય. આવી રીતે ભાવના અને શક્તિનું મિલન થવાથી જે તીર્થંકર નામકર્મની પુણ્ય પ્રકૃતિ ઉપાર્જન કરવામાં આવે છે તે પણ પુણ્યના ક્ષેત્રે છેલ્લામાં છેલ્લી કક્ષાની સર્વોત્કૃષ્ટ પુણ્યપ્રકૃતિ છે. બસ, હવે એનાથી વધારે ઊંચી પુણ્યપ્રકૃતિ જ નથી.

અવનિતલ ઉપર આવા સૌથી વધારે ઉંચા-સારા શક્તિમાન અને સમૃદ્ધિવાળા ચક્રવર્તીઓ પણ તીર્થંકરની સરખામણીમાં ઘણા જ વામણા દેખાય છે. ચક્રવર્તી૬ખંડના માલિક છે, તો તીર્થંકરો ત્રણેય લોકના સર્વોપરી સ્વામી છે. એવા ચક્રવર્તીઓ તીર્થંકર ભગવંતોને વંદન-નમન કરે છે. તેમની આજ્ઞા માને છે. ચક્રવર્તીસેનાધારી રાજા છે. જ્યારે તીર્થંકર સંસારના ત્યાગી-વીતરાગી ચતુર્વિધ સંઘ યુક્ત છે. તીર્થંકરને સેના કે લશ્કર હોતું જ નથી. ચક્રવર્તીને આજ્ઞા-આદેશથી રાજવ્યવસ્થા ચલાવવાની છે. જ્યારે તીર્થંકર માત્ર ઉપદેશથી ધર્મવ્યવસ્થા સ્થાપે છે. આ ઉપદેશને જ સેંકડો-લાખો લોકો આજ્ઞા

સ્વરૂપ સમજીને સ્વયમેવ સ્વેચ્છાથી આચરે છે-માને છે. ચક્રવર્તીની સેવામાં કોઈ દેવતાઓ હાજર નથી રહેતા. જ્યારે તીર્થંકરોની સેવામાં ઓછામાં ઓછા એક કરોડથી વધુ દેવતાઓ હાજર રહે છે. ચક્રવર્તીને તો કંઈ દેશના વગેરે આપવાની નથી હોતી. જ્યારે તીર્થંકર ભગવાન દેવતાઓ દ્વારા વિરચિત રજત-સુવર્ણ અને રત્નોના ૩ ગઢના સમવસરણમાં રત્નના સિંહાસન ઉપર બિરાજમાન થઈને દેશના આપે છે. ચક્રવર્તીના માથે ફક્ત ૬ ખંડના લોકોની સુખ-દુઃખની જ ચિંતા હોય છે. તે માટે તે પ્રવૃત્ત હોય છે. જ્યારે તીર્થંકર ભગવંત ત્રણેય લોકના ત્રણેય ગતિના જીવોના કલ્યાણાર્થે પ્રવર્તે છે. દેવગતિના લાખો દેવી-દેવતા, મનુષ્યગતિના નર-નારીઓ અને તિર્યંચગતિના પશુ-પક્ષીઓ સમવસરણમાં આવીને સર્વજ્ઞની દેશનાનું શ્રવણ કરે છે. ધર્મ પામે છે. વ્રત-વિરતિ-પચ્ચક્ખાણ આચરે છે. સંસારના ત્યાગી બનીને સાધુ-સાધ્વી સાચા અણગાર બને છે. તપસ્વી બને છે. કર્મના બંધનથી મુક્ત બને છે. સદાના માટે ક્લેશ-કષાય-કર્મ અને સંસારના બંધનથી મુક્ત બને છે. સિદ્ધ, બુદ્ધ, મુક્ત બનતાં હવે તે જીવોને દુઃખનું નામનિશાન પણ નથી રહેતું અને ખરેખર સાચા અર્થમાં સદાના માટે સંસારથી, દુઃખોથી સદંતર મુક્ત છે. આવી રીતે ચક્રવર્તીઅને તીર્થંકર બન્નેનાં કાર્યક્ષેત્રો એક ખાસ વિશિષ્ટ દષ્ટિએ જોતાં દુઃખ નિવર્તક સુખ પ્રાપ્તિકર લાગે છે, પરંતુ મૂળમાં સુખ જ જુદીજુદી જાતના છે. ચક્રવર્તીનાં સુખો દુન્યવી, ભૌતિક, પૌદ્ગલિક વસ્તુપરક સાધનસામગ્રીઓની પ્રાપ્તિને સુખ ગણવામાં આવે છે. જ્યારે તીર્થંકરના ઉપદેશમાં આવા સુખને દુઃખરૂપ-સુખાભાસાત્મક ગણાવીને તેને હેય-ત્યાજ્ય ગણવામાં આવે છે. તેનો ભોગવટો કે ઉપભોગ ન કરતાં, મળવા છતાં તેનો ત્યાગ કરીને તીર્થંકરે ચીંધેલો ત્યાગ-વૈરાગ્યનો માર્ગ અપનાવવામાં આવે છે. તપ-તપશ્ચર્યા-જ્ઞાન-ધ્યાન સાધનાનો માર્ગ અપનાવીને આગારનો ત્યાગ કરીને અણગાર માર્ગ સ્વીકારે છે. કર્મક્ષય કરે છે. સર્વથા પાપો ન કરવાનો માર્ગ સ્વીકારીને મૃત્યુ પર્યંત આખું જીવન જીવે ત્યાં સુધી ફરીથી એક પાપ ન કરવાની ભીષ્મપ્રતિજ્ઞા સ્વરૂપ મહાવ્રતોનું આજીવન પાલન કરે છે. સર્વ કર્મોનો ક્ષય કરીને સંસારનો, દેહનો અને કર્મબંધનથી સદાના માટે છુટકારો મેળવે છે. આત્મા મોક્ષે જાય છે. જ્યાં અનંત સુખ-અનંતકાળ સુધીનું મેળવે છે. હવે ફરી પાછું ક્યારેય સંસારમાં આવવાનું જ નહીં. જન્મ લેવાનું જ નહીં અને ફરી મરવાનું જ નહીં. જન્મ-મરણની સંસારચક્રની પરંપરામાં સદાના માટે મુક્ત થઈ જાય છે. આ છે સર્વજ્ઞનો માર્ગ.

જ્યારે ચક્રવર્તીનો માર્ગ સુખ-ભોગનો છે. ભોગ-ઉપભોગના સુખનો છે. તેમાં આસક્ત થઈને સ્વયં ચક્રવર્તીપણ ઘણીવાર નરકે જાય છે. છેક સાતમી નરક સુધી પહોંચે છે. પોતાની પણ દુર્ગતી નોંતરે છે. પોતે પોતાને જ સદાના માટે સંપૂર્ણ દુઃખ મુક્ત નથી કરી શકતા તો પછી ચક્રવર્તીના લાખો અનુયાયીઓની પણ સદંતર-સર્વથા મુક્ત થવાની સંભાવના ક્યાં રહી ? માટે આ બન્નેમાંથી કયો માર્ગ ? કોનો માર્ગ સ્વીકારવો-આચરવો કે

માનવો ? તેનો વિચાર સુજ્ઞ સજ્જને કરવાનો રહ્યો. માટે એકમાત્ર ચરમસત્ય પ્રરુપિત કરનારા સર્વજ્ઞનો જ માર્ગ જાણવો, સમજવો, માનવો અને સ્વીકારવો, આચરવો જોઇએ. એ એક જ કલ્યાણનો માર્ગ છે. કલ્યાણકારી માર્ગ છે. ચક્રવર્તીની પુણ્યપ્રકૃતિ કરતાં પણ વધુ ઉચ્ચ કક્ષાની મોટી પુણ્યપ્રકૃતિ ઇન્દ્રની છે અને સમસ્ત જગતની અંતિમ કક્ષાની સર્વોત્કૃષ્ટ કક્ષાની પુણ્યપ્રકૃતિ જ તીર્થંકર નામકર્મની છે.

**શુચિરસ ઢળતે તિહાં બાંધતા... તીર્થંકરનામ નિકાચતા...**

ભાવદયા ભાવતી વખતે જગતના સમસ્ત જીવોના કલ્યાણની ભાવના વધુ ને વધુ તીવ્ર બનાવે છે. સાતત્યતા ખૂબ વધી જાય છે અને શક્તિ માટેની પ્રાર્થના પણ તેટલી જ તીવ્ર બને છે. સામે જેટલા જીવો છે અને એમના સર્વના કલ્યાણની કામનાની ભાવના એવી છે કે સર્વ જીવોને સર્વજ્ઞના સિદ્ધાંતના રસિક બનાવવા છે અને તે માટે તેટલા જ પ્રમાણમાં ખૂબ વિપુલ પ્રમાણમાં શક્તિ જોઇએ છે. શક્તિ ઓછી પડશે તો પણ કાર્યસિદ્ધિ નહીં થઈ શકે. ભાવદયાની તીવ્રતારુપ ભાવયોગની ચરમાવસ્થા વખતે આ શુચિરસ આત્મામાં ઝરે છે. જેમ લીમડાના ઝાડ ઉપરથી રસ ઝરે છે. બાવળના વૃક્ષ ઉપર ઘાટો રસ ઝરે છે. ઘટ્ટ બનીને ગુંદર બની જાય છે. એવી જ રીતે અસંખ્ય આત્મપ્રદેશોમાં ખૂબ રસ ઝરે છે. તેને શુચિરસ કહે છે. શુચિ એટલે અત્યંત પવિત્ર રસ છે. આ રસ ઘટ્ટ થતાં-થતાં ગુંદરની જેમ આત્મપ્રદેશો સાથે સજ્જડ ચોંટી જાય છે. બસ એ જ તીર્થંકર નામકર્મની ઉત્કૃષ્ટ કક્ષાની પુણ્યપ્રકૃતિ છે. આત્મપ્રદેશો સાથે એવી એકમેક થઈ જાય છે. એટલી બધી ઘટ્ટ બંધાય છે કે તેના માટે શાસ્ત્રકારે 'નિકાચિત' શબ્દ વાપર્યો છે. નિકાચિત એટલે સજ્જડ. અત્યંત દઢ બંધ. ગમે તેવા સંજોગોમાં પણ છૂટે જ નહીં. અધવચ્ચે છૂટીને ખરી ન પડે. સુયોગ્ય કાળે જ તેનો ઉદય થાય અને તે જ વખતે તે જ રીતે તેનું ફળ આપે.

**રસબંધ :-**

કર્મબંધ

પ્રકૃતિબંધ | પ્રદેશબંધ | રસબંધ | સ્થિતિબંધ

અધ્યવસાયાનુસાર કાર્મણ વર્ગણાના પરમાણુઓનો જે જથ્થો આત્મામાં આવીને આત્મપ્રદેશો સાથે બંધાય છે તેને પ્રદેશબંધ તરીકે ઓળખાવવામાં આવે છે. આત્મગુણોને ઢાંકીને જે આત્મ સ્વભાવને દાબી દે અને કર્મના સ્વભાવ પ્રમાણે જીવને પ્રવર્તાવે તેને પ્રકૃતિબંધ કહેવાય છે. અધ્યવસાયોમાં જે ભાવોની તીવ્રતા વધે છે તેના આધારે આત્મપ્રદેશો સાથે તીવ્રતમ ગાઢતા પૂર્વક બંધાતા કર્મને રસબંધ કહેવાય છે અને એ રસની તીવ્રતાનુસાર લાંબાગાળાના અર્થાત્ કાળાવધિનાં કર્મ બંધાય છે તેને સ્થિતિબંધ કહેવાય છે. આ સ્થિતિબંધમાં સમય (કાળ) સીમા નક્કી થાય છે. આ સ્થિતિબંધના આધારે નક્કી થાય

છે કે કયું કર્મ આત્મા સાથે કેટલા કાળ સુધી ચોંટેલું રહેશે ? જો કર્મો એટલા કાળ સુધી આત્મા સાથે ચોંટેલા જ નહીં રહે તો પછી જીવો સુખ-દુઃખાદિ વિપાકો કેવી રીતે પામશે ? કર્મો આત્મા સાથે બંધાયેલા-ચોંટેલા રહે અને તે પણ નિર્ધારિત કાળ સુધી આ કામ સ્થિતિબંધ વડે થાય છે. આ રીતે આ ચાર પ્રકારના બંધોનું સ્વરૂપ છે. તેને વિસ્તારપૂર્વક કર્મશાસ્ત્રમાંથી સમજવું જરૂરી છે.

બંધની આ રાસાયણિક પ્રક્રિયાનું રહસ્ય ઘણું ગહન છે. કર્મોના ઉદય વખતની તીવ્રતા-મંદતાનો આધાર રસબંધ ઉપર છે. આ બાજુ વિશ્વના સમસ્ત જીવોના કલ્યાણની ભાવદયા ચિંતવનાર ભાવુક આત્મા સતત સર્વ જીવોને સર્વજ્ઞ શાસન (સિદ્ધાંત)ના રસિક બનાવવાની ભાવના ભાવતાં હોય છે, તેના આત્મામાં શુચિ રસ ઝરે છે. આ શુચિરસની માત્રા ભાવદયાની માત્રાના આધારે વધે કે ઘટે છે. વધઘટ થાય છે. જો અધ્યવસાયની ભાવધારા એકધારી વધે તો શુચિરસ પણ પ્રમાણમાં વધે છે તેના આધારે જે તીવ્રતા વધે તેના આધારે રસબંધ પણ તેટલા જ પ્રમાણે બંધાય. એનું સાદું ગણિત આ પ્રમાણે છે-

ભાવદયાનીભાવના + શુચિરસ = રસબંધ + અને સ્થિતિબંધ = તીર્થંકર નામકર્મ.

ભાવદયાની ભાવના X શુચિરસ = રસબંધ + અને સ્થિતિબંધ = તીર્થંકર નામકર્મ.

પ્રથમ ભેદમાં જોડાકારથી ભાવદયાની સાથે શુચિરસ જોડવામાં આવેલ છે, તેથી રસબંધ બંધાતા કર્મબંધ થાય છે અને તેની સાથેસાથે સ્થિતિબંધ બંધાય છે તેવી રીતે તીર્થંકર નામકર્મ બંધાય છે.

બીજા ભેદમાં ભાવદયાની ભાવનાની સાથે શુચિરસનો ગુણાકાર થાય છે. તેથી રસબંધમાં પણ તીવ્રતા વધે છે. રસબંધ ઘણો તીવ્ર બંધાતાં-સ્થિતિબંધ પણ ઘણો દીર્ઘકાળનો પડે છે. આવી રીતે તીર્થંકર નામકર્મ બંધાય છે.

ભાવદયા કારણીભૂત છે અને શુચિરસ કાર્ય રૂપે છે. જો ભાવદયા જ પૂરેપૂરી ન ઘૂંટાય તો શુચિરસની માત્રા ઘટી જાય છે. તો પછી સામે રસબંધની માત્રા ઘટી જશે, તો તેના આધારે પાછું સ્થિતિબંધ ઘટી જશે તો કાળાવધિ નાની રહી જશે. બધા જ તીર્થંકરોની તીર્થંકર નામકર્મના રસોદયની કાળાવધિ ઓછી વધારે હોય છે. દા.ત. વીરપ્રભુના થી ગણના કેવળજ્ઞાન પામ્યા ત્યારે તીર્થંકર નામકર્મનો ઉદયકાળ-રસોદય થયો ત્યારથી નિર્વાણ પામ્યા ત્યાં સુધીનો ફક્ત ૩૦ જ વર્ષનો કાળ છે. આયુષ્યની બંધસ્થિતિ ૭૨ વર્ષની અવધિ છે તેથી તીર્થંકર નામકર્મના પ્રદેશોદયની કાળાવધિ પણ ૭૨વર્ષની ગણવી પડે.

એમની સામે પાર્શ્વપ્રભુની તીર્થંકર નામકર્મની કાળાવધિ ૭૦ વર્ષોની છે. નેમિનાથપ્રભુનો તીર્થંકર નામકર્મની કાળાવધિ ૭૦૦ વર્ષોની છે. આવી રીતે ગણતાં પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વર પ્રભુની તીર્થંકર નામકર્મના રસોદયની કાળાવધિ ૧ પૂર્વમાં ૧૦૦૦ વર્ષ ઓછાં એટલી છે. વર્તમાનકાળે સીમંધર સ્વામી આદિ ૨૦ વિહરમાન-વિચરતા વિશે તીર્થંકર ભગવંતોની પણ ૧લાખ પૂર્વ વર્ષના કાળની જ છે. આયુષ્ય જુદી વસ્તુ છે.

જન્મથી-નિર્વાણ સુધીના સંપૂર્ણ જીવનને આયુષ્યકાળ કહેવાય છે. દીક્ષા ગ્રહણથી લઈને કેવળજ્ઞાન ન પામે ત્યાં સુધીનો છદ્મસ્થાવસ્થાનો કાળ છે. માટે હજી સુધી તીર્થંકર નામકર્મની આ વિશિષ્ટ પુણ્ય પ્રકૃતિનો રસોદય થયો નથી. તીર્થંકર નામકર્મની પ્રકૃતિનો ચ્યવનકાળથી જ પ્રદેશોદય થઈ જાય છે. તેના આધારે ૧૪ સ્વપ્નાઓ આવવાં, છપ્પન્ન દિક્કુમારીકાઓ વડે સૂતિકા કર્મ અને મેરુ પર્વતે ઇન્દ્રો વડે અભિષેકાદિ વડે ભક્તિપૂર્વક જન્મોત્સવ યોજાવો વગેરે આટલા વિશિષ્ટ કક્ષાનાં કાર્યો થવાં. એ આ સંસારના બીજા એક પણ જીવ માટે સંભવ જ નથી. સંપૂર્ણ વિશ્વમાં દુનિયાના કોઈ પણ રાજા-મહારાજા કે ચક્રવર્તી, અરે ! ખુદ ઇન્દ્રના પણ જન્મ સમયે મેરુ પર્વત ઉપર અભિષેક યોજાતા નથી. ૧૪ સ્વપ્નાંઓ ચ્યવન વખતે આખા વિશ્વમાં તીર્થંકર સિવાય બીજા કોઈની પણ માતાને આવતાં જ નથી. ૫૬ દિક્કુમારીકાઓ દુનિયાના એકપણ ચક્રવર્તીના જન્મ વખતે પણ નથી આવતી કે આવી રીતનો જન્મોત્સવ મનાવાતા જ નથી.

આ બધા અતિવિશિષ્ટ કક્ષાના પ્રસંગો નિશ્ચિતરૂપે અતિવિશિષ્ટ કક્ષાના પુણ્યોદયથી જ શક્ય બને છે. અન્યથા સંભવ જ નથી. એ બધાના માટે અલગ અલગ પુણ્યની પ્રકૃતિ બાંધવામાં નથી આવતી.

એક જ તીર્થંકર નામકર્મની પુણ્યપ્રકૃતિ એ જ પર્યાપ્ત છે. એ જ એટલી અતિવિશિષ્ટકક્ષાની પુણ્યપ્રકૃતિ છે કે બસ તેની સરખામણીમાં-સમકક્ષ બીજી એક પણ પુણ્યપ્રકૃતિ છે જ નહી અને બીજી બાજુ જ્યારે એની સમકક્ષ-એના સરખી બીજી પુણ્યપ્રકૃતિ જ નથી તો પછી એનાથી વધુ ઊંચી-ઉચ્ચ કક્ષાના આવા ઉત્કૃષ્ટ પુણ્યાત્મક પ્રસંગોથી વધુ ઉચ્ચ કક્ષાના પ્રસંગ બીજા બની જ ન શકે. માટે જ સમસ્ત તીર્થંકરોમાં અતિ ઉચ્ચ કક્ષાના સર્વશ્રેષ્ઠ આ બધા પ્રસંગોની એકસરખી સાદશ્યતા રહી છે. બધાને એકસરખાં ૧૪ સ્વપ્નાઓ, ૫૬ દિક્કુમારીકાઓ વડે જન્માવસરે સૂતિકાકર્મ અને મેરુ પર્વત ઉપર જન્માભિષેક સમવસરણની રચના વગેરે બધા જ પ્રસંગો બધા જ તીર્થંકરોના જીવનકાળમાં એકસરખા જ થતા હોય છે. એકસરખી જ સાદશ્યતા હોય છે. એનાથી જ કાર્ય-કારણભાવની સાદશ્યતાના આધારે પૂરવાર થાય છે કે અતિવિશિષ્ટ કાર્યોની પણ એકસરખી સાદશ્યતા બની રહે છે. જળવાઈ રહે છે. બસ, હવે આ અતિવિશિષ્ટ કાર્યોની છેલ્લામાં છેલ્લી કક્ષા આવી ગઈ. એનાથી વધારે ઉત્કૃષ્ટ કક્ષા ભવિષ્યમાં ક્યારેય સંભવ જ નથી. દા.ત. મેરુ પર્વત ઉપર અભિષેકથી પણ વધારે ઉચ્ચ કક્ષાના અભિષેક બીજે ક્યાંય સંભવ જ નથી. ૬૪ ઇન્દ્રો વડે કરાતા અભિષેક એટલે ૬૪ ઇન્દ્રો કરતાં વધારે ઉચ્ચ કક્ષાના સત્તાધારી દેવો બીજા કોઈ જે જ નહીં, તો પછી બીજા કોણ આવીને અભિષેક કરે ? આ બાજુ પર્વતોમાં મેરુ પર્વતથી વધુ ઊંચો બીજો પર્વત વિશ્વમાં-આખી દુનિયામાં બીજો એકેય નથી અને મેરુ પર્વત ઉપર પણ સર્વોપરિ જે ટોચનો ભાગ છે ત્યાં અતિ ..... શીલા ઉપર અભિષેક થાય છે. એટલે હવે એનાથી વધારે ઉત્કૃષ્ટ કક્ષાની જગ્યા-તેવું ક્ષેત્ર પણ આ

બ્રહ્માંડમાં ક્યાંય છે જ નહીં અને ઇન્દ્રોથી વધુ શ્રેષ્ઠ સત્તાધારી બીજા કોઈ દેવો પણ નથી. તો પછી મેરુ પર્વત મીંતિકે ૬૪ ઇન્દ્રો વડે થતા અભિષેકથી વધારે અતિ ઉચ્ચ કક્ષાનો પ્રસંગ બને તેમ જ નથી અને બધા જ તીર્થંકર ભગવંતો માટે જન્માભિષેકના પ્રસંગો એકસરખા-એક જેવા થાય છે. એકસરખી સાદશ્યતા જળવાઈ રહે છે. એજ સૂચવે છે કે કારણરૂપે બધાના તીર્થંકર નામકર્મની ઉત્કૃષ્ટ પુણ્યપ્રકૃતિની એકસરખી સાદશ્યતા પણ જળવાઈ રહે છે. કાર્ય-કારણભાવની સાદશ્યતા બધામાં એકસરખી રહે છે. જ્યારે જગતના બીજા કહેવાતા ભગવાનો... અન્ય-અન્ય ધર્મોમાં જે જે ભગવાન કે ઇશ્વર તરીકે ઓળખાય છે તેમાંથી એક પણ ભગવાનના જીવનમાં આવા અતિવિશિષ્ટ પ્રસંગોમાંથી એક પણ પ્રસંગ થતો-બનતો જ નથી. સંભાવ પણ નથી. કારણકે તે માટે એવી અતિવિશિષ્ટ કક્ષાની જે પુણ્યપ્રકૃતિ ઉપાર્જન કરવી જોઇએ તે તેમના આખા જીવન દરમિયાન અથવા ભૂતકાળના ભવોમાં ક્યાંય દેખાતી જ નથી. પહેલી વાત તો એ કે કોઈના પણ ભૂતકાળના ભવો જ ગણવામાં નથી આવતા. ભવો જ નથી થતા. કારણેક સીધેસીધો અવતારવાદ જ માની લીધો છે. ભગવાન બનતા-થતા નથી, પરંતુ તૈયાર ભગવાન રૂપે જ અવતરે (ઊતરે) છે. એટલે પછી બનવાની તો વાત જ નથી રહેતી. અને જો બનવાની વાત જ નથી આવતી માટે બનવાની પ્રક્રિયા પણ નથી અને આવી પ્રક્રિયા જ ન હોવાથી એકથી બીજામાં એકસરખી સાદશ્યતા ક્યાંથી રહે ? શક્ય જ નથી. એટલા માટે આવા કોઈ અતિવિશિષ્ટ પ્રસંગો જેને કલ્યાણકારી કલ્યાણકો તરીકે ઓળખાવવામાં આવે છે તેમાંથી એકપણ તેમના જીવનમાં ઘટતા જ નથી-બનતા જ નથી. જે ત્રણેય કાળના સમસ્ત તીર્થંકરોના જીવનમાં એકસરખા અનિવાર્યરૂપે બનતા જ હોય છે-થતા જ હોય છે. અખંડરૂપે અને અનિવાર્યરૂપે થતા જ હોય છે. એમાં અપવાદપણું જ નથી. માટે અપવાદ કે અછેરા રુપે પણ એકેય તીર્થંકર ભગવાન થયા નથી કે જેમના જીવનમાં આવા અતિવિશિષ્ટ કલ્યાણક પ્રસંગો થયા જ ન હોય ! ના. એટલું જ નહીં. એક પણ ઓછું થયું હોય એવું પણ નથી બન્યું. અર્થાત્ કોઈ ભગવાનના ચ્યવનાવસરે ૧૪ સ્વપ્નાઓ ન આવ્યાં હોય કે કોઈ તીર્થંકરના જન્માવસરે ૫૬ દિક્કુમારીકાઓ આવી જ ન હોય અથવા કોઈ ભગવાનના જન્માવસરે મેરુ પર્વત ઉપર અભિષેક જ ન થયા હોય અથવા કોઈ ભગવાનના જન્માવસરે ઇન્દ્રો જ ન આવ્યા હોય અથવા કોઈ ભગવાનના કેવળજ્ઞાન પ્રસંગે સમવસરણ જ ન રચાયું હોય, દેવતાઓ જ ન આવ્યા માટે સમવસરણની રચના થઇ શકી જ નથી અથવા આ પ્રભુએ દીક્ષાવસરે વર્ષીદાન જ ન આપ્યું હોય અથવા આ ભગવાનના નિર્વાણાવસરે અંતિમ અભિષેક અને અંતિમ સંસ્કાર જ ન થયા હોય તેવા આ બધા કલ્યાણકારી કલ્યાણક પ્રસંગોમાંથી એક પણ પ્રસંગ ન બન્યો હોય એવું આશ્ચર્ય કે અછેરું પણ નથી થયું. વીતેલા અનંત ભૂતકાળમાં આવું એક પણ વાર નથી થયું માટે આગામી ભવિષ્યના અનંતકાળમાં પણ નહીં બને એવી શક્યતા નથી. કોઈ સંભવના જ નથી. કેવી અસદ્ભૂત આ વાત છે ? વિચારો. ચિંતન કરો, મનન કરો. આ છે કલ્યાણકોની શાશ્વતા.

કાર્ય-કારણભાવની ચતુષ્ટયી

(૧) ભાવદયા હોય પણ શુચિરસ જ ન ઝર્યો હોય

(૨) ભાવદયા જ ન ભાવી હોય, છતાં શુચિરસ ઝર્યો હોય

(૩) ભાવદયા જ ન ભાવી હોય, અને શુચિરસ પણ ન ઝર્યો હોય

(૪) ભાવદયા ખૂબ ભાવી હોય, અને શુચિરસ પણ ખૂબ ઝર્યો હોય

તીર્થંકર નામકર્મની નિકાચના માટે... ભાવદયાની સાથે સાથે શુચિરસની આવશ્યકતા અનિવાર્ય હોય છે. જેમ દૂધમાં સાકર હોય તો જ છોકરાઓને ભાવે એવી રીતે બન્ને હોવાં જોઇએ, પરંતુ આ બન્નેના દ્વિક સંયોગી ચાર ભાંગા પડે છે. પ્રથમ ભાંગા પ્રમાણે સંસારમાં એવા જીવો પણ ઘણા છે કે ક્યારેક ભાવદયા જાગી તો જાય છે, પરંતુ શુચિરસ અંતરાત્મામાં ઝરતો નથી. એનું કારણ કે પવનના ઝપાટાની જેમ ક્ષણભર માટે ક્ષણિક સ્વરુપે ભાવદયા જાગીને ચાલી જાય છે. અદશ્ય થઈ જાય છે, પરંતુ આવી ભાવદયાની ભાવના વારંવાર ઘૂંટાતી ન હોવાથી શુચિરસ ન ઝરવાના કારણે તીર્થંકર નામકર્મની નિકાચના નથી થતી. બીજા ભાંગામાં-ભાવદયા આવે જ નહીં. માત્ર દ્રવ્યદયા થોડી વધી જાય અને તેનાથી શુચિરસ ઝરવાનો આભાસ માત્ર થાય. તેથી પણ કોઈ સંભાવના પણ થતી નથી.

ત્રીજા ભાંગામાં ભાવદયા ભાવવામાં જ નથી આવતી અને તેથી શુચિરસ ઝરતો જ નથી. એવા સંસારના સર્વસામાન્ય જીવો ઘણા છે.

એકમાત્ર ચોથા ભાંગાવાળા કોઈ વીરલા જીવો છે કે જેમનામાં ખરેખર સાચી ભાવદયા જાગે છે અને એને વારંવાર ઘૂંટવામાં આવે છે. તેથી શુચિરસ પણ અંતરાત્મામાં ખૂબ સારો ઝરે છે. આવી રીતે આ બન્ને ભાવદયા અને શુચિરસ બન્નેનો ગુણાકાર સારો એવો વધવાના કારણે તીર્થંકર નામકર્મની નિકાચના સારી રીતે થઈ જાય છે. એવા જ આત્માઓને એવી પ્રબળ શક્તિ મળે છે. તેઓ તીર્થંકર નામકર્મની પુણ્યપ્રકૃતિ ઉપાર્જન કરીને ત્રીજા ભવે ચોક્કસ તીર્થંકર બને છે.

જેમ એક માતાના મનમાં પોતાના સંતાન પ્રત્યે જીયેમ જેમ મમતા વધે છે તેમ તેમ માતાના સ્તનમાં દૂધની વૃદ્ધિ થાય છે. દૂધ વધવા માટે માતૃત્વની મમતા કારણભૂત છે તેમ ભાવદયા ભાવતી વખતે સાધકમાં શુચિરસનું ઝરવું એ મમતા જેવી જ ભાવનાશ્રિત છે. જેમ એક પત્નીના મનમાં પતિના પ્રત્યે પ્રેમભાવ વધતાં પ્રેમરસ ઝરે છે અને પત્ની વધુ ને વધુ પ્રેમાળ બને છે. આ બધા મનોગત ભાવોની ભાવુકતાની સાથે સંકળાયેલ આંતરીક બાબતો છે.

**વીસ સ્થાનક તપ અને ભાવદયાની ચતુષ્ટયી :-**

વીસ સ્થાનકોનાં ૨૦ પદોની તપશ્ચર્યા, આરાધના તે મુજબની આચરણા અને તેની સાથે સંકળાતા-જાગતી-ભાવદયા. બન્નેનો ગુણાકાર થવો જોઇએ. આ બન્નેના દ્વિક સંયોગી ચાર ભાંગા આ પ્રમાણે થાય છે.

(૧) વીસ સ્થાનકની તપશ્ચર્યા તો કરે છે પણ ભાવદયા નથી જાગતી.

(૨) વીસ સ્થાનકની તપશ્ચર્યા ઉત્તમ કરે છે અને ભાવદયા પણ ઉત્કૃષ્ટ કક્ષાની જાગે છે.

(૩) વીસ સ્થાનકની તપશ્ચર્યા નથી થતી + છતાં ભાવદયા જાગી જાય છે.

(૪) વીસ સ્થાનકની તપશ્ચર્યા બિલકુલ નથી થતી અને ભાવદયા પણ બિલકુલ નથી.

(૧) પ્રથમ ભાંગાના દાખલાવાળા સંસારમાં ઘણા છે. વ્યવહાર નયથી કરવા ખાતર ગતાનુગતિકતા પ્રમાણે દેખાદેખીથી વીસ સ્થાનકની તપશ્ચર્યા તો ઘણા કરે છે. એક તપશ્ચર્યાના રૂપમાં કરી લે છે. તપાવલીમાં તપના સેંકડો પ્રકારો છે. એમાંનો એક પ્રકાર વીસ સ્થાનક તપનો પણ છે. તેનો મહિમા ઘણો ઊંચો છે. તે સાંભળવામાં આવ્યો છે કે વીસ સ્થાનક તપ કરવાથી તીર્થંકર નામકર્મ બંધાય છે અને ભવિષ્યમાં તીર્થંકર ભગવાન છે. ફળની બહુ મોટી મહત્તા સાંભળવાથી તીર્થંકર ભગવાન થઈ જઇશું એવી સંભાવના લાગે છે. આવી વાતોથી શ્રદ્ધા જાગે છે. તેથી ઘણા વીસ સ્થાનકની તપશ્ચર્યા કરે છે, પરંતુ આ તપશ્ચર્યા પણ બીજા બધા તપની જેમ જ ક્રિયા-વિધિ-તપ પ્રધાન રૂપે થઈ જાય છે. આ તપમાં યથાશક્તિ હોવાથી કોઈ ઉપવાસથી, કોઈ આયંબિલથી, કોઈ એકાસણાથી પણ કરી લે છે અને પાછી કાળની અનુકૂળતા ઘણી સારી છે. ૬ મહિનાના ૧૮૦ દિવસોમાં ૨૦ જ દિવસ ૨૦ ઉપવાસ અથવા આયંબિલ-એકાસણાનો તપ કરવાનો હોય છે. અર્થાત્ ૧૮૦ દિવસોમાંથી ફક્ત ૨૦ ઉપવાસ જ કરવાનો હોય છે. જ્યારે ૧૬૦ દિવસ બીજા ખાવા-પીવા માટે ખુલ્લા મળે છે. એટલી સારી અનુકૂળતા બીજા કોઈ તપમાં નથી મળતી. આવી રીતે ૬ મહિનાના ૧૮૦ દિવસોમાં ફક્ત ૨૦ દિવસમાં તપ કરીને વીસ સ્થાનકના ૨૦માંથી ૧ ઓળી કરે છે. જ્યારે બીજા ૬ મહિનાના ગાળામાં બીજી ઓળી કરે છે. એવી રીતે ૧ વર્ષમાં ૨ ઓળી, એમ ૧૦ વર્ષોના ઘણા લાંબા ગાળામાં ૨૦ ઓળીઓ કરવાની હોવાથી સમય મર્યાદાની અનુકૂળતા ઘણી સારી મળવાથી ઘણા લોકો વીસ સ્થાનકની તપશ્ચર્યા કરતા હોય છે. આજે ભારતભરમાં જો આ સંખ્યા ગણવામાં આવે તો ખાસ કરીને મહિલા વર્ગમાં હજારોની મોટી સંખ્યા થશે. ના નથી.

આ તપશ્ચર્યા કરી તપ કર્યાનો સંતોષ માની લેતા હોય છે. ક્રિયા-વિધિ કરી લીધાનો સંતોષ માની લે છે. ના નથી. પરંતુ એની સાથે સાથે ભાવદયા જે જાગતી જોઇએ અને શુચિરસ જે ઝરવો જોઇએ તે વિષયમાં સાવ અંધારું રહે છે. ભાવદયા બિલકુલ જાગતી જ નથી. શુચિરસ ઝરવાની તો વાત જ નથી. એટલે એકલી વીસ સ્થાનક તપશ્ચર્યા કરી લેવા માત્રથી જ તીર્થંકર નામકર્મની નિકાચના થતી નથી. એ હકીકત એટલી જ સાચી છે. ઘણી વખત ક્રિયા-વિધિ કરી લીધાનો સંતોષ જ વધારે હોય છે, પરંતુ ક્રિયા-વિધિ કરીને તેમાંથી પામવાનોલ સંતોષ, મેળવવાનો સંતોષ, પરિણામ લાવાનો સંતોષ નથી જાગતો. પરિણામ જે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરવાનો છે. એ રીતે પરિણામનું લક્ષ્ય રાખીને તેને અનુરૂપ જો તપ વગેરે બધું કરવામાં આવશે તો જ પરિણામ આવશે, અન્યથા નહીં.

(૨) બીજા ભાંગામાં વીસ સ્થાનકની તપશ્ચર્યા ઉત્તમ કક્ષાની કરવામાં આવે છે અને સામે ભાવદયા પણ અખંડપણે-નિરંતર ઉત્કૃષ્ટ કક્ષાની વધતી જ જતી હોય છે. આ રીતે તપ અને ભાવદયા બન્ને ગુણાકાર વધવાથી શુચિરસ ઉત્તમ કક્ષાનો ઝરવથી તીર્થંકર નામકર્મ બંધાય છે. પરિણામ સ્વરૂપે ભાવિમાં તે આત્મા તીર્થંકર ભગવાન બને છે.

(૩) ત્રીજા ભાંગામાં વીસ સ્થાનકની તપશ્ચર્યા તો નથી થતી, પરંતુ ભાવદયા ઉત્તમ કક્ષાની જાગી જતી હોય છે. તપ ન જ કરવું એવી વૃત્તિ કદાચ ન પણ હોય, પરંતુ શારીરિક-પારિવારીક અને અનેક કારણ સંયોગોવશાત્ તપશ્ચર્યા કરી ન શકતા હોવાથી તપ વિના રહેવું પડતું હશે, પરંતુ સામે તપ ન થઈ શકવાનો ભારે અફસોસ હોય છે. શ્રેણિક જેવા મહારાજાથી શારીરિક-પારિવારીક આદિ કારણવશાત્ તપ થઈ જ ન શક્યું, પરંતુ વીસ સ્થાનકનાં ૨૦ પદોમાં જે સમ્યગ્દર્શન પદ છે તેને જીવનમાં વણી લીધું. સવરજ્ઞ વચન ઉપર સાચી શ્રદ્ધા અતૂટ હતી. વીર પ્રભુ ઉપર અને તેમના વચન ઉપર ઉત્તમ કક્ષાની શ્રદ્ધાથી તેમને ભાવદયા ઉત્તમ કક્ષાની જગાડવામાં પૂરી સહાયતા મળી અને તીર્થંકર કર્મ ઉપાર્જન કરી શક્યા, પરંતુ આવા દાખલા અપવાદરૂપ હોય છે. એનાથી એમ નથી માની લેવાનું કે વીસ સ્થાનકની તપશ્ચર્યા કરવાની કોઈ જરૂરિયાત નથી એવું નથી. હા, વીસ સ્થાનકના વીસેવીસ પદોની તપશ્ચર્યા કરવી જ જોઇએ એવું ફરજિયાત નથી. ભલેને કોઈ ૨૦માંથી ગમે તે ૧ અથવા ૨ પદોની આરાધના પણ ઉત્કૃષ્ટપણે કરીને પણ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરી શકે છે. આ વીસ સ્થાનકનાં ૨૦ પદોની વ્યવસ્થા જ એવી છે કે તે એકબૂજાની સાથે ગૂંથાયેલાં-વણાયેલાં છે. સાંકળની જેમ વણાયેલાં છે. પરસ્પર સંકળાયેલાં છે. કોઈ પણ એક પદની આરાધના બીજા પદોની આરાધના સાથે જોડી જ દે છે.

(૪) ચોથા ભાંગામાં બન્નેનો અભાવ છે. નથી તો વીસ સ્થાનકની આરાધના-તપશ્ચર્યા કંઈ જ નથી અને સામે ભાવદયા વગેરે પણ કંઈ જ નથી. એવા જીવો તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરી શકતા જ નથી. પરિણામે તે ભવિષ્યમાં ભગવાન બની શકતા જ નથી.

હા, કોઈ પણ આત્મા પરમાત્મા બની શકે છે. એ વાત સાચી છે, પરંતુ જો એ દિશાનો કોઈ જ પુરુષાર્થ જ ન કરવામાં આવે તો તે સંભવ નથી બનતું. અનેક ધર્મોના પ્રવર્તક-સ્થાપક અનેક કહેવાતા ભગવાનો ઘણા છે, પરંતુ તેમને તેમના ધર્મના સિદ્ધાંતાનુસાર ભગવાન-ઇશ્વર શબ્દથી નવાજવામાં આવે છે. જ્યારે તીર્થંકર પરમાત્મા બનવા માટે તો આ જ રાજમાર્ગ છે. શાશ્વત માર્ગ છે કે તેઓ સ્વયં પૂર્વના ત્રીજા ભવમાં વીસ સ્થાનકની તપશ્ચર્યા કરે અને સાથે જગતના સમસ્ત જીવોનું કલ્યાણ કરવાની ભાવદયા ભાવે અને તેથી શુચિરસ તેમના આત્મપ્રદેશમાં ઝરે અને તેથી તે તીર્થંકર નામકર્મ બાંધે તેના ઉદયકાળે ત્રીજા ભવમાં તે તીર્થંકર ભગવાન બની શકે છે, અન્યથા નહીં.

બીજા ધર્મોના પ્રવર્તકો તેમના મત મુજબ જે રીતના ભગવાન કે ઇશ્વર થયા હોય તે તેમની માન્યતા મુજબ ચાલે છે. તેથી જ તેઓ કહે છે કે અમારા ભગવાન તો લીલા

કરવા આવ્યા છે. અધર્મીઅનિષ્ટ તત્ત્વોનો નાશ કરવા અવતાર લઈને આ અવનિતલ ઉપર આવ્યા છે. કોઈ કોઈ ઇશ્વરમાત્ર સૃષ્ટિનું સર્જન કરવાનું જ કામ કરે છે, તો કોઈ ઇશ્વર માત્ર સૃષ્ટિનો સંહાર-મહાપ્રલય કરવાનું જ કામ કરે છે. કોઈ ઇશ્વર સંસારનું સંચાલન-વ્યવસ્થા કરવાની જ જવાબદારી અદા કરે છે. આવી વૈદિક ધર્મની માન્યતા છે. એક બાજુ વાસ્તવિક સત્ય એ છે કે સૃષ્ટિનું સર્જન-વિસર્જન, પ્રલય-મહાપ્રલય કંઈ થતું જ નથી.આ વાસ્તવિકતા જ નથી. તેમ છતાં તે તે ધર્મો તેવી માન્યતા ધરાવે છે. ઇશ્વર જ સૃષ્ટિનું સંસારનું સંચાલન-પાલન-વ્યવસ્થા કરે છે. આવી તેમની માન્યતા છે. આશ્ચર્ય તો એ વાતનું છે કે જે હકીકતમાં સત્ય જ નથી. જે વાસ્તવમાં ઘડતું જ નથી, થતું જ નથી, તેમ છતાં તેવી માન્યતા માની લઈને તેના શબ્દોથી ઇશ્વરને નવાજવા, તેવા શબ્દોમાં જ તેમની સ્તુતિ-સ્તવના કરવી વગેરે બધી જ વાતો અસત્યના પાયા ઉપર રચાયેલ છે. કપોલકલ્પિત કલ્પના માત્ર જ છે. જેના પાયામાં જ સત્ય નથી. સચ્ચાઇ નથી. વાસ્તવિકતા જ નથી, છતાં પણ અસત્યના આધારે તેવી માન્યતા માનવી-તેને જ અર્થાત્ અસત્યને જ સાચા સિદ્ધાંતરૂપે ગણાવવા એના કરતાં વધારે મિથ્યાત્વ બીજું શું હોઈ શકે ? આવી મિથ્યા માન્યતા અને ધારણા ઉપર સત્ય ક્યાંથી ટકી શકે ?

- વીતેલા અનન્ત ભૂતકાળમાં ક્ષેત્ર અને કાળની સુયોગ્યતા સમયે તીર્થંકર ભગવાનો અવશ્યપણે થતા જ રહ્યા છે
- શું આ પ્રક્રિયા આગળ ચાલતી જ રહેશે ?
- શું તીર્થંકરોના પાંચેય કલ્યાણકો શાશ્વતપણે થતા જ રહેશે?
- શું અવસર્પિણી કાળમાં ૨૪ જ તીર્થંકરો થશે કે ઓછા-વત્તા પણ થઈ શકશે ? કેમ નહીં?
- શું દીક્ષા લીધા વગર પણ કોઇ તીર્થંકર થઇ શકે ખરા?
- શું આવું કોઇ અછેરું અનન્ત કાળમાં થયું છે કે નહીં ?
- શું અનન્ત ભવિષ્યકાળમાં પણ આવું અછેરું થવાની સંભાવના ખરી કે નહીં? શા માટે નહીં?

શું આ પ્રશ્નોનું તાત્ત્વિક સમાધાન જાણવા માગો છો?
તો રોચકતા અને રસિકતાથી પરિપૂર્ણ
વર્ણન આગળના ભાગોમાં અવશ્ય વાંચો.......



પીતવર્ણી મરગજ રત્નના
મૂળનાયક શ્રી સંભવનાથ ભ.



હરિતવર્ણી મરગજ રત્નના
મૂળનાયક શ્રી વિમળનાથ ભ.

વીરાલયં જૈન તીર્થ -પુના માં નવનિર્મિત

# શ્રી વીશસ્થાનક યન્ત્રમય મહાપ્રાસાદ

માં બિરાજીત ચૌમુખજી ભગવાન



શ્યામવર્ણી મરગજ રત્નના
મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી ભ.



રક્તવર્ણી મરગજ રત્નના
મૂળનાયક શ્રી ચન્દ્રપ્રભસ્વામી ભ.




कर्म की गति न्यारी


नमस्कार महामंत्र का
अनुप्रेक्षात्मक विज्ञान


પાપ ની સજા ભારે


સચિત્ર ગણધરવાદ


तीर्थंकर परमात्मा
महावीरस्वामी


નવકાર જાપ - ધ્યાન - સાધના


કર્મ તણી ગતિ ન્યારી...


ભાવના ભવ નાશિનિ


આધ્યાત્મિક વિકાસયાત્રા


उवसग्गहरं स्तोत्र
रहस्यात्मक तत्त्वज्ञान
पं.डॉ श्री अरुणविजय म.


पढमं हवइ मंगलं
नमो सिद्धाणं
एसो पंच नमुक्कारो
नमो लोए सव्व साहूणं
नमो अरिहंताणं
नमो आयरियाणं
मंगलाणं च सव्वेसिं
नमो उवज्झायाणं
सव्व पावप्पणासणो
यंत्र मय-मंत्र जप